# શ્રીદત્તપુરાણ

(મૂળ સંસ્કૃતનું ગુજરાતી ભાષાંતર)

ॐ

। श्रीदत्तः प्रसन्नोऽस्तु ।




સટીક ભાષાન્તરકાર

**- પ્રા. શિવપ્રસાદ મ. દવે,** વડોદરા

(હાલ યુ.એસ.એ.)

## मनो मदीयम् ।

સમાજ-સંસ્કૃતિની માવજત કરી, જનમાનસને ઈશ્વરાભિમુખ કરવા સંતનું અવતરણ હોય છે. ગઈ સદીના ઉત્તરાર્ધથી માંડી આ સદીના પ્રથમ બે દાયકા સુધી મહારાષ્ટ્ર અને ગુજરાતની જનતાને જ્ઞાન-કર્મ-ભક્તિ (સવિશેષ દત્તભક્તિ)ની ત્રિવેણીમાં પરિપ્લાવિત કરનાર જ્ઞાન-યોગી સંત તે પ.પૂ. પ.પ. શ્રી વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજ (પૂ.ટેંબે સ્વામી).

આસેતુ-હિમાચલની પદયાત્રા કરી જન-માનસને પરહિતરત અને દત્તભક્તિમસ્ત બનાવનાર આ સંતે ભગવાન શ્રીદત્તાત્રેય અને એમના કલિયુગના બે અવતાર શ્રીપાદશ્રીવલ્લભ અને શ્રીનૃસિંહસરસ્વતી સ્વામિમહારાજને કેન્દ્રમાં રાખી સંસ્કૃત અને મરાઠી ભાષામાં વિપુલ જ્ઞાનપ્રચૂર સાહિત્ય સમર્પિત કર્યું છે. એમના વૈદુષ્યની ખાણ સમા ગ્રંથોનું પરિશીલન કરનારને અવશ્ય પ્રતીતિ થાય કે પૂ.ટેંબે સ્વામી પરમાત્માના જ્ઞાનાવતાર હતા. શ્રીરૂપ ગોસ્વામી એમના લઘુ-ભાગવત ગ્રંથમાં કહે છેઃ

ज्ञानशक्त्यादिकलया यत्राविष्टो जनार्दनः ।
त आवेशा निगद्यन्ते जीवा एव महत्तमाः ॥

એ ઉક્તિ પ્રમાણે પૂ.સ્વામિમહારાજ ભગવાનના આવેશ અવતાર જ હતા. પૂ. સ્વામિમહારાજ પણ અત્ર-તત્ર એમજ લખે છે કે ગ્રન્થરચના તો શ્રીદત્તભગવાન જ કરે છે, હું તો માત્ર લહીઓ છું. ઉદા.

श्रीदत्तेनोदिता टीका वासुदेवसरस्वतीम् ।
निमित्तीकृत्य विभुना चरितस्य गुरोर्वरा ॥

આમ પૂ. સ્વામિમહારાજ એમના વિપુલ ગ્રન્થસાહિત્યના રચયિતા તરીકે ભગવાન દત્તાત્રેયને સ્વીકારી પોતાને અર્જુનની માફક (નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્) નિમિત્ત જ ગણે છે.

પૂ. સ્વામિજીનો ભગવાન દત્તાત્રેયના માહાત્મ્યનું આલેખન કરતો ગ્રન્થ તે **શ્રીદત્તપુરાણ**. અલબત્ત બધાં પુરાણો અને/અથવા ઉપપુરાણોના રચયિતા તરીકે મહર્ષિ વ્યાસ ગણાય છે અને દત્ત-પુરાણની એમાં ગણના નથી, પરંતુ એ જ કારણે એને (શ્રીદત્ત-પુરાણને) નૂતન માનવાની અને તેથી જ **પુરાણેતર** ગ્રન્થ તરીકે સ્વીકારવાની ચેષ્ટા ન કરવી. પુરાણનું લક્ષણ છે :

सर्गश्च प्रतिसर्गश्च वंशो मन्वन्तराणि च ।
वंश्यानुचरितं चैव पुराणं पञ्चलक्षणम् ॥

**સર્ગ** અર્થાત્ પંચમહાભૂત, બુદ્ધિ, ઈન્દ્રિય-આદિ તત્ત્વોની ઉત્પત્તિ, **પ્રતિસર્ગ** અર્થાત્ બ્રહ્માદિસ્થાવરાંત ચરાચર સૃષ્ટિની ઉત્પત્તિ, **વંશ** અર્થાત્ સૂર્ય-ચંદ્ર વંશોનું વર્ણન, **મન્વન્તર** અર્થાત્ મનુ, મનુપુત્રો, દેવો, સપ્તર્ષિઓ, ઈન્દ્રો, ભગવદવતારો-આમ છ વિષયોનું વર્ણન, **વંશ્યાનુચરિત** એટલે તે તે વંશના પ્રસિદ્ધ પુરુષોનું ચરિત્ર. આ બધાં શ્રીદત્તપુરાણમાં છે. પૂ. ટેંબે સ્વામી ટીકામાં કહે છેઃ अत्र प्रकरण-वशात् प्रथमकाण्डे सर्गोऽन्तिमे प्रतिसर्गे मध्ये वंश-मन्वन्तराणि चोपवर्णितम्.....। અને ગ્રન્થના પ્રધાન દેવતા ભગવાન દત્તાત્રેય હોવાથી એનું શીર્ષક **'શ્રીદત્ત-પુરાણ'** યોગ્ય છે. વળી ભગવાન દત્તાત્રેયનું માહાત્મ્ય પણ બધાંજ ઈતિહાસ-પુરાણ ગ્રન્થોના **સારરૂપ** લીધેલું છે.

આ ગ્રન્થનું બાહ્યસ્વરૂપ ઋગ્વેદને મળતું છેઃ એના **આઠ** અષ્ટક છે અને દરેક અષ્ટકમાં આઠ અધ્યાય છે, જ્યારે દરેક અધ્યાયની પુષ્પિકામાં નિર્દિષ્ટ 'सार्धत्रिसाहस्र्यां संहितायाम्' શબ્દો પ્રમાણે એના ૩૫૦૦ (૩૫૦૧) શ્લોક છે. પરમાત્મપ્રાપ્તિ માટેના પ્રમુખ ત્રણ માર્ગ જ્ઞાન-ભક્તિ-કર્મ-ને જ્ઞાનકાણ્ડ, ઉપાસનાકાણ્ડ અને કર્મકાણ્ડમાં અનુસ્યૂત કર્યા. માનવજન્મનું ધ્યેય તત્ત્વ-અનુભૂતિ છે, જેનાં સાધન જ્ઞાન, ઉપાસના અને કર્મ છે માટે તત્ત્વના જ્ઞાન માટે પ્રથમ બે અષ્ટક, ઉપાસના માટે ચાર અષ્ટક અને કર્મ માટે છેલ્લા બે અષ્ટકની યોજના છે. નિર્દોષ કર્મ કરવા અને જ્ઞાન દઢ કરવા જેની જરૂર છે તે ઉપાસનાનાં ચાર અષ્ટક આપ્યાં છે અને તે પણ મધ્યમાં. વળી वेदोऽखिलो धर्ममूलम् હોઈ તેમજ

ઋગ્વેદનો સંહિતા-વિભાગ (ઋચાઓનો વિભાગ) ઉપાસનાનો જ નિર્દેશક હોઈ પ્રથમ અધ્યાય 'वेदपादस्तुतिः' નો છે, જેમાં ઋગ્વેદના દરેક અધ્યાયમાંથી એક-બે-ત્રણ પાદથી આ અધ્યાયનો દરેક શ્લોક અન્વિત કર્યો છે.

આ ગ્રન્થનો અભ્યાસ કરનારને પૂ. સ્વામિમહારાજના અપ્રતિમ વૈદુષ્યનો ખ્યાલ આવશે. એમનું સંસ્કૃત ભાષા પરનું અદ્ભુત પ્રભુત્વ અને કવિપ્રતિભા કાલિદાસ, ભવભૂતિ, દણ્ડી, ભારવિ અને માઘ-પાંચેય મહાકવિઓની યાદ તાજી કરાવે છે, વ્યાકરણમાં પાણિનિ, ષડ્દર્શનમાં આદ્ય શંકરાચાર્ય, યોગમાં પતંજલિ વગેરેનું એઓ મૂર્તિમંત સ્વરૂપ હોય એવી પ્રતીતિ થાય છે, એમનું ધર્મ-શાસ્ત્ર અને જ્યોતિષ વિષયક જ્ઞાન-વગેરેથી એઓશ્રી અપર વ્યાસ હતા એમ કહેવામાં જ એમનું સાચું મૂલ્યાંકન છે.

આવા અમૂલ્ય અને અલૌકિક ગ્રન્થનું ગુજરાતી ભાષામાં ભાષાન્તર ગુજરાતની જનતા સમક્ષ મૂકાય તો સંસ્કૃતભાષા ન જાણનાર મોટા ભાગના લોકોને એના વાચનનો અને એ દ્વારા એનું હાર્દ સમજવાનો લાભ મળે એ આશયથી ભગવાન દત્તાત્રેયની અસીમ કૃપાથીજ હું આ 'અનુવાદકાર્ય' સંપન્ન કરી શક્યો અને આજે દત્તભક્તો સમક્ષ એ મૂકવાની તક લઉં છું.

આ ભાષાન્તર સાથે સાથે કેટલાક અન્વર્થક પારિભાષિક શબ્દો કે વાક્યોની વધારાની સમજૂતી નોંધરૂપે દરેક પૃષ્ઠમાં ભાષાન્તર નીચે આપી છે. એ નોંધ માટે પૂ. સ્વામી મહારાજે જ ગ્રન્થની લખેલી ટીકાની સહાય લીધી છે. કેટલીક જગ્યાએ અન્ય ગ્રન્થોનાં પણ અવતરણ આપ્યાં છે. આ ભાષાન્તર-ગ્રન્થ દત્તભક્તોને ઉપયોગી થશે તો એ મારું સદ્ભાગ્ય સમજાશે.

પૂ. સદ્ગુરુ શ્રી રંગ અવધૂત બાપજીએ તો મને ત્રણ વાર પુનર્જીવન આપ્યું છે. એમનું ઋણ તો 'કાષ્ઠ થઈ પાવડી' થી પણ ન ફેડાય. પરંતુ પોતાના સદ્ગુરુના આદેશથી જે ગ્રન્થનાં એમણે ૧૦૮ પારાયણ કર્યાં, જે ગ્રન્થ એમને અતિશય પ્રિય હતો, ભગવત્સ્વરૂપ હતો, એ ગ્રન્થનું ભાષાન્તર કરી એમના હૃદયને પ્રસન્ન કરવાનો મારો નમ્ર પ્રયાસ છે. વળી એમના જ શતાબ્દી-ઉજવણી વર્ષમાં આ ગ્રન્થ મુદ્રિત થઈ પ્રસિદ્ધ થાય છે, એ કેટલું આનંદપ્રદ અને સૂચક છે !! ભગવાન દત્તાત્રેયના ચરણકમળમાં આ ગ્રન્થ અર્પણ કરી હું કૃતાર્થતા અનુભવું છું.

कृपा रङ्गावधूतस्य, वासुदेवगुरोर्दया ।
विश्वेशदत्तदत्ताथीस्त्रयमेतन्मयि स्फुटम् ॥ १ ॥
तेन गुर्जरभाषायामनुवादः कृतो मया ।
'दत्तपुराण' - ग्रन्थस्य, दत्ततुष्ट्यमेव हि ॥ २ ॥
श्रीदत्तपादपद्माभ्यामर्पयेऽथ कृतिरियम् ।
येन मे सफलं भूयाज्जन्म, भूयां रङ्गगुरोः प्रियः ॥ ३ ॥

આસો વદ, ૧૨, ૨૦૫૪
તા. ૧૬-૧૦-૯૮

શિવપ્રસાદ (શિવુભાઈ) દવે, વડોદરા.
(હાલ યુ.એસ.એ.)

# શ્રીદત્તપુરાણ

## પહેલા અષ્ટકનો પહેલો અધ્યાય (વેદપાદસ્તુતિ)

## વેદ (ઋગ્વેદ) વેદપાદ સ્તુતિના પાદ(નો સમાવેશ કરી કરાએલ) સ્તુતિ

૧. હું યજ્ઞ[૧]ને પ્રકાશિત કરનાર (દત્તાત્રેય)[૨], અગ્નિ, વાયુ અને આદિત્ય પર નિયમન કરનાર[૩] (ત્રણના અધિપતિ), સત્કર્મ કરતાં પહેલાં તેનું ફળ પ્રદાન કરનાર[૪] પરબ્રહ્મ પરમાત્મા (દત્તાત્રેય)ની સ્તુતિ કરું છું; (હે ભગવન્ !) આ સ્તુતિ અતિશય કલ્યાણકારી, અગ્નિ, ધર્મને ઉત્પન્ન કરનારી હોવાથી તારા હૃદયને સ્પર્શનારી બનો (અર્થાત્ તને ખૂબ પ્રિય બનો).

૨. (હે દત્તાત્રેય ભગવન્ !) સ્વયંપ્રકાશ, જેનું વર્ણન કરવા વાણી સમર્થ નથી એવા પરંતુ જેના તમે આરાધ્ય છો એવા (તમારા) ભક્તો માટે આરાધના કરવી શક્ય બને એવા આપનું આ (સ્તોત્ર) સ્તવનરૂપ બની રહો; આ (સ્તુતિ) નાથી હું વિષ્ણુ એવા આપનું પરમ આનંદસ્વરૂપ આત્મસાત્ કરી શકું.

૩. જેમ બાલકની (બોબડી-અર્થસંદર્ભ વિનાની) વાણી પિતાને પ્રિય લાગે તેમ, આ જે અમારી સામાન્ય (પ્રાકૃત) અને હીન (વ્યંજના, અલંકાર, રસ આદિ કાવ્યતત્ત્વ વિનાની (સ્તુતિરૂપ) વાણી, આપને ખૂબ આહ્લાદ આપનારી બનો, તું અમને સુખી કર, તું મહાન છું.

૪. આ હું (તારો ભક્ત) આત્મા અને પરમાત્મા એવા બંનેનું[૫] તત્ત્વ ન જાણી શકવાથી દૂષિત મનવાળો[૬] બનેલો છું; હે સૂર્ય ![૭] તું મારા હૃદયરોગ[૮] નો અને સમગ્ર તત્ત્વજ્ઞાનના વેરીનો નાશ કર.

૫. હે આદરણીય દેવ ! અમે, તારી સ્તુતિ કરનારા (ભક્તો) તને યાચના કરીએ છીએ કે તું અમને ઓળખ (તારા ભક્ત તરીકે સ્વીકાર); (તારાથી) બહિર્મુખ થયેલા[૯] અમારું સ્તોત્ર સાંભળનારા તને પ્રણામ.

૬. જેવી રીતે ઈન્દ્ર સોમયાગ કરનાર તરફ જલદીથી આનંદથી જાય છે તેવી રીતે (હે ભગવત્) સ્તુતિ કરનારા અમારી તરફ તું જલદી આવ; અમારી આ સ્તુતિ રૂપી ગાયો રસાળ બની રહો.

---

૧. યજ્ઞ એટલે પોતાની પાસે જે કંઈ હોય તે બીજાને અર્પણ કરી દેવું-દેવનો અર્થ પ્રકાશિત કરનાર, એટલે "પોતાનું સર્વ કંઈ સમર્પણ કરી દેવા રૂપ યજ્ઞને" પ્રકાશિત કરનાર.

૨. ભગવાન દત્તાત્રેયે અત્રિમુનિ અને અનસૂયા માતાને પોતાના આત્માનું દાન કરી દીધું दत्तोऽहम् અને તેથી दत्त કહેવાય આમ यज्ञस्य देवम् - अग्निम् નો અર્થ અગ્નિ અને દત્તાત્રેય બંને થાય.

૩. त्र्यधीश्वर ના બે અર્થ છે. (અ) અગ્નિ, વાયુ, આદિત્યનું નિયંત્રણ કરનાર અંતર્યામી પરમાત્મા (બ) સત્ત્વ, રજસ્ અને તમસ્-ત્રણની (સામ્યાવસ્થા રૂપ) માયા પર આધિપત્ય ભોગવનાર પરમાત્મા.

૪. अग्निની ની વ્યુત્પત્તિ આ પ્રમાણે अगियातोर्गत्यर्थस्य निप्रत्ययान्तस्य रणम्-अग्निः । અર્થાત્ ગતિના અર્થવાળા अग् ધાતુને નિ પ્રત્યય લગાડતાં 'अग्नि' શબ્દ બને ૧) જે ગતિ આપે છે - આગળ લઈ જાય છે, ૨) अग्नयति गमयति अग्रम् - જે સત્કર્મ કરતાં પહેલાં એનું ફળ આપે છે; આમ બે અર્થ થાય ઉપરાંત अग्रणीः એવો અર્થ પણ થાય.

૫. तत्त्व - तत् (તે પરમાત્મા) त्वम् (તું જીવાત્મા) असि (છું) અર્થાત્ જીવ-શિવનું અખંડ ઐક્ય છે. દેહઆદિ ઉપાધિના લીધે ભિન્નતા ભાસે છે, જેવી રીતે ઘટાકાશ મહાકાશથી ભિન્ન ભાસે છે.

૬. મન મૂળે નિર્મલ છે. અવિદ્યા, કામ, કર્મ, વગેરેથી દૂષિત બને છે; આ ત્રણનો નાશ થાય એટલે મન એના મૂળ શુદ્ધ સ્વરૂપને પામે છે.

૭. અહીં ભગવાનને સૂર્ય રૂપે સંબોધ્યા છે. સૂર્ય અખિલ (સ્થાવર જંગમ) વિશ્વનો આત્મા છે. सूर्य आत्मा जगतस्तस्थुषश्च । અર્થાત્ જગતની ઉત્પત્તિ, સ્થિતિ લયનો ઉપલક્ષક છે. પરમાત્મા પણ વિશ્વના આત્મા છે, અભિન્ન નિમિત્ત અને ઉપાદાન કારણ છે. આમ સૂર્ય ભગવાન

૮. મનમાં જે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ઈર્ષા રૂપી દુર્ગુણો હોય છે એ મનના (હૃદયના) રોગો છે, એનો નાશ થાય તો મન નિરોગી (નિર્મલ) બને.

૯. 'अस्मे' સાર્વવિભક્તિક અવ્યય છે असमद નું આ અવ્યવરૂપ अस्माकम् ના અર્થમાં વપરાયું છે. જેમકે अस्मे ते बन्धुः वयम् ના અર્થમાં अस्मे यातं....। માં अस्मान् ના અર્થમાં, अस्मे प्रयच्छ માં अस्मभ्यम्ના અર્થમાં આ અવ્યય વપરાયું છે.

૭. તારી માયાનાં બે કુરૂપ[1] છે, એમાં હું ડૂબેલો છું, તેથી દુ:ખી થઈ રહ્યો છું; જેમ એક પુરુષ-પતિને એની ઘણી શોક્ય-પત્નીઓ ત્રાસ આપે તેમ આ આધિઓ મને ખૂબ સંતાપ આપે છે.

૮. આ ઉત્તમ જન્મ પ્રાપ્ત કરીને (આત્મકલ્યાણ ન કરીને) હું (મનુષ્ય યોનિથી) અધમ ગતિ મેળવીશ, (મારું જીવન પશુ જેવું છે); માટે આ જાણીને તું મારા પર[2] કૃપા કર, એવું હું ખૂબ ઈચ્છું છું.

૯. યથાર્થજ્ઞાન પ્રાપ્ત થવાથી મનુષ્ય નિષ્કામ બને છે, અને મૃત્યુના ડરને ત્યજે છે. પરંતુ હું તેવો નથી, તેથી મારાં બધાં કામ (અવિદ્યા અને તેથી જન્મેલાં કર્મ) વગેરે રાક્ષસોને હણી નાખ.

૧૦. હે સર્વવ્યાપક ! તું આવ (અને મારાં કામાદિ હણી નાખ) નહીં તો (તારું સેવન કરનારા) અમે (આ) સ્તોત્રોથી આ ચિત્તવૃત્તિઓને શુદ્ધ કરવાનું (કામ) કરીશું, કારણ અમે તારા અંશ છીએ; (સર્વ) દેવોમાં પણ મેધાવી એવો તું પ્રકાશમાન (દેવ) અમારું પાલન કરનારો છે.

૧૧. હે વસુ(સર્વ ભૂતોમાં વાસ કરનાર) આત્મન્ ! તું દરેક રૂપ (આકાર)માં એ રૂપ જેવો જ બની રહે છે[4] જે (તારા સત્ય સ્વરૂપનું) મનન કરનારા[5] બ્રાહ્મણો છે તેઓ જાણે છે કે આ (બધાં) ભૂતોથી તું ભિન્ન નથી[6].

૧૨. અલ્પ જાણનારો એવો હું સર્વજ્ઞ એવા તને ભગવાનને[7] શું કહી શકું ? હે (પ્રભુ) ! (મારા થયેલા અપરાધોને) માફ કર; તું મારો સખા[8] હોઈ મને ખૂબ (પ્રિય) માનતો હોય તો તું જલદી આવ.

૧૩. જેમ વીંછીનું પીડાકારક ઝેર (મનુષ્યને મારી નાખે) તેમ તે (પૂર્વજન્મની સંચિત થયેલી) વાસનાઓ મને હણે છે માટે (જલદી આવીને) મારું રક્ષણ કર; અમે (હું) તને વારંવાર નમસ્કાર કરીએ છીએ.

૧૪. હે વ્યાપનશીલ (ભગવન્) ! તું યજમાનને ઘેર હોતા બની રહે છે એવા હે પ્રિય ! હે વેદોના અધિપતિ તેમજ અન્ન વગેરેના[9] પતિ, સૌથી મોટા સમ્રાટ (ભગવાન) એવા તારું આવાહન કરું છું.

---

૧. માયાની બે શક્તિઓ : વિક્ષેપ શક્તિ (રજ્જુમાં સર્પની ભ્રાન્તિ એ વિક્ષેપ) અને આવરણ શક્તિ (સત્ય જ્ઞાનને ઢાંકે તે).

૨. ભગવાનની કૃપા થતાં બધાં દુ:ખોનો નાશ થાય છે: प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते । ભ.ગી. (દુ:ખ એટલે અવિદ્યાજનિત જન્મ, જરા, મરણ આદિ)

૩. પ્રત્યસ્તુજ્ઞાન એટલે સત્યવસ્તુ (બ્રહ્મ)નું જ્ઞાન, જે થતાં મનુષ્યની બધી એષણાનો નાશ થાય, કારણ બ્રહ્મ સિવાય સર્વ કંઈ અનિત્ય હોઈ એમાં બ્રહ્મજ્ઞાનીને કોઈ રસ ન રહે અને તેથી નિષ્કામ અવસ્થા મેળવે.

૪. શ્રુતિ કહે છે : रूपं रूपं प्रतिरूपो बभूव । इन्द्रो मायाभिः पुरुरूप इयते ।

૫. ब्राह्मणाः અહીં 'ब्रह्म जानाति इति ब्राह्मणः' ના અર્થમાં છે

૬. પરમાત્મા આખા વિશ્વનું ઉપાદાન અને નિમિત્તકારણ છે; જેમ સુવર્ણનો કોઈ અલંકાર (વીંટી, કુંડલ વગેરે) સુવર્ણથી ભિન્ન નથી; અલંકારના અણુ-અણુમાં સુવર્ણ છે, તેમ સર્વભૂતોમાં ભગવાન્ આત્મ-સ્વરૂપે છે.

૭. भगवन्तम् - જ્ઞાન અને વિજ્ઞાન 'ભગ' કહેવાય છે; આ બે જેનામાં છે તે भगवत् (भगवान्).

૮. द्वा सुपर्णा सयुजा सखाया.....! શરીરમાં જીવાત્મા પરમાત્મા-ઉભય રહે છે. ઉપનિષદમાં સુંદર રૂપક છે કે એક જ વૃક્ષ પર બે પંખીઓ સખા સ્વરૂપે રહેલાં છે. આમ જીવાત્માનો પરમાત્મા સખા છે.

૯. ઉપનિષદમાં अन्न માટે બ્રહ્મ શબ્દ વપરાયો છે. अन्नं ब्रह्मेति व्यजानात् । આ શ્લોકમાં બ્રહ્મમાંનો અર્થ અન્નાદીનામ્ અર્થાત્ અન્ન વગેરેના અધિપતિ; અને બ્રહ્મનો એક અર્થ વેદ થાય છે. એટલે બ્રહ્મણસ્પતેનો અર્થ વેદના અધિપતિ છે.

૧૫. આવો તું (અમારું) ઉત્તમ પોષણ કર; સમગ્ર વિશ્વ પર નિયંત્રણ રાખનાર તું હંમેશા (પ્રપંચમાંથી) મને ઉગારી લે; તું બધાંનો સત્તાધીશ છે (અને) તેથી સ્તોત્ર-દ્વારા કરાયેલ મારા આવાહનની ઈચ્છા કરે છે.

૧૬. (બુદ્ધિમાં) મંદ, ગરીબ (અથવા ધાર્મિક આચરણવાળો), અજ્ઞાની આ મારો (ભક્ત) છે એવું જાણનાર આપ સમર્થ પરમાત્મા (ઈન્દ્ર) મને ચારે બાજુ - બધી દિશાઓમાં ભીતિરહિત બનાવો [ અથવા : બધી આશાઓમાંથી[1] (મને મુક્ત કરી) અભય આપો ]

૧૭. જે (તારો ભક્ત) તારી કૃપાથી આરોપિત થયેલ મિથ્યા-જ્ઞાન[2] ને ત્યજે છે, તે વિશેષપણે (અવિદ્યા-કર્મ આદિમાંથી) મુક્તિ મેળવે છે; આવું હોવાથી વિવેકી જનો જાગૃત રહીને તારી ઉપાસના કરે છે.

૧૮. તારી કૃપા મેળવવા માટે તો (સ્વર્ગના) દેવો પણ મનુષ્ય-જન્મની ઈચ્છા કરે છે; આ જાણીને, હે દત્ત(ભગવન્) ! અમે બધીજ (લૌકિક તેમજ સંસ્કૃત) વાણીથી તારાં નામ ગાવાની (શક્તિ મળે તેવી) યાચના કરીએ છીએ.

૧૯. હે ઈન્દ્ર (પરમાત્મા દત્ત) ! તને ભજનાર વિદ્વાન(ભક્ત)ને શું દુર્લભ હોય ? માટે જેમ (નાવડીથી) ઊંડા સમુદ્રોને (પાર કરી શકાય) તેમ તારી ભક્તિરૂપી નાવડીથી હું ક્લેશ[4] વગેરેને પાર કરી જાઉં છું.

૨૦. અમે તે બુદ્ધિ (ચિત્ત)ની (અસત્) વૃત્તિઓને યોગથી પણ અટકાવવા શક્તિમાન નથી; માટે હે ઈશ, હંમેશા રક્ષણ કરનારા તારું અમે ધ્યાન ધરીએ છીએ; જે અમારી ચિત્તવૃત્તિઓને (ધર્મવિષયમાં) પ્રેરો.

૨૧. દૈવવશાત્ પ્રાપ્ત થયેલ અન્ન વૈશ્વાનર[5] એવા તને અર્પણ કરીને સદા-સર્વદા અમે તારા ભજનમાં આસક્ત બનીએ છીએ; (હે દત્ત) ! અમારું આવાહન સાંભળ.

૨૨. હે ઈન્દ્ર (ભગવન દત્ત) ! તારું જ વિશેષપણે સ્તવન કરનારા, જાગરુક, મેધાવી (ભક્તો) તારી સ્તુતિ કરે છે; હે આવરણરૂપ અજ્ઞાનને હણનાર[6] આ સ્તુતિ કરનારાઓમાં કોઈ પણ તારાથી મોટો નથી.

૨૩. પહેલાં માનવ હોવા છતાં તારાં ગુણગાન ગાતા ઋભુઓને પણ[7] અમૃતત્વ આપ્યું; એનું સ્મરણ કરવાથી લાગે છે કે તારો મનોરથ વેગથી મારા તરફ આવે.

---

૧. આશા શબ્દ અહીં શ્લિષ્ટ છેઃ બે અર્થમાં વપરાયો છેઃ દિશા અને તૃષ્ણા (અ) દિશાઓમાં અભયનો અર્થ છે द्वैतनाश अद्वैतथी अभय-प्राप्ति । (બ) આશાવાળો બધાનો દાસ બને - બધાથી ડરવું પડે. તૃષ્ણા વિનાનો બને તે અભય પામે. निःस्पृहस्य तृणं जगत् । आशा-आशादासो सर्वदासोऽनाशे दासायते जगत् । અનાશે આશા ન હોય તો

૨. આરોપ :- અંધકારમાં દોરડી પર સાપની ભ્રાન્તિ થાય તે આરોપ કહેવાય. એનું બીજું નામ અધ્યાસ. અનાદિકાળથી જીવાત્મા આ અધ્યાસથી ઘેરાયેલો છે; એ દેહને (દેહાધ્યાસ) આત્મા માની "હું પાતળો-ગોરો વગેરે" માને છે; ઈન્દ્રિયને (ઈન્દ્રિયાધ્યાસ) આત્મા માની "હું કાણો, મૂંગો વગેરે" માને છે; અંતઃકરણ (અંતઃકરણાધ્યાસ) ને આત્મા માની, "હું ચાહું છું વગેરે - માને છે; બાહ્યધર્મો (બાહ્યધર્માધ્યાસ) નો આત્મા પર આરોપ કરી" "હું બ્રાહ્મણ....છું, વગેરે" - માને છે. આમ મિથ્યાજ્ઞાન (ભ્રાન્તિ)માં અટવાય છે. આમાંથી છૂટવા અવિદ્યાનાશની જરૂર, જે ભગવાનની ઉપાસનાથી શક્ય બને.

૪. ક્લેશ પાંચ છેઃ અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ.

૫. वैश्वानर શબ્દના વિભિન્ન અર્થ થાય છે : (અ) विश्वेभ्यो नरेभ्यो सर्वोपकारकः । બધા નરોનો સૌથી વધુ ઉપકારક (બ) બધાનો આત્મા હોવાથી વિશ્વનર - विश्वश्चायं नरः । (ક) બધા વિકારોનો કર્તા - विश्वषां विकाराणां नरः कर्ता । (ડ) विश्वे (सर्वे) नराः (जीवाः) अस्य (परात्मनः) आत्मत्वेन (नियम्यत्वेन) सन्ति इति । - બધા જીવો એના (પરમાત્માના) નિયમનમાં રહેલા છે તે। विश्वानर નું સ્વાર્થે તદ્ધિતરૂપ વૈશ્વાનર ।

૬. वृत्रहन् - वृणोति इति वृत्रम् - જે (સત્ય સ્વરૂપને) ઢાંકે છે તે - અર્થાત્ વૃત્ર નો અર્થ आवरकम् (ઢાંકનારું) अज्ञानम् (અજ્ઞાન) तद् (वृत्रम्) हन्ति (તે વૃત્રને હણનાર) वृत्रहा तत्संबुद्धौ वृत्रहन् वृत्रहा ની સંબોધન વિભક્તિનું રૂપ વૃત્રહન્ઃ સ્મૃતિ - અજ્ઞાનેનાવૃતં જ્ઞાનં તેન મુહ્યન્તિ જન્તવઃ ।

૭. ઋભુઓ મનુષ્યો જ હતા પરંતુ ભગવાનના ગુણગાન કરવારૂપી તપથી દેવો સાથે યજ્ઞ ભાગ મેળવવા (સોમપાન કરવા) અધિકારી બન્યાઃ તેમને સોમપીય નામ પ્રાપ્ત થયું. ऋभवो वै देवेषु तपसा सोमपीयमभ्यजयत् । ભગવાને આ રીતે તેમને અમૃતત્વ પ્રદાન કર્યું.

૨૪. તેથી તે આ જ અન્ન (ભગવદ્-ભજનરૂપી) શ્રેષ્ઠ છે, જેનું ભોજન કરીને સાધુપુરુષ (ભગવદ્-ભક્ત) તૃપ્ત થાય છે; તે આ ભજન રૂપી અન્ન (હે ભગવન્ !) તું, (તારી) સ્તુતિ કરનારા એવા અમને આપ.

૨૫. હે અગ્નિ (અગ્નિ સ્વરૂપ દત્ત ભગવન્), માયા-ને જીતનાર માયી (માયા જેના વશમાં છે તે) અને (સ્વયં) અપરાજિત એવા તને છોડીને અમે બીજા કોનું શરણ મેળવીએ ? તે તું (શરણે આવેલા) અમને ઓળખ (જાણ) અને અમારું આહ્વાન સાંભળ.

૨૬. જેમ રાક્ષસ રાહુ અંધકારથી સ્વપ્રકાશ-સૂર્યને ઢાંકી દે છે તેમ અજ્ઞાનથી ઢંકાયેલા (તારો જ અંશ હોવા છતાં) મારું મહી[૧], અને મહેશ[૨] એવા આપ રક્ષણ કરો.

૨૭. (તારા સ્વરૂપને પ્રત્યક્ષ કરવા) જ્યારે (વશીભૂત થયેલા) મન સહિત (મનનું નિયંત્રણ કરનારી) બુદ્ધિ[૩] પ્રત્યગાત્મા સાથે (ઐક્ય-પ્રાપ્તિનો) યોગ ઊભો કરે છે, ત્યારે સર્વજ્ઞ એવા (તત્પદ લક્ષ્ય) આપની સાથે (ત્વંપદલક્ષ્ય) અમે ઐક્ય અનુભવીએ છીએ.

૨૮. જે કર્મ ફલ ભોગવવાનું જ છે તેના રક્ષણકર્તા તમે, બુદ્ધિનો (આત્મ સાથે) યોગ સાધતા એવા (પરંતુ) (સંસારથી) ડરતા, (આપને) પ્રાર્થના કરતા, ઋષિ[૪] અને સામાન્ય દેહધારી એવા મને આત્યંતિક સુખ આપો.

૨૯. હે દત્ત (ભગવન્) ! તું જ અમારો રક્ષક છે, માટે અમારું દુષ્કૃત્ય તું દૂર કર અને હે[૫] સુક્રતુ ! એના (દુષ્કૃત્યના) બીજ એવા કામ વગેરે રાક્ષસોને હણી નાખ.

૩૦. "તું સોમ(રસ)નું પાન કર" - એવી યાજકની વાણી સાંભળી, હે અનેક રૂપ ધારણ કરનાર (ભગવન્) ! તું યજ્ઞ પ્રતિ દોડતો આવે છે; તો તે તું ઈન્દ્રિયો સહિત અંતઃકરણને એમાં સામેલ કર.

૩૧. હું ઈન્દ્ર કે પછી (વાયુ, અગ્નિ વગેરે) અન્ય (દેવો)ને તારાથી (હે દત્ત !) જુદા માનતો નથી; કારણકે હે અનેક રૂપ ધારી ! તું માયાથી જ આવો (અનેક રૂપવાળો) છે, એમ હું જોઉં છું; (માટે) (તું કામ, ક્રોધ વગેરે) શત્રુઓને સહેલાઈથી સહન કરી શકાય તેવા બનાવ.

---

૧. મહી જેને નિત્ય આનંદ ઉત્સવ હોય તે મહી અર્થાત્ આનંદસ્વરૂપ મહો નિત્યોત્સવોઽસ્યાસ્તીતિ મહી.

૨. મહેશ ના ત્રણ અર્થ છેઃ (અ) મહતાં બ્રહ્માદીનામ્ અપિ-ઈશઃ । મોટા બ્રહ્મા વગેરેના પણ ઈશ (પરમાત્મા), (બ) મહીનાં જ્ઞાનભૂમીનામ્ ઈશઃ । જેણે જ્ઞાનની ભૂમિકાઓ પાર કરી છે મહાયોગી, (ક) મહ્યાઃ ઈશઃ - બ્રહ્માંડરૂપી મહીના ઈશ (પરમાત્મા સ ભૂમિં વિશ્વતો ગત્વા...... । શ્રુતિ)

૩. બુદ્ધિ માટે અહીં પૂ. ટેંબે સ્વામીએ મનીષા શબ્દ વાપર્યો છે. કારણ જે નિશ્ચયાત્મિકા બુદ્ધિ છે તે મનની ઈશ હોય જ, તેનું મન પર નિયંત્રણ હોય અને આવી બુદ્ધિનોજ આત્મા સાથે યોગ થાય.

૪. ઋષયે સામાન્ય દેહધારી ઋષિ ક્યાંથી હોઈ શકે ? પણ અહીં ઋષ્ ધાતુ ગતિ (ઋષ્ ગતૌ) ના અર્થમાં છે અર્થાત્ 'દેહથી અતિરિક્ત આત્મા પ્રતિ ગતિ કરનાર' ના અર્થમાં ઋષિ શબ્દ વાપર્યો છે.

૫. સુક્રતુ 'ક્રતુ' નો અર્થ થાય ભક્તના દુષ્કૃત્યરૂપી કર્મનો નાશ કરનારું કર્મ આવું સુંદર કર્મ ભગવાન્ કરે છે માટે ભગવાન માટે સુક્રતુ સંબોધન પ્રયોજ્યું છે.

૩૨. હે યજ્ઞોના અધિપતિ (ભગવન) ! બધા જ યજ્ઞો તારું જ સ્વરૂપ છે, (તેમ છતાં) અમારા મત પ્રમાણે બધામાં 'જપયજ્ઞ' તારું (શ્રેષ્ઠ) રૂપ છે, માટે (જગતના) પાલક એવા તારી સાથે અમે ઐકય સાધીએ છીએ.

૩૩. મનુષ્યોએ મેળવવા યોગ્ય નારાયણની હું સ્તુતિ કરું છું; હવે આપ (એ સ્તુતિથી) સંતુષ્ટ થાવ પછી જેનું લોખંડ જેવું કઠિન મુખ છે તેવી માયાને જીતી મને સર્વ રીતે પ્રશસ્ય એવું આત્યન્તિક સુખ આપો.

૩૪. હે ઈશ ! આ સ્તુતિનું સેવન કર; આ મારા જેવા (તારી) સ્તુતિ કરનારા દેવો (ભક્તો) તને ખૂબ પ્રિય બનો. હે સ્તુતિપ્રિય ભગવન્ ! હે દૂરનું પણ સાંભળનાર(દેવ) ! આ સ્તુતિથી અમને આત્યન્તિક સુખ આપ.

૩૫. આ (પ્રમાદ રૂપી) ભયંકર મૃત્યુ લાધ્યું છે (એનાથી) મારી બુદ્ધિ (બુદ્ધિવૃત્તિઓ) વસૂકી ગયેલી ગાયો જેવી નિષ્ફલ બની છે; એના લીધે આ પ્રકારનું મૃત્યુ[૨] કદી (ભૂતકાળમાં) થયું નથી, (ભવિષ્યકાળમાં) થશે પણ નહીં.

૩૬. હે મૃત્યુંજય (શ્રીદત્ત) ! (મારું) આ સ્તોત્ર સાંભળીને તું દોડતો આવ અને પ્રમાદ નામના મૃત્યુ રૂપી બંધનમાંથી કાકડી 'કર્કટી' જેવા મને છોડાવ, (પણ) અમૃતત્વ (મોક્ષ) માંથી (છોડાવીશ) નહીં, (અર્થાત્ મોક્ષ આપ).

૩૭. આ (અમારું) વર્તમાન શરીર છે, તેના જ વડે અમે સો શરદઋતુ જોઈએ; અને પ્રમાદરૂપી મૃત્યુનો(જ) નાશ થતાં તારા સ્તોત્ર માટે અમે સો શરદ(વર્ષ) જીવીએ.

૩૮. હે [૩]મહેશ ! અતિ ઉત્તમ એવા તને પ્રાર્થના કરીએ છીએ કે તું અહીં આવ; હે મહા બળવાન્ પ્રભુ ! અમને સુખી કર અને દુષ્ટોએ પ્રયોજેલા પ્રયોગોનો (કોઈ) પ્રભાવ (અમારા) પર પડે નહીં.

૩૯. તારી ત્રણ[૪] પ્રકારની વાણી છે; (આમાંની) શ્રેષ્ઠ વાણીની હે ઈશ ! તારી પાસે કોણ યાચના ન કરે ? અમે ભક્તિથી સ્તોત્રો દ્વારા તારા ગુણ ગાઈએ છીએ; આ સ્તોત્રોથી (પ્રસન્ન થઈ) તું જલદી અમારા પ્રતિ આવ.

૪૦. (અમૃતત્વ પ્રતિ ગતિ કરનારા) ઋષિઓ (યોગ વગરે) બધા (ઉપાયો) દૂરથી જ (આરંભ પણ કર્યા વિના) છોડી દઈને તારું જ સ્તવન કરે છે, (તેથી) મરણશીલ એવા અમે અમર્ત્ય એવા તારું સંસાર-નાશ કરવા સમર્થ એવું નામ ગાઈએ છીએ.

૪૧. હે ઈન્દ્ર (શ્રીદત્ત) ! જે તું વેદમાં નમસ્કારથી જ 'સ્વધ્વર' (સુંદર અધ્વર જેનો છે તે) રૂપે સ્તુતિ પામ્યો છું, તેથી (હે ઈશ) ! તું "ઈન્દ્ર બ્રહ્મા, ઈન્દ્ર ઋષિ" (ઈન્દ્ર પ્રજાપતિ) વગેરે અમારાં (તારું પદ શોધવા કરેલાં) સ્તોત્રો નજીક આવીને સાંભળ.

---

૧. જપયજ્ઞ ભગવાનનું વિભૂતિસ્વરૂપ છેઃ यज्ञानां जपयज्ञोऽस्मि । (ભ.ગી.૧૦) અન્ય યજ્ઞો દ્રવ્યમય છે અને અનાત્મ-વ્યાપારજન્ય છે. જપયજ્ઞ મનોવ્યાપારજન્ય છે. અરે આત્મસ્વરૂપનું જ્ઞાન તો મનનું પરિણામ હોઈ જપયજ્ઞ-જન્ય નહીં પરંતુ અભિવ્યક્તિ માત્ર છે માટે શ્રેષ્ઠ છે.

૨. પ્રાણીમાત્ર મૃત્યુને અધીન છે. આ પ્રસિદ્ધ મૃત્યુથી દેહનો પ્રાણથી વિયોગ માત્ર થાય છે પણ ઈશ પ્રત્યે પ્રમાદરૂપ મૃત્યુ તો માણસ જીવતો હોવા છતાં એનો ભગવાન સાથેના અનુસંધાન ન હોવા રૂપ (ભગવાનથી) વિયોગ કરાવે છે માટે વધુ ખરાબ.

૩. મહેશ શબ્દની વિભિન્ન વ્યુત્પત્તિ માટે ૨૬ મા શ્લોકની નોંધ જુઓ. (પૃ.૭)

૪. વેદ ભગવાનનો નિઃશ્વાસ છે, અર્થાત્ અપૌરુષેય વેદ ભગવાનની વાણી છે. વેદત્રયી મુખ્ય ગણાય એટલે ત્રણ વેદરૂપી ત્રણવાણી; અથવા વેદોમાં કર્મ, જ્ઞાન, ભક્તિ ત્રણે માર્ગ આત્મ સાક્ષાત્કાર માટે બતાવ્યાં છે. એ માટે કર્મ-જ્ઞાન-ભક્તિ રૂપી ત્રણ વાણી.

૪૨. હે ઈન્દ્ર (શ્રીદત્ત) ! (અખિલ વિશ્વમાં) વિસ્તારથી ફેલાયેલા (અથવા ખૂબ પ્રસિદ્ધ) એવા તારી પાસે અમારા કલ્યાણના વરદાનની અમે યાચના કરીએ છીએ; (અમારા પર) પ્રસન્ન થયેલા તારા પ્રત્યે અમે અભિમુખ બની સ્તુતિ કરીએ છીએ.

૪૩. પ્રસ્તુત સ્તોત્રોને પણ સાંભળનાર જાતપ્રજ્ઞ એવા તારી કોણ સ્તુતિ ન કરે ? (કારણ કે) જેઓ સ્તોત્રોથી તારા ગુણ ગાય છે; એમનો તું યુવાન (અજર) સખા[1] છે.

૪૪. અમે તારા છીએ, (પ્રમાદરૂપી મૃત્યુ તરફ જતા) મર્ત્ય એવા અમારું રક્ષણ કર.[2] અમે (સંસારથી) ભય પામીએ છીએ; અમને તારા પદની[3] ભક્તિનો આદેશ કરી (તે દ્વારા) અમને અભય આપ.

૪૫. જેવી રીતે ઘોડાઓથી રથ (ધ્યેયસ્થાન તરફ જાય) તેમ અમે સ્તોત્રો દ્વારા તારી પાસે આવી પહોંચીએ છીએ. હે ઈન્દ્ર ! જેનું સખ્ય મધુર જ છે એવો તું અમને સુખી કર.

૪૬. જ્યાં સુધી (પરમાત્મસ્વરૂપનું અપરોક્ષ) જ્ઞાન ન થાય, ત્યાં સુધી (આ) સંસાર જ્ઞાનવિરોધી છે (જીવાત્માને જ્ઞાન ગમતું નથી), સ્વપ્નવત્ દુઃખ આપનારો અને અપવિત્ર છે; (એમાં) પડેલા અને દુઃખી થયેલા અમારું-માનવોનું તું રક્ષણ કર; તું અમારાં (સ્તુતિ) વચનો સાંભળ.

૪૭. હે ઈન્દ્ર (સ્વરૂપ શ્રીદત્ત) ! તારું (સંગીતના) સ્વરથી બદ્ધ, ગાન કરવા હું સમર્થ નથી, (માટે) હું તારું નામસ્મરણ કરું છું, હે સૂર્ય ! (સ્વરૂપ દત્ત) તું સાચેજ મહાન છે; હે દેવ (સ્વયં-પ્રકાશ) ! તું (જગતને) કાર્ય માટે પ્રેરનારો, મહાન છે.

૪૮. આત્મવિદ્યા (ઉમા)થી યુક્ત, પવિત્ર અને અંતઃકરણમાં બિરાજમાન એવા તારા પ્રતિ મેં લક્ષ આપ્યું નહીં; (અને) જેમ કોઈ સ્ત્રી (પોતાના સ્વાધીન પતિને ત્યજીને) જાર પ્રિયતમ (ની ઈચ્છા કરે) તેમ હું (પરતા વગેરે દોષોથી યુક્ત) તુચ્છ વિષયોપભોગની ઈચ્છા રાખું છું.

૪૯. હે સુક્રતુ[4] ! તું ચંદ્રને પણ શરમાવે તેવા તારા નિર્મલ[5] (સુન્દર) રૂપનાં દર્શન કરાવ; સ્તોત્રોથી (તારું) ગાન કરનારા અમને-માનવોને પાપમાંથી ઉગાર; અને અમારા (અમને પીડનારા) કામ, ક્રોધ આદિ રાક્ષસોને હણી નાખ.

૫૦. કારણકે (મારી) સમીપે દ્વૈત છે[6] અને તેથી મને ભય ઉત્પન્ન થયો છે; હે પવમાન (વાયુરૂપ દેવ), (મારી) સમીપ કે (મારાથી) દૂર જે ભય હોય તેનો બરોબર નાશ કરી નાખ.

---

૧. सखा - પરમાત્મા જીવાત્માનો સખા છે; જુઓ નોંધ શ્લોક ૧૨(પૃ.૫.) અહીં આ ઉપરાંત બીજો અર્થ 'સખ્યભક્તિ' નો પણ વ્યંજિત થાય છે.

૨. मृत्योर्मा अमृतं गमय । માં આ જ ભાવ છે.

૩. પદ (અ) સ્વરૂપ, (બ) તેજ, (ક) ધામ, (ડ) ચરણ - એમ ભિન્ન અર્થવાચક છે. અહીં ભગવાનની સ્તુતિ થતી હોઈ (ડ) અર્થ સ્વીકારી પાદસેવનભક્તિ દ્વારા (અ) સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવ, એવો ભાવ છે; પદ શબ્દ શ્લિષ્ટ છે.

૪. सुक्रतु શબ્દ માટે જુઓ શ્લોક ૨૯ ની નોંધ. (પૃ૬-૭)

૫. सौन्दर्य માટે ચંદ્રની ઉપમા અપાય છે પરંતુ ચંદ્રમામાં પણ કાળો ડાઘ (દોષ) તો છે જ. પરમાત્મ સ્વરૂપ તો સંપૂર્ણતયા નિર્દોષ છે તેથી ચંદ્રને (સૌન્દર્ય બાબતમાં) શરમાવનારું છે.

૬. જીવ-જગત્ પરમાત્માથી ભિન્ન છે અને સત્ય છે, એવું અજ્ઞાન એ જ બંધ જીવ-જગદીશ, જગત્-જગદીશ ભિન્ન નથી, જીવ-જગત્ મિથ્યા છે. જીવ-શિવનું અદ્વૈત એ સત્ય-એ જ જ્ઞાન. દ્વૈત (ભિન્નભાવ) ભય ઉત્પન્ન કરે; **અદ્વૈત અભય આપે.** द्वितीयाद् वै भयं भवति ।

૫૧. અહીં (આ વિશ્વની) બધી જ કારક શક્તિઓનો તું જ એક માત્ર આધાર છે. માટે હે વેદોના સ્વામી ! તારો આ પવિત્ર યશ (ચોદિશે) વિસ્તર્યો છે.

૫૨. હે (સર્વ-કર્મફળને) જાણનાર ! હે શરણ્ય (શરણે આવેલાના રક્ષક) ! તેં આ અનિત્ય, પરતંત્ર અને વિશાલ વિશ્વનું સર્જન કર્યું છે, તો જેમ ગાય નવજાત વાછરડાનું ધ્યાન રાખે તેમ તું (વિશ્વનું-અમારું સર્વેનું) સ્મરણ રાખ.

૫૩. જેનો અગ્રે-અગ્રે જય છે એવા હે વિરાટ પુરુષ ભગવન્ ! જ્યાં (પિતૃઓના) આનંદ, (દેવોના) મોદ, (ઈન્દ્રનો) મુદ અને (બ્રાહ્મણનો) પ્રમુદ છે, ત્યાં મને અમૃતત્વ આપ.

૫૪. આ (જીવાત્મા) તે (પરમાત્મા) છે,[૧] એવું જાણનાર (હોવાથી) હું યમરાજને ઘીની માફક (દેહરૂપી) આહુતિ શા માટે આપું ? ભલે, (અન્ય) મર્ત્યજનો યમને (દેહરૂપી) હવિ આપે.

૫૫. હે દેવો (મારી) (ઈન્દ્રિયો તથા મનને) (વિષયસુખમાંથી) પાછી વાળો; હે (સંસારનું દુઃખ હરનાર) હરિ ! અમારા મનને કલ્યાણ તરફ (તારી સ્તુતિ કરવામાં) પ્રેરો. (અને) જેમ પિતા પ્રિય (પણ દુઃખી) પુત્રની રક્ષા કરે તેમ દુઃખી છતાં તારા પ્રિય (ભક્તપુત્ર) ની તું રક્ષા કર.

૫૬. અહીં (ભગવાનના સ્વરૂપ બાબતમાં) પ્રમાણ-પ્રમાતા-પ્રમેય[૨] એવી ત્રિપુટી નથી, કારણ તારું સ્વરૂપ સર્વવિકાર વિનાનું,[૩] સત્વવાળું, મધુર[૪] અને મારી પરમ ગતિરૂપ છે.

૫૭. (મૃત્યુ પામેલી વ્યક્તિના સંબંધીઓ એવા) હોતાઓ (યજ્ઞમાં આહુતિ આપનારા) 'मनोन्वाहुवामहे' ઈત્યાદિ મંત્રોથી આહુતિ આપે છે, એનાથી (સમજાય છે કે) ગમન, આ-ગમન વગેરે મન માટે સંભવે છે, નહીં કે યજ્ઞના મુખ્ય સાધન સ્વરૂપ આત્મા માટે.[૫]

૫૮. જેઓ (આત્મજ્ઞાની અને તેથી અધિકારી) આ (બ્રહ્માત્મૈક્ય-જ્ઞાનરૂપી) યજ્ઞથી તારું પૂજન કરે છે, તે બધા તારી સાથે એકરૂપ બની આનંદ અનુભવે છે, બીજા (બહિર્મુખ મનુષ્યો) નહીં, તેથી તારા પ્રિય (ભક્તો), સ્વયં-પ્રકાશ (આત્મા સાથે ઐક્ય અનુભવી) વિષે નામ-રૂપના ભાન વિનાના બની જાય છે.

૫૯. (બહિર્મુખ) ઈન્દ્રિયોને વશ બનનારની (અત્યંત અપવિત્રતા સ્વરૂપી) પત્ની ઘણી મંગલ મનાય છે; પરંતુ તે (વિષયોપભોગ કરનાર) હું પતિ છું એવું માની તારા (સત્-ચિત્-આનંદ સ્વરૂપ)થી ભ્રષ્ટ થઈ, સ્નેહના પાશમાં બંધાય છે.

---

૧. આપણી ઈન્દ્રિયો અને મનના અધિષ્ઠાતા દેવો છે. તેમને ઉદ્દેશીને અહીં કહેવાયું છે કારણ ઈન્દ્રિયને પ્રેરનાર એનો અધિષ્ઠાતા દેવ હોય છે.

૨. હું ઘડો જોઉં છું - આ વિધાનમાં ઘડાને જોનાર 'હું' પ્રમાતા કહેવાય, 'ઘડો' પ્રમેય છે, જ્યારે આંખથી જોવાય છે એટલે આ ઘટજ્ઞાન પ્રત્યક્ષ-પ્રમાણથી થયું. પણ પરમાત્મ,સ્વરૂપ પ્રત્યક્ષાદિ પ્રમાણનો વિષય નથી તેથી પરમાત્મ સ્વરૂપમાં પ્રમાતા (અર્થાત્જીવ) પ્રમેય (આત્મસ્વરૂપ) અને પ્રમાણની ત્રિપુટીનો સંભવ નથી.

૩. જે જન્મે તેનામાં વિકાર હોય જેમકે શરીર જન્મે છે માટે વધે-ઘટે, યુવાન-વૃદ્ધ આદિ વિકારો ઉત્પન્ન થાય, દૂધમાંથી દહીંનો વિકાર થાય. પરમાત્મા અજન્મા, અખંડૈકરસ, નિરવયવ, નિરાકાર, નિર્ગુણ તેથી કોઈ વિકાર એ સ્વરૂપમાં સંભવી શકે નહીં.

૪. પરમાત્મા આનંદ-સ્વરૂપે તેથી મધુર (मधुराधिपतेरखिलं मधुरम् ।).

૫. આત્મા અક્રિય છે તેથી ગતિ, સ્થિતિ, આસન (બેસવું) વગેરે એનામાં સંભવી શકે નહીં.

૬૦. (હે ભગવન્ દત્ત) ! આ બધું (અખિલ બ્રહ્માંડ) તારાથી નિપજ્યું છે. એનાથી તું (વિરાટ) પુરુષ તો ઘણો મોટો જ છે; આ બધાં ભૂત એનો એક પાદ માત્ર છે, જ્યારે (અન્ય) ત્રણ પાદ (એના) પ્રકાશમય સ્વરૂપમાં અ-મૃત સ્વરૂપ છે.

૬૧. હે પુરુષ ! લોંકડી (એ જાતનું પ્રાણી) ના જેવા (લુચ્ચા) મન-વાળી (સ્ત્રી)ને ઓ મારી પત્ની (એવા સંબોધનથી) બોલનાર માણસ તેનામાં આસકત બને છે, તે આ તારા આત્મસ્વરૂપને જાણી શકતો નથી.

૬૨. અહીં એક જ (સ્વરૂપ) (માયા રૂપી) ઉપાધિથી બે રૂપે - જીવાત્મા અને પરમાત્મા બે અલગ છે - એને લાગે છે, પરંતુ કષાયપરિપાક થતાં જે મનથી અને અંતઃકરણથી તને (જીવાત્માથી) અભેદરૂપે જુએ, તેનો માયા ત્યાગ કરે છે. અને તે જ માયાને (અવિદ્યાને) ત્યજી શકે છે.

૬૩. હે આત્મન્ ! તારું આ જ સ્વરૂપ (સત્ત્વપ્રધાન) હ્રદયમાં પવિત્ર બુદ્ધિથી પ્રત્યક્ષ કરતા મુનિઓ દિગંબર, ધૂલિધૂસર અને છતાં મલ વિનાના (અન્યોના મલ દૂર કરનારા) બની રહે છે.

૬૪. જ્ઞાની લોકો તારા વેદાન્તપ્રતિપાદ્ય[1] તે ચિન્મય સ્વરૂપને સમ્યક્ જાણીને એની ઉપાસના કરે છે; જે આ રજોગુણ અને તમોગુણ (અજ્ઞાન)ની પાર જાય છે, તે પોતાના (કામાદિ) શત્રુઓને પણ સામે પાર ફેંકી દે છે.

૬૫. યજમાન અન્ન-ધાન્યને (વૃષ્ટિ) માટે ભાત અને ઘીની (આહુતિ) આપી નિત્યહોમ કરી તારું યજન કરે છે, પરંતુ હું તો નિષ્કામ બની શ્રેષ્ઠતમ કર્મ[2] (આત્મસાક્ષાત્કાર) માટે તારું (યજન/કરું છું.)

૬૬. હે અગ્નિસ્વરૂપ ઈશ ! તું આવ अग्न आ याहि આવું સામવેદની ઋચાથી મધુર સ્વરથી તારું ગાન કરવા હું સમર્થ નથી, તેથી (લૌકિક વાણીથી) કેવલ (તારું) સ્તવન માત્ર કરું છું, જેમ હોતા-યજમાન (યજ્ઞ કરતી વેળા) દર્ભ પર બેસે છે, તેમ તું મારા (પવિત્ર) હ્રદયમાં બેસ (વાસ કર.)

૬૭. (અંતરાત્માના સાક્ષી) એવા તારી કૃપાથી અમારી પ્રકાશશીલ બુદ્ધિની વૃત્તિઓ (બહિર્મુખી બનવાને બદલે) સુખ આપે એ રીતે હંમેશા આત્મા તરફના પ્રવાહવાળી બની રહો, (જેથી આત્મા તરફના પ્રવાહથી) રસવન્તી બનીને આ બુદ્ધિવૃત્તિઓ રોગશમન અને ભયશમનનો સ્રાવ કરે (ભયરોગ નાશ પામે.)

૬૮. એનું (સ્વયંપ્રકાશ-પ્રત્યગાત્મા) જ્ઞાન થતાં (સંસારના બધાં) પાશમાંથી મુક્તિ થાય છે; સર્વજ્ઞતા મળે છે;[3] તે એક (અદ્વિતીય), ઈન્દ્રિયાતીત સૂક્ષ્મ, સત્ અને અનિર્દેશ છતાં तत्-अयम्[4] (તે આ છે) જેવા શબ્દોથી નિર્દિષ્ટ કરાય તેવું, तत्-त्वम् નો વિરોધ[5] હોવા છતાં સારી મતિવાળાઓથી सः अयम्[6] ના પ્રમાણે (શ્રુતિના) વાક્યોથી ભાગ-ત્યાગ લક્ષણોથી લક્ષ્ય બનતા (પરમાત્મસ્વરૂપ) નું પર-ગુરુ કૃપાથી (જ્ઞાન થતાં) તેને જાણનારાઓ ઐક્ય[7] (જીવાત્મા-પરમાત્માનું અદ્વૈત) અનુભવે છે.

---

૧. પૂ. ટેંબે સ્વામી રૂપ શબ્દની વ્યાખ્યા આપે છેઃ वेदान्तैः निरूप्यते इति रूपः (અહીં પુલિંગ શબ્દ 'રૂપ' નો અર્થ છે વેદાન્ત પ્રતિપાદ્ય પરબ્રહ્મ અથવા પરાત્મા;

૨. શ્રુતિઃ ज्ञात्वा देवं मुच्यते सर्वपाशैः ।

૩. શ્રુતિઃ यस्मिन् ज्ञाते सर्वमिदं विज्ञातं भवति ।

૪. શ્રુતિઓ (અ) तत् त्वम् असि । (બ) अयम् आत्मा ब्रह्म ।

૫. तत् त्वम् असि । માં વાચ્યાર્થ લેતાં तत् પરમાત્મવચક પરોક્ષ તત્ત્વ નિર્દિષ્ટ કરે છે જ્યારે त्वम् (જીવાત્મા) અપરોક્ષનો નિર્દેશ કરે છે તેથી બેનું ઐક્ય ક્યાંથી સંભવે ? તેથી વિરોધ ઊભો થાય છે.

૬. सः अयम् देवदत्तः । વર્ષો પૂર્વે દેવદતને જોયેલો તે સઃ આજે (અહીં કાશીમાં) જોયો એ (अयम्) (એકજ) દેવદત્ત છે (ભલે ભૂતકાળમાં યુવાન હોય - આજે વૃદ્ધ એમ સ્વરૂપમાં ભિન્નતા ઉપાધિભેદે ભાસે)

૭. જીવ પર આત્માથી જુદો નથી, બંને सोऽयं देवदत्तः ની માફક એક-અભિન્ન છે એ તત્ત્વ "तत्-त्वम्-असि" માં ભાગ ત્યાગ લક્ષણાથી સિદ્ધ થાય છે.

ॐ

# પ્રથમ અષ્ટકનો બીજો અધ્યાય

## વિરોધ - પરિહાર - કથન

૧. ઈન્દ્રિયો અને અન્તઃકરણ જેની પ્રાપ્તિના સાધનરૂપ છે, જે ત્રણ (વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ રૂપ જીવાત્મા) ના પણ ઈશ છે, જે આત્મસ્વરૂપને પ્રકાશિત કરનાર (દીપ) છે, જે રાગ-દ્વેષ આદિ મલનો નાશ કરનાર છે (બીજો અર્થ - મોક્ષના પ્રતિબન્ધક પાપના નિવર્તક છે), જે કેવલ સાક્ષીરૂપ છે, નિરતિશય આનન્દસ્વરૂપ શિવ, અચિન્ત્ય, અનન્ત અને અવ્યક્ત છે, જે અજન્મા છે, એવા પરઆત્મા (શ્રીદત્ત) જય પામે છે.

૨થીપ (ગર્ભાધાન વગેરે) સંસ્કારોથી સંપન્ન બનેલો, (ઋગ્વેદ વગેરે) વેદો તથા (શિક્ષા આદિ) વેદના છ અંગોનો જેણે અભ્યાસ કર્યો છે, જેણે (બ્રહ્મચર્યાદિ) આશ્રમોના (ધર્મશાસ્ત્રમાં) જણાવેલાં (નિત્ય-નૈમિત્તિક) કર્મો કર્યાં છે, જે માતા, પિતા અને આચાર્ય (ની સેવામાં) તત્પર તથા (વેદાધ્યયન, દેવયજન તથા પ્રજોત્પાદન રૂપી) ત્રણ ઋણમાંથી મુક્ત બનેલો છે, જેણે ભક્તિભાવથી યતીશ્વર (શ્રીગુરુ દત્તાત્રેય)ની ઉપાસના કરી છે, જેણે વિધિપૂર્વ સંન્યસ્ત ગ્રહણ કર્યું છે જેણે (વિત્તેષણા, પુત્રેષણા, લોકેષણા જેવી) બધી ઈચ્છાઓનો ત્યાગ કર્યો છે, જેણે ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો છે, જેણે સાધનચતુષ્ટય પ્રાપ્ત કરી લીધાં છે, જે દૈવીસંપત્તિથી સંપન્ન બનેલો છે, જેણે દઢતાથી સત્વ વગેરે બધી જ ચિત્તવૃત્તિઓને કાબૂ માં રાખી છે, જે યતિ છે - એવો એક શ્રેષ્ઠ બ્રાહ્મણ હતો પરંતુ તે વિવિધ શાસ્ત્રોના અધ્યયનથી ભ્રમ (ધર્મ, આત્મજ્ઞાન, મોક્ષ આદિ અંગેની ગેરસમજો) વધવાથી શાંતિ મેળવી શક્યો નહીં.

૬ થી ૮ (૧.૨.) આ નિરાશ હૃદયવાળા, શોકસંતપ્ત (અને તેથી) ખિન્ન થયેલા (બ્રાહ્મણ) ને જોઈ, એના (બ્રાહ્મણના) પુણ્યકર્મરૂપી ચંદ્રના ઉદયને જોઈ જેનો કૃપારૂપી સાગર ઊભરાયો છે, એવા, ભક્તો પ્રત્યે વાત્સલ્યભાવવાળા, દીનનો ઉદ્ધાર કરવા અવતીર્ણ થયેલા, દિગમ્બર[૨] સ્મર્તૃગામી અત્રિ(મુનિ) અને અનસૂયા(મા) ની તપશ્ચર્યાના સાતત્ય (કલ્પવૃક્ષ) ના સતફલસ્વરૂપ, ભગવાન દત્તાત્રેય અચાનક (એની સન્મુખ) પ્રકટ થયા.

૮ (૩.૪.) થી ૧૦ સર્વ (સૂર્ય વગેરે) ને પ્રકાશિત કરનાર તેજ-સ્વરૂપ (શ્રી દત્ત ભગવાન) થી જેની આંખો ઝંખવાઈ ગઈ છે એવા, સર્વ વિષયોને ગ્રહણ કરવાની (સામર્થ્યવાળી) મતિવાળા તે યતિએ, વાણીથી (અવર્ણ્ય) અને મનથી (અચિંત્ય અને તેથી) પર, (સર્વજ્ઞત્વાદિ) અક્ષય શક્તિવાળા, પૂર્વે ઉદ્ભવેલા (બ્રહ્મા વગેરે)ના પણ આદિગુરુ, (ઔપનિષદિક) જ્ઞાન રૂપી સ્વરૂપવાળા, અવ્યભિચારિણી ભક્તિ અને જ્ઞાનથી પામી શકાય એવા, નિર્ગુણ (હોવા છતાં ભક્ત માટે) સગુણ સ્વરૂપવાળા તે (દત્તભગવાન) ને નમસ્કાર કર્યા.

૧૧. તેને (યતિને) આશ્વાસન આપીને, યોગીઓમાં શ્રેષ્ઠ, સમર્થ, દયાળુ ભગવાન બોલ્યા, "હે ભિક્ષુ ! તું શા માટે દુઃખી મનવાળો જણાય છે ?

૧૨. બધાંનો (વિવેક, ધૈર્ય આદિનો) નાશ કરનારી હોવાથી આ (મનની દુર્બલતા) મારા ભક્ત-તારામાં હોવી યોગ્ય નથી; તેથી તું મને આ મનના દુઃખનું કારણ જણાવ."

૧૩.૧૪. પ્રેમપૂર્વક (ઉચ્ચારેલું) તે (શ્રીદત્ત) નું વાક્ય સાંભળીને, બધાના (આદિ) ગુરુ એવા તેમને ઓળખીને, તેની (શ્રીદત્તની) ભક્તિથી નિયંત્રિત તે યતિએ મસ્તક નમાવી તેમને જવાબ આપ્યો, "જેણે મોક્ષ મેળવ્યો હોય, તે (સંસાર રૂપી) અનર્થ-માંથી બચી જાય છે." એવું (શ્રુતિમાંથી) જાણી, તે (મોક્ષ)ની ઈચ્છાથી, તે માટે પ્રવૃત્તિ કરનારા માટે શાસ્ત્રરૂપી સમુદ્ર પાર કરવો મુશ્કેલ બન્યો હોવાથી ભ્રાન્તિ જન્માવનારો બન્યો છે.

---

૧. અદ્વૈત વેદાન્ત પ્રમાણે (અ) નિત્યાનિત્યવસ્તુવિવેક, (બ) ઈહામુત્ર- ફલભોગવિરાગ, (ક) શમ-દમ-આદિ ષટ્સંપત્તિ અને (ડ) મુમુક્ષુત્વ - આ ચાર સાધન સંપાદન કર્યા પછી જ બધી જિજ્ઞાસા થઈ શકે.

૨. વાસના રૂપી વસ્ત્ર ત્યજી દેનારા

૧૫ થી ૧૮. (આની સ્પષ્ટતા કરતાં તેણે આગળ કહ્યું) "જેમકે અક્ષપાદે (ન્યાયશાસ્ત્રપ્રણેતા ગૌતમ મુનિ) પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાન્ત, સિદ્ધાંત, અવયવો, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતણ્ડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહસ્થાન (આ રીતે) સોળ પદાર્થોનું નિરૂપણ ન્યાયશાસ્ત્રમાં કર્યું છે. આ (સોળ પદાર્થો)ના તત્ત્વજ્ઞાનથી મનુષ્ય દુઃખના અભાવરૂપ શ્રેયની પ્રાપ્તિ કરે છે (નહીં કે સુખ સ્વરૂપ શ્રેયની, કારણ એ નિત્ય નથી) જેમકે, દુઃખરૂપ જન્મ, પ્રવૃત્તિ, દોષ, મિથ્યાત્વના ક્રમમાં પાછળનાનો નાશ થતાં એકના પછી બીજાનો નાશ થવાથી પૂર્વ-પૂર્વનો નાશ થાય છે[1] અને એ રીતે પદાર્થોનું મિથ્યાપણું જાણનાર જીવાત્માને મુક્તિ મળે છે; (પરંતુ) આમાં સદ્વિતીયત્વ તો જળવાઈ રહે છે (અદ્વૈત સિદ્ધ થતું નથી.)

૧૯ થી ૨૧. કણાદ (તર્કાનુકૂલ) શ્રુતિને પ્રમાણ તરીકે સ્વીકારી (પોતાનો સિદ્ધાન્ત જ) ધર્મ છે કારણ એનાથી માણસોને અભ્યુદય (પ્રેય) અને નિઃશ્રેયસ (આત્મકલ્યાણ) ઉભય સિદ્ધિ મળે છે, એવું વિવેચન કરે છે. (એ વૈશેષિક મત પ્રમાણે) દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય એ છ પદાર્થ અને (એ બધાંનો ચતુર્વિધ) અભાવ (એ સાતમો પદાર્થ) મળી સાત પદાર્થ છે. આ બધાના સાધર્મ્ય અને વૈધર્મ્ય સહિતના તાત્ત્વિક જ્ઞાનથી, અસત્ (પ્રાક્-અભાવરૂપ કારણ)માંથી જન્મેલા અને પોતપોતાની ઉપાધિના (પ્રત્યેક વ્યાપક નિત્ય છે) આધારે રહેલા ભિન્ન-ભિન્ન (અનેક જીવાત્માનો સિદ્ધાન્ત) જીવોને મુક્તિ મળે છે - એવો સિદ્ધાન્ત પ્રસ્તુત કરે છે, (પરંતુ) તે પણ (દ્વિતીયત્વ આવતું હોવાથી) શ્રુતિ વિરુદ્ધ છે.

૨૨ થી ૨૭. (કર્મમીમાંસા મત પ્રમાણે) અખિલ વેદ-શ્રુતિ ક્રિયા(કર્મ)નું પ્રતિપાદન કરે છે (અને તેથી કર્મનું પ્રતિપાદન ન કરતી શ્રુતિઓ અર્થ વિનાની છે)[2] (પરંતુ) (કેટલીક શ્રુતિઓમાં) શાસ્ત્રે બતાવેલ (અર્થવત્ત્વ) નો વિરોધ હોય છે[3], વળી (અદ્વિતીય આત્માના ઉદ્‌બોધ કરતી શ્રુતિમાં કર્મ સાક્ષાત્કાર ફલનો અભાવ હોય છે, તો પણ એવા અતદર્થ[4] (શ્રુતિ) વાક્યો અર્થ વિનાનાં નથી (કારણ કોઈ દેવતાની અનિન્દા-પ્રશસ્તિ રૂપ, આવાં શ્રુતિવાક્યો વિધિવાક્યોની પૂરક હોય છે, વગેરે) એવું (કર્મમીમાંસાપ્રણેતા) જૈમિનિએ કહ્યું છે. (વળી) (अक्षय्यं ह वा જેવી) અર્થવાદ - શ્રુતિઓમાં રમમાણ અને (યજ્ઞ ન કરવાથી દુઃખના પ્રાક્-અભાવના નાશથી બંધ અને યજ્ઞ કરવાથી નિત્ય સ્વર્ગની ઉત્પત્તિથી દુઃખ પ્રાક્-અભાવના પાલનરૂપ) અલ્પ દૃષ્ટિવાળો યજમાન (વેદવિહિત) કર્મ કરીને સો વર્ષ જીવવા ઈચ્છે છે,[5] મનુષ્યે જીવન પર્યંત અગ્નિહોત્ર આદિ યજ્ઞમાં આહુતિ આપવી અને એને (મૃત્યુ પામે ત્યારે) યજ્ઞનાં પાત્રો સાથે અગ્નિસંસ્કાર આપવો[7] આવાં શ્રુતિવચનો હોવાથી મનુષ્યનું સંપૂર્ણ આયુષ્ય કર્મોથી જ વ્યાપેલું રહે છે અને, જે આ (યજ્ઞાદિ) કર્મ ન કરે તેને (મોટું) પાપ લાગે[8] એવું શ્રુતિવચન છે; તેથી જેનું, (અપૂર્વ, નિયમ, પરિસંખ્યા વિધિ વગેરેની) 'ચોદના' લક્ષણ છે તેવા (કર્મસ્વરૂપ) ધર્મના અનુષ્ઠાનથી માણસોનું અમૃતત્વ (મુક્તિ) શાશ્વત બને છે એવું જે (જૈમિનિએ) કહ્યું છે તે, ફરી (મૃત્યુલોકમાં) પતન થાય છે[9]. જેવી શ્રુતિઓથી સમજાય કે (કર્મદ્વારા પ્રાપ્ત અમૃતત્વ) જન્ય (ઉત્પાદ્ય) હોઈ અધ્રુવ (અનિત્ય) છે, (કારણકે) મોક્ષ બધા (પુરુષાર્થો)માં શ્રેષ્ઠ છે એવી સર્વોત્કર્ષશ્રુતિથી અને અનાવૃત્તિ (મુક્ત આત્મા મૃત્યુલોકમાં ફરી આવતો નથી) ની શ્રુતિથી મુક્ત પુરુષને બન્ધનનો અભાવ હોય છે, જે અન્યથા (મોક્ષ વિના) શક્ય નથી.

---

૧. પદાર્થોના તત્ત્વજ્ઞાનથી (પદાર્થો મિથ્યા છે એવું જ્ઞાન થાય, તેનાથી રાગ આદિ દોષનો નાશ, તેનાથી અધર્મ-આચરણ વગેરે પ્રવૃત્તિનો નાશ, ક્રોધ લીધે અન્યદેહની પ્રાપ્તિ (અન્ય દેહ સાથે સંબંધ) સ્વરૂપ જન્મનો નાશ, (આ જન્મમાં જ પૂર્વના કર્મના ફલ) ભોગવી (નવા કર્મના) આરંભનો નાશ, અને જ્ઞાનથી સંચિત કર્મનો નાશ - આ રીતે એકના પછી બીજાનો નાશ થવાથી ક્રમમાં પૂર્વ-પૂર્વનો નાશ થાય એ રીતે પદાર્થોના મિથ્યાપણાના જ્ઞાનવાળા જીવાત્માને મુક્તિ મળે પરંતુ આમાં દ્વૈતભાવ તો પ્રકટ થાય છે જ. (જે શ્રુતિ વિરુદ્ધ છે)

૨. आम्नायस्य क्रियार्थत्वात् - आनर्थक्यम् - अतदर्थानाम् ।

૩. कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत्-शतं समाः । માં શાસ્ત્રદૃષ્ટ વિરોધ છે (કોઈ ક્રિયાનું વિધાન નથી.)

૪. अतदर्थवाक्य - ઉદા. सोऽरोदीत् । वायुर्वै क्षेपिष्ठा देवता । (આ વાક્યોમાં કેવળ અર્થવાદ છે. તેણે રુદન કર્યું, વાયુ એ ખૂબ વેગવાળી દેવતા છે વગેરેમાં કોઈ ક્રિયાનું વિધાન નથી પણ જૈમિનિના મતે વિધિવાક્યને આ શ્રુતિઓ (દેવતા પ્રશસ્તિ વગેરે રૂપે) ઉપકારક હોઈ વિધિવાક્યો સાથે એનો સમન્વય કરી અર્થવત્ત્વ પ્રતિપાદિત થાય છે.

૫. જેમાં કોઈ વિધિ હોય તેવું વાક્ય : ઉદા. अग्निहोत्रं जुहुयात् ।

૬. વેદવિહિત કર્મનું જ મીમાંસકને મન ખૂબ મહત્ત્વ છે.

૭. અગ્નિહોત્રનું વ્રત લેનાર યજમાનના શરીરનો યજ્ઞનાં પાત્રો સાથે દાહ આપવાનો હોય છે.

૮. वीरहा वा एष देवानां योऽग्निमुत्सादयते ।

૯. श्रुतिः-तद्यथेह कर्मचितो लोकः क्षीयते एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते ।

૨૮. (સાંખ્ય દર્શન) **પુરુષ** (તત્ત્વ) ઉદાસીન (પુરુષાર્થ ન કરતો) હોઈ (પ્રતિ શરીર) ભિન્ન ભિન્ન આત્મત્વનું પ્રતિપાદન કરી પચીસમા (તત્ત્વ)[1] પુરુષના (સમ્યક્) જ્ઞાનથી મુક્તિ મળે છે, જ્યારે વિપર્યયથી (સમ્યક્જ્ઞાનના અભાવે) બન્ધન રહે છે, (એવું કહે છે.)

૨૯. અનાદિ કાળથી (જીવાત્મા સાથે સંલગ્ન) વાસનાની દઢ પકડને લીધે કેવલ શ્રવણ (શ્રુતિના શ્રવણથી પ્રાપ્ત જ્ઞાન)-થી નહીં, પરંતુ (તીવ્ર) વૈરાગ્યસંપન્ન (વ્યક્તિ)ને જ તેની (મુક્તિની) સિદ્ધિ પ્રાપ્ત થાય છે, (કારણ) એનાથી (વૈરાગ્યથી) ધીમે ધીમે ચિત્તની પ્રસન્નતા (શાંતિ) મળે છે.

૩૦.૩૧. (તીવ્ર) વૈરાગ્ય, (શ્રુતિ દ્વારા પરોક્ષજ્ઞાન - શ્રવણનો) પુનઃ પુનઃ અભ્યાસ અને (અદ્વિતીયત્વ વિષયક) ધ્યાન વગેરેથી આત્યન્તિક પુરુષાર્થ (મોક્ષ) મળે, અને આત્મસ્વરૂપના જ્ઞાનથી તત્ત્વને જાણનાર વિદ્વાનના આધ્યાત્મિક દુઃખની નિવૃત્તિ થાય છે (એમ કહેવાય છે), (પરંતુ) દુઃખની નિવૃત્તિ થાય તો પણ ફરી એ દુઃખની અનુવૃત્તિ અર્થાત્ ફરી થવારૂપ અનુભાવ થાય માટે એનાથી મોક્ષ સિદ્ધ ન થાય; જેમકે પ્રતિદિન ભૂખ લાગે તેનો પ્રતિકાર (અન્ન ખાઈને) કરવા છતાં ફરી ભૂખ લાગે છે તેવું જ અહીં (મોક્ષ સિદ્ધિની બાબતમાં) સમજવું.

૩૨. હવે જેમ ભૂખ મટાડવા પ્રતિકાર રૂપ અન્ન લેવું પડે તેમ અહીં તેના દુઃખના પ્રતિકાર (વારંવાર સમાધિના અભ્યાસ)ની ચેષ્ટા કરવાથી મોક્ષરૂપ પુરુષાર્થ પ્રાપ્ત ન થાય એમ સાંખ્ય (કપિલ) કહે છે. (કપિલ સિદ્ધાન્ત) પણ મને સ્વીકાર્ય નથી, કારણ (શ્રુતિમાં જે એકત્વ-અદ્વિતીયત્વનું તત્ત્વદર્શન છે અને) એકવાર જ સાક્ષાત્ કરવું-જોવું[2] એ દૃષ્ટિનો વિરોધ થાય છે.

૩૩. (હવે પતંજલિ કહે છે) પુરુષાર્થશૂન્ય[3] જીવાત્મા માટે ધર્મરૂપી મેઘ (ધર્મવૃષ્ટિ કરનાર) સ્વરૂપ સમાધિથી કલેશ, (અને એનાથી થતાં) કર્મોમાંથી વિમુક્તિ થાય છે અને ત્યારપછી ઉદ્‌ભવતું જ્ઞાન મુક્તિ (મોક્ષ) આપનારું બને છે.

૩૪. જે (યોગી)ના બધાં આવરણરૂપી મલ નાશ પામ્યા છે (છૂટી ગયા છે) તેનું કોઈ પણ કર્મ ઈષ્ટ (શુક્લ) નથી હોતું કે અનિષ્ટ (કૃષ્ણ) પણ નથી હોતું, જ્યારે બીજા (જેનાં આવરણનો નાશ થયો નથી) નાં કર્મ (ઈષ્ટ, અનિષ્ટ અને મિશ્ર એમ) ત્રણ પ્રકારનાં હોય છે અને તેનો વિપાક (ફળ) પણ સુખ અને દુઃખ એમ બે પ્રકારનો હોય છે.

૩૫.૩૬. આમાંથી (કર્મ અને એનો વિપાકમાંથી) છૂટવા માટે ક્રિયા અને યોગ એ બેને અમલમાં મૂકવાં, તપશ્ચર્યા, જપ આદિ ક્રિયા કહેવાય, જ્યારે **સંપ્રજ્ઞાત** અને **અસંપ્રજ્ઞાત** એ બે યોગ છે જે બંને ચિત્તના ધર્મો છે; મૂઢ, ક્ષિપ્ત, વિક્ષિપ્ત, એકાગ્રતા અને વિનિરુદ્ધ એ પાંચ ચિત્તની ભૂમિ છે, જેમાંની (પહેલી) ત્રણ બંધ (ઉત્પન્ન) કરે છે જ્યારે (છેલ્લી) બે ઈશનું સેવન કરતા યોગીઓને મોક્ષ આપનારી છે.

૩૭. શાંત-ઉગ્ર-મૂઢ વૃત્તિઓ[4] વિનાના, (છેલ્લી બે ભૂમિકામાં પહોંચેલા) નિત્ય એકરૂપ (નાનાત્વ ન જોતાં) અને (શુદ્ધ) દ્રષ્ટા એવા યોગીનું ચિત્ત (બ્રહ્માત્મૈક્ય) સ્વરૂપમાં સ્થિત રહે છે, નહીં તો (આવો યોગી ન હોય તેવાનું) વૃત્તિ સારૂપ્ય ચિત્ત રહે છે (એવો જીવાત્મા ચિત્તવૃત્તિમાં લીન રહેછે).

૩૮. યોગદ્વારા સાત્ત્વિક (બનેલા) પુરુષને શુદ્ધિસામ્ય (ચિત્તવૃત્તિનો નાશ) અને મોક્ષસપ્રાપ્તિ થાય છે, (એ દ્વારા) સર્વ (પદાર્થોનું) જ્ઞાન, (તે દ્વારા) બધા પર વિજય અને (જ્ઞાનના) પ્રકાશથી આવરણનો નાશ થાય છે,

૩૯. (તદુપરાંત) (અણિમા વગેરે આઠ) સિદ્ધિઓનો લાભ થાય છે; (વજ્રના ઘા પણ સતત કરી શકાય) એવી દેહની સંપત્તિના ભૂત-ભૌતિક ધર્મોનો અન-અભિઘાત[1] અને એ રીતે (સર્વ પ્રવૃત્તિના મૂળમાં રહેલ) દોષોનાં બીજ જ નાશ પામે છે તો પછી મોક્ષની શી વાત ? (અર્થાત્ મોક્ષ કેમ ન મળે ? મળે જ).

---

૧. સાંખ્ય દર્શન પ્રમાણે પ્રકૃતિ અને પુરુષ એ બે મુખ્ય તત્વો છે. પુરુષ ઉદાસીન પણ પ્રકૃતિ એના સંબંધમાં આવે એટલે એમાં ત્રણ ગુણોની સામ્યાવસ્થા દૂષિત બને એમાંથી ૨૪ તત્ત્વો થાય જે આ પ્રમાણે : અવ્યક્ત, અહંકાર, મન, બુદ્ધિ, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ વિષયો, પાંચ મહાભૂત, પચ્ચીસમું, પુરુષ-પ્રતિશરીર ભિન્ન આત્મા.

૨. एकधैवानुद्रष्टव्यम् ।

૩. ધર્મ આદિ ચાર પુરુષાર્થ સિદ્ધ કર્યા નથી એવો.

૪. વૈરાગ્ય, ક્ષાંતિ, ઔદાર્ય વગેરે શાંત (સાત્ત્વિક) વૃત્તિ; કામ, ક્રોધ, લોભ વગેરે ઉગ્ર (રાજસ) વૃત્તિ, આળસ, ભ્રાન્તિ, તંદ્રા વગેરે મૂઢ (તામસ) વૃત્તિ.

૪૦(૧.૨) આ (ઉપર કહ્યા) પ્રમાણે શેષનાગે (ચક્ષુઃશ્રવાએ) (પતંજલિનો મત) કહ્યો છે પણ એ મતથી ('બ્રહ્મૈવ સન્ બ્રહ્માપ્યેતિ' જેવી) શ્રુતિ દૂષિત બને છે માટે એ (પતંજલિ મત) વરણીય નથી.

૪૦(૩.૪) થી ૪૪(૧.૨) અથાતો બ્રહ્મજિજ્ઞાસા (હવે, માટે, બ્રહ્મને જાણવાની ઈચ્છા કરવી)[૩]થી ઉપક્રમ (આરંભ) કરી, જેમાંથી આ (જગત) ના જન્મ વગેરે (જન્મ-સ્થિતિ-ભંગ)' - (એ બ્રહ્મનું તટસ્થ લક્ષણ આપી), (માયા - અવિદ્યાની) ઉપાધિથી ગુહા (દેહ) માં પ્રવેશેલા (જીવ-બ્રહ્મ એ) બે (આત્માઓ) નો પરિચય કરાવી (પ્રદર્શ્ય) તેમના ઐક્ય (ની અનુભૂતિ) માટે (બ્રહ્મની જિજ્ઞાસા માટે) શમ-દમ વગેરે (સાધનો) જણાવી. તે (સાધન-ચતુષ્ટય) ની સિદ્ધિ માટે (બહિરંગભૂત નિત્ય-નૈમિત્તિક) કર્મો[૪] વગેરે (જણાવી), (ફરીથી) અર્ચિરાદિ[૫] (સૂત્ર)થી કામ્યકર્મ કરનારને વિવિધ (નશ્વર) ફળ (મળે છે) એ બતાવી, (શ્રુતિવાક્યો[૬]ના) શ્રવણ (મનન, નિદિધ્યાસન) વગેરેની વારંવાર આવૃત્તિ કરી પર આત્મા (પરબ્રહ્મ) ના વિશિષ્ટ જ્ઞાન (પરાત્મા, જીવ, જગતના અદ્વૈતજ્ઞાન)થી મોક્ષ (અને) (એમાં) આરબ્ધ-કર્મથી આરંભી પહેલાંના અને પછીના પાપનો નાશ એટલું જ નહીં પણ બીજા (પુણ્યકર્મ)નો પણ સંશ્લેષ-નાશ. (ઐક્યનાભૂતિ પછી) સાક્ષિભૂત રહેતા જ્ઞાનીની (અવસ્થા) બને છે. (આવા જ્ઞાનીને) (જન્મ-મરણની) આવૃત્તિ રહેતી નથી એ (ન સ પુનરાવર્તતે) શ્રુતિથી[૭] બતાવી વ્યાસે (વેદાન્તદર્શનનો) ઉપસંહાર કર્યો છે.

૪૪(૩.૪) થી ૪૭ એમણે (બધા આચાર્યોએ) (અનુકૂળ શ્રુતિ) પ્રમાણો તથા (શ્રુતિને અનુકૂળ) તર્કોથી પોત-પોતાનો પક્ષ દૃઢ કર્યો છે. (એ જ રીતે) બીજા (શૂન્યવાદી બૌદ્ધો જેવા) પણ ઘણી ઘણી રીતે મોક્ષ (ઉપાય) બતાવે છે; જેમકે **'ઈશ્વર નથી'**, (અન્યત્વ અર્થાત્) **કર્મ પ્રમાણે ફળ પ્રાપ્તિ**, **સર્વજ્ઞત્વ** વગેરે (સિદ્ધાન્તો) કેટલાક (બતાવે છે), કેટલાક (સાંખ્યવાદીઓ) **પ્રકૃતિ-પ્રધાનત્વ** (નો મત), કેટલાક (પાતંજલવાદીઓ) ઈશ્વરનું પ્રાધાન્ય તો, (બીજા કેટલાક) **પ્રકૃતિ** અને **પુરુષ** બંનેનું પ્રાધાન્ય, કેટલાક (વૈશેષિકો) કારણભૂત અણુ છે (એવો મત), કેટલાક અસત્ તો કેટલાક સત્ (ને કારણ) ને (માને છે) તો કેટલાક આરંભવાદ[૮] (સ્વીકારે છે), કેટલાક[૯] પરિણામવાદના આગ્રહી તો બીજા વિવર્તમત (માન્ય કરે છે), તેથી હે ભગવન્ ! આ એકબીજાથી વિરુદ્ધ એવા નિરૂપણને લીધે મારું મન દૂષિત થયું છે (એવું દ્વિજશ્રેષ્ઠ યતિ (દત્ત ભગવાનને કહે છે)

૪૮. આ બધામાં કયો માર્ગ શ્રેષ્ઠ, કલ્યાણપ્રદ અભય આપનારો, (આચરણમાં) સરલ, (અને) (સમજવામાં) સુગમ છે, તે હે સદ્ગુરુ (દત્ત ભગવન્) ! કૃપા કરી મને આજે બતાવો.

૪૯.૫૦. જેને માટે મેં સંન્યાસ ગ્રહણ કર્યો, જેને માટે મેં (ખૂબ) જહેમત ઊઠાવી સાત્ત્વિક તપ કર્યું, તે (મોક્ષ) માટે, દૈવયોગે આવી મળેલા તમને હું પ્રાર્થના કરું છું; આ લોક અને પરલોકના કર્મભોગરૂપી દુઃખરાશિને જોઈને (હું તને મોક્ષ માટે વિનવું છું) (કારણ) ઈન્દ્રિયોથી ઉત્પન્ન થતું સુખ તુચ્છ છે કારણ એ ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે - એવા ધર્મવાળું છે, (આપણને) વશ નથી, ક્ષણ-ભંગુર છે, તેથી કયો જ્ઞાની પુરુષ આ લોક કે પરલોકમાં એની ઈચ્છા રાખે ? (અર્થાત્ કોઈ પણ નહીં).

---

૧. શરીરના સાત્ત્વિક, રાજસિક, તામસિક - બધા ગુણ - ધર્મો નાશ પામે છે.
૨. અહીંથી (૪૦(૩.૪) વેદાન્તમત (અદ્વૈતવાદ) નો આરંભ થાય છે,
૩. સાધન ચતુષ્ટયની પ્રાપ્તિ થયા પછી (अतः નો અર્થ) બ્રહ્મજિજ્ઞાસા.
૪. सर्वापेक्षा च यज्ञादि श्रुतेरश्ववत् ।
૫. अर्चिरादिना तत्प्रथितेः ।
૬. શ્રુતિવાક્યોઃ अहं ब्रह्मास्मि । तत्त्वमसि । अयमात्मा ब्रह्म । सर्वं खल्विदं ब्रह्म ।
૭. બ્રહ્મસૂત્ર - अनावृत्तिः शब्दात् ।
૮. આરંભવાદમાં ઈશનું કર્તૃત્વ સ્વીકારવું પડે છે, જે અદ્વૈતવાદમાં સ્વીકાર્ય ન બને કારણ કર્તા-કર્મનું દ્વૈત ઊભું થાય.
૯. પરિણામવાદ એટલે વિકારવાદ. દહીં દૂધનું પરિણામ છે, જે વિકારથી શક્ય છે તેવી રીતે આ વાદમાં બ્રહ્મમાં વિકાર સ્વીકારવો પડે છે.

# પહેલા અષ્ટકનો ત્રીજો અધ્યાય

## જ્ઞાનકાંડ

૧.થી૬. તે (બ્રાહ્મણ)ની આ સાત્ત્વિકવાણી સાંભળી, સમર્થ અને દયાળુ શ્રીદત્ત ભગવાન, તે દયનીય (બ્રાહ્મણ)ને અભિનંદન આપી આદરપૂર્વક બોલ્યા, "તત્ત્વને જાણવાની ઈચ્છાથી તારી બુદ્ધિ સારી રીતે કૃતનિશ્ચયી થયેલી છે; તેં આ યોગ્ય પ્રશ્ન કર્યો છે માટે તું ધ્યાન આપીને (એકાગ્રતાથી) સાંભળ, જ્યાં સુધી પરમાત્માનો સાક્ષાત્ અનુગ્રહ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી માણસને સાચું (પ્રમાણભૂત) શાસ્ત્ર અને (એને યોગ્ય રીતે સમજાવનાર) સદ્ગુરુ ક્યાંથી પ્રાપ્ત થાય ? પરમાત્માની આરાધના કરવાની મતિવાળા અને પોતાના ધર્મનું આચરણ કરનારા સજ્જનોને પરમાત્માની કૃપા અને એવી કૃપા પ્રાપ્ત કરનાર સદ્ગુરુ સહેલાઈથી મળે છે. સદ્ગુરુની કૃપા થતાં જ એ (મનુષ્ય)ના પ્રતિબંધ (રૂપી પાપ)નો નાશ થાય છે અને [1]દુષ્ટ ભાવનાઓનો નાશ થવાથી થોડા જ સમયમાં મુક્તિ આપનારું (પરોક્ષ) જ્ઞાન ઉત્પન્ન થાય છે. અને તેથી જ ખરેખર તને ધન્યવાદ ઘટે છે, કારણ તારી આવી કુમાર્ગે ન જતી બુદ્ધિ છે, માટે સ્વ-ઈચ્છાથી હું તને આવી મળ્યો છું."

૭ થી ૯ : (વિરુદ્ધમતોનું ખંડન કરતાં શ્રીદત્તે આગળ કહ્યું) "પોતાના સ્વરૂપભૂત આત્માના જ જ્ઞાનથી મુક્તિ મળે છે, અને નહીં કે (ન્યાય-વૈશેષિક મત પ્રમાણે) (સોળ કે સાત) પદાર્થોના વિશ્લેષણથી; 'જે બ્રહ્મને જાણે છે' તે જ પરમતત્ત્વને પામે છે, નહીં કે 'કર્મ કરનાર મીમાંસક. આત્માને (સત્ય સ્વરૂપમાં) ઓળખનાર જ (સુખ દુઃખાત્મક) શોકને પાર કરી જાય છે, નહીં કે ક્ષણિકદુઃખ માંથી નિવૃત્તિ મેળવનાર. આત્મતત્ત્વ ભિન્ન દેખાવા છતાં એક જ છે, એવું અનુભવનાર અભયને મેળવે છે, અને નહીં કે (પ્રત્યેક શરીરમાં) આત્મા ભિન્ન છેનો સિદ્ધાન્ત સ્વીકારનાર (સાંખ્યવાદી). એ રસની[2] પ્રાપ્તિથી જીવાત્મા આનન્દસ્વરૂપ બને છે, નહીં કે બીજી કોઈ રીતે. કારણ કે વિભુને કર્તૃત્વાદિ હોતું નથી અને નિત્ય એક જ સ્વરૂપ હોય છે.

૧૦ થી ૧૩. (આગળ વધતાં શ્રીદત્ત ભગવાન બોલ્યા) પરમાત્મા અક્રિય હોવાથી જગતને ઉત્પન્ન કરનાર નથી;[3] તે જ પ્રમાણે ભગવાન અવિકારી અને અંશવિહીન હોવાથી જગત પરમાત્માનું પરિણામ નથી.[4] (સૃષ્ટિના આરંભકાળે) જગતના અણુઓનું અસ્તિત્વ ન હતું, તેથી જગતની ઉત્પત્તિ કરવા અણુ સમર્થ નથી; તે જ રીતે તેમનો (અણુઓનો) આત્માની સાથે સંયોગસમ્બન્ધ શક્ય નથી, કારણ એમનું પ્રથમ હોવું તર્કસંગત બનતું નથી.[5] તે જ પ્રમાણે 'અસત્'માં પણ (જગતનું કર્તવ્ય સંભવી શકતું નથી, કારણ જગતના આરંભે એ (અસત્)નું અસ્તિત્વ ન હતું અને શ્રુતિ એનું પ્રમાણ આપતી નથી;[6] એ જ રીતે (સાંખ્યનું) પ્રધાન તત્ત્વ (પ્રકૃતિ) પણ જડ હોવાથી જગત્ના ઉદ્ભવ માટે[7] સમર્થ નથી. માટે આ (પરમ) આત્મા એક (અને અદ્વિતીય) હોઈ, પોતાના એક અંશ (માયા)માંથી, કરોળિયો (પોતાનામાંથી જેમ જાળ ઉત્પન્ન કરે છે) તેમ જગતને જાણે કે ઉત્પન્ન કરે છે[8] અને સમદષ્ટ એવા એ પરમાત્મા માટે આ (જગત) લોકમાં લીલામાત્ર છે.[9]

---

૧. ત્રણ દુષ્ટ ભાવના છેઃ સંશય, અસંભાવના, વિપરીત ભાવના.

૨. रसो वै सः । रसं हि एवायं लब्ध्वा आनन्दी भवति ।

૩. આરંભવાદનું ખંડન, કારણ એમાં કર્તૃત્વની અપેક્ષા (દા.ત. કુંભાર ઘડો બનાવે છે.) છે.

૪. પરિણામવાદનું ખંડનઃ દહીં દૂધનું પરિણામ છે તેમ જગત (અવિકારી) પરમાત્માનું પરિણામ નથી.

૫. અણુવાદ (વૈશેષિક મત)નું ખંડન.

૬. नासदासीन्नो सदासीत्तदानीम् ।

૭. સાંખ્યવાદનું ખંડન - ईक्षते र्नाशब्दम् । ब्रह्मसूत्र १.१.९

૮. પરમાત્મા જગત્ ઉત્પન્ન કરતા નથી, જગત્ પરમાત્મામાંથી ઉદ્ભવે છે - માટે જાણે કે શબ્દ વાપર્યો છે - ટીકા इव शब्देन विवर्तवादः ।

૯. लोकवत्तु लीलाकैवल्यम् । (ब्रह्मसूत्र)

૧૪.૧૫. જેવી રીતે સ્વપ્નમાં એક જ મનુષ્યની અંદર (મનમાં) એક જ ક્ષણમાં (નદી-પર્વત-દિવસ-રાત્રિ-સ્થાવર-જંગમ વસ્તુઓ વગેરે) અનેક પદાર્થો સત્ય છે એવો ભાસ થાય છે, અને જાગ્રત થતાં જ બધું વિલય પામે છે તેવી રીતે અનાદિ માયાને લીધે એક જ પરમાત્મામાં (અનેક પદાર્થોવાળા આ જગતનો) **મિથ્યાભ્રમ** ભાસે છે, પરંતુ (સદ્‌ગુરુના યોગ્ય ઉપદેશથી અપરોક્ષ સાક્ષાત્કાર થવાથી) આ એક જ આત્મા બાકી રહે છે (બીજું બધું મિથ્યાભ્રમરૂપે હોઈ વિલય પામે છે.)

૧૬. આ (જગત) માયાને લીધે પોતાની અંદર, દર્પણમાં દેખાતા દૃશ્યની જેમ ભાસે છે (પણ તે સત્ય નથી) અને જેમ સ્વપ્નની જેમ એ(જગત) બહાર જાણે કે ઉત્પન્ન થયું હોય એવું લાગે છે પરંતુ જાગ્રત થતાં જ આભાસી જગત્ નાશ પામે છે અને "હું તે જ **કલ્યાણતત્ત્વ** (અખંડૈકરસ) બ્રહ્મ છું (એવો) સાક્ષાત્કાર થાય છે.

૧૭. આ રીતે (શ્રુતિવાક્યોમાં) શ્રદ્ધા અને ભક્તિથી સંપન્ન બનેલો, પરમાત્મા અને સદ્‌ગુરુનો (એકનિષ્ઠ) ભક્ત જો સંશય વિશે વિચારી લે (બ્રહ્મ સિવાય અન્ય સર્વ મિથ્યા છે એમ નિશ્ચય કરે) તો એને ભ્રમ ક્યાંથી રહે ?

૧૮. આ(જગત્)પણ **અનાદિ** (જેનો આરંભ નથી) અને સ્વપ્ન (જ્ઞાન જેવો) ભ્રમ છે અને તેથી આપમેળે નાશ પામતો નથી; પરંત દૈવ યોગ[૧], આપ્તવાક્ય[૨] (શ્રુતિ પ્રમાણ), દેવ અને આચાર્યની કૃપાથી જ (એ નાશ પામે છે).

૧૯. શ્રીદત્તભગવાન દ્વિજશ્રેષ્ઠ યતિને આગળ કહે છે કે શ્રુતિ-પ્રમાણથી, (શ્રુતિને અનુકૂળ) તર્કપ્રમાણથી અને (મારી પોતાની) અનુભૂતિથી જે **સત્ય** છે તે હું તને કહું છું; પહેલાં કેવળ આ આત્મા (ના સ્વરૂપે જ) આ બધું હતું, એ (આત્મા) સિવાય કોઈપણ રીતે કશું જ બીજું હતું નહીં.

૨૦. તે (આત્માએ)તેણે[૩] ઈક્ષણ (ઈચ્છા કરીને) વગેરેથી શુદ્ધ સત્ત્વગુણયુક્ત[૪] માયાની ઉપાધિવાળો બની **સર્વજ્ઞત્વ** વગેરે લક્ષણવાળો બની, (જગત્‌નું) નિમિત્ત કારણ બન્યો અને એ રીતે વ્યષ્ટિનો અધીશ્વર બન્યો.

૨૧. એણે (આત્માએ) તમોગુણપ્રધાન માયાને ધારણ કરી પંચભૌતિક જગત બનાવ્યું. આમ (તત્-ત્વમ્-અસિ) વાક્યના તત્ પદનો એ (ઉપર પ્રમાણે વર્ણવેલો માયાશબલિત આત્મા) વાચ્યાર્થ છે, જ્યારે (માયા-મુક્ત શુદ્ધ) પરબ્રહ્મ એનો લક્ષ્યાર્થ છે.

૨૨. હવે એ (પરબ્રહ્મ આત્મા) મલિન સત્ત્વગુણ-યુક્ત માયાની (ઉપાધિવાળો) બની જીવ સંજ્ઞાવાળો, **અજ્ઞ** વગેરે લક્ષણવાળો બન્યો, જે વાક્યના ત્વમ્ **પદ**નો વાચ્યાર્થ છે, જ્યારે કૂટસ્થબ્રહ્મ એ[૫] એનો લક્ષ્યાર્થ છે.

૨૩. એની (આત્માની) પરા[૬] અને અસ્વતંત્ર શક્તિ છે, એમાંથી જગત્ ઉત્પન્ન થયું એ (જગત્) રજ્જુમાં સર્પની જેમ[૭] વિવર્તના ન્યાયથી (મિથ્યા) અને **અવશ** (પરતંત્ર) છે.

૨૪. (હવે) આમાં બધી વસ્તુઓનું નિયમન કરનારી એક ગુપ્ત ઈશ્વરી શક્તિ છે. જો એ (શક્તિ) ન હોય તો પરસ્પર ધર્મોની સંકરતા ને લીધે આ જગત્ નાશ પામ્યું હોત.

---

૧. શ્રુતિ કહે છેઃ श्रवणायापि बहुभिर्यो न लभ्यः । શ્રુતિજ્ઞાનનું શ્રવણ કરવા છતાં ઘણાથી એ લભ્ય થતો નથી. માટે 'સદ્‌નસીબ' (દૈવ) શબ્દ વાપર્યો છે.

૨. શ્રુતિ પ્રમાણઃ सर्वं खल्विदं ब्रह्म । अहं ब्रह्मास्मि । વગેરે.

૩. શ્રુતિઃ स ऐक्षत एकोऽहं बहु स्याम् । તેણે ઈક્ષણ કર્યું કે હું એક છું તે ઘણા રૂપે (આવિર્ભૂત) થાઉં.

૪. પરબ્રહ્મ (આત્મા) માયાના શુદ્ધ સત્ત્વ-અંશથી શબલિત બની ઈશ્વર સંજ્ઞા પ્રાપ્ત કરે જે જગતનું નિમિત્તકારણ માયા સ્વયં (જગત્‌નું) ઉપાદાનકારણ.

૫. કૂટસ્થ બ્રહ્મ એટલે પ્રત્યક્-બ્રહ્મ.

૬. पराऽस्य शक्तिर्विविधैव श्रूयते ।

૭. દોરડીમાં સર્પની ભ્રાન્તિ થાય, તેમાં રજ્જુ સત્ય, સર્પજ્ઞાન મિથ્યા, તેમ આત્મામાં જગતની ભ્રાંતિ જેમાં જગત જ્ઞાન મિથ્યા એ વિવર્ત કહેવાય.

૨૫. આ જીવ પણ પ્રકૃતિ[1]ને વશ રહીને જ ચેષ્ટા કરે છે, (છતાં) શાસ્ત્રદૃષ્ટિથી ઈન્દ્રિયોના વિષયો સાથેના (સંસર્ગમાંથી) ઉત્પન્ન થતા રાગ અને દ્વેષ[2]ને વશ ન થાય તો એને (જીવાત્માને) મોક્ષ પ્રાપ્ત થાય છે.

૨૬.૨૭. અધ્યારોપ અને અપવાદ[3]થી પ્રપંચ (સંસાર) નો અભાવ (નાશ) થાય છે. (એટલે) પ્રપંચ (મિથ્યા સંસાર)નો નાશ થતાં આ બંધ અને મોક્ષ ક્યાંથી સંભવે? તે જ રીતે જીવ અને ઈશ્વર એવા ભેદ પણ ક્યાંથી રહે ? (કારણકે) કોશરૂપી ઉપાધિના ત્યાગથી જીવ પણ નથી અને ઈશ્વર પણ નથી.

૨૮. પોતાને (સત્-ચિત્-આનંદ) સ્વરૂપનું જ્ઞાન થતાં બંધ અને મોક્ષ (રહેતાં) નથી. આ બંધ અને મોક્ષનો પ્રકાર સંક્ષેપમાં તને કહું છું, તે સાંભળ.

૨૯ થી ૩૨ સત્-ચિત્-આનંદ (સુખ) સ્વરૂપ અદ્વિતીય, અજન્મા, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ-રહિત, આત્મા (પરબ્રહ્મ) પોતાના આશ્રયે રહેલી, પોતાના વિષયવાળી, માયાને લીધે પોતાના સ્વાભાવિક સ્વરૂપમાંથી અતિશય ચ્યુત બની (ભ્રષ્ટ બની) દેહ વગેરે અનાત્મ (વસ્તુ)માં તાદાત્મ્ય થતાં અનાત્મ ભાવ પ્રાપ્ત કરે છે તેથી સંપૂર્ણ રીતે અનર્થ મેળવી અવિદ્યાથી વધારે દુઃખી બની, કામ્યકર્મોથી ઈષ્ટવસ્તુની પ્રાપ્તિ અને અનિષ્ટવસ્તુના નાશને ઈચ્છે છે (અને તે તો મળતું નથી જ પરંતુ) (જે મેળવવાનું છે તે) પણ મેળવ્યા વિના, જેમ સમુદ્રમાં મગર વગેરેથી ખેંચાય તેમ રાગ-દ્વેષ વગેરેથી ખેંચાઈ ખૂબ મોહ પામી, મર્ત્ય વગેરે વિવિધ યોનિમાં (ભ્રમણ કરતો) સંસારમાં ભટકે છે.

૩૩ થી ૩૭ (પણ) સદ્નસીબે કોઈપણ રીતે ઉત્તમ મનુષ્યજન્મ મેળવી, તે (જીવાત્મા) કેવળ ઈશ્વરપ્રીતિ સંપાદનાર્થ, શ્રુતિમાં બતાવેલાં નિત્ય, નૈમિત્તિક કર્મોનું પોતે જાતે અનુષ્ઠાન કરી, રાગ-દ્વેષ વગેરે આંતરિક મલનો નાશ કરી, યતિ બની દોષનું દર્શન કરી, ઐહિક પદાર્થો પ્રત્યે વીતરાગ બની, (શમદમાદિ ચતુષ્ટય) સાધનથી સંપન્ન બની, બ્રહ્માત્મૈક્ય-ભાવને જાણવાની ઈચ્છાથી, શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક, વિધિપૂર્વક સદ્ગુરુ પાસે જઈ, તેમની પાસેથી વેદાન્તના (અદ્વૈત) સિદ્ધાન્તોના શ્રવણ (મનન-નિદિધ્યાસન) વગેરેથી (આત્મા) અખંડૈકરસ છે એવા, तत्त्वमसि વાક્યના અર્થના જ્ઞાનથી, લક્ષણાવૃત્તિથી, તે હું છું (સોઽહમસ્મિ) એ અભેદથી સંપન્ન બની (બધા) પ્રતિબંધો (અવરોધો) નો નાશ થતાં, અજ્ઞાનરૂપી બંધનમાંથી મુક્ત થતાં, અજ્ઞાન અને તેના કાર્યમાંથી છૂટતાં, (જીવાત્મા) નિશ્ચયપૂર્વક જીવન્મુક્ત બને છે.

૩૮થી ૩૯ (૧.૨) એણે (જીવાત્માએ) કરવાનું કરી લીધું એથી એને (હવે) કશું મેળવવાનું કે શ્રવણ કરવાનું બાકી હોતું નથી કદાચ (આવા) જીવન્મુક્તની દૃષ્ટિ બાહ્ય વ્યવહારમાં જાય, તો પણ એ દૃષ્ટિ ચિત્-સ્વરૂપ સાથે જોડાયેલી હોવાથી, અને તેનું શરીર (પવનથી) હાલતા સૂકા પાંદડાની માફક, આરબ્ધ કર્મ પહોંચે ત્યાં સુધી વ્યવહાર કરે છે.

---

૧. सदृशं चेष्टते स्वस्याः । એ સ્મૃતિવચન પ્રમાણે જીવાત્મા પોતાની પ્રકૃતિને વશ રહી ચેષ્ટા કરે છે (અહીં પ્રકૃતિ શબ્દ સાંખ્યવાદની પ્રકૃતિ ના અર્થમાં નથી.)

૨. अनुकूलविषये रागः प्रतिकूलविषये द्वेषः । પોતાને ગમતા વિષયમાં રાગ હોય અને ન ગમતા વિષયમાં દ્વેષ હોય. ઉપર[1] આ પણ પ્રાચીન (પૂર્વજન્મોના) કર્મોના સંસ્કાર પ્રમાણે હોય અને માં જે પ્રકૃતિ ની વાત કરી છે તેનું લક્ષણઃ प्राचीनकर्मसंस्काराधीनत्वम् છે અર્થાત્ પ્રકૃતિ એટલે પૂર્વેના કર્મોના સંસ્કારને અધીન જે છે તે. જીવાત્મા આ પ્રકૃતિના વશમાં રહે છે. ગીતા કહે છેઃ प्रकृतिं यान्ति भूतानि ।

૩. અધ્યારોપ એટલે અધ્યાસ. એનું લક્ષણ છેઃ अतस्मिन् तद्बुद्धिः । જે તે નથી તેમાં તેનું જ્ઞાન થવું. એનું નામ અધ્યાસ અર્થાત્ મિથ્યાજ્ઞાન જે સર્પ નથી (પણ દોરડી છે), તેમાં (દોરડીમાં) તે (સર્પનું)નું જ્ઞાન થવું તે અધ્યારોપ. જે જગત્ નથી (પણ આત્મા છે) તેમાં તે (જગત) નું જ્ઞાન થવું (અર્થાત્ આત્મામાં જગતનું જ્ઞાન) તે અધ્યારોપ; એનાથી વિરુદ્ધ આ બધું (જગત્) આત્મા છે એવું જ્ઞાન તે અપવાદ.

૩૯(૩.૪) થી ૪૦ એ (જીવન્મુકત આત્મા) પરમ-આનંદ-પરિપૂર્ણ રહી બધાં ધર્મ-કર્મ (ની આસક્તિ) ત્યજી દે છે. ચતુર અને જ્ઞાની એવો હોવા છતાં તે બીજાની દૃષ્ટિએ બાળક જેવો, ઉન્મત્ત હોય એવો અને જડ લાગે છે, (પણ) એ તો ભિન્ન-ભિન્ન ઘડામાં (એકમેવ) આકાશની જેમ (પોતાના) પ્રકાશમાન સ્વરૂપમાંજ સ્થિત રહે છે.

૪૧. (સૂતા પછી) મેં સ્વપ્ન જોયું, એ જ હું ઊંઘતો હતો, ત્યારે મેં કશું જાણ્યું નહીં અને હવે એ જ હું જાગ્રત અવસ્થામાં છું એવી સ્મૃતિ થાય છે, તેના સંબંધથી ત્રણ ધામ [સ્થૂલ (જાગ્રત), સૂક્ષ્મ(સ્વપ્ન) અને સુષુપ્તિ કારણ શરીર] માં એકજ શિવ આત્મા છે, એમ જાણવું, કારણકે (ત્રણ) ગુણોનો અધિપતિ એ આત્મા છે અને (ત્રણ) ગુણથી પર થયેલા એનો પુનર્જન્મ થતો નથી.

૪૨. (પરંતુ) આ શરીરનું પતન થાય ત્યાં સુધીમાં જે પોતાના આત્મસ્વરૂપને જાણી લેતો નથી તેને ઉત્પન્ન થતા લોકોમાં (વારંવાર) દેહ ધારણ કરવો પડે છે.

૪૩. થી ૪૪. જ્ઞાની પુરુષના પ્રાણ (નવદ્વારમાંથી) બહાર નીકળી જતા નથી[1] એ સુષુમ્ણા (નાડીના) માર્ગથી બ્રહ્મલોકમાં નિત અમૃતત્વની પ્રાપ્તિ કરે છે, (અને) એની ઈન્દ્રિયો-મન દિશા, વાયુ, સૂર્ય, પ્રચેતા, અશ્વિનીકુમાર, અગ્નિ, ઈન્દ્ર, ઉપેન્દ્ર, મૃત્યુ, બ્રહ્મા, શંકર વિષ્ણુમાં, લીન થાય છે, જ્યારે બીજા મૃત્યુ પામનારાઓના બાબતમાં આવું બનતું નથી.

૪૫-૪૬. તેમના માટે નિશ્ચલ અને નિત્ય આ **કાલચક્ર** ઉત્પન્ન કર્યું છે - એ ચક્રની ત્રણ નેમિ, બાર આરા અને જોડી (યુગલ) માં રહેલ સાતસોવીસ સૂર્યપુત્રો છે;[2] આ પ્રમાણે મેં તને સંક્ષેપમાં બંધ અને મોક્ષનો પ્રકાર કહ્યો છે.

૪૭. જ્ઞાન વિના મોક્ષ નહીં, સદ્‌ગુરુ વિના જ્ઞાન નહીં અને કોઈપણ વ્યકિત પરમેશ્વરની કૃપા વિના સદ્‌ગુરુની પ્રાપ્તિ કરી શકતી નથી.

૪૮. પરમેશ્વરની કૃપા મેળવવા, અને સત્ત્વ (ચિત્ત)ની શુદ્ધિ માટે સ્મૃતિનો આદેશ છે કે નિત્યકર્મો, નૈમિત્તિક કર્મો અને પોતાના (વર્ણ-આશ્રમને યોગ્ય) શ્રૌતધર્મનું અનુષ્ઠાન કરવું જોઈએ.

૪૯. જેમ હાથીના એક અંગનો આધાર લઈ, હાથીને જાણવાનો પ્રયત્ન કરતા આંધળાજનો (હાથી સૂપડા જેવો, હાથી થાંભલા જેવો એમ કહી) એક બીજા સાથે કજિયો કરે છે, તે જ રીતે અલ્પદૃષ્ટિવાળાને માટે આ શાસ્ત્રનો ભંડાર છે.

૫૦. મારા આ ઉપદેશમાંથી તત્ત્વનું જ્ઞાન મેળવી, હંમેશા શ્રુતિ, તર્ક અને અનુભવને અનુકૂળ ઉપનિષદોના સિદ્ધાન્તને જાણી તેના પર સતત ચિંતન કર્યા કરવું. એ રીતે મોક્ષ સંપાદન થશે; તું આ લોકમાં (આ જન્મમાં જ) કૃતાર્થ બન (એવી મારી આશિષ છે.)

---

૧. न तस्य प्राणा उत्क्रामन्ति । એ શ્રુતિ પ્રમાણિત કરે છે કે જ્ઞાની પુરુષની સદ્યોમુક્તિ છે. ઉપાસકની ક્રમમુક્તિ છે.

૨. શ્રુતિમાં કાલચક્રનું એક સુંદર રૂપક આપ્યું છે કાલ (સમય) એ ચક્ર છે, (જે અવિરત ફર્યા જ કરે છે માટે) એ અજર અને નિત્ય છે. ચક્રમાં નેમિ હોય, (એ રીતે) અહીં શીત, ઉષ્ણ અને પર્જન્ય (ત્રણ ઋતુરૂપી) ત્રણ નેમિ છે, બાર મહિના બાર આરા છે અને દિવસ-રાત્રિ મળી દંપતી થાય તે સૂર્યના પુત્રો (સૂર્યના ઉદય-અસ્તથી દિવસ-રાત્રિ થાય) છે, (૩૬૦ દિવસ + ૩૬૦ રાત્રિ) જે કુલ ૭૨૦ છે. એક વરસ રૂપી ચક્ર.

# પહેલા અષ્ટકનો ચોથો અધ્યાય
## કર્મ-ઈશ્વર-વિપ્રતિપત્તિ

૧.૨. ભગવાને (આપેલા) ઉપદેશરૂપી અમૃતરસનું કર્ણથી પાન કરવા છતાં અતિતૃપ્ત ન થયેલા તે યતિએ ફરીથી પૂછ્યું, "હે ભગવન્ ! મનુષ્યે કયું કર્મ કરવું અને કયા ઈશ્વરની ઉપાસના કરવી ? કારણકે અહીં (શાસ્ત્રમાં) ઘણાં (વિભિન્ન) કર્મો અને ઈશ્વર (સ્વરૂપો)ની માહિતી આપેલી છે.

૩. કેટલાકે **પચીસ સંસ્કારરૂપી** કર્મ (કરવા) કહ્યું છે, જ્યારે (બીજા) કેટલાક **અમૃતત્ત્વની પ્રાપ્તિ માટે અડતાલીસ સંસ્કારરૂપી** કર્મ કરવા કહે છે,[1]

૪. વ્રત કરવાં, તીર્થયાત્રા કરવી, પૂજન કરવું, તપશ્ચર્યા કરવી, દાન કરવું વગેરે કર્મ કરવાં, એવું **યજ્ઞાદિ-શ્રુતિનો** આશ્રય લઈ કેટલાકને અપેક્ષિત છે,[2]

૫. (તે દ્વિજશ્રેષ્ઠ યતિએ વળી જણાવ્યું કે), ગણેશના ઉપાસકનો એવો મત છે કે વિષ્ણુ, શંકર વગેરે દેવો પણ (કાર્યમાં ઊભા થતાં) વિઘ્નોના નાશ માટે જેને ભજે છે, તે વક્રતુણ્ડ[3] ગણપતિનું મૃત્યુલોકના મનુષ્યોએ પણ ભજન કરવું જોઈએ.

૬. આ (ગણપતિ) જગતના સર્જક અને આદિકારણ છે એ રીતે શ્રુતિમાં (એમનું) ઉત્તમ દેવ તરીકે વર્ણન છે; અને ગૃત્સમદ ઋષિએ 'ગણાનાં ત્વા...' મંત્રથી[4] વેદમાં સ્તુતિ કરી છે.

૭. અને તેથીજ પુરાણમાં પણ બ્રહ્મણસ્પતિ, મહાકવિ, જ્યેષ્ઠરાજ વગેરે (વિશેષણો) થી મંત્રકર્તા તરીકે એમની સ્તુતિ છે.

૮. જેમાં ઈન્દ્ર વગેરે દેવોએ ઘર બનાવ્યાં છે એવા એ ખરેખર બ્રહ્મણસ્પતિ છે એવું ઉક્થ્ય મંત્ર જણાવે છે.

(૯) એ (સર્વ પર) પ્રભાવવાળા છે, બધાંનું બધી રીતે રક્ષણ કરનારા છે, દ્રવ્ય આપનારા છે માટે આ (દેવ) પૂજન કરવા યોગ્ય છે.

૧૦. એ વક્રતુડ છતાં સુંદર મુખવાળા છે.[5] અધોગન્તા સહિત હોવા છતાં ઊર્ધ્વ મનવાળા છે.[6] જેઓ એની પૂજા કરતા નથી તેઓ વિઘ્નોથી ઘેરાઈને પરાભૂત થાય છે.

૧૧. આ શિવજીના પુત્ર (ગણેશ) ની દુર્વા, કુમળી વનસ્પતિ, ડાંગર વગેરેથી જેઓ પૂજા કરે છે, તેઓ આ લોક અને પરલોકના બધા ઉપભોગ ભોગવી અંતે મુક્તિ મેળવે છે.

---

૧. पंचविंशतिसंस्कारैः संस्कृता ये द्विजातयः । ते पवित्रा योग्याः स्युः । પચીસ સંસ્કારથી સંપન્ન થયેલા દ્વિજો પવિત્ર અને (માટે) યોગ્ય બને છે. यस्यैतेऽष्टचत्वारिंशत्संस्काराः स ब्राह्मणः सायुज्यं सरूपतां जयति । જે બ્રાહ્મણે અડતાલીસ સંસ્કાર મેળવ્યા છે તે સાયુજ્ય, સારૂપ્ય મુક્તિ મેળવે છે.

૨. सर्वापेक्षा यज्ञादिश्रुतेरश्ववत् । બ્રહ્મસૂત્ર. શ્રુતિ આ પ્રમાણે છેઃ एतेन ब्राह्मणा विविदिषन्ति यज्ञेन दानैस्तपसा नाशनेन । યજ્ઞ, દાન, તપ, ભૂખ્યા રહેવું (ઉપવાસ) વગેરે કર્મથી બ્રાહ્મણ એને (બ્રહ્મને) જાણવાની ઈચ્છા કરે છે.

૩. वक्रतुण्डः (ગણપતિ) ના બે અર્થ (૧) વાંકું છે મુખ જેનું, (હાથીનું), (૨) वक्र (कुटिलं) तुण्डयति (घातयति) - જે કુટિલપણાનો નાશ કરે છે તે.

૪. આ મંત્ર બૃહસ્પતિસૂક્તનો પહેલો મંત્ર છે પણ બૃહસ્પતિ એજ ગણપતિ એમ માની ગણપતિની સ્તુતિમાં એનો ઉપયોગ થાય છે.

૫. અહીં વિરોધાભાસ અલંકાર છે. વક્રતુંડ-વાંકામુખવાળો સુમુખ-સુંદર મુખવાળો ક્યાંથી હોઈ શકે ? વક્રતુંડના બે અર્થ છે : બીજો અર્થ કુટિલતાનો નાશ કરનાર એવો છે તેથી વિરોધાભાસ દૂર થાય છે.

૬. અહીંપણ વિરોધાભાસ અલંકાર છે અધોગન્તા નીચે જનારાની સાથે ઊર્ધ્વગઃ ઉપર જનારા કેવી રીતે હોય ? પણ અધોગન્તાનો બીજો અર્થ ઉદર લઈએ તો વિરોધાભાસ રહેતો નથી.

૧૨. (પેલા દ્વિજશ્રેષ્ઠ યતિએ વળી આગળ કહ્યું કે), "જેના ઉદય અને અસ્ત થવાના સમયે શિવ વગેરે દેવો પણ હાથ જોડે છે, તે અખિલ વિશ્વના સાક્ષી શ્રીસૂર્યનારાયણ પ્રત્યક્ષ દેવ ગણાય છે,

૧૩. જેને અધીન સમયની ગતિ છે, જેના આધારે બધી ક્રિયાઓ થાય છે, જેના (ગાયત્રી) મંત્રથી દ્વિજત્વની પ્રાપ્તિ થાય છે, જેના મંત્ર(જપ)થી પુરુષાર્થો સિદ્ધ થાય છે,

૧૪. જેની કૃપાથી જ આ લોકના બધા વ્યવહાર થઈ શકે છે, એ સવિતા (સૂર્યનારાયણ)થીજ વિશ્વનું સર્જન થાય છે, એમ શ્રુતિ અને સ્મૃતિ બંનેમાં કહ્યું છે,

૧૫.૧૬. આ જંગમ અને સ્થાવર વિશ્વનો આત્મા સૂર્ય છે, શ્રુતિઓ એનું વિવિધરૂપે ગાન કરે છે, શ્રુતિ કહે છે કે આ મૂર્ત અને અમૂર્ત (પદાર્થોવાળું) જગત્ પ્રાણ-આધીન આત્માવાળું છે, (જેનો) સૂર્ય પ્રાણ છે અને ચંદ્ર અપાન છે, અને આ બેમાં (સૂર્ય-ચંદ્રમાં) જ બધું પ્રતિષ્ઠિત થયેલું છે; (તંત્રી) શ્રી સૂર્યના કિરણોના પ્રવેશથી જ ચંદ્રમામાં જ્યોત્સ્ના (ચંદ્ર પ્રકાશ) છે,

૧૭.૧૮. (અને) તેથી જ ચંદ્ર એનાથી (સૂર્યથી) ભિન્ન નથી, આ બધા (વિશ્વ)નો આત્મા સૂર્ય છે; જેના વિના જગત્ અંધકારમય રહે એ દેવની પૂજા કોણ ન કરે ? (વળી) અંધકાર એને ગળી જાય છે એવી જે લોકવાયકા છે, તે તાત્ત્વિક (વાસ્તવિક) નથી; તેથી ઈષ્ટતમ વસ્તુ આપનાર આ દેવ બધાનો આધાર અને અપરાજિત છે."

૧૯. (યતિએ પુનઃ આગળ જણાવ્યું) પરમાત્મા (શંકર)થી આ બધું (વિશ્વ) ઢંકાયેલું છે, અને એ (વિરાટ પુરુષ)ના નેત્રમાંથી સૂર્યનો ઉદ્‌ભવ[2] થયો છે, એમ શ્રુતિ ઉદ્‌ઘોષ કરે છે, અને તેથી મહાદેવ (શ્રેષ્ઠ) પરાવર[3] છે,

૨૦. આ સૂર્ય અષ્ટમૂર્તિ એવા મહાદેવનું એક અંગ (શરીર) મનાયું છે. આ સૂર્ય ત્રણ લોચનવાળા (શિવ)નું એક નેત્ર છે, એ (સૂર્ય) તેમના (શિવના) આધારે રહેલો છે,

૨૧. જેના (પરબ્રહ્મ-અહીં મહાદેવ) તેજથી જ આ બધું (વિશ્વ) પ્રકાશે છે, એવું શ્રુતિનું વચન છે; તેથી આ આકાશમાં ફરનારા (સૂર્ય, ચંદ્ર, અનેક નક્ષત્રો ગેરે) બધા તે તેજોમય એવા પરમાત્મા વડે જ પ્રકાશિત થાય છે,

૨૨. શ્રુતિનું વચન છે કે એ એ બધી વિદ્યાઓના તેમજ બધા પ્રાણીઓ તેમજ સ્થાવર પદાર્થો (ભૂત) ના ઈશ છે, એ (ચાર) વેદ અને (છ) વેદાંગ વગેરેના પણ અધિપતિ છે, તેથી એ બ્રહ્મા 'મહાદેવ' કોના માટે પૂજનીય નથી ?

૨૩. એ જ્યારે (વિશ્વનો) સંહાર કરે છે, ત્યારે (વિશ્વમાં) કશું જ બચતું નથી, અને ફરીથી સર્જનના સમયે એ ભગવાન એકલા જ બધું ઉત્પન્ન કરે છે,

---

૧. चक्षोः सूर्यो अजायत । (पुरुषसूक्त)

૨. परे ब्रह्मादयः अवरे निकृष्टा यस्मात् । - બીજા બ્રહ્મા વગેરે જેમાંથી અવર અર્થાત્ ઉતરતા છે તે परावर (શંકર.)

૩. अष्टमूर्तिः - भूरम्भांस्यनलोऽनिलोम्बरमहर्नाथो हिमांशुः पुत्रा । नित्याभाति चराचरात्मकमिदं यस्यैव मूर्त्यष्टकम् પૃથ્વી, જલ, તેજ (અગ્નિ), પવન, આકાશ, સૂર્ય (અહર્નાથ), ચંદ્ર, હોતા એ આઠ મહાદેવના અંગો છે તેથી એ અષ્ટમૂર્તિ કહેવાય છે.

૪. વિરોધાભાસ : વિષમાક્ષ હોય તો દષ્ટિ પણ વિષમ હોય પણ સમદષ્ટિનો અર્થ, આ ગ્રાહ્ય છે, આ ઉપેક્ષ્ય છે એવી દષ્ટિ વિનાના - બધામાં એક સરખું દર્શન કરવાવાળા એવો અર્થ લેતાં વિરોધ દૂર થાય છે.

૫. વિરોધાભાસ : જે ધર્મમાં સ્થિત હોય અર્થાત્ ધર્માચરણ કરતો હોય તે ધર્માતીત કઈ રીતે હોઈ શકે ? પરંતુ વૃષ શબ્દનો અર્થ થાય 'પોઠિયો' જે શિવનું વાહન છે. આમ વૃષસ્થિતનો અર્થ પોઠિયા પર બેઠેલા લઈએ એટલે ધર્માતીત ગણવા છતાં વિરોધ રહેતો નથી.

૬. अग्नी प्रास्ताहुतिः सम्यगादित्यमुपतिष्ठते । आदित्याज्ञायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजाः ।

૭. सूर्यो आत्मा जगतस्तस्थूषश्च ।

૨૪. પહેલાંની જેમ જ વિધાતા (શંકર)એ સૂર્ય અને ચંદ્રને ઉત્પન્ન કર્યા, એવું શ્રુતિનું કહેવું છે; તેથી આ મહાદેવ સર્વશ્રેષ્ઠ છે, અર્ચનીય છે અને બધાથી પૂજાય છે,

૨૫. વેદ ઘોષણા કરે છે કે આ બધું - જે ભૂતકાલમાં હતું વર્તમાનમાં છે અને ભવિષ્યમાં હશે તે રુદ્રસ્વરૂપ છે. એ મૃત્યુંજય ભગવાન બધાંને તારનારો છે, અને તેથી યજ્ઞના પ્રમુખ સાધન છે,

૨૬. એ વિષમ આંખો (ત્રણ આંખો) વાળા હોવા છતાં દષ્ટિવાળા છે, અભદ્ર (વસ્તુઓ સ્મશાન ક્રીડા, ખોપરીઓ માળા વગેરે)થી યુક્ત હોવા છતાં કલ્યાણકર્તા છે, ધર્મમાં સ્થિત હોવા છતાં ધર્માતીત છે, (ભક્તો માટે) સગુણ હોવા છતાં (મૂલ સ્વરૂપે તો) નિર્ગુણ અને મલરહિત (ભક્તપક્ષે - ભક્તના મલનો નાશ કરનાર) છે,

૨૭. રાક્ષસો, દેવો - બધા જ જેની આજ્ઞાને મસ્તક પર ચડાવે છે, એ વિશ્વનું પાલન કરનાર (મહાદેવ)નાં અન્ન, પવન અને વૃષ્ટિ એવાં ત્રણ બાણ છે,

૨૮. શ્રુતિ કહે છે કે, "હું તને સર્વ વૈદ્યોમાં ઉત્તમ વૈદ્ય તરીકે જાણું છું", (તેથી) આ શંકરભગવાન પોતાના ભક્તોના સંસારરૂપી મહારોગનો નાશ કરનારા પણ છે."

૨૯ અને ૩૦. (યતિએ આગળ કહ્યું કે) શિવ પણ પોતાની શક્તિ (માયા)થી જોડાએલા હોય તો જ (સર્જન) કાર્ય માટે સમર્થ (બને) છે, અન્યથા નહીં. અનુભવ જેનો આત્મા છે એવા પરમેશ્વર (પરબ્રહ્મ)માં પણ પોતાની માયા વિના (માયાશબલિત બ્રહ્મ જ જગતનું કારણ છે) ક્રિયા અર્થ ઘટતો નથી (શક્ય બનતો નથી), અને તેથી જ જેના પ્રભાવનું વર્ણન કરવા શિવ વગેરેનું સામર્થ્ય પૂરતું નથી તે માયા પરમ છે.

૩૧. આ વિષ્ણુની મહામાયા (જગદંબા)ની દેવો, રાક્ષસો, મુનિઓ (બધા) સ્તુતિ કરે છે; એ (માયા) દેવની શય્યા બનાવી શયન કરે છે, એવું ગવાયું છે,

૩૨. વિષમ પરિસ્થિતિમાં બધા દેવો અને મુનિઓ જેની ખરેખર સ્તુતિ કરે છે, એ સર્જન, પાલન અને સંહારનું એક માત્ર સનાતન કારણ છે.

૩૩. (આ દેવી) વિદ્વાનોના ચિત્તને પણ બળજબરીથી મહાભ્રમમાં નાખી દે છે;[1] જે (લોકો) એના ભક્ત નથી, તેમના માટે એ બંધનું કારણ બને છે, જ્યારે ભક્તોને માટે એ મુક્તિદાતા છે,

૩૪. આ દેવી સર્વપ્રાણીઓમાં ચૈતન્યસ્વરૂપે બિરાજે છે,[2] આત્મક્રીડ એવા શિવજી પણ રતિક્રીડા માટે એની પાસે દોડી જાય છે,

૩૫. આ માયા નિત્ય નવીન (રૂપવાળી), યુવાન વયવાળી, મોહક રૂપવાળી અને ઘૃત જેવા (મધુર) મુખવાળી છે આમ તે ચાર શ્રેષ્ઠતાયુક્ત છે, જે આ (જીવાત્મા) ના (ઉત્તમ) જ્ઞાનને પણ ઢાંકી દે છે,

૩૬. જે (દેવી) સજ્જનો માટે ભક્તિ, શ્રદ્ધા, ધૈર્ય, લજ્જા, લક્ષ્મી, બુદ્ધિ અને મેધા (વગેરે) સ્વરૂપ છે, જ્યારે દુષ્ટો માટે લોભ, ગરીબાઈ, પીડા, ભય, નિદ્રા અને તંદ્રા સ્વરૂપ છે,

---

૧. ज्ञानिनामपि चेतांसि देवी भगवती हि सा । बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति ॥ (सप्तशती[1])

૨. या देवी सर्वभूतेषु चेतनेत्यभिधीयते । (सप्तशती ५.)

૩. એ માયા સત્ય છે એવું પણ કહી શકાય તેમ નથી (કારણ એનો નાશ અવશ્ય છે), એ અસત્ય છે એવું પણ કહી શકાય તેમ નથી (કારણ એના અસ્તિત્વની અનુભૂતિ થાય છે). આથી नापि सत्, नाप्यसत् इति अनिर्वचनीय (જેનું સત્/અસત્ રૂપે લક્ષણ બાંધી શકાતું નથી એવી) છે.

૪. पादोऽस्य विश्वा भूतानि.........। (पुरुषसूक्त)

૩૭. જે (ઇન્દ્રિયોને) વશમાં રાખનાર યોગીજનોને પણ પ્રતિક્ષણ મોહમાં નાખે છે, તે આ વેદમાં અનાદિ અને (તેથી જ) અજન્મા (જન્મ વિનાની), તથા અનિર્વચનીય[3] તરીકે વર્ણવાયેલી છે, એનું અર્ચન કરવું જોઈએ.

૩૮. આ માયા વિષ્ણુભગવાનનું હાસ્ય છે અને એના (વિષ્ણુના) આધારે રહેલી જડ અને અધમા છે, વિષ્ણુ ભગવાનના પદ (ધામ અથવા તેજ)ના સાક્ષાત્ દર્શનથી આ અનાદિ (માયા)નો નાશ થાય છે,

૩૯. દેવોમાં શ્રેષ્ઠ વિષ્ણુ અને અગ્નિ કનિષ્ઠ છે, એવું શ્રુતિ કહે છે. આ વિષ્ણુ (ભગવાન) અજન્મા છે, અનાદિ છે, (તેથી) અન્ત વિનાના છે અને (એ જ) વિશ્વ (ની ઉત્પત્તિ)નું કારણ છે,

૪૦. દેવો એના ઉત્તમ પદનો સાક્ષાત્કાર કરે છે, નહીં કે બીજા; વિસ્તારપૂર્વકના પાદ-ક્ષેપવાળા[4] (અનન્ત વિશ્વને વ્યાપીને રહેલા) તેનાં પરાક્રમો કોઈપણ જાણી શકતું નથી.

૪૧. સૌ પ્રથમ નાભિમાંથી બ્રહ્માને ઉત્પન્ન કરી, એને (ચાર) વેદ આપી (ભણાવી) એની પાસે (બ્રહ્મા પાસે) જગત ઉત્પન્ન કરાવે છે. એ બુદ્ધિનો દીપ છે અને મોક્ષની ઈચ્છાવાળાઓનો અધિપતિ છે,

૪૨. અધિકાર (મળેલો) હોવા છતાં દેવો એના ડરથી એને (આજ્ઞાપાલનરૂપી) બલિ આપે છે, અને ભૂમિનું પાલન કરનાર એ આ રીતે અન્ય દ્વારા અપાયેલ (બલિ) નું સમ્રાટની માફક માયા વડે ભોજન કરે છે.

૪૩ થી ૪૪. જેના કેવળ એક નેત્રકટાક્ષથી જ ત્રણે લોકનો નાશ એક ક્ષણમાં થઈ શકે છે, અને કેવળ ઈચ્છા કરવા માત્રથી જ ઈશ્વરયુક્ત તે ત્રિલોકી ફરીથી ઉત્પન્ન થાય છે, જે આ સ્વયંભૂ (વિષ્ણુ)ના શત્રુ છે તે ક્રૂર (માનવો) અધોગતિને પામે છે, જ્યારે એના (વિષ્ણુના) સ્વરૂપનું ચિંતન કરનારા (ભક્તો) પાર કરવી મુશ્કેલ હોવા છતાં (તેની) માયાનો નાશ કરે છે,

૪૫. તેનામાંથી ઉત્પન્ન થયેલા અર્વાચીન દેવોમાંથી (પણ) કોઈ જે (વિષ્ણુ)ને જાણી શકયું નથી; તે (દેવ) સર્વજ્ઞ હોવા છતાં પોતાના આત્માને સંપૂર્ણતયા જાણતો નથી અથવા જાણે છે,[1]

૪૬. આ (બ્રહ્માંડરૂપી) માયા જેનો માત્ર એક પાદ છે, તેના અમૃતસ્વરૂપ ત્રણ પાદ સ્વર્ગમાં છે,[2] તે દેવો (ઇન્દ્રિયો)ના દેવો (અગ્નિ, ઈન્દ્ર વગેરે) ના દેવ હિરણ્યગર્ભ)ના પણ ઈશ, અને ત્રણ વિક્રમવાળા એ (વિષ્ણુ)ની પૂજા કેમ ન કરાય ?

૪૭. (તે દ્વિજશ્રેષ્ઠ યતિએ આગળ કહ્યું કે), "(હે દત્ત પ્રભુ !) ભલે બીજા મીમાંસકો અગ્નિ, વાયુ, ઈન્દ્ર વગેરેને દેવો તરીકે ઓળખાવે અને પોતપોતાના પક્ષને પ્રયત્નથી (પ્રમાણિત કરવા) શ્રુતિમાંથી પ્રમાણ આપે

૪૮. (વળી) વિરાટથી માંડી સ્થાવર (અશ્વત્થ) સુધીના ઘણા દેવોનો શ્રુતિમાં ઉલ્લેખ છે, (તો) એમાંથી કોની પૂજા કરવી ? અને કયો દેવ મોક્ષરૂપ સિદ્ધિ આપી શકે ?

૪૯. (દેવની) પ્રતિમામાં, વસ્ત્ર કે યંત્રમાં, અથવા તો પાણી, અગ્નિ વગેરેમાં આ વ્યાપક ભગવાન કઈ રીતે સાંનિધ્ય સેવે ?

૫૦. (વળી પૂજાવિધિમાં) તું આવ (एहि) (કહીને) આવાહન કરાય છે અને 'તું જા (गच्छ)' (કહીને) વિસર્જન કરાય છે, તો પ્રતિમા વગેરેમાં એ (વ્યાપક) ભગવાન કઈ રીતે આવે છે, (અને) જાય છે ? (તે બધું મને સમજાવો).

૧. જુઓ શ્રુતિઃ को अद्धा वद कह । વળી स येत्ति वथंन हूं. तस्यास्ति येत्ता ।

૨. શ્રુતિઃ त्रिणी पदा विचक्रमे ।

# પહેલા અષ્ટકનો પાંચમો અધ્યાય
## ઈશ્વર-ઉપાસના

૧. અમે આપને યાચના કરીએ છીએ - અમારા પર કૃપા કરો. આ રીતે પ્રાર્થના કરાતાં સર્વજ્ઞ ભગવાને આત્મતત્ત્વનો પરિચય આપતાં કહ્યું:

૨. જેમ ત્રણે કાળમાં દોરડીમાં સાપ હોય જ નહીં (એ કેવળ દષ્ટિભ્રમ જ હોય), અને દોરડી તો સાપ માટે અધિષ્ઠાન જ હોય છે[1], તેમ હું (પરબ્રહ્મ) આ જગતનું (અધિષ્ઠાન) છું (જગત કેવળ ભ્રમ છે).

૩. આ (પરબ્રહ્મ-પરમાત્મા) પ્રત્યેક આકાર (રૂપ)માં પોતાની માયા વડે એ આકાર-સ્વરૂપ બન્યા; અને (તેથી જ) બ્રહ્મસૂત્રકારે[2] (એ સિદ્ધાન્ત પ્રસ્થાપિત કરવા) एवं चोपमा सूर्यकादिवत्[3] સૂત્રથી એનું વર્ણન કર્યું છે.

૪. વળી ઉપનિષદોમાં, શ્રુતિમાં જે કહ્યું છે કે સત્ (પરમતત્ત્વ) એક જ છે, પણ જ્ઞાની પુરુષો એને અનેકરૂપે વર્ણવે છે, અને ઈન્દ્ર માયા વડે અનેક રૂપવાળો બને છે, તે 'હું' જ છું.

૫. જેમ કરોળિયો પોતાનામાંથી જાળ ઉત્પન્ન કરે છે તેમ[4] માયા વડે આ (જગત) ઉત્પન્ન કરી હું એમાં પ્રવેશ કરું છું; મારી જ માયાથી જેને ભ્રમ ઉત્પન્ન થયો છે તે જીવાત્મા[5] પુનઃપુનઃ ગતિ કરે છે (સરે છે)

૬ અને ૭. આ સંસારરૂપી દુઃખના નાશ માટે હું ધર્મરૂપી સેતુને ધારણ કરું છું. હું (સત્ય સ્વરૂપે) સર્વ ભૂતોનો ઈશ, અવિનાશી, આત્મતત્ત્વવાળો, કોઈપણ પ્રકારના મલરહિત, તેમજ અજન્મા (છું) છતાં, જેમાં ધર્મનો હ્રાસ થયો છે, એવા અધર્મનો ઉદય થતાં એના નાશ માટે અને સજ્જનોના રક્ષણ માટે મારી પોતાની પ્રકૃતિને જાળવી રાખીને (જ્ઞાન, ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, વૈરાગ્ય છ ગુણ સંપન્ન રહીને) મારી (ત્રિગુણાત્મિકા) માયા વડે (નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવવાળો રહીને) જાણે જન્મ્યો હોઉં એવો બનું છું.

૮ થી ૧૦. હું રજવિનાનો, પ્રકાશશીલ, શોકવર્જિત, પાપમુક્ત, અખિલ(બ્રહ્માંડ)નું કારણ(બીજ), કોઈપણ દશ્યમાન ધર્મ વિનાનો અર્થાત્ પ્રકટ સ્વરૂપ વિનાનો, (મનથી પણ) ચિંતન ન થઈ શકે તેવો, અન્ત વિનાનો, કલ્યાણ સ્વરૂપ, મલરહિત, આરંભ મધ્ય અને અન્તવિનાનો, સર્વનો અધિપતિ, કેવલ સાક્ષી (કર્તૃત્વ અને ભોક્તૃત્વ વિનાનો), અંધકારથી પર (તેજઃપુંજસ્વરૂપ) પરમાત્મા છું; (મારી) આ માયા, બ્રહ્મા વગેરે દેવો, ભૂતકાળમાં જે થઈ ગયું છે, વર્તમાનમાં અસ્તિત્વ ધરાવે છે, ભવિષ્યમાં જે થશે તે બધું મારામાંથી (ઉદ્‌ભવ્યું) છે. અહીં બીજું કશું (મારા સિવાય) અસ્તિત્વ ધરાવતું નથી; હું ઉત્તમ દેહવાળો પૂજનીય છું, જ્યારે અધમ દેહવાળો (જીવાત્મા) પૂજક છે.

---

૧. કેવલાદ્વૈત સિદ્ધાન્ત પ્રમાણે બ્રહ્મ (પરમતત્ત્વ) જ સત્ય છે, જીવ (બ્રહ્મનું દેહમાં પડતું પ્રતિબિંબ હોઈ આભાસ છે અને જગત્ મિથ્યા છે. એ માટે આ સિદ્ધાન્ત અહિ-રજ્જુ દષ્ટાન્ત આપે છે. જેમ અંધકારમાં વાંકી ચૂંકી પડેલી દોરડી સાપ રૂપે ભાસે પણ એ સાચું નથી, (કારણ) પ્રકાશ થતાં જ એના દોરડી તરીકેના સત્યસ્વરૂપનું દર્શન થાય છે, તેમ માયા (અવિદ્યા)થી બ્રહ્મ જગતરૂપે ભાસે છે પણ માયા (અવિદ્યા) હટી જતાં બ્રહ્મનું સત્યસ્વરૂપ અનુભવાય છે, મિથ્યા જગત્ નાશ પામે છે.

૨. ભારતીય તત્ત્વજ્ઞાનમાં છ દર્શન છે. સાંખ્ય (પ્રણેતા કપિલ મુનિ), યોગ (પ્રણેતા પતંજલિ), ન્યાય (પ્રણેતા ગૌતમ), વૈશેષિક (પ્રણેતા કણાદ); પૂર્વમીમાંસા (કર્મવાદ-પ્રણેતા જૈમિનિ), ઉત્તરમીમાંસા (જ્ઞાનવાદ-વેદાન્ત-પ્રણેતા બાદરાયણ) બાદરા પણે અદ્વૈત સિદ્ધાન્ત પ્રસ્થાપિત કરવા ૫૫૫ (૫૫૬) સૂત્રો રચ્યા, જે 'બ્રહ્મસૂત્ર' નામે ઓળખાય છે.

૩. બ્રહ્મસૂત્ર

૪. यथोर्णनाभिः सृजते गृह्णते च । કરોળિયો પોતાનામાંથી જ જાળ ઉત્પન્ન કરે છે અને સંકેલી લે છે, આ દષ્ટાન્ત પરમાત્મા જગતનું ઉપાદાન કારણ (જેમ ઘડા માટે માટી) અને નિમિત્ત કારણ (ઘડા માટે કુંભાર) બંને છે એ સિદ્ધ કરવા આપ્યું છે.

૫. एकोऽहं बहु स्याम् - શ્રુતિ પ્રમાણે ઈક્ષણ માત્રથી (ईक्षते नाशब्दम्) ભગવાન (બ્રહ્મ) જીવ - જગત આવિર્ભાવ પામ્યા. જેમ દર્પણમાં આપણું દેખાતું પ્રતિબિંબ મિથ્યા છે, તેમ જીવ એ બ્રહ્મ પ્રતિબિંબ - આભાસ છે, પણ અવિદ્યાવ્યામોહથી એને સ્વસ્વરૂપ વિસ્મૃતિ થાય છે.

૧૧. (મારી) માયાને લીધે, આ 'પૂજ્ય' છે, આ 'પૂજક' છે, આ 'કાર્ય' છે, આ 'કારણ' છે, એવું લાગે છે; કેવલ 'અનુભૂતિ સ્વરૂપ'[1] એવા મારામાં આ (ભેદ) સત્ય નથી.

૧૨. આ (જીવાત્મા) પણ મલરહિત (શુદ્ધ), અજન્મા સંગરહિત હોવા છતાં (મારી) માયા (અવિદ્યા) વડે મોહ પામે છે; એ સ્વયંપ્રકાશ છે[2], તેજઃપૂંજ છે પણ દેહ વગેરેમાં સંલગ્ન બની તદ્રૂપ (દેહસ્વરૂપ) ભાસે છે.

૧૩. પોતાના જ્ઞાન (સ્વરૂપ)ના આવરણ (અવિદ્યા)થી પોતાનામાં જ આ (જીવાત્મા) અનાત્મ[3] (દેહ આદિના) ધર્મોને ધારણ કરે છે, અને એ રીતે કર્તૃત્વ (ભોક્તૃત્વ) વગેરે ધારણ કરી આ લોકમાં અને પરલોકમાં ભોગ (ભોગવવાની) ઈચ્છા કરે છે.

૧૪. આ (જીવાત્મા) જાગ્રત અવસ્થામાં (વિષયોપભોગથી) પરિતૃપ્ત બને છે, સ્વપ્નાવસ્થામાં (વિષયોની અતૃપ્તિ હોય તો) તેથી અભિભૂત (પરાભૂત) થઈ જાય છે અને પ્રલયકાળનાં કેવળ વાસના સ્વરૂપે વિદ્યમાન રહે છે.

૧૫ અને ૧૬. (હવે) કોઈ વાર દૈવયોગે (એના સદ્નસીબે) એ ત્રણ દેહ[4] થી અલગ પડેલા પોતાના અખંડ સત્-ચિત્ત-આનન્દ સ્વરૂપ, (જે) અંધકાર (અજ્ઞાન-અવિદ્યા) થી પર અને અહંકારથી માંડી[5] દેહ સુધીના (સર્વના) સાક્ષી સ્વરૂપ છે તેનું સ્મરણ કરે છે ત્યારે એ બધા (કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ ધર્મોરૂપી) અનર્થોને છોડી દઈ પોતાના તેજઃપૂંજ રૂપી અખણ્ડસ્વરૂપમાં સ્વસ્થ બને છે.

૧૭. આ રીતે આ બંધ અને મોક્ષ પણ માયાને વશ હોવાથી વાસ્તવિક નથી,[6] બદ્ધદશામાં (જીવાત્માએ) કલ્પેલો આ બંધ પણ (એને) સાચો લાગે છે.

૧૮. એ (બંધ)નો નાશ વિજ્ઞાન (અદ્વૈતજ્ઞાન) થી શક્ય બને, તે (વિજ્ઞાન) ચિત્તની સ્થિરતાથી ઉદ્ભવે, એ (ચિત્તનું સ્થૈર્ય) ઉપાસનાથી શક્ય બને અને 'એ' ઉપાસના પણ સત્કર્મ કરવાથી (શક્ય) બને છે.

૧૯ થી ૨૧ ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણે આવશ્યક (ધર્મશાસ્ત્રમાં બતાવેલાં નિત્ય કર્મ) કર્મો[7] ગ્રાહ્ય રાખવાં જોઈએ, નહીં કે અન્ય કામ્ય કર્મો કારણ એમાં (કામ્યકર્મમાં) ફરીથી અધઃપતન થાય છે એમ શ્રુતિ કહે છે અને ચિત્તશુદ્ધિનો અભાવ હોય છે (આ નિત્ય-નૈમિત્તિક કર્મો જેવા) કે (प्रातः सायम् બને સમયે) હોમ કરવો, પર્વ દિને (પૂર્ણિમા - અમાવાસ્યા વગેરે) ઈષ્ટિ કરવી, પિતૃશ્રાદ્ધ (દરરોજ) પંચયજ્ઞ[8] વિધિપૂર્વક કરવા, ચાતુર્માસનાં (આવશ્યક) વ્રત કર્મ કરવાં,

---

૧. सत्यं ज्ञानं - अनन्तं ब्रह्म । સત્ય, જ્ઞાન, આનન્દ એ પરમાત્મનું સ્વરૂપ છે; પરમાત્મા જ્ઞાન-સ્વરૂપ છે; જ્ઞાન = અનુભૂતિ.

૨. સ્વયંપ્રકાશ એટલે જેના જ્ઞાન માટે અન્ય પ્રકાશની જરૂર નથી તે; જેમકે ઘડાના જ્ઞાન માટે સૂર્યના પ્રકાશની જરૂર પડે (અંધકારમાં ઘડાનું જ્ઞાન થાય નહીં) પણ સૂર્ય પોતે સ્વયંપ્રકાશ છે.

૩. દેહાધ્યાસઃ હું દેહ છું એ ભાવનાથી હું ગોરો છું, કાળો છું, પાતળો છું, કર્તા છું વગેરે અનાત્મ ધર્મો (જે સાચી રીતે આત્મધર્મો છે. જ નહીં

૪. ત્રણ દેહ સ્થૂલ દેહ, સૂક્ષ્મદેહ (લિંગ શરીર) અને કારણ દેહ.

૫. જીવાત્મા દેહથી પર છે. દેહ અખંડાત્મક છે, - મસ્તક (તેમાંયે આંખ, કાન આદિ), હાથ, પગ વગેરે એકબીજાથી ભિન્ન છે. હાથ કાપી નાખવામાં આવે તો પણ માણસ જીવે છે. જીવાત્મા અખંડ છે, એને અવયવો આદિ નથી.

૬. અવિદ્યાને લીધે જીવાત્મા બંધનમાં છે એવું માની લે છે. એનું સાચું સ્વરૂપ તો નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત જ છે. अविद्यानाशः एव मुक्तिः । અવિદ્યા નાશ પામે એટલે પોતાનું મુક્ત સ્વરૂપ અનુભવે.

૭. કર્મના ત્રણ પ્રકારઃ નિત્ય કર્મ (જે ન કરવાથી દોષ લાગે), નૈમિત્તિક કર્મ (નિમિત્તથી ઊભા થતાં) જેવાં કે જાતકર્મ આદિ, કામ્યકર્મ જેમકે પુત્રપ્રાપ્તિની ઈચ્છા સંતોષવા રવિસપ્તમી વ્રત કરવું.

૮. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, અતિથિયજ્ઞ અને ભૂતયજ્ઞ. બ્રહ્મયજ્ઞ = નિત્ય ષટ્કર્મ, દેવયજ્ઞ = દેવપૂજન વગેરે, પિતૃયજ્ઞ = પિતૃઓનું તર્પણ વગેરે, અતિથિયજ્ઞ = અતિથિ સત્કાર ભોજન કરાવવું અને ભૂતયજ્ઞ - ભૂત બલિ, પશુપંખીને ચણ નાખવું.

શરદઋતુની (અગ્ર) ઈષ્ટિ કરવી, દેવ કર્મ (દેવપૂજા વગેરે), પિતૃકર્મ (પિતૃતર્પણ શ્રાદ્ધ, આદિ) કરવાં, જેમનું પોષણ કરવું જોઈએ તેમનું પોષણ કરવું (અતિથિસત્કાર), જન્મેલા (બાળક) ની ઈષ્ટિ (શાંતિકર્મ, જાતકર્મ વગેરે) કરવાં તેમજ સ્નાન, સન્ધ્યા, વંદન આદિ નિત્ય કર્મ કરવાં જોઈએ.

૨૨-૨૩ (૧.૨) હવે વાનપ્રસ્થાશ્રમમાં પ્રવેશેલા(બ્રાહ્મણે)એ (વનમાં રહી) (ગ્રામ્યધર્મોના ત્યાગ રૂપી) પોતાના (નિયત કરેલાં) વ્રતો પાળવાં અને(નિયમ-વગેરે) આગન્તુક સાધન પણ કરવું; (જ્યારે) બ્રહ્મચારીને પોતાના ગુરુની અને અગ્નિની સેવા અને પોતાના વેદનો અભ્યાસ વગેરે આચરણ કરવું; (અને) સંન્યાસીએ પવિત્રતા જાળવવી, ભિક્ષા માગીને જમવું, જપ કરવો અને હંમેશા એકાન્ત-સેવન કરવું.

૨૩ (૩.૪) ૨૪. સૌભાગ્યવતી સ્ત્રીએ પતિવ્રતાધર્મ પાળવો, અને પતિના વિચારોને સાનુકૂળ બનવું, (જ્યારે) વિધવા સ્ત્રીએ ચારિત્ર્યની રક્ષા કરી બ્રહ્મચર્યનું પાલન કરી વ્યવસ્થિત રહેવું; જેને બધા (ચારે) આશ્રમોનો (સ્વીકારવાનો) અધિકાર છે તે બ્રાહ્મણે તો શમ-દમ[૧] વગેરે ખાસ પાળવાં જોઈએ.

૨૫. જેને ત્રણ આશ્રમો[૨] નો અધિકાર છે, તે ક્ષત્રિયે (પ્રજાની રક્ષા કાજે) શૌર્ય વગેરેનું (અવલંબન) કરવું, વૈશ્યને બે જ[૩] આશ્રમમાં (રહેવાનો) અધિકાર છે અને એનું કર્મ ખેતી કરવાનું છે, જ્યારે અન્ય (શૂદ્ર) નું કર્મ તો (ઉપલા ત્રણ વર્ણની) સેવા કરવાનું જ છે.

૨૬. બધી વર્ણોએ (બધી વર્ણના લોકોએ) પોતાના વર્ણ અને આશ્રમ માટે (ધર્મ દ્વારા) વિહિત કરાયેલાં[૪] કર્મ કરવાં જ જોઈએ; મહાન વ્રત કરનારા (આ વર્ણના લોકો)એ (આ કર્મો) કેવલ ઈશકૃપા દ્વારા (પોતાના) સત્ત્વની શુદ્ધિ માટે જ કરવાનાં છે.

૨૭. જે (બ્રાહ્મણ)નાં અગ્નિહોત્ર વગેરે (કર્મો) લુપ્ત થાય અથવા તો વિધિ વગર થાય, તો તેના સાત લોકનો નાશ થાય છે એવું શ્રુતિમાં કહેવાયું છે.

૨૮. કર્મના કોઈ અંગના વિધિવિધાનમાં દોષ રહી જાય અથવા તો લોપ થાય તો એનું વિધિપૂર્વક (ધર્મશાસ્ત્રમાં) બતાવ્યા પ્રમાણે વિદ્વાન માણસે પ્રાયશ્ચિત્ત કરવું પડે. એ સિવાય બીજી કોઈ રીતે શુદ્ધિ મળતી નથી.

૨૯. પ્રાયઃ શબ્દનો અર્થ નાશ થાય છે, (અને) ચિત્તિઃ શબ્દનો અર્થ સંધાન (જોડાણ) થાય છે. (હવે) (કર્મની) વિધિમાં કોઈ અપરાધ થયો હોય તો તે (અપરાધ-દોષ)ના નાશ માટે અને (મૂળ) કર્મના આગળના સંધાન (જોડાણ) માટે જે કરવામાં આવે છે, તે પ્રાયશ્ચિત્તિ ના નામે ઓળખાય છે.

૩૦. આ કર્મરૂપી દઢ નાવડી છે, એ જ ઉત્તમ કલ્યાણ કરનારી છે, એવું મનાય છે. (પણ) સમજુ માણસે એ ઉક્તિ યાદ રાખવી જરૂરી છે કે (ફલેચ્છાપૂર્વક જો કર્મ થયું તો) ફરી જન્મ લેવો પડે છે.

૩૧. અગ્નિહોત્ર વગેરે (કર્મો)નું ધર્મમાં વિધાન એટલા માટે છે કે એનાથી હૃદયની શુદ્ધિ થાય છે અને તે (શુદ્ધિ) દ્વારા મુક્તિ મળે છે, (તેથી) જ્ઞાની પુરુષે તેના (અગ્નિહોત્રાદિ) અનુષ્ઠાન દ્વારા શમ-દમ[૫] વગેરે મેળવવાં જોઈએ.

૩૨. આ (અગ્નિહોત્રાદિ કર્મો) (ચાર) સાધન[૧] પ્રાપ્ત થતાં સુધી કરવાં જોઈએ, (પછી) જેણે અંતરંગ સાધન પ્રાપ્ત કર્યાં છે, તે શમ (દમ વગેરેથી) યુક્ત બનેલા (મનુષ્યે) (તે કર્મોનો) ત્યાગ કરી નૈષ્કર્મ્ય સિદ્ધિને[૨] ભોગવવી.

---

૧. શમ એટલે મન પર નિયંત્રણ, દમ એટલે ઈન્દ્રિયોનું દમન વગેરે.

૨. ક્ષત્રિયથી સંન્યસ્તાશ્રમ સ્વીકારાય નહીં.

૩. વૈશ્યને વાનપ્રસ્થ તેમજ સંન્યસ્તાશ્રમનો અધિકાર નથી.

૪. અહીં સ્વવર્ણાશ્રમચોદિતમ્ પ્રયોગ એટલા માટે વાપર્યો છે કે ચોદનાલક્ષણોઽર્થો ધર્મઃ । એ ધર્મની વ્યાખ્યામાં ચોદના શબ્દ વિધિ માટે વપરાયો છે, માટે અહીં પૂ. ટેંબે સ્વામીએ ચોદિતમ્ શબ્દ વાપર્યો છે.

૫. શ્રુતિ કહે છે : शान्तो दान्त उपासीत ।

૩૩. આ રીતે જેણે સાધન પ્રાપ્ત કરી લીધું છે (અને તે સાથે જ) બુદ્ધિની શુદ્ધિ મેળવી લીધી છે એવા (ભક્તે) એણે પ્રત્યક્ જ્યોતિ સ્વરૂપ દેવ (એવા મારું), દેવ બનીને યજન કરવું.

૩૪. ભિન્ન ભિન્ન દૃષ્ટિ (કામનાપૂર્તિ) માટે નિયત થયેલા ગણેશ વગેરે દેવો હલકા (ઉતરતી કક્ષાના) ધર્મોમાં પ્રવૃત્ત રહીને કામના (પૂર્તિ) માટે (ઉપાસના કરતા) માણસને નાશવંત કામ્યફલ આપે છે.

૩૫. (આવી સકામ પૂજા કરનાર) પૂજકના તપોબલથી, પૂજનની અતિશયતાને લીધે પૂજવામાં આવેલ પ્રતિમાના રૂપથી તેઓ (સકામ ભક્તો) (તે દેવનું) સાનિધ્ય માણે છે.

૩૬. મારા ચિત્ત-સ્વરૂપના અંશથી યુક્ત હોવાને લીધે જ તે (દેવો) પોતાના અધિકાર પ્રમાણે ફલ આપનારા બને છે. (આવાહન મંત્રના પ્રભાવથી) તેઓ પરિચ્છિન્ન સ્વરૂપે (પ્રતિમામાં) આવે છે અને (વિસર્જન મંત્રના પ્રભાવે) પાછા જાય છે.

૩૭. (ભગવાન દત્તાત્રેય કહે છે), હું તેવો નથી; હું તો ગતિ (જવું-આવવું), સ્થિતિ (રહેવું), આસન (બેસવું), સ્વપ્ન(ઊંઘવું) વગેરે[3]થી મુક્ત છું, હું તેવો નથી; હું તો પર-આત્મા (અને) અજન્મા છું અને બધા સાંસારિક[3] ધર્મ-કર્મરહિત છું.

૩૮. હું પ્રપંચથી ઉપરામ થયેલો, શાંત, કલ્યાણકર્તા, દ્વૈતભાવ, વિનાનો જરા કે મૃત્યુવિનાનો છું; બધાંનો ત્યાગ કરી, અહંતા વગેરેથી મુક્ત બનેલા (ભક્તો)થી હું ઉપાસના કરવા યોગ્ય છું. હું મહાન પુરુષાર્થ (મોક્ષ) આપનાર છું.

૩૯. (આત્મદર્શનથી) વિમુખ રહેનાર માટે (ધર્મશાસ્ત્ર) કર્મ કરવા કહે છે; સ્થિરચિત્તવાળા માટે ઈશ્વરપૂજનનું વિધાન છે, જ્યારે મોક્ષની ઈચ્છાવાળા માટે તો મારી ઉપાસના જ સર્વોત્તમ સાધન છે.

૪૦. આ (મારી ઉપાસનાના) અનુષ્ઠાનનો પ્રકાર એટલે શ્રવણ વગેરેનું વિધાન[4] (જ્યારે) અન્ય ક્રિયાઓ (સકામ કર્મ વગેરે) માટે કારક[5] (દેશ, કાલ, મંત્ર, તંત્ર, હોમ) વગેરે બાહ્ય ઉપચારો (નું વિધાન) છે.

૪૧. જેમના રાગ-દ્વેષ-આદિ કંઈક અંશે નાશ પામ્યા છે, તેમને માટે હઠયોગ[6]ની યોજના છે, એના અભાવમાં પણ મારી પરમ ભક્તિથી પણ મનુષ્યો સદ્ગતિ પામે છે.

---

૧. અદ્વૈતવેદાન્તના સિદ્ધાન્ત પ્રમાણે જ્ઞાનોત્પત્તિ (બ્રહ્મને જાણવાની ઈચ્છા-ब्रह्मजिज्ञासा) માટે **સાધનચતુષ્ટયી પ્રાપ્ત** થવી જોઈએ; આ ચાર સાધન (અ) નિત્ય-અનિત્ય-વસ્તુ-વિવેક, (બ) ઈહ-અમુત્ર-ફલભોગ-વિરાગ (ક) શમ-દમ-આદિ સાધનસંપત્ અને (ડ) મુમુક્ષુત્વ છે.

૨. નૈષ્કર્મ્ય સિદ્ધિ એટલે **પારમહંસ્યા અવસ્થા** (કોઈ વિરલો જ સંપાદન કરી ભોગવી જાણે) "नैष्कर्म्यसिद्धिं परमां संन्यासेनाधिगच्छति ।

૩. દેવોની પૂજામાં આવાહન, આસન, વિસર્જન વગેરેના મંત્રોથી તેમજ ઉત્થાપન, શયન, ભોગ વગેરે ક્રિયાઓથી અર્ચનભક્તિ થાય છે. પરમ તત્ત્વ (અહીં ભગવાન દત્તાત્રેય)ના સાક્ષાત્કારમાં આની શી જરૂર ? કારણ એ તો અજ, નિત્ય, શાશ્વત, કૂટસ્થ છે.

૪. પરમતત્ત્વ (બ્રહ્મ) **જ્ઞાનસ્વરૂપ** છે. सत्यं ज्ञानमनन्तं ब्रह्म । એને આત્મસાત્ કરવા आत्मा वारे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः । (શ્રવણ, મનન, નિદિધ્યાસન)નું વિધાન છે.

૫. કારક એટલે જે ક્રિયાનો નિર્દેશ કરે તે. દેવપૂજનમાં સ્થાનનું મહત્ત્વ (જેમકે તીર્થક્ષેત્ર) 'કર્મનું' મહત્ત્વ (જેમકે શુભમુહૂર્ત), મંત્રનો ઉપયોગ, યંત્ર કે તંત્રનો ઉપયોગ, હોમ, માર્જન, તર્પણ આદિ કરવાં-વગેરે વિધાન હોય છે.

૪૨. આ પ્રમાણે (મેં) કર્મનું અનુષ્ઠાન અને ઉપાસનાવિધિ (તને) સંક્ષેપમાં બતાવ્યાં છે. (પણ) નિર્ગુણ (પરમતત્ત્વ)ની ઉપાસનાથી તો ભક્તોને બધી કામનાઓ પ્રાપ્ત થાય છે, અને (અંતે) અમૃતત્વની (મોક્ષની) પ્રાપ્તિ થાય છે.

૪૩. જે (મનુષ્ય) મારામાં જ મનનો લગાવ રાખી, (મારામાં જ) હંમેશા જોડાયેલો રહી[૨] મારી દૃઢશ્રદ્ધાથી ઉપાસના કરે છે, તે મને મેળવે છે અને ફરી (મૃત્યુલોકમાં) પાછો ફરતો નથી.

૪૪. જેમ સ્થૂલ અક્ષરો(ના જ્ઞાન) થી બાળકને લિપિનું જ્ઞાન થાય તે રીતે સદ્ગુરુએ જણાવેલી પરમાત્માની પ્રતિમાની કલ્પનાથી હૃદયની સ્થિરતા મેળવાય અને એનાથી પરમતત્વની (જ્ઞાન) પ્રાપ્તિ થાય છે.

૪૫. જેવી રીતે સ્વચ્છ પાણી વગેરે (અરીસો વગેરે) માં વિદ્યમાન બિમ્બ (મુખ વગેરે)માં પ્રતિબિંબ પડે છે, નહીં કે મલિન (પાણી વગેરે)માં, તેવી રીતે મલિન (રાગદ્વેષાદિયુક્ત મન)માં પરમાત્માનું પ્રતિબિંબ (જ્ઞાન-સ્વરૂપ) પ્રત્યક્ષ થતું નથી, પણ મલવિહીન (રાગાદિવર્જિત મન)માં થાય છે.

૪૬. માટે મારા ભજનથી જ (મારી પ્રેમરૂપા ભક્તિથી) કામ ક્રોધ વગેરે અંતઃકરણના છ મલ (દોષ) નો નાશ થાય છે, (એનાથી) મારી કૃપા (મળે છે, અને) તેથી અંતઃકરણનું તમસ્ (અજ્ઞાન) નાશ પામતાં અમૃતત્વની પ્રાપ્તિ થાય છે.

૪૭. જે (જ્ઞાનોપાસક) આમાં (સ્વ-પ્રકાશ આત્મામાં) (સંશય વિના, હું બ્રહ્મ જ છું, એવી) પ્રતિષ્ઠા મેળવે છે, તે અભય[૩] બને છે, (જ્યારે) જે (સેવ્ય-સેવક કે ઉપાસ્ય-ઉપાસકનો) ભેદ રાખે છે તેની ભીતિ (ચાલુ) રહે છે, પહેલા દેવોને પણ ભય હતો (તો પછી મનુષ્યોની તો શી વાત કરવી ?)

૪૮. માટે હે યતિ ! તું બધા જ ધર્મોનો[૪] ત્યાગ કરી મારે શરણે આવી જા. મારી કૃપાથી તું વિશુદ્ધ બની મોક્ષ પ્રાપ્ત કરીશ અને શાંતિ પામીશ.

૪૯. તારું કલ્યાણ થાવ, મારાં વચનોનો શોધપૂર્વક સાર ગ્રહણ કર; અને (મેં કહેલો) આ યોગ પ્રયત્નપૂર્વક મારા ભક્તોને તારે કહેવો.

૫૦. આમ કહીને ભગવાન્ દત્તાત્રેય જલદી લીલામાત્રથી અંતર્ધાન (અદશ્ય) થયા. અને તે યતિ તે (ભગવાન)ની વાણીનું સમ્યક્ મનન કરી કૃતાર્થ થયો.

---

૧. હઠયોગ : હ = સૂર્ય, ઠ = ચંદ્ર, હ = સૂર્યનાડી - ઈડા, ઠ = ચંદ્રનાડી - પિંગલા તે બે થી પ્રાણ - અપાનના યોગ (ઊર્ધ્વગતિ અને અધોગતિના નિરોધથી) સાધી શકાય. (हृदि प्राणः, गुदेऽपानः । ताभ्यां निरोधो हठयोगः)

૨. नित्ययुक्तः મારા માટે જ કરવાના કર્મો અનુષ્ઠાનથી (મારામાં) જોડાયેલો રહી શકે.

૩. અભય એટલે અદ્વિતીયત્વ. द्वितीयाद् वै भयं भवति । એવી શ્રુતિ છે. अहं ब्रह्म अस्मि । એવી અનુભૂતિથી જ અદ્વિતીયત્વ અનુભવાય. આમ થાય એને જ મોક્ષરૂપ અભય કહેવાય. જ્યારે ઉપાસ્ય-ઉપાસક ભેદ-દ્વિતીયત્વ-ચાલુ રહે ત્યાં સુધી ભય રહે જે મોક્ષમાં બાધક બને.

૪. હું બ્રાહ્મણ, હું પાતળો - આ દેહધર્મો; હું ભૂખ્યો-તરસ્યો વગેરે પ્રાણ-ધર્મો, હું કાણો, વગેરે ઈન્દ્રિયધર્મો; હું ખુશ છું, દિલગીર છું વગેરે મનના ધર્મો, - હું અગ્નિહોત્ર કરું છું, મંત્રજપ કરું છું વગેરે વિધિ કૈંકર્ય - દૃઢ વિશ્વાસથી આ બધા ધર્મ-કર્મનો ત્યાગ કરી ભગવાનના શરણે જવું, એવો ભાવ આ વાક્યમાં છે.

# પહેલા અષ્ટકનો છઠ્ઠો અધ્યાય
# શાંડિલ્ય - અથર્વનો સંવાદ

૧. અહંકારનો નાશ કરવા માટે ઈન્દ્ર સ્વર્ગમાં આજ પણ ગુરુ, પરમેશ્વર અને વેદાન્તની સેવામાં સ્થિત છે, તો પછી બીજા અલ્પજ્ઞાનીઓની તો વાત જ શી કરવી ?

૨. મનુષ્યે જીવનપર્યંત વેદાન્ત, ગુરુ અને પરમેશ્વર - એ ત્રણની સેવા કરવી જોઈએ, (આમાનું) પ્રથમ (વેદાન્ત) જ્ઞાનપ્રાપ્તિ માટે અને બીજાં બે કૃતઘ્નપણા (અપકાર) ના (દોષના) નિવારણ માટે (સેવવાં).

૩. આ (ત્રણની સેવા) મહાન (પરમેશ્વર)નો આદેશ છે, એવું મનમાં વિચારીને, આ ત્રણ એનાથી (ભગવાનથી) જ સિદ્ધ થશે, એવું માની યતિ (દ્વિજશ્રેષ્ઠ)એ એનું (શ્રીદત્ત ભગવાનનું) માહાત્મ્ય ગાવા માંડયું.

૪. આ (જગત)નું (પોતાની) માયા વડે સર્જન કરી, અત્રિપુત્ર (ભગવાન દત્તાત્રેય) એ (વિશ્વ)ની અંદર અને બહાર (વ્યાપી) રહ્યા છે; તે ગૂઢ, સાક્ષી, (વેદાન્ત) જ્ઞાનથી (જેનું સ્વરૂપ) સમજી શકાય તેવા, સત્-ચિત્-આનંદ સ્વરૂપ (દત્ત ભગવાન) અમારું રક્ષણ કરો.

૫. કેવળ લીલા સ્વરૂપથી જે અત્રિના ઘેર દત્તના નામે અવતીર્ણ થયા, જે (કવચિત્) ઉન્મત્ત, પિશાચ જેવા, કોઈવાર બાલક, યુવાન કે વૃદ્ધ જેવા તો કોઈ વાર જટાધારી, ક્વચિત્ ઋષિ જેવા, જેનું ઈક્ષણ ચારે તરફ વ્યક્ત છે એવા[1]

૬. (કોઈવાર) ત્યાગી (સંસારથી વિરક્ત) તો કોઈ વાર (બધાનો) સારી રીતે ઉપભોગ કરનાર, કોઈવાર (સંસારના) સંગવાળા તો કોઈવાર યોગી, કોઈવાર સુંદર વસ્ત્રો ધારણ કરેલા તો ક્વચિત્ વસ્ત્રવિહીન અવસ્થાવાળા, કદિક સંતૃપ્ત થયેલા, કદિક પાતળા, કોઈ વાર પુષ્ટ (દેહવાળા) ક્વચિત્ સંન્યાસી, ભિક્ષુ કે બ્રહ્મચારી રૂપે....

૭. તો કોઈવાર ગૃહસ્થાશ્રમી અથવા વાનપ્રસ્થાશ્રમી, કોઈવાર (પોતાના) વર્ણ (આશ્રમ આદિ)થી વિરુદ્ધ (ધર્મોનું) આચરણ કરનાર તો ક્વચિત્ વર્ણ-આશ્રમના ધર્મથી યુક્ત (લાગતા) હોય છે. આવી બધી જેની વિચિત્ર ચેષ્ટાઓ છે તે દેવો કે ઋષિઓના પણ ચિત્ત અને વાણીથી પર છે.

૮. ભક્તનું રક્ષણ જેના માટે એક ઉત્સવ છે, જેની બુદ્ધિથી સેવા, સ્મરણ કે અન્નનિવેદન (નૈવેદ્યરૂપે) (આદિ થાય) તો અહીં (આ લોકમાં જ) જે (એનું) પૂજાનું દુર્લભ ફળ આપે છે, ભક્ત (એને) યાદ કરે કે તે જ ક્ષણે (વારંવાર) જે (ભક્તની) પાસે પહોંચી જાય છે,

૯ થી ૧૨. જે માહૂર ગઢમાં નિદ્રા લે છે, સહ્યાદ્રિ પર વાસ કરે છે, હંમેશાં ભાગીરથીમાં સ્નાન કરે છે, ગંધર્વપુરમાં ધ્યાન ધરે છે, કુરુક્ષેત્રમાં આચમન કરે છે, ધૂતપાપેશ્વરમાં વિભૂતિધારણ, કરહાટ ક્ષેત્રમાં સંધ્યા, લક્ષ્મીપુરમાં ભિક્ષા (માગે છે), વિઠ્ઠલપુરમાં અંગલેપન આદિ સુગંધી દ્રવ્યધારણ, સારપુરમાં ભોજન અને અરબી સમુદ્રના તટપર સાયં સંધ્યા કરે છે, તે આ ભગવાન દત્તાત્રેય હંમેશા મારા હૃદયમાં વાસ કરો, (અને) જ્યારે પણ હું મન કે ઈન્દ્રિયોથી વ્યવહાર કરું(ત્યારે) તેની (શ્રીદત્તની) હંમેશા સ્મૃતિ રહો.

૧૩. હે (સદા) વિજયી, હે અજન્મા, હે મોહરૂપ તમસ્ નો નાશ કરનાર, હે યતિ ! અહીં જિતેન્દ્રિય ભક્ત (યતઃ)ના અજ્ઞાનનો નાશ કરનાર (શબ્દાર્થ જય મેળવનાર-जयते) તારા સુખદાય પદને[3] મારા પ્રણામ હજો; જ્યારે (આવા ભક્તોના) હૃદયમાં તેનો (પદ-સ્વરૂપનો) ઉદય (અનુભૂતિ) થાય ત્યારે તેને (ભક્તને) દયા વિનાની વિવિધ યોનિઓમાં ભટકવું પડતું નથી.

---

૧. ભગવાન દત્તાત્રેય સ્વેચ્છાએ પોતાનું સ્વરૂપ, સ્થળ આદિ બદલે છે તેનો પરિચય કરાવતાં પૂ. ટૅંબે સ્વામી શ્લોક પાંચથી આઠ સુધી વર્ણન કરે છે.

૨. શ્લોક ૯ થી ૧૨ માં ભગવાન દત્તાત્રેયની વિશ્વવ્યાપકતા (स भूमिं विश्वतो वृत्वा.....) નો પરિચય મળે છે.

૩. પદ શબ્દ ચરણ, સ્વરૂપ, તેજ, ધામ વગેરે અર્થમાં વપરાયો છે. ભગવાનના પદ (કોઈપણ અર્થ લો) નું દર્શન કે પૂજન બ્રહ્માનંદની અનુભૂતિ કરાવે છે. દત્તસંપ્રદાયમાં તો પાદ-પૂજનની આગવી વિશિષ્ટતા છે.

૧૪. હે યોગીઓમાં શ્રેષ્ઠ (દત્ત ભગવન્) ! જ્યારે જિતેન્દ્રિય એવા યતિ[1] (ભક્ત) ના મનમાં વાસનાનો સ્વૈર વિલાસ ઉદય પામતો નથી, ત્યારે (તે જ ક્ષણે) તેના સાત્ત્વિક હૃદયમંદિરમાં તારાં ચરણ (સ્વરૂપ)ની પ્રાપ્તિ થાય છે, જે અજ્ઞાની ભક્તોનું પણ રક્ષણ કરે છે.

૧૫. (હે ભગવન્ !), જ્યારે આપના પ્રત્યે, જેમાં (જન્મ-મરણરૂપ) સંસારને તુચ્છ ગણ્યો છે એવો, (આપના, ભક્તનો, આઠ સાત્ત્વિકભાવ[2] યુક્ત ભક્તિભાવનો ઉદય થાય છે, ત્યારે એની કામનાઓનો સ્વૈરવિલાસ નાશ પામે છે; એથી આગળ વધીને તીવ્ર વૈરાગ્યવાળા અને મનુષ્યોમાં અતિશય માનને લાયક વ્યક્તિઓમાં પણ શ્રેષ્ઠ એવા એના (તારા ભક્તના) સંસ્કાર (પ્રપંચ) નાશ થઈ જાય છે.[3]

૧૬. (હે દત્ત પ્રભુ !) (ગાડા જેવા) અતિશય વેગવાળા મનથી તારાં ચરણોમાં જ લીન રહેનાર સંતોના ચરણની રજનો આશ્રય કરનાર તે માનવ જ સાચે જ તારો પ્રિય બની જાય છે, કારણકે (વારંવાર) અવતાર ધારણ કરનાર (તમે) સજ્જનો (સંતો)નું રક્ષણ કરો છો.

૧૭. હે અજન્મા ! કરેલાં કર્મોના ફલનો ત્યાગ કરી આકાશ જેવા (વ્યાપક), અજન્મા[4] એવા તને ભજનારાઓને, તમોમય સંસારમાંથી ઉદ્ધાર કરનાર, ભ્રમને હરી લેનાર, અવિદ્યાદિનો નાશ કરનાર, પ્રશંસનીય અને આનંદપ્રદ એવી, સ્થિતપ્રજ્ઞ સંતોના ચરણકમળની રજ પ્રાપ્ત થાય છે.

શ્લોક ૧૮ અને ૧૯માં પરમાત્માના સ્વરૂપનો પૂજ્યશ્રીએ પરિચય કરાવ્યો છે (કોઈ પણ વસ્તુનો પરિચય બે રીતે થાય (૧) **સ્વરૂપ** લક્ષણ અને (૨) **તટસ્થ** લક્ષણથી) જે તત્ત્વો વસ્તુનું સ્વરૂપ જ બની જાય અને વસ્તુના આદિથી અંત સુધી એનાથી અલગ ન પડે તેનાથી થતો પરિચય - **સ્વરૂપ લક્ષણ**; જે તત્ત્વો વસ્તુમાં કોઈ વાર હોય, કોઈ વાર ન હોય પણ છતાં એનો પરિચય આપે જ, તેનાથી થતો પરિચય-**તટસ્થ** લક્ષણ. (અહીં ઉભય લક્ષણથી પરમાત્મસ્વરૂપનો પરિચય છે.)

---

૧. यति માટે પૂ.સ્વામી મહારાજે अनयति શબ્દ વાપર્યો છે. अ-यति એટલે યતિ નથી તે, अन्-अयति એટલે જે અયતિ નથી તે અર્થાત્ દૃઢતાપૂર્વક યતિ છે. અહીં બે નકારાત્મક અવ્યવો अन् અને अ એટલા માટે વાપર્યા છે કે જેથી મનોનિગ્રહ અને ઈન્દ્રિય નિગ્રહના યતિના ધર્મોની આવશ્યક્તા પર ભાર (Emphasis) આવે. જેનામાં આ ધર્મો નથી તે વેશધારી યતિ, યતિ નથી अन् + अ આ ધર્મોની વ્યંજના કરે છે.

૨. સાહિત્યદર્પણમાં આઠ સાત્ત્વિકભાવ આ રીતે છે : स्तंभः स्वेदश्च रोमाञ्च स्वरभङ्गोऽथ वेपथुः । वैवर्ण्यमश्रुप्रलय इत्यष्टौ सात्त्विकाः स्मृताः ॥ (હલનચલનમાં જડતા, પરસેવો, રોમ ખડાં થવાં, સ્પષ્ટ બોલાય નહીં, કંપ, બોલવામાં ઉલટ-સુલટ થવું, આંસુ વગેરે.)

૩. આ શ્લોકમાં અને આગળના શ્લોકનં.૧૬માં પણ વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસ અંત્યાનુપ્રાસ આદિ અલંકારો છે.

૪. ભગવાન આકાશ જેવા વ્યાપક અને વિકારરહિત તો ખરા પણ **આકાશથી પણ પર** છે એ સ્પષ્ટ કરવા પૂ. સ્વામી મહારાજે અજન્મા વિશેષણ ભગવાન વિષે વાપર્યું છે, કારણ ભગવાન અજન્મા છે એ રીતે વ્યાપક, અવિકારી છે ઉપરાંત એમનામાંથી જ **આકાશ** ઉદ્‌ભવ્યું છે. एतस्मादात्मनः आकाशः संभूतः। આમ ભગવાન આકાશથી પર છે.

૧૮. જેને વાર્ધક્ય કે મૃત્યુ નથી[1] એવા હે અજન્મા ! કોશ[2] થી અળગું, એકરૂપ, બુદ્ધિના (જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ) ગુણોના સાક્ષી, ચિત્‌સ્વરૂપ, આનન્દ સ્વરૂપ, અખિલ ભુવનના કારણરૂપ, (ભક્તોના) પાપ હરનારું, ત્રણે શરીરથી પણ નિરાળું (अधिक अर्थात् पर) તારું તે સ્વરૂપ ખરેખર અસત્ અને જડ, દુઃખરૂપ ત્રણ કુત્સિત શરીરની આધિઓથી[3] લેપાતું નથી.

૧૯. હે સમ (ભેદભાવ વર્જિત) ! હે અદશ્ય (પ્રત્યક્ષાદિ પ્રમાણથી ગોચર) ! વિવિધ ભેદથી[4] પર, જ્ઞાન, કર્મ અને ઉપાસનાપ્રતિપાદક ત્રણ વેદોના[5] સારભૂત, સત્ય સ્વરૂપ, ચિત્‌સ્વરૂપ અને આનંદસ્વરૂપ એવું તારું આ સ્વરૂપ, જે સૂક્ષ્મ બુદ્ધિ પાપ-પુણ્ય રૂપી મોક્ષપ્રતિબંધક પાપ ને હરી લઈ અસત્ અર્થાત્ દેહાદિ જડ અને આત્માથી ભિન્ન એવા મિથ્યા પ્રપંચને ત્યજી દે છે, તેનાથી (સૂક્ષ્મબુદ્ધિથી) દગ્ગોચર થઈ શકે છે.

૨૦. હે અજન્મા ! પ્રાણીઓને મોહ પમાડનાર નિર્મોહી ! તથા સંયમિન્[6] હે ભગવત્ ! તમને પ્રણામ હજો; હે સખા અમારો તારા તે (સ્વરૂપ)ની સાથે સંબંધ કરાવી આપ. જે માણસ વેદ પ્રતિપાદ્ય તત્ત્વનું નિરૂપણ કરતા (वेदनिवेदनि)[7] આ સ્તોત્રને યથાર્થરૂપે જાણે છે, (સમજશે), તે જપ કરતાં (અર્થાત્ तत्त्वमसि જેવા વાક્યોનું મનન કરતાં) અંતે જેનું સ્થાન (पदम्) છે એવા, યોગીઓ જેને જાણી શકે છે એવા, નિર્વિકાર પરમાત્મસ્વરૂપ (अपपदम्)ને જાણે છે (સાક્ષાત્કાર કરી શકે છે).

૨૧. આ પ્રમાણે પોતાની બુદ્ધિના પરિણામ સ્વરૂપની મર્યાદા પ્રમાણે ભગવાનની સ્તુતિ કરી (ભગવાન) શ્રીદત્તાત્રેયનું માહાત્મ્ય, તેની (દત્તની) પ્રેરણા પામેલા એવા તેણે કહેવાની શરૂઆત કરી.

૨૨ થી ૨૬ હવે શાંડિલ્ય નામે મોટા મંત્રવેત્તા (મુનિ), વેદ, વેદાંગ અને શાસ્ત્રોના જાણકાર, પોતાના આશ્રમને ઉચિત કર્મ કરનારા, જેણે અવ્યભિચારિણી ભક્તિથી શ્રીદત્તના ચરણકમલની ઉપાસના કરી છે, જે દૈવયોગે; (ગુરુતરફથી પ્રાપ્ત) જ્ઞાનના ઉપદેશથી ઉદ્ભવેલા વૈરાગ્યથી સંન્યાસ (આશ્રમ)થી વિભૂષિત છે એવા તે ચારેય વેદોના તર્કસંગતથી પણ વિદ્યા ન મેળવી

---

૧. અજરામર : વાર્ધક્ય-મૃત્યરહિત. જેને આદિ અર્થાત્ જન્મ ન હોય (ઉત્પત્તિ ન હોય) તેને વાર્ધક્ય-મૃત્યુ ન હોય. ઉત્પત્તિની સાથે વસ્તુની અન્ય પાંચ અવસ્થા આવે છેઃ જન્મ, અસ્તિત્વ, વૃદ્ધિ, પાકટ અવસ્થા, અપક્ષય અને મૃત્યુ

૨. કોશ પાંચઃ (૧) **અન્નમય** = સ્થૂલ અથવા ભૌતિક શરીર, (૨) **પ્રાણમય** = પાંચ પ્રાણ અને પાંચ કર્મેન્દ્રિયો; (૩) મનોમય = મન અને પાંચ જ્ઞાનેન્દ્રિયો; (૪) **વિજ્ઞાનમય** = બુદ્ધિ અને પાંચ જ્ઞાનેન્દ્રિયો (પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય કોશ = સૂક્ષ્મ શરીર) (૫) **આનંદમય** (આ કોશ જાણતાં પહેલા **અજ્ઞાન**ને ઓળખીએ. અજ્ઞાન = જ્ઞાનનો **અભાવ નહીં**. એ સત્ પણ નથી, અસત્ પણ નથી. જ્ઞાન જન્મે, અજ્ઞાન અજન્મા છે ('મને જ્ઞાન થયું' બોલાય) પણ **'મને અજ્ઞાન થયું'** નહીં બોલાય !) એ માયા, પ્રકૃતિ, અવિદ્યા વગેરે નામોથી ઓળખાય છે. આ અજ્ઞાનમાંથી જ અહંકાર ઉદ્ભવે તેથી એ કારણશરીર આનન્દપ્રચુર હોઈ આનન્દમય કોશ. એ આનન્દસ્વરૂપ પરમાત્માનું ઢાંકણ (કોશ). પરમાત્મા કોશથી અળગા-વિલક્ષણ.

૩. જાગ્રત અવસ્થામાં સ્થૂલ શરીર (સૂક્ષ્મ સાથે) કાર્યરત, સ્વપ્નમાં સૂક્ષ્મ શરીર કાર્યરત, સુષુપ્તિમાં કારણ શરીર કાર્યરત-આમ ત્રણ અવસ્થામાં પાંચ કોશ કાર્યરત પણ આ બધું મિથ્યા. પૂ. રંગ અવધૂતજી કહે છેઃ स्थूलं मृषा मृषा सूक्ष्मं मृषा कारणमेव च । तत्परं च परं ब्रह्म, कार्यकारणवर्जितम् ॥ હવે સ્થૂલ શરીરના રોગ, સૂક્ષ્મ શરીરના કામ ક્રોધ અને એ બંનેનાં બીજ કારણ શરીરમાં. આ ત્રણ કુત્સિત શરીરની આધિઓ જેમાં નથી તે **પરમાત્મ સ્વરૂપ.**

૪. ભેદ ત્રણ : (અ) સજાતીય - એક કેરીનું ઝાડ બીજા કેરીના ઝાડથી ભિન્ન, (બ) વિજાતીય - કેરીનું ઝાડ પીપળાના ઝાડથી ભિન્ન, (ક) એક જ ઝાડમાં થડ, ડાળીઓ, પાંદડાં, ફલ, ફળ બધું એકબીજાથી ભિન્ન. પરમાત્મ સ્વરૂપ અખંડૈકરસ - ત્રણે ભેદથી પર.

૫. ઋગ્વેદ - સ્તુતિ - ઉપાસના, યજુર્વેદ - કર્મકાણ્ડ, ઉપનિષદ - જ્ઞાન - પણ ત્રણેમાં એકના પ્રાધાન્ય ઉપરાંત અન્ય બે નો સમાવેશ તો ખરો જ. ઉપરાંત ત્રણ વેદો-ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદનું સારભૂત - એવો અર્થ પણ લેવાય.

૬. यतेन આ પદમાં બે શબ્દ છે यत અને इन યત એટલે મન, પ્રાણ, ઈન્દ્રિયો અને इन એટલે સ્વામી यतेन એ સંબોધન વિભક્તિમાં છે.

૭. वेदनिवेदनि - આ સ્તોત્રનું પણ આ જ નામ છે. वेद (ના સિદ્ધાન્તોનું, निवेदन (પ્રતિપાદન) કરતું સ્તોત્ર. આ ૧૩ થી ૨૦ શ્લોકના અષ્ટક માં સંપૂર્ણ (ઔપનિષદિક) અદ્વૈત વેદાન્ત નિરૂપિત થયેલું છે. આનું વિસ્તારથી વિવેચનાત્મક નિરૂપણ અનુવાદકે (શિવુભાઈ) નારેશ્વરનો નાદ માસિકના અંક ૧૦૬ થી (માર્ચ ૧૯૮૭) અંક ૧૧૮ (એપ્રિલ ૧૯૮૮) માં આપ્યું છે. પુસ્તક પણ છપાયું છે.

શકવાથી ભ્રમિત મતિવાળો થવાથી અને ગુરુદ્વારા જ (બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરી શકાય) એવું શ્રુતિમાં કહેલું છે તે યાદ કરી, વિદ્યા પ્રાપ્તિને માટે મહાબુદ્ધિશાળી અથર્વાની પાસે જઈ, તેમને અભિવાદન કરી તેમણે કહ્યું "હે ભગવન્ ! મને જે (વિદ્યા) (મોક્ષ આપનારી હોઈ) ઉત્તમ, નિગૂઢ, સંતોથી સેવાય એવી, જેનાથી હું મોક્ષ મેળવી શકું એવી, બ્રહ્મવિદ્યા ભણાવો; કારણકે શ્રીગુરુ પ્રેમાળ અને વિનયી શિષ્યને ગુહ્યવિદ્યા (પણ) ઉપદેશે છે."

૨૭. આ પ્રમાણે શિષ્યે (શાંડિલ્યે) જેને સમ્યક્ નિવેદન કર્યું છે તે અથર્વાએ કહ્યું," હે શાન્ત (શિષ્ય) ! ત્યાગ કરીને (અનાસક્તિ સ્વરૂપ સંન્યાસ લઈને) શ્રદ્ધા ભક્તિ, ધ્યાન અને યોગથી તે (વિદ્યા) તું જાણ."

૨૮. (અથર્વા એ આગળ કહ્યું), "બ્રહ્મ (પરમતત્ત્વ) નું સત્યત્વ ત્રિકાલમાં બાધ વિનાનું, જગતરૂપી બાધનું સાક્ષી અવિકારી છે એવું જાણ,

૨૯. જે વિદિત (ઈન્દ્રય-અંતઃકરણથી જાણી શકાય) અને અવિદિત (જે ન જાણી શકાય - અજ્ઞાન) - બંનેથી અન્ય (બીજું) છે, જે (જ્ઞાતા જ્ઞાન અને જ્ઞેય રૂપી) ત્રિપુટી વિનાનું છે, તે (બ્રહ્મ) સ્વયંપ્રકાશ-સ્વરૂપ છે અને 'જ્ઞાન' જ એનું માત્ર લક્ષણ છે,

૩૦. વ્યાપક હોવાથી એનો દેશથી પરિચ્છેદ નથી (અર્થાત્ બ્રહ્મ અમુક જગ્યાએ જ છે એમ નથી, અંતર્બહિ-સર્વત્ર છે), એકમેવ હોવાથી કાલથી પરિચ્છિન્ન નથી અને સર્વનો આત્મા હોઈ વસ્તુથી પરિચ્છિન્ન નથી, અનન્ત (આનંદ) એ જ એનું લક્ષણ છે,

૩૧. (શ્રુતિમાં) સત્ય, જ્ઞાન, અનન્ત (બ્રહ્મ) - એવું જે કહ્યું છે તે (સાચેજ) બ્રહ્મનું લક્ષણ છે; તે બ્રહ્મ એક અને અદ્વિતીય ભેદ વિનાનું છે,

૩૨. (તત્ત્વમસિ શબ્દમાં) તત્ પદથી (લક્ષિત) એ (બ્રહ્મ)માં તેના (બ્રહ્મના) આશ્રયે રહેલું આ (જગત્) ઓત-પ્રોત છે; (અને તેથી જ) જે (બ્રહ્મ)નું જ્ઞાન થવાથી આ સર્વ (જગત)નું ચોક્કસ જ્ઞાન થાય છે.

૩૩. આ (બ્રહ્મનું જગત સાથે) ઐક્ય અભિન્ન નિમિત્ત-ઉપાદાન કારણથી સિદ્ધ થાય છે [બ્રહ્મ નિમિત્ત કારણ રૂપે જગત્-કાર્યથી અલગ નથી, सर्वं खल्विदं ब्रह्म । तदात्मानं स्वयं कुरुत । વગેરે શ્રુતિઓ એનું પ્રમાણ છે] અને એનાથી જ પ્રકૃતિ અને એના અધિષ્ઠાતાનું ઐક્ય પ્રમાણિત બને છે.

૩૪. જો એમ ન હોય (બ્રહ્માત્મૈક્ય ન હોય) તો 'એકને જાણવાથી બધુ જાણી શકાય' એવું 'प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात्' એ (બાદરાયણના) બ્રહ્મસૂત્રમાં કઈ રીતે ઉદ્‌ઘોષિત થઈ શકે ?

૩૫. આ પરબ્રહ્મ સત્, ચિત્, આનંદ. સ્વરૂપ છે, અખંડૈકરસ છે, અ-મૃત છે, અને (જ્યારે) પોતાની શક્તિના પ્રાધાન્યથી યુક્ત બનેલ ઈશ્વર, વિદ્યાની ઉપાધિથી યુક્ત બનેલો સર્વજ્ઞ અને નિયન્તૃત્વયુક્ત હોય તો નિખિલેશ્વર (સર્વેશ્વર) કહેવાય છે.

૩૬. જે દેવ બધાનો અન્તરાત્મા, કેવલ એક, પ્રાણીઓમાં આવાસ કરનાર, છૂપાયેલો, માત્ર ધ્યાનયોગથી જ ગમ્ય (આ) વિશ્વનું સર્જન કરે છે. પાલન કરે છે, અને સંહાર કરે છે,

૩૭. જે (બધાનો) અન્તર્યામી, માયાનો અધિપતિ, અને (तत्-त्वम्-असिमां) तत् શબ્દ વાચક છે, અને अस्मत् - प्रत्यय શબ્દનો આધાર બને તેથી કામ વગેરેથી દૂષિત બને છે,[1]

૩૮. તે (બ્રહ્મ) આકાશની જેમ સર્વમાં વ્યાપેલું છે, અદ્વિતીય છે, માયાના આવરણ વિનાનું, સત્-તાથી (બધામાં) અનુસ્યૂત (सन्मात्र) કલા વિનાનું, શાન્ત, અપ્રમેય, અજન્મા અને કલ્યાણ સ્વરૂપ છે.[2]

૩૯. અંતઃકરણથી છિન્ન થયેલું છે જ્ઞાન જેનું એવો, અને શરીર ઈન્દ્રિયો, મન, પ્રાણ, અહંકારથી વિલક્ષણ છે તે त्वं શબ્દનો વાચક (વાચ્યાર્થ) છે,[3]

---

૧. तत् - त्वम् - असि । ના तत् શબ્દનો વાચ્યાર્થ આ શ્લોકમાં છે

૨. આ શ્લોકમાં तत् (તે) શબ્દનો લક્ષ્યાર્થ છે.

૩. त्वम् શબ્દનો વાચ્યાર્થ આ શ્લોકમાં આપ્યો છે.

૪૦. (જ્યારે) સાક્ષી, નિર્મલ, ફૂટસ્થ, પ્રત્યગાત્મા, બુદ્ધિનો પ્રકાશક, વિકારરહિત (અજન્મા), બુદ્ધિની વૃત્તિઓથી વ્યાસ અને એક માત્ર (કેવલ) - આ ત્વમ્ શબ્દનો લક્ષ્યાર્થ છે,[1]

૪૧. (ત્વમ્ પદ વાચ્યાર્થ) પ્રત્યક્ત્વ અને (તત્ પદ વાચ્યાર્થ) પરોક્ષત્વમાં (ઊભો થતો) વિરોધ ત્યજીને, (બંનેમાં) ભૂમા (પ્રકાશ સ્વરૂપ) બંને ઐક્યના જ્ઞાનથી લક્ષ્યાર્થ સ્વીકારી[2] શુદ્ધ ચિત્-સ્વરૂપ સિદ્ધ થાય છે.

૪૨-૪૩. વાણી અને બુદ્ધિની વ્યાસિ નિવાર્યા વિના ફલવ્યાસ્તિ નિવારી, જે આત્મસ્થિત આત્માનું યોગદ્વારા, શ્રવણ-મનન-નિદિધ્યાસન દ્વારા ઐક્ય જાણે છે, તે મોક્ષ મેળવી નિશ્ચયપૂર્વક કૃતકૃત્ય બને છે, હે સૌમ્ય (શાંડિલ્ય) ! આત્મસ્વરૂપના વિજ્ઞાનથી તું શોક-મુક્ત બની જઈશ.

૪૪. તું આ વિષયમાં શ્રદ્ધા રાખજે, શોક ન કર, તું શોકને પાર કરી શકીશ; અહીં હું તને યોગનો પરિચય આપું છું, જેનાથી મન જલદી પ્રસન્ન બને છે.

૪૫. પ્રત્યક્ આત્મા (જીવાત્મા) નું (બ્રહ્મ સાથે) ઐક્ય થાય એને જ યોગ કહે છે; તેનાં આઠ અંગ છે,[3] દેહ-ઈન્દ્રિય વગેરેમાં એ મિથ્યા છે એવું જોઈ વિરાગ (જન્મે), તે **યમ** કહેવાય......

૪૬. (જ્યારે) આત્મતત્ત્વ સત્ય છે એવો નિશ્ચય થતાં એમાં અનુરાગ (જન્મે) તે **નિયમ** કહેવાય, (જ્યારે) બાહ્ય પદાર્થો પ્રતિ ઉદાસીનતા (કેળવી) અંતરાભિમુખ બનાય તે **આસન** (કહેવાય),.......

૪૭. ચિત્-અન્વયથી આત્મતત્ત્વને ગ્રહણ કરવું તે પૂરક (પ્રાણાયામ), તે (ગ્રહણ કરેલા આત્મતત્ત્વને) સ્થિર કરવું તે કુમ્ભક (પ્રાણાયામ), અને માયિક (મિથ્યા) નામ, રૂપ વગેરેનો ત્યાગ તે રેચક (પ્રાણાયામ), (આમ) ત્રણ પ્રકારનો **પ્રાણાયામ** કહેવાયો છે,........

૪૮. ઈન્દ્રિયોના (વિષયો પ્રતિ આકૃષ્ટ થવાના) સ્વભાવને જોઈને પદાર્થો (વિષયો) પ્રત્યેની આસક્તિના અભાવનું દર્શન તે **પ્રત્યાહાર**, (જ્યારે) જેમાંથી અસંભવ (વિપરીત અને સંશય) વગેરે ભાવનાઓનો નાશ પામી છે એવી દઢ આત્મનિષ્ઠા તે **ધારણા** કહેવાય,........

૪૯. સંસારના માયામય વિકારો (અન્ય) નો ત્યાગ કરી, 'હું બ્રહ્મ છું' (મારામાં અને પરમાત્મામાં કોઈ ભેદ નથી) એવી અંતર-દૃષ્ટિનાં પ્રવાહનું સાતત્ય એટલે ધ્યાન, અને દેહ એ આત્મા (એ અજ્ઞાનદૃષ્ટિ)-ની જેમ (પણ એનો ત્યાગ કરી) કેવળ પર-આત્મા જેવી સુ-સ્થિર દૃષ્ટિ એ **સમાધિ** કહેવાય,....

૫૦. જેના કષાય (રાગ-દ્વેષ વગેરે) પરિપક્વ થઈ ગયા છે તેમને માટે આ (ઉપર્યુક્ત પ્રકારનો અદ્વૈતવાદના સિદ્ધાન્તોને પ્રત્યક્ષ અમલમાં મૂકવારૂપ) યોગ શીઘ્ર મુક્તિ આપનારો છે (તેમજ કંઈક પક્વ બનેલા કષાયવાળાને પણ શીઘ્ર મુક્તિપ્રદ છે.

---

૧. આ શ્લોકમાં ત્વમ્ શબ્દનો લક્ષ્યાર્થ છે.

૨. ભાગ-ત્યાગ લક્ષણાથી

૩. યોગના આઠ અંગો - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન (સવિકલ્પક સમાધિ) અને સમાધિ (નિર્વિકલ્પક સમાધિ).

# પ્રથમ અષ્ટકનો સાતમો અધ્યાય

## હઠયોગ વર્ણન

૧ થી ૪ (૧.૨) અહીં (વિશ્વમાં) વ્યાપક (પરમાત્માનાં) એકબીજાથી જુદા પડતાં (સ્થાવર અને જંગમ) બે રૂપ છે, (તેમાં) ઈશ્વરબુદ્ધિથી (દેહ, વાણી કે મનથી) (કોઈને) ક્લેશ ન આપવો તે **અહિંસા**; વસ્તુ જે રૂપે હોય તે રૂપે જ મૃદુ વાણી (બોલવી) તે **સત્ય**; બીજાની (દ્રવ્ય આદિ કોઈ પણ) વસ્તુની સ્પૃહા ન કરવી તે **અસ્તેય**; હંમેશા (આઠ પ્રકારના) મૈથુનનો ત્યાગ તે **બ્રહ્મચર્ય**; પ્રાણી માત્ર પર અનુગ્રહ તે **દયા**; (સન્માર્ગ વર્તન કરી) હંમેશા (બીજા સાથે) એકરૂપ બનવું તે **આર્જવ**; (પારકાએ કરેલા) અપ્રિય (આચરણ) ને સહન કરી લેવું તે **ક્ષમા** (સ્ત્રી-પુત્ર વગેરેનો વિયોગ કે દ્રવ્યની) હાનિ થવા છતાં (શોક વગેરે) વિકાર ન થાય તે **ધૃતિ**; હિતકારક, સાત્વિક અને ચોથાભાગનું ઓછું ભોજન કરવું તે **મિતાહાર**, માટી અને પાણીથી **બાહ્ય શુદ્ધિ** અને ધ્યાનથી **આંતરિકશુદ્ધિ** - આ **(દશ) યમ** છે.

૪ (૩.૪) થી ૮ (૧) કૃચ્છ્ર (ચાંદ્રાયણ) વ્રતોથી તપ કરવું તે **દેહશુદ્ધિ**; નસીબયોગે આવી મળે તેનાથી તુષ્ટ રહેવું તે **સંતોષ**; વેદમાં વિશ્વાસ તે **આસ્તિક્ય**; (ઉપનિષદોમાંની) શ્રુતિઓ પર વિચાર કરવો તે **શ્રવણ**; (ન્યાયથી) કમાવેલ પોતાનું દ્રવ્યાદિ (યોગ્યપાત્રને) અર્પણ કરવું તે **દાન**; (પોતાનાં) બધાં કર્મો વિષ્ણુને અર્પણ કરવાં[1] તે **પૂજન**; ખરાબ કર્મ (કરવામાં) શરમ આવવી તે **હ્રી**; વેદે કહેલાં કર્મોમાં બુદ્ધિ પરોવવી તે **શ્રદ્ધા**; વિષ્ણુની (રામનવમી, જન્માષ્ટમી જેવી) જયન્તીઓ, એકાદશી જેવા મંગલ દિને ઉપવાસ કરવો તે **વ્રત**; વેદથી વિરુદ્ધ ન હોય (વામપંથનો ન હોય) અર્થાત્ વેદમાન્ય હોય, સદ્‌ગુરુની કૃપાથી પ્રાપ્ત હોય એવા મંત્રનાં પુનઃ પુનઃ આવર્તન (અભ્યાસ) તે **જપ** - આ ત્રણ પ્રકારમાં) વાચિક અસત્, માનસ સત્ અને રહસ્ય (જપ) મધ્યમ (ગણાય) છે.[2] આ **દશ નિયમો** છે.

(૮) (૨) થી ૮ **આસન આઠ** છેઃ (તેમાં) બે ઘૂંટણ અને જાંઘ વચમાં બે પગ રાખી શરીરને એક સીધી રેખામાં રાખી બેસવું તે **સ્વસ્તિકાસન** (કહેવાય) છે.

૯ થી ૧૦. બીજા (ડાબા) પગની પાછળના પડખે જમણી ઘૂંટી (ગુલ્ફ) અર્થાત્ પીંડી અને અન્ય (જમણા)ના (પડખે) બીજા (ડાબા)ની ઘૂંટી - એ **ગોમુખ** (આસન) છે. (જ્યારે) જમણી કે ડાબી જાંઘ પાસે (અનુક્રમે) ડાબો કે જમણો પગ ગોઠવવો તે **વીરાસન** છે. જેમાં પીઠ પાછળ જમણો અને ડાબો હાથ વ્યસ્ત (જમણો ડાબી પીઠ તરફ, ડાબો જમણી પીઠ તરફ) રાખી, જમણી જાંઘમાં ડાબા પગની પાની અને ડાબી જાંઘમાં જમણા પગની પાની ધારણ કરી વૃષણોની પાછળ જમણા-ડાબા પગની ઘૂંટી અન્યોન્ય પર રાખી, ઘૂંટણ પર હાથની હથેળી ધારણ કરવી તે **પદ્માસન** છે.

૧૧. નાસિકા (નાકની ટોચ) પર દૃષ્ટિને ઠેરવી, મોં ફાડીને બેસવું તે **સિંહાસન** (કહેવાય) છે. યોનિ (વૃષણ)ની નીચે (બે આંગળી જેટલા પ્રદેશમાં) એક ઘૂંટી અને લિંગના ઉપરના ભાગમાં એક ઘૂંટી રાખી, બે ભમરની વચ્ચેના ભાગમાં દૃષ્ટિ રાખી બેસવું તે **સિદ્ધાસન છે, જે શ્રેષ્ઠ** (આસન) છે.

૧૨. જમીન પર બે હથેલી ટેકવી, ઢૂંટી પર બે કોણી ટેકવી, નમસ્કાર જેવી સ્થિતિમાં આકાશમાં (દૃષ્ટિ) તે **મયૂરાસન** છે. (જ્યારે) વૃષણોની પાછળ બે હાથની આંગળીઓથી બે પગના અંગુઠા પકડી ત્યાં ઘૂંટી ઠેરવી રહેવું તે **ભદ્રાસન** છે.

૧૩ (૧.૨) આ આસનો (માંથી કોઈ એક) પર જય (સિદ્ધિ) પ્રાપ્ત કરવાથી (લાંબા સમય સુધી સુખપૂર્વક આસનની સ્થિતિમાં રહેવાથી) સર્વ પર જય પ્રાપ્ત થાય છે; (આમાંનું કોઈ પણ આસન સિદ્ધ કરવા શક્તિ ન હોય તો) અશક્ત દશામાં **શવાસન** (માં પણ રહી શકાય).

---

૧. यत्करोषि यदश्नासि यज्जुहोसि ददासि यत् । यत् तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥ (भ.गी.९.२७)

૨. ૧. બીજા લોકો સાંભળી શકે એ રીતે મંત્રનું ઉચ્ચારણ કરાય તે **વાચિક** જપઃ અલ્પ ફળ આપે, ૨. હોઠ પણ હાલે નહીં એ રીતે જપ થાય તે **માનસિક** જપઃ અનન્ત ફલ આપે, ૩. બીજા ન સાંભળે પણ મુખ જપ કરે છે એવું લાગે તે **મધ્યમ** જપઃ મધ્યમ ફળે છે.

૧૩ (૩.૪) થી ૧૪. સાડા ત્રણ હાથનો આ (મનુષ્ય) દેહ છે, ગુદા અને લિંગની વચ્ચેના ભાગમાં શરીરનો મધ્યભાગ ગણાય (અર્થાત્ ગુદા અને લિંગની વચ્ચે દેહના બે સરખા ભાગ થાય); (તે જગ્યાએથી) ત્યાંથી દૂંટી સુધી નવ આંગળ માપની એક ગાંઠ છે, એમાંથી બોતેર હજાર નાડી ઉદ્ભવે છે (ઊંચે જાય છે) જેમાં ચૌદ નાડી મુખ્ય છે.

૧૫. એમાંની (ઈડા, પિંગલા અને સુષુમ્ણા) ત્રણ નાડી ઉત્તમ છે અને એ (ત્રણ)માં એક (સુષુમ્ણા) અતિ ઉત્તમ છે. (હવે) પિંગલા જમણી નાસિકાથી (વહેતી) દિન (દિવસ)ની સંજ્ઞાવાળી છે, સૂર્ય એનો ઈશ છે, એ નાડી વહે ત્યારે ઉગ્ર કાર્યો સિદ્ધ થાય, (અન્ય કાર્યોમાં અશુભ ફળ આપે).

૧૬. ઈડા ડાબી નાસિકાથી (વહેતી), નિશા (રાત્રિ) સંજ્ઞાવાળી છે, ચંદ્ર એનો પતિ છે અને શુભફળ આપનારી છે; (જ્યારે) સુષુમ્ણા બ્રહ્મરન્ધ્રમાં (વહેતી), કાલને ભોગવનારી, અમૃતત્વ આપનારી છે.

૧૭ થી ૧૮. (સુષુમ્ણા) ના મૂળમાં (મુખ ઢાંકીને) રહેલી એક વિચક્ષણ શક્તિ (કુંડલિની) છે, જે અસત્ (કુડલિની ચાલનનો જેણે અભ્યાસ નથી કર્યો એવા) પુરુષોને મોક્ષમાં વિઘ્ન ઉત્પન્ન કરનારી છે; દૂંટીની ઉપરના ભાગમાં પ્રાણ, (દૂંટીથી) નીચેના ભાગમાં અપાન, નાભિમંડળમાં સમાન, કણ્ઠમાં ઉદાન અને આખા શરીરમાં ફરતો વ્યાન (આમ કુલ પાંચ) વાયુ વહે છે (જે પાંચ પ્રાણ કહેવાય છે). (એ રીતે) ચામડી વગેરેમાં (ચામડી, રસ, માંસ, હાડકાં અને મજ્જામાં અનુક્રમે) નાગ વગેરે (નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય નામે) પ્રાણ (વહે) છે.

૧૮ (૪) થી ૧૯ માણસોની નાભિના મધ્યમાં ત્રણ કોણવાળો (જાઠર) અગ્નિ આવેલો છે, જ્યારે પંખીઓ અને પશુઓમાં એ (અગ્નિ) ચાર કોણવાળો હોય છે; (હવે) નીચે રહીને પ્રાણ (પીધેલા અને ખાધેલા) પાણી અને અન્નને અગ્નિના ઉપરના ભાગે ચઢાવી, અગ્નિને ફૂંકે છે (પ્રદીપ્ત કરે છે.)

૨૦. ૨૧. એ પ્રદીપ્ત થયેલો (અગ્નિ) અન્નને પચાવે છે. વ્યાન (નામે વાયુ) એ (પચેલા અન્ન) ના (રસ રૂપી) સારને (આખા) દેહમાં મોકલી આપે છે. પ્રાણ શ્વાસોચ્છ્વાસ કાર્ય કરે છે, અપાન (વાયુ) મળ-મૂત્ર વિસર્જન (કર્મ) કરે છે, ઉદાન શરીરના અવયવોને ઉન્નયનનું કાર્ય કરે છે મરણ પછી સૂક્ષ્મ શરીરનું ઉન્નયન પણ આ જ વાયુ કરે છે) સમાન શોષણ વગેરે કર્મ કરે છે; (એજ રીતે) (નાગ) ઉદ્ગારનું, (કૂર્મ) આંખ ઉઘાડ-મીંચ કરવાનું, (કૃકલ) ભૂખ (તરસ) નું, (દેવદત્ત) તન્દ્રા વગેરે લાવવાનું (અને) (ધનંજય ગરમાવો લાવી) શરીરમાં ફેલાવવાનું કર્મ કરે છે.

૨૨. પ્રાણ હલનચલન કરે (શ્વાસોચ્છવાસ પ્રક્રિયા કર્યા કરે) ત્યારે મન પણ ચલાયમાન રહેવાનું જ, (જ્યારે) યોગ-અવસ્થામાં[1] પ્રાણ સ્થિર બની જાય (શ્વાસ-ઉચ્છવાસ પ્રક્રિયા બંધ પડે) તો બંને (પ્રાણ અને ચિત્ત) નિશ્ચલ બનીને રહે છે; (પ્રાણ-મન); બેમાંથી એકનો નાશ થતાં બંનેનો નાશ થાય છે.[2]

૨૩. પ્રાણ અને મન (બંને) જીવિત રહે ત્યાં સુધી જ્ઞાન થાય નહીં. બંનેનો લય થાય તેમ કરવું (જેનાં) આ બે મોક્ષ પામે (પ્રાણ નિરોધ થાય અને સંકલ્પાદિ બંધ થાય) તે જ સાચો યોગી, બીજો કોઈ પણ (યોગી કહેવાય) નહીં.

૨૪. (વધુ) ખાવાથી કે (બીલકુલ) ન ખાવાથી, (ખૂબ) ઉંઘવાથી કે (વધુ) ઉજાગરો કરવાથી (યોગ સુખપ્રદ) નથી થતો, (પણ) ચેષ્ટા, આહાર, નિદ્રા વગેરે યોગ્ય પ્રમાણમાં હોય તેનો યોગ સુખકારક બને છે.[3]

---

૧. योगश्चित्तवृत्तिनिरोधः । મનની સંકલ્પ-વિકલ્પાત્મક વૃત્તિઓ (સદંતર) અટકી જવી, એનું નામ યોગ.

૨. યોગમાં પ્રાણ-મનનો નાશ થતો નથી પણ પ્રવૃત્તિ બંધ થાય છે જ્યારે પ્રાણ-મનનો નાશ એટલે મૃત્યુ. બેમાંથી એકનું મૃત્યુ થાય તો અન્ય જીવિત ન રહે.

3. युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु । युक्तस्वप्नावबोधस्य योगो भवति दुःखहा ॥ (ભ.ગી.૬.૧૭) આ ઉપરાંત द्विभागं पूरयेदन्नैस्तृतीयं च तथाम्बुना । वायुसंचारणार्थाय चतुर्थमवशेषयेत् ॥ જઠરમાં બે ભાગ અન્નથી, એક પાણીથી ભરવો - એક ભાગ વાયુના હલનચલન માટે બાકી રાખવો.

૨૫. ખારું, ખાટું, તીખું, કડવું, લૂખું, દૂષિત અન્નવાળું,[1] શાક (વગેરે ખાનાર), સ્ત્રી ભોગવનાર, અગ્નિથી તાપનાર, અને માર્ગ પર (વધુ) ચાલનાર (તેમજ) યોગનો અભ્યાસ ન હોય તેવો પુરુષ સિદ્ધિ મેળવી શકતો નથી; (જ્યારે) સૂંઠ, સાકર, ઘઉં, ચોખા, સારું (પથ્ય-નમાર, જવ વગેરે) અન્ન, મગ, આંખને હિતકારક શાક, ઘી, દૂધ અને શુદ્ધ પાણી (યોગ માટે) પથ્ય છે.

૨૬ થી ૨૭. દૈવી સંપત્તિવાળા, પોતાના ધર્મમાં રહેલા (કોઈપણ પ્રકારની સંસારની) ચિંતા વિનાના, ગુરુસેવામાં તત્પર (મનુષ્યે) ઉપદ્રવ વિનાની, (ચારેબાજુથી) રક્ષણવાળી પવિત્ર જગ્યામાં નાની મઢુલી (બનાવી) (તેમાં) દર્ભ, (એના પર) મૃગચર્મ (અને એના પર) રેશમી વસ્ત્ર (પાથરી) સમ્યક્ સુખદ આસન પર બેસી, (પૂર્વ, ઉત્તર) દિશામાં મુખ રાખી, ભક્તિ-ભાવપૂર્વક ઈષ્ટદેવને પ્રણામ કરી પ્રાણાયામનો (પુનઃ પુનઃ) સારો અભ્યાસ કરવો.

૨૮ થી ૨૯. (પ્રાણાયામ પદ્ધતિનું વર્ણન કરે છે): ચંદ્રનાડીથી (ડાબી નાસિકાથી), (જમણી નાસિકા જમણા અંગૂઠાથી બંધ કરી) સોળ માત્રામાં[2] વાયુને પૂરી (પૂરક પ્રાણાયામ), ચાર આંગળના અંતરે હૃદયમાં રાખી, ચોસઠ (પૂરકની માત્રાથી ચાર ગણા) માત્રા સુધી કુમ્ભક કરી (વાયુને ફેફસામાં રોકી રાખી) કુમ્ભકના અર્ધાકાલ-સુધીમાં (અર્થાત્ ૩૨ માત્રા થાય ત્યાં સુધીમાં) પેટને પીઠ તરફના ભાગમાં ખેંચીને વાયુને સૂર્ય નાડીથી (જમણી નાસિકાથી)[3] ધીમે ધીમે રેચક કરવો (અર્થાત્ બહાર કાઢવો). ફરી તે (જમણી નાસિકા)થી પીને (વાયુને ઉપર નિર્દિષ્ટ માત્રામાં અંદર ભરી, કુમ્ભક કરી) બીજીથી (ડાબી નાસિકાથી) છોડવો (આ રીતે વારા ફરતી કરવું.)

૩૦. (આ પ્રાણાયામમાં) પ્રતિદિન પાંચનો વધારો કરી (દિવસમાં) ત્રણ સંધ્યા સમયે પ્રાણાયામ કરતાં કુલ એંસી પ્રાણાયામ સુધી પહોંચાય (જે લગભગ) ત્રણ મહિના (થાય) પછી પ્રાણ ઉપર જય પ્રાપ્ત થાય છે અને કેવળ કુમ્ભક સિદ્ધ થાય છે.

૩૧. અહીં (કુમ્ભક ક્રિયા ચાલતી હોય ત્યારે) પ્રણવનું ધ્યાન ધરવું અને બે ભમરની વચ્ચેમાં મનમાં ચંદ્રમંડળનું દર્શન કરવું (જોવાનો પ્રયત્ન કરવો); શરીર હલકું અને દૃઢ બને તે માટે પરસેવો થાય ત્યારે અંગ પર મર્દન કરવું.

૩૨. (શરીરના કફવાત અને પિત્તની) શુદ્ધિ માટે ધૌતિ વગેરે ક્રિયાઓ કરવી અને યોગની સિદ્ધિ માટે અષ્ટ કુમ્ભક અને દશ, મુદ્રાઓ કહી છે (તે કરવી); પ્રાણાયામના આવર્તનોથી તો તે બંને (શુદ્ધિ અને સિદ્ધિ) સાધ્ય બને છે અને એનાથી વળી આરોગ્ય (પ્રાપ્ત થાય છે.)

૩૩ થી ૩૫. સ્વસ્થ, (સુખપૂર્વક) બેસીને મોં બંધ રાખીને, જે રીતે અંતઃપ્રાણ (શરીરની અંદરનો પ્રાણવાયુ) હૃદય, કંઠ અને ગાલ સુધી અવાજ કરે તે રીતે, તેને જમણી નાડીથી છોડવો (રેચક કરવો), ...... (આની રીત એવી) લુહારની ધમણની માફક શક્તિ પ્રમાણે જલદી પૂરક કરી, જલદી રેચક કરી દેવો (એમ વારંવાર કરવું, (હવે) જો એમાં થાક લાગે તો મધ્યમા અને અનામિકા આંગળીથી ડાબી (નાસિકા) બંધ રાખી (જમણી) નાસિકાથી પૂરક વિધિ કરી, પ્રાણવાયુ પીવો (શરીરમાં મોકલવો), (પછી) એનો કુમ્ભક કરી (શરીરમાં રોકી રાખી) જમણી નાસિકા અંગૂઠાથી બંધ કરી ડાબી (નાસિકા)થી ધીમેથી છોડવો (રેચક કરવો), અને એ રીતે પહેલાંની માફક કર્યા કરવું.

૩૬. (આ રીતે) બંને નાડીનો (ભસ્ત્રાવિધિથી) અભ્યાસ અડધા પ્રહર (દોઢ કલાક) સુધી કરી શકાય (એવો અભ્યાસ થાય) તો (કુંડલિની શક્તિ (મૂલાધાર ચક્રમાંથી) જલદી (ઉપર જવા) માર્ગ આપે છે; (આમ) આ ભસ્ત્રા (પ્રાણાયામ વિધિ) બધા દોષનો નાશ કરે છે, રોગ અને પાપને હણે છે, અને (કુણ્ડલિની જાગ્રત કરવાની) સિદ્ધિ આપે છે.

---

૧. આયુર્વેદ શાકને અખાદ્ય ગણે છે. सर्व शाकम् - अचक्षुष्यं चक्षुष्यं शाकपञ्चकम् । શાક આંખને નુકશાન કરે છેઃ પાંચ શાક આંખને હિતકારક છે.

૨. માત્રા એટલે માપ. આ માટે કોઈ મંત્રનો જપ ઉપયોગમાં લઈ શકાય, દા.ત. સોળ વખત ॐ બોલીએ તેટલો સમય પૂરક કરવો, ચોસઠ વખત ॐ બોલીએ તેટલો સમય કુમ્ભક અને બત્રીસ વખત બોલીને રેચક કરવો.

૩. ડાબી નાસિકા મધ્યમા અને અનામિકા આંગળીઓથી બંધ કરવી, જમણી નાસિકા અંગૂઠાથી બંધ કરવી - જમણા હાથનો ઉપયોગ કરવો.

૩૭,૩૮. વજ્રાસનની સ્થિતિમાં બંને પગમાં લિંગ અને નાભિની વચમાં (નવ આંગળ જેટલા) રહેલા કંદને જોર કરીને દબાવી, (પછી) સિદ્ધાસનમાં રહીને ભસ્ત્રિકાથી (પ્રાણાયામ કરી) નાભિને અંદર ખેંચવી; આ રીતે ધીરજપૂર્વક દોઢ કલાક સુધી કરવાનો અભ્યાસ થાય ત્યારે મધ્ય નાડી (સુષુમ્ણા)માં (મૂલાધારમાંથી ઊઠીને) આવેલી (કુણ્ડલિની) શક્તિ ચલાયમાન થાય છે (ઉપર જવા લાગે છે.)

૩૯. (આ પ્રમાણે) શક્તિ કંઈક અંશે ઉપર તરફ (બ્રહ્મરંધ્ર તરફ જવા) ખેંચાવા માંડે એટલે (સુષુમ્ણા) નાડીનું મુખ (મૂલાધાર પાસેનો આરંભનો ભાગ) ત્યજે છે, પછી આપમેળે ઉપર જવા માંડે છે, હવે પ્રાણવાયુએ તેને ચલાયમાન કરવાની રહે છે.

૪૦. (આ રીતે) ચાલીસ દિવસ સુધી જો કુણ્ડલિની શક્તિ ચલાયમાન રહે તો યોગીને બધી જ સિદ્ધિ પ્રાપ્ત થઈ જાય, (અન્યથા) નહીં; (આ સિદ્ધિ મળતાં) રોગમાંથી તેમજ યમરાજથી પણ અભય મળે; નાડીશુદ્ધિ માટે આના સિવાય અન્ય કોઈ (સાધન) નથી.

૪૧. (કુણ્ડલિની) ચલાયમાન બને, (સાથે) જીભ જો બદ્ધ રહે તો રાજયોગનું સ્વરૂપ આપનાર પ્રાણ પણ સિદ્ધિને આપતો, ઉપર (બ્રહ્મરન્ધ્ર તરફ) જવા માંડે છે.

૪૨. (આ સિદ્ધિ મેળવવા) જીભની (નીચે આવેલી) મૂળ શિરા (નસ) ને એક (નાના) રોમ જેટલી કાપી નાખે, સૈન્ધવ ચૂર્ણ એના પર ઘસવું પછી જીભને ચલાયમાન કરવી અને એનું દોહન કરવું.

૪૩. પ્રતિદિન છેદન વગેરે કર્મથી, જીભ ભ્રૂમધ્ય (આજ્ઞાચક્ર) તરફ આગળ વધે છે અને આમ કરતાં છ માસના અભ્યાસથી જીભની નીચે આવેલ શિરાબંધ અદશ્ય થઈ જશે.

૪૪. હવે જીભને નિમ્નમુખવાળી ગોઠવવામાં આવે તો ભ્રૂમધ્ય દ્વારા અથવા ઈડા, પિંગલા અને સુષુમ્ણા દ્વારા આજ્ઞાચક્રમાં વિચરણ કરતી બને, જેને ખેચરી મુદ્રા તરીકે ઓળખવામાં આવે છે; આમ થતાં અમૃત-રસ-સ્વાદની પ્રાપ્તિ થાય છે અને પ્રાણ તથા મન પર જય મળે છે.

૪૫. એના (આ યોગીના) મન સાથે જીભ આજ્ઞાચક્રમાં વિચરણ કરે છે અને એને કદી પણ વિષ-પીડા, રોગ, વૃદ્ધાવસ્થા, ભૂખ, તરસ, નિદ્રા, તંદ્રા, મૃત્યુ ક્રિયા સ્પર્શ કરતાં નથી (આ બધાંથી એ પર બની જાય છે).

૪૬. સ્ત્રીને આલિંગન આપવા છતાં આ (યોગી)ના વીર્યનું સ્ખલન થતું નથી, (પણ) એનું ઊર્ધ્વીકરણ થાય છે, કદાચ જો (વીર્ય) ચલિત બને તો વજ્રોલીથી બદ્ધ થઈ બ્રહ્મરંધ્રમાં જાય છે અને તે ભોગી હોવા છતાં (સ્ત્રીભોગ ભોગવનાર) મુક્ત બને (મુક્તિ પામે) છે.

૪૭. (યોગીના) તાળવાના અંદરથી અમૃત ઝરે છે, તેને જઠરાગ્નિ (અર્ક) ખાઈ જાય છે ! (ત્યારે) વૃદ્ધાવસ્થા નષ્ટ થાય છે. હવે નીચે મસ્તક અને ઉપરના ભાગમાં પગ (શીર્ષાસન)ની સ્થિતિમાં રહેવું; ધીમે ધીમે આહાર પણ વધે છે.

૪૮. એક પ્રહર સુધી આ વિપરીત (અવસ્થામાં રહેવાની) સિદ્ધિ વિલક્ષણ ઈષ્ટ ફળ આપનારી, (શરીરની ચામડીની) કરચલીઓ, સફેદવાળ, અને (શરીરના) કંપનો નાશ કરનારી, મૃત્યુનો નાશ કરનારી અને અમૃત આપનારી બને છે.

૪૯. લિંગ પર ડાબા પગની ઘૂંટી રાખી, બીજો પગ હથેલીમાં ફેલાવેલો (આનાથી) ક્ષય, ગુલ્મ આદિ રોગ નાશ પામે છે. (આ મહા મુદ્રા જાણવી)

૫૦. ઉપર પ્રમાણે પહોળા કરેલા પગને ઊરુ પર રાખી કુંભક પ્રાણાયામ કરનાર ક્લેશમુક્ત, જ્ઞાનસંપન્ન બને છે, આ કુંભકમાં નાભિમાં પ્રાણ રોકનારને રોગનો સ્પર્શ થતો નથી.

૫૧. (આ પ્રાણાયામમાં) નાસિકાના અગ્રભાવે પ્રાણ ધારણ કરવાથી મનોજય, પગના અંગુઠામાં (પ્રાણ રોકવાથી) શરીરનું હલકાપણું, ભ્રૂકુટીના મધ્યમાં (પ્રાણ રાખવાથી) અમૃતપ્રાપ્તિ અને પેટનાં બંને પડખામાં રાખવાથી આરોગ્ય પ્રાપ્ત થાય છે.

૫૨. (પ્રાણને) દાંતમાં (રાખવાથી) વિષમજ્વર મટે છે, જીભથી વાયુપાન કરવાથી શ્રમ, તૃષા, વ્યાધિ, બળતરા વગેરે મટે છે અને વાણી કલ્યાણકારક બને છે અને અમૃતનું પાન કરાય છે.

૫૩. મુખકાંતિમાન બને, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, (શરીરની) નાડીઓ શુદ્ધ થાય, (દેહ) નિરોગી બને, નાદ સુસ્પષ્ટ થાય, નેત્રો નિર્મળ બને અને વીર્ય (સ્ખલન) પર કાબૂ આવે ત્યારે (યોગમાં) સિદ્ધિ પ્રાપ્ત થાય છે. (અર્થાત્ યોગ સિદ્ધિ મળતાં આ સર્વ-મુખકાંતિ વગેરે પ્રાપ્ત થાય છે.)

# પહેલા અષ્ટકનો આઠમો અધ્યાય
## યોગકથન

૧. આ ઉત્તમ (શ્રીદત્ત સ્વરૂપ)ની જે ભક્તિ કરે છે, તેનો કેવળ કુંભક[૧] (પ્રાણાયામ) સિદ્ધ થાય છે; તેને અહીં (જગતમાં) કશું દુર્લભ નથી, તેમજ તે કોઈનાથી પણ જીતી શકાય નહીં એવો બને છે.

૨. આ દેહમાં પગથી માંડીને મસ્તક સુધીમાં ચૌદ લોક રહેલા છે; મન પરના સંયમ દ્વારા (શ્રીદત્તની ભક્તિથી મનોનિગ્રહ સિદ્ધ થાય છે) (દેહના) તે તે અવયવોમાં તે તે (ભિન્ન ભિન્ન) લોકનું જ્ઞાન થાય છે, એમ કહેવાય છે.

૩. આંખની કીકીમાં પદાર્થનું જ્ઞાન, નાસિકાની ટોચ પર ઈન્દ્રલોકની જાણકારી, તેનાથી નીચેના ભાગમાં અગ્નિ લોક અને બંને આંખમાં સર્વલોક જાણી શકાય છે.

૪. કર્ણમાં યમલોક અને તેની બાજુમાં (પાછળ) નૈર્ઋતનું જ્ઞાન થાય છે, પીઠમાં વરુણલોક અને શ્રુતિ (કાન) માં વાયુલોકની જાણકારી થાય છે.

૫. કણ્ઠમાં કુબેરલોક, ડાબી આંખમાં શિવલોક, જમણી આંખમાં પરમ (વિષ્ણુ) લોક અને મસ્તકમાં બ્રહ્મલોકની જાણકારી થાય છે.

૬. તે તે પ્રાણીના અવાજમાં તે તે ભૂતનું જ્ઞાન અને કર્મ પૂર્વની (તેની) જાતિનું જ્ઞાન, અને બીજાના ચિત્તમાં તેની ચિત્તની વૃત્તિઓનું સ્ફુટ જ્ઞાન થાય છે.

૭. સૂર્ય અને ચંદ્રમાં તે-તે લોક અને નક્ષત્રનું જ્ઞાન, ધ્રુવના તારામાં તેની ગતિનું દર્શન, સ્વાર્થમાં પુરુષનું જ્ઞાન અને વીર્યમાં મારુત આદિના બલનું જ્ઞાન થાય છે.

૮. શરીરના રૂપમાં અદૃશ્ય થવાનું જ્ઞાન અને નાભિથી શરીરની રચનાનું જ્ઞાન થાય છે; વળી ગળામાં (વર્તમાન સહિત) ભૂતકાલ અને ભવિષ્યકાલનું જ્ઞાન તેમજ ધર્મ અને અધર્મનું જ્ઞાન થાય છે.

૯. કૂર્મ નાડીમાં ક્ષુધા-તૃષાનો અભાવ, ઓંકારમાં સ્થિરતા અને સિદ્ધ દૃષ્ટિ, (યોગીના) શરીરના આકાશતત્ત્વમાં મહાકાશની ગતિ, અને (શરીરના) તે તે (સ્થાનો)માં તે તે (મહિમા આદિ) સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

૧૦ થી ૧૨. ઈન્દ્રિયોના પદાર્થો (વિષયો)માંના વિચરણને બળપૂર્વક ખેંચી લેવું તે પ્રત્યાહાર પાંચ પ્રકારનો છે. આત્માનુસારી દૃષ્ટિ, કર્મફળનો ત્યાગ, ઈન્દ્રિયોને વિષયોમાં રસ ન હોવો તે, મર્મજ્ઞાન અને મનની સ્થિરતા. (એ જ પ્રમાણે) ધારણા પણ પાંચ પ્રકારની છે. મન અને પ્રાણની ધારણા, મન અને બુદ્ધિની ધારણા, અધ્યાત્મ ધારણા, પૃથ્વી વગેરે (પંચ મહાભૂતોમાં)માં તેની તેની મૂર્તિની ધારણા અને હૃદયાકાશમાં અન્ય આકાશની ધારણા.

ધ્યાન : ધ્યાન માટે ભગવાન દત્તાત્રેયના સગુણ-સ્વરૂપનું વર્ણન શ્લોક ૧૩ થી ૨૦ સુધી કરવામાં આવ્યું છે.

---

૧. बाह्यायन्तर विषयाऽऽक्षेपी चतुर्थः । पा.यो. २.५१. પૂરક, કુંભક અને રેચક પ્રાણાયામ સિદ્ધ થયા પછી, પ્રાણ-નિરોધ-શક્તિ એટલી બધી વધી જાય છે કે રેચક (બાહ્ય) અને પૂરક (આભ્યન્તર) પ્રાણાયામ કર્યા વિના જ (આક્ષેપી એ બેનું-રેચકપૂરકનું-ઉલ્લંઘન કરી) કેવળ કુંભક પ્રાણાયામ (चतुर्थः - ચોથા પ્રકારનો) સિદ્ધ થાય છે. ટેંબેસ્વામિશ્રી કહે છે કે પ્રાણાયામનો લગીરે અભ્યાસ ન કર્યો હોય તો પણ શ્રીદત્તની ભક્તિથી આ પ્રાણાયામ આપોઆપ સિદ્ધ થાય છે.

૧૩ થી ૨૦. વજ્ર, અંકુશ, ધજા અને કમળના ચિહ્નોથી યુક્ત, લાલ કમળની આભા ધરાવતા પગના તળિયાંવાળા, નખના માણેક જેવા તેજથી ભક્તના હૃદયના (અજ્ઞાન-રૂપી) અંધકાર રાશિનો નાશ કરનારા, (પદ્માસન વાળેલું હોઈ), બંને પગની) ઢંકાયેલ ઘૂંટીઓવાળા, કાચબાની પીઠ જેવા ચળકતા પગના ઉપરના ભાગવાળા (બંને પગના) ઘૂંટીથી ઘૂંટણ સુધીના પુષ્ટ, અને વિશાળ ભાગવાળા માંસલ નિતંબોવાળા, પહોળી શ્રોણી ધરાવતા, સુંદર (ઊંડા આવર્તવાળી) નાભિવાળા, લતાની પાંખડી જેવા ઉદરવાળા, દરવાજા જેવા પહોળા વિશિષ્ટ અવયવો પર સ્થિત (વિશાળ) વક્ષઃસ્થળવાળા, સાપ જેવી લાંબી (અને) માંસલ ભુજાઓવાળા, સારાં (મહાપુરુષનાં) લક્ષણોથી અંકિત હથેળીવાળા, શંખ જેવા (ત્રિવલિયુક્ત) કંઠવાળા, મંદ હાસ્ય વેરતા મુખવાળા, સ્નિગ્ધ અને શ્વેત નેત્રવાળા, હાલતી ભૂખરી જટા ધારણ કરનારા, ચંદ્ર જેવી કાંતિવાળા, સામર્થ્યસંપન્ન, કાળી ભમરો-દાઢી-આંખની કીકીવાળા, સ્વાભાવિક રીતે જ નિર્મળ દંતાવલીથી છવાયેલ પ્રસન્ન મુખકમળવાળા, સિંહાસન પર વિરાજમાન, વર અને અભય[1] આપતી (મુદ્રાથી યુક્ત) પવિત્ર હથેળીઓવાળા, પ્રતિક્ષણ પોતાના ભક્ત પાસે સ્મરણ કરતાં બરાબર દોડી જનારા, **ઈશ્વર** (અખિલ વિશ્વ પર સત્તાવાળા), મનમાં રહેલ અનુગ્રહ (કૃપા-દયા)રૂપી ચંદ્રની જાણ જેની સ્મિતરૂપી ચાંદનીથી થાય છે તેવા, સદા અખંડ સમાધિમગ્ન, દિશાઓરૂપી વસ્ત્રવાળા, આહ્લાદક સ્વરૂપવાળા શ્રીદત્તાત્રેય (ભગવાન)નું પગથી માંડી હૃદય-મુખ સુધીનું (આ સ્વરૂપનું)-સમાહિત અને બધી વૃત્તિઓમાંથી નિવૃત્ત થયેલા-યોગીએ ધ્યાન ધરવું જોઈએ.

૨૧. આ ધ્યાન ચિત્-આત્મ સ્વરૂપે (પરમાત્માએ) સ્વચ્છાએ ધારણ કરેલા સગુણ સ્વરૂપનું (દત્તાત્રેય) નું છે; (જ્યારે) સત્-ચિત્-આનંદમય હાસ્ય એ પરમ નિર્ગુણ સ્વરૂપ છે.

૨૨ થી ૨૩. જેમાં ધ્યાતા, ધ્યાન અને ધ્યેય - ત્રણે વિદ્યમાન રહે, એ **સવિકલ્પક સમાધિ** કહેવાય, (પણ) આ (ધ્યાતા-ધ્યાન-ધ્યેયરૂપી) ત્રિપુટી વિનાની, પરિપૂર્ણ આનંદસ્વરૂપ, શુદ્ધ (માયાવર્જિત) ચિત્સ્વરૂપી, જીવાત્મા અને પરમાત્માના ઐક્યની અવસ્થામાં તે **પર અથવા નિર્વિકલ્પ સમાધિ** છે. પાછળથી (સમાધિ છૂટતાં) (અનુભૂતિના) સ્મરણથી[3] જેનું અનુમાન થાય છે તે આત્મ-વિષયક વૃત્તિઓ એ સમાધિની અનુગામી બને છે.

૨૪. (આ નિર્વિકલ્પ સમાધિમાં) પ્રાણ મન સાથે અભ્યંતરમાં લીન થઈ જાય છે (મન અને પ્રાણનો અંતઃકરણમાં જ લય થાય છે, બહાર નીકળી જતાં નથી), દૃષ્ટિ સ્થિર બને છે, બાહ્ય વિષયો પ્રતિ (યોગી) જોતો નથી; (યોગીની) આ મુદ્રા[4] વૈષ્ણવી (કહેવાય) છે, (દેહ વગેરેથી) શૂન્ય છે અને શૂન્ય લક્ષ્મ (ચિહ્નવાળા વૈષ્ણવ) પદ[5] ને આપનારી છે.

---

૧. वामहस्तेन वरदः दक्षिणेनाभयप्रदः । ભગવાન ડાબા હાથથી વરદાન (આશીર્વાદ) આપે છે, જમણા હાથથી અભય આપે છે ઉદા. પૂ. રંગ અવધૂતજીએ કુંભારિયાથી પાછા ફરતા હતા ત્યારે ભેગા થયેલા ભક્તોને (એક ફોટામાં જોવા મળશે) ડાબો હાથ ઉંચો કરી આશીર્વાદ આપેલા છે; તેમજ એમના દેહનો અગ્નિસંસ્કાર થયો પછી ચિતામાંથી ડાબો હાથ બહાર કાઢી ભક્તો તરફ આશીર્વાદની મુદ્રામાં લંબાવ્યો હતો.

૨. आसेचनकमूर्तिम् - એટલે જેના દર્શનથી પ્રાપ્ત તૃપ્તિનો (આહ્લાદનો) કદી અંત ન આવે (સદા) દર્શન કર્યા જ કરીએ એવું સ્વરૂપ.

૩. સમાધિ ઉતરતાં 'હું આટલો સમય સમાધિમાં હતો', એવું સ્મરણ થાય છે; 'મેં આ અનુભવ કર્યો' એવી આત્મ વિષયક વૃત્તિ (સમાધિના ઉત્તર-કાલે) ઉદ્દભવે છે.

૪. मुद् राति इति मुद्रा (જે આનંદ આપે તે મુદ્રા.)

૫. पद्यते (અર્થાત્) गम्यते अनेन - જેનાથી પહોંચાય છે તે पद કહેવાય.

૨૫. તેનાથી (ઉપર વર્ણવેલી વૈષ્ણવી મુદ્રાથી) યુક્ત (યોગી) દઢ આસન[1] પર આરૂઢ થઈ, કાણાં બંધ કરી[2] તે સમાધિમાં જોડાયેલા (યોગી)એ[3] ત્રણ ગ્રંથિ ભેદનાર અતિસૂક્ષ્મ (વંશીનાદ જેવા) નાદ (અનાહત નાદ)નું જમણા કાનથી શ્રવણ કરવું.

૨૬. દષ્ટિ અડધી ઉઘડેલી રાખી, સ્વમાં સ્થિત રહી, નાસિકાથી ટોચ પર આંખ ઠેરવી, સૂર્ય-ચંદ્ર (નાડી)ને લીન કરી (અર્થાત્ શ્વાસોચ્છ્વાસ બંધ કરી) જિતેન્દ્રિય (યોગી)એ બાહ્યાભ્યન્તરરહિત તે પરમતત્ત્વનું ધ્યાન ધરવું.

૨૭. આ પ્રમાણે (યોગીએ) યોગના વારંવાર અભ્યાસથી અને ખેચરી[4] મુદ્રાથી પણ મનને (દઢપણે) સુસ્થિર કરનારી મનોન્મની (નામની) અવસ્થા સાધ્ય કરવી.

૨૮. (કુંડલિની) શક્તિની મધ્યમાં મનને રાખી, અને શક્તિને મનમાં પ્રવિષ્ટ રાખી, મનથી જ મનને જોનાર યોગી હંમેશાં સુખી બને છે.

૨૯ થી ૩૦. આકાશ (હ્રદયાકાશ)માં આત્મા અને આત્મામાં આકાશને રાખી (વિશ્વનું) બધું આકાશમય કરી બીજા કશાનો પણ વિચાર ન કરતાં, બાહ્યચિંતા ન કરતાં તેમજ આભ્યંતર ચિંતાનો ત્યાગ કરી, સંપૂર્ણ તથા ચિંતામુક્ત બની જલદીથી પરમતત્ત્વના ચિત્સ્વરૂપની[5] ભાવના કરવી.

૩૧. જેમ કપૂર અગ્નિમાં, મીઠું સમુદ્રમાં કે આકાશ અન્ય આકાશમાં લય પામે, તેમ યોગ દ્વારા આ રીતે લીન બનેલું મન બ્રહ્મમાં લય પામે છે.

૩૨. જ્ઞેય વસ્તુ, સર્વ પ્રકારનો અનુભવ - એ જ્ઞાનને જ મન કહે છે; જ્ઞાનવસ્તુના પરિત્યાગ દ્વારા મનનો (સંપૂર્ણ) લય થાય છે અને ત્યારે અમૃતત્વ (મોક્ષ) જન્મે છે.

૩૩. યોગ અને જ્ઞાન - એ બે મનના નાશ (લય) પછીથી (અનુભવાતા) ક્રમ છે; યોગ એટલે મનની વૃત્તિઓનો નિરોધ અને જ્ઞાન એટલે સંપૂર્ણ દર્શન (અનુભૂતિ).

૩૪. ચિત્તવૃત્તિઓનો નિરોધ મનની ચંચળતા શાંત કરે છે (મનને વિભિન્ન વિષયોમાં ભટકતું અટકાવી શાંત કરે છે) અને મનની ચંચળતા શાંત થતાં આ સંસારનો વિલય થાય છે (સંસારનું વળગણ છૂટી જાય છે.)

૩૫ થી ૩૭ શાસ્ત્રો અને સંતોના (સતત) સંપર્કથી, (એ સંપર્કથી જન્મેલા) વૈરાગ્યથી, (વારંવાર મનને સ્થિર કરવાના) અભ્યાસ - યોગથી, ધૈર્ય રાખી, (સતત એક) આસનની સ્થિતિથી, બળપૂર્વક પૂર્વ (જન્મોની) ની વાસનાઓને ક્ષીણ કરવાથી, સદ્દભક્તિથી, ભગવાનનું ધ્યાન ધરવાથી, લાંબા સમય સુધી એકાંતમાં રહેવાના આનંદથી, ખિન્નતા વિના પ્રાણાયામના અભ્યાસથી, એકમેવ પરમતત્ત્વનું ચિંતન કરવાથી, ઘટિકાના ક્રમપૂર્વક ઉચ્ચ સ્વરે લંબાવીને જીભથી ૐકારનું ઉચ્ચારણ કરવાથી, અને કુંડલિની શક્તિને (સુષુમ્ણા માર્ગે ષટ્ચક્ર ભેદન માટે) સંચાલિત કરવાથી પ્રાણ અને મનની ચંચલતાનો નિરોધ કરાય છે.

---

૧. દઢાસન ગુદાપર એક ઘૂંટી, વૃષણ પર બીજી ઘૂંટી રાખી જીતેન્દ્રિય થઈ બેસવું, તે દઢાસન કહેવાય છે.

૨. બે અંગૂઠાથી બે કાન, બે તર્જનીથી બે આંખ, બે મધ્યમાથી બે નાસિકા અને બે અનામિકાથી મુખ બંધ કરવાં આ રુદ્ધબિલ કહેવાય છે.

૩. ब्रह्मविष्णु रुद्राख्याः तिस्रः गन्थयः

૪. જીભની નીચેની મૂલશિરાને ફક્ત રોમમાત્ર કાપી, હરડે-સીંધવનું ચૂર્ણ ઘસવું - આ પ્રમાણે સાત દિવસ કરવું; છ માસે શિરાબંધનો નાશ થતાં ખેચરી મુદ્રા સિદ્ધ થાય છે (પણ આ યોગનો વિષય છે, એ ધ્યાન રાખવું) खे (હવાકાશે) चरति इति खेचरी.

૫. चिन्मयम् परम् - પરબ્રહ્મના વિધેયાત્મક ગુણો: આનંદ, વિજ્ઞાન, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, સત્ય વગેરે છે; જ્યારે નિષેધાત્મક ગુણો અદૃશ્ય, અગ્રાહ્ય, અગોત્ર, અચક્ષુ, અશ્રોત્ર વગેરે છે - આ ગુણો ચિન્મય શબ્દથી સમજવા.

૩૮. જ્ઞાની પુરુષે મનોવૃત્તિને બીજા વિષયમાં લઈ જવી નહીં (પરંતુ) ઉપર કહ્યા પ્રમાણેનો અભ્યાસ કરી, તે વિષ્ણુના પરમપદની અનુભૂતિ કરવી.

૩૯. નાસિકાની ટોચ પર સ્વચ્છ આકાશમાં બાર આંગળ સુધી શાંત બનેલી જ્ઞાનદૃષ્ટિ થાય એટલે મન અને પ્રાણના સ્પન્દન (ચંચળપણા)નો નિરોધ (શક્ય) છે.

૪૦. અંત આવતાં ભ્રુકુટિના મધ્યભાગમાં તારકદૃષ્ટિ નાશ પામતાં ભ્રૂમધ્ય અને આત્મા બદ્ધ થતાં મન અને પ્રાણના સ્પન્દનનો નિરોધ થાય છે.

૪૧. (આ વિશ્વમાં) જે કંઈ જ્ઞાન કે જ્ઞેય સ્વરૂપ કલ્યાણકારક ઉદ્‌ભૂત થયું છે, તે નિર્વિકલ્પ ૐકાર જ છે, એવી ભાવના કરવી; તેનાથી (પણ) પ્રાણનો નિરોધ (શક્ય) બને છે.

૪૨. લાંબા સમય સુધી બુદ્ધિથી એકાન્તસેવન કરતાં, આકાશ જેવી દૃઢવૃત્તિથી અને વાસનારહિત મનની ધીરજથી સહેલાઈથી પ્રાણનો નિરોધ થાય છે.

૪૩. આ રીતે અથર્વશિરસે ઉપદેશેલો યોગ અહીં સંક્ષેપમાં રજૂ કર્યો છે; જો એનો વિશેષપણે અભ્યાસ (જ્ઞાન) કરવાની અપેક્ષા હોય તો મૂળ ગ્રન્થનું અવલોકન કર.

૪૪ થી ૪૬. બ્રહ્મરન્ધ્રમાં ગયેલો પ્રાણ બે પળ અને પાંચ વિપળ સુધી (ત્યાં) લીન થયેલો રહે તો તે **પ્રાણાયામ** (કહેવાય); એનાથી આગળ વધે (વધુ સમય લીન થયેલો રહે) લો તે પ્રત્યાહાર (કહેવાય) - જે પચીસ પળ સુધી રહેતાં ઈન્દ્રિયોના વિષયોનું જ્ઞાન લય પામે (વિષયજ્ઞાન વિદ્યમાન ન રહે); પાંચ નાડી સુધી જો પ્રાણાયામ ટકે તો **ધારણા** (સિદ્ધ થાય) અને સાઠ (૬૦) ઘડીના પ્રાણાયામથી ધ્યાન (ની સિદ્ધિ નીપજે), બાર દિવસ સુધી (બ્રહ્મરન્ધ્રમાં પ્રાણલય) સાધ્ય બને તો (જે યોગમાં) પરમ દુર્લભ (ગણાય છે તે) **સમાધિ** (સિદ્ધ થાય છે), જે વાસનાના સમૂહને હણનાર સર્વ (પાપ-પુણ્યરૂપી) કર્મનો અંત લાવનાર **ધર્મમેઘ** કહેવાય છે.

૪૭. ખરેખર દશ પ્રકારના **યમ**, દશ પ્રકારના **નિયમ** અને **આસન** વગેરે છ (અંગ-આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ)ના સમૂહથી આ **અષ્ટાંગ** (આઠ અંગવાળો) **યોગ** કહેવાય છે.

૪૮. શ્રેષ્ઠ યોગી આ અષ્ટાંગયોગ દ્વારા મનોનાશ અને તત્ત્વજ્ઞાન દ્વારા (પૂર્વજન્મોની અને આ જન્મની) વાસનાઓને ક્ષીણ કરી નાખી મુક્તિ મેળવે છે.

૪૯. 'યોગ એટલે મનની વૃત્તિઓનો નિરોધ' એવું મહર્ષિ અથર્વે અહીં કહ્યું, એ જ બાબત સરલતાથી સૂચિત કરે છે કે આ યોગ (મહર્ષિ પતંજલિ પ્રણીત) **પાતંજલ** નામે છે.

૫૦. આ 'મનોવૃત્તિનો નિરોધ' નામનો (યોગ) સુખ આપનાર અને સર્વ (યોગીઓથી) સન્માનિત છે; અહીં (એ કહેવાનો) પ્રસંગ ઊભો થતાં સંક્ષેપમાં જ્ઞાનસિદ્ધિ માટે કહેવાયો છે.

# બીજા અષ્ટકનો પહેલો અધ્યાય

## યોગવિવરણ

૧. **ચિત્તની સાત્ત્વિક વૃત્તિઓ સિવાયની, બીજી વૃત્તિઓના નિરોધને યોગ કહે છે;[૧] યોગ બે છેઃ સંપ્રજ્ઞાત[૨] અને અસંપ્રજ્ઞાત,[૩] જે ચિત્તના ધર્મો (કહેવાય) છે; મૂઢા (નિદ્રા, આલસ્ય, પ્રમાદવાળી - આસુરી), ક્ષિપ્રા (ઈન્દ્રિયોના વિષયો સાથેના સંપર્કથી ઉત્પન્ન થતી દૈવી) વિક્ષિપ્રા (કોઈ વાર વૈરાગ્યયુક્ત તો કોઈ વાર વિષયાસક્તિ), ઐકાગ્ર (બીજી વૃત્તિઓનો અભાવ), વિનિરુદ્ધા (સર્વવૃત્તિશૂન્યતા) - આમ (યોગની) પાંચ ભૂમિકા છે; તેમાંની પહેલી ત્રણ તો બંધ જ (ઊભો કરે), જ્યારે છેલ્લી બે ઈશ્વરની સેવા[૪] કરનાર યોગીઓને મુક્તિ (આપવા) માટે છે. એકરૂપ (બનેલા) દ્દષ્ટાની શાંત, ઉગ્ર અને મૂઢ આ(ત્રણ) સાત્ત્વિક વૃત્તિઓ[૫] વિનાના ચિત્તમાં આત્મસ્વરૂપમાં જ સ્થિતિ રહે છે; જ્યારે (આ વૃત્તિઓવાળું ચિત્ત હોય) બીજી રીતે હોય (ચિત્ત વૃત્તિમત્ત્વ) તો (તેના ચિત્તમાં) વૃત્તિસારૂપ્ય હોય છે.**

**૪ થી ૬. આ વૃત્તિઓ ક્લિષ્ટ અને અક્લિષ્ટ એવા બે ભેદથી પાંચ પ્રકારની પ્રમાણિત બની છે. તેમાં પહેલી શબ્દ, અનુમાન અને પ્રત્યક્ષ પ્રમાણ-રૂપી છે; બીજી વિપર્યયા નામની છે, જે (રજ્જુ-સર્પ-વત્) 'જે નથી તે સ્વરૂપની પ્રતિષ્ઠા-રૂપી'[૬] અર્થાત્ મિથ્યાજ્ઞાન રૂપી છે, અને (તેથી) ક્લેશવાળી છે. ત્રીજી (સસલાના શૃંગ જેવી) વસ્તુશૂન્યા[૭] (વસ્તુના અભાવવાળી) શબ્દ-જ્ઞાનાનુપાતી વિકલ્પકા છે; ચોથી અભાવના જ્ઞાન પર આધાર રાખનારી તમોગુણ પ્રચુર નિદ્રા છે,[૮] (જ્યારે) પાંચમી અનુભૂત અસ્તેયરૂપા સ્મૃતિ નામે છે; (વૈરાગ્ય અને અભ્યાસથી) તેમનો - પાંચ વૃત્તિઓનો- નિરોધ કરવો - (તેને યોગ કહે છે)**

---

૧. જ્યારે બહારનું દશ્ય ચિત્ત પર પહોંચી જાય, ત્યારે ચિત્ત એક નવીન આકારવાળું બની જાય છે; આ આકારને વૃત્તિ કહે છે; આવી અનેકાનેક વૃત્તિઓનો લય થાય, તે અવસ્થાનું નામ યોગ योगश्चित्तवृत्तिनिरोधः । પા.યો.૧.૨. તત્ત્વદર્શનમાં પણ યોગ ઉપકારક છેઃ सम्यग्दर्शनाभ्युपायो योगः । શ્રુતિ એનું પ્રમાણ છે.

૨. જે અવસ્થા પદાર્થના સત્ય સ્વરૂપને પ્રતીત કરાવે, ક્લેશોને દૂર કરે, બંધનો ઢીલાં કરે અને નિરોધની નજીક લઈ જાય તે યોગની અવસ્થા સંપ્રજ્ઞાત કહેવાય છે (એકાગ્રવૃત્તિ).

૩. જે અવસ્થામાં ચિત્તમાં કોઈ વૃત્તિ રહેતી નથી. એકાગ્રવૃત્તિ પણ રહેતી નથી તે ચિત્તની નિરુદ્ધ અવસ્થા છે, જેનું નામ અસંપ્રજ્ઞાત છે.

૪. ईश्वरप्रणिधानाद् वा (પા યો. १-२३).

૫. વૈરાગ્ય, ક્ષાંતિ, ઔદાર્ય - આદિ શાંત વૃત્તિઓ છે; કામ, ક્રોધ લોભ - આદિ ઉગ્રવૃત્તિઓ છે; આળસ, ભ્રાન્તિ, તંદ્રા - આદિ મૂઢ વૃત્તિઓ છે.

૬. अतद्रूपप्रतिष्ठम्- રજ્જુ એ तद्रूप (सत्-रूप), સર્પ अतद्रूप (જે નથી તે રૂપ - असत् - रूप) - એ अतद्रूप માં જેની પ્રતિષ્ઠા છે તે 'મિથ્યાજ્ઞાનરૂપી' વૃત્તિ.

૭. જેનું કેવલ શબ્દથી જ જ્ઞાન થાય પણ વસ્તુ હોય જ નહીં, જેમકે સસલાનું શિંગડું (જે છે જ નહીં)

૮. ગાઢ નિદ્રા પછી જાગતાં મનુષ્ય કહે 'હું સુખથી ઊંઘ્યો!' આ અનુભવ ન થયો હોય તો માણસને જાગ્યા પછી એ જ્ઞાન વિદ્યમાન ન રહે. જ્ઞાનનો અભાવ નથી પણ સ્વપ્ન-જાગ્રતનો અભાવ છે એ નિદ્રા વૃત્તિ.

૭ થી ૮. એમાં વૈરાગ્ય અને અભ્યાસ - એ બે માં, રજોગુણ (અને એજ રીતે ઉપલક્ષણાથી તમો ગુણની) વૃત્તિઓ વિનાની મનની સ્થિતિમાં યમ આદિ આઠ અંગવાળા યોગના અનુષ્ઠાનરૂપ પ્રયત્નને **અભ્યાસ** કહે છે. હવે આ અભ્યાસનું લાંબા કાળ સુધી (બ્રહ્મચર્યથી)[1] સત્કારોથી સેવન થાય, તો તે નિત્ય દૃઢ બને છે અને (વિઘ્નો વગેરેથી) પરાજિત થતો નથી, બ્રહ્મચર્ય શ્રદ્ધા, વિદ્યા, તપ આદિ સત્કારો છે.

૯ થી ૧૧. (અહીંથી વૈરાગ્યનું વર્ણન છે)[2] (રાગ-દ્વેષ વગેરે) ચિત્તના **મલનો નાશ**, ઈચ્છા, આસક્તિરૂપી મલ જેમાં નાશ પામ્યો છે એવો નિશ્ચય, જે વ્યતિરેક નામે પણ ઓળખાય છે, અંતઃકરણમાં લયની ઉત્કંઠા, જે **ઈન્દ્રિયસંજ્ઞક** પણ (કહેવાય) છે, દૃશ્ય (આ લોક) અને અદૃશ્ય (પરલોક)ના વિષયભૂત પદાર્થોની તૃષ્ણાનો નાશ, જે **વશીકાર** પણ કહેવાય છે; આ **ચાર** પ્રકાર (બે પ્રકારના વૈરાગ્યમાંથી) પ્રથમ વૈરાગ્યના (પેટા) પ્રકારો છે. જ્યારે (વૈરાગ્યનો) બીજો (પ્રકાર) તે, પુરુષના જ્ઞાનના મૂળમાં રહેલા ગુણોની **તૃષ્ણાનો અભાવ**, જે ઉત્તમ છે. **વિતર્ક** એટલે સ્થૂલની એકાગ્રતાનું સંપાદન, વિચાર એટલે સ્થૂલ વિષયના સત્ત્વ-પ્રત્યક્ષ જ્ઞાનની મતિ (આ બીજા પ્રકારનો વૈરાગ્ય આ વિતર્કાદિથી અનુગૃહીત હોય છે)

૧૨. (બુદ્ધિનું) પુરુષ સાથે ઐક્ય થાય, તેનાથી અસ્મિતા યોગ, તેના ધ્યાનમાંથી જન્મતું જ્ઞાન, આ ત્રિપુટીથી વિતર્ક વગેરે પરિપક્વ બને છે, અને એના સંબંધ (સંપર્ક)થી સંપ્રજ્ઞાત યોગની સિદ્ધિ થાય છે.

૧૩. (ચિત્તની) વૃત્તિઓના અભાવમાં જે **વિરામ** જન્મે, તેનું પ્રમાણભૂત જ્ઞાન તે પરમ વૈરાગ્ય (કહેવાય) તેના અભ્યાસ વગેરેરૂપી સાત્ત્વિક સંસ્કારવિશેષ (જેમાં) એ **અસંપ્રજ્ઞાત** યોગ કહેવાય છે.

૧૪. આ (અસંપ્રજ્ઞાત યોગ) વિદેહ (યોગ ભ્રષ્ટ)[3] અને પ્રકૃતિલય (યોગભ્રષ્ટ)[4] ના પુનર્જન્મનું કારણ બને છે; એ બંને એ (અનુક્રમે) (દેહાદિ અભિમાન તોડી) ઈન્દ્રિયો, ભૂત, તન્માત્રા, મહત્, અહંકારાદિ સાક્ષાત્ કરી ચૂક્યાં હોઈ (પુનર્જન્મમાં આરંભથી જ) આત્મચિંતન શરૂ કરે છે (અને યોગમાં જ્યાં અટક્યા હોય ત્યાંથી આગળ વધે છે).

૧૫. (એ યોગી) મન્વન્તરોથી આરંભી ઉત્તરોત્તર ક્રમપૂર્વક લય કરતાં કરતાં અંતે નિર્ગુણ **બ્રહ્મમાં**, લય પામે છે.

૧૬. આ (અસંપ્રજ્ઞાત) યોગ અન્ય, યોગીઓ માટે (જેમને હજુ યોગમાં વિશ્વાસ નથી તેવા) **શ્રદ્ધા** [5]**યત્ન** (આત્મસાક્ષાત્કાર માટે) ઉત્સાહ (વીર્ય) અને પ્રયત્ન), તે માટે ક્રમપૂર્વક ધ્યાન (તેના દ્વારા) **સમાધિ** (વૃત્તિ લય) અને (તે દ્વારા) **પ્રજ્ઞા** (વિવેક) વગેરે (સુધી પહોંચવા) ઉપાયની પ્રતીતિ કરાવનારો બને છે.

---

૧. સત્કારો : અ) બ્રહ્મચર્ય : આઠ પ્રકારના મૈથુનનો ત્યાગ, બ) શ્રદ્ધાઃ વેદ - આદિમાં આસ્તિક્ય બુદ્ધિ, ક) વિદ્યા : ઉપનિષદની શ્રુતિઓનું જ્ઞાન અને સમજ, ડ) તપઃકૃચ્છ્ર, ચાંદ્રાયણ વ્રત વગેરેનું પાલન.

૨. વૈરાગ્ય બે પ્રકારનો છે; તેમાં **આદ્ય** વૈરાગ્યના પણ **ચાર** પેટા પ્રકાર અહીં બતાવવામાં આવ્યા છે.

૩. વિદેહ યોગભ્રષ્ટ એ છે કે જેઓ **વિતર્ક** સમાધિથી સ્થૂલ વિશેષોનો સાક્ષાત્કાર કરી ચૂક્યા હોય છે અને નવા જન્મે ત્યાંથી આરંભી આગળ વધે છે.

૪. પ્રકૃતિલય યોગભ્રષ્ટ એ છે કે જેઓ વિચાર સમાધિથી આઠ પ્રકૃતિ (પંચ તન્માત્રા ઈન્દ્રિયો) મહત્, અહંકાર મૂળ (પ્રકૃતિ)નો સાક્ષાત્કાર કરી ચૂક્યા હોય છે, ત્યાંથી આગળ વધે છે. આ બંનેને અચાનક દેહપાતથી નુકશાન નથી થતું.

૫. આત્મસાક્ષાત્કારનો ઉપાય યોગ છે એવી આસ્તિક્ય બુદ્ધિ.

૧૭. આ (ઉપાયો) મૃદુ, મધ્ય અને અધિમાત્ર (મૃદુ-અલ્પ, મધ્ય અને અધિમાત્ર-અત્યંત અધિક વગેરેથી **નવ** (ઉપાયો) તેની સિદ્ધિ માટે છે[1] (અને તેથી યોગની સિદ્ધિઓ પણ **નવ** છે) એ રીતે તીવ્ર વૈરાગ્યની (તદ્દન) નજીક (સમાધિ) અને અન્ય (વૈરાગ્યના પ્રકારમાં)માં એ પ્રમાણેનું તારતમ્ય (સમજવું)

૧૮. (કરેલાં કર્મ ફલેચ્છા વિના) ઈશ્વરને સંપૂર્ણપણે **સમર્પણ** કરવાં (એ નિકટતમ સમાધિનો ઉપાય છે); અવિદ્યા વગેરે (પાંચ) કલેશ, કર્મફલ અને વાસનાઓથી રહિત પુરુષવિશેષ તે ઈશ્વર છે.

૧૯. (બ્રહ્મા વગેરેના) જે વ્યાપક ગુરુ (પરમાત્મા) છે, તેનામાં નિરતિશય સર્વજ્ઞ બીજ છે, તેનો વાચક પ્રણવ (ૐકાર) છે; તે ઈશ્વરનો આ ૐ (ઉચ્ચારણ) થી ભાવનારૂપ જપ કરવો; અને તેના (ૐકારના) અર્થનું ચિંતન કરવું.

૨૦ થી ૨૨. (તે જપથી) પ્રત્યક્-સ્વરૂપ ચૈતન્યનું જ્ઞાન થાય છે, જેનાથી વ્યાધિ, જડતા, ભ્રાન્તિ, દૃષ્ટિ, પ્રમાદ, આલસ, સંશય, યોગ્ય સ્થાન ન મળવાથી મનના સ્થૈર્ય પ્રત્યે વિરતિ (સ્થૈર્યનો અભાવ) વગેરે વિઘ્નો નાશ પામે છે; (ચિત્ત, વિક્ષેપ, ખિન્નતા, વ્યથા વગેરે એ વિઘ્નોના મૂળમાં (વિઘ્નોનાં કારણો) હોય છે. તેમનો (વિઘ્નો અને તેનાં કારણોનો, નાશ ઈશ્વર-ભકિતથી જ થાય છે. સુખી (જનો) સાથે મૈત્રી, દુઃખી પ્રત્યે દયા, શાંત (અથવા આરોગ્ય સંપન્ન) પ્રત્યે પ્રીતિ, પાપી પ્રત્યે ઉપેક્ષાની ભાવના (રાખવાથી) ચિત્તની પ્રસન્નતા (જળવાઈ) રહે છે.

૨૩ થી ૨૪. આ (ચિત્તપ્રસન્નતા) પ્રાણાયામની રેચન-પદ્ધતિથી, (સગુણમાં) વૃત્તિ રાખવાથી, હૃદયકમળમાં શોક વિનાની વૃત્તિ કે હૃદયમાં પ્રકાશ ઉત્પન્ન કરનારી વૃત્તિથી પણ (મળે છે); અથવા વીતરાગ (યોગીઓ)ને ચિત્તમાં રાખવાથી (મનથી યાદ કરવાથી) અથવા નિદ્રા કે સ્વપ્નમાં સાક્ષીભૂત આત્માનું (ચિત્તમાં) અવલંબન રાખવાથી, અથવા (ચિત્તમાં આરાધ્ય-રૂપે) ખૂબ ગમતી (પ્રતિમાનું) પ્રકૃષ્ટ ધ્યાન ધરવાથી, અથવા સ્થૂલતમ વસ્તુથી માંડીને અણુપ્રમાણ સુધીની વસ્તુનું ધ્યાન ધરવાથી (અનાયાસ ચિત્તની પ્રસન્નતા) પ્રાપ્ય બને છે.

૨૫ થી ૨૭. મણિની માફક ગ્રાહ્ય (વસ્તુ), ગ્રહણ (ક્રિયા) અને ગૃહીત (ગ્રહણ કરનાર)માં રહેલી ક્ષીણ થયેલી વૃત્તિવાળા ચિત્તને અંજન કરતી **સમાપત્તિ** સમાધિ ચાર પ્રકારની કહેવાય છે; તેમાં (પહેલી) શબ્દ, અર્થ અને જ્ઞાનના વિકલ્પોથી મિશ્રિત **સવિતર્કા** નામની, સ્મૃતિની શુદ્ધિ થતાં સ્વરૂપ શૂન્ય અને કેવળ પદાર્થનો ભાસ કરાવતી **નિર્વિતર્કા** નામની **બીજી**, આ નિર્વિતર્કાથી (થતી) **સવિચારા** (ત્રીજી) (અને) ચોથી **નિર્વિચારા** સૂક્ષ્માર્થા આ (ચાર મળીને) **સબીજ** સમાધિ કહેવાય છે.

૨૮. સ્વાસ્થ્ય નિરૂઢતામાં અર્થાત્ **નિર્વિચાર(સમાધિ)** ની નિર્મળતામાં અધ્યાત્મ (જ્ઞાન)ની નિર્મળતા બની રહે છે. આ (અધ્યાત્મ પ્રસાદ) ઋતંભરા (સત્યને ધારણ કરવાવાળી) **પ્રજ્ઞા** (જ્ઞાન) કહેવાય છે; શ્રુત (સાંભળવાથી) કે અનુમાનથી (પદાર્થનું) જે (સામાન્ય) જ્ઞાન થાય છે તેનાથી કોઈ વિશેષ જ્ઞાન આ પ્રજ્ઞાથી ખૂબ થાય છે.

૨૯. તેનાથી ઉત્પન્ન સંસ્કાર અન્ય સંસ્કારોના બાધક બને છે અને (છેવટે) એનો (નિર્વિચાર સમાધિના સંસ્કાર) પણ નિરોધ થવાથી, સર્વ પ્રજ્ઞા (વિશેષજ્ઞાન) ના પણ નિરોધથી **નિર્બીજ સમાધિ** ઉદ્ભવે છે.

૩૦. (તેની અર્થાત્ નિર્બીજ સમાધિની) સિદ્ધિને માટે (બાધક છે તે) કલેશને હરનાર (નાશ કરનાર) ક્રિયા (કર્મયોગ), તપ, જપ અને ઈશ્વરપૂજન છે;[2] (આલેશ) અવિદ્યા, અસ્મિતા,[3] રાગ, દ્વેષ અને [4]અભિનિવેશ (એમ પાંચ) છે.

૩૧. (એમાં) પ્રથમ (અર્થાત્ અવિદ્યા) અન્ય (ચાર)નું કારણ છે; એ અન્ય (ચાર) તો વિચ્છિન્ન, **પ્રસુપ્ત**, **સ્પષ્ટ** અને ક્ષીણ છે (આ અવસ્થામાં એ કશું બગાડતા નથી). અવિદ્યા એટલે અનિત્ય, અપવિત્ર, દુઃખ અને અનાત્મમાં ઉલટી ભાવના (અર્થાત્ અનિત્યમાં નિત્યનું, અપવિત્રમાં પવિત્રનું, દુઃખમાં સુખ અને અનાત્મમાં આત્માનું જ્ઞાન એટલે અવિદ્યા.

---

૧. ઉપાય નરમ હોય એટલે સમાધિ પણ નરમ (ધીમે ધીમે) અને વૈરાગ્ય જેટલો તીવ્ર તેટલા ઉપાયો પણ અધિમાત્રામાં હોય તે પ્રમાણે સમાધિ પણ નિકટ-તમ બને; આમાં માત્રા પ્રમાણે નવ (૯) ઉપાય થાય છે.

૨. तपः स्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः । અને समाधिभावनार्थः क्लेशतनूकरणार्थश्च (पा.यो.२.१०२.)

૩. અસ્મિતા = અહંકાર.

૪. અભિનિવેશ એટલે મૃત્યુનો ભય; હું આ શરીરમાં સદા રહું એ ભાવ.

૩૨. જે દૃષ્ટા (પુરુષ) અને દર્શન (બુદ્ધિ)[1] શક્તિઓનું ઐક્ય જેવું થવું, તે અસ્મિતા (કહેવાય) છે. (સ્મરણ થયા કરવાંથી) સુખના (પ્રવાહ સાથે દોડે તે રાગ અને એજ રીતે દુઃખના (પ્રવાહ સાથે) દોડે તે દ્વેષ[2]

૩૩.૩૪. સ્વરસ (સ્વભાવ) ને વહન કરવાવાળો (અર્થાત્ કુદરતી રીતે જ) વિદ્વાનમાં પણ જે પ્રસિદ્ધ છે તે (મરણભય) અભિનિવેશ (કહેવાય છે)[3] આ સૂક્ષ્મ (કલેશો) પ્રતિપ્રસવથી (અર્થાત્ ચિત્તને પોતાના કારણમાં લીન કરી) ત્યાગવાના છે અને (વસ્ત્રમાં લાગેલ) ડાઘ-સમી તેની (સ્થૂલ) વૃત્તિઓ ધ્યાન દ્વારા ત્યાગ કરવાની છે, અને કર્મોની વાસનાની જડ કલેશ છે, એ (ક્રમશઃ પોતાના દૃષ્ટ જન્મ (આ જન્મ) અને અદૃષ્ટ જન્મ (પુનઃજન્મ)માં જેવો આશય તે પ્રમાણે જાણવા યોગ્ય (ભોગવવા યોગ્ય) હોય છે.

૩૫. હવે મૂલ (અર્થાત્ કર્મની વાસનાનું બીજ) વિદ્યમાન હોય તો તેનું ફળ જાતિ (જન્મની જાતિ), આયુષ્ય (તેનું પ્રમાણ) અને ભોગ (ભોગવવાના વિષયોનું પ્રમાણ અને પ્રકારો) હોય છે અને પુણ્ય કે પાપના કારણથી હર્ષ કે ઉદ્યોગરૂપી (સુખ કે દુઃખ રૂપી) ફળ મળે છે.

૩૬. (હવે) વિષયસુખના ભાગ કાળમાં પણ પરિણામ (દુઃખ), તાપ (દુઃખ) અને સંસ્કાર (દુઃખ) (હોય જ છે) તેથી, અને ગુણોના સ્વભાવમાં વિરોધ-દોષ હોવાથી વિવેકી પુરુષો માટે બધું જ (સુખ પણ) ત્યજવા યોગ્ય હોય છે; જે દુઃખ હવે પછી આવનારું છે, તે (પણ) ત્યાગવું જોઈએ.

૩૭. ૩૮. દૃષ્ટા (વિષયને જોનાર કે ભોગવનાર) અને દશ્ય (વિષય) નો સંયોગ એ ત્યજવા યોગ્ય (દુઃખ) નું કારણ છે; ક્રિયા (રજોગુણનો ધર્મ), પ્રકાશ (સત્ત્વ ગુણનો ધર્મ) અને સંબંધ (તમોગુણથી) છે (આ ત્રણ) સ્વભાવવાળું (પંચ) મહાભૂત (અને તન્માત્રાઓ), (પાંચ) ઈન્દ્રિયો - જ્ઞાનેન્દ્રિયો ના સ્વરૂપવાળું, (દ્રષ્ટા સિવાયનું અંદર અને બહારનું બધું) દશ્ય છે, એ ભોગ (સુખ દુઃખદ) અને મુક્તિના પ્રયોજનવાળું છે; (જ્યારે) વિશેષ, સામાન્ય, લિંગમાત્ર અને અલિંગ-એ ચાર ગુણોની અવસ્થાઓ[4] વાળું છે.

૩૯. દ્રષ્ટા (અર્થાત્ જોનાર પુરુષ) ચિન્માત્ર છે (અર્થાત્ જોવાની શક્તિ - ચિતિ જ છે મૂળે અવિકારી છે છતાં પણ વૃત્તિઓની પાછળ જોવાવાળો છે (અર્થાત્ વૃત્તિઓના પર પ્રતિબિમ્બિત થઈ રૂપમાં દેખાય છે); (ઉપર બતાવ્યું તે દશ્ય તો) દ્રષ્ટાના ભોગ માટે પ્રયોજન વાળું છે, પરંતુ જેનું (મોક્ષનું) પ્રયોજન સિદ્ધ થઈ ગયું છે, એને માટે તો અ-દશ્ય (નષ્ટ) બની જાય છે.

૪૦. (અને નષ્ટ થવા છતાં) એ દશ્ય જ (રહે છે) કારણકે અન્ય (સંસારીઓ) માટે તો એ સામાન્ય જ છે, પોતે અ-મૃત છે. સ્વશક્તિ (જડ શક્તિ) અને સ્વામિ-શક્તિ (ચેતન શક્તિ) ના (પોતાના) સ્વરૂપની ઉપલબ્ધિ (સ્વશક્તિ અર્થાત્ દશ્ય તે જોવામાં અને સ્વામિશક્તિ અર્થાત્ દ્રષ્ટાને જોવામાં) માટેનું કારણ સંયોગ છે.

૪૧. આ સંયોગનું કારણ અવિદ્યા છે; તેના (અવિદ્યાના) અભાવમાં સંયોગ (શક્ય જ) નથી; તેનાથી (સંયોગથી) મુક્ત બનેલા દ્રષ્ટા (ચેતન પુરુષનો મોક્ષ (જ) છે; (મોક્ષ નિત્ય હોઈ) આ ઉપચાર આત્મા માટે (કરવો જોઈએ)

---

૧. દ્રષ્ટા પુરુષ છે, જે ભોક્તા છે, દર્શન (બુદ્ધિ) ભોગ્ય છે; એ બે ભિન્ન છે પણ (અવિદ્યાને લીધે) જ્યારે એ બેમાં ભેદનું જ્ઞાન ન થાય ત્યારે તે **અસ્મિતા** કહેવાય.

૨. સુખસાધનોનું સ્મરણ તે રાગ; દુઃખસ્મરણથી ક્રોધ તે દ્વેષ.

૩. મરવું કોઈને ગમે નહીં; હું સદા આ શરીરમાં જ વિદ્યમાન રહું એ ભાવ અભિનિવેશ કહેવાય છે.

૪. આત્મા દ્રષ્ટા છે. રૂપ, રસ ગંધ કે શરીર, આદિ દશ્ય છે. સ્વ-સ્વરૂપને ભૂલી દશ્ય જોવા - ભોગવવામાં લીન થનાર એ દ્રષ્ટા - દશ્યનો સંયોગ; આ સંયોગ સંસારરૂપી દુઃખનું કારણ બને છે. (સંસાર દુઃખ તો હેય જ ગણાય ને ?)

૫. વિશેષ - પંચ મહાભૂત અને અગિયાર ઈન્દ્રિયો, સામાન્ય - પંચ તન્માત્રા (શબ્દ વગેરે) અને અહંકાર લિંગમાત્ર - મહત્ તત્ત્વ અથવા બુદ્ધિ અલિંગ - ત્રણ ગુણોની સામ્યાવસ્થા - પ્રકૃતિ

૪૨. (સંસારરૂપી) દુઃખની (આત્યંતિક) નિવૃત્તિનો ઉપાય નિર્મલ (સંશય - વિપર્યય રહિત) વિવેકજ્ઞાન છે[1] (એમાં દઢ સ્થિતિવાળા (અર્થાત્ વિવેક જ્ઞાનવાળા) તે યોગીની પ્રજ્ઞા સાત પ્રકારની[2] સર્વથી શ્રેષ્ઠ અવસ્થાવાળી બને છે.

૪૩. (યમ વગેરે) યોગના અંગોથી અપવિત્રતાનો નાશ થતાં વિવેકજ્ઞાનપર્યન્તની જ્ઞાનની દીપ્તિ (જ્ઞાનનો પ્રકાશ) થાય છે; અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ - (એ પાંચ) યમ છે.

૪૪ થી ૪૫. આ યમ દેશ, કાલ, સંકેત કે જાતિની હદથી રહિત હોય (અથવા સર્વદેશ - કાલ - સંકેત - જાતિ માટે હોય) તો તે મહાવ્રત ગણાય. લોભ, ક્રોધ, મોહ (વગેરેથી) ઉત્પન્ન થયેલાં, કરેલાં, અનુમતિ કે અનુમોદન આપેલાં (વિપરીત-હિંસા વગેરે) વિતર્કો છે, તે અનંત દુઃખ અને અજ્ઞાનના મૃદુ, મધ્યમ અને અધિક માત્રામાં ફળ (આપવા) વાળાં છે. (જ્યારે) પવિત્રતા, સંતોષ, દેવભક્તિ, તપશ્ચર્યા, સ્વાધ્યાય એ નિયમો (પાંચ) છે.

૪૬. ૪૭. (હિંસા વગેરે) વિતર્કોની ભાવના (મનમાં ઉત્પન્ન થાય) તો, તેનાથી વિપરીત (અહિંસા વગેરે)ની ભાવનાનું ચિંતન કરવું જોઈએ; અહિંસા (ની પ્રતિષ્ઠા)માં (યોગીની) પોતાની પાસે (કુદરતી વેરવાળા પ્રાણીઓની) શત્રુતાનો ત્યાગ થાય છે. સત્યની (પ્રતિષ્ઠા) માં ક્રિયાના ફલની પ્રાપ્તિ ('તું પુત્રવતી બન' - એવું યોગી બોલે, તો વંધ્યા પુત્ર મેળવે છે) થાય છે; બ્રહ્મચર્ય (ની પ્રતિષ્ઠામાં) વીર્યલાભ, અસ્તેય (ની પ્રતિષ્ઠામાં) ધનલાભ, અને અન્ય (યમ-અપરિગ્રહ) માં જન્મનું (કારણનું) જ્ઞાન થાય છે. (બાહ્ય) પવિત્રતાથી પોતાના શરીર પ્રત્યે જુગુપ્સા અને બીજાઓના સંસર્ગનો અભાવ (જન્મે) છે.

૪૮. ૪૯. (આંત)[1] શુદ્ધિથી મનની અંતઃકરણની શુદ્ધિ, મનની સ્વચ્છતા, ઈન્દ્રિયો પર જય (કાબુ) આત્મદર્શનની યોગ્યતા (મળે) છે. સંતોષથી ઉત્તમ સુખપ્રાપ્તિ, તપશ્ચર્યાથી શરીર, ઈન્દ્રિયોની સિદ્ધિ (મળે) જ; સ્વાધ્યાયથી ઈષ્ટ દેવની પ્રાપ્તિ થાય, દેવ ભક્તિથી સમાધિ (અવસ્થા) મળે; શેષ (અનંતનાગ) ના ધ્યાનથી અને દઢ પ્રયત્નથી આસનનું સ્થિર સુખ[3] પ્રાપ્ત થાય છે.

૫૦. ૫૧. (આસન સિદ્ધ થવાથી) (શરદી - ગરમી ભૂખ-તરસ, સુખ-દુઃખ વગેરે) દ્વંદ્વોનો અભાવ થાય છે (એનાથી દેહને પીડા થતી નથી); પછી પ્રાણાયામ (કરવાનો) (જેમાં) વાયુના વેગની ક્ષીણતા (ઉદ્ભવે છે), જે દેશ અને કાલના પ્રમાણથી પૂરક, કુમ્ભક અને રેચકથી (કરવાનો) છે, દીર્ઘ, પરિવૃઢ અને સૂક્ષ્મ એ ત્રણ પ્રકારનો (પ્રાણાયામ) છે, જ્યારે બાહ્ય (રેચક)નું અને આભ્યન્તર(પૂરક)નું ઉલ્લંઘન જેમાં કરવાનું હોય છે તે ચોથો (પ્રાણાયામ) છે[4] એનાથી પ્રકાશ (વિવેકજ્ઞાન) નું આવરણ (ઢાંકણ) દૂર થાય છે.

૫૨. પછી મન ધારણાને યોગ્ય બને છે; (તેથી પોતાના વિષયો સાથે સંબંધ ન રહેવાથી, ઈન્દ્રિયોનું ચિત્તની વૃત્તિના (ચિત્ત સ્વરૂપના) સરખું બની જવું તે પ્રત્યાહાર (કહેવાય) છે, તેનાથી (ઉત્તમ રીતે) ઈન્દ્રિયો વશમાં આવે છે.

---

૧. આ શરીર, બુદ્ધિ વગેરે મારાથી ભિન્ન છે અને હું એ બધાથી ભિન્ન છું એ જ્ઞાન વિવેક જ્ઞાન કહેવાય છે.

૨. પહેલી ચાર અવસ્થા વાળી પ્રજ્ઞાથી કાર્યવિમુક્તિ; બાકીની ત્રણ અવસ્થાવાળી પ્રજ્ઞાથી ચિત્તવિમુક્તિ.

૩. स्थिरसुखम् आसनम् । (પા. યો. ૨. ૪૬.)

૪. બાહ્ય (રેચક) પ્રાણાયામ અને આભ્યંતર (પૂરક) પ્રાણાયામ કર્યા વિના જ જે કુમ્ભક પ્રાણાયામ થાય તે કેવલ કુમ્ભક નામે ઓળખાય છે.

૫૩. અભીષ્ટ (મનપસંદ) વસ્તુ (ઈષ્ટદેવ) ના ચિંતનમાં નાભિ વગેરે પ્રદેશમાં મનની સ્થિરતા (પેદા કરવી) તે ધારણા કહેવાય છે; (અને) તેમાં (ચિત્તની ધારણામાં) એક જ પ્રકારના વૃત્તિની એકાગ્રતા (એકતાનતા) તે જ ધ્યાન કહેવાય છે.[1]

૫૪. (ધ્યાતા - ધ્યેય - ધ્યાન ત્રણેનો જેમાં ભાસ થાય તે ધ્યાન) (પણ) જ્યારે તેનું રૂપ (ધ્યાનરૂપ) શૂન્ય સરખું થઈ જય અને કેવળ અર્થ (ધ્યેયમાત્ર) જ ભાસે ત્યારે તે અંગ, સમાધિ (યોગનું આઠમું અંગ) ગણાય છે; (પ્રથમ ચાર અંગ નિર્બીજ સમાધિના બહિરંગ છે) ધારણાદિ ત્રણ (ધારણા, ધ્યાન, સમાધિ) એક જ વિષયમાં એકત્ર થાય ત્યારે તે (યોગ શાસ્ત્રમાં) સંયમ કહેવાય, તેના (સંયમ) જયથી પ્રજ્ઞાનો પ્રકાશ થાય છે.

૫૫. તેનો (સંયમનો) ભૂમિઓમાં વિનિયોગ કરવો જોઈએ (એક એક પગથીએ ચઢીએ તેવો પ્રયોગ કરવો જોઈએ) એ ત્રણ નિર્બીજના અંતરંગ છે જ્યારે પ્રથમ (પાંચ) બહિરંગ છે. આ (અષ્ટાંગ યોગ) સિદ્ધિ આપવાવાળો અને કલેશ હરવા વાળો છે.

૧. ધ્યાન એટલે ચિત્તની ધારણામાં એક જ પ્રકારની વૃત્તિનું સતત ઉદય પામતા રહેવું તે. (એમાં બીજી કોઈ પણ પ્રકારની વૃત્તિનો ઉદય ન થાય).

# બીજા અષ્ટકનો બીજો અધ્યાય
# યોગનું ફળ, ક્રમમુક્તિ વગેરેનું વર્ણન

૧. સુષુમ્ણાના જ્ઞાનવાળી (કોઈપણ વ્યક્તિ તે) પુરુષ હોય, સ્ત્રી હોય, યુવાન, બાળક કે વૃદ્ધ હોય, (પણ) (યોગનો) અધિકારી બને છે અને (યોગના) અભ્યાસની સિદ્ધિને પણ મેળવે છે.

૨. બધા જ આશ્રમવાળા, બધી જ વર્ણવાળા, યોગાભ્યાસના અધિકારી છે; (અલબત્ત) ભિક્ષુ (સંન્યાસી) વિશેષપણે (અધિકારી) છે કારણ બ્રહ્મચર્ય વગેરે પર તેનો કાબૂ છે.

૩. જે ભિક્ષુક (સંન્યાસી) યોગીના પેટમાં ગૃહસ્થીએ આપેલું અન્ન યોગાભ્યાસથી પચે છે, તે (યોગી)તે (ગૃહસ્થી) ને તારે છે (તેનો ઉદ્ધાર કરે છે), બીજો નહીં.

૪. ભિક્ષુ યોગી જેને ઘેર જાય છે, તે (ગૃહસ્થી)ના (ગૃહસ્થ) આશ્રમને ધન્ય છે; તે ભિક્ષુ જેને ઘેર ભોજન કરે છે, તેને ઘેર સ્વયં વિષ્ણુ (ભગવાન) જમે છે.

૫. જે (ઘેર)થી ભિક્ષુ (કંઈપણ મેળવ્યા વિના) પરામુખ બને છે (પાછો ફરે છે), તે (ઘર) તરફ દેવો પણ પરાઙ્મુખ બને છે (પાછા ફરે છે); માટે (જેનાથી) દેવો, ઋષિઓ, પિતૃઓ તૃપ્તિ પામે એવું કંઈક પણ એને (ભિક્ષુને) આપવું.

૬. આદિ અને અંતમાં પાણી આપવાની સાથે યતિને એકાદ કોળિયા જેટલું પણ અન્ન આપવામાં આવે તો તે (અન્ન) મેરુ (પર્વત) જેટલું અને (પાણી) દરિયા જેટલું (ધર્મમાં) ગણાય છે, એવું સ્મૃતિવચન છે.

૭. યતિને વસ્ત્ર અને અન્ન (તેની) આવશ્યકતા પૂરતું માપમાં જ આપવું, જો તે (યતિ) વધારે લે તો તે ચોર જ (ગણાય), પાપી તથા અન્ન અને સ્વાદનો લાલચુ (ગણાય) છે.

૮. જે યતિ (અન્યને) ધૂતનારો અને લુચ્ચો (બની), પવિત્રતા અને ધ્યાન વગેરે (ધર્માચરણ) છોડી, ભોગ ભોગવનારો વ્રાત્ય (અનાર્ય)ની માફક વર્તે છે, તે અજ્ઞાની આ લોકમાં લોકનિન્દા અને પરલોકમાં (યમરાજથી દંડરૂપે) બંનેમાં દુઃખ ભોગવે છે.

૯. આ જગતમાં સંન્યસ્ત અવસ્થા જ (મળવી) ઘણી દુર્લભ છે; (હવે) તે મેળવીને જે તેમાંથી ભ્રષ્ટ થાય તો તે લાંબા સમય સુધી લોકમાં દુર્ગતિ (અકલ્યાણ) ભોગવે છે.

૧૦. માટે વિશેષ કરીને યતિએ તો (ખાસ) યોગાભ્યાસ દ્વારા પોતાનું પહેલેથી જ સિદ્ધ થયેલું (આત્મા બ્રહ્મથી જુદો નથી જ એ સ્વરૂપ) પણ અવિદ્યાથી ભૂલાઈ ગયેલું) સ્વરૂપ મેળવી લેવું જોઈએ (अहं ब्रह्म अस्मि નો અનુભવ કરી લેવો[1] જોઈએ), નહીં તો એનું નિશ્ચયપૂર્વક અધઃપતન થાય જ.

૧૧. આ જીવાત્મા સત્ય છે અને અદ્વિતીય છે (કારણ એ બ્રહ્મ જ છે); આત્મા (બ્રહ્મ)નો અંશ છે[2],

---

૧. अहं ब्रह्म अस्मि । જીવાત્મા બ્રહ્મ જ છે, બ્રહ્મસ્વરૂપ એ એનું પ્રાક્ (પહેલેથી) સિદ્ધ સ્વરૂપ છે જઃ ब्रह्मैव सन् ब्रह्माप्येति - એવી શ્રુતિ છે. અવિદ્યા દૂર થાય (જેમ વાદળ દૂર થાય તો સૂર્યદર્શન થાય) તો એ મૂળ સ્વરૂપની અનુભૂતિ થાય.

૨. ब्रह्म - પર આત્મા એ ચૈતન્યપૂંજ છે. જીવાત્મા એ ચૈતન્યપૂંજનો અંશ. જેમ અગ્નિમાંથી એના તણખા ઉદ્ભવે પણ એ તણખો પણ અગ્નિનું જ સ્વરૂપ છે તેમ જીવાત્મા એ બ્રહ્મનું જ સ્વરૂપ છેઃ ममैवांशो जीवलोके जीवभूतः सनातनः। (ભ.ગી.)

અજન્મા છે (અને તેથી) વિકાર-રહિત છે, (કોઈપણ પ્રમાણનો) વિષય (પ્રમેય) નથી (કશાથી જાણી શકાય તેવો નથી), (૩) અ-વ્યય છે, (૪) (અને) કાપી ન શકાય, બાળી ન શકાય, ભીંજવી ન શકાય કે સૂકવી ન શકાય તેવો છે.

૧૨. પોતાના સ્વરૂપના જ્ઞાનવાળો, પોતાનામાંજ રમમાણ કરનારો, શાશ્વત (અવિનાશી), (દેહાદિથી) સ્પૃષ્ટ ન થાય (અસંગ રહે) તેવા અને કેવલ (સર્વસંબંધવર્જિલ) હોવા છતાં એ (જીવાત્મા) મલિનતામાં ઢંકાયેલા સુવર્ણની માફક અવિદ્યાના અંશોથી મલિન બનેલો છે.

૧૩. જેમ લોખંડ (જેવી હલકી ધાતુ)થી યુક્ત સોનું (અગ્નિમાં શુદ્ધિ મેળવે) તેમ (ધ્યાન) યોગથી પ્રજ્વલિત કરાયેલા જ્ઞાનરૂપી અગ્નિમાં પોતાના (અવિદ્યા સંપૃક્ત) સ્વરૂપને બાળીને પહેલાનું પોતાનું શુદ્ધ (અવિદ્યાવર્જિત) સ્વરૂપ પ્રાપ્ત કરે છે.

૧૪. (ધ્યાનમાં) જેનું ધ્યાન ધરીએ) તે 'હું જ આત્મા છું' (મારું જ પોતાનું સ્વરૂપ છે) એવી રીતે માનવું[3] (એ ભાવથી એની પાસે જવું); પરંતુ પ્રતીક-ઉપાસનામાં એમ કરવું નહીં (પ્રતીકમાં જે સ્વરૂપ છે તે હું જ[4] છુ એવું ન માનવું). (કારણ) તે (ઉપાસક) (પ્રતીક) નથી; પરંતુ (આદિત્ય વગેરેમાં) કાર્યના ઉત્કર્ષને લીધે આત્મા છે એવી દૃષ્ટિ અવશ્ય કરવી, તે જ પ્રમાણે ઉદ્‌ગીથમાં પણ એવી દૃષ્ટિ જ રાખવી (કારણ એનાથી જ કાર્યસિદ્ધિ થાય).

૧૫. આ રીતે 'હું આત્મા (બ્રહ્મ) છું' એવા જ્ઞાનમાં શ્રવણ-આદિનું વારંવાર આવર્તન[5] કરવાથી જ જ્ઞાનીના (પ્રારબ્ધ સિવાયનાં) બધાં કર્મનો ક્ષય[6] થાય છે; જે આ રીતે (આત્મ સાક્ષાત્કાર માટે) અધિકારી બન્યા છે, તેવા જ્ઞાનીને પણ (સ્વીકૃત કરેલો) દેહ પડે (દેહનો નાશ થાય) ત્યાં સુધી પ્રારબ્ધ કર્મ ભોગવવાં જ પડે છે.

૧૬. (હવે) (મોક્ષ પ્રતિ પ્રતિક્રમણ કરનારા) ચિત્તમાં બધી ઇન્દ્રિયોની બધી વૃત્તિઓનો લય થાય છે, તે ચિત્તનો પ્રાણમાં લય થાય છે અને પ્રાણનો આત્મામાં લય થાય છે અને (પછી) તે (જીવાત્મા) જ્ઞાનથી પ્રકાશિત થયેલા હૃદયથી સુષુમ્ણા (નાડી)થી (બધાં કાર્ય-કારણોનું પણ) (આદ્ય) કારણ (જેનું આગળ વર્ણન કરવામાં આવશે તે દત્તલોક રૂપી) - બ્રહ્મને પામે છે.

---

૧. જીવાત્મા મૂળે તો બ્રહ્મનું સ્વરૂપ તેથી એ પણ ઇન્દ્રિયાતીત અને તેથી પ્રત્યક્ષ પ્રમાણનો વિષય કેવી રીતે બને ? જે ઉત્પાદ્ય વિષય નથી તેને अविकार्य, अच्छेय, अदाह्य આદિ નકારાત્મક (Negative) વિશેષણો જ લાગુ પડે. પણ તે શબ્દ પ્રમાણથી જ્ઞેય (પરોક્ષજ્ઞાન) બને છે.

૨. અ-વ્યયઃ વ્યય એટલે કાર્ય જેમકે કેળું (કદલીનું ફળ); કાર્ય હંમેશા નાશવંત, જીવાત્મા - પરમાત્મા અવિનાશી તેવી अव्यय છે.

૩. શ્રુતિઃ- अथ योऽन्यां देवतामुपास्तेऽन्योऽसावन्योहमस्मीति न स वेद ।

૪. પ્રતીક બ્રહ્મનો વિકાર છે અને न हि नामादिजातस्य विकारस्य ब्रह्मस्वरूपैक्ययोगी वक्तुं शक्यते ।

૫. आत्मा वारे दृष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यश्च । શ્રુતિ કહે છે કે अहं ब्रह्मास्मि - तत्त्वमसि જેવાં મહાવાક્યોનો શ્રવણ - મનન - નિદિધ્યાસનથી અભ્યાસ (અભ્યાસ એટલે પુનઃ પુનઃ આવૃત્તિ) કરવો (પરોક્ષજ્ઞાન), એ રીતે દર્શન કરવું (આત્મસાક્ષાત્કાર અથવા અપરોક્ષ જ્ઞાન आवृत्तिरसकृदुपदेशात् । એવું સૂત્ર છે - "વારંવાર આવૃત્તિનો ઉપદેશ શ્રુતિમાં છે.

૬. (અ) શ્લોકમાં सर्वकर्म પછી क्षय (હોવો જોઈએ) તે નથી આવ્યો પણ ટીકામાં सर्वकर्मण....क्षयः છે તેથી એ શબ્દનું અનુમાન કરી લેવું (બ) જે પૂર્વ કરેલાં હોય તે કર્મોનું ફળ તો ભોગવવું જ પડે.

૧૭. (સૂર્યના) કિરણોનું જ અનુસરણ કરતો હોવાથી (આત્મિકયાનુભૂતિવાળા) એ જ્ઞાનીને (ઉત્તરાયણ અને) શુક્લગતિની[1] (મુક્તિ માટે) જરૂર નથી; (ઈષ્ટ-અનિષ્ટ-મિશ્ર) કર્મોને અનુસરનાર (અવિદ્યાથી સંસાર પ્રવાહમાં) સરતા એવા અજ્ઞાનીને આ લાભ મળતો નથી (અર્થાત્ એને શુક્લગતિમાં મરણની અપેક્ષા રહે છે).

૧૮.૧૯. જ્ઞાનકર્મસમુચ્ચયથી ઉપાસના કરનારાઓ અર્ચિરાદિ ગતિથી (ક્રમમુક્તિ માર્ગે) બ્રહ્મલોકને પામે છે, (જ્યારે) (કેવળ પુણ્ય પ્રાપ્તિ માટે) બીજા પરતંત્ર (ફળ માટે દેવો પર આધાર રાખનારા) કર્મઠ લોકો તે (બ્રહ્મલોક)નાથી નીચેના લોકમાં, (અને પાપીઓ તો) તેનાથી નીચેના લોકમાં (નરકમાં - પશુપંખીની યોનિમાં) ગમન કરે છે; આમ કર્મ પર આધાર રાખનારાઓને તો (પરમાત્માના) માયિક પાદ (આ જગત-વિશ્વ એ ભગવાનનો એક પાદ માત્ર છે) માં (વારંવાર જન્મ-મરણરૂપ ભ્રમણ કરવું પડે છે, જ્યારે જ્ઞાનીની તો દત્તલોકમાં જ ગતિ થાય (કારણકે) જ્ઞાનયોગથી પૂર્વે જે સિદ્ધ હતું જ તે, ચિત્ - આનંદરૂપ અખંડૈકરસ, અમર્યાદિત (વ્યાપક), કલા વિનાનું (નિષ્કલ) સ્વરૂપ પામનારો ફરી પાછો આવતો નથી.

૨૦. સત્યલોક, વૈકુંઠ, અને કૈલાસથી પણ ઉપરના ભાગમાં, અમૃતની સંજ્ઞાવાળો પ્રસિદ્ધ આ દત્તાત્રેય[2] નામે લોક આવેલો છે.

૨૧.૨૨. તે આ દત્તલોક છે, જ્યાં શોક, વૃદ્ધાવસ્થા, મૃત્યુ (જેવા વિકાર કે અવસ્થાઓ) નથી, જ્યાં કર્મ ભોગવવાં રહેતાં નથી (કારણ કર્મનાશ થયા પછી એની પ્રાપ્તિ છે), જ્યાં મોહ (મિથ્યાજ્ઞાન કે ભ્રમ) ની અવસ્થા કે (તેનું કારણ એવું) દ્વૈત હોતું નથી (કારણ બ્રહ્માત્મૈક્ય-અનુભૂતિ એ જ દત્તલોક) અને તેથી દેવો (દ્વૈતભાવ વિદ્યમાન છે)[3] પણ ત્યાં જઈ શકતા નથી; આ લોક જે શ્રુતિમાં 'दिवि अमृतम्' નામે કહેવાયો છે તે, ફક્ત બ્રાહ્મણથી જ[4] અધ્યાત્મ (જ્ઞાન) માર્ગે કે હઠયોગ માર્ગે પ્રાપ્ત છે.

૨૩. અથવા એ તે લોક (દત્તલોક) ની પ્રાપ્તિ માટે, પહેલાં જે કહ્યું હતું તે જ જ્ઞાન, સરલતાથી સમજાય એ રીતે, કૃપા કરી શાંડિલ્યને કહ્યું.[5]

૨૪. શાંડિલ્યે ફરીથી (અથર્વને) પૂછ્યું, "હે ભગવન્ ! આ (બ્રહ્મ અર્થાત્ દત્ત તત્ત્વ) તો અ-ક્ષર (અવિનાશી), વિક્રિયા રહિત (તેથી જગત્ એનું પરિણામ પણ નથી), પર, બ્રહ્મ, સત્ - માત્ર (કેવલ અસ્તિત્વ અર્થાત્ Being અવસ્થામાં - Becoming અર્થાત્ વિક્રિયાની અવસ્થામાં નહીં એવું), કલા-વિનાનું (તેથી જગતનું નિમિત્ત કારણ પણ નહીં), કલ્યાણ તત્ત્વ છે;

૨૫ થી ૨૭. (તો પછી) એમાંથી (એ સત્‌માંથી) કઈ રીતે આ (જગત) જન્મે, એનું રક્ષણ થાય અને એ લય પામે ?" તેણે (અથર્વાએ) કહ્યું, "હે શાંડિલ્ય ! સાંભળ, આ બ્રહ્મ તો મૂળે અ-રૂપ (કોઈ પણ આકાર વિનાનું અને તેથી નામ વિનાનું) છે, પરંતુ ઉપાધિભેદે એનાં નિસ્-કલ, સ-કલ અને મિશ્ર એમ ત્રણ રૂપ છે; (હવે એમાં) જે એનું નિષ્કલ નામે રૂપ છે તે ખણ્ડ(અવયવો કે ઘટકો) વિનાનું, કલ્યાણસ્વરૂપ, સૂક્ષ્મ, (અને તેથી) બધામાં (અણુ-અણુમાં) વ્યાપ્ત, અન્ત વિનાનું, (અને) બધે ઓતપ્રોત, (છતાં) (કોઈ પણ પ્રમાણથી) નિર્દિષ્ટ ન થઈ શકે એવું ઉત્તમોત્તમ છે.

---

૧. शुक्लकृष्णगती ह्येते जगतः शाश्वते मते । एकया यात्यनावृत्तिरन्ययाऽवर्तते पुनः । (भ.गी.८.२६.) મૃત્યુ પામનાર વ્યક્તિ જો ઉત્તરાયણના સૂર્યમાં સુદ પક્ષમાં મરણ પામે તો એને મોક્ષ પ્રાપ્ત થાય, જ્યારે એથી ઉલટું દક્ષિણાયન કે વદ પક્ષમાં મૃત્યુ પામનારને ફરી આ લોકમાં આવવું પડે છે, એમ શાસ્ત્ર કહે છે. પરંતુ પૂ.સ્વામી મહારાજ કહે છે જેના પ્રાણનો આત્મામાં લય થાય છે એને આની જરૂર નથી. ગમે તે અયન, પક્ષ કે તિથિમાં દેહ પડે તોપણ એ તો બ્રહ્મમાં જ (અહીં દત્તલોક) એકરૂપ બની જાય છે. પૂ.સ્વામી મહારાજ, પૂ. રંગ અવધૂતજી એ દક્ષિણાયન, વદ અમાસે દેહ છોડયો છે ને ! સાક્ષાત્કારી સંતોને આની શી જરૂર હોય?

૨. लोक्यते इति लोकः । (જ્યાં દત્ત પરમાત્માનું દર્શન થાય તે દત્તલોક અર્થાત્ સોऽहं दत्तः । તે દત્ત હું જ છું એવી અભેદપ્રતિપત્તિની અવસ્થા.

૩. જ્યાં કર્મ ત્યાં ઉપાસક-ઉપાસ્ય (યાજક-યાજ્ય) ભેદ, જ્યાં કર્મ ત્યાં દેવ (ત્યાં ભેદ).

૪. અહીં બ્રાહ્મણ વર્ણથી સમજવાનો નથી પણ ब्रह्म जानाति - ब्राह्मणः ના અર્થમાં છે.

૫. અહીં અથર્વાએ શાંડિલ્યને બોધ આપવા આરંભેલી ઉક્તિ પૂરી થાય છે. (પ્રથમાષ્ટક અધ્યાય ૬ શ્લોક ૨૧ થી)

૨૮. (હવે) મૂલ **પ્રકૃતિ** છે, તે ત્રણ (સત્ત્વ, રજસ્, તમસ્) ગુણવાળી છે, **માયા** અને **અવિદ્યા**ના નામે પણ ઓળખાય છે; એ (માયા) એની સાથે જ ઉદ્ભાવેલી શક્તિ છે[૧], એનાથી સંયુક્ત બનેલો એ દેવ કૃષ્ણપિંગલ છે. (આ સકલ રૂપ છે)

૨૯ થી ૩૧. એ (માયા-શબલિત) મહેશ્વરે ઈચ્છા કરી[૨] ત્યારે જે રૂપ થયું તે **મિશ્રરૂપ** કહેવાયું. તેણે જ્ઞાનથી અને તપથી કામના કરીઃ 'હું અનેક થાઉં, (બહુ રૂપે) જન્મું'; (અને) એ તપમાંથી[૩] ૐકાર (પ્રણવ) ઉત્પન્ન થયો. એની ત્રણ માત્રા[૪] (અ-ઉ-મ) એ(ૐકાર)ના ત્રણ ઋષિ, ત્રણ છંદ, ત્રણ દેવતા, ત્રણ બીજ, ત્રણ શક્તિ, ત્રણ વર્ણ, ત્રણ અવસ્થા, ત્રણ સ્થાન, ત્રણ સ્વર, ત્રણ ગુણ, ત્રણ અગ્નિ, ત્રણ વેદ, ત્રણ સવન, ત્રણ તત્ત્વ અંગે ત્રણ આત્મા (આમ બધું) ત્રણ - ત્રણ છે.[૫]

૩૨. તે (બધા) થી સમૃદ્ધ એવો આ (ઓંકાર) જગતનું બીજ છે. જે પર અને અપર સંજ્ઞાવાળું છે; (જ્યારે) તે (ઓંકાર) જેનો વાચક છે તે ભગવાન માયાવી (માયાથી યુક્ત અથવા માયાપતિ), (બંધે) વ્યાપક અને (બધાથી) પર છે.

૩૩. એ (માયાવી) (પોતાની) માયા વડે બધાં ભૂત (પ્રાણીઓ તથા સ્થાવર પંચમહાભૂત)ના મનમાં વ્યાપીને અહીં (વિશ્વમાં) ક્રીડા[૬] કરે છે; એ ઈશ્વર સર્જન કરે છે (અને) બ્રહ્મા (કહેવાય) છે, પાલન કરે છે (અને) હરિ (વિષ્ણુ કહેવાય) છે, સંહાર કરે છે (અને) શિવ (કહેવાય) છે.

૩૪. ઈન્દ્ર વગેરે બધા દેવો, (બધા) જીવો (ભાવાઃ), પંચીકૃત પાંચ (પૃથિવી, જલ, તેજ, વાયુ અને આકાશ) મહાભૂત, અપંચીકૃત (સૂક્ષ્મ) તન્માત્રાઓ, પંચમહાભૂતના વિકારો (ભૌતિક પદાર્થો) (જેમ કે બધાં શરીર, ચૌદ ભુવન વગેરે) - આ બધું તે (ઈશ્વર) જ (બ્રહ્મનું મિશ્રરૂપ) છે.

૩૫. (પચીસ) તત્ત્વો[૭] અને (ચાર પ્રકારના શરીરના અભિમાની) જીવો[૮] આ બધું એ અચ્યુત (અવિનાશી) ઈશ્વર જ છે, જે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ (બધી દિશાઓ)માં વ્યાપેલો (વિભુ) છે.

૩૬. (એ જ પ્રમાણે) ઉપર અને નીચે એમ ચારે તરફ એ જ (વ્યાપક) છે અને આ ભૂતકાળમાં હતું તે, ભવિષ્યમાં હશે તે, વર્તમાનમાં છે તે બધું તે (ભગવાન) જ છે, બીજું કશું નથી.

---

૧. गुणानां साम्यावस्था प्रकृतिः । મૂલ પ્રકૃતિમાં ત્રણે ગુણ એક સરખા પ્રમાણમાં હોય છે; બ્રહ્મની આ શક્તિમાં ગુણોની વધઘટ સૃષ્ટિ પ્રક્રિયા જન્માવે છે.

૨. માયાશબલિત (સગુણ) બ્રહ્મ = ઈશ્વર, એજ ઈક્ષણ કરેઃ स एक्षतं । નિર્ગુણ બ્રહ્મ તો નિષ્ક્રિય જ હોય.

૩. સગુણ બ્રહ્મનો બહુભવનરૂપ વિચાર - એ **તપ**

૪. ૐ એટલે સગુણ બ્રહ્મનો વિચાર, માત્રા એટલે જેનાથી **મપાય** તે - मीयन्ते अनया इत मात्रा । જેનાથી (ભગવાનના) વિશ્વ વગેરે **પાદ** (पादोऽस्य विश्वा भूतानि) મપાય તે માત્રા.

૫. અગ્નિ, વાયુ, આદિત્ય એ ત્રણ **ઋષિ**; ગાયત્રી, ત્રિષ્ટુપ્, જગતી એ ત્રણ **છંદ**, બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર એ ત્રણ **દેવતા**; શ્રીં-હ્રીં-ક્લીં એ ત્રણ **બીજ**; દ્રવ્ય-જ્ઞાન-ક્રિયા એ ત્રણ **શક્તિ**; રક્ત-શ્વેત-કૃષ્ણ એ ત્રણ **વર્ણ**; જાગ્રત-સ્વપ્ન-નિદ્રા એ ત્રણ **અવસ્થા**; નેત્ર-કણ્ઠ-હૃદય એ ત્રણ **સ્થાન**; ઉદાત્ત - અનુદાત્ત - સ્વરિત એ ત્રણ **સ્વર**; સત્ત્વ-રજસ્-તમસ્-એ ત્રણ **ગુણ**; દક્ષિણ, ગાર્હપત્ય, આહ્વનીય એ ત્રણ **અગ્નિ**; ઋગ્વેદ - યજુર્વેદ - સામવેદ એ ત્રણ **વેદ**, પ્રાતઃ, મધ્યંદિન અને સાયં - એ ત્રણ **સવન**; भूः-भुवः-स्वः એ ત્રણ **તત્ત્વ** અને વિશ્વ - તૈજસ - પ્રાજ્ઞ એ ત્રણ **આત્મા** છે.

૬. આ વિશ્વનું સર્જન, પાલન, સંહાર કરવા તથા બધામાં વ્યાપીને રહેવું તે ભગવાનની ક્રીડા છે.

૭. સાંખ્યદર્શન પ્રમાણે મૂલ પ્રકૃતિ (ગુણોની સામ્યાવસ્થા) અવિકૃત છે. એમાંથી જે ઉદભવે છે તે મહત્, અહંકાર, બુદ્ધિ, પાંચ મહાભૂત, (પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ); પાંચ જ્ઞાનેન્દ્રિય (કાન, આંખ, નાક, જીહ્વા અને ત્વચા) અને પાંચ કર્મેન્દ્રિય (હાથ, પગ, વાણી, પાયુ અને ઉપસ્થ), મન અને (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગન્ધ) પાંચ વિષયો મળી ૨૪ તત્ત્વો; તથા **પુરુષ** (જે ઉદાસીન છે) મળી ૨૫ તત્ત્વો, પણ વેદાન્ત પ્રમાણે એ સગુણ બ્રહ્મમાંથી ઉદ્ભવેલું છે; (એ બધું, મિથ્યા હોઈ બ્રહ્મના અદ્વિતીયત્વને બાધ આવતો નથી).

૮. શરીર ચાર પ્રકારનાંઃ સ્વેદજ (ચાંચડ માંકણ આદિ) ઉદ્ભિજ (વનસ્પતિ), અણ્ડજ (પંખી વગેરે), જરાયુજ (પશુઓ, મનુષ્યો વગેરે). આમાં ચૈતન્ય - તે જન્તુઓ અર્થાત્ જીવો પણ ચાર છે.

૩૭.૩૮. એ (ઉપર્યુક્ત) સ્વયંપ્રકાશ (દેવ), પોતાનામાંજ (સૃષ્ટિ આદિ વ્યાપારરૂપ) ક્રીડા કરતા, (સર્વ વિકારજાતમાં અંદર-બહાર) વ્યાપેલા, ભક્તો પર અનુકંપા કરતા (ઈશ્વર)નું સુંદર, દિગંબર (દિશારૂપી વસ્ત્ર પરિધાન કરેલું), કમળની પાંખડીની ઉપમા અપાય (અનાસક્ત) એવું, ચાર ભુજાવાળું પાપનાશક દત્તાત્રેય નામે સ્વરૂપ (મૂર્તિ) છે તે એ (ઈશ્વર - સગુણ બ્રહ્મ)નું સકલ (કલાથી યુક્ત) સ્વરૂપ છે, જે સ્વરૂપનાં ગાત્રો આસેચનક (દર્શન કરવામાં તૃપ્તિનો અંત ન આવે - સદા દર્શન કર્યા જ કરીએ એવો ભાવ ચાલુ જ રહે) છે."

૩૯.૪૦. શાંડિલ્યે (ફરી) પૂછ્યું, "હે ભગવન્ ! હે પ્રભુ ! જો એ બ્રહ્મ કેવલ સત્ છે, ઉત્તમ છે, પર છે એમ (કહેવાય) તો પછી એ મહેશ, આત્મા, દત્તાત્રય (વગેરે નામથી) કેમ (બોલાવાય) કહેવાય ? તે, હે દીન પ્રત્યે વાત્સલ્ય રાખનાર (અથર્વા) ! (મને) કૃપા કરીને કહો.

૪૦ (૩.૪) થી ૪૩. અથર્વાએ (શાંડિલ્યને) કહ્યું, "હે શાંત (સ્વભાવના) ! આ બધું જડ-ચેતન વૃદ્ધિ પામતું (વધ્યા જ કરતું) છે; તે (આત્મા) ઉત્તમ રીતે વૃદ્ધિ કરે છે તેથી પરબ્રહ્મ નામે ગવાય છે; એ (જીવાત્મા) (સુષુપ્તિ કાલે) (પર બ્રહ્મને) મેળવે છે (બ્રહ્મૈક્ય અનુભવે છે (આપ્નોતિ), (સ્વપ્નાવસ્થામાં) (પર્વત, નદી વગેરે તથા ઈન્દ્રિયોના વિષયોરૂપી વાસના) ગ્રહણ કરે છે, અને અહીં (જાગ્રત અવસ્થામાં) (સ્ત્રી, અન્ન, પીણાં વગેરે વિષયો ઈન્દ્રિયોથી) ભોગવે છે, તથા આ એનો (આત્મા) સાતત્યવાળો ભાવ હોવાથી એ (પર બ્રહ્મ) આત્મા નામે ગવાય છે, જ્યારે, બધાથી પૂજાય છે (મહ ધાતુનો અર્થ પૂજવું) અથવા શક્તિથી બધું ઈચ્છે છે એ અર્થમાં, બધાનો ઈશ હોઈ, સર્વનો આત્મા હોઈ મહેશ નામે ગવાય છે; અને મેં મારી જાતને તને-અત્રિને આપી દીધી (મારો આત્મા તને આપી દીધો) એ ઉક્તિથી તે દત્તાત્રેય નામે બોલાય છે.

# બીજા અષ્ટકનો ત્રીજો અધ્યાય
## ભૂત-ભૌતિક - સર્ગ-વર્ણન

૧. ભગવત્પરાયણ અથર્વા મુનિએ સામાન્યરૂપે વર્ણવેલા આ દત્તાત્રેય-અવતાર (ચરિત્ર) સ્મરણમાં આવવાથી વિશેષરૂપે (વિસ્તારપૂર્વક) અહીં વર્ણવાય છે.

૨. જે (પરબ્રહ્મ) સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે, એની વિવિધ પરાશક્તિઓ છે તે, સર્વ કંઈ જાણનારો છે; એ આત્મા (પરબ્રહ્મ) માંથી માયા (પ્રકૃતિ) ઉદ્ભવી, એમાંથી (માયામાંથી) મહત્તત્ત્વ, તેમાંથી,.......

૩. અહંકાર, એ (અહંકાર) માંથી (પાંચ અપંચીકૃત સૂક્ષ્મ) તન્માત્રાઓ ઉત્પન્ન થઈ, અને એમાંથી આકાશ, વાયુ, અગ્નિ પાણી અને પૃથ્વી નામે પાંચ મહાભૂત થયાં.

૪.૫. (આ પાંચ મહાભૂત) ઉત્તર-ઉત્તર ભૂતમાં પૂર્વ-પૂર્વના ગુણોના ઉમેરાવાળાં બની શબ્દ વગેરે ગુણથી યુક્ત બન્યાં.[1] આ (મહાભૂતોના) ગુણોના અલગ અલગ સાત્ત્વિક અંશોમાંથી કર્ણ, ત્વચા, નેત્ર, જીહ્વા (રસના) અને ઘ્રાણ-એમ ક્રમથી પાંચ જ્ઞાનેન્દ્રિયો થઈ[2] અને (એ પાંચેના) બધા ગુણોના સાત્ત્વિક અંશોના એકીકરણમાંથી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર ઉત્પન્ન થયાં.

૬. (આમાં) મન સંકલ્પ કરનારું છે, બુદ્ધિ નિશ્ચય કરનારી છે, અહંકાર (હું છું - કર્તૃત્વ) અભિમાન કરનારો અને ચિત્ત (સતત અનુસંધાન) ચિંતન કરનારું છે; આ ચારના સમૂહને અંતઃકરણ કહે છે.

૭.૮. વાણી, હાથ, પગ, પાયુ (ગુદા) અને લિંગ (ઉપસ્થ) - એ પાંચ કર્મેન્દ્રિયો છે, જે ક્રમ પ્રમાણે, (આકાશ વગેરે પંચ મહાભૂતોના) ગુણ રજસ્-અંશમાંથી ઉત્પન્ન થયેલી છે (જેમ કે આકાશના **શબ્દ** ગુણના રજોઅંશમાંથી **વાણી** - એ પ્રમાણે ક્રમ જાણવો); (હવે) આ ગુણોના રાજસ અંશોના **ઐક્યમાંથી પ્રાણ** ઉત્પન્ન થયો, જે ક્રિયાત્મક છે અને એની ક્રિયાની વૃત્તિના ભેદ થઈ પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન (નામે ઓળખાય) છે.

૯. કર્મેન્દ્રિય પંચક, જ્ઞાનેન્દ્રિય પંચક, પ્રાણ પંચક તથા મન અને બુદ્ધિ (એ રીતે ૧૭ તત્ત્વોનો) મળીને લિંગદેહ (સૂક્ષ્મદેહ પણ કહેવાય છે) બને છે, જે અજ્ઞાનના આવરણનું કાર્ય કરે છે. (અહીં મનમાં ચિત્તનો અને બુદ્ધિમાં અહંકારનો લય સમજવો).

૧૦. (પાંચ મહાભૂતનું પંચીકરણ કોને કહેવાય તે સમજાવતાં કહે છે) (પૃથ્વી-આદિ) દરેક ભૂત (એક એકમ) ના બે ભાગ કરવા, પછી તે દરેક (એકમના) એક અડધા ભાગના વળી ચાર ભાગ કરવા. હવે દરેક ભૂતના બીજા અડધા ભાગમાં, અને ચાર ભૂતનો, બીજા અડધા ભાગનો ચોથો-ચોથો ભાગ ઉમેરતાં (મેળવતાં) દરેક ભૂત પંચીકૃત બને છે, જેને પંચીકરણ કહે છે.[3]

---

1. एकोत्तरर्द्धि ની સમજ : આકાશ **શબ્દ** ગુણવાળું, વાયુનો મુખ્ય ગુણ **સ્પર્શ** પણ એમાં આકાશના શબ્દ ગુણનો સમાવેશ (અર્થાત્ વાયુ **શબ્દ -સ્પર્શ** ગુણથી યુક્ત), એ જ પ્રમાણે ગુણ **રૂપ** - ત્રણથી યુક્ત, તેજ રીતે, પાણીમાં શબ્દ, સ્પર્શ, રૂપ સાથે એનો પોતાનો ગુણ **રસ** - ચાર ગુણથી યુક્ત જલ, અને પૃથ્વીમાં શબ્દ, સ્પર્શ રૂપ, રસ અને એનો પોતાનો ગુણ ગન્ધ - આમ પૃથ્વીમાં પાંચ ગુણ.

2. શબ્દગુણના સાત્ત્વિક અંશમાંથી કર્ણ, સ્પર્શમાંથી ત્વચા, રૂપમાંથી નેત્ર, રસમાંથી જીહ્વા અને ગન્ધમાંથી ઘ્રાણેન્દ્રિય (અહીં દરેકમાં 'સાત્ત્વિક અંશ' લેવાનો)

3. ઉદા. પૃથ્વીના એક એકમના બે સરખા ભાગ ૧/૨ - ૧/૨ થયાં. હવે એ ૧/૨ ભાગના બીજા ચાર ભાગ કરતાં એક આખા એકમના ૧/૨, ૧/૮, ૧/૮, ૧/૮ અને ૧/૮ એમ બધા મળી પાંચ ભાગ થશે. એવું જ અન્ય ચાર ભૂતોનું કરવું પછી પૃથ્વીના પંચીકરણમાં પૃથ્વીનો બાકી રહેલો ૧/૨ ભાગ તેમાં ૧/૮ જલ, ૧/૮ તેજ, ૧/૮ વાયુ અને ૧/૮ આકાશ મેળવતાં પૃથ્વીનો એક પંચીકૃત એકમ બનશે. આ જ રીતે અન્ય ચાર મહાભૂતના પંચીકૃત એકમ બને છે. એનો અર્થ એ કે આ વિશ્વના પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશમાં - દરેકમાં પાંચે મહાભૂતો હોય છે પણ તે એ રીતે કે તે-તે મહાભૂતનો અડધો ભાગ અને એમાં અન્ય ચારનો દરેકનો ૧/૮ ભાગ ભળેલો હોય છે. આનું નામ **પંચીકરણવિદ્યા**.

૧૧. તે (પંચીકૃત પાંચ મહાભૂતમાંથી ઉત્પન્ન થયેલ) સ્થૂલ શરીર (કર્મના) ભોગ (ભોગવવાનું) સાધન છે; એ ગુણની દૃષ્ટિએ ત્રણ પ્રકારનું છેઃ (જેમાં) સત્ત્વગુણ અધિક હોય તે દેવનું (શરીર), રજોગુણના આધિક્યે મર્ત્ય (માનવનું) (શરીર) અને અન્ય (તમો ગુણના આધિક્યવાળું) પશુપંખીનું (શરીર) હોય છે.

૧૨.૧૩ પૃથ્વી ભૂત તત્ત્વમાંથી રોમ, ત્વચા, માંસ, નાડી અને હાડકાં થયાં છે, જલતત્ત્વમાંથી મૂત્ર અને વીર્ય, પરસેવો, આંસુ, લાળ (થયાં છે) અગ્નિતત્ત્વમાંથી ક્ષુધા, તૃષા, નિદ્રા, તંદ્રા અને રતિ (પ્રેમ) થયાં છે, જ્યારે વાયુમાંથી ગમનક્રિયા, ચંચળતા, નિરોધક્રિયા, સંકોચ ક્રિયા અને પ્રસારણ ક્રિયા ઉદ્ભવી છે અને આકાશ તત્ત્વમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, ભય ઉદ્ભવ્યાં છે અને તે (ઉપયુક્ત વિકારો) બધાથી યુક્ત એવું આ જડ શરીર છે.

૧૪. (પહેલાં જણાવેલ) સૂક્ષ્મ (લિંગ) શરીર સત્તર (૧૭) અવયવો વાળું છે અને તે જ સુખ, દુઃખ વગેરેનો અનુભવ કરનારું છે; હવે **અજ્ઞાન** એ કારણ શરીર (કહેવાય) છે અને ત્રણ શરીર (સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ) નો સમૂહ એનું (જીવાત્માનું) પુર ગણાય છે.

૧૫. તે (પરમાત્મા) (જ્યારે મૂળ પ્રકૃતિના) નિર્મલ સત્ત્વગુણયુક્ત તત્ત્વમાં પ્રતિબિમ્બિત થાય ત્યારે **મહેશ્વર** (તરીકે ઓળખાય) પણ મલિન સત્ત્વગુણ યુક્ત તત્ત્વમાં પ્રતિબિમ્બિત થાય તો જીવાત્મા (કહેવાય), જ્યારે તમઃ પ્રધાન પ્રકૃતિમાં પ્રતિબિમ્બિત થાય તે પંચમહાભૂતો (કહેવાય).

૧૬. (મહેશ્વર અથવા) ઈશ્વર (શુદ્ધ સત્ત્વ પ્રધાન પ્રકૃતિની ઉપાધિવાળો હોવાથી) સર્વજ્ઞ અને (અખિલ વિશ્વસ્વરૂપ) સમષ્ટિની ઉપાધિવાળો છે, જ્યારે જીવાત્મા (મલિન સત્ત્વપ્રધાન પ્રકૃતિવાળો હોવાથી) એ (અલ્પજ્ઞ) અને વ્યષ્ટિની સંજ્ઞાવાળો છે. આ રીતે ઈશ્વરની આજ્ઞાથી (ઈક્ષણ ક્રિયાના પરિણામે) (માયાની) વિક્ષેપ શક્તિના કાર્ય સ્વરૂપ આ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે.

૧૭. આમ (પંચીકૃત થયેલા) પંચ મહાભૂતમાંથી આ (અખિલ) બ્રહ્માંડ (ઉદ્ભવ્યું) છે, તેમાં ચૌદ લોક (પ્રતિષ્ઠિત) છે, તેમાં પોતપોતાની રીતે (સ્વર્ગમાં દેવ, અંતરિક્ષમાં પંખીઓ તે પ્રમાણે) અહીં (મૃત્યુલોકમાં) પ્રાણીઓ (રહેલાં) છે; આ બ્રહ્માંડ વિરાટ્સ્વરૂપ વ્યાપક પરમાત્માનો સ્થૂલ દેહ જ છે.

૧૮ થી ૨૨ (૧-૨). આ વિરાટ પુરુષના પગનો નીચેનો ભાગ તે **અતલ**, ઉપરનો ભાગ તે **વિતલ**, બે ઘૂંટી તે **સુતલ**, બે જંઘ તે **મહાતલ**, બે ઘૂંટણ તે **તલાતલ**, બે ઊરુ તે **રસાતલ** અને કેડ **પાતાલ** (આમ નીચેના સાત લોક વિરાટ પુરુષના પગથી માંડી કેડ સુધીમાં જાણવા); હવે દૂંટીમાં **ભૂર્લોક**, કુક્ષિમાં **ભુવર્લોક**, હૃદય પર **સ્વર્લોક**, ગળામાં **મહર્લોક**, મુખમાં **જનલોક**, બે ભમરમાં **તપલોક**, અને મસ્તક પર **સત્યલોક** (રહેલા) છે (આમ ઉપરના સાત લોક નાભિથી માંડી મસ્તક સુધીમાં આવેલા જાણવા). વાયુ પ્રાણ છે, પૃથ્વી શરીર છે, (ચૌદ લોક) અવયવો છે, નક્ષત્રો દાંત છે, માયા હાસ્ય છે, રાત્રિ નિમેષ અને દિવસ ઉન્મેષ છે, સૃષ્ટિ નેત્રકટાક્ષ છે, સમુદ્ર કુક્ષિ છે, નદીઓ નાડીઓ છે, વૃક્ષો વાળ છે, વૃષ્ટિ વીર્ય છે, (અને) પર્વતો હાડકાં છે. આ સ્થાવર - જંગમાત્મક જગત વિરાટ ભગવાનનો સ્થૂલ દેહ છે.

૨૨(૩.૪) થી ૨૪ (હવે) દિશા, વાયુ, સૂર્ય, પ્રચેતા, અશ્વિનીકુમારો, અગ્નિ, ઈન્દ્ર, ઉપેન્દ્ર, મૃત્યુ (યમ) અને પ્રજાપતિ - (દશ) (એની) જ્ઞાનેન્દ્રિયો - કર્મેન્દ્રિયો છે, જ્યારે ચંદ્ર, બૃહસ્પતિ, રુદ્ર અને નારાયણ (અનુક્રમે) મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સ્વરૂપ અંતઃકરણ છે. આ પ્રકારનો (વિરાટ પુરુષનો) લિંગ દેહ (સૂક્ષ્મ શરીર) છે, અને જે અવ્યક્ત સ્વરૂપ છે, તે કારણ દેહ છે. અહીં (વિરાટ સ્વરૂપમાં) જે જે દિશા વગેરે-શ્રવણ વગેરે દેવતાઓ છે, તે બધી વ્યષ્ટિ (દરેક વ્યક્તિગત શરીર) માં તે તે અંગનું રક્ષણ કરનાર દેવતા છે.[1] બંનેમાં (વિરાટ પુરુષ, અને વ્યક્તિ-શરીરમાં બંને) ઈશ્વર અને જીવ કાર્યક્ષમ છે.

૨૫. પરમાત્મા બંનેમાં પોતાના અંશથી પ્રવિષ્ટ થયા; એ રીતે આવિર્ભાવ પામેલા ઈશ્વર અને જીવાત્મા (અનુક્રમે) માયાને વશ કરવાથી સર્વજ્ઞ હોઈ અને અવિદ્યાને અધીન હોઈ અલ્પજ્ઞ હોઈ કાર્યક્ષમ છે.

૨૬. આ પ્રમાણે ઈશ્વર અજ્ઞાનીઓ માટે (એમનાં) કર્મોને ભોગ ભોગવવા માટે હંમેશા (વિશ્વનું) સર્જન કરી, બ્રહ્મા (સર્જક), વિષ્ણુ (પાલક) અને હર (સંહારક) સ્વરૂપ બની સૃષ્ટિ-સ્થિતિ અને સંહારનું કારણ બને છે.

---

૧. ઉદા. દિશાઓ વિરાટ-પુરુષના શ્રોત્ર છે, એની જે દેવતા તે જ વ્યક્તિગત શરીરના શ્રોત્રની દેવતા.

૨૭ થી ૩૦ વિશ્વ (આત્મા) અધ્યાત્મ છે, વિરાટ અધિભૂત છે, જ્યારે કૃષ્ણ અધિદૈવત છે; જાગ્રત (અવસ્થા) અધ્યાત્મ, રક્ષ અધિદૈવત અને સત્ત્વ (ગુણ) અધિભૌતિક છે; હિરણ્યગર્ભ અધિભૂત છે, બ્રહ્મા અધિદૈવત છે, તૈજસ (આત્મા) અધ્યાત્મ, અને સર્ગ અધિદૈવત છે; પ્રાજ્ઞ (આત્મા) અધ્યાત્મ, ઈશ્વર અધિદૈવત અને વ્યાકૃત અધિભૌતિક છે; નિદ્રા (અવસ્થા) અધ્યાત્મ, ક્ષય અધિદૈવત અને તમોગુણ અધિભૌતિક છે; અધિદૈવત, અધ્યાત્મ અને અધિભૌતિક-આ ત્રણ તો (અવિદ્યાને લીધે ઉત્પન્ન થતાં) ભ્રમ (મિથ્યાજ્ઞાન) થી ભાસે છે (તાત્ત્વિક દૃષ્ટિએ સત્ય નથી); તેથી (શ્રુતિજ્ઞાનમાં) શ્રવણાદિકાલે (શ્રવણ, મનન નિદિધ્યાસનવેળાએ) આ બધું એક જ છે, અદ્વિતીય છે એમ જ માનવું.

૩૧. આ (ઉપર્યુક્ત શ્લોક ૨૭ થી ૩૦ માં નિર્દિષ્ટ) બધાં પ્રણવનાં (સ્વરૂપનાં) અંગો છે; એ પ્રણવના દરેક અંગની અલગ-અલગ ઉપાસનાથી જીવાત્માની અલગ-અલગ પ્રકારની ગતિ (અલબત્ત સદ્ગતિ) થાય છે, પરંતુ એ બધાં અંગોની સમસ્તરૂપમાં (એક જ અખંડૈકરૂપમાં) ઉપાસનાથી સ્થિર દત્તલોકની પ્રાપ્તિ થાય છે.[1]

૩૨. આ સ્થાવર - જંગમાત્મક જગતસ્વરૂપ વિરાટ ભગવાન અતિ કલ્યાણપ્રદ સ્વરૂપ છે, જેની ઉપાસના કરીને યોગીઓ ક્રમમુક્તિથી કૈવલ્યધામની પ્રાપ્તિ કરે છે.

૩૩. બ્રાહ્મણ એ (વિરાટ્ ભગવાનનું) મુખ છે, બાહુમાંથી ક્ષત્રિય, ઊરુમાંથી વૈશ્ય અને પગમાંથી શૂદ્ર પોતપોતાના ગુણ, કર્મ અને વૃત્તિના વિભાગથી જન્મ્યા છે.

૩૪. પહેલાં ઉદ્‌ભિજ્જ સૃષ્ટિ (વનસ્પતિ, ઔષધિ, લતા, છાલ, વિરુધ અને ઝાડ) છ પ્રકારની થઈ; પ્રથમ અઠ્ઠાવીસ પ્રકારની તિર્યક્ (પશુ પક્ષી) સૃષ્ટિ, મનુષ્ય સૃષ્ટિ, અને (પિતૃ, સુર, ગન્ધર્વ, દેવ, સિદ્ધ, યક્ષ, રાક્ષસ અને ચારણ એમ) આઠ પ્રકારની દેવસૃષ્ટિ (ઉત્પન્ન) થઈ.

૩૫. વિરાટસ્વરૂપ વિષ્ણુના નાભિકમલમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા, (વિષ્ણુની કૃપાથી) જેણે વેદ મેળવ્યા છે એવા તેણે (બ્રહ્માએ) (વિશ્વના) સર્જન માટે ચાર માનસપુત્રોને ઉત્પન્ન કર્યા.

૩૬. તે (ચાર પુત્રો) સનતકુમાર, સનક, સનન્દન અને સનાતન (નામે) કુમાર[2] અને બ્રહ્મનિષ્ઠ બન્યા અને તેથી બ્રહ્મા કોપાયમાન થયા.

૩૭. ક્રોધિત બનેલા તે (બ્રહ્મા) ના લલાટમાંથી ઉગ્ર સૃષ્ટિ કરનાર રુદ્ર ઉત્પન્ન થયા. બ્રહ્માએ તેને વરદાન આપી તપશ્ચર્યા કરવામાં જોડી દીધા.

૩૮ થી ૪૦ (ક્રોધ ઉતરી જવાથી) જેનું અંતઃકરણ શાંત થયું છે એવા તે બ્રહ્માના મન અને દેહમાંથી તપ દ્વારા મરીચિ, અત્રિ, અંગિરા, ક્રતુ, ભૃગુ, પુલસ્ત્ય, પુલહ, રુચિ, દક્ષ, વસિષ્ઠ અને નારદ (માનસ પુત્રો) અને ઉરમાંથી ધર્મ, પીઠમાંથી અધર્મ હૃદયમાંથી કામ, ભમરોમાંથી ક્રોધ, અધરહોઠમાંથી લોભ, છાયામાંથી કર્દમ, મુખમાંથી વાણી, ચાર મુખમાંથી અંગ-ઉપાંગ અને વિદ્યાથી યુક્ત એવા (ચાર) વેદ ઉત્પન્ન થયા.

૪૧ થી ૪૩ (હવે) સૃષ્ટિ કઈ રીતે વધે એનું ચિંતન કરતા બ્રહ્માનાં અંગમાંથી એક (સ્ત્રી-પુરુષનું) જોડકું ઉત્પન્ન થયું (જેમાં) સ્વરાટ્ અને પહેલો (સ્વાયંભુવ નામે) મનુ (તે પુરુષ) અને શતરૂપા નામે (તેની) પત્ની (તે સ્ત્રી) - એ દંપતીએ ગ્રામ્યધર્મ (મૈથુનક્રીડા) થી બે પુત્ર અને (ત્રણ) પુત્રીઓ પેદા કરી; પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના રાજાઓ તો (આ દંપતીના) પુત્રો હતા અને બુદ્ધિ, સૌન્દર્ય અને ચારિત્ર્યરૂપી લક્ષ્મીથી સંપન્ન આકૃતિ, દેવહૂતિ અને પ્રસૂતિ નામે (ત્રણ) કન્યાઓ હતી; એમાંથી પછી આ સૃષ્ટિ (સર્ગ) વધવા માંડી.

---

૧. આ બ્રહ્માત્મૈક્ય અનુભૂતિ કહેવાય છે, જેમાં ક્રમમુક્તિ ને બદલે જીવન્મુક્તિ પ્રાપ્ત થાય છે.

૨. કુમાર :- ની વ્યુત્પત્તિ कुम् - अविद्यां मारयति इति । અર્થાત્ કુમાર એટલે અવિદ્યાનો નાશ કરનાર.

૩. रुद्र :- એના માટે શ્રુતિ છે : सोऽरोदीयदरोदीत्तद्रुद्रस्य रुद्रत्वम् । તેણે રુદન કર્યું જે રુદન તે જ રુદ્રનું રુદ્રત્વ.

# બીજા અષ્ટકનો ચોથો અધ્યાય
## મનુપુત્રીઓનાં લગ્ન અને અનસૂયા - અત્રિનું માહાત્મ્યવર્ણન

૧. તે રુચિને મેળવી (રુચિને જોઈને) મનુએ એને આકૂતિ પરણાવી, (સ્ત્રી ઈચ્છાથી જ તપ કરતા) કર્દમને જોઈ બ્રહ્માની આજ્ઞાથી એની સાથે દેવહૂતિનાં લગ્ન અને કર્મઠ દક્ષ સાથે પ્રસૂતિનાં લગ્ન કર્યાં.

૨. રુચિથી આકૂતિમાં લક્ષ્મી અને વિષ્ણુના અંશરૂપ (અનુક્રમે) દક્ષિણા અને યજ્ઞ (નામનાં બહેન-ભાઈ !) (જન્મ્યાં) જે દંપતી બન્યાં (એકબીજા સાથે પરણ્યાં); દક્ષે પ્રસૂતિમાં કન્યાઓ ઉત્પન્ન કરી. તેમાંની તેર (કન્યાઓ) કશ્યપને આપી;

૩. બ્રહ્માની આજ્ઞાથી ધર્મસ્વરૂપ અગ્નિને સ્વાહા (પરણાવી), ચંદ્ર સાથે સત્તાવીશ (૨૭) કન્યાઓનાં, પિતૃઓ સાથે સ્વધા અને શંકર સાથે સતીનાં (લગ્ન કર્યાં).

૪.૫. (પાતિવ્રત્યના) પોતાના વ્રતથી કૃશ બનેલી, સંતાનની કામના જેની સંતોષાઈ નથી, એવી પત્નીએ (મને રતિસુખ આપો એવી) જેને પ્રાર્થના કરી છે તે, પોતાના જ સ્વરૂપ -આનન્દમાં સંતુષ્ટ રહેનાર, (અને તેથી વિષયોના) ઉપભોગથી વિમુખ બનેલા યોગબળથી (વિમાન, દાસીઓ, વસ્ત્ર, અલંકાર, મોંઘા અન્નપાન વગેરે) ઐશ્વર્ય પ્રાપ્ત કરનાર અને (તે દ્વારા) વિલાસ-લીલા કરનાર કર્દમથી દેવહૂતિમાં નવ કન્યા અને એક કપિલ નામે પુત્ર ઉત્પન્ન થયો,........

૬. કર્દમે કલા નામની કન્યા (લગ્નવિધિથી) મરીચિને આપી, જેનાથી કશ્યપનો (જન્મ થયો), (જ્યારે) અત્રિ (મુનિ) ને અનસૂયા (પરણાવી) જેના પુત્રો થયા જેમાં ભગવાન (દત્ત) મુખ્ય છે.

૭. (કર્દમે) અંગિરાને શ્રદ્ધા (નામની કન્યા) પરણાવી, જેનાં જીવ ઉતથ્ય વગેરે સંતાન થયાં; પુલસ્ત્ય ને હવિર્ભૂ (પરણાવી), જેની પ્રજામાં અગસ્ત્ય વગેરે થયા.

૮. પુલહને ગતિ આપી, જેનાથી કર્મશ્રેષ્ઠ વગેરે સંતાન થયાં, ક્રતુને ક્રિયા (પરણાવી), જેનાથી વાલખિલ્ય નામની પ્રજા થઈ.

૯. વસિષ્ઠને ઊર્જા (આપી), જેની પ્રજામાં ચિત્રકેતુ વગેરે થયા, (જ્યારે) અથર્વાને ચિતિ (પરણાવી) જેને દધ્યઙ્ મુખ્ય છે એ પ્રજા થઈ.

૧૦. ભૃગુને ખ્યાતિ (આપી) જેનાથી ધાતુ વગેરે પ્રજા થઈ. આમ બ્રહ્માના કહેવા પ્રમાણે (લગ્નની ધાર્મિક) વિધિ પ્રમાણે તેણે (કર્દમે) બ્રહ્મર્ષિઓને (પોતાની) કન્યાઓ પરણાવી.

૧૧. હવે કૃતકૃત્ય થયેલો, નાશ પામેલી એષણાઓવાળો, પોતાના સ્વરૂપમાં સ્થિત અને પરમાત્મા (બ્રહ્મ) નાં દર્શન કરનાર કર્દમ, જલદીથી પવિત્ર સંન્યાસ મેળવી, બધાનો ત્યાગ કરી, (વનમાં) ગયો.

૧૨.૧૩. તે (કર્દમ) ના વિયોગથી દુઃખી થયેલી, ઋષિસેવાથી નાશ પામેલા અશુભત્વવાળી, સર્વ સાધનોથી સંપન્ન (પોતાની) માતાને, સાંખ્ય દર્શનના પ્રણેતા, આચાર્ય, વિષ્ણુના અંશસ્વરૂપ કપિલે (પ્રકૃતિનાં ચોવીસ તત્ત્વો બાદ કરતાં) જે પચીસમા પરમ-પુરુષ આત્માનું જ્ઞાન થાય છે, તે જલદીથી મુક્તિ આપનારા સાંખ્ય-તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો.

૧૪. આ (કપિલ) મુનિ નિત્ય મુક્ત છે, સિદ્ધ છે, (સર્વને નિયમન કરનાર) ઈશ છે, અંદર-બહાર સર્વત્ર અકુંઠિત ગતિવાળા અને ઐશ્વર્યવાળા તથા મહાજ્ઞાની છે જે આજે પણ ત્રણે લોકમાં વિચરણ કરે છે.

૧૫. (માતા) દેવહૂતિએ પણ તે (કપિલના) ઉપદેશથી શાશ્વત બ્રાહ્મીસ્થિતિ મેળવી; તેની પુત્રીઓ પણ ઋષિપત્નીઓ બની મહાન ઐશ્વર્ય સંપન્ન બની.

૧૬. પિતા (બ્રહ્મ) ના શાસન (નું પાલન કરવામાં) તત્પર રહેનારા મરીચિ વગેરે ઋષિઓ જાયાઓ[1] ની સાથે (ગૃહસ્થાશ્રમનું) તપ સારી રીતે આચરતા અને પવિત્ર રહીને સૃષ્ટિ પ્રવર્તક બન્યા.

૧૭. એ (મરીચિ-આદિ ઋષિઓ) - એમનાથી (વિશ્વની) આ સૃષ્ટિ વિસ્તાર પામી અને, જેના અનુષ્ઠાનથી લોકો પરમ પુરુષ (પરમાત્મા) ને પ્રસન્ન કરે છે, તે સનાતન[2] ધર્મ પણ વિસ્તાર પામ્યો (બળ પામ્યો).

૧૮. અજ્ઞાનથી જ્ઞાન ઢંકાઈ ગયેલું હોવાથી[3] મોહમાં પડેલા (હંમેશ) સંભોગ (રતિક્રીડા)માં જ તત્પર રહેનારા (પામર) લોક ધર્મના સાચા તત્ત્વને જાણતા ન હોવાથી જવું - આવવું (જન્મ-મરણ) ની સ્થિતિને પામે છે.

૧૯. જીવાત્મા - પરમાત્માના એકત્વના જ્ઞાનથી અસત્ય-આવરણ અને અભાન-આવરણ[4] એમ (માયાની આવરણ શક્તિ) બે પ્રકારનો નાશ થાય છે, ત્યાર પછી માયાની વિક્ષેપ શક્તિનો નાશ થાય છે, અંતે પછી અમૃતત્ત્વની (પ્રાપ્તિ) હોય છે.

૨૦. આવો નિશ્ચય કરીને, દયાળુઓમાં પણ સમ્રાટ, અજન્મા, અદ્વિતીય (પરમાત્મા), અબુધ (કૃપણ) જનોને, જેમાં યોગ અગ્રિમ છે એવા (દત્ત ભગવાન) આત્મજ્ઞાનનો ઉપદેશ આપવા (ભૂતલ પર) અવતર્યા.

૨૧. અન્વર્થક (નામવાળા) ભગવાન અત્રિ બ્રહ્માના દ્વિતીય (માનસ) પુત્ર અને બ્રહ્મજ્ઞાની છે, એમની પત્ની ખરેખર કર્દમની દ્વિતીય પુત્રી છે; તે બંનેના પુત્ર શ્રીદત્ત અદ્વિતીય (સાક્ષાત્ પરમાત્મા) છે.[5]

૨૨. વેદ કહે છે કે વિધાતાનું ચિત્તમાં પ્રગટેલું સાત્ત્વિક તપ જાણે મૂર્તિમાન (સાક્ષાત્) અત્રિ નામે આવિર્ભાવ પામ્યું, જે (બ્રહ્મની) જ ઈક્ષણ ક્રિયાનું આદ્ય ઉત્તમ જ્ઞાન-ઈશ્વરરૂપ છે.

૨૩. જેમ માયા જાણે કે બ્રહ્મને ઢાંકે (વાસ્તવમાં એમ નથી) તેમ જ્યારે રાહુએ અંધકાર રૂપી પોતાની શક્તિથી પ્રકાશમાન સૂર્યને પણ ઢાંક્યો ત્યારે (ફક્ત) અત્રિએ એને પ્રકાશમાં આણ્યો. બીજા કોઈ (એમ કરવા) શક્તિમાન થયા નહીં એવું શ્રુતિમાં પ્રસિદ્ધ છે.

૨૪. જે (અત્રિ) મહર્ષિએ (ઋગ્વેદ) ની શાકલશાખાની વેદઋચાઓનું પાંચમાં મંડલમાં દર્શન કર્યું. જેમાં (ઋચાઓમાં) ઐહિક અને આમુષ્મિક ફલ સમૃદ્ધિ આપનારા આત્મસ્વરૂપ મુખ્ય દેવતા અગ્નિ સાથે ઈન્દ્ર અને (અન્ય) દેવતાઓની પ્રશસ્તિ છે. (તે આ અત્રિ છે).

૨૫. (ચાર યુગમાંના) પ્રથમ યુગ સત્યયુગમાં અહીં (પૃથ્વી પર) પ્રાણીઓને રોગગ્રસ્ત જોઈને જેણે તપશ્ચર્યા કરી અને આયુઃ નામની ઋચાઓ મેળવી અને જે વૈદ્યરાજે (આયુર્વેદ નામનો ઋગ્વેદનો) ઉપવેદ ગાયો તે અત્રિ વૈદ્ય તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

૨૬. મનુએ રચેલી વેદમત અનુસરનાર સ્મૃતિ મન્દબુદ્ધિવાળાને માટે સમજવી (ખૂબ) અઘરી છે કારણ ગહન અર્થવાળી છે એવું જાણી જે દયાળુ (ઋષિ) એ એક બીજી વેદત્રયીના અર્થને અનુસરનારી, ધર્મનો પ્રકાશ કરનારી, સરલતાથી સમજાય એવી અત્રિ (સ્મૃતિ) ની રચના કરી.

---

૧. જાયા ની વ્યુત્પત્તિઃ पति जायां प्रविशति गर्भो भूत्वेह जायते । અર્થાત્ પતિ જાયા (પત્ની) માં પ્રવેશ કરી ગર્ભ બની આ લોકમાં (ફરી) જન્મે છે માટે પત્ની જાયા કહેવાય છે; तज्जाया जाया भवति यदस्यां जायते पुनः । તે જ પત્ની જાયા કહેવાય, જેમાં પતિ (પ્રવેશ કરી) ફરી જન્મ લે છે. (આ શ્લોકમાં એ રીતે પૂ. સ્વામી મહારાજે અન્વર્થક જાયા શબ્દ પ્રયોજ્યો છે.)

૨. ધર્મ પરમાત્માથી અભિન્ન છે; પરમાત્મા સત્-શાશ્વત છે, તેથી ધર્મ પણ શાશ્વત - સનાતન છે.

૩. જેમ સૂર્યનું આવરણ કશું ન બની શકે છતાં રાહુ સૂર્યને ઢાંકે છે તેમ જ્ઞાનનું કશું આવરણ ન હોવા છતાં અજ્ઞાન જ્ઞાનને ઢાંકે છે. अज्ञानेनावृत्तं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः । (ભ.ગી. ૫.૧૫)

૪. માયાની બે શક્તિ ૧) આવરણ અને ૨) વિક્ષેપ. આવરણ શક્તિ બે પ્રકારની : (અ) અસત્ત્વારૂપ- આત્મા નથી -એવું માનવું; (બ) અભાનરૂપા-આત્મા પ્રકાશતો નથી - એવું માનવું.

૫. અહીં દ્વિતીય શબ્દ, શબ્દચમત્કૃતિ સર્જે છે : બ્રહ્માના પુત્ર અને કર્દમની પુત્રી માટે વપરાયેલ દ્વિતીય શબ્દ બીજા ક્રમના અર્થમાં છે જ્યારે દત્ત ભગવાન માટે વપરાયેલ અદ્વિતીય શબ્દ એકમેવ ના અર્થમાં છે : પરમાત્મા એકમેવ સત્ય છે; બીજું બધું असत्।

૨૭. બ્રહ્મજ્ઞાનીઓમાં પણ શ્રેષ્ઠ અને તેથી પોતે (કોઈપણ પ્રકારની) એષણા વિનાના છતાં (લોકસંગ્રહાર્થે) બ્રહ્માના આદેશથીજ આ વિદ્વાનને (ઋષિએ) સાત્ત્વિક મેધાવાળી) સ્ત્રીઓમાં પરમ સત્-ચારિત્ર્યસંપન્ન, સારાં લક્ષણોવાળી, ભાઈવાળી, સૌન્દર્યવતી અનસૂયા સાથે પ્રસન્નતાપૂર્વક લગ્ન કર્યાં,

૨૮. આ (અનસૂયા) તે, શ્રીકર્દમ નામના મહર્ષિએ પોતાની સાધુચરિત પત્ની દેવહૂતિમાં ઉત્પન્ન કરેલું, પોતાના પવિત્ર તપનું કન્યા સ્વરૂપવાળું અતિ ભાગ્યશાળી અને પવિત્ર એવું મહાન ફળ,.....

૨૯. જેની સાથે બ્રહ્માના પુત્ર, મહાનુ ઋષિ, તપ એ જ જેનો પુરુષાર્થ છે એવા, વેદના જાણકાર, બ્રહ્મમાં જ પરાયણ રહેનાર, મહાન આત્મા એવા અત્રિએ પોતાના નિષ્પાપ તપના પ્રભાવથી લગ્ન કર્યાં,

૩૦. જે કદાપિ કોઈના પ્રતિ પરાઙ્મુખ બનતી ન હતી, સ્વપ્નમાં પણ જેની (પર્ણકુટિ) પાસેથી કોઈપણ અતિથિ કશું મેળવ્યા વિના ગયો નથી; (વે) નગ્ન બનીને પણ જેણે (બ્રહ્મ-વિષ્ણુ-મહેશ) દેવોને ભોજન આપ્યું, તેના આતિથ્ય વિશે આગળ શું કહેવું ?

૩૧. અતિશય સાધુચરિત એવી એનો ઉત્કર્ષ વધી જશે એવા ભયથી, જેના (પાતિવ્રત્ય) વ્રતનો ભંગ કરવા માટે (સાવિત્રી; લક્ષ્મી અને પાર્વતી) દેવીઓએ (પોતપોતાના પતિ અનુક્રમે) બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને મોકલ્યા, અને જેણે એમને (પોતાના) પતિવ્રતા-ધર્મની શક્તિથી પુત્રો બનાવી દીધા,

૩૨. અમે જ પતિવ્રતા ધર્મ પાળનારી છીએ, એવા અભિમાનવાળી ઉત્તમ દેવો (બ્રહ્મા, મહેશ, વિષ્ણુ) ની પત્નીઓ (અનુક્રમે) સાવિત્રી, ઉમા અને લક્ષ્મી જ્યારે પાસે આવી ત્યારે જેણે તેમને પોતાના તેજથી ઝાંખી પાડી દીધી,

૩૩. (કૌશિક) બ્રાહ્મણની પતિવ્રતા પત્નીના શાપથી ઘણા સમય સુધી અદૃશ્ય થયેલ સૂર્યને જીવોના રક્ષણ માટે દેવોથી પ્રાર્થના કરાતાં જેણે ઉદિત કર્યો,

૩૪. માણ્ડવ્ય (ઋષિ) ના શાપથી મૃત્યુ પામેલા, રોગથી પીડાતા બ્રાહ્મણ કૌશિકને તેની સહધર્મચારિણી (પત્ની) ની પ્રાર્થનાથી જે સત્ત્વગુણસંપન્ન (અનસૂયાએ) બધા દેવોના દેખતાં ફરીથી સજીવન કર્યો,

૩૫. 'ઈચ્છા ફળી' એવું જોઈને પ્રસન્ન થયેલા ચિત્તવાળા દેવોએ," બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ હે સાધ્વિ ! તારા પુત્ર બનો", એવા દેવોમાં અગ્રણી ઈન્દ્રે અતિ ઉત્તમ આશીર્વાદ આપ્યા.

૩૬. જેના માટે પૃથ્વી સંપૂર્ણતયા મૃદુ બની, પર્વત સહનતાથી ચલાયમાન બન્યો, જેના ભયથી પવન, અગ્નિ પણ વિમલ બન્યા અને સૂર્ય પણ શીતલ બન્યો; કાળ (ભગવાન) પણ પોતાના (બળવાન) સમયની દૃષ્ટિએ બળહીન એવા મૃત્યુલોકને કાળનો કોળિયો બનાવવા સમર્થ નથી, એવી આ સાધુચરિત (અનસૂયા) ના પવિત્ર, વિશાળ, અચલ, કલ્યાણકારી મોટાપણાને જાણવા કોણ સમર્થ છે ? (કોઈ જ નહીં).

૩૭. જે (અનસૂયા) નું સૌન્દર્ય ચંદ્ર સાથે સરખાવીએ, તો (અનસૂયાનું) અંત વિનાનું અર્થાત્ નિત્ય અને સતત પ્રકાશશીલ છે, જ્યારે ચંદ્ર, એનો પુત્ર હોવા છતાં, વૃદ્ધિ-ક્ષયથી પીડાતો છે અને સૌન્દર્યસંપન્ન હોવા છતાં ત્રણ પ્રહર જ પ્રકાશ આપનારો છે.[1]

૩૮. દયા, ક્ષમા, શાંતિ જેમાં મુખ્ય છે એવા સદ્ગુણોથી સંપન્ન પર - આત્મા ભગવાન વિષ્ણુ પણ જેના વડે નાનો ભાઈ અને પુત્રના સંબંધને પામ્યા[2] તેના વિશે બીજું શું કહેવું ?

૧. આ શ્લોકથી અનસૂયાની સરખામણી માટે આપેલા ઉપમાન ઉપમેય (અનસૂયા) કરતાં ઉતરતી કક્ષાના છે એવું પૂ. સ્વામી મહારાજ બતાવે છે. રાત્રી ત્રિયામા -ત્રણ પ્રહરવાળી કહેવાય છે.

૨. કપિલ વિષ્ણુના અવતાર, અનસૂયાના બાળ ભગવાન વિષ્ણુના અવતાર - અનસૂયાના પુત્ર

૩૯. તેજસ્વિતા તો (કેવળ) સૂર્યમાં જ છે, એવું વર્ણન કરાતું હોય તો અસ્ત-ઉદય થી જોડાયેલ (સૂર્ય) ની તે (તેજસ્વિતા) કૌશિકની પત્નીએ આપેલા શાપ વખતે ક્યાં ગઈ ? માટે એ (પતિવ્રતા) ની તેજસ્વિતા હંમેશા પૂજ્યર્હ છે..

૪૦. મારો મત છે કે આ ભાગ્યશાળી કોઈ વિશિષ્ટ (માનુષી) સ્ત્રી નથી, પરંતુ એ તો ચૈતન્યની કલાએ અહીં મૂર્તસ્વરૂપ ધારણ કર્યું છે; નહીં તો (અન્ય) પ્રાણીઓમાં બધી રીતે પ્રાપ્ય ન બનતા આ સૌન્દર્ય વગેરે સદ્ગુણો એ (અનસૂયા) નમાં ક્યાંથી સંભવે ?

૪૧. નિર્ગુણ હોવા છતાં વિષ્ણુ (ભગવાન)એ પોતાની ભક્તિની વૃદ્ધિ માટે પોતાનું સ્વરૂપ સગુણ બનાવવાની ઈચ્છા સેવી, અગાઉથી આ ચેતન કારણ (ઉત્પન્ન થવા માટેની યોનિ) નું સર્જન કર્યું; જેવી રીતે પહેલાં વિશ્વરૂપ બનવા માટે માયાની કલ્પના કરી (તફાવત એ કે માયાજડ, મા અનસૂયા ચેતન)

૪૨. (સચ્ચિદાનંદ) સ્વરૂપનું સામ્રાજ્ય કરનાર અત્રિની આ અનસૂયા અતિપૂજનીય મહિષી છે; (અન્ય સાથે) મૂલવવું અશક્ય એવું એનું વાસ્તવિક વર્ણન કરવા ત્રણે લોકમાં કોઈ પણ સમર્થ નથી.

૪૩. જે મહાભાગ્યવાળી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની માતા બની તે પ્રત્યક્ષ સાકાર ચિત્કલા છે, એમ હું માનું છું.

# બીજા અષ્ટકનો પાંચમો અધ્યાય
# શ્રીદત્તાત્રેય વગેરેના અવતારનું કથન

૧. (કર્દમ) મુનિની દ્વિતીય[૧] પુત્રી અનસૂયા સાથે (લગ્નથી) જોડાયેલ (પોતાના) વિનયી દ્વિતીય પુત્ર (અત્રિ) બંને નમ્ર છે એવું જોઈને - બ્રહ્માએ આદેશ આપ્યો (સંતાન પ્રાપ્તિ માટે ત્ર્યધીશ્વરની ઉપાસના કરવા ઋક્ષ પર્વત પર જાવ).

૨. બ્રહ્મજ્ઞાનીઓમાં શ્રેષ્ઠ અત્રિ, બ્રહ્માની પ્રેરણાથી, પત્ની સાથે પુત્રપ્રાપ્તિ માટે ત્રણ ગુણના નિયન્તા ભગવાનની ઉપાસના કરવા કુલ-પર્વત ઋક્ષ પર ગયા.

૩. શત્રુતા વિનાના[૨], (દાવાગ્નિ જેવી) આપત્તિઓ જ્યાં શાંત થઈ ગઈ છે એવા, સર્વ ઋતુઓમાં સુખ આપનાર, વિવિધ સુંદર ફલફૂલવાળાં ઝાડ જ્યાં છે એવા, સ્વાદુ પાણીવાળા એ પર્વત પર તેણે (અત્રિએ) તપ કર્યું.

૪. ગરુડાસનમાં (એક પગ પર) ઊભા રહી, મનને વશ કરી, વાયુનું ભોજન કરી, (શીત-ઉષ્ણ આદિ) દ્વન્દ્વ વિનાનો (દ્વન્દ્વો પર કાબૂ મેળવનાર), એક (અદ્વિતીય) વિષ્ણુ (તત્ત્વ) નું, તેના (વિષ્ણુના) જેવી પ્રજા (સંતાન) ની પ્રાપ્તિ માટે, સો વર્ષ પર્યંત સારી રીતે ધ્યાન ધર્યું.

૫. જેણે પ્રાણાયામ રૂપી લાકડાથી સળગાવેલા તપરૂપી અગ્નિથી અખિલ (બ્રહ્માંડ) ને ઉત્કૃષ્ટ રીતે તપાવ્યું છે એવા અત્રિ પાસે, પોતાપોતાના ચિહ્નોથી અંકિત થયેલા આનંદસ્વરૂપવાળા બ્રહ્મા, વિષ્ણુ અને ઈશ (શંકર), આવ્યા.

૬. તેમના પ્રભાવથી (તેમના તરફ) ખેંચાયેલ ધ્યાનવાળા અને (પ્રત્યગાત્મામાંથી) બહાર ગયેલી દૃષ્ટિવાળા તેણે (અત્રિએ) હંસ, ગરુડ અને વૃષભ પર આરૂઢ થયેલા તેમને (દેવોને) જોઈ, પ્રસન્ન થઈ નમ્ર બની ધીમેથી સ્તુતિ કરવા માંડી.

૭ થી ૧૧ હું (અંતઃકરણના અભાવથી)[૩] અવ્યક્ત, (સૂક્ષ્મ શરીર ન હોવાથી) અચિન્ત્ય, (સ્થૂલદેહ ન હોવાથી) અવિકારી, (અને તેથી જ) પકડી ન શકાય તેવા, અતર્ક્ય, નિત્ય (સત્યસ્વરૂપ), વ્યાપક (અનન્ત), એક (અખંડ-એકરસ), પ્રકાશશીલ, સદ્બુદ્ધિને પ્રેરનાર, અનન્ય (એના સિવાય બીજું કશું નથી), અમેય, સૃષ્ટિરૂપી સમુદ્રના તીર, બુદ્ધિથી લભ્ય, (અંતર્મુખ યોગીઓ માટે) દૂર નથી એવા, (વ્યાપનશીલ) શ્રીવિષ્ણુ, જેનો આદિ નથી એવા (ઉત્પત્તિ નથી એવા), ત્રણ (ગુણો) ના ઈશ (નિયન્તા), જગતના આદિ (કારણરૂપ) વિશ્વભ્રમ (અધ્યાસ) ના અધિષ્ઠાનરૂપ, જેણે સ્વજન (સ્વભક્ત) ની આધિનો નાશ કર્યો છે એવા, કૂટસ્થ (અવિકૃત) એવા જેના એક અંશમાં વિશ્વનો ઉદ્ભવ છે એવા, એક નહીં એવી માયાને આકર્ષનાર, વિશ્વ (જગતમાં જીવ રૂપે પ્રવિષ્ટ થયેલા), સર્વજ્ઞ, અનન્ત, વ્યસ્ત, સમસ્ત (અર્થાત્ વ્યષ્ટિ-સમષ્ટિમાં અનુસ્યૂત), સર્વ (સ્વરૂપ), ગુણોવાળા (સગુણ સ્વરૂપ), સત્ય (સ્વરૂપ), છ ભાગ યા સંપન્ન - એવા તને[૪] નમન કરું છું.

૧૨. હે સત્ (સ્વરૂપ) ! (ત્રણ) ગુણોના ભેદને લીધે બ્રહ્મા વગેરે તારા સ્વરૂપના જ વિશેષ ભેદ છે, તું સૃષ્ટિ વગેરેનું મૂળ કારણ છે અને તારામાં અભિમાન (કર્તૃત્વાદિ અહંકાર) નથી.

૧૩. લીલાથી વિગ્રહ (ધારણ કરનાર) ! હે સેવનશીલ ! તું (જગતનો) પાલક છે છતાં (એ કર્મમાં) લિપ્ત બનતો નથી. તારો (આ સ્વરૂપનો) જ્ઞાતા (પણ) (કર્મથી) લેપાતો નથી.

---

૧. દ્વિતીયા: બે અર્થ (અ) અનસૂયા કર્દમની દ્વિતીય પુત્રી હતી (બ) અનસૂયા-પરમાત્માની કલા (ચિત્કલા) હતી, તેથી પરમાત્માથી ભિન્ન હોઈ દ્વિતીયા કહેવાય.

૨. જ્યાં બ્રહ્મ સાથે તાદાત્મ્ય સાધનાર સંત રહે ત્યાં (સંત અખિલ વિશ્વના પ્રાણીઓ પર પ્રેમ વરસાવતા હોવાથી) જન્મજાત વૈરવાળાં (સાપ-મોર, કૂતરા-બિલાડી વગેરે) પ્રાણીઓ વૈરનો ત્યાગ કરી સાથે રમે છે, આપત્તિઓનો નાશ થાય છે.

૩. ભગવાનને કાર્ય-કારણ કશું હોતું નથી, શ્રુતિ न तस्य कार्यं करणं च विद्यते ।

૪. અત્રિએ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ -ત્રણ દેવોનાં દર્શન કર્યાં પણ સ્તુતિમાં त्वाम् એકવચન વાપર્યું છે કારણ એ જાણે છે કે "એક જ પરમતત્ત્વના ગુણ-ઉપાધિથી ત્રણ સ્વરૂપ છે.

૧૪. હે વાણી-મનથી પર (અગોચર) ! મેં તો એકનું ધ્યાન ધર્યું હતું, (પણ) તમે ત્રણ આવ્યા ! (હવે) તમારામાંથી મારો એ હિત જાણનાર કોણ છે ? (જેનું મેં ધ્યાન ધર્યું હતું ?).

૧૫. તેઓએ (દેવોએ) જવાબ આપ્યો, "હે સત્સંકલ્પ ઋષિ ! તારા હૃદયમાં જે છે તે અસત્ હોઈ જ ન શકે; તેં જેનું ધ્યાન ધર્યું છે તે અમારામાંથી બીજો કોણ હોઈ શકે ? .....

૧૬. મારા જેવા પુત્રની પ્રાપ્તિ માટે તેં કરેલા શ્રમના ફળરૂપે બધા (સકલ) નો આત્મા એવો (મારો) આત્મા (સ્વરૂપ) આજે હું તને આપું છું."

૧૭. આ પ્રમાણે વરદાન આપી તે ત્રણ દેવ અંતર્ધાન થઈ ગયા, પછી અત્રિની સમક્ષ ચાર ભુજાધારી (ભગવાન દત્તાત્રેય અવતીર્ણ થયા).

૧૮. લીલાવિહારી, વ્યાપક (અને) અજન્મા (ભગવાન) નો આ આદ્ય (પ્રાચીન અને બધા અવતારોમાં પ્રથમ) અવતાર છે, જેનું ધ્યાન ધરવાથી જીવાત્મા પાપમુક્ત બની કલ્યાણકારક સ્થિતિને પામે છે, એવું શ્રુતિવચન છે.

૧૯. "પોતાનું (ભગવાન પક્ષે-મારું) રમણીય સર્વ અંગ જોઈને આ દંપતી (અત્રિ-અનસૂયા) હર્ષ પામ્યાં છે પરંતુ (લાલન કરવાનું અશક્ય હોવાથી) થોડાં શંકાશીલ મનવાળાં છે"- એવું જાણીને સર્વજ્ઞ ત્ર્યધીશ (ત્રિગુણાધિપતિ) ભગવાન બોલ્યા,....

૨૦.૨૧ "પહેલેથી જ બાળકનું સુખ મેળવવાની તમારી બંનેની ઈચ્છા છે તે જલદી ફળો, - તમને મારા અંશમાંથી ઉત્પન્ન થયેલા, યશસ્વી (ત્રણ) સુપુત્રો પ્રાપ્ત થાવ"- એવું વરદાન મેળવી, તે અત્રિ (મુનિ) પત્ની સાથે તેને (દત્તાત્રેયને) પગે લાગી, તેની અનુજ્ઞા લઈ તેનામાં (દત્તાત્રેયમાં) મન પરોવેલું રાખી પોતાના આશ્રમે ગયા.

૨૨. આ (દત્ત ભગવાનનો) ચતુર્ભુજ (સ્વરૂપવાળો) (પ્રથમ) અવતાર છે, જેનું અર્ચન કરનારા શાંડિલ્ય વગેરે (ભક્તો) એ મોક્ષ પ્રાપ્ત કર્યો છે; હવે એના (દત્તના) બીજા અવતારનું વર્ણન કરું છું.

૨૩. એક વેળા અત્રિની પ્રિયા (અનસૂયા) નું સાચું (હૃદય-પૂર્વક આચરણવાળું) આતિથ્ય અને પતિવ્રતાનું વ્રત જોઈને નારદે સાવિત્રી, લક્ષ્મી અને ઈશા (પાર્વતી) ને તેની વાત કરી.

૨૪. ત્યારે રુષ્ટ બનેલી ત્રણેયે પતિ જેના વશમાં એવી દેવીઓ હોવા છતાં ઈર્ષાવાળી તેમણે અનસૂયાના (પાતિવ્રત્યના) પવિત્ર બળને હરી લેવા માટે (પોતાના) પતિઓને પ્રેર્યા.

૨૫. તે (ત્રણ) દેવોએ અતિથિ બની મધ્યાહ્ને અત્રિના આશ્રમે જઈ, ' હે સતિ ! અમને અન્ન આપો' - એમ કહ્યું, .....

૨૬. (પછી આગળ કહ્યું)", (અમને) જો નગ્ન બનીને, પ્રસન્ન (મનવાળા) બની અન્ન આપો, તો અમે ગ્રહણ કરીએ, નહીં તો (તમારા પર) ગુસ્સે થઈ અમે ચાલ્યા જઈશું."

૨૭. તે (અનસૂયા) તે (માગણી) અર્થ્ય છે (અનર્થ કરનારી નથી), તેવું સ્વીકારી તેમને (દેવોને) બાળક માની નગ્ન બની, તો તેમને (દેવોને) જલદી બાળકો (બનેલા) જોયા !

૨૮. (હવે) સારા દૈવયોગે (સ્તનમાંથી) ઝરતું મિષ્ટ દૂધ (તેમને) આપી, ઊંચે અવાજે સુંદર ગીતો (હાલરડાં) સંભળાવી (પારણામાં) સારીરીતે ઊંઘાડ્યાં.

૨૯. જેણે (આહ્નિક) કર્મ કર્યું છે એવા અત્રિ પણ વનમાંથી આવી, તે અખિલ (વૃત્તાંત) સાંભળી, એમને દેવો તરીકે ઓળખી, એમની સ્તુતિ કરી.

૩૦. (નારદ) ઋષિની (આ વૃત્તાંત વિશે) વાણી સૂણી (તે ત્રણ) દેવીઓ (સાવિત્રી, લક્ષ્મી, ઉમા) (પોતપોતાના) પતિને (મેળવવાની) ઈચ્છાથી (ત્યાં) આવી પહોંચી; (પરંતુ) (બાળક બનેલા હોવાથી) પોત-પોતાના પતિને ઓળખી ન શકવાથી લજ્જા પામી અને એમની (અનસૂયાને પરાજિત કરવાની) ઈચ્છા નાશ પામી.

૩૧. હવે તેણે (અનસૂયાએ) દેવોની સ્તુતિ કરી અને પથારીમાં બાળકરૂપે રહેલા તેઓ ખરેખર પોતાના (મૂળ) સ્વરૂપમાં વ્યક્ત (પ્રકટ) થયા.

૩૨. તેઓ (દેવો) તે બંને (અત્રિ-અનસૂયા) ને એમનું મનપસંદ વરદાન આપી, (પોતાની) પત્નીઓ સાથે પોત-પોતાના સ્થાને ગયા; પણ તે બાળકો (ત્યાં) રહ્યા.

૩૩. તે આ અજન્મા (ભગવાન) નો બેભુજવાળો અન્ય અવતાર છે, જે અહીં દલાદન-અલર્ક વગેરેનો ઉદ્ધાર કરનારો છે.

૩૪. એક બીજો છ ભુજાવાળો પણ (ભગવાનનો) ઉદાર અવતાર છે, વિષયાસક્તથી ઘણે દૂર છે, જ્યારે સંતો અને યોગીઓથી દૂર નથી.

૩૫. માણ્ડવ્ય (ઋષિ) ના શાપથી સૂર્યનો ઉદય થતાં પતિ (કૌશિકનું) મૃત્યુ થશે એવું જાણી, કૌશિકની પત્નીએ સૂર્યને (ઉદય ન પામવા) શાપ આપ્યો, અને તેથી (થયેલા) અંધકારથી જગત પીડાવા લાગ્યું.

૩૬. (આનાથી) કાયર બનેલા (ડરી ગયેલા) બ્રહ્મા વગેરે દેવો અત્રિના આશ્રમે જઈ, પગે લાગી, સતી (શાંડિલી) ને સમજાવવા પત્ની (અનસૂયા) સાથે અત્રિને કૌશિકને ઘેર લઈ આવ્યા.

૩૭. અનસૂયાએ (કૌશિકપત્નીને) કહ્યું " હે સાધ્વી ! તારા શાપથી આ (સૂર્ય) ઉદય પામતો નથી; તેથી અહીં આનો (જગતનો) પ્રલય થશે; તું (પતિના મૃત્યુથી) ડરીશ નહીં, સૂર્યનો જલદી ઉદય કરાવ.

૩૮. ત્યારે, હે સૂર્ય ! ઉદય પામ, એવું (કૌશિકપત્નીથી) કહેવાતાં તે (સૂર્ય) ઉદય પામ્યો, અને કૌશિક મૃત્યુ પામ્યો; પણ અનસૂયાએ તેને તરત જ જીવતો કર્યો.

૩૯. ત્યારે ,"હે સાધ્વી ! બ્રહ્મા, વિષ્ણુ, ઈશ (શંકર) અજન્મા હોવા છતાં તારા પેટે અવતાર ધારણ કરો"- એવું "વરદાન આપી પ્રસન્ન થયેલા દેવો સ્વર્ગમાં ગયા.

૪૦. પોતાના આશ્રમે આવી ઊર્ધ્વ -રેતસ-વાળા અત્રિએ મનથી સાક્ષાત્ ધ્યાન ધરી, કર્માશય વિનાના[1] (ત્રણે) ઈશ્વરને પોતાની પત્નીના ઉદરમાં સ્થાપિત કર્યા[2]

૪૧. (દેવોના) વરદાનના પ્રભાવથી ગર્ભમાં ધારણ કરેલા (ત્રણે) તેઓને તેણે (અનસૂયાએ) જન્મ આપ્યો; માગસર માસની પૂર્ણિમાએ બુધવારે મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રદોષ સમયે (શુભ મુહૂર્તમાં) અજન્મા (ભગવાન) અવતીર્ણ થયા.

૪૨.૪૩. જે જ્યોતિર્મય આત્મા છે, તે અજન્મા ભગવાન તે બંને (અત્રિ-અનસૂયા) ને પોતાનું પહેલાં કહેલું (અમે ત્રણ જુદા નથી) ઐક્ય જણાવવા, માલા, કમંડલુ, ડમરુ, ત્રિશૂલ, શંખ અને સુંદર ચક્રવાળા છ હાથવાળા હસતા મુખવાળા પ્રકટ થયા.

૪૪. (પણ) (બાળકરૂપ ધારણ કરે એવું) તેમની (અત્રિ-અનસૂયાની) મનપસંદ ઈચ્છા જાણીને ફરી બાળકરૂપે (ત્રણ) બની ઊભા રહ્યા, (તેથી) તે બંને પણ તેમનાં સુંદર રૂપોથી પ્રસન્ન થયાં.

૪૫. દત્ત નામે જે સૌથી મોટા પુત્ર તે સાક્ષાત્ વિષ્ણુ (છે), ચંદ્ર તે વંશવૃદ્ધિ કરનાર બ્રહ્માનો અંશ અને ક્રોધી પરંતુ (બીજા પર સદા અનુગ્રહ કરવા તત્પર) દુર્વાસા તે શંકરના અંશમાંથી પ્રાદુર્ભૂત થયેલા છે.

---

૧. પતંજલિ ઈશ્વરનું લક્ષણ આપતાં કહે છે : ઈશ્વરને કર્માશય ન હોય તેથી એમણે ધારણ કરેલા દેહ ભોગાયતન શરીર ન હોય. માટે જ જ્યાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો ઉલ્લેખ છે ત્યાં પૂ. સ્વામી મહારાજે ઈશ કે ઈશ્વર શબ્દ વાપર્યો છે - જો કે અનુવાદમાં 'દેવ' શબ્દથી અનુવાદ કર્યો છે.

૨. અત્રિ મુનિ ઊર્ધ્વરેતા હતા. ત્રણ અજન્મા દેવો અનસૂયાની કુખે અવતરશે એવું બ્રહ્માદિએ વરદાન આપ્યું. એ વરદાનને સિદ્ધ કરવા કુખમાં સ્થાપિત કર્યા પણ તે ગ્રામ્યધર્મથી (મૈથુન) થી નહીં.

# બીજા અષ્ટકનો છઠ્ઠો અધ્યાય
## દશ અવતારોનું ચરિત્રવર્ણન

૧. (જેમ ભગવાન) (અગ્નિરૂપે દેવોને હંમેશા આવાહન કરે છે) તેમ શ્રીદત્તભગવાન સ્વભક્તોને હંમેશા આવાહન કરી આત્મવિદ્યા આપે છે; તે (દત્તભગવાન) ના કર્મ, અવતાર પ્રયોજન, ગુણ વગેરે કોણ જાણી શકે ?

૨. જે શ્રીદત્ત યોગીન્દ્રોમાં પણ પ્રશસ્ય છે, સાક્ષાત્ ભગવાન છે; બીજા કોણ અહીં તેના માન્ય (પૂજનીય) છે ?

૩. વંશવૃદ્ધિ કરનાર, બ્રહ્માનો અંશ ચંદ્ર અહીં રસદા બની બધી વનસ્પતિનો પોષક બન્યો.

૪. વિષ્ણુના મત્સ્ય વગેરે અવતારો જીવોના ઉદ્ધારક બન્યા; તેનું કારણ જે ઈશ (શંકર) છે તેનો અંશ (દુર્વાસા) છે.

૫. અંબરીષ નામે સૂર્યવંશનો, ભગવદ્ભક્તોમાં ઉત્તમ, એકાદશીવ્રતપરાયણ રહેતો અને સદા વિષ્ણુનું ચિંતન કરતો રાજર્ષિ હતો.

૬. દક્ષિણ દિશામાં આવેલા (તેના) દેશમાં બારસના દિને પ્રાતઃકાલમાં, તેના ઘેર દુર્વાસાએ આવી તેને કહ્યું, " મને પર્યાપ્ત માત્રામાં ભોજન આપ."

૭. રાજર્ષિએ તેમને કહ્યું, " ભોજન જલદી સિદ્ધ (રાંધ્યું) કરેલું છે. આજે (એકાદશીનાં) પારણાં છે, તમે મારા પ્રિય અતિથિ છો, માટે આહ્નિકક્રિયા કરીને જલદી આવી પહોંચો."

૮. 'ભલે'- એમ કહીને પણ, તેના (રાજાના) અતિથિ પ્રત્યેના ભાવની પરીક્ષા કરવા, નદીએ જઈ લાંબા સમય સુધી (આહ્નિક) કર્મ સાવધાન બની કર્યા કર્યું.

૯. (રાજાએ વિચાર્યું) આટલા બધા સમય સુધી તે (દુર્વાસા મુનિ) આવ્યા નહીં. પારણાનો સમય (બારસ તિથિ પૂરી થાય એટલે) કદાચ વીતી જાય ! તેનાથી (એકાદશી) વ્રતનો ભંગ થાય ! અને મુનિને છોડીને ભોજન કરવું, તે મારા માટે પ્રશસ્ત ન ગણાય.

૧૦ થી ૧૩ પાણી પીવાથી (વ્રત ભંગ નહીં થાય અને અતિથિની અવગણનારૂપી) કોઈ હાનિ થશે નહીં, એમ માની (અંબરીષે) પાણી પીધું, ત્યારે દુર્વાસાએ 'પાણી પીધું' તે જોઈને ગુસ્સે થઈ તેને (અંબરીષને) કહ્યું, " મને ભૂખ્યાને ત્યજીને તેં પાણી પીધું માટે હે અધમ રાજર્ષિ ! તું શ્રેષ્ઠ હોવા છતાં અધમપણું પ્રાપ્ત કર. અરે ! તું તો દુષ્ટ આચરણવાળો છે. પ્રિયતમ (વિષ્ણુ) ના વ્રતથી અભિમાની બન્યો છે. ખરેખર તું પાપી કરચલો છે. તેથી મારાથી (અપાયેલો) શાપ ભોગવ, તું માછલાં વગેરે વિવિધ યોનિઓમાં ભ્રમણ કર." આવી તેમની (દુર્વાસાની) વાણી સાંભળવા છતાં ભક્તોને મોક્ષ આપનાર વિષ્ણુનું તેણે (અંબરીષે) ધ્યાન ધર્યું.

૧૪. ત્યારે (ધ્યાન સમયે જ) અજન્મા એવા વિષ્ણુ ત્યાં આવીને બોલ્યા, "તે શાપ મને આપ, (મારા) ભક્તને સંતાપ ન આપીશ,...

૧૫. મારા વ્રતમાં આસક્તિ રાખનાર મારા ભક્તો મને સૌથી વધારે પ્રિય છે, જે મોક્ષ પામ્યા છે તે મારા (ભક્તો) જન્મ-મરણાદિથી (ફરી) જોડાય તે યોગ્ય નથી,.....

૧૬. (માટે) હે બ્રહ્મનિષ્ઠ ! તારા (અતિથિના) વ્રતને વહન કરનાર સમર્થ એવા મને (તારા) શાપથી જોડ (અંબરીષને આપેલો શાપ મારા તરફ વાળ), ભક્તને નહીં."

૧૭. તેમની (વિષ્ણુની) તે વાણી સાંભળી, એ યોગ્ય છે (તર્કસંગત છે) એવું જાણી તેમણે (દુર્વાસાએ) હરિ (વિષ્ણુ) ને તે શાપ આપ્યો, તે અજન્મા (વિષ્ણુ) એ (તેનો-શાપનો) સ્વીકાર પણ કર્યો.

૧૮. (હવે વિષ્ણુનો) આદ્ય અવતાર **મત્સ્ય**નો થયો જેણે (વેદ શોધવા) સમુદ્રમાં વિહાર કર્યો, (સમુદ્રમાંથી) શ્રુતિઓ ખેંચી લાવ્યો અને (વૈવસ્વત) મનુને તાર્યો, (અને) પૂજ્ય ગણાયો.

૧૯. (હવે બીજો) કૂર્મ-અવતાર, જેણે દેવોનાં સંકટ દૂર કર્યાં, (સમુદ્રમંથનના સમયે) (મંદરાચલ) પર્વતની નીચે જઈ ધરણીને ધારણ કરી રાખી અને જે મોક્ષનો પણ સ્વામી છે.

૨૦. પૃથ્વીને ધારણ કરનાર, હિરણ્યાક્ષને હણનાર તે (વિષ્ણુ) નો તૃતીય (અવતાર) વરાહ છે, જેની પૃથ્વી પત્ની બની, જે ઉદાર, યજ્ઞસ્વરૂપ અને ભજનીય છે.

૨૧. દાસ (પ્રહ્‌લાદ) ના વચનને અનુસરનાર (સ્તંભમાંથી બહાર નીકળનાર), પૂર્વ-અસુર (હિરણ્યકશિપુ) નો દુશ્મન નૃસિંહ નામે (ચોથો અવતાર) થયો, જે સાક્ષાત્ નૃસિંહ જ[1] (જીવાત્માની અવિદ્યાને હણનાર) છે.

૨૨. એ પાંચમો (અવતાર) છે, જેણે વામન બની યાચનાના બહાને (ત્રણ ડગલાં પૃથ્વીની માગણીના બહાને) સાચે જ (દેવોના યજ્ઞભાગનું અપહરણ કરનાર) ચોર એવા (બલિરાજાને) બાંધી લીધો.

૨૩. દુષ્ટ રાજાઓના નાશની કામનાવાળો છઠ્ઠો (અવતાર) ભૃગુવંશનો પરશુરામ, જે પિતૃભક્તે (કશ્યપને) પૃથ્વીનું દાન કર્યું અને સમુદ્રમાં નિવાસ કર્યો.

૨૪. સાતમા રાજા રામ થઈ ગયા, પિતાના વચનનું પાલન કરનાર, વનવાસ સેવનાર, જેમણે રાક્ષસોનો સંહાર કર્યો.

૨૫. દુષ્ટોનો સંહાર કરનાર (અને છતાં) બ્રહ્મચારી (જીવમાત્રના) ઈષ્ટ જે કૃષ્ણ (ભગવાન) તે (વિષ્ણુ) ના આઠમા (અવતાર).

૨૬. આ નવમા (અવતાર તે) બુદ્ધ (ભગવાન), જેમણે માયાનો વિસ્તાર કર્યો, જેમને કોઈ જાણી શક્યું નહીં (પણ) તે ભક્તોના આવરણનો નાશ કરનાર હતા.

૨૭. (હવે) દશમો કલ્કી થશે, જે શૂરવીર હોઈ મ્લેચ્છોનો સંહાર કરશે, ધર્મનું પાલન કરશે, બ્રાહ્મણ હોઈ પૂજનીય અને પ્રાર્થનીય બનશે.

૨૮. બીજા પણ (કપિલ વગેરે) અવતાર થઈ ગયા; જેમણે સત્ય ધર્મનો ઉદ્ધાર કર્યો છે, તેમનાં પ્રશસ્ય ગુણ, કર્મ વગેરે કોણ (સંપૂર્ણ પણે) જાણે છે ?

૨૯,૩૦ જે અજન્મા, અવ્યય, (સર્વના) અધિપતિ, નિયન્તા, આત્માએ (પોતાની) માયાને અધીન થઈ જે પૂજનીય લીલાવિગ્રહો (અવતાર) ધારણ કર્યા તે (કેવળ સંત-ભક્તોના સંતોષ માટે જ, નહીં કે પોતાના સંતોષ, માટે; (કારણ કે) એ (ભગવાન) તો પૂર્ણ છે, આપ્તકામ કે જેને કોઈ કામના નથી એવા છે;.....

૩૧. એના જન્મ (અવતાર) અલૌકિક છે, કર્મ મંગલકારક છે, જે એને તત્ત્વથી જાણે છે, તે જ માયાની આવરણ શક્તિનો નાશ કરી શકે છે.

૩૨. જે સાકાર ભગવાનનો ભક્ત બની રાગ-દ્વેષથી મુક્ત બને છે, તે જ ભગવાનનો વલ્લભ બની જન્મ (મરણ-આદિ) પીડામાંથી છૂટી, અજન્મા ભગવાન સાથે અભેદ (ઐક્ય) પ્રાપ્ત કરે છે.

૩૩,૩૪ આ રીતે આ (સ્વયં પ્રકાશ - પરમાત્મા) સુલભ છે; (એ માટે ભજન જેવા) આ ઉપાય (સાધન) નો અનાદર કરી માણસો માયાનો આશ્રય લઈ (જન્મ-મરણરૂપ) સંકટ મેળવે છે; (આ અપાયપ્રાપ્તિ) ના મૂળમાં માણસની પોતાની (પૂર્વજન્મના કર્મફળરૂપે જન્મેલી પશુ જેવી) નિવારી ના શકાય તેવી પ્રકૃતિ કારણભૂત છે; લાંબા સમયથી આવી મળેલી (આ પ્રકૃતિનો) રાગ-દ્વેષને વશ થયા વિના માણસે ત્યાગ કરવો જોઈએ.

૩૫. (મનન-નિદિધ્યાસન જેવા) સુગમ ઉપાયોથી પણ જેને મેળવવો મુશ્કેલ છે, તે (દુર્વાસાના શાપને લીધે અવતાર લેતો હોઈ) સુખપૂર્વક મેળવી શકાય તેવો (બન્યો) છે, માટે એની પ્રતિક્ષણ ભક્તિ મુક્તિ માટે સમર્થ છે.

૧. नृसिंह : नु : (जीवस्य) सिम् - (अविद्यां) हन्ति इति ।

૩૬. તે (વિષ્ણુના) અવતારોની મોક્ષ આપનારી સુંદર લીલાઓનું હું સંક્ષેપમાં વર્ણન કરું છું, એ (લીલા) અવિદ્યા વગેરે (કાળ, કર્મજન્મ,-આદિ દોષો) નું શોષણ કરનારી છે.

૩૭ થી ૪૦ એકચિત્તવાળા બ્રહ્મા પાસે જઈને શંખાસુર બધા વેદો છીનવી લઈને સમુદ્રમાં સંતાઈ ગયો, ત્યારે બ્રહ્માએ વિષ્ણુની પાસે જઈ એમને પ્રાર્થના કરી અને તે વિજય પ્રાપ્ત કરનાર (વિષ્ણુ) મત્સ્ય બનીને સમુદ્રમાં ગયા અને તે ઉગ્ર રાક્ષસને હણીને સમગ્ર (અંગ-ઉપાંગ સહિત) વેદ અને (ડૂબેલી) પૃથ્વીને ઉપર ઊંચકી લાવી તે પૂજનીય (મત્સ્યે) બ્રહ્માને આપ્યાં. બ્રહ્માએ અખિલ વેદ (પાછા) મેળવીને શોકમુક્ત બની રચનાજ્ઞાતા હોઈ અહીં પહેલાંના જેવી જ સૃષ્ટિનું સર્જન કર્યું.

૪૧ થી ૪૫ (૧) દુર્વાસા ઋષિના શાપથી રત્નો ક્ષીરસાગરમાં પડ્યાં છે, એવું જાણી અમૃત (પ્રાપ્તિ) ની ઈચ્છાવાળા, (અને) મંત્રથી જેમણે દૈત્યોને વશ કર્યા છે તે નાશ પામેલી ઈચ્છાવાળા બધા દેવોએ મંદરાચલ (પર્વત) નું વલોણું (રવૈયો) અને શેષનાગનું દોરડું બનાવી ક્ષીરસાગરનું મંથન કરવા લાગ્યા ત્યારે વલોણું (સમુદ્રના) તળિયે જતાં તેમણે અજન્મા (ભગવાન) ને "અમારું રક્ષણ કરો" એવું કહ્યું (પ્રાર્થના કરી) ત્યારે તે વરણીય દેવે (ભગવાને) કૂર્મ (કાચબો) બની, તળિયે જઈ, (મંદર) પર્વત સાથે પૃથ્વીને (પોતાની) પીઠ પર ધારણ કરી અને (દેવોની) આપત્તિઓનો નાશ કર્યો. ત્યારે સમુદ્રમાંથી રત્નો (ઉપર) આવ્યાં.

૪૫.૨ થી ૪૮ (૧.૨) પહેલું લોકસંહારક (કાલકૂટ) ઝેર (આવેલું જોઈ) દયા લાવી (ભગવાન) શંકરે જલદી તેનું પાન કર્યું. તેનાથી (વિષપાનથી) તપ્ત (શરીરવાળા) બનેલા તેમણે (મહાદેવે) ચંદ્રરૂપી ઉત્કૃષ્ટ રત્ન મસ્તક પર ધારણ કર્યું, તેનાથી પણ શાંત (શરીરવાળા) ન બનતાં દેવનદી (ગંગા) ને મસ્તક પર ધારણ કરી. વિષ્ણુએ લક્ષ્મી, કૌસ્તુભમણિ, શાર્ઙ્ગ ધનુષ્ય, (પાંચજન્ય) શંખ (મેળવ્યાં), સૂર્યે ઉચ્ચૈશ્રવસ ઘોડો (મેળવ્યો), ઈન્દ્રે ધન્વન્તરિ, કલ્પવૃક્ષ, (કામધેનુ) ગાય, (ઐરાવત) હાથી, અપ્સરાઓ (વેશ્યા) મેળવી, જ્યારે દૈત્યોએ અમૃતકુંભ મેળવી લીધો.

૪૮ (૩.૪) થી ૫૨. તેમનાથી (દૈત્યોથી) છેતરાયેલા દેવોને જોઈને વિષ્ણુ મોહિની બનીને એમની (દૈત્યો) પાસેથી અમૃત લઈ, મદ્ય આપ્યું અને મિષ્ટ અમૃત દેવોને આપ્યું. દેવોની પંક્તિમાં બેઠેલા રાહુનું તે આર્યા (મોહિની) એ મસ્તક છેદી નાખ્યું, (ત્યારથી) તે અમૃત પીનારો દુષ્ટ (અનાર્ય) સૂર્ય અને ચંદ્રની વચ્ચે રહેલો ગ્રહ બન્યો. (દારૂ પીને) ઉન્મત્ત બનેલા તે દૈત્યો એક બીજાને હણવા લાગ્યા, જ્યારે દેવો કૃતકૃત્ય બની (કાર્ય પાર પાડી) સ્વર્ગમાં ગયા. પ્રકાશમાન ચંદ્રનું મર્દન કરનાર રાહુ પૃથ્વીની છાયા બનીને રહ્યો, જેને (જન્મ-મરણની) આવૃત્તિનું મર્દન કરનાર અત્રિ પર્વકાલે જાણતો હતો.

૫૩ થી ૫૬. જે લક્ષ્મી, ચંદ્ર પ્રમુખ રત્નો સમુદ્રમંથન પહેલાં સ્વર્ગમાં રહેલાં હતાં, તે (દુર્વાસાએ) ઈન્દ્રને આપેલી (પ્રસાદરૂપ) માળાની (ત્યાગરૂપી) અવજ્ઞાથી ગુસ્સે થયેલા અત્રિના પુત્ર (દુર્વાસા) ના અતિભયંકર શાપથી સમુદ્રમાં પડી ગયાં, તે (દુર્વાસા) ઋષિની સત્ય વાણીથી પાછાં મળ્યાં, તેથી તે નવાં નથી, એવી (વિષ્ણુ પુરાણમાં પ્રસિદ્ધ) વ્યાસની સદ્વાણી છે. અત્રિપુત્ર (આત્રેય) ચંદ્ર પણ સમુદ્રમાંથી ફરી ઉત્પન્ન થયો, એ જ પ્રમાણે લક્ષ્મી વગેરે પણ પાણીમાંથી જન્મ્યાં છે એવું અભિધાન એમને મળ્યું છે.

૫૭. આજે પણ ભૂમિનું રક્ષણ કરનાર કૂર્મ અવતાર છે, તેના જેવો જ વરાહ (અવતાર) છે જે દાઢમાં ધારણ કરીને ભૂમિનું રક્ષણ કરનાર છે.

# બીજા અષ્ટકનો સાતમો અધ્યાય

## વરાહ અને નરસિંહ અવતારોનું વર્ણન

૧. (પોતાના હાથની ખંજવાળને શાંત કરવા) યુદ્ધ કરવાની ઈચ્છાવાળા ભગવાને (જય, વિજય) પાર્ષદોને પોતાના સરખા માની (યુદ્ધ કરવાને બદલે) સ્વેચ્છાથી (સનકાદિ) શાંત કુમારો દ્વારા શાપ (આપવાનો) વિચાર કર્યો.

૨. જેમની સ્વચ્છન્દ ગતિ કોઈ અટકાવી શકે તેમ નથી એવા, ભગવદ્-ભક્તોમાં શ્રેષ્ઠ સનકાદિ (ચાર) કુમારો વિષ્ણુનાં દર્શન કરવાથી ઈચ્છાથી એક દિવસ વૈકુંઠમાં આવ્યા.

૩. જય અને વિજયે (પાર્ષદોએ) તેમને દાખલ થતા અટકાવ્યા (તેથી) ગુસ્સે થયેલા તેઓએ (કુમારોએ), 'તમે બે રાક્ષસ બનો" એવો તે બંનેને શાપ આપ્યો.

૪. તે બંનેથી તથા વિષ્ણુથી જેમને ક્ષમા આપવામાં આવી છે એવા તે કુમારોએ ફરીથી કહ્યું કે "વિષ્ણુ (ભગવાન) ની કૃપાથી ત્રણ જન્મોના અંતે તમે ફરીથી અહીં (વૈકુંઠમાં) આવશો .

૫. પછી કશ્યપ દ્વારા દિતિમાં (દિતિના પેટે) દેવોનો દ્વેષ કરનાર એ બે (જય-વિજય) ક્રૂર જન્મ્યા. સંધ્યાકાળે બળજબરીથી (કશ્યપ પાસેથી દિતિએ) રતિસુખ મેળવ્યું તેનું દિતિને (મળેલું) આ ફળ (છે).

૬. પશ્ચાત્તાપ કરતી દિતિએ (કશ્યપની) (ક્ષમા માગીને) સ્તુતિ કરી (ત્યારે) કશ્યપે કહ્યું, "તારા (આ) બે પુત્રો વિષ્ણુ દ્વારા સદ્દગતિ મેળવશે અને પૌત્ર તો ભગવદ્દભક્ત બનશે."

૭. પછી હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષના નામે જન્મેલા (આ) બેએ ત્રણે લોક અને લોકપાલોને ખૂબ પીડા આપવા માંડી.

૮. (તેમનાથી) પરાજય પામેલા અને દુઃખી થયેલા દેવો બ્રહ્માને શરણે ગયા, (ત્યારે) ચિંતાવ્યાકુલ બનેલા બ્રહ્માની નાસિકામાંથી વરાહ બહાર પડ્યું.

૯. અતુલ રૂપવાળા યજ્ઞવરાહને જોઈ, ' આ અજન્મા ભગવાન છે', એમ માની બધા દેવો સૂક્તો (પ્રશસ્તિ કાવ્યો) થી તેની ખૂબ સ્તુતિ કરવા લાગ્યા.

૧૦. જ્યારે (પાણીમાં ડૂબેલી પૃથ્વીને બહાર લાવવા) શંકર અસમર્થ બન્યા અને ચતુર્મુખ બ્રહ્મા પણ પરાઙ્મુખ (અસમર્થ) બન્યા ત્યારે, (પાણીમાં) ડૂબેલી પૃથ્વીએ (વિષ્ણુની) સ્તુતિ કરી, ત્યારે ભગવાન વિષ્ણુના શરીર પર રોમાંચ ખડાં થયાં. (અર્થાત્ વિષ્ણુએ સ્તબ્ધ રોમાંચવાળા વરાહનું રૂપ ધારણ કર્યું.)

૧૧. દીન (ધાર્મિક અને ગરીબ) અને અનાથના પતિ (વરાહરૂપ વિષ્ણુએ) હીન પૃથ્વીને દાઢમાં ઊંચકી બહાર કાઢી અને તે (ભૂમિ) ના દેવતા[૨] ને હરી લેનાર હિરણ્યાક્ષને ચીરી નાખ્યો.

૧૨. ભૂમિને પહેલાંની જેમ સ્થાપીને તેના આધારભૂત (ભગવાન) શાંતિ પામ્યા. હવે નાનો ભાઈ (વરાહથી) હણાયો તેથી ગુસ્સે થયેલા બીજાએ (હિરણ્યકશિપુએ) એક જ ક્ષણમાં સ્વર્ગને જીતી લીધું.

---

૧. સપત્નીઓને પુત્રોનું સુખ હતું તે જોઈને દિતિએ (પતિ કશ્યપ પાસે સંધ્યાકાલે રતિસુખ માગ્યું. કશ્યપ વિદ્વાન હતા અને શાસ્ત્રવિધાનોથી એને સમજાવી પણ તેણે હઠ પકડી. હવે પંચાગ્નિવિદ્યાનો તિરસ્કાર કરે તો પાપ લાગે એ ભયથી કશ્યપે દિતિને રતિસુખ (નિષિદ્ધકાલે) આપ્યું, તેનું ફળ તે આ બે દૈત્યોનો જન્મ.

૨. વેદાન્ત પ્રમાણે પંચ મહાભૂતો પણ જડ નથી. દરેકનો અધિષ્ઠાતા દેવ છે. ઉપનિષદ તો કહે છે પરમાત્મા દરેક વસ્તુમાં અંદર રહી એનું નિયમન કરે છે : यः पृथ्वीमन्तरः पृथिवीं यमयति यं पृथिवी न वेद ।

૧૩. દિવસ કે રાત્રે, અંદરથી કે બહારથી, દેવથી કે પશુથી કે મનુષ્યથી, સજીવ કે નિર્જીવ (કોઈનાથી) (એનો વધ ન હતો) બ્રહ્માના વરદાનથી (બીજા અર્થ-દૈવયોગે) એ (હિરણ્યકશિપુ) અવધ્ય બન્યો હતો.

૧૪. હવે તેની પત્ની કયાધૂ (નામે) ગર્ભિણી બની (વૈષ્ણવ ગર્ભ હોવાથી) તેથી ભાગ્યશાળી બની; જેને (હણવાના) તક પ્રાપ્ત થઈ છે એવો ઈન્દ્ર તેણીને પકડીને હણવા તૈયાર થયો.

૧૫. તે વેળા ' આ ગર્ભ વૈષ્ણવ છે અને (વિષ્ણુ દ્વારા) તારું હિત કરનારો થશે, માટે એને હણીશ નહીં' એવું નારદે એની પાસે આવીને કહ્યું એટલે ઈન્દ્રે પણ તેને છોડી દીધી.

૧૬. ગર્ભમાં રહેલા વૈષ્ણવના શ્રેષ્ઠ સામાર્થ્યની શી વાત કરવી ? આ અસુરના વીર્યમાંથી ઉત્પન્ન થયેલા ગર્ભે પણ વૈષ્ણવની દીક્ષા (નારદ પાસેથી) લીધી !

૧૭. ત્યારબાદ તેણે પવિત્ર, મહાન ભગવદ્ભક્ત પુત્રને જન્મ આપ્યો, જેણે જન્મતાં બરાબર પોતાના પિતાનું મુખ નિસ્તેજ કર્યું.

૧૮. પછી શત્રુઓ માટે ખૂબ ભયંકર એવો પ્રહ્લાદ નામે આ (પુત્ર) વધવા માંડ્યો. યોગ્ય સમયે કાવ્ય (શુક્રાચાર્યના પુત્ર શણ્ડામર્ક) પાસે ઉપનયન (દીક્ષા) મેળવી, શિક્ષણ પ્રાપ્ત કરવા છતાં વિષ્ણુની ભક્તિ કરવા લાગ્યો.

૧૯.૨૦. ધાક-ધમકીથી કે શાંતિ-સમજાવટથી (કશાથી) ડરતો નથી એવું સાંભળી તેના પિતા ખૂબ ખેદ પામ્યા અને એ બીજા (દૈત્યપુત્રોને) ને પણ ભગવદ્ભક્તના આચરણનું શિક્ષણ આપે છે, (તેથી) પુત્ર પોતાના શત્રુ (વિષ્ણુ) નો પક્ષપાત કરનારો છે, એવું માની એ નીચ રાક્ષસ એની (પ્રહ્લાદ) સાથે પુત્રસંબંધ ત્યજી દઈને, તેને હણવાનો વિચાર કર્યો.

૨૧. પર્વતના શિખરેથી નીચે પાડવો, અગ્નિ (થી બાળવો) કે પાણીમાં (ડૂબાડવો) એમ જુદી જુદી રીતે મારી નાખવાના પ્રયત્ન કરવા છતાં બધા (વિશ્વ) ના ઈશ મહાન વિષ્ણુ (ભગવાન) ના ચરણની સેવા કરનાર તે (પ્રહ્લાદ) મર્યો નહીં.

૨૨. ત્યારે તેણે (હિરણ્યકશિપુએ) તેને (પ્રહ્લાદને) કહ્યું, "હે દુષ્ટ! વિશ્વનું શાસન કરનાર મારી આગળ કોના બળની સહાયવાળો તું નિર્ભય બન્યો છે ? એનું (જેનું) તું ધ્યાન ધરે છે તો તે ક્યાં રહે છે ?"

૨૩.૨૪. (આવું કઠોર વાક્ય સાંભળી, ભય વિનાના અને બધા પ્રાણીઓ પ્રત્યે સમદૃષ્ટિવાળા પ્રહ્લાદે, વિષ્ણુનું ધ્યાન ધરી,' પિતાને કહ્યું, "બળવાન પુરુષોનું પણ બળ વિષ્ણુ છે, તેના વિના કોનું કેટલું બળ ? જેને મેળવ્યા પછી એને (મને) ભય ક્યાંથી હોય, એવો તે બધે રહેલો છે, બધાનો અધિપતિ છે."

૨૫. જો તે (વિષ્ણુ) બધે રહેલો હોય તો આ થાંભલામાં છે કે નહીં ? એવું પિતાથી પૂછતાં એણે (પ્રહ્લાદે) એને કહ્યું, હા, અહીં (થાંભલામાં) પણ તે છે જ !

૨૬. ત્યારે ગુસ્સે ભરાયેલા તે દૈત્યે થાંભલાને લાત મારી અને સાચે જ તે વખતે સેવકે (પ્રહ્લાદે) કહેલું સાચું પાડવા², તેમાંથી હરિ (વિષ્ણુ) પ્રાદુર્ભૂત થયા.

૧. બીજો અર્થ :- (સમદૃષ્ટિવાળા) પ્રહ્લાદે પિતા વિષ્ણુ (સદૃશ) છે એવું વિચારી પિતાને કહ્યું,

૨. (અ) પ્રહ્લાદે કહ્યું; 'હા, અહીં થાંભલામાં છે ' - એ વચન સત્ય કરવા (બ) સેવક કશ્યપના બંને પુત્રોને વિષ્ણુ સદ્ગતિ આપશે - એ વાણી સત્ય કરવા, (ક) સનતકુમાર વગેરે સેવકોએ કહ્યું કે 'ત્રણ જન્મ પછી વિષ્ણુની કૃપાથી તમે બંને વૈકુંઠમાં પાછા આવશો' - એ વચન સત્ય કરવા (ડ) બ્રહ્માનું વરદાન,' દેવોથી, પશુથી માણસથી...મૃત્યુ થશે નહીં'..એ વાણી સત્ય કરવા....આમ ચાર પ્રકારનું અર્થઘટન થાય.

૩. (અ) સજીવ કે નિર્જીવથી મરે નહીં - એ સત્ય કરવા નખ નો ઉપયોગ, (બ) ઉપર નહીં કે નીચેથી નહીં, એ સત્ય કરવા ઊરુમાંથી પકડવો (ક) અંદર નહીં કે બહાર નહીં એ વાણી સત્ય કરવા દ્વારના મધ્યભાગ-ઊમરા નો ઉપયોગ (ડ) દિવસે નહીં કે રાત્રે નહીં - એ સત્ય કરવા સંધ્યા કાળ નો ઉપયોગ - આમ વરદાનની ઉક્તિનો વિરોધ ન થાય તે રીતે એને હણ્યો.

૨૭. સિંહના મુખવાળા, મનુષ્યના શરીરવાળા, નખરૂપી આયુધવાળા અને ભયંકર, આશ્ચર્યકારક તે (સ્વરૂપ) ને જોઈને તેના (ભગવાનના) તેજથી ઝંખવાઈ ગયેલી આંખોવાળા થયા છતાં તે દૈત્યે તેની (નૃસિંહની) સાથે યુદ્ધ કર્યું.

૨૮. ભગવાને ઋષિઓને અને દેવોને નિરાશ થયેલા અને (પોતાના) સેવક (પ્રહ્લાદ) ને દુઃખી થતો જોઈ, વરદાન આપનાર (બ્રહ્મા) - ની વાણીનો વિરોધ ન થાય તે માટે (હાથમાંથી) સરી પડેલા તેને હણવા માટે (ફરી) પકડ્યો.

૨૯. (પછી) બારણાના મધ્યભાગમાં, તેને ઊરુ પર પકડી, તે પરાક્રમી (નૃસિંહ) ભગવાને (તીક્ષ્ણ) નખો વડે, સંધ્યાકાળે, તેની છાતી ચીરી નાખી અને તેના આંતરડાંને માળાની માફક કંઠમાં ધારણ કર્યાં.[૯]

૩૦. (નૃસિંહ ભગવાને) હાહાકાર કરતા તે (દૈત્ય) ના સૈન્યને હણ્યું; દેવોએ પુષ્પવૃષ્ટિ કરી, અપ્સરાઓએ નૃત્ય કર્યું અને બીજા (ગન્ધર્વો) એ યશોગાન ગાયાં.

૩૧. જેમની ઈચ્છા ફળી છે એવા દેવો પણ (ભગવાનના) પહેલાં ન જોયેલા વિચિત્ર (અદ્‌ભુત) અને ભયંકર રૂપને જોવા તેમજ લક્ષ્મીજી (તેમનો) ભયંકર અને ઊંચી ગર્જના કરતો અવાજ સાંભળવા શક્તિમાન ન બન્યા.

૩૨ થી ૩૭ તેઓથી મોકલવામાં આવેલા પ્રહ્લાદે, જટામાંથી નક્ષત્રોને ફેંકનારા, ભયંકર દૃષ્ટિવાળા, ભયંકર (સ્વરૂપવાળા) નૃહરિને જોવા છતાં નિર્ભય બનીને, નમન કરીને, કહ્યું, " હે હરિ (ભગવન્) ! આજે હવે શાંત થાવ, આ કંઈ પ્રલયકાળ ઉપસ્થિત થયો નથી; ઈન્દ્રથી રક્ષાયેલા આપના ભક્તો તરફ કૃપા કરી દૃષ્ટિ કરો. ત્રણ લોકના માથાના રોગ જેવો આ (દૈત્ય-પિતા) સદ્‌નસીબે, હે પ્રભુ ! તારાથી હણાયો, તે (હણાયો) ન (ગણાય), કારણ (બધાં માટે) દુઃખથી સહન કરાય એવા તે પાપીને આજે તે તારા હાથે મુક્તિ આપી છે, તે જ શોભનીય (બન્યું છે). આ ક્ષુદ્ર (દૈત્ય) પર જે અનુગ્રહ કર્યો છે તે (એના) પૂર્વેના પુણ્યકર્મ રાશિથી પેદા થયેલો છે, એમ હું માનું છું, નહીં તો, હે ઈશ ! હે હરિ ! આ પાપીને વળી મોક્ષ ક્યાંથી હોઈ શકે ? હે કૃપાળુ (ભગવન્) ! તને પ્રણામ, હે સુવ્રત ! તું આજે પ્રસન્ન થા, દેવોને પહેલાંની જેમ આશ્વાસન આપી એમના પોતાના અધિકારમાં એમને પરોવ." એ પ્રમાણે ભક્ત (પ્રહ્લાદ) થી પ્રાર્થના કરાયેલા (ભગવાન) વિષ્ણુ, શાંત થયા, ત્યારે દેવો પણ તેમને પ્રણામ કરી, તેમની આજ્ઞાથી પોત-પોતાને ધામ ગયા.

૩૮. ભગવાન પણ અંતર્ધાન થયા. ભક્ત (પ્રહ્લાદ) ની ઈચ્છાથી પોતાનું પ્રણવ સ્વરૂપ આવિષ્કૃત કર્યું, તેની (ભગવાનની) આજ્ઞા મેળવી સૌમ્ય સ્વભાવવાળા, પ્રહ્લાદે પણ પિતાના રાજ્યનું શાસન શરૂ કર્યું.

૩૯. બાળપણથી આરંભી નારદના ઉપદેશથી તે (પ્રહ્લાદ) ભાગવત ધર્મ (ભગવદ્‌ભક્તિ) માં રતિ રાખતો હોવા છતાં આત્મજ્ઞાન ન થયું હોવાથી પરમ શાંતિ મેળવી શક્યો નહીં.

૪૦. (શાંતિના અભાવથી) ઉદાસીન રહેતો તે મૃગયાના બહાને જંગલમાં ભટકતો હતો; (ત્યારે) નસીબયોગે સહ્યાદ્રિ (પર્વત) પર કાવેરીના કિનારે ભૂમિ પર ઊંઘતા કોઈ (પુરુષ) ને જોયો.

૪૧ થી ૪૪. કર્મ વગેરે તેમજ વર્ણ (આશ્રમ) ચિહ્ન વગેરેથી, (આ બધું ન જોવાથી) તર્કથી જેનો નિશ્ચય ન કરી શકાય એવા, ધૂલિધૂસર (દેહવાળા) (અને તેથી પામર જીવોથી) તિરસ્કૃત (અથવા અવધૂત - જેણે બધું ત્યજી દીધું છે એવા), અને પ્રચ્છન્ન, (રાગાદિ) મલ વિનાના, પ્રકાશવાળા તેમને પ્રણામ કરી તેણે (પ્રહ્લાદે) કહ્યું, " ધન વિનાના અને ઉદ્યમ વિનાના એવા તમે, ભોગ ભોગવનાર મનુષ્ય જેવા પુષ્ટ (માંસલ) દેહને કેવી રીતે ધારણ કરો છો ? (કારણ) ઉદ્યોગ કરવાથી ધન મળે, તેનાથી ભોગ ભોગવાય અને ભોગથી જ દેહ માંસલ બને. તમે તો (ચેષ્ટા વિનાના) સૂઈ રહ્યા છો, નિરુદ્યમી છો, અને કોઈપણ જાતની ઈચ્છા વિનાના છો અને છતાં આ (તમારું) શરીર માંસલ છે; સિદ્ધ (પુરુષ) એવા આપ જો (એનું કારણ) કહી શકતા હો તો મને કહો. તમે જ્ઞાની છો, હોશિયાર છો, નિપુણ છો અને (તમારી) વાતો અદ્‌ભુત અને પ્રિય છે અને અહીં ચિત્ર વિચિત્ર કર્મો કરનારા લોકોને જોઈને પણ તમે રાગ-દ્વેષ વિનાની સમદૃષ્ટિવાળી વર્તણૂંકવાળા છો.

૪૫ થી ૪૬. આ પ્રમાણે અત્રિને આનંદ આપનાર ભગવાન (દત્તાત્રેય)ને પ્રહ્લાદે પૂછ્યું ત્યારે સંતુષ્ટ થયેલા દયાળુ ભગવાને જાણે કે મંદસ્મિત કરતાં કહ્યું, જેના માટે શ્રીનૃસિંહરૂપે (ભગવાનનો) અવતાર થયો તે જ તું છે; હે ભગવદ્‌ભક્તોમાં ઉત્તમ મુનિના શિષ્ય! તું દૈત્યપુત્ર હોવા છતાં (હું કહું તે) સાંભળ."

# બીજા અષ્ટકનો આઠમો અધ્યાય

## પ્રહ્‌લાદ વગેરેને ઉપદેશ

૧. (શ્રીદત્તે કહ્યું) : "તત્ત્વજ્ઞાન મેળવવામાં આળસુ, ખૂબ અજ્ઞાની, (વિષયરૂપી) તૃષ્ણાનદી દ્વારા (વિવિધ યોનિમાં) ભ્રમણ કરતો, કર્મયોગથી મુક્તિ (ઈચ્છતો), યતદચ્છયા મોક્ષના દ્વારભૂત આ (મનુષ્ય) લોકમાં આવી ચઢ્યો છું.[1]

૨. સુખ માટે પ્રયત્ન કરનારાઓની બાબતમાં વિપરીત (ફલ) (દુઃખ મળતું) જોઈને (સુખનો પ્રયત્ન જ કરવામાંથી) હું નિવૃત્ત થઈ ગયો છું, (કારણ કે) સુખ (આનંદ) તો આ **આત્માનું** (પોતાનું) સ્વરૂપ છે, જે કલેશો[2] નાશ પામતાં સ્વયં પ્રકાશિત થાય છે.

૩. (ઈન્દ્રિયોના) સંયોગથી પેદા થતા (વિષયોના) ઉપભોગ દુઃખદાયક છે, એવું જાણીને દૈવયોગે આવી મળે તે ભોગવીને (સુખથી) ઊંઘું છું (નિરુદ્યમી રહું છું), (જગતના) લોકો તો પોતાનામાં વિદ્યમાન આ (સુખસ્વરૂપ) સ્વ-અર્થને ભૂલીને (અવિદ્યા-આદિથી) ભયંકર બનતા સંસારમાં પડે છે.

૪. જેવી રીતે (તરસ્યો હોવાથી) પાણીની ઈચ્છાવાળો શેવાળથી ઢંકાયેલા (સાચા) જલને છોડીને મૃગજલ ભણી દોડે છે, તેવી રીતે (અસત્ત્વ-અભાનરૂપી) માયાથી ઢંકાયેલ (પ્રત્યગાત્મારૂપી) પોતાના સ્વરૂપને છોડી મનુષ્ય તેને મેળવવા બીજે (વિષયોપભોગ તરફ) દોડે છે.

૫. અભાગી પુરુષની બાબતમાં તો સુખ મેળવવા માટે (પુરુષાર્થથી) પ્રયોજેલી ક્રિયાઓ નિષ્ફળ પણ જાય છે, અને કદાચ તે સફળ થાય તો પણ (એનાથી પ્રાપ્ત) ઉપભોગો મિથ્યા હોવાથી એ ક્ષણભંગુર કષ્ટથી મેળવેલા (વિષય) થી માનવીને શો લાભ ? (કોઈ લાભ નથી).

૬. કામ્ય પદાર્થોની અભિલાષા રાખનારને મોહ, શોક, રાગ, દ્વેષ, પરિશ્રમ વગેરે થતાં હોય છે, તેથી જેણે આત્માને (મનને) જીત્યો નથી એવા મનુષ્યને ભયની શંકાથી ઊંઘ પણ આવતી નથી.

૭. મધમાખી પાસેથી શિક્ષણ (ઉપદેશ) મળ્યું હોવાથી મેં પ્રાણ અને પદાર્થ-બંનેની ઈચ્છા છોડી દીધી છે અને તેથી હું રાજા, (ધન હરનાર) અર્થી, હિંસક પ્રાણી, ચોર, દ્વેષ કરનાર (શત્રુ) અને કાળ - કશાથી ભય પામતો નથી.

૮. ઈચ્છા વિનાનો હોવાથી, યદૃચ્છા (દૈવયોગે) થી આવી મળે (લાભ થાય) તેનાથી હું ખૂબ સંતુષ્ટ રહું છું અને કદાચ એ રીતે પણ જો લાભ ન થાય તો પણ જ્ઞાની હોવાથી ધીરજપૂર્વક અજગરની માફક લાંબા વખત સુધી પડી રહું છું (સૂઈ રહું છું).

૯. પુષ્કળ પ્રમાણમાં કે અલ્પ પ્રમાણમાં, સ્વાદિષ્ટ કે લૂખું, સારું કે ખરાબ અન્ન, અપમાન પૂર્વક કે આતિથ્ય ભાવનાથી (કોઈએ) આપેલું ભોજન જમું છું, કોઈવાર વસતીમાં, કોઈવાર જંગલમાં ખાઉં છું, કોઈવાર દિવસે, કોઈવાર રાત્રે જમું છું. કે રાત્રે કે દિવસે - ક્યારેય નથી જમતો.

૧૦. જેમ (મધમાખીએ બનાવેલું) મધ (બીજો લઈ જાય) તેમ, બીજો ખૂંચવી જાય છે, એવું હું મધમાખી પાસેથી શીખ્યો છું, તેથી હું (ધનનો) સંગ્રહ કરતો નથી અને વિરક્ત રહું છું.

૧૧. દૈવયોગે પ્રાપ્ત થયેલું ચર્મ (મૃગચર્મ કે વ્યાઘ્રાંબર) નું વસ્ત્ર, વલ્કલવસ્ત્ર, સુતરાઉ કે રેશમી વસ્ત્ર, પહેરું છું, અથવા (કંઈ પણ) પહેરતો નથી; કોઈ વેળા પથ્થર પર, કોઈવાર (સ્મશાનમાં) રાખ પર સૂઈ રહું છું, તો કોઈવાર (સારી) પથારીમાં, વસ્તીમાં તો કદિક જંગલમાં સૂઈ રહું છું.

૧૨. કોઈવારે સ્નાન કરું છું, (દેહ) શણગારું છું, કોઈવાર હાર વગેરે આભૂષણ ધારણ કરું છું. કે સુંદર વસ્ત્રો પહેરું છું તો કોઈ વાર (આમાનું) કશું કરતો નથી; કોઈવાર રથમાં, હાથી પર કે ઘોડા પર (બેસીને) ફરું છું, કોઈવાર મુનિ જેવો (સાદાઈથી) તો કોઈવાર મૂર્ખ જેવો (દેખાઉં) છું.

---

૧. પરમાત્માને આળસ, અજ્ઞાન, તૃષ્ણા, મોક્ષની ઈચ્છા વગેરે કશું હોય જ નહીં, પરંતુ શિષ્યને બોધ આપવા માટે શ્રીદત્તભગવાન લોકગતિને અનુસરે છે.

૨. કલેશ પાંચ છે : અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ.

૧૩. માણસોનો સ્વભાવ (એકબીજાથી) વિષમ હોઈ હું કોઈપણ મનુષ્યની નિંદા કે સ્તુતિ કરતો નથી; એમનું કલ્યાણ ઈચ્છું છું કારણ કે (બધામાં) એકમેવ આત્મા છે.

૧૪. હું બ્રહ્મમાં (બધી રીતે) જોડાયેલ રહું છું, બ્રહ્મમાં જ સ્થિત રહું છું, બ્રહ્મમાં જ મન અને બુદ્ધિ (પરોવી) રહું છું, (અને) સંસ્કારી બ્રાહ્મણ, અંત્યજ, ગાય કે કૂતરામાં સમદૃષ્ટિ (બ્રહ્મદૃષ્ટિ) જ રાખું છું.

૧૫. સમાસમાભ્યામ્ (એ ગૌતમ ઋષિના) વચન મુજબ ભોજન ન કરવું'- એ નિયમ પ્રમાણે બ્રાહ્મણ વગેરેમાં સમદૃષ્ટિ રાખવી એ અજ્ઞ ગૃહસ્થી માટે દોષ ગણાય. પરંતુ યતિને માટે સમદૃષ્ટિ એ દોષ નથી.

૧૬. અધ્યાત્મવિદ્યાથી યુક્ત વાસનારહિત એવો હું સ્વ-સ્વરૂપમાં જ સ્થિત રહું છું, જે આની ઈચ્છા કરશે તે જ્ઞાની માટે આ સુખકર ઉપાય છે.

૧૭. (આવી સ્થિતિ માટે યોગ બતાવતાં શ્રી દત્ત કહે છે), ભેદગ્રાહક (ભેદ સ્વીકારનાર) મનોવૃત્તિમાં વિકલ્પનો હોમ કરવો (અર્થાત્ લય કરવો), અર્થરૂપ ભ્રમવાળા મનમાં ચિત્તવૃત્તિનો (લય કરવો), તે મનનો વિકારયુક્ત અહંકારમાં (લય કરવો), તેનો (અંહકારનો) માયામાં (લય કરવો) (અને) તેનો (માયાનો) પોતાના સ્વરૂપમાં (પરમાત્મા) (લય કરવો) પછી (સ્વમાં) રહેવું અર્થાત્ મુક્ત અવસ્થા માણવી.

૧૮. હું તે શુદ્ધ પર આત્મા 'એક (અભિન્ન) છું' એવી (અનુભવની) દૃઢતા થાય તો (જીવાત્મા) મુક્ત બને છે. આ (સત્તર શ્લોકમાં આપેલો ઉપદેશ) મારું હૃદય છે, જે પરમ રહસ્ય તને કહ્યું છે, તે તત્વનો સતત વિચાર કરજે.

૧૯ થી ૨૧ આ રીતે શ્રી ઈશે (દત્ત) જેને ઉપદેશ આપ્યો છે તે (પ્રહ્લાદ) (શ્રીદત્તને) પોતાનું આત્મસ્વરૂપ જાણીને (એમનું) પૂજન કરી, એમની આજ્ઞા લઈ (રાજ્યમાં) ગયો અને રાજ્ય કરતો પણ દૈવયોગે (મળેલું) ભોગવતો, રાજ્ય, લક્ષ્મી, પુત્ર, સ્ત્રીથી સંપન્ન હોવા છતાં એમનામાં આસક્ત થયા વિના, હંમેશા પોતાના સ્વરૂપમાં જ દૃષ્ટિ રાખી, લાંબા સમય સુધી પ્રારબ્ધ (સંચિતકર્મના ફળનો) ઉપભોગ પછી, પુત્ર વિરોચનને રાજ્ય સોંપી, ગુરુ (શ્રીદત્તે) કહ્યા પ્રમાણે (પ્રાણીમાત્ર પર) સમદૃષ્ટિ રાખી, સંગ ત્યાગ કરી પૃથ્વી પર વિચરણ કરવા લાગ્યો. અને વિરોચન પણ પિતાની માફક જ વારસામાં મળેલા રાજ્યનું શાસન કરવા લાગ્યો.

૨૨ થી ૨૩. તેનો (વિરોચનનો) પુત્ર બલિ નામે થયો, જેણે (દેવો પાસેથી) સ્વર્ગ પડાવી લીધું; કશ્યપ દ્વારા અદિતિમાં જન્મેલા ઈન્દ્ર વગેરે દેવોને પણ જીતી લઈને તેમના અધિકારોને તે જાતે જ ભોગવવા લાગ્યો. હવે તેનાથી (બલિરાજાથી) સ્વર્ગમાંથી હાંકી કઢાયેલા દેવોએ શ્રીવિષ્ણુ ભગવાનની સ્તુતિ કરી.

૨૪. દેવોની પ્રાર્થનાથી સંતુષ્ટ થયેલા (વિષ્ણુ) ભગવાન અજન્મા હોવા છતાં અદિતિએ કરેલા પયોવ્રતનું ફળ આપવા, વામન નામથી એના (અદિતિ) પુત્રરૂપે અવતર્યા.

૨૫. પિતાથી (ઉપનયન) સંસ્કાર મેળવેલા અને દેવોથી (સર્વપ્રકારે) વિભૂષિત થયેલા [1] વામને (ભગવાને) તે બલિ (રાજા) પાસે ત્રણ પગલાં પૃથ્વીની માગણી કરી, ત્યારે (ગુરુ) શુક્રાચાર્યે તેને (તેમ કરતાં) અટકાવ્યો.

૨૬. થી ૨૭ (પણ બલિએ સંકલ્પ કરીને (ત્રણ પગલાં પૃથ્વી) આપી, ત્યારે વામને (ભગવાન) પણ વિરાટ સ્વરૂપ ધારણ કરી, એક પગલાથી (અખિલ) ભૂમિને આવરી લીધી ગંગાજીને પ્રગટ રાખનાર અન્ય પગલાથી (બ્રહ્મલોકપર્યંત) સ્વર્ગને વ્યાપી ગયા. (હવે) (તૃતીય પદ ક્યાં મૂકવો ? એટલે) (વારુણ પાશથી) બંધાયેલા બલિથી સંકલ્પની સિદ્ધિ માટે (મસ્તક પર પગ મૂકવા) પ્રાર્થના કરાતાં (વામન ભગવાને) તેમણે તેના (બલિના) મસ્તક પર તૃતીય પગ મૂક્યો (ત્યારે) પ્રહ્લાદની પ્રાર્થનાથી વામન (પગ-સ્પર્શથી) મોક્ષ પામેલા તે બલિને સુતલમાં લઈ ગયા.

---

૧. પિતાએ ઉપનયન સંસ્કાર આપ્યા, સૂર્યે ગાયત્રી મંત્રની દીક્ષા, બૃહસ્પતિએ જનોઈ, કશ્યપે મેખલા, પૃથ્વીએ મૃગચર્મ, વનસ્પતિએ સોમનો દણ્ડ, મા (અદિતિએ) કૌપીન, સ્વર્ગે છત્ર, બ્રહ્માએ કમણ્ડલુ, સપ્તર્ષિઓએ દર્ભ અને પવિત્રી, સરસ્વતીએ રુદ્રાક્ષમાલા, કુબેરે ભિક્ષાપાત્ર, અન્નપૂર્ણા મા પાર્વતીએ ભિક્ષા આપી. આમ બ્રહ્મચારીને આવશ્યક બધું દેવોએ આપ્યું.

૨૮. (ભગવાન) વામને તેના (બલિના) પુત્ર બાણને રાજ્ય આપ્યું, દેવોને સ્વર્ગ આપ્યું અને પોતે તો બલિના દ્વારપાળ બનીને રહ્યા. (અને) ભગવાન તેને (બલિને) (સાવર્ણિક મન્વંતરમાં) ઈન્દ્રનું પદ પણ આપશે.

૨૯. શ્રી દત્તનો આવો (મહાન) પ્રભાવ છે, જેના સ્વરૂપને જાણવા માટે દેવો, અસુરો, નાગ વગેરે પણ અસમર્થ છે,[1] તો પછી મનુષ્યોની તો વાત જ શી કરવી !

૩૦ થી ૩૩. કોઈ એકવાર પિંગલ નામે નાગે માહુરગઢમાં કૃષ્ણધાત્રી (કાળા આમળા) ના વૃક્ષ નીચે બિરાજેલા, વ્રાત્યના વેષવાળા ને છતાં વેદનો પાઠ કરતા એમને (દત્તને) જોઈને પૂછ્યું," (ચારે) વર્ણથી જેની નિંદા થઈ શકે એવો આ આપનો ક્યો આશ્રમ છે ? હે કૌપીન, મૌંજી મેખલા અને દણ્ડ વિનાના ! તમે બ્રહ્મચારી લાગતા નથી; હે અગ્નિહોત્રબે ઉપવીતસૂત્ર વગેરેથી વર્જિત ! તમે ગૃહસ્થ પણ નથી; હે (શમ-દમ વગેરે) આગન્તુક સાધન વગેરેથી રહિત ! તમારો વાનપ્રસ્થાશ્રમ પણ નથી; હે શિક્ષા અને ગ્રામ્ય -ધર્મ પાળી ભોગ ભોગવનાર ! હે વસ્ત્રહીન (દિગંબર) ! તમે સંન્યાસી પણ લાગતા નથી ! હે નગ્ન-અવસ્થાવાળા ! હે સ્ત્રી, મદિરાપાનના લાલચુ ! આ માર્ગનો તમને કોણે ઉપદેશ આપ્યો છે !"

૩૪ થી ૩૫. ભગવાને તેને જવાબ આપ્યો," તેં જે આશ્રમો જણાવ્યા તેનાથી અલગ પડતો આ મારો પાંચમો આશ્રમ છે; જે અભેદ દૃષ્ટિવાળો કોઈ પણ અપવાદ વિના આ વિશ્વને પોતાના સ્વરૂપ તરીકે જુએ છે, વૈરાગ્યયુક્ત છે અને દુશ્મન વિનાનો છે, તેનો આ પાંચમો આશ્રમ છે; તેં એના વિશે સાંભળ્યું હોય કે ન (સાંભળ્યું) હોય પણ સમદૃષ્ટિવાળા બ્રાહ્મણો (બ્રહ્મને જાણનારા) તો એ (આશ્રમ) ને જાણે જ છે."

૩૬. થી ૩૭. આવું સાંભળી ' આ તો અનસૂયા (મા) ના ગર્ભનું કિંમતી રત્ન છે;' એવું માની ખૂબ ખિન્ન થઈ હીનવાણીમાં તેણે પ્રાર્થના કરી, "હે નિષ્પાપ (ભગવન્) ! હું ધૃષ્ટતાથી હલકી અને અકલ્યાણકારી (અસભ્ય) વાણી બોલ્યો છું અને એ (વાણી) દ્વારા તને અપશબ્દો કહ્યા છે; હે ઈશ, મારું રક્ષણ કર; દુષ્ટ સ્વભાવવાળા મને ક્ષમા આપ."

૩૮. આ પ્રમાણે ક્ષમા માગીને (વિશ્વ) વ્યાપી, વિશ્વપતિને (શ્રીદત્તને) અભિવાદન કરી, (અપરોક્ષ સાક્ષાત્કારરૂપી) અનુગ્રહ મેળવનાર, પ્રસન્ન મનવાળો પિંગલ પોતાના આશ્રમે ગયો.

૩૯. તે જ પ્રમાણે (પિંગલની માફક સાધ્યદેવોએ પૂછ્યું ત્યારે) ભગવાને સાધ્યદેવોને પણ કહ્યું કે "સાત્ત્વિક બુદ્ધિથી અને (સાત્ત્વિક) ધૈર્ય, સત્ય અને શમ-દમ વગેરે સાધનથી યુક્ત બની હૃદય-ગ્રન્થિ (અહંકાર વગેરે ગ્રન્થિઓ) ને કાપી નાખી અંતઃકરણને શાંત કરવું (હૃદયની શાંતિ મેળવવી).

૪૦. અભિમાન, આક્રોશ, બીજાનું અપમાન, વિશ્વાસઘાત, કામ વગેરે અનર્થ કરનારા ભાવોનો ત્યાગ કરવો; બીજાથી બોલાયેલી, ક્રૂર, મર્મસ્થળને ઘા કરનારી, અસત્ય વાણી સહી લેવી, (પોતે એવી વાણી ન બોલવી) ને પીડારહિત રહેવું.

૪૧. તે જ પ્રમાણે, મુનિનો સંગ કરવો, મુનિની માફક જ (નિર્લેપ ભાવથી) દુર્જનનો કે ચોરનો સંગ કરવો (અર્થાત જગતમાં સંગ ગમે તેનો થાય પણ સંગનો રંગ લાગવો જોઈએ નહીં) જેમ જેવો રંગ તેવું વસ્ત્ર (એમ) અહીં ન થાય તે ધ્યાન રાખવું; પોતે સહિષ્ણુ બનીને રહેવું; કોઈની નિંદા ન કરવી કે (કોઈને) પ્રહાર ન કરવો; દૈવયોગે જેમ ભોગવાય તેમ ભોગવવું;.......

૪૨. સજ્જનોનો સંગ સેવી, બોલવામાં સત્ય, (બીજાને) પ્રિય, ધર્મવાળી વાણીનું સેવન કરવું; (બીજાનો) નાશ (થાય) એવું વિચારવું નહીં; પારકાનાં છિદ્ર જોવાં નહીં, વચન આપ્યા પ્રમાણે દાન કરવું,.......

૪૩. ઉત્તમ (વ્યક્તિ) ને મિત્ર બનાવવી, નહીં કે અધમને; પોતાના કલ્યાણમાં જ શ્રદ્ધા રાખવી; નિંદા કે પ્રશંસા, (તથા) ઉત્કર્ષ કે અપકર્ષમાં સમભાવ રાખવો.

૪૪. આનંદમાં રહેવું, શોક ન કરવો, ખરાબ આચરણમાંથી પાછા વળવું, - આ કલ્યાણનો માર્ગ અમલમાં મૂકવો,"- આમ (જે) ભગવાને કહ્યું, તે તેઓએ (સાધ્યદેવોએ) આચરણમાં મૂક્યું.

---

૧. દેવો, અસુરો, નાગ પરમાત્મ-દત્ત-સ્વરૂપને જાણવા સમર્થ નથી તેનાં દૃષ્ટાન્ત- (અ) પ્રહ્લાદ (અસુર) જાણી શક્યો નહી, (બ) પિંગલ (નાગ) જાણી શક્યો નહીં (ક) સાધ્યદેવો જાણી શક્યા નહીં.

૪૫. આ પ્રમાણે દેવો, ઋષિઓ વગેરેએ (ભગવાનની) કૃપાથી જ ભક્તિથી જ પ્રાપ્ય આત્મસ્વરૂપ ભગવાનના ઐક્ય ભાવને પ્રાપ્ત કર્યો છે.

૪૬. આ પરમ પુરુષ સ્વયંપ્રકાશ (ભગવાન), ક્રમથી પુણ્ય ચરિત્રવાળા સંતથી, અનન્ય ભક્તિથી જ પ્રાપ્ય બને છે, નહીં કે દુરાચરણ કરનાર બીજાથી.

૪૭ થી ૪૯. એના (શ્રીદત્તના) સ્મરણથી અર્જુન, વન્દનથી અલર્ક, દાસ્ય (ભક્તિ) થી આયુ, સખ્યથી પરશુરામ, પાદસેવાથી વિષ્ણુદત્ત, અર્ચનથી યદુ, કીર્તનથી વેદધર્મા, શ્રવણથી દીપક અને આ બધા અને બીજા ઘણા હરિના સર્વ સ્વાત્મનિવેદનથી (તરી ગયા). આ રીતે જે જે (ભક્ત) સદાચારથી જે જે પ્રકારની ભક્તિનું વરણ કરે છે, તેની તેની તે તે ભક્તિને દૃઢ કરીને (શ્રીદત્ત) વ્યધીશ્વર તેને ગમતો પુરુષાર્થ (મોક્ષ) આપે છે.

# ત્રીજા અષ્ટકનો પહેલો અધ્યાય
## ઉપાસનાવિધિનું નિરૂપણ

૧. આ પરમ પુરુષ[1] પરમાત્મા (આત્મકલ્યાણ માટે) પ્રયત્ન કરનારને ભક્તિથી સરલતાથી પ્રાપ્ય બને છે, એમ વેદ વગેરેમાં કહ્યું છે, (તેથી) હવે મુખ્ય ભક્તિ વિશે કહું છું.

૨. પરબ્રહ્મ (પરમાત્મા) નિરાકાર (નિર્ગુણ વગેરે) છે; (તેથી) જે મન્દબુદ્ધિવાળા એનો સાક્ષાત્કાર કરવા સમર્થ નથી, તેમના પર (પરમાત્માના) સગુણ સ્વરૂપના નિરૂપણથી અનુકમ્પા કરવામાં આવી છે.

૩. સગુણ બ્રહ્મ (પરમાત્મા) ની ઉપાસનાથી એમનું (મંદધીવાળાઓનું) મન વશ થતાં તે જ (આકાર, ગુણ વગેરેની) ઉપાધિ વિનાનું (નિર્ગુણ બ્રહ્મ) સાક્ષાત્ આવિર્ભાવ પામે છે.

૪. એ ઉક્તિ પ્રમાણે ભક્તિ નવ (૯)[2] પ્રકારની છે. (તેમાં) (પ્રથમ) સ્મરણ ભક્તિ વિશે જણાવું છું, જે (બધા પ્રકારોમાં) શ્રેષ્ઠ, અને પ્રયોજનવાળી છે (એટલું જ નહીં પરંતુ) અન્ય (પ્રકારોમાં પણ) વ્યાપેલી છે[3] અને એને (ઉપાસકને) ચિત્તની શુદ્ધિ દ્વારા મોક્ષ આપનારી છે.

૫. હજારો અવયવો, (હજારો) શરીર, (હજારો) કર્મ, (અને હજારો) નામવાળા (આ) ભગવાનના સ્મરણ માત્રથી, કર્મ કરવા છતાં (ભક્તનું કર્મ) અકર્મ જ રહે છે, જેનાથી એ (ભક્ત) શીઘ્રતાથી મોક્ષ પ્રાપ્ત કરે છે.

૬. (એ જ રીતે) પરમાત્મા પર પરા[4]ભક્તિ કરી એના કીર્તન (ભગવાનના ગુણાનુવાદ ગાવા વગેરે) દ્વારા સાચો ભક્ત માયાના બંધનને કાપી સદ્ગતિ પામે છે.

૭. વળી એના ગુણોનું શ્રવણ કરી, અંતનિષ્ઠ બનેલો શ્રદ્ધાળુ પુરુષ ઈર્ષા રહિત અને ધ્યાનનિષ્ઠ બની જલદીથી નૈષ્કર્મ્ય[5]ર્નિ સિદ્ધિ મેળવે છે.

---

૧. परोऽसौ पुरुषो भूमा भक्त्या लभ्यस्त्वनन्यया । આ ઔપનિષદિક શ્રુતિ ઉપાસનાનું મહત્ત્વ પ્રસ્થાપિત કરે છે. (તેથી પૂ. ટેંબે સ્વામીએ ઉપાસનાકાણ્ડને, જ્ઞાનકાણ્ડ અને કર્મકાણ્ડની મધ્યમાં મૂક્યો છે.)

૨. श्रवणं (१) कीर्तनं (२) विष्णोः स्मरणं (३) पादसेवनम् (४) अर्चनं (५) वंदनं (६) दास्यं (७) सख्यं (८) आत्मनिवेदनम् (९) ॥

૩. સ્મરણ ભક્તિનો ક્રમ નોંધ નં. ૩ માં ત્રીજો છે. પરંતુ પૂ. ટેંબે સ્વામી આ પ્રકાર અન્ય પ્રકારોમાં પણ વ્યાપી હોવાથી બધામાં શ્રેષ્ઠ છે એમ કહી એનું વર્ણન પ્રથમ કરે છે.

૪. परा भक्तिः પરમાત્મા પર પરમ પ્રેમરૂપ નિર્વ્યાજ અવ્યભિચારિણી ભક્તિઃ 'सा परमप्रेमरूपा' (નારદ ભક્તિસૂત્ર). આ ભક્તિમાં સર્વસમર્પણભાવ અને અનન્ય શરણાગતિ ભાવ છે.

૫. નૈષ્કર્મ્ય સિદ્ધિ પરમોચ્ચ કક્ષા છે, જે મેળવ્યા પછી કશું કરવાનું રહેતું નથી.

૮. વજ, અંકુશ, ધ્વજ અને કમળનાં ચિહ્નોવાળા ભગવાનનાં ચરણોની સેવાથી શુદ્ધ સત્ત્વવૃત્તિથી શુદ્ધ થયેલો ઉપાસક માયાનું આવરણ ચીરી નાખી પરમપદે પહોંચે છે.

૯. થી ૧૨ (પોતાની) ટચલી આંગળીથી પાણીમાં અષ્ટદલ દોરી ॐ સહિત આઠ અક્ષરવાળો (મંત્ર) (નમો નારાયણાય) દરેક પાંખડી પર લખી [1] હૃદયમાં બિરાજમાન આ એકમેવ[2] પરમાત્માનું આવાહન કરી[3] ત્યાં (ભગવાનની) છ મુદ્રા[4] પ્રદર્શિત કરી[*] (મંત્રના) ઋષિ-દેવતા-છંદ[5] નું સ્મરણ કરી (ॐ કારની) અં-ઉં મં માત્રાઓ વડે કરાંગુલી અને હૃદયાદિ ન્યાસ કરી, પૃથ્વી, આકાશ, વાયુ તેજ અને જલના બીજ[6] થી (અનુક્રમે) ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય (એ પંચ-ઉપચાર) થી માનસોપચાર[7] પૂજન કરી એ પ્રણવ (ॐ) મંત્રનો ૧૦૦૮ વખત જપ કરી, ૧૦૮ વખત (ॐ નું) ઉચ્ચારણ કરી તર્પણ કરવું (અને) એક વખત ઋષ્યિાદિનું તર્પણ કરવું; પછી ફરી (માનસોપચારથી) ઉત્તર પૂજન કરી ન્યાસ કરવા અને (અંતે) તે (પરમાત્મા) નું પોતાના આત્મામાં વિસર્જન કરવું. આમ યતિ સિવાયના અન્ય ભક્તે (દિવસમાં) ત્રણ સંધિકાળમાં ભગવાનનું અર્ચન કરવું.

૧૩. થી ૧૫. સૌ પ્રથમ પોતાના ગૃહ્યસૂત્રમાં જણાવ્યા પ્રમાણે ઉપનયન સંસ્કાર મેળવી પવિત્ર થયેલા ભક્તિભાવવાળા (વિપ્રે) ગુરુદ્વારા ધન-ઋણ-સિદ્ધ-અરિચક્રથી[8] (પોતાને ક્યો મંત્ર ફળશે એ) સિદ્ધ કરી, (ગુરુ પાસેથી) જાણી (એ મંત્રની ગુરુપાસે) દીક્ષા લઈ સૌ પ્રથમ એ (મંત્ર) ના અક્ષરો જેટલા લાખ (જેમ કે મંત્ર આઠ અક્ષરનો હોય તો આઠ લાખ) ની સંખ્યામાં જપ કરી, વિધિપૂર્વક પુરશ્ચરણ કરવું (પછી હંમેશાં) નિયમપૂર્વક (રોજનું) નિત્યકર્મ કર્યા બાદ (મંત્ર-દેવતાની) પ્રતિમાનું અર્ચન કરવું. (આ મૂર્તિ) ધાતુની કે પત્થરની હોવી જોઈએ; સંસ્કાર પામેલી (પ્રાણપ્રતિષ્ઠા કરેલી) હોવી જોઈએ; તે (અર્ચા) આયુધો (જેમ કે દત્ત ભગવાનના આયુધો માળા-કમડલું-ડમુરુ-ત્રિશૂલ-શંખ-ચક્ર છે) અને લક્ષણો (જેમ કે દત્તભગવાનનાં લક્ષણો ગાય, ચાર શ્વાન, ભિક્ષા, ઝોળી વગેરે છે) વાળી હોવી જોઈએ. (આવી અર્ચનભક્તિ કરનાર) તે (ભક્ત) પણ (આ લોકની) બધી કામનાઓ મેળવી દેહ પડ્યા પછી તેમાં (ભગવાનમાં) લીન બને છે.

૧૬. પ્રાચીનકાળમાં બ્રહ્માએ દયાના ભંડાર (ભગવાન) નારાયણને સત્યક્ષેત્રમાં પ્રણામ કરી પૂછ્યું." ઉપાસના માટે ક્યું એકમેવ શ્રેષ્ઠ દૈવત છે ?"

૧૭. તેમણે કહ્યું, "સત્ય અને આનંદ સ્વરૂપ, નિર્મલ, સત્ત્વગુણયુક્ત, તારક, શ્રેષ્ઠ, વિશ્વ જેનું રૂપ છે તે, જગતનું મૂળ કારણરૂપ મારું જે દત્તાત્રેય નામનું સ્વરૂપ (ધામ) છે, તે જ દૈવત ઉપાસના કરવા યોગ્ય છે.

૧૮ થી ૨૧. રેફ (વહ્નિ) યુક્ત લ કારમાં (દ્ર) અનુસ્વાર સહિતનું (બિન્દુ) આ ઉમેરતાં(આં) દ્રાં (બીજમંત્ર) મંત્ર બને. આ (મંત્ર) તે (દત્તાત્રેય સ્વરૂપ) નું અર્ચન કરવા માટેનો (મંત્ર) જાણ; એનો છંદ ગાયત્રી છે.[9] ગર્ભમાંથી ઉદ્ધાર કરનારા આ એકાક્ષરી (દ્રાં) મંત્ર-નો જપ કરવો જોઈએ. (હવે) ॐ (तारः), श्रीं, ह्रीं (दुर्गा), क्लीं, लं (भूमिबीज), द्राम्, (दत्तैकाक्षर) - આ છ અક્ષરવાળો મંત્ર યોગ (હઠયોગ) આપનારો છે. એના ઋષિ (છંદ -દેવતા) વગેરે ઉપર (એકાક્ષરી મંત્ર) પ્રમાણે જ છે. આ છ[10] બીજથી જ કરાંગુલીન્યાસ અને હૃદયાદિ ન્યાસ કરવાના છે.

---

૧. દરેક પાંખડી પર 'ॐ नमो नारायणाय ' (આ) અષ્ટાક્ષરી મંત્ર લખવાનો છે. બીજો પ્રયોગ એવો છે કે દરેક પાંખડી પર એક એક અક્ષર લખી આઠ દળ પર આઠ અક્ષર લખી આ અષ્ટાક્ષરી મંત્ર પૂરો કરવાનો હોય છે.

૨. 'एकम् -एव-अद्वितीयं ब्रह्म' આ ઔપનિષદિક શ્રુતિ પ્રમાણે પરમાત્મા એક જ છે, નામ હજારો નામી એક; રૂપ કરો રૂપી એક.

૩. હૃદયમાં આવાહનનો અર્થ એ છે કે હું પરમાત્માથી ભિન્ન નથી એવી મંત્રજપ વેળા ભાવના કરવી.

૪. देवान् मुदं रान्ति - इति मुद्रा - દેવોને આનંદ આપે તે મુદ્રા. અહીં શંખ-ચક્ર- ગદા-પદ્મ-ધેનુ અને ગરુડ એ છ મુદ્રા.

૫. ॐ इति प्रणवस्य मंत्रस्य अंतर्यामी भगवान् ऋषि; परात्मा देवता, दैवी गायत्री छंद : ।

૬. लं-हं-यं-रं અને વં એ અનુક્રમે પૃથ્વી, આકાશ, વાયુ, તેજ અને જલનાં બીજ છે.

૭. लं पृथित्यात्मकं गन्धं परिकल्पयामि..... વગેરે.

૮. મંત્રના ધન-ઋણ-સિદ્ધ-અરિ એવા ચાર પ્રકાર છે. એમાં ઋણ મંત્ર ઉત્તમ ગણાય છે; અરિ મંત્ર નુકસાનકારક છે. તેથી પોતાને ક્યો મંત્ર ફળશે એ ખાસ (ગુરુપાસેથી) જાણવું જોઈએ. ૩૨ કે તેથી વધુ અક્ષરવાળો મંત્ર માલામંત્ર ગણાય છે, જે કોઈ પણ વ્યક્તિ જપી શકે છે; આવો મંત્ર નિર્દોષ મંત્ર છે.

૯. अस्य मंत्रस्य सदाशिवः ऋषिः, गायत्री छंदः, चतुर्भुजो दत्तात्रेयो देवता ।

૧૦. 'ॐ' अंगुष्ठाभ्यां नमः, श्रीं तर्जनीभ्यां नमः ........ વગેરે.
'ॐ' हृदयाय नमः, श्री शिरसे स्वाहा......વગેરે.

૨૨ થી ૨૫. કલ્યાણ કરનારા, શાંત (મુદ્રાવાળા), ઈન્દ્રનીલ (મણિ) જેવી કાંતિવાળા, તેજસ્વી, પોતાની માયા સાથે (સદા) રમમાણ, પ્રકાશમાન, જેણે (સર્વસ્વનો) ત્યાગ કર્યો છે એવા (અવધૂત સંજ્ઞાવાળા), દિશારૂપી વસ્ત્રવાળા (વાસના-વસ્ત્રમુક્ત), ભસ્મથી ધૂલિત બનેલ સર્વાંગવાળા, જટાસમૂહને ધારણ કરનારા, તેજસ્વી, ચાર હાથવાળા, તેજસ્વી શરીરવાળા, ખીલેલા કમળ જેવાં નેત્રવાળા, જ્ઞાન અને (પાતંજલિ) યોગ ભંડાર, (સમગ્ર) વિશ્વના ગુરુ (વિશ્વ જેનો ગુરુ[૧] છે), યોગીઓને ખૂબ વહાલા (યોગી જેને વહાલો છે એવા), ભક્તો પર દયા કરનારા, સર્વના સાક્ષી સ્વરૂપ, સિદ્ધો જેની સેવા કરે છે તેવા, ઉપનિષદોમાં વર્ણવેલા (ભગવાન) દત્તાત્રેયનું એકાગ્રતાથી ધ્યાન ધરી, (ઉપયુક્ત) મંત્રનો જપ કરવો. (એમ કરનાર) તે મનગમતું ફળ મેળવી પરલોકમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

૨૬ થી ૨૭. (હવે) દ્રાં દત્તાત્રેયાય નમઃ[૨] (એ) આઠ અક્ષરના મંત્રના ગાયત્રી છંદ, દ્રાં બીજ, દત્તાત્રેયાય કીલક, નમઃ શક્તિ, (અને) સદાશિવ ઋષિ છે.[૩] દત્તાત્રેય પદનો અર્થ સત્ય-આનન્દ ચિત્ સ્વરૂપવાળા' પૂર્ણાનંદ સાથે એકરૂપ બનેલ શરીરવાળો' (સચ્ચિદાનન્દ) એવો થાય. 'નમઃ' પદનો અર્થ નમ્રભાવ - એવો થાય.

૨૮ (૩.૪) થી ૨૯. ॐ આં હ્રીં ક્રોં એહિ દત્તાત્રેય સ્વાહા[૪] આ રીતે સર્વ કામનાઓ દોહનારો ગાયત્રી છંદવાળો અને સદાશિવ ઋષિવાળો બાર અક્ષરનો મંત્ર છે.

૩૦. આ બે (મંત્રો) થી જે મહાન વ્રત આચરનાર (મનુષ્ય) વર અને અભય આપનાર (મુદ્રાવાળા) (બે) હસ્તવાળા (દત્તાત્રેય ભગવાન) ને ભજે છે તે (મનુષ્ય) આ લોકમાં સર્વકામનાઓ મેળવી (એ તે) સ્થિર એવું અમૃત (મુક્તપદ) પ્રાપ્ત કરે છે.

૩૧. આમ (આ મંત્રના) ॐ બીજ છે, સ્વાહા શક્તિ છે, દત્તાત્રેય (સંબોધન) કીલક છે, બે (બીજ મંત્રો ॐ આં ) થી હૃદયે, બે (બીજ મંત્રો હ્રીં ક્રોં ) થી શિખા પર ન્યાસ કરવા.

૩૨ થી ૩૩.(૧.૨) સંબોધન (દત્તાત્રેય) થી સ્કન્ધદ્વય પર અને નેત્રદ્વય પર અને અન્ત્ય શબ્દ (સ્વાહા) થી અસ્ત્ર પર ન્યાસ કરવા[૫] આજ પ્રમાણે તે ભગવાનમાં લીન બનીને ચાર બીજ, ક્રિયા (એહિ) નામ (દતાત્રેય) અને અન્ત્ય (સ્વાહા) થી (ઉપરના ક્રમપ્રમાણે) કરાંગુલી ન્યાસ કરી,[૬] યંત્રમાં બિરાજેલા, અભીષ્ટ આપનારા દેવાધિદેવ (ભગવાન દત્તાત્રેય) નું યજન કરવું.

૩૩ (૩.૪) થી ૩૬ (૧.૨) દત્તાત્રેય હરે કૃષ્ણ ઉન્મત્તાનન્દદાયક । દિગમ્બર મુને બાલ પિશાચ જ્ઞાન સાગર ॥
આ (ઔપનિષદિક) મંત્ર અનુષ્ટુપ્ છંદમાં છે; એના ઋષિ સદાશિવ છે, છ ભુજાવાળા આત્રેય દેવતા છે; બે (દત્ત-આત્રેય) થી હૃદય પર, બે (હરે -કૃષ્ણ) થી મસ્તક પર, એક (ઉન્મત્ત) થી બંને બાહુ પર, એક (બાલ) થી બંને નેત્રપર, બે (પિશાચ -જ્ઞાનસાગર) થી અસ્ત્રાય ફટ પર ન્યાસ કરવા; (ન્યાસ કર્યા પછી આ મંત્ર) જપનાર (ભક્ત) દોષમુક્ત બની સર્વ (પ્રાણીઓ) પર ઉપકાર કરનારો બને છે.

---

૧. ભગવાન દત્તાત્રેયે પૃથ્વી વગેરે (વિશ્વનાં) ૨૪ તત્વોને ગુરુ કર્યા તેથી 'વિશ્વ જેનો ગુરુ છે' એમ પણ કહી શકાય.

૨. મંત્ર - દ્રાં દત્તાત્રેયાય નમઃ ।

૩. अस्य - मंत्रस्य सदाशिवः ऋषिः, गायत्रीछंदः द्रां बीजं, दत्तात्रेयाय कीलकं, नमः शक्तिः....... એમ બોલવું.

૪. મંત્ર - ॐ आं ह्रीं क्रों एहि दत्तात्रेय स्वाहा ।

૫. ॐ आं हृदयाय नमः ह्रीं क्रों शिरसे स्वाहा, एहि शिखायै वषट्, दत्तात्रेय कवचाय हुम्, दत्तात्रेय नेत्रत्राय वौषट्, स्वाहा अस्त्राय फट्।

૬. ॐ आं अंगुष्ठाभ्यां नमः, ह्रीं क्रों तर्जनीभ्यां नमः, एहि मध्यमाभ्यां नमः दत्तात्रेय अनामिकाभ्यां नमः, दत्तात्रेय कनिष्ठिकाभ्यां नमः, स्वाहा करतलकरपृष्ठाभ्यां नमः ।

૩૬ (૩.૪) થી ૩૭. ॐ यं क्लां, क्लीं क्लं, ह्रां, ह्रीं, ह्रुं, सौः दत्तात्रेयाय स्वाहा[1](એવો અન્ય મંત્ર) છે; (આ મંત્રમાં) यं (વાયુ) ની જગ્યાએ વિકલ્પે ऐं (વાગ્બીજ) અને स्वाहा ની જગ્યાએ (अन्ते) વિકલ્પે नमः (પણ) યોજી શકાય.[2]

૩૮. (આ મંત્રના) स्वाहा (પ્રથમ મંત્રમાં) કે नमः (વિકલ્પવાળા મંત્રમાં) શક્તિ છે, ॐ બીજ છે, दत्तात्रेयाय કીલક છે, ગાયત્રી છંદ છે અને આ મંત્રરાજના ઋષિ સદાશિવ છે.[3]

૩૯ બેથી (ॐ यं (અથવા વિકલ્પવાળા મંત્રમાં ऐं ) થી હૃદય પર ત્રણ (क्लां क्लीं क्लं) થી મસ્તક પર, એક (ह्रां) થી શિખાપર બે (ह्रीं ह्रं) થી બે કવચ પર, ચતુર્થી વિભક્તિવાળા (दत्तात्रेयाय) થી બે નેત્રપર અને અન્ત્ય ( स्वाहा (કે વૈકલ્પિક મંત્રમાં नमः) ) થી અસ્ત્ર પર આ રીતે જપનું ઈચ્છિત ફળ આપનારા ન્યાસ કરવા.

૪૦. (આ મંત્રના[4]) એક લાખ જપ કરનાર સત્-ચિત્-આનંદ સ્વરૂપવાળો, સુખી, મુક્ત, સિદ્ધ-ગન્ધર્વો ની સોબત કરનારો અને આઠ સિદ્ધિઆ ભોગવનારો બને છે.

૪૧. એક કરોડ જપ કરનારા (ભક્ત) દત્તાત્રેય (ભગવાન) ની જેમ ત્રણે દેવ-લોકમાં વિચરનારો બને છે; (જ્યારે) દશ કરોડની સંખ્યામાં જપ કરનાર સાક્ષાત્ ઘડપણ અને મૃત્યુ વિનાનો બને છે.

૪૨. સોળ (द्व्यष्ट) કરોડ જપ કરનાર (ભક્ત) સિદ્ધ (સિદ્ધ,ગન્ધર્વ, યક્ષ અને કિન્નર એ ચાર અર્ધદેવ જાતિ છે) બની પરકાયાપ્રવેશ કરનારો બને છે. આવી આ મંત્રની શક્તિ છે; આ વિષયમાં (નીચે ઉદ્ધૃત કરેલા-શ્લોક ૪૩ થી) આ શ્લોકો (આ મંત્રના) પ્રશસ્તિરૂપે છે:

૪૩ થી ૪૪. "ખડ્ગ, (તલવાર આદિ શસ્ત્રો) નું સ્તંભન કરવું, જલ (પ્રવાહ) અટકાવવું, સૈન્ય (ના હુમલા) ને અટકાવવો, ઈચ્છા પ્રમાણે (વસ્તુને) સિદ્ધ કરવી (મેળવવી), વશીકરણ (કરવું), દિક્પાલો સાથે વાતચીત કરવી, વાયુ જેવી ગતિ (મેળવવી), ચંદ્ર જેવી આહ્લાદકતા, અગ્નિની માફક સર્વભક્ષણ કરવું, સદા સંતૃપ્ત રહેવું વગેરે (મંત્ર ફળરૂપે) કહેવાયું છે.

૪૫ થી ૪૬. (તદુપરાંત) બધી ભાષાઓનું સંપૂર્ણ જ્ઞાન, બધાના મનની વાત જાણી લેવી, વાવ, કૂવા, સમુદ્ર કે પર્વતોને ચલાયમાન કરવા, (વળી) ખંતપૂર્વક દત્તાત્રેયમય બની એનો (જપ કરનાર ભક્ત) નિર્મળ (અંતઃકરણવાળો), વ્યાસ જેવો (મહાન) કવિ બને છે. આવો આ સોળ અક્ષરના (મંત્ર) નો પ્રભાવ છે.

૪૭ થી ૪૮ (૧.૨) (એવી શાસ્ત્ર આજ્ઞા છે કે) (કોઈ માગણી કરે તો) પ્રાણ આપી દેવા, મન, આંખ (અરે) મસ્તક કે (આખું) શરીર કાપીને આપી દેવું, પરંતુ આ સોળ અક્ષરનો મંત્ર (ગમે તેને) આપવો નહીં; પરંતુ જેનો આત્મા (મન) વિશાલ છે એવા સાચા અને મહાગુણવાન શિષ્યને (આ મંત્ર) આપવો; નહીં તો પરમાત્મા કોપાયમાન થાય છે.

---

૧. મંત્ર આ પ્રમાણેઃ ॐ यं क्लीं क्लं ह्रीं ह्रं सौ : दत्तात्रेययाय स्वाहा ।

૨. વૈકલ્પિક મંત્ર ॐ ऐ क्लां क्लं ह्रां ह्रीं ह्रं सौ : दत्तात्रयाय नमः ।

૩. शिवोदितम् આ અધ્યાયમાં ભગવાન દત્તાત્રેયની ઉપાસના માટે જે મંત્રો આપ્યા છે, તેના ઋષિ 'શિવ' કે સદાશિવ છે, ભગવાન 'શિવ' આદ્ય મન્ત્રદૃષ્ટા (मन्त्रद्रष्टारः ऋषयः) છે. આખું તન્ત્રશાસ્ત્ર એમને મંત્રદૃષ્ટા તરીકે માન આપે છે. શિવ એટલે મંગલ - કલ્યાણ, सदाशिव એટલે सत् - आ - शिव જે સત્ (પરમતત્ત્વ) તે જ आ અર્થાત્ ચારે તરફથી शिव અર્થાત્ પરમકલ્યાણકારી તત્ત્વ; એ નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ તત્ત્વ. એ જે મંત્રના ઋષિ તે મંત્ર પણ પરમ કલ્યાણપ્રદ અને પરબ્રહ્મ સાથે ઐક્ય સિદ્ધ કરનાર હોય જ.

૪. अष्ट सिद्धय :

अणिमा, महिमा, गरिमा, लघिमा, प्राप्ति, प्राकाम्य, ईशित्व, वशित्व - આ આઠ સિદ્ધિઓ છે.

अणिमा - અણુસ્વરૂપ બનવાની સિદ્ધિ,

महिमा - પર્વત જેવું મોટું સ્વરૂપ ધારણ કરવાની સિદ્ધિ.

गरिमा - પર્વત જેવો વજનદાર દેહ બનાવવાની સિદ્ધિ.

लघिमा - 'રૂ' (કપાસ) જેવો હલકો દેહ કરવાની સિદ્ધિ

प्राप्ति - ઈપ્સિત વસ્તુ મેળવવાની શક્તિ (દૂર હોય તો પણ).

प्राकाम्य - સર્વત્ર વ્યાપકપણું મેળવવાની સિદ્ધિ.

इशित्व- પંચ મહાભૂત અને ભૌતિક પદાર્થો પર ઈશ્વરપણું (સત્તા) મેળવવું.

वशित्व - ભૂત-ભૌતિક પદાર્થો સાનુકૂળ બનાવવાની સિદ્ધિ.

૪૮ (૩.૪) અને ૪૯. માલા, કમંડલ, ડમરુ, ત્રિશૂલ, શંખ અને ચક્ર ધારણ કરનારા, અત્રિ (મુનિ) ને વર આપનારા, ત્રિગુણના અધિષ્ઠાતા દત્તાત્રેય (ભગવાન) નું ધ્યાન ધરી વિધિપૂર્વક (પુરશ્ચરણ વિધિ પ્રમાણે) આ મંત્રનો જપ કરનાર ઉપર જણાવેલ ફળ ભોગવે છે.

૫૦ થી ૫૮ ૐ ભગવાન દત્તાત્રેયને નમસ્કાર (જે) સ્મરણમાત્રથી સંતુષ્ટ થનારા, મહાભય (મૃત્યુભય) ને નિવારનારા, મહાજ્ઞાન (આધ્યાત્મિકજ્ઞાન) પ્રદાન કરનારા, ચિત્-આનંદ સ્વરૂપવાળા, બાલ (અબુધ) ઉન્મત્ત અને પિશાચ (જેવો) વેષ રાખનારા (વાસ્તવમાં એવા નહીં). મહાયોગી (યોગીઓમાં શ્રેષ્ઠ), અવધૂત (સર્વસ્વનો ત્યાગ કરનારા), અનસૂયા (માતા) ના આનંદને વધારનારા, અત્રિ (મુનિ) ના પુત્ર (છે). ૐ સંસારના બંધનમાંથી મુક્ત કરનારા, હ્રીં સર્વપ્રકારનું ઐશ્વર્ય આપનારા, ક્રોં અસાધ્ય (વસ્તુ કે વ્યક્તિ) ને આકર્ષિત કરનારા, ઐં વાણી (ની ગરિમા) આપનારા, ક્લીં ત્રણે જગતને વશ કરનારા, સૌઃ બધાના મનમાં ક્ષોભ ઉત્પન્ન કરનારા, શ્રીં મહાન સંપત્તિ આપનાર, ગ્લૌં (સમગ્ર) પૃથ્વી મંડળનું આધિપત્ય આપનારા દ્રાં ચિરંજીવી (ભગવાન દત્તાત્રેયે ભૌતિક વિગ્રહનો ત્યાગ કર્યો નથી) (એવા આપને નમસ્કાર) (હે દત્ત ભગવાન્) વષટ્ વશ કરો. વૌષટ્ આકર્ષણ કરો, હું વિદ્વેષ કરો, ફટ્, ઉચ્ચાટન કરો, ઠઃ ઠઃ સ્તંભ કરો, ખેંખેં મારી નાખો, નમઃ સંપાદન કરો, સ્વાહા પોષણ કરો, દુશ્મનના મંત્ર, યંત્ર કે તંત્રનું છેદન કરો, ગ્રહો (ની પીડાનું) નિવારણ કરો, રોગોનો નાશ કરો, દુઃખને હરી લો, ગરીબાઈને ચીરી નાખો, દેહની પુષ્ટિ કરો, ચિત્તને તુષ્ટિ આપો, (તમે) સર્વ મંત્રસ્વરૂપ છો, સર્વ તંત્ર સ્વરૂપ છો, સર્વ પલ્લવસ્વરૂપ છો, હે મહાસિદ્ધ (ભગવાન્) ! (આપને) પ્રણામ (તથા) સ્વાહા. આ માલામંત્ર છે. (એમાં સંસ્કૃત ભાષામાં પ્રથમા વિભક્તિમાં) (પ્રયોજી) ક્રિયાપદો બે વખત (બોલવાના પ્રયોજી) અન્તે સ્વાહા શબ્દ (પ્રયોજી) (આખો મંત્ર તૈયાર કરી) બોલવાનો છે.[1]

**શ્લોક ૫૦ થી ૫૮ માં આપેલા માલામંત્રનો આ અનુવાદ છે.**

૫૯ અને ૬૦ (૧.૨) આ (ઉપર જણાવેલા) મંત્રો વિષ્ણુએ બ્રહ્માને કહેલા છે, (જે) કામધેનુ (જેવા) છે (અને) (કોઈ દુશ્મને જપકરનારને હાનિ પહોંચાડવા મંત્રાદિથી પ્રયોજેલ હોય તો તેવા) પ્રયોગો, ગ્રહ (પીડા), ભૂત (પ્રેત-યોનિ), દુશ્મનો, ખરાબ નજર, રોગ, (ત્રિવિધ) તાપ, (અને) (દૃષ્ટ કે અદૃષ્ટ) ભયનો નાશ કરનારા છે, કામનાવાળાને મનવાંછિત ફળ આપનારા, દેવોનું સાંનિધ્ય (મેળવી) આપનારા છે.

૬૦ (૩.૪) એ જ પ્રમાણે (રુદ્રયામલ તંત્રમાં ઉલ્લેખેલું) દત્તનામસહસ્ર (નામનું સ્તોત્ર) (પણ) વજ્રકવચ છે.

૬૧. આ (મંત્રો) (અને નામસહસ્ર) માંથી કોઈપણ એક (ના ઉપયોગ) થી વૈદિક વિધિ (તાંત્રિક પ્રયોગથી નહીં) પૂર્વક ચિત્તની નિર્મળતાથી જે પરમાત્માની ઉપાસના કરશે, તે આ લોકમાં કે પરલોકમાં મુક્તિ પામશે.

૬૨. (સર્વ જડ-ચેતન પરમેશ્વરનું સ્વરૂપ સમજી) સમદૃષ્ટિવાળા (અને) સદ્‌બુદ્ધિવાળા (ભક્તે) બ્રહ્માથી માંડી જડ પર્યન્તના (અને) ચણ્ડાલ, કૂતરા, ગાય, ગર્દભ(થી વ્યાપ્ત) એવા આ (ભગવાન) દત્તાત્રેયના નિવાસ (આખું વિશ્વ ભગવાનનું ધામ છે) ને પ્રણામ કરવા જોઈએ.

---

૧. મૂળ સંસ્કૃત માલામંત્ર આ પ્રમાણે છે :

ॐ नमो भगवते दत्तात्रेयाय स्मरणमात्रसन्तुष्टाय महाभयनिवारणाय, महाज्ञानप्रदाय, चिदानन्दात्मने बालोन्मत्त-पिशाचवेषाय महायोगिने अवधूताय अनसूयानन्दवर्धनाय अत्रिपुत्राय ॐ भवबन्धविमोचनाय ह्रीं सर्वविभूतिदाय क्रों असाध्याकर्षणाय ऐं वाक्प्रदाय क्लीं जगत्त्रयवशीकरणाय सौः सर्वमनः क्षोभणाय श्रीं महासम्पत्प्रदाय ग्लौं भूमण्डलाधिपत्यप्रदाय द्रां चिरंजीविने वषट् वशीकुरु वशीकुरु वौषट्-आकर्षय आकर्षय हुं विद्वेषय विद्वेषय फट्-उच्चाटय उच्चाटय ठः ठः स्तम्भय स्तम्भय खें खें मारय मारय नमः सम्पन्नय सम्पन्नय स्वाहा पोषय पोषय परमन्त्र-परयन्त्र-परतन्त्राणि छिन्धि छिन्धि ग्रहान्निवारय निवारय व्याधीन्विनाशय विनाशय दुःखं हर हर दारिद्र्यं विद्रावय विद्रावय देहं पोषय पोषय चित्तं तोषय तोषय सर्वमन्त्रस्वरूपाय सर्वतन्त्रस्वरूपाय सर्वपल्लवस्वरूपाय ॐ नमो महासिद्धाय स्वाहा ।

૬૩. આ સત્‌ચિત્ સ્વરૂપવાળા, સ્વયં પ્રકાશ (દત્ત) ભગવાન આ (બધા પ્રાણીઓ) ના અસ્તિ (સત્), ભાતિ (ચિત્-પ્રકાશિત) અને

પ્રિય (આનંદ) સ્વરૂપી હોઈ ચાલક અને પ્રકાશ આપનારા છે.

૬૪. જેવી રીતે નોકરો વશ થઈને અને માન મૂકીને રાજા પ્રત્યે વર્તે છે તે રીતે દ્વૈતભાવ પ્રત્યે નિરીચ્છ બની[1] (ભક્તે) ભગવાન પ્રતિ પોતાનો દાસ્યભાવ રાખવો જોઈએ[2]

૬૫. જેવી રીતે જગતમાં બે મિત્રોની મિત્રતા અપેક્ષા વિનાની હોય છે તે જ પ્રમાણે આત્માની (ભક્ત-જીવની) પરમાત્મા (શિવ, સાથેની મિત્રતા નિરપેક્ષ અને સતત (સાતત્યવાળી) હોવી આવશ્યક છે. (પરંતુ) આ (સખ્યભાવ) સમાધિ પ્રાપ્ત થતાં પહેલાની અવધિ સુધી હોવો જોઈએ.[3]

૬૬. દેહ (ઈન્દ્રિયો- અંતઃકરણ) વગેરેના સાક્ષીરૂપ નિર્મલ એવા એકમેવ (અદ્વિતીય) મારામાં કર્તૃત્વ ભોક્તૃત્વ) વગેરે નથી (અહં -નો નાશ); આવા ખાત્રીપૂર્વકના ઈક્ષણને સર્વસ્વાત્મનિવેદન કહે છે.[4]

૬૭ થી ૬૮. કાશીક્ષેત્રમાં મહામતિ (શિષ્ય) દીપકે વરદાન આપવા તત્પર થયેલા (પ્રવૃત્ત બનેલા) (શિવ-વિષ્ણુ આદિ) ને અતિક્રમી (નમ્રતાથી ના પાડી) (ખૂબ) કષ્ટ લઈ રોગી વેદધર્મા નામના પોતાના ગુરુને (સેવાથી) સંતુષ્ટ કરી (પોતે પણ) તુષ્ટ બની (ગુરુ પાસે) (ભગવાન) શ્રીદત્તની લીલાઓ શ્રવણ કરવાની યાચના કરી; અને ગુરુએ શિષ્યને મુક્તિ (મેળવવા) માટે જે કંઈ કહ્યું તેનો સાર (હવે) (આગળ) કહેવાય છે.

---

૧. ઔપનિષદિક સિદ્ધાન્ત જીવ-શિવના અદ્વૈતની (બ્રહ્માત્મૈક્યભાવ) પ્રતિષ્ઠા કરે છે. દાસ્યભક્તિમાં જીવ શિવનો દાસ હોઈ દ્વૈતભાવ આવે. લેખક કહે છે એ ભાવ સાથે આત્મસાત્ થયા વિના દાસ્ય કરવું.

૨. આ શ્લોકમાં દાસ્યભક્તિનું વર્ણન છે.

૩. આ શ્લોકમાં સખ્યભક્તિનો ઉલ્લેખ છે.

૪. આત્મનિવેદન ભક્તિ.

# ત્રીજા અષ્ટકનો બીજો અધ્યાય

## શ્રી દત્તાત્રેયના અવતાર તથા લીલાઓ વગેરેનું વર્ણન

૧. જેની કૃપાની બધા (મનુષ્યો) ઈચ્છા કરે છે, તે (દત્તાત્રેય ભગવાન) ની લીલાઓનું અહીં વર્ણન કરું છું. કોઈ એક ભાર્ગવ નામે બ્રાહ્મણ થઈ ગયો. તેનો પુત્ર (ખૂબ) સદ્‌બુદ્ધિવાળો છતાં જડવત્ આચરણ કરતો હતો.

૨. તેના પિતાએ કહ્યું, " હે પુત્ર ! વેદોનું અધ્યયન કર, અને મોક્ષ માટે આશ્રમ (વિહિત કર્મ) નું આચરણ કર. તેણે (પુત્રે) પ્રત્યુત્તર આપ્યો, 'હે પિતાશ્રી ! પૂર્વે (પૂર્વજન્મમાં) (વેદો સહિત) બધી વિદ્યાઓનું અધ્યયન કર્યું છે, (અને) શાસ્ત્ર વિહિત) (બધાં) કર્મ કર્યાં છે.

૩. લક્ષ યોનિમાં (ફરીને રાજાથી માંડી સેવક સુધીનું જીવન જીવી (ઘણા) ભોગ ભોગવ્યા છે; (હું) યોગભ્રષ્ટ (આત્મા) હોવાથી પૂર્વજન્મોનાં બધા શરીરોથી આચરેલ સર્વ કંઈનું મને (સંપૂર્ણ) સ્મરણ છે.

૪. વેદત્રયીમાં [1] (બતાવેલ) ધર્મોને હું સ્પર્શતો નથી. બધાં કર્મ મને નિષ્ફળ લાગે છે. (તત્ત્વજ્ઞાનની) સાચી સમજણવાળા ઈન્દ્રિયોને વશ કરનાર યતિ એવા મારે વેદોની શી જરૂર છે ?

૫. પહેલાં (પૂર્વજન્મમાં) હું બ્રહ્મ (પરમતત્વ) ના વિચારોથી પરિનિષ્ઠ થયેલો બ્રાહ્મણ હતો; સંતોના સંગથી (યોગના) અભ્યાસથી (અર્થાત્ મનોનિરોધથી) અને (વિષયો પ્રત્યેના) વૈરાગ્યથી હું એકાન્તસેવી[2] (બન્યો) હતો.

૬. થી ૭. (ગયા જન્મમાં) દૈવયોગે (સંપૂર્ણ) જ્ઞાન થતાં પહેલાં, (મારો) (યોગનો) અભ્યાસ લુપ્ત થવાથી મને સ્મૃતિ રહી નહીં. પરંતુ અહીં (આ જન્મમાં) સૂતેલો જાગે (ત્યારે પહેલાનું યાદ આવે) તેમ મારા આત્મસ્વરૂપનું જ્ઞાન થવાથી મને અહીં (આ જન્મે) પરમ (મોક્ષરૂપી) શાંતિ મળી છે. હું મને પોતાને જ જોતો સમુદ્ર જેવો અચલ છું હવે જો ત્રણ ભૂમિ[3] માં રહેલા જિતેન્દ્રિય યોગનો નાશ ન હોય તો (મારા જેવા) (ચોથી વગેરે આગળની ભૂમિકાએ પહોંચેલા) બીજાનો તો નાશ હોય જ ક્યાંથી ?

૮. આ સાંભળી (પુત્ર સાથેના) એક ક્ષણના સત્સંગથી શાંતિ મેળવનાર (તેના) પિતાએ તેને કહ્યું, "હે પુત્ર, જો તું આવો જ છું, તો હું પણ તારા જેવો બનું તેવો (મને) ઉપદેશ આપ.[4] .........

૯ અને ૧૦ (૧.૨) કારણ હું કર્મરૂપી બેડી (બંધન) થી ડરું છું અને અહીં કે બીજે (પરલોકમાં) સુખની ઈચ્છા રાખતો નથી" પુત્રે ઉત્તર આપ્યો, "હે પિતા ! પહેલાં (પ્રાચીન કાલમાં) શ્રીદત્તાત્રેયે સહસ્રાર્જુન વગેરેને દુઃખ (જરા-મરણાદિ) ના સંયોગમાંથી વિયોગ કરાવનારા જે યોગનો ઉપદેશ આપેલો તે (યોગ) મારી પાસેથી તમે સાંભળો.

૧૦ (૩.૪) થી ૧૨ (૧.૨) પ્રતિષ્ઠાન (નગરી) માં કૌશિક નામે બ્રાહ્મણ હતો. પૂર્વ (જન્મનાં કર્મ) થી તે કોઢવાળો રોગી બન્યો. (પણ) તેની પત્ની હંમેશા (તેને) સ્નાન (કરાવવું), વસ્ત્ર (પહેરાવવું) શરીરે માલિસ કરવું, પ્રિય વાણી બોલવી, (મિષ્ટ) ભોજન (ખવડાવવું), દવા (આપવી), કફ, મલ, મૂત્ર, પરુ વગેરે સાફ કરી ધોઈ, (શરીર પર) સારો લેપ લગાડવો- (વગેરેથી) દેવ જેવો (ગણી) તેની સેવા કરતી હતી.

૧૨ (૩.૪) થી ૧૩ અતિવિનયી આ સતી (સ્ત્રી) થી આવી સેવા પામતો હોવા છતાં, ક્રોધી, ક્રૂર, વેશ્યામાં આસક્ત ચિત્તવાળો તે તેને ગાળો ભાંડતો હતો. પરંતુ તે ગાળો ભાંડતા છતાં તેને તે દેવ જ ગણતી હતી.

૧૪. (રોગથી) પરાધીન થયેલો હોવા છતાં એક દિવસ વેશ્યાને જોઈને તેણે પ્રિયા (પત્ની) ને કહ્યું, "હે ધર્મને જાણનાર તન્વિ ![5] આ ઘટ જેવા સ્તનવાળી (વેશ્યા) મારું ચિત્ત હરી લે છે.

---

૧. વેદત્રયી એટલે ત્રણ વેદ: ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ શ્લોકમાં 'ત્રયી' શબ્દ છે જેનો બીજો અર્થ થાય ત્રણ આશ્રમ: બ્રહ્મચર્યાશ્રમ ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ -

૨. एकान्तित्वम् નો બીજો અર્થ થાય: (મેં) બ્રહ્માત્મૈક્ય અનુભૂતિ કરી છે.

૩. યોગની સાત ભૂમિકા છે. આદ્ય ત્રણ ભૂમિકા શુભેચ્છા, વિચારણા અને તનુમાનસા છે.

૪. પુત્રથી પિતાને ઉપદેશ આપી શકાય ? હા, શ્રુતિ કહે છે: 'कविर्यः पुत्रः स ईमाचिकेत यस्ता विजानात् सं पितुष्पिताः'। જ્ઞાની પુત્ર પિતાનો પણ પિતા ગણાય.

૫. સોળ વર્ષની (અર્થાત્ યૌવનમાં પ્રવેશેલી) યુવતી તન્વી કહેવાય છે.

૧૫. (રોગથી) અશક્ત (બનેલા) એવા મને તે (વેશ્યા) ને ઘેર લઈ જા, નહીં તો હે સદ્‌ભાગી (કટાક્ષમાં !) સ્ત્રી ! હું મૃત્યુ પામીશ. હે સુંદરી આ કામ ખૂબ અવળચંડો છે; એને છોડવા કોઈ સમર્થ નથી.

૧૬ થી ૧૭ કુલ (મર્યાદા) સાચવનારી આ સુંદર સતી સ્ત્રીએ (પતિની વાણી) સાંભળી ધૃષ્ટ (કૃતનિશ્ચયી) બની અને કેડ બાંધી (તૈયાર થઈ) (પુષ્કળ ધન સાથે રાખી તેને ખભે બેસાડી અંધકારમાં વિજળીના પ્રકાશમાં મંદગતિએ જવા લાગી. ( તે સમયે) બુદ્ધિશાળી એવા માણ્ડવ્ય ઋષિને દૈવયોગે રાજાએ ચોર છે એવા ભ્રમથી શૂલી પર ચઢાવ્યો હતો.

૧૮. રસ્તામાં (તે જગ્યાએ આવતાં) અંધકારમાં અજાણતાં કૌશિકના પગની ઠેસથી દુઃખી થયેલા તેણે (ઋષિએ) કહ્યું, "જેણે મને પીડા કરી છે, તે (કૌશિક) સૂર્યોદય થતાં જ મૃત્યુ પામો.

૧૯. આ સાંભળી દુઃખસંતપ્ત બનેલી તે સતી બોલી ઊઠી : 'સૂર્ય ઉદય જ પામશે નહીં' (સૂર્યને) શાપ આપી તે પોતાના પતિની ઈચ્છા (કામતૃપ્તિની) પૂર્ણ કરી ઘેર ગઈ.

૨૦. તેના શાપથી સૂર્ય ઉદિત થઈ શક્યો નહીં અને ત્રણે લોક ખૂબ પીડાવા લાગ્યા. (અને) સૂર્યના અદૃશ્ય થવાથી[1] કાળવ્યવસ્થા ન જળવાતાં બધી ક્રિયાઓનો (પણ) લોપ થયો.

૨૧. અહીં આખું જગત અંધકારને લીધે ભયભીત બની ગયું, સ્વર્ગમાં દેવોને ઉપવાસ થવા માંડ્યા. "વરસાદ વગેરેથી આપણે (દેવો) એ (માનવીઓ) પર ઉપકાર કરીએ છીએ (જ્યારે) તે મૃત્યુ માનવીઓ યજ્ઞક્રિયાથી આપણા પર (ઉપકાર કરે છે)

૨૨. ભોગમાં લંપટ બનેલા જે (મનુષ્યો) આપણે આપેલું ભોગવીને પણ યજ્ઞો વડે (આપણું) યજન કરતા નથી, તેઓ અતિવૃષ્ટિ વગેરે અતિ ભયંકર કુદરતી આપત્તિઓ[1] (ઉપસર્ગાઃ) થી પીડા પામે છે.

૨૩. (પણ) હમણાં (અત્યારની પરિસ્થિતિમાં) કાળવ્યવસ્થા નષ્ટ થવાથી અહીં એ મનુષ્યોનો કોઈ અપરાધ નથી, એવું વિચારી દેવોએ બ્રહ્માને શરણે જઈ આ (વૃત્ત) જણાવ્યું.

૨૪. સર્વજ્ઞ બ્રહ્માએ પણ થોડો સમય (આ વિષયમાં) ધ્યાન ધરી તે દેવોને કહ્યું કે સતી (કૌશિકપત્ની) ના શાપથી સૂર્ય ડરી ગયો છે. તેથી કોઈ ઉપાય શોધી કાઢીએ.

૨૫ થી ૨૬ જેવી રીતે તેજથી જ તેજ શાંત થાય છે તેવી રીતે એક સતી સ્ત્રીથી જ (બીજી) સતી શાંત બને (વિનમ્ર બને) (માટે) અત્રિ (ઋષિ) ની (પત્ની) તપસ્વિની અનસૂયા પતિવ્રતા (સ્ત્રીઓ) માં અગ્રગણ્ય છે; એ (મારી) પુત્રવધૂને પ્રસન્ન કરાય તો એ જ તમારું કાર્ય સિદ્ધ કરશે. આ પ્રમાણે કહેવાતાં તેઓ (દેવો) બ્રહ્માની સાથે અત્રિની પવિત્ર પર્ણકુટિ પર ગયા.

૨૭ થી ૨૮. (ત્યાં) અત્રિ અને તેની પવિત્ર આચરણ વાળી પત્ની (અનસૂયા) ને (દેવો) મળ્યા અને તેમનાથી તે બધા (દેવોનો) સત્કાર થયો; (પછી) તેઓ કૌશિકને ઘેર ગયા, (જ્યાં) (સતીવડે) સત્કાર પામેલી અનસૂયાએ સતીને કહ્યું, "શું તારો પતિ તને દેવો કરતાં પણ અધિક (માન્ય) છે ? તેના (પતિના) મુખના દર્શનથી તું (ખૂબ) આનંદ પામે છે ? તારી વાણી અને શરીરની ક્રિયા શું તેના માટે જ છે શું ?

૨૯. પતિની સેવાથી સ્ત્રી ઋણમુક્ત બની ત્રણ પુરુષાર્થ (ધર્મ-અર્થ-કામ) ને પ્રાપ્ત કરે છે. (પતિ-સેવા રૂપી) મહાન પરિશ્રમ કરી સાધુચરિત સ્ત્રી પતિવ્રતાના આચરણથી પતિલોકમાં જાય છે.......

૩૦. (પોતાના પર) આધિપત્યવાળા (પતિ) ની સેવા સિવાય અન્ય બીજું કોઈ (ધર્માચરણ) કાર્ય સ્ત્રીઓ માટે નથી; તે (પતિના) પુણ્યનો અર્ધો હિસ્સો ભોગવનારી છે; અને પતિ સાથે પતિલોકમાં વાસ કરે છે.

૩૧. માટે, હે સતી ! તારે હંમેશાં પ્રતિવ્રતાધર્મમાં જ મન રાખવું, એનાથી, આ લોક અને પરલોકના અર્થ (હેતુ) સફળ બને છે; સ્ત્રીઓ માટે પતિ જ સદ્‌ગતિ છે.

---

૧. नश् - अदर्शने

૩૨. હે આર્ય (નારી) ! મેં પણ પતિવ્રતાધર્મ (ના આચરણ) થી ધર્મનું મહાન ફળ પ્રાપ્ત કર્યું છે; હે સુશીલ (સ્ત્રી) મેં કદી પણ ક્યાંય પણ રૂપ-આદિ (બાબતો) માં પતિ સદૃશ બીજું કશું જોયું નથી."

૩૩. આવું સાંભળી પ્રસન્ન થયેલી તે (કૌશિકપત્ની) એ કહ્યું, " હે શીલવતી (અનસૂયા) ! મારી બાબતમાં પણ એમ જ છે. તું મારી (આ અંગેની) શ્રદ્ધા ખૂબ ખૂબ વધારે છે. સાચે જ સુશીલ સ્ત્રીઓનું પતિ જ દૈવત છે......

૩૪. તેના (પાતિવ્રત્યના) પુણ્યથી દેવો સહિત તારું પરમ દર્શન થયું, એ તારો ઉપકાર છે; મને ધન્ય છે; હું તમારું ક્યું કાર્ય કરું ?"

૩૫. તે (અનસૂયા) એ ઉત્તરમાં કહ્યું, "હે સાધ્વી સ્ત્રી ! આ દેવો વિશ્વની શાંતિ માટે પહેલાંની જેમ જ દિવસ-રાત્રિની વ્યવસ્થાની (તારી પાસે) યાચના કરે છે, (અને) તે માટે હું આવી છું.

૩૬. (દિવસ -રાત્રિ વ્યવસ્થા ખોરવાઈ જવાથી) ક્રિયાઓનો ઉચ્છેદ થયો છે; (કર્મો બંધ પડે તેથી) મનુષ્યનો ઉચ્છેદ થાય છે, (તેનાથી) ક્રમપૂર્વક જગત નાશ પામે છે; માટે તું (બધા પર) પ્રસન્ન થા, અને હે માનિની ! (બીજો અર્થ- બધાને માન આપનારી) ધીરજપૂર્વક સૂર્યનું આવાહન કર.

૩૭. તેણે કહ્યું, " હે સુભગે ! ક્રોધી માણ્ડવ્ય (ઋષિ) ના શાપને લીધે સૂર્યનો ઉદય થતાં જ મારો પતિ નાશ પામશે, તો હું શું બોલું ?"

૩૮. અનસૂયાએ કહ્યું, "તું ડર નહીં, સૂર્યનું આવાહન કર. હું તારા પતિને (રોગ થતાં) પહેલાં જેવો હતો તેવો સજીવન કરીશ. જો તને ઠીક લાગે તો આ (મારું) સત્ય (વચન) છે.

૩૯. હવે તે ચારિત્ર્યસંપન્ન (કૌશિકપત્ની) એ, " ભલે તેમ થાવ" એવું કહી તેના (અનસૂયા) માં વિશ્વાસ રાખી સૂર્યને આવાહન કર્યું. અને તેજ કિરણરૂપી કેશવાળો એ (સૂર્ય) જલદીથી ઉદિત પામ્યો.

૪૦. છસો ઘડી સુધી એ સ્થિતિ (ઉદય પામ્યા વિનાના સ્થિતિ) માં રહેલો હોવા છતાં સતીએ (કૌશિકપત્ની) આવાહન કરાતાં (સતીથી) ભય પામેલો સૂર્ય એકી સાથે કૌશિકના પ્રાણ અને અંધકારને હરી લેતો ઉદય પામ્યો.

૪૧. પોતાના સ્વામીને (સૂર્યને) જોઈને કમલિની પ્રફુલ્લિત બની (ખીલી ઊઠી) (જ્યારે) તે (સતી) પતિના મૃત્યુથી દુઃખી બની, (પણ) અનસૂયાએ કહ્યું, "હે કલ્યાણી ! તું શોક કરીશ નહીં, મારો પ્રભાવ જો.

૪૨ થી ૪૩. જો મેં અનન્ય ભક્તિથી અને દઢતાથી પતિની ઉપાસના (સેવા) કરી હોય, (અને) સર્વ રીતે સ્વપ્નમાં પણ પતિ જેવો કોઈને ય માન્યો ન હોય, મન, વચન, અને શરીરથી તેમજ મારો (પત્ની તરીકે) ધર્મ છે એમ મનથી પતિની દેવ તરીકે સેવા કરી હોય તો તે (સેવા) ના અંશમાત્રથી આ (કૌશિક) ફરીથી પત્ની સાથે સો વર્ષ જીવતો રહે........

૪૪. ગમે ત્યાં ગયેલા એના મનને હું ફરીથી અહીં પાછું લાવું છું. હે પ્રાણ નિયંત્રણકર્ત્રિ (દેવિ) !, આ (કૌશિક) જીવિત રહે (સર્વ વ્યવહાર કરી શકે) તે માટે એના મનને પહેલાંની જેમ પ્રસ્થાપિત કર."

૪૫. સતી (અનસૂયા) એ આમ કહ્યું કે (તરત જ) તે (કૌશિક) મૃત્યુ પામેલો હોવા છતાં નિરોગી બની દેવ જેવી સદ્બુદ્ધિવાળો બની પોતાની કાંતિથી ઘરને ઉજાળતો, (જાણે) ઊંઘીને જાગ્યો હોય એ રીતે ઊભો થયો.

૪૬. (આ જોઈ, બ્રહ્મા, વિષ્ણુ, શિવ વગેરે) દેવોએ પ્રસન્ન થઈ પુષ્પવૃષ્ટિ કરી. રંભા વગેરે (અપસરાઓ) સુંદર નૃત્ય કરવા લાગી. ગન્ધર્વોએ લાલિત્યસભર ગાન કર્યું.

૪૭. દેવોએ અનસૂયાને કહ્યું, "હે કલ્યાણી ! તેં અમારું મહાન કાર્ય કર્યું છે, અમે (તને) વરદાન આપીએ છીએ, તું મનગમતું વરદાન માગ."

૪૮. તેણે (અનસૂયા) પ્રત્યુત્તર આપો, "મને (અવિદ્યા વગેરે) ક્લેશો[1] ની મુક્તિ માટે પતિનો[2] યોગ (પતિમાં બ્રહ્મબુદ્ધિથી સંયોગ અર્થાત્ ધ્યાનસાતત્ય) બની રહો અને ત્રણ ગુણ (નિયન્તા) અધીશ્વર (ભગવાન) અમારા બંને (પતિપત્ની) ના પુત્ર તરીકે પ્રાપ્ત થાવ; બીજાં વરદાનોની અમને શી જરૂર ?" (નોટ ૧ અને ૨ માટે પૃ. ૮૨ પર ૧.૨ જુઓ)

૪૯. 'ભલે તેમ થાવ' (બંને વરદાન પ્રાપ્ત થાવ) - એમ તેને પ્રત્યુત્તર આપી દેવો જેમ આવ્યા હતા તેમ પાછા ફર્યા; અને કૌશિકની પત્નીથી અનુમોદન પામેલી અનસૂયા પણ પોતાના આશ્રમે ગઈ.

૫૦ થી ૫૧. પછી યોગ્ય સમયે બ્રહ્માના દ્વિતીય પુત્ર, સમર્થ[૩] ભગવાન મહર્ષિ અત્રિએ, જેણે ઋતુ (કાળના અંતે) સ્નાન કર્યું. છે, એવી સુંદર અંગો અને કમનીય દેહયષ્ટિવાળી, (સદા અન્યથી) અનિંદ્ય, સુંદર દંતાવલીવાળી, મનોહર આકૃતિવાળી પોતાની પત્નીના કામાન્વિત બની[૪] ત્રણ ગુણોના અધિપતિ અજન્મા (પરમાત્મા) નું ધ્યાન ધરી, મનથી[૫] ઉપભોગ કર્યો.

૫૨ થી ૫૩, ૫૪. તેણે (અનસૂયાએ) વાયુમાંથી ઉત્પન્ન રજથી ઉભરાતું, કામવિકારથી ઉત્પન્ન થયેલું, બ્રહ્માથી અધિષ્ઠિત તેજસ્વી તેજ (વીર્ય) ધારણ કર્યું, જેનાથી બ્રહ્માનો અંશ ચંદ્ર ઉત્પન્ન થયો. (પછી) તેણે ત્રણ ગુણોના અધિષ્ઠાતા ભગવાનથી અભિન્ન સત્ત્વગુણથી ઉભરાતું તેજ (ધારણ કર્યું), જેમાંથી બ્રહ્મને જાણનારાઓમાં (બ્રાહ્મણોમાં) શ્રેષ્ઠ સાક્ષાત્ ભગવાન શ્રીદત્ત (અવતીર્ણ) થયા. તે જ પ્રમાણે રુદ્ર (ભગવાનથી) અધિષ્ઠિત તમોગુણના અંશથી ઉભરાતું તેજ (દેવોના) વરદાનના પ્રભાવથી ધારણ કર્યું; (અને) આ રીતે તે સતી ખૂબ શોભવા લાગી.

૫૫. અત્રિ (ઋષિ) એ યથોચિત સમયે ક્રમ પ્રમાણે બધા સંસ્કાર કર્યા; પછી તેના ત્રણ ગર્ભરૂપે ત્રિગુણ નિયંતા ભગવાન અવતીર્ણ થયા.

૫૬. શુભ યોગમાં થયેલા શ્રીદત્ત (ભગવાન) ના અવતાર સમયે જગત આનંદ પામ્યું. પહેલાંની સ્મૃતિ માટે ત્ર્યધીશરૂપે દર્શન આપી (ઋષિદંપતીથી) સ્તુતિ કરાયેલા તે (ભગવાન) બાળક બની ગયા.

૫૭. હવે અત્રિએ વિધિપૂર્વક જાતકર્મ અને નામકર્મ સંસ્કાર કર્યાં; ચંદ્ર (બ્રહ્માના અંશ), દત્ત (સાક્ષાત્ ભગવાન્) અને દુર્વાસા (રુદ્રના અંશ) એ ખૂબ આનંદથી સતી (મા અનસૂયા) ના ધાવણનું પાન કર્યું :

૫૮. વનસ્પતિનો અધિપતિ ચંદ્ર (યથોચિત) સંસ્કાર પામી સ્વર્ગ (ચંદ્રમણ્ડલ) માં ગયો, (અને) ચંદ્રવંશની વૃદ્ધિ કરનારો બન્યો; (જ્યારે) ઉદ્ધત અને દુષ્ટોનું શાસન કરનારા રૌદ્ર (રુદ્રના અંશ) દુર્વાસા સ્વૈરપણે (પૃથ્વીપર) વિચરતા રહ્યા.

૫૯. પણ આપ્તકામ એવા શ્રીદત્ત (ભગવાન) અક્રિય હોવા છતાં પોતાની માયા વડે બાળકની (કાલી-કાલી) વાણીથી અને મોહ પમાડનારી ચેષ્ટાઓથી બાલભાવને અનુસર્યા.

૬૦. કોઈ વાર સુંદર અતકર્ય લીલાઓથી, કોઈવાર ધૃષ્ટ કર્મોથી તો કોઈવાર વારંવાર દોડાદોડ કરવાની (માનુષી) ક્રિયાથી ભક્તાધીનપણું બતાવતા (ભગવાન) માતાપિતાને સંતુષ્ટ કરવા લાગ્યા.

૬૧. આ (ભગવાન) સજ્જનોના પાલક, દુષ્ટોને હણનાર, (સંતોના) આદરણીય (અને) યોગમાર્ગના (પ્રથમ) પ્રવર્તક છે એવું સાંભળી મુનિઓનાં ટોળાં યોગના અભ્યાસ માટે (એમની પાસે) આવવા લાગ્યાં.

---

૧. પાંચ ક્લેશો છે : અવિદ્યા, અસ્મિતા, રાગ દ્વેષ, અભિનિવેશ

૨. અહીં પૂ.ટેંબે સ્વામીએ (લેખકશ્રી) પતિ માટે ભર્તા શબ્દ આ અર્થમાં વાપર્યો છે : આ લોક અને પરલોકના અર્થ (પ્રયોજન) ધારણ કરે (बिभर्ति) તે भर्ता.

૩. અત્રિ ઋષિ હતા. અહીં એમને ભગવાનનું સંબોધન ઐશ્વર્ય વીર્ય યશ, શ્રી જ્ઞાન અને વૈરાગ્ય એ છ ભગવાળા છે એ અર્થમાં કર્યું.

૪. કામાન્વિત ના બે અર્થ : (૧) કામવાસનાવાળા, (૨) ભગવાન મારા પુત્ર બને એ ઈચ્છાવાળા

૫. મનસા માં (૧) અંગ સંભોગ કર્યો નથી એ ભાવ છે (૨) મનથી એટલે સ્વચ્છ અંતઃકરણથી

૬૨ થી ૬૪  આ સર્વજ્ઞ યોગીઓમાં શ્રેષ્ઠ (રાજા જેવા) (દત્ત ભગવાન) તેમની પરીક્ષા કરવા સો વર્ષ સુધી ઊંડા પાણીમાં (પડી રહ્યા; (હવે) તેમાંના (મુનિઓમાંના) કેટલાક (ધીરજથી) ત્યાં રહ્યા (કેટલાક ચાલ્યા ગયા), છતાં તેમને મોહમાં (ભ્રમમાં) નાખવા, મદિરા અને માંસ (હાથમાં) ધારણ કરી (તે શ્રીદત્ત પોતાના આશ્રયે રહેલી, મધુર ગાન કરતી અને વાજિંત્રો વગાડતી, ભરાવદાર માંસલ સ્તનવાળી, નિષ્પાપ તન્વી (સોળ વર્ષની યુવતી સ્વરૂપે) પરા-શક્તિ (માયા) ને પોતાના ખોળામાં બેઠેલી ધારણ કરી, મૂર્ત સ્વરૂપે પાણીમાંથી બહાર આવ્યા. તેજસ્વી પુરુષો (તપઃ તેજથી યુક્ત) ને આ (આચરણ) નો દોષ ન લાગે, એમ કહી (માની) કેટલાક (મુનિઓ) ત્યાં રહ્યા (અર્થાત્ જતા ન રહ્યા).

૬૫. ત્યારબાદ (આ રીતે) બાકી રહેલા (મુનિઓ) ને નિર્મલ (રાગદ્વેષરહિત) અને સંત જાણી (ભગવાને) તેમના પર ઉત્તમ પ્રકારે અનુગ્રહ કર્યો; જેથી અર્જુન (સહસ્રાર્જુન) જેમાં અગ્રણી છે એવા (યોગી) ભક્તો બંને પ્રકારની (આ લોક અને પરલોકની) યોગસમૃદ્ધિ પામ્યા.

૬૬. ભલે પરમાત્માનું (આ) સ્વચ્છંદી અવિવેકભર્યું આચરણ (લાગતું) હોય, (એમાં) ધર્મનું ઉલ્લંઘન (ભાસતું) હોય પણ ચોતરફ (પ્રસરેલા જ્વાળારૂપી) હાથવાળા અગ્નિ જેવા તેજસ્વી એવા ભગવાનનો આ દોષ ન ગણાય.

૬૭ થી ૬૮. જેવી રીતે ઈશ્વર (શંકર) વિના ઝેર (પીનાર) નાશ પામે તેવી રીતે સામર્થ્ય વિનાનો મૂર્ખ (ભગવાન જેવું) આચરણ કરે તો એનું અધઃપતન થાય. (ભગવાન ની જેમ) આ (જ્ઞાની) ધર્મ- અધર્મથી અલિપ્ત, ત્રિગુણાતીત, વેદના મૂર્ધન્ય સ્થાને બિરાજ માન અને વાયુ જેવા હોય છે. આવા (જ્ઞાની) અને ઈશ્વરની સત્યવાણી[1] અને આચરણ હોય છે; આમાં (આપણા માટે) જે ધર્મથી અવિરુદ્ધ હોય, પ્રવૃત્તિ યોગ્ય હોય, ગ્રહણ કરવા યોગ્ય હોય તેનું જ બુદ્ધિશાળી એ આચરણ કરવું.

૧. બે રીતે અર્થ કરી શકાય : (અ) તાદૃશઃ (જ્ઞાની) ચ ઈશ : ચ । (બ) તાદૃગ્ જ્ઞાની એવ ઈશ્વરઃ (આવો જ્ઞાની ઈશ્વર જ ગણાય તેની વાણી બને આચરણ).

# ત્રીજા અષ્ટકનો ત્રીજો અધ્યાય
# કાર્તવીર્ય અર્જુનનું ચરિત્ર

૧. પ્રાચીન કાલમાં સત્યયુગમાં ચંદ્રવંશનો કૃતવીર્ય નામે ઈન્દ્ર જેવો સમ્રાટ રાજા થઈ ગયો; એને સો દીકરા હતા.

૨. દૈવયોગે ચ્યવન (ઋષિ) ના શાપથી એના પુત્રો બળી મર્યા; (તેથી) રાજા (કૃતવીર્ય) ગુરુ (બૃહસ્પતિ) ના શરણે ગયો. તેમણે પાપનાશક અને સુખ આપનારું (સંતાનવર્ધક) વ્રત (કરવા) કહ્યું,

૩ થી ૪. (ગુરુએ કહ્યું)," હે કૃતવીર્ય ! વંધ્યિાપણું, ગર્ભ સરી પડવો, મૂઢતા (આવવી), કસુવાવડ થવી, મરેલું (બાળક) જન્મવું, જન્મ થતાં જ (બાળકનો) નાશ થવો અથવા એનામાં (બાળકમાં) બાલપણમાં ભૂત (પ્રેતનો વળગાડ), ગ્રહોની પીડા કે રોગ વગેરેને લીધે વિહ્વળતા (જન્મવી) કે મોટી ઉંમરે (પણ) બાળકનું મૃત્યુ થવું - આ (બધી પીડા) માં આ (નીચે પ્રમાણે) રવિવાર યુક્ત સપ્તમી (રવિસપ્તમી) નું વ્રત શાંતિ આપનારું છે.

૫ થી ૭. શુભ મુહૂર્તમાં (બધા) ગ્રહો અનુકૂળ હોય ત્યારે વ્રતનો સંકલ્પ કરી (શ્રેષ્ઠ વિદ્વાન બ્રાહ્મણનું) આચાર્ય તરીકે વરણ કરી (એમના દ્વારા) સ્વસ્તિવાચન કરવું; (હવે વરણ કરાયેલા આચાર્યે ઈશાન ખૂણામાં પવિત્ર ભૂમિપર અગ્નિની સ્થાપના કરી, સૂર્ય, રુદ્ર અને સપ્ત માતૃકાઓની સુવર્ણની બનાવેલી પ્રતિમાઓ કલશ પર પધરાવી પૂર્વ (અને) પશ્ચિમ દિશા, ચાર ખૂણા અને મધ્યમાં (એક-એક મળી) સાત જલથી ભરેલા કુંભ સ્થાપવા.....

૮. (હવે) સીર, ઔષધિ અને ઋષિમંત્રોથી માટી રત્ન, ઔષધિ અને પલ્લવોની સ્તુતિ કરી (કલશમાં) નાંખી પાયસ તૈયાર કરી તેના વડે ક્રમપૂર્વક હોમ કરવો.....

૯. થી ૧૫. (આચાર્યે) ગુરુએ સૂર્ય અને રુદ્ર દરેકના એકસો આઠ - એક સો આઠ મંત્રોથી વિધિપૂર્વક પાયસ સમિધા, જવ અને કાળા તલની દરેકની ૧૦૮ આહુતિ આપી સ્વિષ્ટકૃત આદિ અંગથી બલિદાન આપી પૂર્ણાહુતિ કરવી. (પછી) વ્રતી (બનેલા યજમાન) એ જેમના પતિ અને સંતાન જીવિત હોય એવી (સૌભાગ્યવતી) વૃદ્ધ/બ્રાહ્મણ સ્ત્રીઓની સારી રીતે પૂજા કરવી; એ સ્ત્રીઓએ ઉત્તર મુખ રાખી ઘડાના પાણીથી તથા એમાં રહેલાં પાંદડાંથી 'દીર્ઘાયુ', વગેરે ત્રણ મંત્રોથી (યજમાન પત્ની પર) અભિષેક કરવો, (અને એવી ભાવના કરવી કે) આ (જન્મશે તે) બાળક દીર્ઘ આયુષ્યવાળો થાય, આ સ્ત્રી (યજમાનપત્ની) નાં બાળકો જીવતાં રહે સૂર્ય-ચંદ્રથી યુક્ત (બધા) ગ્રહો અને નક્ષત્રમંડળ, ઈન્દ્ર, લોકપાલો, બ્રહ્મા વિષ્ણુ, મહેશ તથા અન્ય દેવો આ બાળકનું સદા રક્ષણ કરો. શાંતિ , અગ્નિ, (બાળકને પીડનાર) ગ્રહો બાળકને, એની માતાને કે પિતાને કદાપિ પીડા કરો નહીં. આ રીતે (યજમાનપત્ની પર) અભિષેક સંપન્ન થયા બાદ તેણે એક સફેદ વસ્ત્ર પહેરી અભિષેકનું આર્દ્ર વસ્ત્ર આચાર્યને આપવું, (બધા) દેવોની પૂજા કરવી આચાર્ય તથા અન્ય ઋત્વિજ બ્રાહ્મણોનો સુવર્ણ, ગાય તથા વસ્ત્રોથી સત્કાર કરવો.....

૧૬ થી ૨૦. તલથી ભરેલા પાત્રમાં સુવર્ણની કાલપ્રતિમા મૂકી તે (પ્રતિમા) દક્ષિણા સાથે ગુરુને આપી, બ્રાહ્મણોને એમની પત્નીઓ સાથે (દક્ષિણા આપી) દૂધપાકનું ભોજન કરાવવું, (જ્યારે) તેમણે (વિપ્રોએ) દક્ષિણા વગેરેથી સંતોષ પામી આશીર્વાદ આપવા કે આ બાળક સો વર્ષનું દીર્ઘ આયુષ્ય સુખચેનથી ભોગવે, (અને) એનું જે કંઈ અનિષ્ટ કરનારું (તત્ત્વ) હોય તે આ અગ્નિમાં નાખીએ છીએ. એમનું (આ ત્રણે-માતા, પિતા અને બાળકનું) બ્રહ્મા, વિષ્ણુ, શંકર, કાર્તિકેય, વાયુદેવ, ઈન્દ્ર, અગ્નિ - બધાં દુષ્ટ (તત્ત્વો) થી રક્ષણ કરો અને એ (દેવો) હંમેશાં (એમને) વરદાન આપનારા બની રહો ! આ રીતે આશીર્વચન મેળવી તેમને (વિપ્રોને) પગે લાગી, યજમાને, કુટુંબનાં બધાં સાથે, 'કર્મ' ઈશ્વરાર્પણ કરી જમ્યા પછી અવશિષ્ટ રહેલું (ભોજન) ખાવું. આ રીતે રવિસપ્તમી નું વ્રત કરવાથી બધું અનિષ્ટ સંપૂર્ણ નાશ પામે છે.

૨૧. 'હે રાજન્ ! તું વિધિપૂર્વક આ (વ્રત) કર; એથી સમ્રાટ પુત્ર જન્મશે" એમ કહી ગુરુ (બૃહસ્પતિ) ગયા અને રાજાએ વિધિપૂર્વક વ્રત કર્યું.

૨૨. હવે એક વેળા શીલધરા નામની એની રાણીએ વિનયથી મૈત્રેયીને ગુણવાન પુત્રની પ્રાપ્તિ માટે (શું કરવું તે) પૂછ્યું.

૨૩. મૈત્રેયીએ કહ્યું, "તું શ્રીદત્તનું (શ્રીદત્તે કહેલું) વ્રત કર. એ (વ્રત) ઈષ્ટ (મનપસંદ) વસ્તુ આપનારું છે. અનન્ત નામનું આ (વ્રત) માગસર પૂર્ણિમાથી (આરંભી) એક વર્ષ પર્યંત દર માસની (પૂર્ણિમાએ) કરવાનું છે.

૨૪. (માર્ગશીર્ષ) પૂર્ણિમાએ (આ વ્રતનો) સંકલ્પ કરી તેનું (બ્રાહ્મણ દ્વારા) ઉચ્ચારણ કરાવી સૌ પ્રથમ પિતૃઓની પૂજા કરી (પછી) નાંદી શ્રાદ્ધ કરી પંચગવ્યોનુ[1] પ્રાશન કરી અવિનાશી (અનંત) ભગવાનનું અર્ચન કરવું.

૨૫ થી ૨૬. अनन्त : "ભગવાન્ અનંત બધી કામનાઓનું અનંત ફલ આપો; (આ) જન્મમાં અનન્ત (ભગવાન) પુત્ર આપો અને અન્ય (સર્વ પ્રકારનું) કલ્યાણ કરો. મહાન વ્રતના પ્રભાવથી સંતુષ્ટ થયેલા સકલ (બ્રહ્માંડના) ઈશ્વર અનંતનું હું પૂજન કરું છું, જે અનંત પુણ્યરાશિ ઊભી કરો."

૨૭. આ રીતે (ઉપર્યુક્ત બે મંત્રો) [2]બોલી (દરેક માસની પૂર્ણિમાના દિવસે તે દિવસના) નામથી[3] (તે માસમાં ભગવાન અનંતના નક્કી કરેલા અંગનું) પૂજન કરવું અને રાત્રે (પૂર્ણિમાની રાત્રે) હવિષ્યાન્ન ખાવું (બીજુ કશું જમવું નહીં).

૨૮ થી ૩૦. હવે માર્ગશીર્ષ માસથી આરંભી (માગસરમાં) ડાબો પગ (પોષમાં) ડાબી કેડ, (માઘમા) વસ્ત્ર, (ફાગણમાં) બે ખભા, (ચૈત્રમાં) જમણી કેડ, (વૈશાખમાં) જમણો પગ, (જેઠમાં) કણ્ઠ, (અષાઢમાં) બે ઘૂંટણ, (શ્રાવણમાં) બે જાંઘ, (ભાદરવામાં) ગુહ્યભાગ, (આસોમાં) હૃદય, (કાર્તિકમાં) મસ્તક (એ રીતે ભગવાનનાં અંગોની પૂજા કરવી); (તેમાં) **અનંત** (નામથી) મસ્તક, **સર્વાત્મા** (નામથી) બે પગ, **સંકર્ષણ** (નામથી) બે જાંઘ, **દિવ્યાસ્ત્રધારી** (નામથી) બે બાહુ, **શ્રીકણ્ઠ** (નામથી) કણ્ઠ, **કામ** (નામથી) કેડ, **શેષ** (નામથી) બે ઘૂંટણ, **વિશ્વમુખ** (નામથી) મુખ - આ પ્રમાણે (દર મહિનાની પૂર્ણિમાએ આ નામોથી અંગોની) પૂજા કરવી. વળી બધા મહિનાઓમાં **સંકર્ષણ** નામથી ભગવાનના ચાંદીના મુસળ અને **વાસુદેવ** નામથી સોનાના હળનું હંમેશા પૂજન કરવું.

૩૧ થી ૩૨. આ રીતે (તું) એક વર્ષ પર્યંત વ્રત કર. (પૂર્ણિમાએ) હવિષ્યાન્ન જમજે. પ્રથમ ચાર માસ સુધી (વ્રતદિને આંતરિક શુદ્ધિ માટે ગોમૂત્ર પીવું પછી જવ આપવા, અને પૂજનાન્તે વ્રતની સંપૂર્તિ મા ઘી પીવું, ગવ્ય પ્રાશન કરવું, ઘી (દ્વિજને માટે) આપવું. (વર્ષાન્તે કાર્તિક પૂર્ણિમાએ) વ્રતપૂર્ણાહૂતિમાં બ્રાહ્મણોને ગાય, પાણી ભરેલા બાર ઘડા આપી ભોજન જમાડવું.

૩૩. થી ૩૪. આ પ્રમાણે વ્રત કરવાથી બધી ઈચ્છાઓ પૂર્ણ કરનાર (ભગવાન્) અનન્ત પ્રસન્ન થશે. હે શીલધરા ! પાપનો નાશ કરનારું આ વ્રત તું કર; (તેથી) અસામાન્ય સદ્ગુણોવાળો ચક્રવર્તી બનનારો, દીર્ઘ આયુષ્યવાળો પુત્ર થશે." આમ કહીને (રાણીથી) સત્કાર પામેલી બ્રહ્મવાદિની યાજ્ઞવલ્કયની પત્ની મૈત્રેયી (ઘેર) ગઈ.

૩૫. થી ૩૯ (૧.૨) (જ્યારે) રાણીએ જે પ્રમાણે કહેવામાં આવ્યું હતું તે પ્રમાણે વ્રત કરવા માંડ્યું. આથી દિશારૂપી વસ્ત્રવાળા પોતાના અવધૂત સ્વરૂપમાં હજારો સૂર્યની કાંતિ ધરાવતા (ભગવાન) દત્તાત્રેય પ્રસન્ન થયા અને (સ્વપ્નમાં દર્શન આપી) મન્દ હાસ્ય કરતા કહેવા લાગ્યા, "હે રાણી ! તે ઘણું સરસ વ્રત કર્યું છે. આ ઉત્કટ (વ્રતરૂપી) ધર્મ (પાલન) થી (તેનું) ફળ આ જ જન્મમાં મળે છે. તને સાત દ્વીપનો અધિપતિ, તેજસ્વી અને યોગી પુત્ર થશે. એની આજ્ઞા કોઈ ઉથાપશે નહીં; મારાથી સહેજ ન્યૂનતાવાળો અને સ્મર્તૃગામી બનશે, એમાં કોઈ શંકા નથી." આવું (શુભ) સ્વપ્ન દેખીને, અતિશય હર્ષ પામેલી (રાણી) જાગીને (પતિ) કૃતવીર્યને તે કહેવા લાગી અને આ સાંભળી તે પણ હર્ષ પામ્યો.

૩૯ (૩.૪) થી ૪૦ (૧.૨). હવે યથોચિત સમયે (તે રાજા) ધીરજથી અને (મને પુત્ર થશે એનાથી) ઉન્નત બનેલા હૃદયથી ક્રમ પ્રમાણે પુંસવન વગેરે (સંસ્કાર) ક્રિયાઓ કરવા લાગ્યો.

---

૧. ગાયનું દૂધ, દહીં, ઘી, મૂત્ર અને છાણ - એ પાંચ.

૨. શ્લોક ૨૫ અને ૨૬માં (અનુક્રમે) બે મંત્રો આપેલા છે, તેનો પૂજનમાં ઉપયોગ કરવાનો છે. (ઉપર તો તેનો અનુવાદ આપ્યો છે.)

૩. થી ૪. જેમ કે अद्य मार्गशीर्ष पूर्णिमायां ......वामं पादं पूजयामि ।

૪૦ (૩.૪) થી ૪૪. પછી પાંચ ગ્રહો સ્વગૃહી હતા એવા શુભ સમયે જેનું સંપૂર્ણ (ઉજ્જ્વલ) ભાગ્ય અને ઉભય લોક (ઐહિક અને આમુષ્મિક) ની સંપત્તિ જાણી શકાય છે એવા શોભનીય પુત્રને (રાણીએ) જન્મ આપ્યો. આ બાળક જન્મતાં જ બધી દિશાઓ પ્રસન્ન થઈ ઊઠી; સુખકર પવન વાયો; જેની જ્વાળાઓ દક્ષિણ દિશાગામી છે એવા યજ્ઞના અગ્નિ શાંત થયા; આકાશ ધૂળ વિનાનું બન્યું અને આખું જગત હર્ષ પામી ઊઠ્યું. દેવોએ દુંદુભિનો નાદ કર્યો, આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ. ગન્ધર્વોના અગ્રણીઓ ગાન કરવા લાગ્યા અને અપ્સરાઓનો સમૂહ નૃત્ય કરવા લાગ્યો. મનુષ્યોના મન ધર્મ તરફ વળ્યાં, સંતોનાં (મન) પ્રસન્ન થયાં. તે વખતે[1] સિદ્ધો વગેરે બોલી ઊઠ્યાઃ "(હે બાલક) તું સૌમ્ય અને દીર્ઘાયુષી બનજે."

૪૫. તે વેળા રાજાએ પણ જોશીઓને બોલાવી 'જાતકર્મ' સંસ્કાર કર્યો અને બ્રાહ્મણોને ગાય, ભૂમિ, સુવર્ણ અને વસ્ત્રોનું દાન આપ્યું.

૪૬ થી ૪૯. જ્યોતિષીઓએ કહ્યું, "હે રાજા ! આ કુમાર ભાગ્યશાળી છે, (પોતાના) તપના પ્રભાવથી શ્રી દત્તાત્રેયનો કૃપાપાત્ર બનશે; એના નામનું સ્મરણ કરવાથી ખોવાયેલી વસ્તુ (દ્રવ્ય) મળી આવશે. એ સાત દ્વીપનો રાજા બની શ્રીદત્તના જેવો જ સ્મર્તૃગામી બનશે. ભગવાન અનંતના (કરેલા) વ્રતના પ્રભાવથી સમ્રાટ, (સર્વત્ર) વિજયી અને (સર્વને) વશ કરનારો આ પંચાશી હજાર વર્ષ પર્યંત ચક્રવર્તી રાજા બનશે. (એ જ પ્રમાણે) સૂર્યના (રવિસપ્તમી) વ્રતના પ્રભાવથી એક લાખ વર્ષના આયુષ્યવાળો બની સદા નીરોગી રહેશે." આ રીતે કહીને સત્કાર પામેલા તે જ્યોતિષીઓ પોતાને ઘેર ગયા.

૫૦. હવે પિતાએ સોળમાં દિવસે એનું 'અર્જુન' એવું નામાભિધાન કર્યું. પછી થોડો સમય વીત્યા બાદ એના પિતા મૃત્યુ પામ્યા.

૫૧. નગરજનોએ (એને) કહ્યું, " હે અર્જુન ! (હવે) તું રાજ્ય કર" એણે જવાબ આપ્યો, "મને સંસ્કાર[2] મળ્યા છે, અને શાસન મારું (ક્ષત્રિય તરીકેનું) કર્મ છે, છતાં (એ) નરક આપનારું હોવાથી હું રાજ્ય નહીં કરું.

૫૨ થી ૫૫. (૧.૨) રાજાએ જમીનનો છઠ્ઠો ભાગ તેમજ વિક્રયનો બારમો ભાગ[3] (કર રૂપે) લેવો, એમ જે કહ્યું છે, તે તેના રક્ષણ માટે જ છે. ચોર વગેરેના ત્રાસથી જે રક્ષણ કરતો નથી અને ભોગ જ ભોગવ્યા કરે છે તે (રાજા) નરકમાં જાય છે. (રાજા) પોતે સમર્થ હોવા છતાં ધર્મહાનિને નિવારે નહીં અને એને જતો કરી (અધર્મને નભાવી) લોભ કે ક્રોધથી ગુરુના ઉપદેશને ફગાવી દે, (જેમકે) શિક્ષાપાત્ર ન હોય તેને શિક્ષા કરે અથવા શિક્ષાપાત્રને શિક્ષા ન કરે - તો તેનો અધઃપાત થાય છે. (હવે) હું એકલો છું તેથી બીજાના વિશ્વાસે રહી (શાસન કરતાં) ધર્મફળ ક્યાંથી મેળવી શકું ?"

૫૫ (૩.૪) થી ૫૯. તેની આવી અર્થસભર (પ્રૌઢ) વાણી સાંભળી બુદ્ધિશાળી શ્રીગર્ગ બોલ્યા, " હે રાજન્ ! જો એમ જ હોય તો યોગીઓમાં શ્રેષ્ઠ એવા શ્રીદત્ત (ભગવાન) ને શરણે જા. તેઓ હંમેશાં ભક્તોના રક્ષણ માટે ત્રણે ગુણથી વર્જ્ય એવા (ધર્મ, માર્ગને જ અનુસરે છે. તેની કૃપાથી તું સારી રીતે રાજ્યશાસન માટેની ધૈર્ય, શક્તિ, મતિ અને બીજું જે કંઈ પ્રિય હોય તે (બધુ) યોગના પ્રભાવથી પ્રાપ્ત કરીશ. જે (દત્ત ભગવાન્) આ ભૂતલ પર અવતરી સહ્યાદ્રિના શિખર પર આશ્રમમાં રહે છે, એ પરમ-આત્મા (પરમાત્મા) યોગથી વિભૂષિત છે; એમની બધે એકસરખી દૃષ્ટિ છે. એ સાક્ષાત્ વિષ્ણુ છે, જગતને ધારણ કરનારા, તપથી દેદીપ્યમાન અત્રિ (પિતા) ને આનંદ આપનારા, મા અનસૂયાના ગર્ભનું રત્ન છે (જે) ભક્તોને ઈચ્છિત વસ્તુ પ્રદાન કરના છે....

૬૧ થી ૬૨. જે (દત્ત) ની આરાધના કરવાથી તે દેવોના રાજા (ઈન્દ્રદેવ) પણ તેની કૃપા પામી જંભ રાક્ષસને હણી, તેણે (જંભે) છીનવી લીધેલું (પોતાનું) પદ પાછું મેળવ્યું, અને દેવો અને દેવર્ષિઓથી જેની સેવા થાય છે તે ધાર્મિક મનવાળો (ઈન્દ્ર) આજે પણ તે દિવ્ય અને શત્રુ વિનાનું રાજ્ય ધર્મશાસનથી ભોગવે છે.

૬૩. હે રાજન્ ! દુષ્ટ બુદ્ધિવાળાઓ માટે આ સ્વયંભૂ ભગવાનની આરાધના કરવી ખૂબ અઘરી છે; જ્યારે સારી બુદ્ધિવાળાઓ માટે ઘણી સહેલાઈથી થઈ શકે તેવી છે.

---

૧. સિદ્ધ, ગન્ધર્વ, યક્ષ અને કિન્નર - ચાર અર્ધદેવ જાતિ છે.

૨. દ્વિજત્વ, રાજ્યશાસનનું અધ્યયન વગેરે

૩. તે સમયે આવક વેરો (IncomeTax) ૬%, અને વેચાણ વેરો (Sales Tax) ૧૨% હતો.

૬૪ થી ૬૫. જે (દત્ત ભગવાન) ગંગાજલમાં સ્નાન કરે છે, કોલ્હાપુરમાં ભિક્ષા કરે છે, સહ્યાદ્રિ (પર્વત) પર નિવાસ કરે છે, અને સ્મરણ કરનાર પાસે એક ક્ષણમાં પહોંચી જાય છે ; વિષયોમાં જેમનું મન પરોવાયેલું રહે છે તેમને માટે જે ઘણા દૂર છે, જ્યારે સદ્બુદ્ધિવાળા માટે (ઘણા) નજીક છે, એમનું (દત્તનું) ચિંતન કરવાથી શું સિદ્ધ થતું નથી ?

૬૬. જેનાથી આ વિશ્વનું સર્જન થાય છે, વળી જેનાથી આ (વિશ્વ) ધારણ કરાય છે તે જ આ (વિશ્વ) ના સંહારક પણ છે, તું તેના શરણે જા."

૬૭. આ સાંભળી અર્જુને કહ્યું, "આવા પ્રભાવવાળા આ દેવ (શ્રીદત્ત) છે, તો દેવેન્દ્રે એમનું કેવી રીતે અર્ચન કર્યું તે શ્રદ્ધાવાળા એવા મને તમે કહો.....

૬૮. હે મુનિશ્રેષ્ઠ ! હું પણ તેમને (શ્રીદત્તને) જ આરાધું". આ રીતે અર્જુનથી જેને પૂછવામાં આવ્યું, તે ગર્ગમુનિ ભગવાનનું સ્મરણ કરી કહેવા લાગ્યા.

# ત્રીજા અષ્ટકનો ચોથો અધ્યાય

## દેવોના વિજયની કથા

૧. (ગર્ગે કહ્યું) : આ પરમાત્માએ એને નમન કરનારાનું રક્ષણ કરવાનું સુભગ વ્રત લીધેલું છે; તેની લીલા સાંભળ - જેનાથી રાજાઓમાં ઈન્દ્રે મનવાંછિત વસ્તુનો ઉપભોગ કર્યો.

૨. પ્રાચીન કાલમાં તે દૈત્યોના રાજા જંભ રાક્ષસે, અને દેવોની સાથે તે દેવોના રાજા ઈન્દ્રે, ઘણા દિવ્ય વર્ષ સુધી સ્વર્ગ (પ્રાપ્તિ માટે) યુદ્ધ કર્યું.

૩. રાક્ષસોએ દેવોનો પરાજય કર્યો, (તેથી) દુઃખી થયેલા તે બૃહસ્પતિ પાસે જઈ કહેવા લાગ્યા, "તમે અમારો પરાજય જોયો; તો હવે અમારે શું કરવું ?"

૪. તેઓને (દેવોને) આશ્વાસન આપી બૃહસ્પતિએ કહ્યું, "હે દેવો ! તપશ્ચર્યા રૂપી ધનવાળા શ્રીદત્તાત્રેયને શરણે જાવ; વરદાન આપવાવાળા એ તમારું કાર્ય સંપન્ન કરી આપશે."

૫. થી ૬. આવું જેને કહેવાયું તે ઈન્દ્ર દેવો સાથે શ્રી દત્તના પવિત્ર આશ્રમે આવ્યો; ત્યાં સુંદર દંતાવલિવાળી, તન્વી (સોળવર્ષની યુવતી) અને પાન (મદિરાપાન) ના વ્યસનવાળી નવયૌવનાને પોતાના ખોળામાં બેસાડી તર્કથી પર દેદીપ્યમાન, મહાન આત્મા (મન) વાળા, (સ્વયં) દિગમ્બર, નિષ્પાપ એવા તે દત્તને જોયા.

૭. આવા (આ સ્થિતિમાં) તેમને જોવા છતાં બધા દેવોએ હંમેશાં તેમની સેવા કરી. તેઓ (દેવો) પ્રણામ કરવાની સ્થિતિમાં રહીને તે (શ્રીદત્ત) ઊભા રહે તો ઊભા રહીને, ચાલવા માંડે તો તેમની પાછળ જવા લાગ્યા. (છાયાની માફક સેવા કરવા લાગ્યા).

૮. આ રીતે ભક્તિભાવપૂર્વક ઘણા સમય સુધી તેઓ (દેવો) એ તેમની આદરભાવથી સેવા કરી. હવે એક દિવસ ભગવાને કહ્યું, "હે દેવો! મારી સેવા દ્વારા તમે શું ઈચ્છો છો ?"

૯ થી ૧૧. તે ઈશને પ્રણામ કરી દેવો બોલ્યા, "હે સમર્થ પરમાત્મા ! આ ત્રણે લોકવાળું સમગ્ર જગત્ યજ્ઞભાગ સાથે, દાનવોએ લૂંટી લીધું છે, અમારા અધિકારો ઝૂંટવી લીધા છે, અને અમે ભૂમિ પર મૃત્યુલોકના માનવીઓ જેવી સ્થિતિમાં છીએ; (માટે) હે ભગવન્ ! અમારું રક્ષણ કરવા, (અને) તેમનો (દાનવોનો) વધ કરવા કોઈ ઉપાય શોધી કાઢો. તારા ભક્તો એવા અમારા-દેવો-માટે તારા ચરણકમલ સિવાય બીજી કોઈ ગતિ નથી; હે વિશ્વ વ્યાપક (ભગવન્) ! શરણે આવેલા અમારું રક્ષણ કરો."

૧૨ થી ૧૩. તે શ્રીમાન્[૧] મંદહાસ્ય કરી દેવોને કહેવા લાગ્યા, "હું ઉચ્છિષ્ટ પદાર્થોથી દુષિત બનેલો છું[૨], મદિરા (પાન) ના વ્યસનવાળો છું.[૩] (મારી જાત પર) કાબુ વિનાનો છું.[૪] (તેથી) મારાથી તમારું શું (ભલું) થશે ? (તમે જાણો છો કે) પરસ્ત્રી સાથે રતિક્રીડા કેવળ દુઃખ માટે જ છે, અને વળી તેનાથી અધઃપતન જ થાય. (હવે) દૈવયોગે આનાથી (સ્ત્રીથી) તો હું ઉચ્છિષ્ટ બનેલો છું, તો મારાથી શું થઈ શકે ?"

૧૪ થી ૧૫ દેવો બોલ્યા, " હે ભગવન્ ! તું નિષ્પાપ છે; આ તારી વિદ્યા પણ નિષ્પાપ જ્ઞાનદીપ છે, જેની કૃપાથી સદ્ગતિ થાય છે. હે વિશ્વવ્યાપી (પરમાત્મા) ! જેવી રીતે સૂર્યનું તેજ બ્રાહ્મણ કે ચણ્ડાલના સ્પર્શવાળું બને તેથી (અનુક્રમે) પુણ્ય કે પાપ મેળવતું નથી, તેવી રીતે આ તારી પ્રકૃતિ છે.

૧૬. શ્રીદત્તે પ્રત્યુત્તર આપ્યો, "જો આ રીતે તમને માન્ય છે તો દૈત્યોને યુદ્ધ માટે આવાહન કરી અહીં લઈ આવો; એમાં વિલંબ કરો નહીં."

---

૧. 'શ્રીમાન્' નો લક્ષ્મીપતિ અર્થ લેવાથી શ્રીદત્ત વિષ્ણુ જ છે એવું વ્યંજિત કર્યું છે.

૨. બીજો (ભગવાન પક્ષે) અર્થ : ઉચ્છિષ્ટ = માયિકપદાર્થો=ભૂત ભૌતિક પદાર્થોથી અસંગ હોવા છતાં તે તે પદાર્થોની ઉપાધિવાળો છું.

૩. મોહ-પ્રમાદમાં આસક્તિ વિનાનો (ભગવાન્ પક્ષે).

૪. ભગવાન્ પક્ષે - બધાનો નિયન્તા.

૧૭. ત્યારબાદ હર્ષ પામેલા (તે) દેવો દૈત્યો સામે ગયા અને તે મહાબળવાન દૈત્યો પણ મદથી વિહ્વળ બની વિભિન્ન પ્રકારના અસ્ત્રો[1] ના સમૂહ છોડી (દેવો સાથે) યુદ્ધ કરવા લાગ્યા.

૧૮. અસુરોથી પીડા પામેલા તે દેવો પલાયન[2] થવા માંડ્યા અને એમની પાછળ પડેલા દૈત્યો શ્રીદત્તના આશ્રમે આવી પહોંચ્યા.

૧૯ થી ૨૧ કાળનો કોળિયો બનવા, ભયથી વિહ્વળ બનેલા શ્રીદત્તની પીઠ પાછળ (વળગીને) બેઠેલાં, દૈત્યોથી હણાતા, (શ્રીદત્તનું) શરણ માગતા દેવોની (પાછળ પડેલા) તે દૈત્યોએ દેવોને જોયા (સાથે સાથે) દિગમ્બર મસ્ત આત્માવાળા દત્તાત્રેયને અને તેમના ડાબા પડખે બેઠેલી, પ્રમદાઓમાં ઉત્તમ, સુંદર અંગોવાળી, તન્વી, કમળની પાંખડી જેવાં પહોળાં નયનોવાળી, સુંદર દંતાવલી અને સ્તનવાળી (અને તેથી શોભતી), સ્ત્રીના બધા ગુણોથી સંપન્ન તે યુવતીને જોઈને તેઓ (દૈત્યો) કામવાસનાથી બેહોશ બન્યા.

૨૨. તેના સૌન્દર્યથી મોહ પામેલા દૈત્યોએ તેને (મેળવવાની) ઈચ્છાથી દેવોને છોડી દઈને તે સુંદર સ્ત્રીનું અપહરણ કરવા વિચાર્યું.

૨૩ થી ૨૫. "આ સ્ત્રીનો લાભ થાય તો આપણું કામ સફળ થઈ ગયું" - એમ બોલી તે રાક્ષસોએ તે સ્ત્રીને બળજબરીથી પાલખીમાં નાખી (તે પાલખી) માથા પર ઊંચકી લીધી (અને) તેમાં અનુરાગ (જન્મ્યો છે) એવા, કામથી પીડાતા તેઓ (દૈત્યો) પોતાના સ્થાન તરફ જવા લાગ્યા. (હવે) યોગીઓમાં શ્રેષ્ઠ (શ્રીદત્ત) મંદહાસ્ય કરી કહેવા લાગ્યા,"હે દેવો ! (આ) દૈત્યોને જુઓ. પરસ્ત્રીને સ્પર્શ કરવાથી ઉત્પન્ન થયેલા અતિભારે પાપથી તેઓ તેજસંપત્તિ રહિત અને બળહીન થઈ ગયા છે, એમાં શંકા નથી.

૨૬ થી ૨૭. જો લક્ષ્મી પગ પર રહે તો ઘર આપે, જાંઘ પર રહે તો વસ્ત્ર આપે, ગુહ્યભાગ પર રહે તો પ્રમદા સ્ત્રી મેળવી આપે (અને) જો બે હાથની વચમાં રહે તો બાળક આપે, છાતી પર રહે તો ઈષ્ટ ફળ આપનારી બને, ગળામાં રહે તો ધન આપે, મુખમાં રહે તો ભોજન આપે, (તથા) વાણી આપે, પરંતુ જો મસ્તક પર રહે તો મસ્તક હણનારી બને.

૨૮. થી ૨૯. હમણાં તેઓના (દૈત્યોના) મસ્તક પર બેઠેલી તે શ્રી (તેમના) મસ્તક છેદીને જલદી આવી પહોંચશે, એમાં હવે કોઈ શંકા નથી. ખરેખર તેઓ મરેલા જેવા જ છે, માટે તેમને હણી નાંખો; એમાં ડર રાખો નહીં, આજે (તમારો) વિજયનો પ્રસંગ આવી મળ્યો છે; તમે તો એમાં નિમિત્ત માત્ર છો. લક્ષ્મીથી કચડાયેલા તેઓ લગભગ હણાયા જેવા જ છે.

૩૦. આ સાંભળતાં જ તે દેવોએ (હાથમાં) હથિયારો ધારણ કરી (ત્યાં) જઈ શસ્ત્રો વડે, જેમ વૃક્ષો પરથી ફળ પાડવામાં આવે તેમ મસ્તક (ધડ પરથી) નીચે પાડ્યાં.

૩૧. તેઓ હણાયા (કે તરત જ) એટલે ઉત્પત્તિથી જ જુદી નહીં એવી[3] લક્ષ્મી અજન્મા (શ્રીદત્ત)ની પાસે આવી. દેવો પણ લક્ષ્મીજીને ધારણ કરનાર (ભગવાન દત્તાત્રેય) ની આજ્ઞાથી પહેલાંની જેમ સ્વર્ગમાં ગયા.

૩૨. ભગવાન શ્રીદત્ત આવા પ્રભાવવાળા છે; તું તેમને શરણે જા. આવું કહેવાયેલો તે અર્જુન શ્રીદત્તના આશ્રમે આવ્યો.

૩૩. ગર્ગના વચનો સાંભળીને ભક્તિભાવથી (શ્રીદત્તને જોવાની) ઉત્કંઠાવાળી બુદ્ધિવાળો તે સહ્યાદ્રિ પર પહોંચીને યોગીઓમાં શ્રેષ્ઠ (શ્રીદત્ત) ને જોઈને (ખૂબ) હર્ષ પામ્યો.

---

૧. હાથમાંથી છોડીને ઘા કરાય તે અસ્ત્ર; હાથમાં પકડી રાખી કરાય તે શસ્ત્ર, જેમ કે બાણ અસ્ત્ર છે, તલવાર શસ્ત્ર છે; (આજનાં) બંદૂક શસ્ત્ર છે, બોમ્બ કે મિસાઈલ અસ્ત્ર છે.

૨. નાસી જવાનો ઢોંગ.

૩. શક્તિ (ભગવાનની માયા - પ્રકૃતિ - અવિદ્યા) વિષ્ણુ પક્ષે લક્ષ્મી) અને શક્તિમત્ (ભગવાન) નું અભિન્નત્વ (અદ્વૈતવાદમાં અદ્વિતીયત્વ).

૩૪ થી ૩૬ 'આનો (દત્તનો) હું દાસ બનું'[1], એવો નિશ્ચય કરી નિરંતર એનું સ્મરણ કરી પરમ આનંદ પામતો એ (અર્જુન) (શ્રીદત્તથી) અટકાવાતો અપમાનિત કરાતો હોવા છતાં (શ્રીદત્તના) ચરણો અને અંગોને મર્દન કરતો, મદિરા વગેરે આણી આપી તેમજ ફૂલમાલા, ચંદન વગેરે સુગંધી પદાર્થો તથા ફળ વગેરે આણી આપી, ઊંઘ, આળસ બધું છોડી દઈને, સદા તેનામાં મન પરોવી ને ઈશારા માત્રથી (શું જોઈએ છે તે) જાણી લઈ (આજ્ઞા આપે તે પહેલાં આણી આપી), (એ શ્રીદત્તનું) ઉચ્છિષ્ટ (જમી) ઉપાસના કરી સેવા કરવા લાગ્યો.

૩૭ થી ૩૮. તેના (ભક્તિ) ભાવની પરીક્ષા કરવા ભગવાને પણ દૃષ્ટિમાત્રથી તેના બે હાથ છૂટા પાડી નાખ્યા, અને પછી મંદહાસ્ય કરી તેને કહેવા લાગ્યા, "અરે ! તું અહીંથી જલદી ચાલ્યો જા, તારા બે હાથ તો સરી પડ્યા છે; હવે તું વિલંબ કરીશ તો મૃત્યુ પામીશ (કારણ કે) અપવિત્રની સોબત સારી નથી; .....

૩૯. મેં બધા (લૌકિક તેમજ વૈદિક) ધર્મોનો ત્યાગ કર્યો છે, ભક્ષ્ય કે અભક્ષ્યથી હું પર છું. નગ્ન રહી જાણે ગાંડો હોઉં તેમ વર્તું છું અને આ નગ્ન સુંદર સ્ત્રીને ખોળામાં બેસાડી છે.[2]

૪૦. હે રાજન ! હું આવો ખરાબ છું; મારી સોબતના દોષને લીધે (મારા) પાપથી જન્મેલા અગ્નિએ તારા બે સુંદર હાથ બાળી નાખ્યા.

૪૧ થી ૪૩. આ સાંભળીને અચંબો પામેલા રાજાએ ગર્ગ (મુનિ) નાં વચનો યાદ કર્યાં અને કહ્યું, " હે ભગવન્ ! મને સામાન્ય માણસ જેવાં વાક્યો બોલી મોહમાં (ભ્રમમાં) કેમ નાખો છો ? હે સ્વયંપ્રકાશ ! સર્વાત્મા ! તું તારી પોતાની માયાને સાથે રાખી રહ્યો છું, (તેથી) તું નિષ્પાપ છે એટલું જ નહીં, આ દેવી (માયા) પણ નિર્દોષ છે. જેઓ તમારા બેનું અભેદ (અદ્વૈત) સ્વરૂપ જાણવા સમર્થ નથી તેઓ વિધિનિષેધવાળા શાસ્ત્રોથી બંધાયેલા (અજ્ઞાની જીવો) છે, બીજા નહીં."

૪૪ થી ૪૬. આ રીતે નિષ્કપટ ભાવથી (અર્જુન વડે) કહેવાતાં તે પ્રસન્ન ચિત્તવાળા ભગવાને તેને જવાબ આપ્યો, "હે મહાબલી કાર્તવીર્ય ! તેં બધું વશ કરી લીધું છે. તેં મારું ગુહ્યતત્ત્વ જાણ્યું છે, માટે હું તારા પર પ્રસન્ન થયો છું, તું વરદાન માગ; હું તને દુર્લભ અલૌકિક વરદાનો આપીશ. મારા તત્ત્વને જાણનારા જે પવિત્ર ચિત્તથી મારું અર્ચન કરે છે, તેમને એમના અભીષ્ટ પદાર્થો હું આપું છું, જ્યારે બીજાઓને હું હણું છું."

૪૭. હવે જેનાં બધાં અંગો પુલકિત થઈ ઊઠ્યાં છે એવો અર્જુન બોલ્યો, "હે ભગવન્ ! જો તું પ્રસન્ન થયો હોઉં તો મને ઉત્તમ સમૃદ્ધિ આપ......

૪૮. જેમકે, પ્રજાના પાલન કરવાથી ઉત્પન્ન થતું ધન અને ધર્મ (બંને) મને મળે તેમજ કોઈ બીજો (માણસ) (મારું) સ્મરણ કરે છે તેવું (મને), જ્ઞાન થાય; (અન્ય સાથે) પ્રસિદ્ધ દ્વન્દ્વ (યુદ્ધ) માં મારો (વિજય) થાય.......

૪૯. હું ઈચ્છું ત્યારે (મારા અંગમાં) એક હજાર હાથ ઉત્પન્ન થાય, લઘિમા સિદ્ધિ મળે (હલકાફૂલ થઈ આકાશગમન કરી શકું) અને પર્વતો, આકાશ, પાણી કે ભૂમિ પર મારી ગતિને અવરોધ ન આવે......

૫૦. (એ જ રીતે) બધા પાતાળ (સપ્ત પાતાળ) માં પણ (ગતિ થાય), હંમેશાં બધાના ચિત્તને હું જાણી શકું, અને હું જ્યારે ખોટા રસ્તે ચઢી જાઉં તો મને (સાચા) માર્ગદર્શક મળી રહે,.....

૫૧. (મારે ત્યાં) હંમેશા પ્રશંસનીય અતિથિઓ આવતા રહે, હંમેશાં નષ્ટ ન થાય (ઘટે નહીં) એવી લક્ષ્મી વિદ્યમાન રહે અને મારું જો (કોઈ) સ્મરણ કરે તો (તેને) નાશ પામેલી લક્ષ્મી પાછી મળે,......

---

૧. દાસ્ય ભક્તિ.

૨. શ્લોક ૩૯ નો બીજો અર્થ; હું (ત્રિગુણાતીત હોઈ) વિધિનિષેધના ધર્મોથી પર છું; (તેથીજ) ભક્ષ્યાભક્ષ્યનું મને બંધન હોઈ શકે નહીં; (નગ્નતા એટલે..) મને આવરણ કે વિક્ષેપ શક્તિ અડચણકર્તા બની શકે નહીં (કારણ) હું શુદ્ધસત્ત્વની ઉપાધિવાળો છું તેથી જગતને એવું લાગે કે હું ગાંડો છું. આ સુંદર સ્ત્રી મારી માયા છે; મારી શક્તિ (અંકગા) છે, નગ્ન અર્થાત્ પ્રકૃતિના ગુણોની સામ્યાવસ્થા.

૫૨. મારી તારામાં એકાન્તિક અનન્ય યોગવાળી ભક્તિ બની રહો; દીર્ઘ આયુષ્ય (પ્રાપ્ત થાય), સામ્રાજ્ય (મળે) અને મારાથી અધિક ખ્યાતિવાળાથી મારો વધ થાય, આવાં વરદાન આપો."

૫૩. ભગવાને પ્રત્યુત્તર આપ્યો, " તેં જે કંઈ માગ્યું, તે બધું જ તને પ્રાપ્ત થશે અને મારી કૃપાથી તું સાતદ્વીપનો સમ્રાટ અધિપતિ બનીશ."

૫૪. આવું જેને કહેવાયું તે તેને પ્રણામ કરી નગર તરફ ગયો. પછી તે અર્જુનનો મુનિઓએ સામ્રાજ્ય પદ પર અભિષેક કર્યો.

૫૫. થી ૫૬. પછી રાજ્ય પર પ્રતિષ્ઠિત થયેલા તે હૈહયવંશના અર્જુને ઘોષણા કરી, "આજથી મારા સિવાય જે કોઈ શસ્ત્ર ધારણ કરશે તે ચોર અથવા પારકાની હિંસામાં રસ લેનારનો વધ કરવામાં આવશે." આવો આદેશ થતાં જ રાષ્ટ્રમાં બધા મનુષ્યો ડરીને નમ્ર બની ગયા.

૫૭. (અનેક રૂપ ધારણ કરી તે અર્જુન) સ્વયં એકલો જ ક્ષેત્રોનું રક્ષણ કરનાર, ગામ-નગર નું રક્ષણ કરનાર; પશુઓનું રક્ષણ કરનાર બન્યો, તે જ રીતે તપસ્વીઓ તથા બ્રાહ્મણોનો રક્ષક બન્યો; લક્ષ્મી, ધાન્ય (બધું સાચવનારો) તથા સેનાનો વડો બન્યો.

૫૮. ચોર, સર્પ-આદિ પ્રાણીઓ, અગ્નિ, શસ્ત્ર, દુશ્મનો વગેરેથી ભયગ્રસ્ત, ઊંડામાં ડૂબતા વગેરે બધા લોકોનો બધી જ આપત્તિઓમાં એ સારો ઉદ્ધારક બની રહ્યો.

૫૯. જેમ અવિદ્યાને લીધે આત્મા અનેક રૂપ ધારણ કરે છે તેમ તે (અર્જુન) સ્મરણ કરાતાં જ યોગબળથી[1] અનેકરૂપ ધારણ કરતો; અને એના શાસન દરમિયાન કોઈના ધનનો નાશ થતો નહીં, તેમજ (બધાંનું) આરોગ્ય જળવાઈ રહેતું.

૬૦. ઈન્દ્ર ઈચ્છા પ્રમાણે વૃષ્ટિ આપવા લાગ્યો, અને (તેથી) અહીંની જમીન ખૂબ ફળદ્રૂપ બની; તેણે ઘણાં યજ્ઞો કરી (બ્રાહ્મણોને) સુવર્ણ અને ઉત્તમ દક્ષિણાઓ આપી.

૬૧. પોતે માહિષ્મતીમાં જ રહેતો હોવા છતાં ત્રણે લોકમાં ભ્રમણ કરવા લાગ્યો, અને પંચાશી હજાર વર્ષ સુધી સાત દ્વીપવાળી સમગ્ર પૃથ્વીનું શાસન કર્યું.

૬૨. તે સૂર્ય (હજાર કર = કિરણ) જેવો જ હજાર હાથ (કર =હાથ) વાળો, ઉગ્ર પ્રભાવ અને તેજ વાળો (અર્જુન) અધર્મનું આચરણ કરનારાઓને હણીને પોતે ધર્મનું આચરણ કરવા લાગ્યો.

૬૩. થી ૬૪ (પ્રતિવર્ષ) માઘમાસની વદ આઠમને દિવસે નિષ્પાપ શ્રીદત્ત ભગવાન અને (એમની) નિષ્પાપ પ્રકૃતિનું (માયાનું) છ વૈષ્ણવ મંત્રો[2] થી પૂજન કરી બ્રાહ્મણોને જમાડી, રાત્રે જાગરણ કરી, બીજે દિવસે એ (અર્જુન) વ્રતનું સમાપન કરતો હતો; જે કોઈ વ્યક્તિ આ અનુવ્રત (દર વર્ષે) કરશે તે પણ (અતિશય) સમૃદ્ધિ ભોગવશે.

૬૫. જે દિવસે (એણે) (શ્રીદત્ત ભગવાન પાસેથી) વરદાન મેળવ્યું તે દિવસે (પ્રતિવર્ષ) એ મહોત્સવ કરતો હતો અને હૃદયમાં (એમનું) હંમેશાં સ્મરણ કરતો વારંવાર (શ્રીદત્તાશ્રમે જઈ) એમનું દર્શન કરતો હતો.

૬૬. ખરેખર આ પૃથ્વી પરના (ભૂત ભવિષ્ય, વર્તમાનના) રાજાઓ યજ્ઞ, દાન, તપ, યોગ, જ્ઞાન, વિદ્યા, પરાક્રમ કે વિજય - કશાથી કાર્તવીર્ય (અર્જુન) ની કીર્તિને આંબી શકશે નહીં.

૬૭. આ બલ, તેજ, પરાક્રમ તથા કીર્તિસંપન્ન પ્રભાવી બીજાઓથી અપરાજિત, ચિત્તમાં સ્મરણ કરાતાં પ્રત્યક્ષ થનારે (અર્જુને) અવિનાશી સત્સુખને ભોગવ્યું.

૬૮. રાક્ષસોના અધિપતિ રાવણને પણ સહજતાથી બંદીવાન બનાવ્યો હતો અને કુબેરની વિનંતીથી મુક્ત કર્યો હતો એવો આ (બળિયો) રાજા અર્જુન (આ પૃથ્વીપર) થઈ ગયો.

---

૧. અહીં 'યોગ' શબ્દનો અર્થ 'સિદ્ધિ' લેવાનો છે. સિદ્ધિઓ આઠ છે. અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશીત્વ.

૨. અષ્ટક ૩ અધ્યાય ૨માં આપેલા.

# ત્રીજા અષ્ટકનો પાંચમો અધ્યાય

## શિલ્પશાસ્ત્રી અને કામશાસ્ત્રના (જ્ઞાતાઓની) ગતિનું વર્ણન

૧. (પોતાના) પ્રતાપથી અગ્નિના જેવો, દુર્ધર એક રાજા હતો; તે જે કંઈ મળી આવે, તે (બધું) શ્રીદત્તાત્રેયની પાસે લઈ જઈ, (અર્પણ) કરતો.

૨. એ (રાજા) (તે દત્ત ભગવાનને) નમસ્કાર કરી પાછો આવે અથવા કોઈવાર ત્યાં (દત્તાશ્રમે) રહી પડે, તો કોઈવાર (શ્રીદત્તમુખે કહેવાતાં) ધર્મશાસ્ત્રોનું શ્રવણ કરે; આ રીતે તે (શ્રીદત્તનો) પ્રિય (ભક્ત) બની ગયો.

૩. આ રીતે રહેતાં, એક વખત મનથી ખૂબ ઉદ્વિગ્ન બનેલો તે રાજા તત્ત્વને જાણવાની ઈચ્છાથી, હાથ જોડી દેવ (શ્રીદત્ત) ની પાસે ઊભો રહ્યો.

૪. તે દેવે (શ્રીદત્તે) પણ તેની કસોટી કરવા (તત્ત્વજિજ્ઞાસા સાચી છે કે નહીં તે જાણવા), જાણે સમાધિમાં હોય તેવો દેખાવ કર્યો; શિષ્યના મનની દૃઢતા (જાણવા) ના હેતુસર ગુરુઓ માટે આવું યોગ્ય છે.

૫. પરંતુ રાજા તો કર્મથી, મનથી, વાણીથી, અરે (હૃદયના) સર્વ ભાવ અર્પણ કરતો, હૃષીકેશ (ઈન્દ્રિઓના અધીશ શ્રીદત્ત) ની ભક્તિભાવપૂર્વક સેવા કરવામાં જ રત રહ્યો.

૬. (જ્યારે) ભગવાને તો, પાણી (પીવાનું પણ) છોડી દેનાર, સારાં સ્તુતિવચનોથી સ્તવન કરતા, વારંવાર પ્રણામ કરતા તે ખિન્ન બનેલા (ભક્ત) ને મનથી પણ આશ્વાસન આપ્યું નહીં.

૭. થી ૮. (આ શ્લોકથી આરંભી રાજાની સ્તુતિ શરૂ થાય છે) જે સત્ (અધિષ્ઠાન) માં આ સ્વપ્ન દૃશ્યસમી અસત્ જડ (અચિત્), અગ્નિશલાકા (ને ફેરવતાં ઉત્પન્ન થતા) ચક્ર જેવી ચંચલ, માયિકી કારણમાંથી ઉદ્ભવેલી આ જગતની ભ્રાન્તિ (મિથ્યા જ્ઞાન) રહેલી છે, તેને (ભ્રાન્તિને) (સદ્ગુરુ અને ઉપનિષદનાં) વચનોથી તીક્ષ્ણ બનેલી જ્ઞાનરૂપી તલવારથી કાપી નાખી, મન પર કાબૂ રાખનાર, (જ્ઞાનના) મહાન વ્રતવાળો વિદ્વાન જલદીથી જેનાં (બ્રહ્મસ્વરૂપ દત્તના) સ્વરૂપને પામે છે, -

૯. તે ત્રિગુણ (માયા) ના અધિપતિ એવા તને ગોવિન્દને મોક્ષની ઈચ્છાવાળો હું પ્રણામ કરું છું ; હે નિત્યમુક્ત, હે ઈશ ! હે સર્વજ્ઞ ! હે કલ્યાણ સ્વરૂપ અવધૂત (ભગવન્) ! અવિદ્યાથી બંધાયેલા એવા મારું રક્ષણ કરો.

૧૦. વસ્ત્રમાં સુતરના તાંતણાંની જેમ, જેનામાં આ (વિશ્વ) ઓતપ્રોત છે, તેવા તને સત્-ચિત્-આનંદ - (સ્વરૂપ) પરમ નારાયણને હું શરણે (આવેલો) છું.

૧૧. (સંસારરૂપી) ગુફામાં પ્રવેશેલા, (વિષયોરૂપી) ખરાબ સૌખ્ય માટે અનહદ ઈચ્છાવાળા, કાલરૂપ સર્પથી ડંખ દેવાયેલા અને (ઈન્દ્રિયોને) પરવશ એવા મારો કૃપા કરી ઉદ્ધાર કરો; હે હર ! સ્મરણ કરતાં બરાબર તમે જલદી આવી પહોંચો.

૧૨. અહીં વાણી અને મન પણ જ્યાં પહોંચી ન શકે એવું તારું તે પરમ સ્વરૂપ જાણવા કોણ યોગ્યતા ધરાવે છે ? (જે સ્વરૂપ જાણવામાં તો) બ્રહ્મા વગેરે પણ ભ્રમમાં પડ્યા, ત્યાં (તે જાણવા) દુષ્ટમતિવાળા મારો તો શો હિસાબ ?

૧૩. હે દયાઘન ! આ સંસારરૂપી જંગલમાં (ત્રિવિધ) તાપથી તપેલા અને મરણોન્મુખ થયેલા, અન્ય (કોઈ) ના શરણે નહીં એવા મને દીન જોઈને (સ્મર્તૃગામી) નામ સાર્થક કરવા દોડી આવો.

૧૪. હે સર્વના આત્મા[૧] ! હે અધીશ[૨] ! તારો આ (શ્રીદત્ત સ્વરૂપનો) અવતાર જ્ઞાન, વિજ્ઞાન અને યોગને આપવા માટે (અને એ રીતે) મોક્ષની ઈચ્છાવાળાઓનો ઉદ્ધાર કરવા માટે છે, તેથી અત્યારે (હું એ સ્થિતિમાં હોઈ) મારું (અવિદ્યા - કામ - કર્મમાંથી) રક્ષણ કર.

---

૧. પરમાત્મા બધાના આત્મસ્વરૂપે છે, તેથી વ્યષ્ટિ (વ્યક્તિ) ની ઉપાધિવાળા હોઈ એ દૃષ્ટિએ એમને સર્વાત્મન્ ! સંબોધન કર્યું છે.

૨. પરમાત્મા અખિલ વિશ્વના નિયન્તા છે તેથી સમષ્ટિ ઉપાધિવાળા હોઈ એ દૃષ્ટિએ અધીશ સંબોધન કર્યું છે.

૧૫. સ્ત્રી, પુત્ર, દ્રવ્ય, મિત્ર, રાજ્ય, (અને વિષયોના) ઉપભોગ માયામાંથી જન્મેલા છે; (મારા સત્ય) સ્વરૂપને ઢાંકનારા અને હંમેશા બધી જગ્યાએ ઉદ્વેગને જ જન્માવનારા એમની મારે શી જરૂર ?

૧૬. હે અજન્મા (ભગવન્) ! આ અતિ ભીષણ સંસારચક્ર સિવાય હું ડરતો નથી.

૧૭. 'એ (સંસાર) ચક્ર (જન્મ-મરણ-આવર્તન) ના નાશ માટે મને તારા ચરણ કમલમાં (સદા) વાસ આપ, જેથી આનન્દના આંસુથી છલકાતો હું મોક્ષ - શાંતિ પ્રાપ્ત કરી શકું.

૧૮. (શક્ય છે કે) આ (સંસારના) વિષયોપભોગનો પ્રસંગ (પ્રકૃષ્ટ પ્રમાણમાં સંગ) જે (અગ્નિની જેમ) કદી નાશ પામતો નથી (अन् - अलम् = अनलम् - અલં થતો નથી)[1], તે તારા ચરણકમળથી વિમુખને (સંસારી) ઉચિત લાગે, પરંતુ એ (મૃગતૃષ્ણિકા જેવો) અસત્ય છે, એવા (સંસારના) (મને) કઈ રીતે સુખ આપી શકે ?

૧૯. હવે તારી કૃપાથી મને આ લોક કે પરલોકના ભોગની ઈચ્છા નથી. જેના પર વાસના આરૂઢ થઈ છે, તેવાને માટે મુશ્કેલ યોગવાળો, (અને તેથી એવાને) જેનો વિયોગ જ રહે, તે યોગ (રાજયોગ) નો મને ઉપદેશ આપો.

૨૦. અત્રિ અને અનસૂયાને (બંનેને) ધન્ય છે, (કારણ) જેની કૃપાથી જ (જેનું સ્વરૂપ) વેદમાં શોધાય છે, જે સંસારનો નાશ કરનારું છે એવું તારું પદ (ચરણ, સ્વરૂપ, તેજ) અહીં (મારા માટે) સુલભ બની ગયું.

૨૧. હે વાસુદેવ હે આદ્ય ! હે પુરાણ! હે પુરુષોત્તમ ! હે વિશ્વના અધ્યક્ષ ! હે હૃષીકેશ ! હે ભક્તોના આધિ અને વ્યાધિનો નાશ કરનાર (દેવ) ! તને મારા પ્રણામ.

૨૨. આ રીતે સ્તુતિ કરીને તે (અર્જુન) મૂંગો (શાંત) થઈ ગયો એવામાં, બ્રાહ્મમુહૂર્તમાં, વિમાનમાં વિચરનારા અસંખ્ય સિદ્ધો ત્યાં આવી ઈશને પ્રણામ કરી પાછા ફર્યા.

૨૩. અમિત સંખ્યામાં ગન્ધર્વો સાથે અપ્સરાઓ દેવો, બ્રાહ્મણો, મુનિઓ પણ ત્યાં આવી, તેમને પ્રણામ કરી, પરિક્રમા કરી પાછા ફર્યા.

૨૪. (હવે) ઉષઃકાલે (હાથમાં) માટી અને જલ લઈ (કોઈ) શાંતતપા નામે શિષ્ય આવ્યો, (અને) ભગવાન (શ્રીદત્ત) ઊભા થઈને નૈઋત્ય દિશામાં મૌન રાખી ગયા અને સ્વસ્થ બની પાછા ફર્યા.

૨૫. પછી (કોઈ) બીજો મુનિ (શિષ્ય) (હાથમાં) માટી, પાણી અને સમિધ લઈને આવ્યો, ભગવાને શૌચક્રિયા પતાવી, પાણીમાં સ્નાન કર્યું અને દેવ, ઋષિ વગેરેને તર્પણ કર્યું.

૨૬. પછી બીજો (શિષ્ય) વલ્કલવસ્ત્ર, ભસ્મ, દર્ભ લઈ ઉપસ્થિત થયો. ભગવાને વિધિપ્રમાણે આહ્નિક ક્રિયા કરી, સ્થિરદૃષ્ટિથી ધ્યાન ધરતા ઊભા રહ્યા.

૨૭. (આટલો સમય) ઊભો રહેલો રાજા (અર્જુન) ખિન્ન બન્યો, એટલે શાંતતપાએ (શ્રીદત્તને) કહ્યું," આ દુઃખી થતો રાજા ધાર્મિક અને ભક્ત છે, એની ઉપેક્ષા કરવી યોગ્ય નથી.

૨૮. મંદ હાસ્ય કરતાં ભગવાને કહ્યું, "હે સમ્રાટ ! તું (ખૂબ) સમૃદ્ધ છે (પછી) ખેદ શા માટે કરે છે ? તને (હજુ) પ્રાપ્ત ન થઈ હોય એવી કઈ સિદ્ધિની તું ઈચ્છા કરે છે ? મારા ભક્તને શું દુર્લભ છે ?

૨૯. થી ૩૦. (ત્યારે) આંખમાં આંસુ સાથે સમ્રાટ બોલ્યો, "આવી કસોટી ન કરો; યોગ્ય પાત્રને યોગ્યવસ્તુનું દાન થાય, તેની બુદ્ધિશાળી લોકો પ્રશંસા કરે છે. હે સર્વજ્ઞ ! તું જાણે (જ) છે કે તરસ્યાને પાણી, ભૂખ્યાને અન્ન, ગરીબને દાન, દુઃખીનું યોગ્ય રક્ષણ તથા મોક્ષની ઈચ્છાવાળાને જ્ઞાન (આપવું જોઈએ).

૩૧. બ્રહ્મ (પરમતત્ત્વ) શુદ્ધ છે, સત્ છે, એકમેવ છે, વાણી અને મન ત્યાં પહોંચી શકે નહીં, જ્યારે જે બીજું (પરમ્) છે તે દૃશ્ય છે, માયાથી ઉદ્ભવેલું છે, રજ્જુમાં સર્પ દેખાય તેવું હોઈ અસત્ છે, એમ વેદાન્તને જાણનાર કહે છે.

---

૧. अनलः શબ્દને પૂ. ટેંબે સ્વામીજીએ શ્લિષ્ટ કર્યો છે (અ) अन् अल : નો અર્થ 'નાશ ન પામે તેવો' (બ) અગ્નિ

૩૨. બીજો (કણાદ મતવાળો) કહે છે, " એ (વિશ્વ) અનાદિ છે, સાથે સાથે સત્ય છે; જો એ મિથ્યા હોય તો કેવી રીતે દેખાય ? "(વળી) બીજા (મીમાંસકો) કહે છે, "એનું (વિશ્વનું) ઉત્તમપણું વગેરે કર્મને લીધે જ છે."

૩૩. બીજા (સાંખ્યવાદી) એ કહ્યું છે કે આ વિશ્વમાં અનેકપણું (વૈવિધ્ય) છે, અને એનું કારણ પ્રધાન છે, (જ્યારે) અન્ય (પ્રાકૃતો) (કહે છે)" "પરસ્પરનું મૈથુન નિમિત્ત કારણ છે" તો વળી બીજા (ક્ષણિકવાદી બૌદ્ધો) એનું (વિશ્વનું) ક્ષણિકપણું (સર્વં ક્ષણિકં ક્ષણિકમ્) માને છે.

૩૪. પોતાના પક્ષને (સિદ્ધાન્તને) દઢ કરવા યુક્તિ (તર્ક) થી વેદ વગેરેનો પણ ઉપયોગ કરે છે; તો હે ભગવન્ ! આમાં પ્રમાણભૂત (સત્ય) શું છે તે, મારા ભ્રમની શાંતિ માટે મને ઉપદેશો.

૩૫. તારી કૃપાથી મારું શાસન બધે અવરોધ વિનાનું છે, શત્રુઓ સેવકો (બન્યા) છે; અને હવે મોક્ષ સિવાય મને અન્ય કોઈ વાસના રહી નથી.

૩૬. કોઈ પણ ઉપાયથી મારો ભવસાગરમાંતી ઉદ્ધાર કરો; હે બ્રહ્મન્ (પરમાત્મા) ! તું બ્રહ્મા વગેરે (દેવો) નો પણ ઉત્તમ ગુરુ છે.

૩૭. ભગવાને કહ્યું, "(હે અર્જુન !) બધાં શાસ્ત્રોનું (અંતિમ) રહસ્ય (તાત્પર્ય) એકજ છે એમ કહેવાયું છે; (આ વિષયમાં) શંકા નિર્મૂળ કરનારો બ્રહ્મા અને ઈન્દ્રનો સંવાદ સાંભળ.

૩૮. થી ૪૦. ચાર્વાક મત, કામશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, બૌદ્ધમત વગેરે શાસ્ત્રોનું પોતાના શિષ્યોને અધ્યાપન કરતા ગુરુને પ્રણામ કરી ઈન્દ્ર બોલ્યો, "પ્રાણીઓમાં (જન્મથી) પોતાની જાતિ સ્વભાવ પ્રમાણે વિષયોમાં આસક્તિનું વળગણ પ્રાપ્ત થાય છે, તો પછી આવાં વિષયોપરક શાસ્ત્રોથી ડાહ્યા માણસે શું મેળવવાનું ? જેમનાં મન વિષયોમાં આકૃષ્ટ થયેલાં છે એવાઓને (પણ) તે તત્ત્વથી બહિર્મુખ શાસ્ત્રોની પણ શી જરૂર? અને જેમ કૂવામાં આંધળાને પાડી નાખવાથી કશો લાભ નથી એમ અજ્ઞને (આવાં શાસ્ત્રોમાં પરોવી) વિદ્વાનને પણ શો લાભ થાય ?"

૪૧. ગુરુ (બૃહસ્પતિ) એ જવાબ આપ્યો", આનાથી ક્રમપ્રમાણે ચિત્તશુદ્ધિ થશે, આ વિષયમાં તું શંકા દૂર કરનારાં સાત ઉદાહરણ મારી પાસેથી સાંભળ.

૪૨. (પહેલાં) કાપિલ્યનગરમાં કોઈ વિધિશ નામનો શિલ્પજ્ઞાની થઈ ગયો; તેણે શિલ્પશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણેનાં ઘણાં મનોહર મકાનોનું નિર્માણ કર્યું.

૪૩. ગૃહનિર્માણ કાર્યમાં બધા એને માન્ય વેતન આપતા અને એના પર બીજાઓનું (પણ) ઘણું ભરણપોષણ થતું; તે સત્યવાદી (પણ) હતો.

૪૪. મૃત્યુ પામ્યા પછી તે સ્વર્ગમાં ગયો (અને) ઘણા ભોગ ભોગવી (ફરી) આ પૃથ્વી પર રાજા થયો; યજ્ઞો કરનારા તેણે જાતે દેવમંદિરો, વાવ, તળાવ વગેરે બાંધ્યાં.

૪૫. થી ૪૬. આ ધાર્મિક રાજા મૃત્યુ પામ્યો, સ્વર્ગમાં (જઈ), ભોગ ભોગવ્યા (પછી) બ્રાહ્મણ તરીકે જન્મ્યો, અને વેદ અને અન્ય શાસ્ત્રોના તાત્પર્યાર્થને જાણનારો થઈ, મહાવ્રતી બની ધ્યાનનિષ્ઠ બન્યો. (આમ કરતાં) ચતુર્થ આશ્રમ (સંન્યસ્તાશ્રમ) માં પ્રવેશી, જીવન્મુક્ત બની પૃથ્વી પર વિચરવા લાગ્યો; આમ (આ શિલ્પ) શાસ્ત્ર ચિત્તશુદ્ધિ કરનારું છે, જેના વડે (આ) શિલ્પશાસ્ત્રી ક્રમમુક્તિ પામ્યો.

૪૭. માહિષ્મનો (નગરી) ગીત અને વાજિંત્રોને જાણતો, કવિ અને કામશાસ્ત્રનો જાણકાર, દેખાવડો બ્રાહ્મણ (ઉત્તમ) પત્ની મેળવવા માટે પૃથ્વી પર વિચરણ કરવા લાગ્યો.

૪૮. તેના મનને જાણનાર કોઈ રાજાએ તેને (પોતાની) કન્યા બતાવી; (કામ) શાસ્ત્રમાં દર્શાવેલાં લક્ષણોથી સંપન્ન તેને જોઈ તે (બ્રાહ્મણ) ગાઢ મૂર્છામાં પડ્યો.

૪૯. તેણે પણ તેની કાન્ત (પતિ) તરીકે કામના કરી; પ્રસન્ન થયેલા તે રાજાએ તેનું તેને દાન કર્યું, (વળી) રાજ્યનો અર્ધો હિસ્સો પણ આપ્યો અને બ્રાહ્મણો તેની સાથે રમમાણ થયો.

૫૦. પોતાનું જે આનન્દરૂપ સ્વરૂપ છે, તે બધી ઈચ્છાઓ ઉપરામ પામે ત્યારે સ્પષ્ટ ભાસે છે, આ (સ્વરૂપ) મન અને વાણીથી પામી ન શકાય તેવું નિત્ય, શ્રેષ્ઠ અને આત્યન્તિક છે.

૫૧ મનુષ્યના આનન્દથી આરંભી ઉત્તરોત્તર દશ-દશ ગણો આનંદ ગણતાં જે બ્રહ્માનો આનન્દ આવે તે પણ પરબ્રહ્મ (પરમાત્મા) ના આનંદનો અંશ માત્ર જ છે.[1]

૫૨. કામવૃત્તિથી રતિકર્મ વડે અંતે નિષ્પન્ન તે (આનંદ), કામવિધિને જાણનાર અને નહીં કે કોઈ મૂર્ખ (બ્રહ્માનંદ સદૃશ) પૂર્ણ છે એમ અનુભવે છે. ( જો કે એ તો બ્રહ્માનંદનો આભાસ છે ) તે આ બ્રાહ્મણ (પત્ની સાથે) મેળવવા લાગ્યો.

૫૩. તેની (સતી) પત્ની પણ હૃદયથી અન્ય (પુરુષ) ની ઈચ્છા કરતી ન હતી અને તેના મનને હરી લેતી હતી. સંગીતનો જાણકાર આ બ્રાહ્મણ ચિત્તને અનુરૂપ તેની સાથે રમમાણ કરવા લાગ્યો.

૫૪. (પોતાની પાસેના) દ્રવ્યને અનુરૂપ નિત્ય-નૈમિત્તિક ક્રિયાઓ કરતો હતો અને પોતાની રુચિ પ્રમાણે સમયે સમયે દિવ્ય પદાર્થોનો ઉપભોગ પણ કરવા લાગ્યો.

૫૫. તે બંનેએ કદી પણ નાનું સરખું પાપ (કર્યું હોય) કે દુઃખ (ભોગવ્યું હોય) એવો અનુભવ કર્યો નહીં કે એવું સાંભળ્યું પણ નહીં; (આ લોકમાંથી) મૃત્યુ પામ્યા પછી દૈવયોગ એ સદ્બુદ્ધિવાળો (પોતાની) પત્ની સાથે ગન્ધર્વોનો અધિપતિ બન્યો.

૫૬. ત્યાં પણ નાદનો (સંગીત) જાણકાર એ (પોતાની) સુન્દર તન્વી[2] પત્ની સાથે હંમેશાં રમમાણ કરતો હતો, અને સર્વકલાઓનો નિષ્ણાત એવો તે વિધિ પ્રમાણે દેવોને પણ આનંદ આપતો....

૫૭. એક વખત હિમાલયના રમણીય વન પ્રદેશમાં પાર્વતી સાથે શિવજીએ સુન્દર સ્વરમાં ઊંચે અવાજે ગાન કરતા તેને સાંભળી, તેની પાસે આવી મળ્યા.

૫૮. થી ૫૯ નાદના જાણકાર, મધુર કંઠવાળા એણે (બ્રાહ્મણે) પત્ની સાથે ભગવાન (શંકર) ને નમન કરી ગીતગાનથી (શિવને) પ્રસન્ન કર્યા; શિવજી પણ મસ્તકને ધૂણાવતા બોલ્યા, "તેં (સંગીતનું) ખૂબ સારું શિક્ષણ મેળવ્યું છે; આવું ચિત્તાકર્ષક આજસુધી મેં સાંભળ્યું નથી; તને ધન્ય છે, તું સ્વર્ગમાં જા અને દુર્લભ એવા ઉપભોગનો સ્વાદ માણ."

૬૦. (આવું) વરદાન મેળવનાર તેણે (ગન્ધર્વેશ) પત્ની સાથે વિમાન દ્વારા સ્વર્ગમાં જઈ (હે ઈન્દ્ર !) તારી સાથે બધાંને આનંદ આપ્યો.

૬૧ થી. ૬૨. (હવે) કોઈ એક વખત બ્રહ્મલોકમાં મોટો ઉત્સવ થયો; બધા દેવો આવી પહોંચ્યા, ત્યાં સભામંડપમાં ગન્ધર્વો અને અપ્સરાઓએ ગાવા માંડ્યું, ત્યાં વીણા મુરજ, કાંસીજોડા વગેરે વાજિંત્રો વગાડતા, સુંદર કર્ણપ્રિય મધુર સ્વરમાં બધા ગાવા માંડ્યા (ત્યારે) બ્રહ્માજી પણ એકચિત્ત બની ગયા.

૬૩. બ્રહ્માએ કહ્યું, "આ બધામાં આટલા મધુર અવાજે કોણ ગાઈ રહ્યું છે ?" ત્યારે હે ઈન્દ્ર ! તે આંખના ઈશારે એને (ગન્ધર્વપતિને) બ્રહ્માજીને બતાવ્યો.

૬૪. તે વેળા બ્રહ્માએ હાથના ઈશારે બધાને વિદાય કર્યા પછી એણે (ગન્ધર્વગાયકે) પત્ની સાથે વિવિધ રાગ-રાગિણીમાં મંજુલ સ્વરથી ગાન કર્યું.

૬૫ થી ૬૬. ત્યારે આનન્દ આપનારું (તેનું) ગીત સાંભળી, એને ઓળખી, બ્રહ્મા બોલ્યા,"એણે (ગાયકે) ખરેખર નાદ બ્રહ્નનું આત્મસ્વરૂપ" બરાબર મેળવી લીધું છે; એનો આનંદ વિલક્ષણ છે, જે (પોતે તો ભોગવે છે), અન્યને પણ આનંદ આપે છે; ખરેખર એનો પત્ની સાથે બ્રહ્મલોકમાં વસવાટ યોગ્ય છે.

૬૭. આમ કહી શ્રુતિથી પણ અગોચર તે બ્રહ્મસ્વરૂપનાં આનંદપૂર્વક તેને દર્શન કરાવી, એના પર અનુગ્રહ કરી એને પત્ની સાથે પોતાની આગળ સ્થાપિત કર્યો.

૬૮. આ રીતે કામશાસ્ત્રનો જાણકાર તે પત્ની સાથે ક્રમપૂર્વક બધા ભોગ ભોગવી પરાનંદને પામ્યો. આમ, ક્યું શાસ્ત્ર (ચિત્તની) શુદ્ધિ કરનારું નથી ? (અર્થાત્ કોઈપણ શાસ્ત્ર ચિત્તશુદ્ધિ કરે જ છે.)

---

૧. શ્રુતિ - एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति ।

૨. तन्वी षोडशवर्षीया ।

# ત્રીજા અષ્ટકનો છઠ્ઠો અધ્યાય
## વિષ્ણુદત્તનો ઉદ્ધાર

૧. આ જ પ્રમાણે બીજું (વૃત્તાન્ત) કહું છું. કોઈ એક વેદશર્મા નામે બ્રાહ્મણ થઈ ગયો, તેનો ચારિત્ર્યસંપન્ન પુત્ર નસીબયોગે સાત (પરકાયા પ્રવેશ કરી શકે તેવા) ભૂત (પ્રેત) થી ઘેરાયેલો હતો.

૨. (મુશ્કેલીથી જીરવી શકાય તેવા, દુષ્ટ અભિપ્રાયવાળા, એક બીજા પર વિજય મેળવવા ઈચ્છતા એમનો (ભૂતોનો) સારા ઉપાયોથી ઉદ્ધાર કરવા તે (બ્રાહ્મણ) શક્તિમાન થયો નહીં, (તેથી) શોક કરવા લાગ્યો.

૩. તે ભૂતોથી જકડાયેલો (પુત્ર) (કોઈવાર) રડતો, (કોઈવાર) મૂર્છા પામતો, (કે) નૃત્ય કરતો, દોડતો, ક્રોધ કરતો, (કે) હસતો....વગેરે વિવિધ ચેષ્ટાઓ કર્યા કરતો; આમ ઉત્તમ પુરુષાર્થથી તે દૈવયોગે ચલાયમાન થયો.

૪. થી ૫. કોઈ એક વેળા, વૈશ્વદેવ (કર્મ) ના અંતે તેને (બ્રાહ્મણને) ઘરે, ધૂળથી ખરડાયેલો (તેથી) મલિન (લાગતો), શરીરે ભસ્મ ચોળેલો, માંખોથી ઘેરાયેલો, દુર્ગન્ધવાળો, (છતાં) તેજસ્વી ભિક્ષુક આવી પહોંચ્યો, બ્રાહ્મણે તેને ભિક્ષા આપી; અને પોતાના સ્વરૂપને ઢાંકનાર આ કોણ હશે ? એમ બોલતો (વિચારતો) બ્રાહ્મણ તેની પાછળ જવા લાગ્યો.

૬. ભિક્ષુક લાકડાથી, લોટથી, ઈંટથી, પત્થર (વગેરે) થી (બ્રાહ્મણને) મારવા છતાં પાછળ દોડતા તેને (બ્રાહ્મણને) કહ્યું, "મને મેળવીને તું શું પ્રાપ્ત કરીશ ?"

૭ થી. ૮.૯. આમ કહેવાતાં તે બ્રાહ્મણે (પોતાના) પુત્રને (ભૂતપીડામાંથી) મુક્ત કરવા તેને પ્રાર્થના કરી. શ્રીદત્તે સ્વયં પ્રગટ થઈ તેને સાત મંત્રો આપી કહ્યું, "જેવી રીતે શાસ્ત્રોવડે જ્ઞાનના આવરણોને ઉખેડાય તેવી રીતે આ એક-એક મંત્રવડે એક-એક ભૂત (પ્રેત) ને (તારા પુત્રના શરીરમાંથી) દૂર કર. આ એકબીજાથી વિરુદ્ધ વર્તનારા દુષ્ટ ભૂતો એક (મંત્ર) થી જીતી શકાશે નહીં; માટે આ (સાત) વડે તેમને દૂર કર;" એમ કહી તે દેવ (શ્રીદત્ત) એક ક્ષણમાં અદૃશ્ય થયા.

૧૦. થી ૧૧. પછી સંતોષ પામેલા તેણે (બ્રાહ્મણે) ઘેર આવી શ્રી દત્તે જેમ કહ્યું હતું તેમ કર્યું; મંત્રશાસ્ત્રની વિધિ પ્રમાણે એક-એક મંત્રથી એક-એક (ભૂત) ને, એક-એક દિવસે, ક્રમપૂર્વક દૂર કર્યું; (અને) એક - એક દિવસે એક-એક (ભૂત) દૂર થતાં, (તે પુત્રનાં) રુદન વગેરે પણ ક્રમપૂર્વક નષ્ટ થયાં.

૧૨. આઠમે દિવસે તે પહેલાં જેવો જ બની ગયો પછી અભ્યાસથી ગતિ પામ્યો; (આમ) આ ક્ષુદ્ર શાસ્ત્ર પણ શું મોક્ષ (મેળવવા) માટે ઉપકારક નથી ?

૧૩. (સહ્યાદ્રિપર્વતના એક ભાગમાં) માતાપુર (રેણુકાનગર) માં ચારિત્ર્યસંપન્ન પત્નીની સાથે ગૃહસ્થધર્મ પાળતો વિષ્ણુદત્ત નામે બ્રાહ્મણ વસતો હતો, જે મહાબુદ્ધિશાળી (અને) શ્રી દત્તનો ભક્ત હતો.

૧૪. તેના (ઘરના) બારણા પાસે પીપળાના વૃક્ષ પર એક બ્રહ્મરાક્ષસ રહેતો હતો, જે તે બંને (પતિ-પત્નીને) ને પીડા કર્યા વિના, દરરોજ બ્રાહ્મણે (દ્વાર પાસે) મૂકેલા ભૂતબલિનું (અંન્નનું) ભક્ષણ કરતો હતો.

૧૫. તે બીજા લોકોને ત્રાસ આપતો પણ (આ) બ્રાહ્મણના અન્નનું સેવન કરતો હોવાથી (તેની પાસે) શાંત રહેતો. (હવે) કોઈ એક વેળા વૈશ્વદેવના અંતે, તે (રાક્ષસ) પોતાના મૂળ સ્વરૂપમાં પ્રગટ થયો.

૧૬. પોતાના ભયંકર (સ્વરૂપને) જોઈ તેને (બ્રાહ્મણને) ભયભીત થયેલો જાણી તે (રાક્ષસ) કોમળ વાણીથી બોલ્યો, "હે બ્રાહ્મણ ! ડરીશ નહીં, (તારું) મનગમતું પસંદ કરી (મારી પાસે) માગ; હું તારું અન્ન ખાનાર રાક્ષસ છું."

૧૭ થી ૧૯. પોતાની પત્નીના વિચારને જાણી લઈ તેણે (વિષ્ણુદત્તે) કહ્યું, "જેનાથી ઉચ્ચ કોઈ નથી, એવા શ્રીદત્તનું દર્શન કરાવ; આ સિવાય આ લોક કે પરલોકમાં બીજું કશું હું ઈચ્છતો નથી." આવું કહેવાતાં તે રાક્ષસે જવાબ આપ્યો, "(હું પાપી છું તેથી) તેનું

(શ્રીદત્તનું) નામ પણ મારા માટે શ્રવણીય નથી, છતાં હું તને કહું છું કે હું સંતુષ્ટ થયેલો છું, તેથી તારા ઉપકારનો બદલો વાળવા હું (ખૂબ) પ્રયત્ન કરીને પણ તેનાં તને દર્શન કરાવીશ. વિશ્વ જેનું સ્વરૂપ છે એવા તે (શ્રીદત્ત) દેવોને માટે પણ દુર્ઘટ છે; ભક્તિગમ્ય આત્મસ્વરૂપ તેને જો તું જાણવા શક્તિમાન બનીશ તો તું કૃતાર્થ થઈ જઈશ.

૨૦. એક વેળા, જાણે ઉન્મત્ત હોય એવા શ્રીપતિ (દત્ત ભગવાન) ને દારૂના પીઠા પર બેઠેલા જાણી, બ્રાહ્મણને બોલાવી રાક્ષસે કહ્યું, "યોગીઓના પણ દેવ એવા તે (શ્રીદત્ત) ને ઓળખી લે.

૨૧. થી ૨૨. બ્રાહ્મણે તો (તેને) જોઈને તેને હલકો (માણસ) માની લીધો. ત્યારે (શ્રીદત્ત) અદૃશ્ય બની ગયા. (પછી) ખિન્ન બની ઘેર ગયો (ત્યારે) રાક્ષસે તેને કહ્યું. "હે કમનસીબ ! આ તે શું કર્યું ? પહેલેથી તને ચેતવ્યો હોવા છતાં તું કેમ મોહ પામ્યો ? તે કહે હું ફરીથી તને એનાં દર્શન કરાવીશ; હવે તું સાવધાન બની જજે."

૨૩. થી ૨૪. હવે એક વેળા રાક્ષસે કહ્યું, " હે બ્રાહ્મણ ! આ ધૂળથી ખરડાયેલો, કૂતરાંથી વીંટળાયેલે (દત્ત) છે; તે પોતાનામાંજ રમમાણ કરતા, પોતાના સ્વરૂપમાં રતિ મણતા ઉત્તમ આત્માને ઓળખી લે. રાક્ષસોથી તો તેનું સ્મરણ કરવું પણ શક્ય નથી. દૈવયોગે બ્રાહ્મણના કોપથી હું (જો કે ) રાક્ષસ બન્યો છું પરંતુ તેનો (શ્રીદત્તનો) ભક્ત હોવાથી તેનું સ્મરણ કરી શકું છું."

૨૫. (પેલો) બ્રાહ્મણ પણ હાડકાંનાં ભૂષણવાળા, લાલ આંખવાળા તેની (દત્તની) સામે ગયો, (પરંતુ) તેના વડે (દત્તવડે) હાડકાંથી તાડન પામેલો તે ડરી ગયો અને જીવતા રહેવાની ઈચ્છાથી નાસી ગયો.

૨૬ થી ૨૮ (૧.૨) રાક્ષસે કહ્યું, "(તારું) મોટું કમનસીબ (છે) એમ માનું છું; (કારણ) (શ્રી દત્તદર્શન માટે) પ્રયત્ન નકામો નીવડ્યો; હે બ્રાહ્મણ ! તું વિચાર કર કે (જેને તું) ખોટી રીતે (અધ્યાસથી) આત્મા (માને છે) એ દેહને તાડન કરવાથી તને શી હાનિ થવાની હતી ? હું તને ફરીથી (શ્રીદત્તને) બતાવીશ; તું પ્રયત્નપૂર્વક તારું કાર્ય સાધી લે (દર્શન કરી લે) અને તે (શ્રીદત્ત) પ્રસન્ન થઈને પૂછે કે (તારું) શું કાર્ય કરવાનું છે, ત્યારે (શ્રીદત્તને) કહે જે કે 'હું દર્શશ્રાદ્ધ (અમાસને દિવસે કરવામાં આવતું શ્રાદ્ધ) નું નિમંત્રણ આપું છું,' અને (શ્રી દત્ત માટે) પ્રસાદ તૈયાર કરજે."

૨૮ (૩.૪) થી ૨૯ હવે એક દિવસ રાક્ષસે કહ્યું, "જે (પેલો) ગધેડાનું માંસ ખોતરીને કૂતરાંને આપે છે, તેને તું દેવ (શ્રીદત્ત) તરીકે ઓળખ; મારું વચન સત્ય માન." તેણે (વિષ્ણુદત્તે) પણ પત્નીની પણ શિખામણ માની ધીરજપૂર્વક જઈને તેનાં (શ્રીદત્તનાં) ચરણ પકડી લીધાં.

૩૦. (શ્રી દત્તથી) માંસ, હાડકાંથી તાડન કરાતો અને 'મારા પગ છોડ, છોડ, ચાલ્યો જા ? એવું કહેવાયું છતાં સ્વાર્થને વળગેલાં તે બ્રાહ્મણે ધીરજથી વંદન કર્યાં પણ તેમને છોડ્યા નહીં.

૩૧. (આ) બ્રાહ્મણ[૨] દીન, દુઃખી અને ધીરજવાળો છે, એવું જાણી ભગવાને (તેને) કહ્યું, "તું ત્રણ વાર આવ્યો છું; વ્રાત્ય (ધર્મભ્રષ્ટ) એવા મારું તારે શું કામ છે ?"

૩૨. બ્રાહ્મણે કહ્યું, "હું તમને (શ્રીદત્તને) શ્રાદ્ધમાં ભોજન માટે નિમંત્રુ છું" તેમણે (શ્રીદત્તે) કહ્યું, " (ધર્મના) આચરણ વિનાના (મને) શ્રાદ્ધમાં યોજવાથી (તારા) પિતૃઓનું અધઃપતન થશે.[૩]

૩૩. બ્રાહ્મણે જવાબ આપ્યો, " (હે ભગવન્) ! આચારથી શું (મળે) ? અનાચાર વગેરેથી શી ગતિ (થાય) ? (હું તો એટલું જાણું કે ) જે આસકામ છે અને જે અસંગ છે એવા (સ્વયં) ઈશ્વર- તમારે કર્મ કરવાની જ શી જરૂર છે ?"

૩૪. થી ૩૫. આ રીતે જેમને (બ્રાહ્મણથી) કહેવામાં આવ્યું છે, તે (શ્રીદત્ત) 'ॐ ભલે, તેમ થાવ' - એમ કહી સ્વરૂપમાં પ્રગટ થઈ બોલ્યા, "મારા લાયક અન્ય (બ્રાહ્મણ) ને નિમંત્રણ આપ, અને રસોઈ તૈયાર કર; હું દિવસના આઠમા ભાગમાં સારી રીતે સ્નાન કરીને પવિત્ર થઈને તારે ઘેર આવીશ." તે વેળા (વિષ્ણુશર્મા) બ્રાહ્મણે સ્મશાન, માંસ કે હાડકાં (કશુંજ) ત્યાં જોયું નહીં !

---

૧. ધર્માચરણ કરનાર, ગરીબ સ્વભાવનો. ૨. શ્રીદત્તનાં દર્શન થતાં નથી તેનું દુઃખ-આર્તભક્ત.

૨. અહીં કાકા ઉક્તિ છે : પરમાર્થ રીતે અનાચારી (પણ) બ્રહ્મનિષ્ઠ એવા (મારી) શ્રાદ્ધમાં યોજનાથી (તારા) અલ્પ પુણ્યવાળા પિતૃઓનું શું અધઃપતન થશે ? ના, ઊલટાનું એમનો ઉદ્ધાર થશે એવી ભગવાનની કાકોક્તિ છે.

૩૬. સ્મશાન (ને બદલે) યોગભૂમિ, કૂતરાં વેદો અને કાગડા શાસ્ત્રોના (સ્વરૂપમાં) (જોયાં) તથા અવધૂતને સાક્ષાત્ ત્રણ રૂપ ધારણ કરનાર દત્તના સ્વરૂપે જોયા.

૩૭. બ્રાહ્મણ પ્રણામ કરી બોલ્યો, "મને ધન્ય છે, મારા માતા-પિતા પણ ધન્ય થયા અને મારું કુલ પણ ધન્ય બની ગયું; જેમનાં પુણ્યરાશિથી દુર્બુદ્ધિવાળા મેં તારા મહાન તે જ (સ્વરૂપ) નું દર્શન કર્યું."

૩૮. આ પ્રમાણે બોલી તેણે (બ્રાહ્મણે) જલદીથી ઘરે જઈ પત્નીને તે હકીકત જણાવી. તે સતીએ હર્ષ પામી વિધિપૂર્વક રસોઈ કરવાની શરૂઆત કરી.

૩૯. થી ૪૦. આના જેવો બીજો ક્યો બ્રાહ્મણ શોધવો ? આ પ્રમાણે પૂછવામાં આવતાં તે રાક્ષસે કહ્યું, "જ્યાં ભગવાન્ પધારે ત્યાં બધા જ દેવો (હર્ષથી) સામેથી આવે છે; છતાં પણ સૂર્યને અને/અથવા ગૃહપતિ અગ્નિને અહીં (શ્રાદ્ધમાં) નિમંત્રણ આપ. તારું સઘળું કાર્ય સફળ થયું છે; પ્રસાદ (પ્રસાદ ભોજન) માં મને ભૂલીશ નહીં."

૪૧. 'ભલે' એમ કહી તેણે (બ્રાહ્મણે) પત્નીને તે વાત કરી; એટલામાં તો અત્રિપુત્ર (શ્રીદત્ત) ભગવાન (ત્યાં) આવી કહેવા લાગ્યા, "હે બ્રાહ્મણ ! મારા જેવો બીજો બ્રાહ્મણ કોણ છે તે જણાવ."

૪૨. થી ૪૩ "અહીં આપના આસને બિરાજો, બીજો બ્રાહ્મણ આવશે" - એવું તેને (શ્રીદત્તને) કહી તે સતીએ ઘરની બહાર જઈ પ્રણામ કરી સૂર્યને કહ્યું, "હે સર્વના આત્મસ્વરૂપ ધીર સવિતા નારાયણ ! તું અખિલ જડતત્ત્વને પણ ચેતન બનાવે છે; હે દેવ ! આજે અહીં પધારો, અમારા પર દયા કરો."

૪૪. આ પ્રમાણે પ્રાર્થના કરાયેલ સૂર્યનારાયણ વિપ્રના સ્વરૂપમાં આવી પહોંચ્યા, (ત્યારે) અત્રિપુત્રે (શ્રીદત્તે) કહ્યું, "દેવ વિના શ્રાદ્ધ કઈ રીતે સફળ થાય ? (માટે) ત્રીજો બ્રાહ્મણ શોધી કાઢ."

૪૫. સતીએ ગૃહપતિ (અગ્નિ) ને કહ્યું, "હે ગૃહકર્મના અધિપતિ ! (શ્રદ્ધા સમયે) અંશરૂપે તમે પધારો." આમ કહેવાતાં તેના (દત્તના) જેવા વિશ્વરૂપ ધારણ કરનારા અગ્નિનારાયણ (પણ) પધાર્યા.

૪૬. દેવના સ્થાને અગ્નિને, પિતૃઓના સ્થાને ઈશ (દત્ત) ને તથા સૂર્યને વિધિપૂર્વક સ્થાન આપ્યું અને ત્રણેય દેવોએ "અમે આનંદથી જમ્યા અને તૃપ્ત થયા છીએ," એમ કહ્યું.

૪૭. (પિંડદાનવિધિ પછીએ) આચમન આપ્યા બાદ, ત્રણે દેવોએ (દંપતીને) અક્ષય વરદાન આપ્યાં પછી, (બ્રાહ્મણે) એકસો-આઠ (૧૦૮) નામથી (શ્રીદત્તને) નમન કરી કહ્યું, "રાક્ષસના કહેવાથી આપનું દર્શન થયું છે, (તેથી) હું કૃતકૃત્ય થયો છું."

૪૮. શ્રી દત્તે કહ્યું, (એ) રાક્ષસ પણ ભલે મારું ઉચ્છિષ્ટ જમીને સદ્ગતિ પામે; તારા પિતૃઓ મુક્ત બન્યા છે; તું પણ પત્ની સાથે સિદ્ધિ મેળવી સદ્ગતિ પ્રાપ્ત કર."

૪૯. શ્રીદત્ત તેને (વિપ્રને) મંત્રો આપી ગયા; સૂર્ય પણ પોતાના ઈચ્છા પ્રમાણે જનારા વિમાનમાં ગયો અને અગ્નિ પણ ઉભય પ્રકારની (આ લોકને પરલોકની) સિદ્ધિ આપીને ગયો; આ રીતે તે (બ્રાહ્મણ) તેજસ્વી અને કૃતકૃત્ય થઈ ગયો.

૫૦. (મીમાંસા) શાસ્ત્ર જ જેનું દર્શન માટેનું (આંખ) સાધન છે, એવો તે વિપ્ર અલંઘ્ય શાસનવાળો અને ઈચ્છિત વસ્તુ ભોગવનાર બન્યો, અને રાક્ષસ પણ ઉચ્છિષ્ટ જમીને મુક્ત થયો. આ રીતે શાસ્ત્રથી પણ ક્રમયુક્તિ મળે છે.

# ત્રીજા અષ્ટકનો સાતમો અધ્યાય
# રોગીનો ઉદ્ધાર વગેરે - વૃત્તાંત

૧. આ બ્રાહ્મણ (વિષ્ણુદત્ત) ઈશકૃપાથી કોઈ પણ વ્યક્તિ પર અનુગ્રહ કર્યા કરતો અને એ રીતે કૃતાર્થ થતો, એ રીતે એ પૃથ્વી પર પ્રસિદ્ધ થયો.

૨. થી ૫. ગોદાવરી (નદી) ના તીર પર હરિશર્મા નામે કોઈ એક બ્રાહ્મણ (રહેતો) હતો. તેને વીસ વરસની ઉંમરનો દીકરો હતો. એને (પુત્રને) જન્મથી જ ગુલ્મનો રોગ હતો, છેલ્લાં આઠ વરસથી ક્ષય થયો (છેલ્લાં) ત્રણ વર્ષથી (૧૮ વર્ષની ઉમરે) જલોદરનો રોગ થયો હતો; એક વરસથી (૧૯ વર્ષની ઉમરે) જીર્ણ જ્વર શરૂ થયો છે મહિનાથી સંગ્રહણીનો રોગ ખાંસી સાથે થયો હતો, જ્યારે ચાર મહિનાથી ભગંદર થયું હતું અને હવે ત્રિદોષ (કફ, પિત્ત અને વાયુ) થી ઘેરાયેલો હતો; (આવા) મૃત્યુ સમીપ પહોંચેલા પતિને જોઈને તેની સોળ વરસની ઉંમરની પત્ની વિષ્ણુદત્તના શરણ ગઈ (અને કહ્યું), " હે બ્રહ્મન્ ! મને સૌભાગ્ય આપો મારો પતિ (ઘણા) રોગોથી પીડાય છે અને કમનસીબે રોગ નાશ કરવાના બધા ઉત્કટ ઉપાયો નિષ્ફળ નીવડ્યા છે."

૬. આ પ્રમાણે પ્રાર્થના કરાતાં દયાળુ એવા તેણે (વિષ્ણુદત્તે) તે સતી સ્ત્રી સાથે તેને ઘેર જઈ તેને જોઈ કહ્યું, " એને (ગતજન્મના) કર્મનું ફળ (ભોગવવું પડે) છે." (આમ) કહી પત્ની પાસે વ્રતો કરાવડાવ્યાં.

૭. થી ૧૦. તેથી (વ્રતો કરવાથી) ક્રમ પ્રમાણ દરેક વ્રત (તેના પ્રાયશ્ચિત) સાથે કરવાથી મટતો) તે તે રોગ જલદી નાશ પામ્યો; (જેમકે) બ્રહ્મહત્યાથી (પાપના ફળરૂપે) ઉત્પન્ન ક્ષય રોગ માટે બાર વર્ષનું વ્રત (વિષ્ણુદત્તે) કરાવડાવ્યું અને તે (રોગ) મટી ગયો; ગુલ્મરોગ છ વર્ષના વ્રતથી, દેવનો દ્રોહ કરવાથી થતો જલોદર બાર વર્ષના વ્રતથી, પાપ કર્મથી જન્મતો ભગંદરનો રોગ એક વર્ષનું વ્રત કરવાથી, એક વર્ષના વ્રતથી તાવ અને અતિસાર તથા ત્રિદોષ છ વર્ષના વ્રતથી મટી ગયાં. હવે બ્રાહ્મણે (વિષ્ણુદત્તે) તેને હૃદયસરસો ચાંપીને ઉપનિષદમાં આવેલા મંત્રનો જપ કહ્યો તેનાથી (મંત્રજપથી) પેલા (દ્વિજપુત્રે) તદ્દન નીરોગી બની ઐશ્વર્ય, આયુષ્ય, સંતતિ, કીર્તિ, દિવ્ય ગતિ, શ્રીદત્ત પ્રત્યેની ભક્તિ અને આ લોક અને પરલોકમાં સદ્દ્ગતિ મેળવી.

૧૧. (જ્યારે) તે સતી પત્નીએ આ બ્રાહ્મણને પિતા તરીકે પસંદ કરી સ્વીકાર્યો. ઈચ્છા વિનાનો (નિઃસ્પૃહી) બ્રાહ્મણ પણ સદ્દ્ગતિ પામ્યો.

૧૨. જેમ ક્રમપ્રમાણે રોગો નાશ પામતાં છેવટે રસાયન (શરીરને) પુષ્ટિ આપનારું બને છે, તેવી રીતે અવિદ્યાથી દોષ નાશ પામતાં શાસ્ત્રોમાંથી બોધ (પ્રાપ્તિ થતાં) (અને છેવટે) 'રસ' (પરમાનંદ) અનુભવાય છે.

નોંધ : (જો આમ હોય તો વેદશાસ્ત્રનિર્દિષ્ટ કર્મફળ નિત્ય ગણાય અને જ્ઞાન કરતાં એનું મહત્ત્વ વધી જાય. પ્રત્યુત્તર રૂપે હવે પૂ. ટેંબે સ્વામી જણાવે છે) :

૧૩. થી ૧૪. કોઈ એક બ્રાહ્મણી - માતાએ મિષ્ટાન્ન ખાવાથી માંદા પડેલા, દુઃખી થતા (પોતાના) પુત્રને "લીમડાનો રસ પી," એમ કહ્યું, પરંતુ દીર્ઘદૃષ્ટિ વિનાના એણે તે પીધો નહીં, (એટલે) "હું તને લાડુ ખાવા આપીશ," એમ માતાથી કહેવાતાં તેણે (પુત્રે) તે (નિમ્બરસ) પીધો, જો કે તેના હાથમાં (લાડુ) આપ્યો પણ એ (લાડુ) એના માટે પથ્ય નથી એવી શંકાથી (લીમડો પીધા પછી) યુક્તિપૂર્વક લાડુ (પાછો) લઈ લીધો.

૧૫. આમ લાડુના દૃષ્ટાંતની માફક (કર્મનું) ફળ ગૌણ છે, જ્યારે જેવી રીતે (લીમડાના પાનથી મળતા) આરોગ્યનું ફળ (મુખ્ય છે, તેમ (અહીં) સર્વોત્કૃષ્ટ (મોક્ષરૂપી) 'પર' (પ્રાપ્તિ) ફળ મુખ્ય છે. (અહીં) રોગી બાળક,સંસારૂપી આધિથી પીડાતા માટે (દૃષ્ટાન્ત) છે, જ્યારે માતા શાસ્ત્રરૂપી ઠંડક આપનાર છે.

૧૬. સ્વર્ગ (પ્રાપ્તિ) માટે, ઈચ્છા પ્રમાણેના ભોગ ભોગવવા માટે, શત્રુને હણવા માટેનો આ શાસ્ત્ર-રાશિ બુદ્ધિની શુદ્ધિ કરવા માટે છે, નહીં કે કોઈને વશ કરવા માટે.

૧૭. કોઈ એક બ્રાહ્મણની દેખાવડી પત્નીને જોઈને, એનો પ્રિયપતિ બીજે ગામ ગયો ત્યારે, તેનું (બ્રાહ્મણનું) રૂપ ધારણ કરી એક ઝોટિંગ તેની પાસે પહોંચી ગયો.

૧૮. જે દુરાચારી (અને) કામવાસનાથી પીડાતો બ્રહ્મચારી એની અવસ્થામાં મૃત્યુ પામે તો તે સામનો ન કરી શકાય તેવી અને (કામમાં) લમ્પટ એવી ઝોટિંગ - યોનિ મેળવે છે.

૧૯ થી ૨૦. "કેમ વહેલા પાછા ફર્યા ?" - એવું (જ્યારે) સતીએ પૂછ્યું. ત્યારે (પત્નીથી) સત્કાર પામેલો તે બોલ્યો, "જેના માટે હું ગયો હતો, તે રસ્તામાં મળી ગયો (અને મને) કહ્યું કે હમણાં કાર્ય સાધી શકાય તેમ નથી. તેથી એક માસ પછી આવો, તેથી હું જલદી પાછો ફર્યો". આ રીતે તે સાધ્વીને છેતરીને તેને વશ કરી લીધી.

૨૧ થી ૨૨. તેની (ઝોટિંગની) છેતરપિંડીને ન જાણનારી તે માનુની (સતી) તેના વશમાં આવી ગઈ અને તેની ધૃષ્ટતા, જોર, કામ ભોગવવાની શક્તિ, તેની વિકારી ચેષ્ટાઓ બધું (પતિથી) અલગ પડે છે, એવું જાણવા છતાં, (અને એનાથી) દુઃખી થવા છતાં (પતિને) ગમશે નહીં (એવું માની) બોલી શકી નહીં; તેના (ઝોટિંગ) વિશે મનમાં શંકા થવા છતાં ના પાડવા (અસ્વીકાર કરવા) સમર્થ બની નહીં.

૨૩. એક માસ પછી આવેલા ગૃહપતિએ (તે સતી સ્ત્રીના સાચા પતિએ) તેને (ઝોટિંગને) જોઈને કહ્યું, "હે નીચ ! મારું રૂપ ધારણ કરનારો તું કોણ છે ? મારી પત્ની, ઘર, દ્રવ્ય (બધું) કેમ પચાવી પાડ્યું છે ?"

૨૪. થી ૨૫. પેલાએ (ઝોટિંગે) કહ્યું, "હે દુષ્ટ ! (આ) ઘરનો માલિક હું છું; મારું રૂપ ધારણ કરનાર તું કોણ છે ? (આમ) બંને પરસ્પર 'તું દુષ્ટ છે, તું નીચ છે' - એમ ઝઘડવા લાગ્યા ત્યારે તે બંનેને જોઈને, તેમજ બંનેને એક જ રૂપવાળા જોઈને મિત્રો, સાસરી પક્ષનાં સગાં વગેરે આશ્ચર્યમાં પડ્યાં ! પત્નીએ (પતિને) એકાંતમાં (દુષ્ટ ઝોટિંગ વિશે) કહ્યું, ત્યારે એ જાણીને બ્રાહ્મણ (ખૂબ) દુઃખી થયો.

૨૬ થી ૩૦. બ્રાહ્મણ, ઝોટિંગ, (પોતાની) પત્ની અને સગાંને લઈને વિષ્ણુદત્તના ઘરે ગયો અને બધું વૃતાન્ત નિવેદિત કર્યું (ત્યારે) તેણે (વિષ્ણુદત્તે) જાણવા છતાં તે બંનેને કહ્યું, "(તમારાં બંનેનાં) રૂપ, શીલ, ઉંમર (શરીરની) અવસ્થા, અવાજ, દેખાવ, આકાર, ચાલવાની ઢબ, નામ, ગોત્ર, કુલ વગેરે એક છે; તો હવે સાચું શું છે, તે કહો; મને ક્ષમા કરો. હું આનો નિશ્ચય કરવા માગું છું." એમ કહી (એકને) કપાળમાં (ચન્દનની) છાપ અને બંનેને મંત્રો સહિત સાત છાપ આપી (વિષ્ણુદત્તે) સભામાં એ બંનેને પૂછ્યું, "તારા ઘરમાં ધાતુનાં વાસણ, કપડાં, અન્ન વગેરે તેમજ તારી પત્નીનાં ગુપ્ત અને ખુલ્લાં ચિહ્નો ક્યાં છે, તે બધું લખીને તમારે જણાવવાં જરૂરી છે, "એમ કહી સભામાં બંનેને (એક -બીજાથી) દૂર બેસાડ્યા; (પછી) બ્રાહ્મણે કહ્યું, "આ બેમાંથી કોણ સાચો (તે) કહે."

૩૧ થી ૩૨. તેણે (બ્રાહ્મણીએ) જવાબ આપ્યો, "જે હમણાં મારો ઉપભોગ કરે છે, એની વાણીમાં ઘણો વિપર્યાસ હોય છે, (જ્યારે) બીજાની બોલીમાં સત્યતા હોય છે." 'ભલે' - એમ કહીને તે બ્રાહ્મણે (વિષ્ણુદત્તે) (તે બંનેને) કહ્યું, "હે (બંને) વિપ્રો ! આ પાંચ કોશ જેટલું ખેતર છે; એની પ્રદક્ષિણા કરી જે જલદી પહેલો આવશે, તે વિજયી ગણાશે."

૩૩. થી ૩૪. 'ભલે' - એમ કહી બંને ગયા. તેમાં (પેલો) પિશાચ તો અડધી ક્ષણમાં પરિક્રમા કરી (પાછો) આવી ગયો અને ત્યાં કહ્યું કે 'મેં' પ્રદક્ષિણા કરી લીધી છે !' (અને) સભામાં, રસ્તામાં આવતાં બધાં મંદિરો કે અન્ય ચિહ્નો સ્પષ્ટરીતે કહી બતાવ્યાં.

૩૫. તે સાંભળીને બધા સભ્યો આશ્ચર્ય પામી પરસ્પર કહેવા લાગ્યા, " આ મનુષ્ય-ચેષ્ટા હોઈ શકે નહીં, આ ભૂત-યોનિનો છે એમાં શંકા નથી."

૩૬. થી ૩૭. (જ્યારે) બ્રાહ્મણ (સતી) સ્ત્રીનો સાચો પતિ તો અડધો દિવસ વીત્યા પછી આવ્યો અને (બધું ફરી શક્યો ન હોવાથી) અધૂરું જાણતો હતો, એવું કહ્યું, વિષ્ણુશર્માએ ફરી કહ્યું, "આ પર્વત પર કેટલા સિદ્ધો (વસે) છે તે, તેમનાં નામ, ગોત્ર વગેરે બધું પૂછી, પર્વતની પ્રદક્ષિણા કરી, જે જલદી પહેલો પાછા આવી, કહી શકશે, તે વિજયી ગણાશે.

૩૮. આ પ્રમાણે તે બંનેને કહેવામાં આવતાં (બંને) ગયા. (પેલો) પિશાચ (તો) અડધા મુહૂર્તમાં (એક ઘડીમાં) પાછો ફર્યો, અને જે કંઈ પૂછવામાં આવ્યું તે બધું કહી જણાવ્યું.

૩૯. (જ્યારે) બ્રાહ્મણ તો પાંચ પ્રહર પછી આવી, દુઃખથી સાચું બોલ્યો, "સિદ્ધો જ જોવા ન મળ્યા ! (ત્યાં) તેમનાં નામ, ગોત્ર વગેરેની વાત જ શી કરવી ?"

૪૦. થી ૪૧. આ સાંભળી બ્રાહ્મણ પર (બધા) સભાજનોને અત્યંત વિશ્વાસ બેઠો. વિષ્ણુશર્માએ ફરી કહ્યું, "એક પરીક્ષા બાકી રહે છે," - એમ કહી એક લોખંડનું કમંડળ મૂકી બંનેને કહ્યું, "(આ પાત્રમાં ) મુખ વડે પ્રવેશી નાળચામાંથી બહાર નીકળી (તમારી) સ્ત્રીને ગ્રહણ કરો."

૪૨. થી ૪૩. આમ કહેતાં જ (પેલો) ભૂત તો જલદીથી સૂક્ષ્મ રૂપવાળો બની (અંદર) દાખલ થયો. (તરત જ) બ્રાહ્મણે (વિષ્ણુશર્માએ) એની (પાત્રની) રક્ષા બાંધી શ્રીભગવાનનું ધ્યાન ધરી, મંત્રનો જપ કર્યો (આ કહ્યું), "હે ઈન્દ્ર શ્રેષ્ઠ (ભગવાન) ! આ કઠોર, દુર્મુખ, દુષ્ટ એવા પિશાચને મંત્ર સામર્થ્યથી બાંધીને એના બધા સ્વાર્થનો નાશ કર."

૪૪. આ રીતે પાત્રનું મુખ અને નાળચું બંધ કરી દીધું. પાત્રના વચમાં રહેલો પિશાચ ખૂબ દુઃખી થયો; આ રીતે બંધાયેલા તેને (પેલા) મોટા પર્વત પર છોડી દીધો.

૪૫. થી ૪૬. (તેથી) સતી સ્ત્રી, વિપ્ર અને બધા સભાસદો ખૂબ હર્ષ પામ્યા. બ્રાહ્મણે (વિષ્ણુદત્તે) તેને કહ્યું, " મેં તો જોતામાં જ જાણી લીધું હતું કે આ મહાદુષ્ટ ઝોટિંગ (ભૂત) છે, (પરંતુ) એકદમ એને (એ રીતે) પકડતાં મારા પર ખોટું આળ આવે અને તેથી લોકોની શંકાને નિર્મૂળ કરનારો આ ક્રમપૂર્વકનો પ્રયત્ન મારે કરવા પડ્યો.

૪૭. જેમ શાસ્ત્રોનું ક્રમપૂર્વક ઉત્તરોત્તર ખંડન કરી,[1] અજ્ઞાનનો અંત લાવી સત્ય- પ્રતિષ્ઠા બ્રહ્માત્મૈક્ય કરાય, તેમ અહીં ક્રમપૂર્વક પ્રતિક્રિયા કરવામાં આવી, જેથી કોઈ શંકાને અવકાશ ન રહે.

૪૮. પ્રથમ પ્રયત્નમાં (પત્ની તથા સભાસદોનો) કંઈક વિશ્વાસ (ઊભો કરાયો), બીજામાં એનાથી વિશેષ. ત્રીજામાં તો શંકા (તદ્દન) નિર્મૂળ થઈ, જ્યારે ચોથા (પ્રયત્ન) માં (તો) અધમનો નાશ થઈ ગયો !

૪૯. પછી બધા (સભાજનો) તેના (વિષ્ણુશર્માના) આદેશથી જેમ આવ્યા હતા, તેમ, તેને નમન કરીને પાછા ગયા; પેલી સતી સ્ત્રી પણ નિંદા પામ્યા વિના, હર્ષ પામતી પોતાના પતિને મેળવી (ઘેર) ગઈ, તે જ રીતે પેલો દ્વિજ (પતિ) પણ (ગયો).

૫૦. એજ રીતે શાસ્ત્રોના ક્રમપૂર્વના પ્રયત્નથી જેમની શંકાઓ નિર્મૂળ થાય છે, તેઓ સંદેહ વિના, પહેલેથી સિદ્ધ જ છે એ, આત્માના આનંદને પ્રાપ્ત કરે છે.

૫૧. (આમ) ઊંચે (સ્વર્ગ વગેરેમાં) ગયા પછી પણ ભોગ પૂરા થતાં (પંચાગ્નિ પ્રકારથી)[2] વનસ્પતિમાં, તેમાંથી પુરુષમાં, (પછી) સ્ત્રી- પુરુષની સંભોગક્રીડાથી શુક્ર અને રક્તમય બની (સ્ત્રીના) ગર્ભાશયમાં દાખલ થાય છે.

૫૨ થી ૫૪. પહેલાં પાંચ રાત્રિ મર્યાદામાં કલલ, સાત રાત્રિમાં પરપોટાના રૂપમાં, એક પખવાડિયાની મર્યાદામાં પેશીની અવસ્થામાં, પછી એ ગર્ભ અર્બુદ બની ઘન બને છે. એક મહિનામાં ગર્ભ કઠણ બની જાય છે, બીજે મહિને એને મસ્તક, ત્રીજે (મહિને) હાથ વગેરે, ચોથા મહિને ચામડી, પાંચમા મહિને રોમ, નખ વગેરે, છઠ્ઠે છિદ્રો, સાતમા મહિને ચૈતન્ય, આઠમે બુદ્ધિ, પછી સ્મૃતિ પછી (નાભિની) નાના બાકોરામાંથી મળતો રસ ખાય છે અને પીડાતો હોવા છતાં દૈવયોગથી મૃત્યુ પામતો નથી.

૫૫. હવે એ સ્તુતિ કરે છે, "હે ભગવન્ ! હે ભવ ! હે આર્ય ! મને આ ચારે બાજુની દુર્ગતિમાંથી છોડાવ, હવેથી હું તારું ભજન કરીશ; જેથી મારી હવે પછી આવી (ખરાબ) ગતિ થાય નહીં.

૫૬. આ પ્રમાણે સ્તુતિ કરતો તે જીવાત્મા પ્રસૂતિના વાયુથી ધકેલાતો, મેળવેલી (પૂર્વની) બુદ્ધિસ્મૃતિને ભૂલી જઈ, જન્મ મેળવી પરમાત્માની માયાથી મોહ પામતો સતત રુદન કરે છે.

૫૭. (પોતાને) ન ગમતું હોય તેવું મેળવતો, બેસવું, ઊઠવું વગેરે ચેષ્ટા કરતો, પરાધીન બની (ભૂખ સંતોષવા) ખાય છે, અને દુઃખ કહેવા માટે અશક્ત હોય છે.

૫૮. બાલપણમાં ક્રીડા, યૌવનમાં સંભોગ, વૃદ્ધાવસ્થામાં ચિંતાથી ઘેરાયેલો આ અજ્ઞાની (જીવાત્મા) ફરીથી પાછો જન્મ લે છે; જો જ્ઞાની બને તો એની શીઘ્ર મુક્તિ થાય છે.

---

૧. ચાર્વાકનું બૌદ્ધ વગેરેથી, તેનું સાંખ્ય વગેરેથી, સાંખ્યનું મીમાંસા વગેરેથી, મીમાંસાનું અદ્વૈતવેદાન્ત વગેરેથી ઉત્તરોત્તર ખંડન કરવું જોઈએ.

૨. ઉપનિષદમાં પંચાગ્નિ વિદ્યા છે.

# ત્રીજા અષ્ટકનો આઠમો અધ્યાય
# બાળક અને વિદ્વાનની ચેષ્ટાનો ભેદ અને બંધ-મોક્ષનું મિથ્યાપણું

૧. આ (અપરોક્ષ) અને છતાં પરોક્ષ, વ્યાપક, તેજસ્વરૂપ (સ્વયંપ્રકાશ ચૈતન્ય), આનંદરૂપ (બંને પ્રકારના બ્રહ્મને જાણતો હોવા છતાં બોધ અસ્થિર હોવાથી તે આત્મજ્ઞાની દ્વૈતથી ભય પામે છે; (કેવી રીતે) તે સાંભળ.

૨. પ્રતિષ્ઠાન નામે નગરીમાં જ્ઞાન-વિજ્ઞાન-પરાયણ કોઈએક બ્રાહ્મણ, પૂર્વજન્મના અભ્યાસને લીધે જન્મથી જ મુક્ત પિશાચવત્ (રહેતો) હતો.

૩. તે લોકોના સંગથી ડરતો. વિષયો પ્રતિ વિષાદવાળો (હતો), અને માન (મળે તેની) ની પણ ભીતિવાળો હોઈ, સર્વજ્ઞ હોવા છતાં (જાણી બુઝીને) બુદ્ધિથી ખરાબ ચેષ્ટાઓ કરતો.

૪. થી ૫. આ (બાળક) જન્મથી જ ગ્રહોથી સપડાયેલો (પીડા પામતો) છે એમ માની (તેના) મા-બાપે પુત્ર પ્રત્યેના વાત્સલ્યને લીધે વ્રત,ઉપવાસ, નિયમપાલન, જળ, શાંતિપાઠે, દેવપૂજન, રક્ષાબંધન, સારાં તીર્થોની યાત્રા, દાન આપવું, દવા કરવી વગેરે પ્રયત્નોથી ઉપાયો કરવા માંડ્યાં.

૬. (તે બાળક) સ્વસ્થ થયો નહીં, એ (મા-બાપ) બંનેના પ્રયત્નો નિષ્ફળ ગયા. તે (બાળક) મલ-મૂત્ર, ભક્ષ્ય, પીણું, અનાજ (નો ભેદ) જાણતો ન હતો (જાણવા છતાં ઉદાસીન રહેતો).

૭. ઊભા-ઊભા કે સૂતાં-સૂતાં (ફાવે તેમ) મલવિસર્જન કરતો, અર્થ વિનાનું (સંગતિ વિનાનું) ગમે તેમ બોલતો, અને હિત શું છે? અહિત શું છે ? તે (કશું) જાણતો ન હતો. (જાણવા છતાં અલિપ્ત રહેતો).

૮. આઠમા વર્ષે ઉપનયન સંસ્કાર આપવા છતાં તે ગાયત્રીનો જપ કરતો ન હતો; મોટા અવાજે ભણવા છતાં તે સંધ્યા વંદન કરતો ન હતો.

૯. થી ૧૦. (એવામાં) વિષ્ણુદત્તનું માહાત્મ્ય સાંભળી તેના મા-બાપ તેને (વિષ્ણુદત્તના) ઘરે લઈ જઈ ખિન્ન બની કહેવા લાગ્યા, "હે બ્રહ્મનુ ! રે પિતા ! અમને બચાવો, આ એક જ પુત્ર જન્મ્યો છે, જે જન્મથી જડ છે; કાં તો એ ગ્રહોથી પીડાય છે અથવા માંદો છે; તમે (એ) બધું જાણીને અમને જીવનદાન આપો.

૧૧. તે બ્રાહ્મણે (તે) પુત્રને 'મુક્ત' જાણી તેના માબાપને કહ્યું, "તમે ઘેર જઈ ભોજન કરી આરામ કરો. તમારો દીકરો ભલે અહીં (મારે ઘેર) રહે.

૧૨. થી ૧૩. આમ કહેવાતાં તે બંને જમવા માટે (ઘેર) ગયાં. તે વિષ્ણુદત્તે તેને પૂછ્યું, "તું કોણ (કઈ જાતિનો) છે ? કોનો (પુત્ર) છે કેમ આવ્યો છું ? તારું શું કાર્ય છે ? , તું શું કરીશ ? તારા પિતાને ઘેર જા; નિરાંતે ઉત્તમ ભોજન કર; મારે તારું શું કરવું ? ચેષ્ટા છોડી દે અને હવે તું બોલ (કંઈક કહે)."

૧૪. આ રીતે કહેવાતાં તે (બાળક) બોલ્યો, "જેને આત્મત્ત્વનો બોધ થયેલો છે. એવા મારા માટે સંબંધ કેવો ? હું શું કરું ? ક્યાં જાઉં? શું ગ્રહણ કરું ? શાનો ત્યાગ કરું ? (અર્થાત્ હું સર્વ વાતે તટસ્થ છું )

૧૫. આ સર્વ (વિશ્વ) કલ્પકાળના પાણીની જેમ સત્-ચિત્-આનંદ સ્વરૂપ પરમતત્ત્વ (મારા) થી વ્યાપ્ત છે; હું 'અન્ન ખાનાર' છું, અને 'અન્ન' પણ હું જ છું. સુખસ્વરૂપ એવા મારે ક્યાં ભોજ્યની જરૂર ?

૧૬. આ સાંભળી તેને (બાળકને) આલિંગન આપી શ્રીદત્તના ભક્તે (વિષ્ણુદત્તે) આનંદથી તેને કહ્યું, "તો પછી હે જ્ઞાની ! તું આચરણ કરીશ તો તેમાં (તને) ક્યો દોષ થવાનો છે !,....

૧૭ થી ૧૮. (શુભેચ્છા આદિ[1] સાત ભૂમિકાઓમાંથી) **પ્રથમ ત્રણ**[2] ભૂમિકામાં (રહેનારની) **જાગૃતિ** (અવસ્થા) ગણાય છે; ચોથી[3] માં (રહેનારની) **સ્વપ્ન** (અવસ્થા) છે, અહીં (સાધક) **બ્રહ્મવિત્‌** (કહેવાય છે) પાંચમી[4] માં (રહેનારની) **નિદ્રા** (અવસ્થા) અને (સાધક) બ્રહ્મવિદ્વર (કહેવાય છે); છઠ્ઠીમાં (રહેનારની) **ગાઢસુષુપ્તિ** (અવસ્થા) અને (સાધક) વરીયાન્‌ (કહેવાય છે), (અહીં) સાધક જાતે ઊઠી શકતો નથી, અન્યથી ઊઠે છે, પણ તે કર્મ તો કરે છે; જ્યારે છેલ્લી (સાતમી) **તુર્યા** (અવસ્થા) છે, (જેમાં રહેનારો) વરિષ્ઠ (કહેવાય) છે, જે જ્ઞાની છે અને (જાતે કે અન્યથી એનું વ્યુત્થાન અશક્ય હોવાથી) અક્રિય છે. "તું એવો નથી," (તેથી કર્મ કર).

૧૯. તું (જીવન મુક્ત) રહી સુખમાં રહે, બીજાઓને ઉપદેશ માટે કર્મો કર, દેહાભિમાન એ જ બંધ છે, એનો ત્યાગ એ જ મુક્તિ કહેવાય છે.

૨૦. થી ૨૧. "જેણે આત્મદર્શન કર્યું છે, તેને અહં-મમ સંબંધ ક્યાંથી સંભવી શકે ? જેનો અંહકાર નષ્ટ થયો છે, તેને માન-અપમાનથી જન્મતો દોષ ક્યાંથી લાગે ? (અને) માન-અપમાનના અભાવે વિષયવાસનાથી (જન્મતી) વિક્રિયા ક્યાંથી (હોય) ? તેથી નિરહંકારી આનું (બાળકનું) મન **સમાધાન** અવસ્થાવાળું હોવાથી મુક્ત છે.......

૨૨. આમ હોવા છતાં પણ મૂઢ જો બન્ધન પામતો ન હોય તો તારે તો શું (થવાનું) છે ? મન વિષયાસક્ત હોય તો બંધ ઊભો થાય, તે જ (મન) વિષય વિનાનું બને તો **મુક્ત** છે,.....

૨૩. થી ૨૪. જેમ પરપુરુષના વ્યસનવાળી સ્ત્રી (પોતાના) ઘરના કાર્યમાં પરોવાયેલી હોવા છતાં અંતઃકરણમાં તો પરપુરુષના સંગના રસાયણનો જ આસ્વાદ માણે છે, તેવી રીતે બ્રહ્મમાં વિશ્રાંતિ પામેલો (બ્રહ્મનિષ્ઠ રહેતો), સમાધાન પામેલા મનવાળો, (અને) સારી પ્રજ્ઞાવાળો (જ્ઞાની) બહારનો (લૌકિક) વ્યવહાર કરતો હોવા છતાં અંતઃકરણમાં તો તેનો જ (બ્રહ્મરસનો) આસ્વાદ માણ્યા કરે છે,........

૨૫. હે અંગ (આત્મીય) ! સ્વર્ગના પાછલા ભાગમાં મોક્ષ નથી, તે જ પ્રમાણે પાતાલમાં કે પૃથ્વી પર મોક્ષ મળતો નથી; અહંકાર અને મોહ નાશ એ જ મોક્ષ છે, બીજો નહીં.....

૨૬. ફૂલને કચડવું કે દૃષ્ટિથી (આમ તેમ) જોવું, તેના કરતાં પણ (એ બે ક્રિયામાં શ્રમ પડે તેના કરતાં પણ ) સહેલો અહંકારનો ત્યાગ છે; હે પ્રાજ્ઞ ! એમાં લગીરે કલેશ થતો નથી; .......

૨૭. સ્ફૂર્તિ, ભ્રાન્તિ, ગતિ, વ્યાપ્તિ, સંકતિ વગેરે (ચેષ્ટાઓ) ચંચલ મનની ચેષ્ટાઓ છે, એમ જાણી, એનાથી વિમુખ રહી (સાક્ષી ભાવ કેળવી), એનાથી પર રહી તું સુખી બન,.....

૨૮. હું તને બંધનમાં નાખતો નથી; માતા પિતાના પ્રેમનો વિચાર કરીને, થોડો સમય તું આમ (વર્તીને) રહે; હે આત્મદર્શન કરનાર (બાળક) ! તેનાથી (આ રીતે રહેવાથી) તને બંધ લાગશે નહીં."

૨૯. આ રીતે કહેવાતાં તેણે (બાળકે) 'ભલે' એમ કહી તેને (વિષ્ણુદત્તને ) ઘેર ભોજન જમી, સાધ્વી (વિષ્ણુદત્તની પત્ની) ના અન્નના માહાત્મ્યને લીધે સંગદોષભય અને કલ્પિત ચેષ્ટાઓ ત્યજ્યાં.

૩૦. થી ૩૧. માબાપે તેને (બાળકને) શાંત જોઈને બ્રાહ્મણને (વિષ્ણુદત્તને) વંદન કરી પૂછ્યું, "હે પ્રભુ ! આને (મૂઢતા- પીડામાંથી) જલદીથી છોડવનારી કઈ દવા કે મંત્રનો ઉપયોગ કર્યો ? હે બ્રહ્મન્‌ ! (તમે) અમને નવું જીવન આપ્યું છે." એમ કહી બંને (માતાપિતા) ઘેર ગયાં. તેનાથી (વિષ્ણુદત્તથી) આદેશ પામેલો તે નીડર પુત્ર પણ આત્મામાં સંગ રાખી ઘેર રહ્યો.

---

૧. સાત ભૂમિકાઓ : (અ) શુભેચ્છા, (બ) વિચારણા, (ક) તનુમાનસા, (ડ) સત્ત્વાપત્તિ, (ઈ) અસંસક્તિ, (ફ) પદાર્થભાવિની અને (જ) તુર્યા.

૨. શુભેચ્છા, વિચારણા, તનુમાનસા

૩. સત્ત્વાપત્તિ

૪. અસંસક્તિ

૫. પદાર્થભાવિની

૩૨. તેથી બધાં શાસ્ત્રોનું તાત્પર્ય તો 'એક -અદ્વિતીય (બ્રહ્મ) માંજ સમાયેલું છે. (આવું) ન જાણનારને ડગલે-પગલે ભય રહેલો છે; આ વિજ્ઞાનરૂપી અમૃતનો સાગર છે, એમાં ભય માત્ર અવશિષ્ટ છે.[1]

૩૩. થી ૩૪. (આત્મૈક્ય વિશે) પ્રબુદ્ધ હોવા છતાં જેમ, બ્રાહ્મણપુત્ર સંગદોષના ભયમાત્રથી ઘેરાયેલો હતો, તે જ રીતે બધા મનુષ્યો ખોટી રીતે મોહમાત્રથી ઘેરાયેલા રહે છે. હંમેશાં પરમ ચૈતન્યપુંજ એવા આત્મતત્ત્વની અનુભૂતિ કરવા છતાં પોતાને 'હું કર્તા, હું વિકર્તા, હું દાતા, હું બધાં સુખ દુઃખનો ભોક્તા છું' - (એમ માને છે).

૩૫. (સાચી રીતે તો) હું કોણ છું ? (આ બધા) કોણ છે ? ક્યાંથી મોહ (હોય) ? સુખ શેમાં છે ? વગેરેનું ચિંતન કરી, નિત્યયુક્ત હોવા છતાં ભ્રાન્તિથી બહાર દોડે છે અને મોહ પામે છે.

૩૬. જેમ નાકની નથણી (नासाभूषा) ગળામાં ધારણ કરી હોવા છતાં, એ ભૂલી જવાથી એનાથી અજાણ બનેલી સ્ત્રી 'મારું' એ (આભૂષણ) ખોવાઈ 'ગયું,' એમ શોક કરે છે, તે પ્રમાણે જ વિષયોમાં રત રહેલો માણસ 'આત્મા' વિશે શોક કરે છે.

૩૭. તે (આત્મજ્ઞાન) માટે બધાં જ શાસ્ત્રો (વિભિન્ન) પ્રકારે બોધ આપે છે અને ક્રમ પ્રમાણે કેવળ મોહનો નિરાસ થાય' - એ (હેતુ સધાય ત્યાં) આવીને અટકી જાય છે.

૩૮. શાસ્ત્રો મોટાં હોય કે નાનાં હોય પણ ખરેખર તો અણુ જેટલો પણ ભ્રમ (ઉત્પન્ન કરવા) માટે નથી હોતાં, (તેથી) હે ઈન્દ્ર ! તારી બુદ્ધિથી એનો વિચાર કરી આ (અમુક શાસ્ત્ર) સારું છે કે બુરું છે, તે કહેજે.

૩૯. (ગુરુથી) આ પ્રમાણે જેને કહેવાયું છે તે ઈન્દ્ર નમન કરી કહેવા લાગ્યો, " હે ગુરુ ! તમે સાચું કહ્યું; મેં અતિક્રમ કર્યો તે માટે ક્ષમા કરો; આજે મેં શાસ્ત્રોનું સાચું તાત્પર્ય જાણ્યું."

૪૦. શ્રીદત્તે કહ્યું, "હે શ્રેષ્ઠ રાજવી ! આ સંવાદ (ઈન્દ્ર બૃહસ્પતિનો) મેં (તને) કહ્યો; (અહીં) શાસ્ત્રો એક-બીજાની વિરુદ્ધ ક્યાં છે? બધાં એક જ તત્ત્વ (અદ્વૈત બ્રહ્મ) નું પ્રતિપાદન કરનારાં છે.

૪૧. આકાશમાં મનોવેગ જેવી ઝડપીગતિ વગેરે યોગથી પ્રાપ્ય વિવિધ સિદ્ધિઓ છે; આ બધું નાશવંત છે, એમ જાણજે. કેવળ એક મોક્ષ જ સનાતન છે.

૪૨. એ (મોક્ષ) પણ આત્માનો કેવળ ઉપચાર છે. બંધ જ ક્યાં છે ? પછી એના મોક્ષની વાત જ ક્યાં સંભવે ?[2] આ તો અજ્ઞાની માણસને બોધ આપવાની એક વ્યવસ્થા બનાવી છે.

૪૩. બ્રહ્મ સત્ય (સ્વરૂપ), જ્ઞાન (સ્વરૂપ), આનન્દ (સ્વરૂપ) છે, જે અચિંત્ય અને રૂપ વગરનું છે; અહીં સત્ (કાર્ય) અને અસત્ (કારણ) થી પણ પર જે (બ્રહ્મ) છે; તેના ભ્રમને લીધે નામ - રૂપની કલ્પના કરાય છે.

૪૪. (અહીં શંકા ઊઠે કે જો બધું જ કલ્પિત હોય તો આત્મતત્ત્વનો બોધ આપનાર વાક્યો પણ મિથ્યા અને અંતે આત્મતત્ત્વ પણ મિથ્યા ઠરે - એ શંકાના નિરાસ માટે કહે છે) ભ્રમ માત્ર મોહ સ્વરૂપ છે અને અનાદિ છે; એના જ નાશ માટે સત્ - વસ્તુ (આત્મતત્ત્વ) ને લક્ષ્યમાં રાખી શ્રુતિ વાક્યો-સંબંધો વગેરે છે (અર્થાત્ શ્રુતિવાક્ય સાધ્ય નથી પણ શાખા-ચંદ્ર ન્યાયે એના દ્વારા અપરોક્ષ આત્મતત્ત્વની અનુભૂતિ કરવાની છે, જે માટે ભ્રમ નિરાસ કરવાનો છે).

૪૫. જીવ, ઈશ્વર - આ બેનો ભેદ, અવિદ્યા, ચિત્, આ બેનો યોગ (જોડાણ) - આ છ આપણા અનાદિ છે; સાચી રીતે તો જીવ ઈશ્વરની કલ્પના જ મિથ્યા છે.

૪૬. જેમ છીપોલીમાં રૂપું અને સૂકા ઝાડના ઠૂંઠામાં ચોરની કલ્પના થાય છે, એ પ્રમાણે આત્મામાં (જીવ-જગત વગેરે ની કલ્પના); પણ (સાચી રીતે તો) અ વિદ્યા જ નથી, તો પછી પરમાત્મામાં યોગ કે ભેદની વાત જ ક્યાંથી સંભવે ?

---

૧. શાસ્ત્રોમાંથી શ્રુતિને અનુકૂળ તર્ક દ્વારા અદ્વૈતનિષ્ઠા જ પ્રાપ્ત કરવી, કારણ શાસ્ત્રો વિભિન્ન મત-સિદ્ધાંત પ્રતિ દોરી જાય અને તેમ કરતાં કેવળ ભય જ અવશિષ્ટ રહે, કારણ અદ્વૈતે ભયનાશ અને દ્વૈતમાં ભય જ રહે.

૨. ગૌડપાદકારિકાઃ न निरोधो न चोत्पत्ति र्न बन्धो न च साधकः । न मुमुक्षुर्न वा मुक्त रित्येषा परमार्थता ।

૪૭. મિથ્યા ભ્રમ પણ અનર્થ ઊભો કરનારો છે કારણ કે ભેદ વિશેષ મોહ જનાવે છે; તેના નાશ માટે યોગ વગેરે છે, એ (યોગ) વસ્તુની (બ્રહ્મની) સિદ્ધિ માટે નથી.

૪૮. (કારણ) સત્ વસ્તુ (બ્રહ્મ) તો સ્વયં પ્રકાશ છે, એ (પોતાના પ્રકાશ માટે) બીજા કશાની અપેક્ષા રાખતું નથી ભ્રમ માત્રથી જ (ભેદ) વિકલ્પ હોય છે; તે વસ્તુમાં હોતો નથી.

૪૯. (સત્ય તો એ છે કે) દ્વૈત (વર્તમાનમાં) છે નહીં, પહેલાં (ભૂતકાળમાં) હતું નહીં, તેમજ અનર્થ ઉપજાવતા એ ભવિષ્યમાં પણ નહીં હોય; છતાં તે દેખાય તો છે તે ઇન્દ્રિજાલની માફક મનોમય હોઈ (મનની ઉપજ હોવાથી) મિથ્યા છે.

૫૦. આ અખિલ જગત્ (અનેકપણું) ભ્રમ જ છે, એનો સંસાર[૧] પણ ભ્રમજ છે. (તેથી) એમાં જો ભ્રમનો નાશ થાય તો કેવળ એક આત્મતત્ત્વ જ શેષ બાકી રહે.

૫૧. માટે જ્ઞાન અને યોગમાં પરાયણ પુરુષ ભ્રમનું નિરસન કરી, પરમાનન્દમાં ડૂબકી મારી પોતાનામાં જ સ્થિત આત્મનિષ્ઠ રહી અહીં ભજે છે.

૫૨. આ પ્રમાણેનું ગુરુ (શ્રીદત્ત) નું વચન સાંભળી જેના (સર્વ) સંશયો નાશ પામ્યા છે, એવો તે અર્જુને (શ્રીદત્ત પાસેથી) પ્રાપ્ત કરેલ બોધની સ્થિરતા માટે ત્ર્યધીશ્વર (શ્રીદત્ત) ને ફરી પૂછ્યું.

---

૧. સતત ચાલ્યા કરે સંસરતિ તે સંસાર.

# ચોથા અષ્ટકનો પહેલો અધ્યાય

## છ લિંગથી શ્રવણ વગેરે તથા (ઔપનિષદિક) મહાવાક્યોની (તાત્ત્વિક) અર્થ-સમજૂતિ

૧. અર્જુન કહે છે : અગ્નિ, સૂર્ય, ચંદ્ર વગેરેને પ્રકાશિત કરનાર આખા વિશ્વને ગતિ આપનાર તને હું પૂછું છું કે જ્ઞાન હું કેવી રીતે મેળવું, (તે) દયા કરીને કહો.

૨ થી ૫. આ રીતે અર્જુને પૂછ્યું (ત્યારે) શ્રીદત્તે કહ્યું, "હે રાજન્! સાંભળ.જે નિત્ય મુક્ત, અવિકારી એકમેવ પરબ્રહ્મ છે, તે પોતાની શક્તિ (માયા) સાથે જોડાય, તો વિદ્વાનો તેને ઈશ્વર (ના નામે) સંબોધન કરે છે; તે (ઈશ્વર) જ વિષ્ણુ, શિવ, બ્રહ્મા છે, તે જ અગ્નિ, ઈન્દ્ર, સ્વરાટ અને હરિ છે, તે સૃષ્ટિકર્તા, કાલ ક્રિયા, કર્તા, જીવન, મૃત્યુ, રોગ, નારાયણ, હૃષીકેશ, (અરે) ભૂત, ભવિષ્ય, વર્તમાન (બધું) તે જ છે. આ સર્વ જે કંઈ વસ્તુરૂપે છે તે સર્વને જોનાર એવો હું જ છું, મિથ્યાભ્રમને દૂર કરવા માટે પરમ ધ્યેયસ્વરૂપ હું જ છું,.....

૬. થી ૭. (આ) ભ્રમનાં પણ (ઘણાં) નામ કલ્પેલાં છે, તે સાંભળ: માયા, અવિદ્યા, પરા, દેવી, મન, અનાદિ, ભ્રમ, ત્રિવૃત્ (ગુણ - સત્વ, રજસ્, તમસ્થી વીંટલાયેલ), પ્રધાન, પ્રકૃતિ, બ્રહ્મ, યોનિ, શક્તિ, કારણ, મોહ, અધ્યાસ, તમસ્, અજ્ઞાન, પ્રસ્વાપ, કારણ (વગેરે એનાં નામ છે),.....

૮ થી ૯ (૧.૨) હવે અવિદ્યા પંચપર્વા છે (જે કારણ છે અને તેના કાર્યરૂપ) મહામોહ, વિક્ષેપ શક્તિ અને આવરણ શક્તિ એમ બે પ્રકારનો છે, (એમાં) પહેલી (વિક્ષેપ)થી ભૌતિક સૃષ્ટિ બને છે, (જ્યારે) બીજી (આવરણ) મુક્ત (જીવાત્મા) અને ઈશ્વર સિવાય (અન્ય સર્વનાં) વિવિધ સ્વરૂપને ઢાંકે છે.

૯ (૨.૪) થી ૧૦. જે અવિદ્યાથી પીડાય છે, જેને પોતાની જાત પર કાબૂ નથી, જે દુઃખી અને ભ્રમયુક્ત તથા અજ્ઞાની છે, તે (મુક્ત નથી એવો) જીવાત્મા છે. (હવે) જે સમષ્ટિ (ચૈતન્ય) છે, તે ઈશ્વર છે, એ સર્વજ્ઞ છે, માયા એના વશમાં છે, એ સ્વરાટ છે, સુખી છે, અને ભક્તના અસત્ત્વાવરણ અને અભાનાવરણને હરનાર ગુરુ પણ એ જ છે.

૧૧. મૂઢજનો માને છે કે જગત્ નિત્ય છે, અને જીવ અને ઈશ્વર પણ (એક બીજાથી) જુદા છે; આ રીતે એક જ વસ્તુ (બ્રહ્મ) માયાને લીધે ત્રણ ભેદવાળી લાગે છે.

૧૨. આની નિવૃત્તિને માટે વેદોએ સર્જન અને પ્રલયની કલ્પના કરી છે; (અલબત્ત) મૂઢ જનો તો એને પણ સત્ય માને છે; આ ભ્રમ જ્ઞાનથી જ નાશ પામે છે.

૧૩. જ્ઞાન વિદ્યા નામે ઓળખાય છે; વિચારમાંથી જન્મેલી આ વિદ્યા પરોક્ષ અને અપરોક્ષ, એમ બે પ્રકારની છે; તેમાં પહેલી (પરોક્ષ) ગુરુમુખમાંથી નીકળતી (વિદ્યા) છે.

૧૪. તે વિદ્યા અમાનિત્વ વગેરે ગુણો અને સાધન (ચતુષ્ટ્ય)[1] થી યુક્ત જાણવી; આ મોક્ષ આપનારી (વિદ્યા) ગુરુ પ્રત્યેની ભક્તિ વિના દુર્લભ છે.

૧૫. જેની (ઈષ્ટ) દેવ પ્રત્યે પરા (અનન્ય અને અનુપમ) ભક્તિ છે, અને જેવી દેવ પ્રત્યે તેવી જ ગુરુ પ્રત્યે ભક્તિ છે તે મહાન આત્માવાળાને જ આ (ઔપનિષદિક) અર્થોનો બુદ્ધિમાં પ્રકાશ થાય છે (સમજાય છે).

૧૬. કેવળ ગુરુના અનુગ્રહથી જ મનુષ્યોને (મોક્ષપ્રાપ્તિ કે જ્ઞાનપ્રાપ્તિનો) વિચાર સુલભ બને છે અને વિચાર (ચિંતન) થી પરમ તત્ત્વ આપોઆપ પ્રકાશિત થાય છે.

૧૭. હે રાજન્ ! તેં સઘળાં (કરેલાં) કર્મો (તથા) યજ્ઞ-યાગ વગેરે (પણ) મને સમર્પણ કરી દીધાં તેથી જ તને આ (જ્ઞાન પ્રાપ્તિ માટેનો) વિચાર આજે સ્ફુર્યો છે,.....

---

૧. ચાર સાધનો : ૧) નિત્ય-અનિત્ય-વસ્તુ-વિવેક, ૨) ઈહ-અમુત્ર-ફલભોગ-વિરાગ, ૩) શમ-દમ-આદિ ષટ્ક, ૪) મુમુક્ષુત્વ

૧૮. જેમાં ભ્રમ (મિથ્યાબુદ્ધિ), મોહ અને મલ નાશ પામ્યાં છે, તેવો ઉત્કૃષ્ટ વૈરાગ્ય (તારામાં) જન્મ્યો છે, તેથી તને વિદ્યાથી (મળતી) પ્રસન્નતા થોડા જ સમયમાં ખરેખર મળશે.

૧૯.થી ૨૦. વેદાન્તના શ્રવણરૂપી જે વિદ્યા તે પરોક્ષ (પરોક્ષજ્ઞાન) છે, એમ જાણવું, ઉપક્રમ....વગેરે છ લિંગ દ્વારા **તત્ત્વને** બુદ્ધિમાં ધારણ કરવું **તે જ શ્રવણ** (કહેવાય), અને એ (શ્રવણ) સંશય ભાવનાનો નાશ કરે છે (એટલું જ નહીં) એ અસત્ત્વાવરણનો નાશ કરે છે અને (સાધક) વસ્તુનો સ્વીકાર બુદ્ધિમાં કરે છે.

૨૧. જે **મનન** (કહેવાય) છે, તે **અસંભાવના** દોષને જલ્દીથી હરી લે છે; એ એનું કાર્ય છે, અને એ (પાતંજલયોગમાં વર્ણવેલ) વશીકાર નામના વૈરાગ્યથી સંપન્ન વ્યક્તિને સુખ આપે છે.

૨૨ થી ૨૩ (કેવળ) એક આત્મા જ છે; અહીં અનેકપણું (નાનાત્વ) એવું કશું છે જ નહીં; આ જગત્ (સત્ય) છે, એવું કેવળ મોહ પામેલાને જ લાગે છે, અન્યને નહીં. જેવી રીતે નિદ્રામાં આવેલું સ્વપ્ન (જાગતાં) મિથ્યા ઠરે છે, તેવી રીતે આ (જગત) મિથ્યા છે; જેવી રીતે વિષયોનું સદા ચિંતન કરનારને અનેક વિષયોને આવરી લેતી મનોરથોની હારમાળા સાચી લાગે તેવી રીતે (મોહ પામેલાને અનેકપણું ભાસે છે).

૨૪ થી ૨૫ 'હું **એકમેવ** પરમાત્મા છું, (હું) વસ્તુમાત્ર છું, (હું) ચૈતન્ય સ્વરૂપ છું; મારામાં આ મિથ્યા વિભિન્નતા દેખાય છે, તે **અનાદિ** અવિદ્યાને લીધે છે; આ (અવિદ્યા) ભ્રમ, મોહ, મહામાયા, પ્રધાન, પ્રકૃતિ, મન,અજ્ઞાન, શક્તિ, અવ્યક્ત, (ત્રણ) ગુણો (સત્ત્વ, રજસ્ તમસ્) ની **સામ્યાવસ્થા** વગેરે (નામ) થી ઓળખાય છે.

૨૬. એ જ મિથ્યા મતિ (પણ) કહેવાય છે, જેને આ સ્થાવર-જંગમ (જગત) (સત્ય) ભાસે છે; આ રીતે (ઔપનિષદિક) વિચારોના શ્રવણને (નિશ્ચયપૂર્વક) જે અનુસરે છે તે **મનન** કહેવાય છે.

૨૭. જેના વડે આ જગત (સાચું હોય તેમ) દેખાય છે, તે માયાથી (જ) સત્-ચિત્-આનંદનાં લક્ષણોવાળો પર આત્મા પોતાનું સ્વરૂપ ભૂલી જઈ ઢંકાયેલો રહે છે (તેથી પોતાને જીવાત્મા ગણે છે).

૨૮. તેમાંથી મહાન્ (ઉત્પન્ન) થયું, તેમાંથી અહમ્ (અહંકાર), તેમાંથી તન્માત્રાઓ, તેમાંથી ક્રમ પ્રમાણે ભૂત (પંચમહાભૂત), ઈન્દ્રિયોના દેવોની સૃષ્ટિ, આ અહમ્ (અહંકાર) ત્ર્યાત્મા છે.[1]

૨૯. (સૃષ્ટિના પ્રકારોમાં વિસંવાદ જોવા મળે છે, તેનો ખુલાસો કરતાં શ્રીદત્ત કહે છે): હે રાજન્ ! અહીં (સૃષ્ટિ વિશે) કોઈ નિયમ નથી;[2] માનસિક ભ્રમ મિથ્યા હોવાથી, કોઈવાર યુગપત (એકી સાથે બધું ઉત્પન્ન થયું) તો કોઈવાર ક્રમસૃષ્ટિ નો ઉલ્લેખ છે.[3]

૩૦ થી ૩૧ (૧.૨) આ (બધા) દેવો, અસુરો, માણસો, પક્ષીઓનાં શરીરો ભૌતિક છે; સ્થૂલમાંથી સ્થૂલ અને સૂક્ષ્મમાંથી (અન્ય) સૂક્ષ્મ (દેહ) - એ રીતે સંસારનો ઉદ્‌ભવ થયા જ કરે છે. આ રીતે તને **ઉપક્રમ** (છ લિંગમાંનું પ્રથમ લિંગ) કહ્યો; (હવે) ઉપસંહાર કહું છું.

૩૧ (૩.૪) થી ૩૩. યોગીએ (પંચ) મહાભૂતોમાં ભૌતિક પદાર્થોનો ક્રમપૂર્વક **લય** કરવો (તેને) **ઉપસંહાર** કહે છે. પૃથ્વીનો જલતત્ત્વમાં, જલનો અગ્નિમાં અગ્નિનો વાયુમાં, વાયુનો આકાશ તત્ત્વમાં, આકાશનો **અહમ્** (અહંકાર) માં અને પ્રાણ, ઈન્દ્રિય દેવતાઓ તથા મનનો અહંકારમાં (લય કરવો); અહંકાર નો **મહત્** માં, તેનો (મહત્‌નો) **અવ્યક્ત** (માયા) માં અને એનો (માયાનો) નિરાકાર બ્રહ્મ (પરમતત્ત્વ) માં (લય) કરવો; આ (નિરાકાર) પરાત્મા (જે) એક, શુદ્ધ, ઉપાધિ (માયા) થી મુક્ત છે. તે જ 'હું' છું.

૧. મહાન એટલે જ્ઞાનક્રિયાત્મા; અહમ્ એટલે ત્ર્યાત્મા અર્થાત્ ત્રિગુણાત્મા, એ જ રજોગુણ બદ્ધ તૈજસ થી પ્રાણ, કર્મેન્દ્રિયો વગેરે, એ જ સાત્ત્વિક વૈકૃતાત્માથી મન, દેવતા વગેરે ઉત્પન્ન થયા.

૨. સત્ - આત્મા કારણ છે - એમાં કોઈ વિસંવાદ છે જ નહીં; પણ કાર્ય અસત્ છે, મિથ્યા છે તેથી વિસંવાદ છે. માનસિક ભ્રમ મિથ્યા હોવાથી, કોઈવાર યુગપત્ (એકી સાથે બધું ઉત્પન્ન થયું) તો કોઈવાર ક્રમસૃષ્ટિ નો ઉલ્લેખ છે.

૩. ઉપનિષદોમાં ભૌતિક સૃષ્ટિ વિશે (અ) કોઈ જગ્યાએ આકાશ કર્મસૃષ્ટિ, કોઈવાર (ત્રણ લોક, ચૌદ ભુવન) લોકસૃષ્ટિ, ક્યાંક પ્રાણાદિ સૃષ્ટિ વગેરે વિસંવાદ જોવા મળે છે; ક્યાંક અસત્‌માંથી સૃષ્ટિ, કોઈ જગ્યાએ સત્‌માંથી સૃષ્ટિ, કોઈ જગ્યાએ આત્મામાંથી સૃષ્ટિ - નો વિસંવાદ છે. પણ સત્ એજ આત્મા તેમજ **અવ્યાકૃત આત્મા એજ અસત્** એવો પર્યાય સ્વીકારતાં કારણની બાબતમાં વિસંવાદ દૂર થશે, કાર્ય તો મિથ્યા છે જ. એવા વિસંવાદનું મહત્ત્વ નથી.

૩૪. આ રીતે નિદિધ્યાસનથી (હું જ) એક આત્મા (હું બાકી રહે છે); એનાથી અન્ય કશું છે જ નહીં; આ સર્વ કંઈ **આત્મા** છે.

૩૫. હે રાજન્ ! મારી કૃપાથી તું નિઃશંક ધન્ય બન્યો છે; તારું અંતઃકરણ શુદ્ધ થયું છે, તેથી જ ઉત્તમ એવો વૈરાગ્ય (તારામાં) ઉત્પન્ન થયો છે,...

૩૬. (અને) મારામાં દૃઢ ભક્તિ (જન્મી છે), (જેથી) પ્રેમપૂર્વક (તારાથી) વિસ્તારથી તત્ત્વશ્રવણ થયું છે, જેના લીધે (તારા) ચિત્તમાં રહેલી પ્રપંચ - (સત્ય છે એવી) આસ્થા (માન્યતા) સંપૂર્ણ વિલય પામી છે.

૩૭. **પરબ્રહ્મ** એ જ એકમેવ સત્ તત્ત્વ છે, બીજું કોઈ સત્ તત્ત્વ છે જ નહીં; અને તેથી શમ-દમ આદિ સાધનાવસ્થાની ભૂમિકામાં તું આરૂઢ બન.

૩૮. હવે હે ભૂપતિ !સાક્ષાત્કાર માટેના સરસ ઉપાયનો **ક્રમ** તું જાણ; તત્ત્વનો નિશ્ચય કરનાર (હે અર્જુન) !તું હવે ઉપદેશમાં ચિત્ત પરોવ.

૩૯. જેણે નિશ્ચય કર્યો છે એવા પુરુષે સાધનોથી સંપન્ન બની શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુને શરણે જવું જોઈએ.

૪૦. (અને) **તત્ - ત્વમ્ - અસિ** વગેરે (ઔપનિષદિક) મહાવાક્યોના અર્થનો (ગુરુ પાસેથી) ઉપદેશ મેળવી જ્ઞાનીપુરુષે છ પ્રકારના લિંગ દ્વારા સૂક્ષ્મબુદ્ધિથી એ (અર્થ) ની સમાલોચના કરી એને મનમાં બરાબર ધારણ કરવો જોઈએ.

૪૧. (હવે) આ જ **શ્રવણ** કહેવાયું છે, જે હું તને સંક્ષેપમાં કહું છું, કારણ કે, મારી સેવાથી જેનાં પાપ નાશ પામ્યાં છે એવો તું મારો શિષ્ય બન્યો છું.

૪૨. (तत् त्वम् - असि વાક્યમાં) तत् પદ પરબ્રહ્મનું વાચક છે, (જ્યારે) त्वम् પુરુષ (જીવાત્મા) નું વાચક છે, असि ક્રિયાપદથી આ બેનું ઐક્ય જે सत् છે, તેનો બોધ થાય છે.

૪૩. હવે त्वम् નો જે અર્થ છે, તે તો તત્ ના અર્થથી વિરૂદ્ધ છે, તો त्वम् - અર્થ तत् અર્થવાચક કેવી રીતે બને ? (એવી શંકા થાય તો), તે બાબતમાં, હે શ્રેષ્ઠ રાજન્ ! આ બેના ઐક્ય વિશે દૃષ્ટાન્ત સાંભળ.

૪૪ થી ૪૮. કોઈ એક વાર દેવદત્ત (નામે પુરુષને) જોવામાં આવ્યો ત્યારે તે યુવાન હતો. હવે જ્યારે બીજા પ્રદેશમાં તેને ફરીથી જોયો ત્યારે વૃદ્ધ હતો; પણ (યુવાવસ્થામાં જે જોયેલો) તે (વૃદ્ધાવસ્થામાં જે જોઉં છું તે) **આ** છે, એવો નિશ્ચય કરાય છે. (આમાં) પહેલાંનો દેશ અને **અવસ્થા** (યૌવન) નો ત્યાગ કરી, તેની (દેવદત્તની) વૃદ્ધાવસ્થા તથા (બીજો) પ્રદેશ ત્યાગ કરી, એક જ દેહમાં (બંને હતાં છે એ સ્વીકારી) ઐક્ય પ્રતીત થાય છે; તે જ પ્રમાણે આ ( तत् त्वम् असि ) વાક્યમાં પણ અંશોનો ત્યાગ કરતાં લક્ષણાથી ઐક્ય પ્રતીત થાય છે, (જેમ કે) **त्वम्** પદનો વાચ્યાર્થ સંસારી (જીવાત્મા) છે જે માયાને લીધે કર્તા, ભોક્તા, સુખી, દુઃખી એવાં વિશેષણવાળો છે, સાચી રીતે તેમ નથી, એવો નિશ્ચય થાય છે;(સાચી રીતે) તે દેહ, ઈન્દ્રિય, મન, પ્રાણ, અહંકાર આદિથી વિલક્ષણ છે. સાચી રીતે તો તે સત્ ચિત્ - આનન્દ સ્વરૂપ અને ગુણગોચર છે; આમ એનો એક અંશ ચિત્-રૂપ છે અને બીજો અંશ સંસારી જીવસ્વરૂપ છે.

૪૯ થી ૫૦. આ રીતે त्वम् નો અર્થ નકકી કરીને હવે तत् નો અર્થ પણ નક્કી કર. (તે (**બ્રહ્મ**) નથી) ની વ્યાવૃત્તિથી(નિરસન કરવાથી)[1] સાક્ષાત્ વિધિએ (કહેલું છે તેથી) અને શ્રુતિ અનુકૂળ **તર્કથી** (આ ત્રણથી) **तत्** પદનો વાચ્યાર્થ **સર્વજ્ઞ**, **પરમેશ્વર** એવો થાય છે. એનો (तत् નો) પણ એક અંશ ચિત્-સ્વરૂપ છે. અને **બીજો** (અંશ) સર્વજ્ઞપણું વગેરે છે.

૫૧.૫૨ થી ૫૩. આમ અહીં જીવાત્મા અને ઈશ્વર બંને ના બે વિરુદ્ધ વાચ્ય અંશો (અનુક્રમે સંસારીપણું અને સર્વજ્ઞપણું) નો ત્યાગ કરી[2] ઉભયપદના (બંનેને) બાધ ન કરતા **ચિત્-અંશો** લક્ષણાથી[3] પ્રાપ્ત બને છે; અને બંને પદનો લક્ષણાથી લક્ષિત થતો બંનેનું **ઐકય** (બંનેમાં ચિત્ છે એ) એવો અવિરુદ્ધ વાક્યાર્થ **તું તે પરબ્રહ્મ જ છે** સ્પષ્ટ રીતે નિષ્પન્ન થાય છે. **તે પર બ્રહ્મ તું જ છે**, એમાં કશો પણ ભેદ નથી, એવો અખંડ એકરસરૂપ વાક્યાર્થ **સજ્જનોને** સ્વીકાર્ય છે.

૫૪. त्वम् પદ વિશેષ્ય લઈને, तत् પદને વિશેષણ તરીકે (સ્વીકારી) એના (જીવાત્મા) દુઃખીપણાનો નિરાસ કરી સુખીપણું પ્રસ્થાપિત કરાય છે. (અહીં તે (વિશેષણ) તું (વિશેષ્ય) છે.)

---

૧. (अ - तत् - व्यावृत्ति : । तत् ब्रह्म न अस्ति (ત બ્રહ્મ નથી) એવી નિષેધની માન્યતાનું सत्यं ज्ञानम् - अनन्तं ब्रह्म । प्रज्ञानं ब्रह्म, अस्थूलम् अनणु જેવાં વાક્યોથી નિરસન (વ્યાવૃત્તિ) થાય છે.

૨. જહલ્લક્ષણાથી ૩. અજહલ્લક્ષણા

૫૫. (હવે ત્વમ્ તત્ ના પરોક્ષ-અપરોક્ષના ઐક્યને સંપન્ન કરવા) ઊલટી રીતે તત્ પદને વિશેષ્ય તરીકે અને ત્વમ્ પદને વિશેષણ તરીકે લેતાં પરોક્ષપણાનું નિરસન થઈ જાય છે.

૫૬. હે રાજા! તે શુદ્ધ પર બ્રહ્મ આત્મા નિરામય તું છે એવું વેદ (ઉપનિષદ) માં જે કહ્યું છે, તે ગુરુના અનુગ્રહથી તારે જાણવું.

૫૭. ઉત્કૃષ્ટ બુદ્ધિવાળાઓએ સ્વ-આત્માના ઐક્યને સમજવા માટે આ ભાગ લક્ષણા (જહદજહલ્લક્ષણા) બતાવી છે, (કારણકે) વેદના ત્રણે કાણ્ડમાં 'તે (બ્રહ્મ) આ (જીવ) છે' એ અર્થ નિશ્ચયપૂર્વક (વ્યક્ત થયો) છે.

૫૮. જાડી બુદ્ધિ[1] વાળા માટે (તત્ - ત્વમ્ નો બ્રહ્માત્મ્યૈક ભાવ નો અર્થ) ખૂબ મુશ્કેલીથી સમજાય તેવો છે, જ્યારે (સત્ સ્વરૂપનું) ચિંતન કરનારાઓ (મનીષી) જ (સરલતાથી) સમજી શકે તેમ છે. અરે ! વેદ વગેરે વિવિધ (શાસ્ત્રો) પણ આમાં જ પરિસમાપ્ત થાય છે.

૫૯. શાસ્ત્રોના તત્ત્વને જાણી શકતા ન હોવાથી તે મૂઢમતિવાળા શાસ્ત્રો સર્વ રીતે પ્રવૃત્તિનો બોધ કરનારાં છે એવું કુત્સિત દલીલો દ્વારા કહે છે.

૬૦. (અ) ઉપક્રમ -ઉપસંહાર, (બ) અભ્યાસ (ક) અપૂર્વતા (ડ) ફલ, (ઈ) અર્થવાદ અને (જ) ઉપપત્તિ - આ (છ) લિંગ તાત્પર્યનો નિર્ણય કરી આપે છે.

૬૧. પહેલાં (જ્યારે કશું જ ન હતું ત્યારે) (હે સૌમ્ય ! આ બધું) કેવલ સત્ હતું' - આવો **ઉપક્રમ** કરી 'આ સત્ (અને સર્વ કંઈ) આત્મતત્ત્વ' જ છે, એવો ઉપસંહાર[2] કર્યો છે. આ માટે અન્ય નવ પ્રકારથી (તત્ત્વમસિ વગેરેનો) અભ્યાસ[3] આપ્યો છે.

૬૨. (આત્મતત્ત્વ પ્રત્યક્ષ ન હોઈ) શબ્દપ્રમાણથી (ઔપનિષદિક શ્રુતિઓથી) અખંડૈકરસનું પ્રતિપાદન કરવામાં આવે છે, એ ત્રીજું (લિંગ)[4] છે. (તસ્ય તાવદેવ ચિરમ્ જેવી શ્રુતિઓથી) વિવેક (વગેરે સાધનચતુષ્ટય) સંપન્ન (મનુષ્ય) ને પ્રારબ્ધ (કર્મફળ) ભોગવ્યા પછી વિદેહકૈવલ્ય પ્રાપ્ત થાય છે, એ ચોથું[5] (લિંગ) છે.

૬૩. (જેમ એક માટીના લોંદાથી માટીનું સર્વ કાંઈ જાણી શકાય છે[6]) એ રીતે માટી વગેરેના દૃષ્ટાન્તોથી આત્મ્યૈક્યનો નિર્ણય થાય એ **ઉપપત્તિ** (નામનું) છઠ્ઠું (લિંગ) છે; (વિશ્વનું) સર્જન, સ્થિતિ અને અંતમાં **અનિયમ**નું શોધન એ એનું ફળ છે.

૬૭. સાત અર્થવાદ છે. આ પ્રકારનું લિંગ એ **પાંચમું** લિંગ છે. એમાં તેજ, જલ અને અન્ન (પૃથ્વી) એ બધાની આત્મામાંથી ઉત્પત્તિ (આ એક), સ્થિતિ (આ બે), લય (આ ત્રણ) (અર્થવાદ) - આના લીધે બ્રહ્મ જ એક માત્ર કારણ છે (એવો નિશ્ચય થાય છે); જેમ સૂર્યનો પાણીમાં (પ્રતિબિંબરૂપે) પ્રવેશ એમ આ આત્માએ જીવરૂપે (સર્વમાં) પ્રવેશ કર્યો[8], એ અહીં (ચોથો અર્થવાદ) છે. (પૃથિવી વગેરેમાં) અંતર્યામીરૂપે (રહેવું) એ ભેદ દર્શાવતો (પાંચમો અર્થવાદ); તેવી રીતે રોહિતરૂપ[9] એ પ્રમાણે પદાર્થનું પરિશોધન (એ છઠ્ઠો અર્થવાદ), (છેલ્લે) અભેદજ્ઞાનથી સ્વાત્મ્યૈક્ય (પ્રાપ્તિ) રૂપ પરમ અમૃત ફલ[10], (એ સાતમો અર્થવાદ), આમ સાત અર્થવાદ રૂપી પાંચમું લિંગ છે.

૬૮. આ રીતે છ લિંગ દ્વારા આત્મ્યૈક્યના તાત્પર્યને ધારણ કરવું - એ **શ્રવણ** કહેવાય. (આ શ્રવણ કર્યા પછી) યોગભૂમિનો આશ્રય લઈ સુજ્ઞપુરુષે મનન (ની પ્રક્રિયા) આચરવી.

---

૧. મંદબુદ્ધિ તેમજ નાસ્તિક વિચારસરણી.
૨. ઉપક્રમ - ઉપસંહાર એ પ્રથમ લિંગ.
૩. અભ્યાસ - દ્વિતીય લિંગ.
૪. અપૂર્વતા - તૃતીય લિંગ.
૫. ફલ - ચતુર્થ લિંગ.
૬. यथा सोम्येकेन मृत्पिण्डेन सर्वं मृण्मयं विज्ञातं स्यात् । ઉપપત્તિ - છઠ્ઠું લિંગ.
૮. अनेन जीवेनात्मनानुप्रविश्य.....
૯. यदग्ने रोहितं रूपम् ।
૧૦. अमृतः समभवत् ।

# ચોથા અષ્ટકનો બીજો અધ્યાય
## અષ્ટાંગ યોગ - આવશ્યક આચારયોગની ચર્ચા

૧. ૨. (અર્જુન શ્રીદત્તને આગળ પૂછે છે.)" હે મહેશ (શ્રીદત્ત) ! યોગની ભૂમિ પર હું કેવી રીતે આસ્થા રાખું, તે તું મને કહે; " - આમ અર્જુને ત્ર્યધીશરને પ્રશ્ન કર્યો ત્યારે એમણે કહ્યું, " કોઈ આને અષ્ટાંગ (આઠ અંગવાળો), યોગ' કહે છે જ્યારે બીજા ષડંગ (છ અંગવાળો) યોગ કહે છે; આ બે (મત)માં કોઈ વિસંવાદ નથી; હું તને સત્યસ્વરૂપ કહું છું તે સાંભળ,......

૩. યમ અને નિયમની ગણના કરવામાં આવે તો આઠ અંગ થાય. યમ અને નિયમનું સ્વભાવમાં વિધાન છે.

૪. (એ બે ન ગણતાં) આસન વગેરેથી છ અંગ થાય. પણ કેટલાક એને સાત અંગવાળો પણ કહે છે. તેમના મત પ્રમાણે સમાધિને યોગનું ફલ (પરિણામ) ગણવામાં આવ્યું છે. (અંગ નહીં).

૫. (હવે) **સમાધિ** પણ **સવિકલ્પક** અને **નિર્વિકલ્પક** એ બે પ્રકારની છે. એમાંથી એકનો (સવિકલ્પક) અંગમાં સમાવેશ કરી (આઠ અંગ ગણી) બીજી (નિર્વિકલ્પક) નો ફલ તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે.

૬. આ રીતે સાત અંગવાળા યોગને પણ કેટલાક 'અષ્ટાંગ યોગ' એમ કહે છે. આમા કેવળ શબ્દનો જ ભેદ છે; તાત્ત્વિક રીતે કશો ભેદ નથી, એમ નિશ્ચય થાય છે.

૭. મહાવ્રતીએ[૧] પહેલાં **દશ યમ** સંપાદન કરી, નિયમો પ્રાપ્ત કરી, આસનમાં સ્થિરતા મેળવવી પડે; ત્યારપછી પ્રાણાયામનો અભ્યાસ કરવાનો હોય છે.

૮ થી ૯. સપાટ (ખાડા-ટેકરા વિનાના), સુખકારક, જનસંચાર વિનાના, અવાજ ઉત્પન્ન થતો ન હોય તેવા, નિરુપદ્રવી પ્રદેશમાં, (જમીન પર) દર્ભ (પાથરી), તેના પર મૃગચર્મ અને તેના પર રેશમના વસ્ત્રનું આસન બિછાવી, તેના પર સુખપૂર્વક બેસી, બધી ચિંતાઓ છોડી, સાત્ત્વિક ધૈર્ય મેળવીને, યમ-નિયમ સંપાદિત કરેલા માણસે આત્મશુદ્ધિ માટે (પ્રાણાયામનો) અભ્યાસ કરવો જોઈએ.

૧૦ થી ૧૧. શરીર, ડોક અને મસ્તકને એક સરખી રેખામાં ધારણ કરી, હાલ્યા-ચાલ્યા વિના સ્થિર રહી, આમ-તેમ જોયા વિના, એકાગ્રતાથી બે ભમરની વચ્ચેના ભાગને જોતા રહીને **પૂરક**, **કુમ્ભક** અને **રેચક** પ્રકારના પ્રાણાયામની ક્રિયાનો દૃઢ અભ્યાસ કરવો જોઈએ; (કહ્યું છે કે) જેણે પ્રાણ જીત્યો તેણે મન જીત્યું.

૧૨ થી ૧૩ જેવી રીતે એક સાથે યુગલમાં ખૂબ જોરથી દોડતી અતિબળવાન અને મત્ત બનેલી બળદની જોડી (બે બળદને) ને શિંગડામાં **એક સાથે** પરોવેલી એકજ દોરડીથી પોતાને વશ કરાય છે, તેવી રીતે જ મન અને પ્રાણ બંને એકબીજા સાથે જોડાયેલા હોવાથી યોગાભ્યાસથી બંને વશ થાય છે; તેમાંથી એક જીતાય એટલે બંને ખરેખર જીતી શકાય છે.

૧૪ થી ૧૫. (હવે) અહીં કેટલાક (અન્ય) જનો સત્કર્મો દ્વારા દૈવી સંપત્ પ્રાપ્ત કરી, ચિત્તની શુદ્ધિ મેળવી, મારા અર્ચનમાં ચિત્તને એકાગ્રતાથી પરોવી પ્રાણને વશ કરે છે; (તો અન્ય) કેટલાક યમ-નિયમ-સંપાદનરૂપી વ્રત કરનારા ધારણા-ધ્યાન વગેરે અંગોનો અભ્યાસ કરે છે, જ્યારે કેટલાક બીજા પ્રાણયામ કરી પ્રાણ-મનને જીતવાની ઈચ્છા રાખે છે.

૧૬. થી ૧૭. પ્રાણના હલન-ચલન (શ્વાસ- ઉચ્છ્વાસ) ને અટકાવવો - એ પ્રાણાયામ કહેવાય છે. **સૂક્ષ્મ-બુદ્ધિવાળા પુરુષે ઇડા** (ડાબી નાસિકા) થી પ્રાણ (શ્વાસ) ને અંદર ભરી (પૂરક), (થોડા નક્કી કરેલા સમય સુધી) એને અંદર રહેવા દઈ (કુમ્ભક કરી), ફરીથી **પિંગલા** (જમણી નાસિકા) થી બહાર ફેંકવો (રેચક); અને ફરીથી (વારંવાર) આ પ્રમાણે જ કરવું, અથવા વિપરીત પદ્ધતિ

૧. મહાવ્રત - અહિંસા, અસ્તેય, સત્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ યમોનો જાતિ દેશ, કાલ, સંકેતની હદથી ભંગ ન થાય અને સર્વ અવસ્થામાં સુસ્થિર રહે (પાલન થાય) તેને મહાવ્રત કહે છે. એ પાળનાર મહાવ્રતી. (પાંતજલ યોગદર્શન સાધનપાદ)

આચરવી અથવા બહાર કુમ્ભક કરવો.

૧૮. બાર માત્રા[૨] થી **પૂરક**, એનાથી **બમણી** (ચોવીસ) માત્રાથી **રેચક** અને **ચારગણી** (અડતાલીસ) માત્રાથી **કુમ્ભક** બન્ધપૂર્વક (જાલંધરબંધ વગેરેથી) કરવો જોઈએ.

૧૯. જેમ જેમ પ્રાણાયામ પર જય પ્રાપ્ત થાય, તેમ તેમ માત્રાનો વધારો કરવો; આના વડે વાત, પિત્ત અને કફનો અંત લાવનારી શરીર (પિણ્ડ) ની શુદ્ધિ થતી જાણવી.

૨૦. એના વડે જ બધી નાડીનાં દ્વાર પણ નિર્મલ બને છે, (જેના લીધે) ક્રમપૂર્વક પ્રયત્ન કરી અભ્યાસ કરવાથી યોગી નીરોગી બને છે.

૨૧. પ્રાણાયામ બે પ્રકારનો છે - **નિર્બીજ** અને **સબીજ**. નિર્બીજ એટલે જેમાં કેવલ પ્રાણનું રુંધન કરવામાં આવે તે, જ્યારે સબીજ એટલે જેમાં પ્રાણ વાšધ ની સાથે જપ પણ કરવામાં આવે તે. આ પ્રાણાયામ શુભ ગણાય.

૨૨. જ્યારે પ્રાણ (શ્વાસ) સુષુમ્ણા નાડીથી વહીને બ્રહ્મરન્ધ્રમાં જઈ બે પળ અને પાંચ વિપળ સુધી લીન રહે તો તે ઉત્તમ પ્રાણાયામ કહેવાય છે.

૨૩. (હવે) પ્રાણ પર વિજય મળે એટલે ધીરપુરુષે પ્રયત્ન કરીને ઈન્દ્રિયોને વિષયોમાંથી મન વડે ખેંચી લેવી આ (પ્રક્રિયા) **પ્રત્યાહાર** તરીકે ઓળખાય છે.

૨૪. જેવી રીતે કાચબો સરળતાથી અંગોને સંકેલી લે છે, તેવી રીતે (સરળતાથી) વિષયોમાંથી (પદાર્થોમાંથી) મન સાથે ઈન્દ્રિયોને ખેંચી લેવી તે ઉત્તમ પ્રકારનો પ્રત્યાહાર (ગણાય).

૨૫. હવે ધારણા કરવી; તે પણ બે પ્રકારની ગણાવી છે; **સગુણ** અને **નિર્ગુણ**. (આ) બે રીતે આત્મામાં મનની સ્થિરતા (તે ધારણા કહેવાય).

૨૬. ત્યારપછી આ રીતે ધ્યાન ધરવું; (બીજા વિષયોમાં) પરોવાયેલા મનને (સ્થિર ન થાય તો) દિલગીર થયા વિના (કારણ છેવટે સ્થિર થશે જ) વારંવારના અભ્યાસ વડે આત્મામાં સ્થિર કરવું (તે ધ્યાન).

૨૭. "પહેલાં ધ્યાન કરવું, પછી ધારણા કરવી" એવું જે કેટલાક ઈચ્છે છે, તે યોગ્ય નથી; કારણ કે ધ્યાન એ સમાધિની નજીકનું અંગ છે (ઉપસમાધિ ગણાય છે); અને **સમાધિ** એટલે જ **ધ્યાનની વિસ્મૃતિ** (ધ્યાતા - ધ્યાન- ધ્યેય ભૂલાઈ જવાય તે).

૨૮. પ્રાણના લય (નિરોધ) ની જે બારબાર ગણી વૃદ્ધિ થાય તે પ્રાણાયામ વગેરે જ યોગનાં ચાર અંગો (પ્રત્યાહાર-ધારણા-ધ્યાન સાથે) છે, એમ કેટલાકનો મત છે.

૨૯. આ રીતે બાર દિવસે (એટલા દિવસના ધ્યાનથી) સમાધિ સિદ્ધ થાય છે; એ પણ બે પ્રકારની ગણાય છે; સવિકલ્પક અને નિર્વિકલ્પક. આ ધર્મરૂપી મેઘ (જે હજારો ધર્મ-અમૃત વરસાવનારો છે) દૈવનો (પાપ-પુણ્યકર્મ સંચય) નો સમૂળો નાશ કરે છે.

૩૦. હવે જ્યારે પ્રાણાયામ વગેરેથી ચિત્ત એકદમ સ્થિર થાય અને મનન કરવા શક્તિમાન બને ત્યારે યોગીએ શ્રદ્ધાપૂર્વક શ્રુતિનાં શ્રવણ કરેલાં વાક્યોના અર્થનું **મનન** કરવું.

૩૧. વેદ-શ્રુતિથી વિરોધ ન થાય, એવી તર્કની વિચારસરણીથી અખણ્ડ મનોવૃત્તિથી પર-આત્માનું ચિંતન કરવું, તે મનન કહેવાય છે.

૩૨. થી ૩૩. જે સવિકલ્પક સમાધિ છે તેને જ નિદિધ્યાસન કહે છે. શ્રુતિવિરુદ્ધ (વિજાતીય) માન્યતા[૩] ના ખંડનપૂર્વક સજાતીય (વેદશ્રુતિમાં જે છે સત્ય -જ્ઞાન આનંદ એ બ્રહ્મ છે વગેરે) માન્યતાનું, તેલની સતત અખંડ ધારાની માફક પ્રવાહીકરણ (વહ્યા કરવું- વેદ અવિરુદ્ધ વિચારનું અખંડ ચિંતન) ને જ નિદિધ્યાસન કહેવામાં આવ્યું છે.

---

૧. પૂરક અને રેચકની અપેક્ષા વિનાનો (એ બેનું ઉલ્લંઘન કરનારો) કુમ્ભક (પાંતજલ યોગદર્શન સાધનપાદ સૂત્ર-૫૧).

૨. માત્રાનું માપ : जानुं प्रदक्षिणीकृत्य न द्रुतं न विलम्बितम् । प्रदद्याच्छोटिकामेकां मात्रामानं प्रचक्षते ॥

૩. ઉદા. પહેલાં કેવળ સત્ હતું. અહીં નાનાત્વ જેવું કશું નથી (અર્થાત્ બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે) ના વિરુદ્ધની માન્યતા (જગત સત્ય છે વગેરે) વિજાતીય કહેવાય.

૩૪. હે મહાબાહુ ! જે આગળના ભાગમાં (પુરા) तत् त्वम् - असि ના અર્થરૂપે નિર્ણિત કરાયું છે, તે (તત્ત્વ) જ આનું (નિદિધ્યાસનનું) લક્ષ્ય છે, જે ખરેખર કુયોગીઓને માટે તો દુર્લભ છે.

૩૫ થી ૩૮ શ્રુતિઓમાં બતાવેલ (ઉપક્રમ - આદિ) ષડ્લિંગોથી જેનો નિર્ણય કરાયો છે, જે લક્ષણાથી સમ્યક લક્ષ્યરૂપે નિશ્ચિત થયેલો છે, (શ્રવણોત્તર) જેનું ધારણા વડે ચિંતન કરાયું છે, (વેદાનુકૂલ) તર્કથી મનન કરીને ધ્યાન વડે પોતાને વશ કરાયો છે અને જ્યારે યોગીઓના હૃદયમાં લક્ષ્યાર્થ રૂઢતમ સ્થિર રહે અને પછી તે (આત્મૈક્યનો ભાવ) 'હું તે પરબ્રહ્મ આત્મા છું, પરથી પણ પર બ્રહ્મ હું જ છું, હું નિત્ય જ્ઞાન સ્વરૂપ અન્તવર્જિત, શુદ્ધ, બુદ્ધ, વાણીથી અગોચર (તત્ત્વ) હું જ છું" એ રીતે અખણ્ડાર્થવાળી બુદ્ધિની વૃત્તિ દૃઢ બની જાય ત્યારે તે પરમ ઉત્કૃષ્ટ મનન (ગણાય) છે.

૩૯. (હવે) જ્યારે આ ધ્યાન (ઉપર નિર્દિષ્ટ) ભૂલી જઈ મન (જેનું ધ્યાન કરાતું હોય તે) ધ્યેય સ્વરૂપ જ બની જાય અને જેમ પવન વિનાના પ્રદેશમાં દીવો તદ્દન સ્થિર રહે છે તેમ, પોતાનામાં જ સ્થિર બની જાય ત્યારે તે સમાધિ કહેવાય છે.

૪૦. તે સમયે કેવળ સ્વયં સમર્થ અને વ્યાપક એવું ચૈતન્ય વિદ્યમાન રહે છે; તે વેળા યોગી બહારનું કે અંદરનું કશું જ જાણતો નથી.

૪૧. જેમ સૂર્યકાન્ત મણિના સમ્પર્કથી સૂર્યના પ્રતિબિંબથી રૂ (કપાસ) અગ્નિ જ બની જાય તે પ્રકારની પ્રક્રિયા અહીં જાણવી, બીજી રીતની નહીં.

૪૨. થી ૪૩ (તે સમયે) મનોવૃત્તિ બ્રહ્મસ્વરૂપ બની જતી હોવાથી (અને) કેવલ નિષ્કલ બ્રહ્મ જ અવશિષ્ટ રહેતું હોવાથી, તેનામાં રહેલા તમસ્‌ને વિષય બનાવી તે (બ્રહ્મ) તેને (તમસ્‌ને) હણી લે છે; અને કાર્યરૂપ તમસ્ નાશ પામતાં પ્રપંચ પણ વિદ્યમાન રહેતો નથી. તે વેળા તે અન્ય તત્વ વિનાનો, ફક્ત અદ્વિતીય એકમેવ આત્મા જ અવશિષ્ટ રહે છે.

૪૪ થી ૪૫. હવે જે (બ્રહ્માકાર) મનોવૃત્તિ છે, તે જ જ્ઞાન છે. (અને) જેમ સ્વચ્છ પાણીમાં નિર્મળી (પાણીને સ્વચ્છ કરનારો ઠળિયો.) ની રજકણ લય પામે (ઓગળી જાય) તેમ તે (વૃત્તિ) પણ પોતાનું કાર્ય કરી પોતે સ્વરૂપમાં લય પામે છે; જેમ ઘડો ફૂટી જતાં ઘટાકાશ (ઘડામાંનું આકાશ) (એના મૂળ સ્વરૂપ) મહાકાશ (મુખ્ય આકાશ) બની જાય તે રીતે ઉપાધિ નાશ પામે એટલે ચૈતન્યનું બિંબ (જીવતત્ત્વ) ચૈતન્યસ્વરૂપ બની જાય છે.

૪૬. (હવે) પરબ્રહ્મ તો સ્વયં પ્રકાશ છે તો પછી હૃદ્‌વૃત્તિ (મનોવૃત્તિ) તેને કેવી રીતે પ્રકાશિત કરે છે ? (એવી દલીલ થાય તો જવાબમાં) જેમ સ્વચ્છ અરીસામાં મુખ દેખાય તે રીતે (જેમ મુખનું પ્રતિબિંબ અરીસામાં પડે તે રીતે હૃદ્‌વૃત્તિમાં ચૈતન્યનું બિંબ ઉપસે).

૪૭ થી ૪૮. સ્વચ્છ (બનેલી) ધી (બુદ્ધિ-મન) ની વૃત્તિથી ફલિત (દેખાતું) આત્માનું નિરીક્ષણ આત્માથી જ છે. પોતાના દૃશ્ય અને અચેતન મનથી કદાપિ શક્ય નથી; મનોવૃત્તિનું પ્રયોજન તો કેવળ અજ્ઞાત વિષયની બાબતમાં જ છે અને શ્રુતિપણ સ્વયં અન્વર્થક કહે છે કે મનથી જોવું.

૪૯. મન બ્રહ્મનું મનન કરી શકતું નથી જ, વાણી પણ અહીં (આ વિષયમાં) શાંત બની જાય છે; આ સ્વયં પ્રકાશિત થનારું પરમ તેજ તો વાણી અને મનથી સદૈવ પર જ (રહે) છે.

૫૦. અહીં શાસ્ત્રફલવ્યાપ્તિનો નિષેધ કરે છે (નહીં કે વૃત્તિવ્યાપ્તિનો); બ્રહ્મના અજ્ઞાનના નાશ માટે જ વૃત્તિવ્યાપ્તિનો (સ્વીકાર) કહેવાય છે.

૫૧. જ્યાં સુધી આ સિદ્ધ ન થાય ત્યાં સુધી વૃતિ (મનોવૃત્તિ) શાંત ન થાય. સ્વાભાવિકપણે જ વૃત્તિમાં જ્ઞાતા અને જ્ઞેયનો વિભાગ (જુદાપણું) અવશિષ્ટ રહે જ.

૫૨. હે શ્રેષ્ઠ રાજન્ ! આ જ સવિકલ્પ સમાધિ કહેવાય છે; અને જ્યાં વૃત્તિનો પણ લય થઈ જાય ત્યાં નિર્વિકલ્પ સમાધિ થાય, જે ઉત્તમ ગણવામાં આવી છે, કારણ જેમાં (જ્ઞાતા-જ્ઞેયનું) જુદાપણું નથી એવું પરબ્રહ્મ એમાં (નિર્વિકલ્પ સમાધિમાં) અનુભવાય છે; અને આ પરમ કક્ષાની ભૂમિ પર આરૂઢ થયેલ (ધીરપુરુષ) ફરીથી ચલિત થતો નથી.

---

૧. સમાધિ અવસ્થામાં દ્વૈત રહેતું નથી.

શ્રુતિ કહે છે : मनोदृश्यमिदं द्वैतं यत्किंचित् सचराचरम् । मनसो ह्यमनीभावे द्वैतं नैवोपलभ्यते ॥

૫૪. જો મનને (બ્રહ્મમાં) જોડતાં યોગીને અહીં વિઘ્નો ઉદ્ભવે તો યોગીએ ખૂબ સાવધાન રહીને આ (આગળ બતાવેલો) ઉપાય કરવો,....

૫૫. હે રાજન્! અહીં **અણિમા** જેમાં પ્રથમ છે એવી આઠ[1] સિદ્ધિઓ છે; તેમાં જો યોગી આસક્ત બને તો એનો યોગ નાશ પામે છે અને એ (યોગી) એનામાંથી સરી પડે છે.

૫૬. આ બધું (સિદ્ધિઓ વગેરે) તો નશ્વર છે, (તેથી) વિદ્વાન એમાં કદી પણ આસક્ત બને નહીં; જો ચિત્ત સુષુપ્ત બની જાય તો (આત્મ વિવેકથી) એને બોધ આપવો અને (કામ-ઉપભોગમાં) વિક્ષિપ્ત બને તો એને ફરી શાંત કરવું.

૫૭. સદ્બુદ્ધિવાળા (યોગી)એ મન રાગવાળું બને તો રાગનો ત્યાગ કરવો; એ સમતાએ પહોંચ્યું હોય, તો ત્યાંથી એને ચલાયમાન થવા દેવું નહીં. (સમાધિમાં પહોંચેલા યોગીને) જે (બ્રહ્મરંધ્રમાંથી ટપકતો અને તાળવામાંથી ઝરતો) રસ પ્રાપ્ત થાય છે, તેનો આસ્વાદ કરવો નહીં (પરંતુ) તે બાબતમાં પ્રજ્ઞાથી (વિવેકથી) આસક્તિ રહિત બનવું.

૫૮. થી ૫૯ (નિર્વિકલ્પ સમાધિ - અવસ્થાએ પહોંચેલો યોગી) પવન વિનાની જગ્યાએ રહેલા (સ્થિર) દીવા જેવા ચિત્તવાળો, બ્રહ્મમાં જીવાત્માના ઐક્યવાળો, નષ્ટ થયેલી મનોવૃત્તિવાળો, કૃતકૃત્ય (અને) હૃદયની ગ્રન્થિઓ અને સંશયો (જેના) નષ્ટ થયા છે એવો, પ્રારબ્ધ (પહેલાનાં કર્મ) ભોગવતો (હોવા છતાં) આત્મામાં આનંદમગ્ન રહેતો જીવન્મુક્ત બની જાય છે; આ મહાન યોગભૂમિ છે, જ્યાં પહોંચેલો કેવલ મુગ્ધ જેવો બની રહે છે.

૬૦. યોગી (બહારના વિષયોમાં) મુગ્ધ, આંધળો, બહેરો, જીભ વિનાનો, પાંગળો અને નપુંસક હોય છે (એવું આચરણ રાખે છે); એ હંમેશા આત્માને જ જોનારો, પરમ આનંદસ્વરૂપ, અને પોતાની ઈચ્છા પ્રમાણે ગતિવાળો હોય છે.

૬૧. જે યોગી (મન-શરીરથી) સમર્થ (સશક્ત) અને લગીરે વિકલ (કામ કરવા અશક્ત) ન બનેલી ઈન્દ્રિયોવાળો (હોવા છતાં) વિષયોની સાંનિધ્યમાં પણ સૂતેલો હોય એ રીતે હંમેશાં વર્તે છે, એ (યોગી) મુગ્ધ કહેવાય છે.

૬૨. ઊભો રહેલો હોય કે ચાલતો હોય પણ જે યોગીની દૃષ્ટિ વાહનના અંગ (પૈડાં) જેટલી ભૂમિથી આગળનું દૂરનું જોતી ન હોય તો શ્રેષ્ઠ યોગી અન્ધ કહેવાય છે.

૬૩. શોક ઉત્પન્ન કરનારી, અહિત કરનારી, મનને આકર્ષિત કરનારી, કે હિતકારક વાણી સાંભળવા છતાં જે સાંભળતો નથી (એવું વર્તે છે), તે યોગી બહેરો કહેવાય છે.

૬૪. ખાવા છતાં આ સ્વાદિષ્ટ છે, આ (અન્ન) સ્વાદિષ્ટ નથી, એ રીતે (મનને અન્નમાં) જોડતો નથી, અને સત્ય, હિતકારક અને મર્યાદિત પ્રમાણસર વચનો ઉચ્ચારે છે, તે જીભ વિનાનો કહેવાય છે.

૬૫. ભિક્ષા (મેળવવા) માટે કે મલ-મૂત્ર વિસર્જન માટે પણ જે એક યોજનથી વધારે આગળ ગમન કરતો નથી, તે યોગી પંગુ (પાંગળો) ગણાય છે.

૬૬. જે તરતની જન્મેલી (બાળકી), કુમારિકા, સોળ વરસની ઉંમરવાળી યુવતી કે વૃદ્ધ સ્ત્રીને જોવામાં વિકાર વગરની સમદૃષ્ટિ વાળો હોય, તે યોગી નપુંસક કહેવાય છે.

૬૭. આ પ્રકારની યોગચર્યાને પ્રાપ્ત કરી ઉત્તમ ભૂમિએ પહોંચેલો, જેણે પ્રારબ્ધ ભોગવી લીધું છે એવો, જીવન્મુક્ત યોગી વિદેહ મુક્તિ ભોગવે છે.

૬૮. હે રાજન્ ! આ યોગપ્રતિપાદક શાસ્ત્રનો બોધ કોઈ પણ અવિનીત પુરુષને કહીશ નહીં; (પરંતુ) હે અર્જુન ! શુદ્ધ હૃદયવાળા, (યોગમાં) શ્રદ્ધા રાખનારા શિષ્યને આ (અવશ્ય) કહેજે.

૧. તતોઽણિમાદિપ્રાદુર્ભાવઃ કાયસમ્પત્ તદ્ધર્માનભિ ઘાતશ્ચ ત્યારે (ભૂતજયથી) અણિમા વગેરેનો પ્રાદુર્ભાવ અને શરીર સમ્પત્તિ અને એના ધર્મો બાધારૂપ થતા નથી. આઠ સિદ્ધિઓ આ પ્રમાણે: અણિમા, લઘિમા, મહિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય વશિત્વ, ઈશિત્વ અને કામાવસાયિત્વ (પાયો ૩-૪૫)

# ચોથા અષ્ટકનો ત્રીજો અધ્યાય

## યોગનો અભ્યાસ કરી રાજ્યપ્રતિ અર્જુનનું ગમન

૧. આત્મામાં મનને જોડતી બુદ્ધિના પ્રેરક અને જગતને જન્મ આપનાર દેવ-એવા મારી ભાવપૂર્વક સ્તુતિ તારે કરવી.

૨. જે (પુરુષ) મારા સ્વરૂપમાં અંતઃકરણને લીન કરે છે અને (દૃઢ) શ્રદ્ધાથી મને ભજે છે તે મને બધા યોગીયોમાં સાચે જ અતિશય પ્રિય છે.

૩. હે રાજન્ ! તું પણ યોગના અભ્યાસનો આશ્રય લઈ શ્રદ્ધાપૂર્વક મારું ભજન કર. મારી કૃપાથી અહીં જ જલદીથી મારું સાયુજ્ય મેળવીશ.

૪. થી ૭. જ્યારે પ્રણામ કરતા રાજાને (શ્રીદત્તથી) આ પ્રમાણે કહેવાયું ત્યારે (હર્ષથી) પ્રફુલ્લિત મુખકમલવાળો, (હર્ષાશ્રુથી) ગળતી આંખોવાળો અને ઉદ્ગત રોમાંચવાળો તે રાજા (અર્જુન) ગળગળો થઈ નમન કરી તરત જ બોલ્યો, "તારાં વચનોથી (બોધથી) મારો મોહરૂપી અંધકાર નાશ પામ્યો છે; મને કશું કષ્ટ પડવું નથી; હવે હર્ષ પામેલું મારું આ અવશિષ્ટ હૃદય પરમાત્મામાં જ સંતુષ્ટ રહેલું છે. (મારા) હૃદયમાં જ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશ્યો છે, તેથી સ્વરૂપને ઢાંકતું અને એના આવરણ તરીકે ઓળખાતું અજ્ઞાન (રૂપ અંધકાર) ક્યાંય ચાલ્યું ગયું છે, આ તારી જ કૃપા છે. આ સિવાય મારી બીજી કઈ દીક્ષા હોય ? હે ઈશ્વર ! લક્ષ્મીપતિ ! પર બ્રહ્મ ! મહેશ ! (અવિદ્યાથી ઉત્પન્ન) ક્લેશરૂપી રોગ હરી લેવાથી અને તારાં ચરણના સ્મરણથી હું કૃતાર્થ બન્યો છું.

૮ થી ૯. (અર્જુન આગળ કહે છે ) અંતઃકરણમાં સમાય એ (અંગુષ્ઠમાત્ર પુરુષસ્વરૂપ) પાદ (ધામ-તેજ) નું તેં (મારા) સદ્નસીબે (મને) દર્શન કરાવ્યું છે; એ વિવાદ વિનાના અને (સતત) પ્રેમને દોહનારા તારા પાદને કોણ ભજે નહીં ? એ ખરેખર નવાઈ પમાડે તેવું છે કે જે સત્ (બ્રહ્મ) અમેય અર્થાત્ વ્યાપક છે, તે પણ હૃદયમાં સમાઈ જાય તેવું બન્યું ! જેનું દેવો, સુરો, ઋષિઓ (સદા) ગાન કરે છે, તેનો હવે મારાથી કઈ રીતે ત્યાગ થઈ શકે ?

૧૦ થી ૧૨ (અર્જુન સ્તુતિ કરતાં આગળ કહે છે) આશ્રયે આવેલા (ભક્ત) ના (ત્રિવિધ) તાપને હરી લેનાર, પાપ અને દૈન્યનો નાશ કરનાર, કલ્યાણકારક છ ભગ[1]વાળા, અને સનાતન (ત્રિકાલાબાધિત) એવા તારા પાદને નમું છું. જેમાં (પાદના એક ભાગમાં -पादोऽस्य विश्वा भूतानि ) આ સંપૂર્ણ જગત્ નો (મિથ્યા હોવા છતાં સત્ય માનવારૂપી) ભ્રમ કલ્પેલો હતો, તે (ભ્રમ) નાશ પામતાં તે પાદ જ અદ્વિતીય (એકમેવ સત્ય) છે, એ જાણ્યું છે. તારું આ પાદ (સ્વરૂપ) શાંતિનું સ્થાન છે, ઉદ્વેગનો નાશ કરનારું છે, સારું સેવન કરવા યોગ્ય છે, સ્વાર્થ પોષનારું છે, આદ્ય (એના પહેલાં કશું જ ન હતું) છે, અન્ત વિનાનું છે, કામનાઓરૂપી ધન છોડાવનારું છે, - તેને હું નમું છું.

૧૩. થી ૧૪. (અર્જુન આગળ સ્તુતિ કરતાં કહે છે) ભાવ વિનાનો[2], સ્વયં પ્રકાશ (દેવ), આરાધ્ય, સિદ્ધ, સત્ય, નિત્ય, બુદ્ધ, શુદ્ધ, સર્વસ્વરૂપ, અપૂર્વ (પાપ-દુઃખ) હર્તા, કર્તૃત્વ વિનાનો, ભિન્ન એવો તું અમારો પાલક અને માતા છે. તું શરીર અને ઈન્દ્રિયો વિનાનો સર્વનો આત્મા, સંતોનું શરણ્ય છે; પ્રાણના અવાજ જેવો સૂક્ષ્મ, બુદ્ધિરૂપી, ગુહામાં રહેલો છે,........

૧૫. જેવી રીતે ગરમીથી માપી શકાય એવો અગ્નિ ક્રમપૂર્વક મંથન કરવાથી કાષ્ઠમાં દેખાય છે, તેવી રીતે ચિત્તમાં (ઉત્પન્ન થતા) આનંદ - અનુભવથી સમજી શકાય એવો આત્મા ધ્યાનથી અનુભવાય છે., .......

૧૬. ભક્તિથી આલિંગન અપાય એવો તું, એક જ દેવ (છે) છતાં વ્યક્ત બન્યો, પછી ત્રિવૃત્ બન્યો અને પછી ભ્રમને લીધે પાણીમાંના સૂર્યની માફક[3] અનેકરૂપે ભાસે છે, પરંતુ તું સ્વરૂપમાં સ્થિત એક જ છું;......

૧૭. જેવી રીતે કપડામાં કપાસના તંતુઓ (ઓતપ્રોત છે) તેવી રીતે જેમાં આ (વિશ્વ) ઓતપ્રોત થયેલું છે અને (તેથીજ) જે સર્વનું કારણ (ઉદ્ભવ સ્થાન) છે, એવા સત્-ચિત્ -આનંદ- સ્વરૂપ અને અદ્વય એવા તે-તને હું ભજું છું.

---

૧. ऐश्वर्यस्य समग्रस्य, वीर्यस्य, यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥ છ ભગ- ઐશ્વર્ય, વીર્ય, દક્ષ, શ્રી જ્ઞાન, વૈરાગ્ય નમાત તો

૨. આવિર્ભાવ - તિરોભાવ વિનાનો, (સત્ય સ્વરૂપ) તેમજ અગ્રહણ, અન્યથા ગ્રહણ વિવર્જિત.

૩. સૂર્ય એક જ હોવા છતાં વિભિન્ન જલાશયોમાં અનેકરૂપે ભાસે છે તેમ.

૧૮. થી ૧૯. આ સંસારરૂપી વૃક્ષ માયાથી પ્રકાશે છે, એને સો (વાસનારૂપી) મૂળિયાં છે, બે (પાપ-પુણ્યરૂપી) બીજ છે, પાંચ વિષયો રૂપી ડાળીઓ છે, ત્રણ (સત્વ- રજસ્-તમસ્‌રૂપી) ક્યારીઓ છે, પાંચ (પંચ મહાભૂત) થડ છે અને દશ (ઈન્દ્રિયોરૂપી) અંકુર છે, બે (જીવ અને ઈશ્વરરૂપી) પંખીઓ (એના પર બેઠેલાં) છે, ત્રણ (સ્થૂલ, સૂક્ષ્મ, એક કારણ શરીરરૂપી) વલ્કલ છે, બે (સુખ-દુઃખરૂપી) ફલ છે,આ પુરાણ (વૃક્ષ) ચૈતન્યનો આધાર છે; વિષયલંપટ (પુરુષ) એનું એક (દુઃખરૂપી) ફલ ખાય છે, જ્યારે હંસ (ત્યાગી) બીજું (સુખરૂપી) ફલ ખાય છે, તે સુદુર્ધર છે.

૨૦. (જ્ઞાનથી) વૃદ્ધ પરમહંસો આ (સંસારરૂપી વૃક્ષ) ને અણીદાર વિદ્યારૂપી તલવારથી ખૂબ (મૂળમાંથી) કાપી નાખી (તારા) પદ (ધામ) ને (શાસ્ત્રદ્વારા) શોધીને (ત્યાં) પહોંચે છે જ્યાંથી પાછા આવવું પડતું નથી.

૨૧. અર્જુન કહે છે તે પ્રકાશમાન, રક્ષણ કરનારું (પદ) ધામ એવો તું મને મળી આવ્યો છે અને તેથી મેં નિઃશંકપણે, અહીં (આ લોકમાં) જે કરવાનું હતું તે કરી લીધું છે, (અને) જે મેળવવાનું હતુ તે મેળવી લીધું છે.

૨૨. હે ગુરુ ! હે (અન્ય કરતાં) વધારે સારા ગુરુ (વધુ જ્ઞાની) ! હે અગમ્ય ! (અને છતાં) ગુરુદ્વારા ગમ્ય ! હે ગુણોની ખાણ ! હે ઉત્તમ ગુરુ ! તને મારા નમસ્કાર હો. તું સદા-સર્વદા મારી પાસે જ રહો.

૨૩. થી ૨૪ આ રીતે તેણે (અર્જુને) સુંદર તીર્થ સ્વરૂપ અને તીર્થોના કીર્તિરૂપ શ્રીદત્તને પ્રસન્ન કર્યા (અને) તે પ્રફુલ્લિત હૃદય નેત્ર ચહેરાવાળા અને મુખમંડળવાળા પરમેશ્વરે પ્રેમપૂર્વક તેને કહ્યું, "હે નિષ્પાપ (અર્જુન) ! મારી કૃપાથી તેં પરમ તત્ત્વને જાણી લીધું છે; (એ) જ્યાંસુધીમાં દૃઢ બની જાય, ત્યાં સુધી પ્રયત્નપૂર્વક અભ્યાસ કર્યા કર, ........

૨૫. થી ૨૭. આ (તારા) મનને પસંદ પડે તેવી, ઉપદ્રવ વિનાની ઊંડી ગુફા છે; એમાં મજબૂત, સ્થિર આસન બાંધી, (સુખપૂર્વક) લાંબા સમય સુધી બેસીને શરીર અને મસ્તકને એક્-સરખી (રેખામાં) રાખીને અને (પોતાના સ્વરૂપને) જોતા રહીને મેં જે તત્ત્વનો ઉપદેશ કર્યો છે, તેનું ભક્તિપૂર્વક (પ્રેમથી) સારી રીતે ચિંતન કર; ત્યાં (તે વેળા) જે બોધ થાય કે કોઈ પણ વિઘ્ન વિના જે સમાધિ લાગે, તેનો લાંબો કાળ અનુભવ કરી તું કૃતકૃત્ય બની જઈશ." આ પ્રમાણે કહીને અજન્માએ તેના મસ્તક પર (પોતાનો) જમણો હાથ મૂક્યો.

૨૮. થી ૨૯. (આગળ ભગવાને કહ્યું) "હે રાજા ! ડરીશ નહીં; તું કૃતાર્થ થયો છે; મારું સાયુજ્ય તું પ્રાપ્ત કરીશ." આમ (શ્રીદત્તથી) જેને કહેવાયું છે એવો તે (અર્જુન) તેને (શ્રીદત્તને) પ્રણામ કરી જલદીથી ગુફામાં જઈ, વિધિ પ્રમાણે, આસન પર બેસી, ધ્યાન કરવા લાગ્યો; થોડા જ સમયમાં સુદૃઢ આસનવાળો તે સમાધિસ્થ બની ગયો.

૩૦. બાર દિવસ પછી તે ઊઠ્યો. ફરી એક માસ સુધી સ્થિરતાપૂર્વક (સમાધિમાં) બેઠો; વળી ફરી પાછો ત્રણ માસ પર્યંત, થાંભલા જેવો (સ્થિર) અને નિશ્ચલાયમાન મનવાળો (સમાધિસ્થ) રહીને (સમાધિમાંથી મુક્ત થતાં) ઊઠ્યો.

૩૧. થી ૩૨. ખૂબ ધીમેથી ઊભો થઈ (શ્રીદત્ત પાસે) પહોંચી એણે ઈશ શ્રીદત્તના ચરણકમલને વંદન કર્યાં, ભગવાને એને આલિંગન આપી કહ્યું, "તેં શો અનુભવ કર્યો ? તે (મને) કહે, તું આસન પર દૃઢ રહીને આટલા (બધા) સમય સુધી (ત્રણ માસ) સમાધિસ્થ રહ્યો, તો કઈ રીતે તારી સૂક્ષ્મ બુદ્ધિથી આવી ઉત્કૃષ્ટ નિશ્ચલતા (નિર્વિકલ્પતા) પ્રાપ્ત કરી ?"

૩૩. મંદ હાસ્ય કરી, વંદન કરી અર્જુને કહ્યું, "હે ભૂમા (હે સર્વસાક્ષી સર્વવ્યાપક, ભગવન્ )! (નિર્વિકલ્પક સમાધિમાં) અનુભવ ક્યાંથી જુદો હોય ? (કારણ) ક્યો (ભિન્ન) અનુભવિતા હોય ?[1] બધે જ આકાશમાં આકાશની માફક સર્વત્ર હું જ છું (હતો),....

૩૬. છતાં પણ (સમાધિમાંથી) ઊઠ્યા પછી હું (આપની) સદ્‌ગુરુશ્રીની (મારા પર થયેલી) કૃપાનું સ્મરણ કરું છું અને (મને ખ્યાલ આવે છે કે) પરમ આનન્દમાં ડૂબેલા મને ત્રિપુટી (ધ્યાતા કે અનુભવિતા, ધ્યાન કે અનુભવ અને ધ્યેય કે અનુભાવ્ય) નું કશું જ ભાન રહ્યું નથી (ન હતું); તે સમયે પાંચ જ્ઞાનેન્દ્રિયો મન સાથે નિગૃહીત થયેલી રહે છે અને પરમ આનન્દ જ પ્રકાશે છે, તેથી બુદ્ધિ પણ વિવિધ ચેષ્ટા કરતી નથી; તે વેળા, હે સ્વામી ! ઈન્દ્રિયોની ધારણા તદ્દન સ્થિર અને અપ્રમત્ત બની રહે છે; (તે સમયનો) આનન્દ ઈન્દ્રિયોથી; હૃદયથી (મનથી) કે બુદ્ધિથી વર્ણવી શકાય તેવો બનતો નથી.....

---

૧. અનુભવિતા અલગ હોય તો અનુભાવ્ય (જે વસ્તુનો અનુભવ કરવાનો તે) અને અનુભૂતિ શક્ય બને. અહીં તો આ ત્રણમાનું કશુંજ ન હતું.

૩૭. તે વેળા જેનો વિષય જ આત્મા છે, એવી વૃત્તિ પણ જાણી શકાઈ ન હતી (વૃત્તિનો પણ અભાવ હતો), છતાં (સમાધિમાં જતાં) પહેલાં એનું અસ્તિત્વ હતું, તેથી હવે (સમાધિમાંથી ઉત્થાન પામ્યા બાદ) એનું સ્મરણ થાય છે; તેથી ધી - વૃત્તિથી પ્રાપ્ત અમિત આનંદ (અનુભવ્યો છતાં) કેવી રીતે વર્ણવી શકું ?.......

૩૮. થી ૩૯. આપની કૃપાથી મેં અતિ ઉત્તમ કક્ષાના આનન્દનો અનુભવ કર્યો છે; (હવે) ફરીથી હું પ્રારબ્ધવશાત્ જલદીથી દેહદશામાં આવી પડ્યો છું; (આ સ્થિતિમાં) અહીં પણ મને કશું નુકશાન નથી; હે પ્રભો ! હું તને જોયા કરું છું. આપ તો સગુણ હોવા છતાં પૂર્ણાત્મા અને અખિલ આનન્દનો ભંડાર છો.....

૪૦. થી ૪૧ (અર્જુન શ્રીદત્તને આગળ કહે છે) હવે વધારે કહેવાની શી જરૂર છે ? હું સંસાર-સાગરને તરી ગયો છું; સંપૂર્ણ સ્વસ્થતાથી હું પરમ આનંદસાગરમાં ડૂબેલો છું. હવે મારે કશું કરવાનું બાકી રહેતું નથી, (જે કરવાનું હતું તે ) બધું જ કરી લીધું છે; જે જાણવાનું જરૂરી હતું તે સારી રીતે જાણી લીધું છે, અને જે મેળવવાનું હતું તે (સંપૂર્ણતયા) મેળવી લીધું છે.

૪૨. થી ૪૩. આ સ્વ-આત્મામાં પ્રાપ્ત થતું સુખ છોડી મારું મન બીજે કશે જતું નથી; રાજ્ય કરવાથી કોઈ સુખ નથી કે એનો ત્યાગ કરવાથી કોઈ દુઃખ નથી; (કારણ કે ) પેલું પૂર્ણ છે, આ પૂર્ણ છે, પૂર્ણમાંથી પૂર્ણજ ઉલેચાય છે અને પૂર્ણમાંથી પૂર્ણ લઈ લેવા છતાં પૂર્ણ બ્રહ્મ જ અવશિષ્ટ રહે છે; ......

૪૪ થી ૪૫. એક આત્મા જ કેવળ પરિપૂર્ણ છે, એનાથી શ્રેષ્ઠ કે પર કોટિનું કશું જ નથી. એવું આપની કૃપાથી જ જે મેં જાણ્યું છે; હે ભગવન્ ! એમાં મને હવે કોઈ શંકા રહી નથી; અને તેથી જ રાજ્ય, વ્યવહાર, દેશ, કાલ, પદાર્થો, વસ્તુઓ - સર્વત્ર મને સદા ચૈતન્ય પૂર્ણ આત્માથી જ ભાસે છે, તેથી બધી દિશાઓ પણ સુખકારક લાગે છે;

૪૬. જો આપ ફરી આજ્ઞા આપો તો હું ધ્યાન ધરવા ગુફામાં પ્રવેશું; અથવા આપના સગુણ સ્વરૂપનું દર્શન કર્યા કરું, મારો કશો આગ્રહ નથી."

૪૭. શ્રી ભગવાન્ બોલ્યા, "હે રાજન્ ! સદ્બુદ્ધિવાળો તું સ્નાન કરી, નિત્યકર્મ કર, ભોજન કર અને (પછી) પૂર્ણદ્રષ્ટા એવો તું આવતી કાલે સમાધિમાં પ્રવેશ કરજે.

૪૮. અને આ રીતે (શ્રીદત્તની) આજ્ઞા પ્રાપ્ત કરનાર તે અર્જુને તેમ કર્યું; (એ રીતે) સમાધિમાં ગયેલો તે (અર્જુન) છ માસ પછી (જાતે ઉત્થાન પામવા અશક્ય હોવાથી) શ્રી દત્તની ઈચ્છાથી એમાંથી ઊઠ્યો.

૪૯. પછી, "તું ફરીથી (સમાધિમાં) પ્રવેશ કર," - એમ કહેવાતાં તે (અર્જુન) યોગી ફરીથી સમાધિસ્થ બન્યો, અને એક વર્ષબાદ (સમાધિમાંથી) ઊઠી, શ્રીગુરુની પાસે આવી, નમન કરી, (તેમની) આગળ ઊભો રહ્યો.

૫૦. થી ૫૨. ભક્તવત્સલ ભગવાને (પોતાને) પ્રણામ કરતા, શાંત (ઊભેલા), પોતાના ભક્તને પોતાની પાસે બેસાડી, કહ્યું "હે અંગ (મારા અંગરૂપ) ! તેં જે પૂછ્યું, તે મેં તને કહ્યું; મારે આચારની શી જરૂર ? તે જ પ્રમાણે (હવે) તારે પણ (જરૂર નથી); છતાં લોકો પર ઉપકાર કરવા (લોકો આચાર પાળે તે માટે) આ સનાતન ધર્મનું હંમેશાં આચરણ કરવું જોઈએ. લોકોની (આપણને પડતી)[1] અડચણો નિવારવા માટે કેટલીકવાર બહારથી (દેખાડવા પૂરતી ધર્મથી) ઊલટી (આપણે) પણ - આશ્રમને ઉચિત ક્રિયાઓનો ત્યાગ કરવો જોઈએ નહીં."

૫૩. થી ૫૪ ( શ્રીદત્તે આગળ કહ્યું) "હે ભૂપ ! તું ગૃહસ્થ છે, તેથી તું (મારે કશું જ કરવાનું રહેતું નથી તેવું) જાણતો હોવા છતાં તારે લોકસંગ્રહની સિદ્ધિ માટે શ્રદ્ધાપૂર્વક ત્રણ પ્રકારની (અપૂર્વ-નિયમ અને પરિસંખ્યા) કર્મવિધિ કરવી જોઈએ; (કારણ) જેવું શ્રેષ્ઠ પુરુષ આચરણ કરે છે તેવું જ અન્યજનો (આચરણ) કરે છે તે શ્રેષ્ઠ પુરુષ) જેને પ્રમાણભૂત માને છે, તેને (તે કૃત્યને) લોકો અનુસરે છે.

૫૫. દોષબુદ્ધિથી (કર્મમાં કોઈ દોષ આવશે એ શંકાથી) તું ઉભયથી (કર્મ કરવું કે ન કરવું) દૂર રહીશ તો પણ નિષિદ્ધમાંથી મુક્ત થવાનો નથી. જ્ઞાની પુરુષ પણ ગુણબુદ્ધિથી બાળકની માફક વિહિત કર્મ કરતો નથી."

૧. લોકોની અવર-જવર, પૃચ્છાઓ વગેરે, જે ધ્યાનમાં ભંગ પાડે.

૫૬. થી ૫૭. (શ્રીદત્ત ભગવાન આગળ જણાવે છે કે)" આત્માને જ પ્રીતિ કરનારો, આત્માને જ જાણનારો, પોતાના આત્મામાં જ તૃપ્તિ મેળવનારો અને હંમેશા આત્મામાં જોડાયેલો રહેતો તથા પોતાના આત્મામાં સંતુષ્ટ રહેનારો હોય તેનું ક્યું કર્મ બાકી રહે છે ? તે કોઈ કાર્ય કરે તો તેનાથી કશું વળતું નથી (પુણ્ય મળતું નથી); ન કરે તો કોઈ અનર્થ થતો નથી; તેથી તેને કદી પણ ક્યાંય પણ અર્થ વૈપરીત્ય ભોગવવું પડતું નથી."

૫૮. (ભગવાન અર્જુનને આગળ સમજાવે છે): "આ જગતમાં બે પુરુષો પરમ - આનંદથી છલકાતા રહે છે; એક (નિષ્કામ કર્મરૂપી) યોગમાં જોડાયેલો હોય અને બે (પાપ-પુણ્ય) થી પર થયેલો હોય તે અને બીજો બુદ્ધિની પેલે પાર પહોંચેલો,......

૫૯ (હવે) તું તારી નગરીમાં જા અને (તારા) હાથ વડે જીતાયેલી સાત દ્વીપવાળી પૃથ્વીનું રક્ષણ કર; યજ્ઞો વડે દેવોનું યજન કર; શ્રાદ્ધકર્મથી પિતૃઓનું (તર્પણ) કર અને દાનથી બ્રાહ્મણોને સંતોષ આપ;......

૬૦ થી ૬૧ તું સુવર્ણ, ગાયો, જમીન, કન્યા, રથોના દાન વગેરેથી વિપ્રોને સંતુષ્ટ કર; અને પ્રીતિપૂર્વક વારંવાર મારું દર્શન કરવાનું આચરણ કર; (તારા) રાજ્યમાં પણ હંમેશાં શાંત ચિત્તથી મારું સ્મરણ કરજે, (જેથી) તું કદી પણ મારા પરમ આનંદ સ્વરૂપને ભૂલી શકીશ નહીં;......

૬૨. બહારથી વ્યવહાર કરતો હોવા છતાં હમેશાં અંતરાત્મામાં મન પરોવી, (મારામાં) જોડાયેલો રહી, આવી પડેલાં કર્મો કરજે; એનાથી તને કર્મલેપ લાગશે નહીં;

૬૩. (કેવલ) આત્મદૃષ્ટા એવો તું આરંભેલ કર્મ કરતો (છતાં) જીવનમુક્ત બની રહેજે; પછી (દેહાવસાને) તું નિશ્ચિતપણે મારામાં વિદેહમુક્તિ પ્રાપ્ત કરીશ,....

૬૪. મારાથી શાસન પામેલો તું જલદીથી જા; જેમ મેં કહ્યું તેમ આચરણ કર; આનંદમગ્ન બની હંમેશા નિરામય રહી તું સુખી બન.

# ચોથા અષ્ટકનો ચોથો અધ્યાય
# રાજ્યશાસન કરતા અર્જુનને મળેલા ઋષિના શાપની કથા

૧. ¹ઋતના રક્ષક એવા આપ શ્રી ભગવાને આજે મને જે આજ્ઞા કરી છે, તે મેં શિરસા ધારણ કરી છે, એવું બોલીને, (શ્રીદત્તને) નમન કરી, અર્જુન (પોતાની રાજધાનીમાં) ગયો.

૨. કોઈ રોકી ન શકે તેવી સ્વૈરગતિવાળો, વાયુ જેવો, આત્મનિષ્ઠ, ચક્રવર્તી રાજા અર્જુન શ્રીદત્તે જેમ કહ્યું હતું, તેમ આચરણ કરવા લાગ્યો.

૩. આ મહાન બુદ્ધિશાળી રાજાએ દશહજાર (દત્તયાગ) યજ્ઞોથી (ઈશનું) યજન કર્યું અને આ મહાસમ્રાટ રાજાના બધા યજ્ઞો પુષ્કળ સુવર્ણની જ દક્ષિણાવાળા હતા.

૪. બધી સુવર્ણની બનાવેલી વેદીઓ, વેદ જાણનારા મુનિઓથી ઘેરાયેલી હતી, અને વિમાનમાં બેસીને ત્યાં સુખપૂર્વક આવી પહોંચેલા બધા દેવોથી શોભતી હતી.

૫. (તે જ રીતે) અપ્સરાઓ અને (સુન્દર) ગાન કરતા ગન્ધર્વોથી પણ સુશોભિત બનેલી હતી; જેના (અર્જુનના) રાજ્યમાં કોઈ પણ (વ્યક્તિ) અકાલે મૃત્યુ જોતો નહીં.

૬. જેના રાજ્યમાં દુકાળ કે ઈતિઓ² નો ભય રાખવા પડતો નહીં; ઈન્દ્ર યોગ્ય સમયે વૃષ્ટિ કરતો, અને પૃથ્વી ભરપેટ અનાજ આપતી હતી.

૭. થી ૮. તે ચક્રવર્તી રાજા બધા જ (પ્રકારનાં) રત્નોથી સંપૂર્ણ બન્યો હતો; સાત દ્વીપોમાં એ જાતે તલવાર, ચક્ર, (સુદર્શન) ધનુષ્ય ધારણ કરી, રથમાં બેસી, યોગ (વિદ્યા) ને લીધે વાયુની માફક બધાનો અંતર્યામી બની, સાક્ષી બની, આત્મા બની, દુષ્ટો, ચોર અને દુશ્મનોને શિક્ષા કરતો વિચરતો હતો.

૯. આ રીતે મનુષ્ય હોવા છતાં, આ રાજા માહિષ્મતીમાં રહેતો હોવા છતાં, કર્કોટક (નાગ) ની પુત્રીને જીતી (એના સમુદ્રતટ પર) ત્યાં નગર વસાવ્યું.

૧૦. થી ૧૨. આ જોઈને ગુસ્સે થયેલો તેનો (નર્મદાનો) પતિ સમુદ્ર વેગથી દોડ્યો; મોટાં (ઉછળતાં) મોજાંવાળા ગુસ્સે થયેલા તેને (સમુદ્રને) જોઈને મંદ હાસ્ય કરીને તે રાજાએ એકાકી (હોવા છતાં) હજાર ભુજાથી તે મોટા સમુદ્રમાં ડૂબકી મારી (તાડન કર્યું), (અને) તેના હજાર હાથથી તે મહાસાગર (ખૂબ) પીડા પામ્યો, જેના મોટા મોજાનાં ચૂરેચૂરા થયા છે, જેમાં માછલીઓએ મોં સંતાડ્યાં છે, એવો અતિશય બીધેલો તે સમુદ્ર પણ પલાયન થઈ ગયો.

૧૪. આ રીતે સમુદ્રમાં મોટો ખળભળાટ થતાં પાતાલમાં રહેતા મોટા રાક્ષસો, બધા નાગ, સર્પો દૂર ન કરી શકાય તેવી મોટી પીડા પામ્યા.

૧૫. આવા પ્રભાવવાળો, પોતાના (રાજા તરીકેના) ધર્મને જાણતો એક જ ધનુર્ધારી, ઋષિ જેવો રાજા, હંમેશાં યોગના અભ્યાસમાં પરાયણ રહી, પૃથ્વીપર રાજ્ય કરવા લાગ્યો.

૧૬. તેનું મુશ્કેલીથી આચરી શકાય તેવું તપ તથા વિઘ્ન વિનાના યજ્ઞોને જોઈને, પોતાના અધિકાર-સ્થાનમાં રહેલા હોવા છતાં, (બધા) દેવો પ્રતિદિન ભય પામવા લાગ્યા.

૧૭. (પોતાના) તપની શક્તિથી આ (રાજા) દેવોના અધિકારો છીનવી લેશે, એવી શંકા કરીને, દેવોએ સૂર્યને એના સત્ત્વને (તપના તેજને) હરી લેવા પ્રેર્યો.

---

૧. જેનું ફળ નિશ્ચિત છે એવું સત્કર્મ = ઋત

૨. अतिवृष्टिरनावृष्टिर्मूषकाः शलभाः शुकाः स्वचक्रं परचक्रं च सप्तैता ईतयः स्मृताः - સાત ઈતિઓ.

૧૮. સૂર્ય બ્રાહ્મણનું રૂપ ધારણ કરી, વૈશ્વદેવકર્મના સમયે ભૂખ્યો અતિથિ બની, અતિથિ પ્રત્યે સદ્ભાવવાળા તે અર્જુન પાસે આવી પહોંચ્યો.

૧૯. તે અતિથિ (સૂર્ય) બોલ્યો, "હે શ્રેષ્ઠ રાજન્ ! તું દયા દાખવનાર બ્રાહ્મણપૂજક છે; આજે મને એક બાબતમાં તૃપ્ત કર; તારા સિવાય મને મારી મનપસંદ વસ્તુ આપનાર બીજો કોણ છે ?

૨૦. રાજા બોલ્યો, "તું કઈ વસ્તુથી તૃપ્ત થઈશ તે (મને) કહે; હું તને બધું જ આપીશ. બ્રાહ્મણ તો અમારા માટે દેવ છે, અને તેથી મારું સર્વસ્વ (પણ) આપી દઉં."

૨૧. સૂર્યે તેને કહ્યું, "મને બધી જ વનસ્પતિ ભિક્ષારૂપે આપી દે; હું તેનાથી જ તૃપ્ત થઈ શકીશ; હે રાજન્ ! બીજા કશાથી મને તૃપ્તિ થશે નહીં."

૨૨. આ સાંભળી આશ્ચર્ય અને સંતોષથી[1] રાજા તેને પ્રણામ કરી બોલ્યો, "(તમે) જે માગ્યું, તે હું આપું છું; તમે કોણ છો ? (તમે) મનુષ્ય નથી !

૨૩. થી ૨૪. તે વખતે સૂર્યે પોતાનું (મૂળ) સ્વરૂપ પ્રકટ કર્યું. તેને (સૂર્યને) પ્રણામ કરી રાજાએ કહ્યું, " જેને આવો અતિથિ પ્રાપ્ત થયો છે તે હું આજે ધન્ય બન્યો છું. હે તાપ આપનારાઓમાં શ્રેષ્ઠ (સૂર્ય) (તારા) તેજ વડે કે તારા બળથી બધા વૃક્ષોને બાળી નાખવાં શક્ય નથી; હું તને પ્રણામ કરું છું.

૨૬. થી ૨૭. આમ (રાજાથી) કહેવાયું પછી સૂર્યે કહ્યું, "હે ઘણું બધું આપનાર રાજા ! હું તારા પર પ્રસન્ન થયો છું; હું (તને ) ચારે તરફ જનારા (અને) નાશ ન પામનારાં બાણ આપું છું; મારા તેજથી ભરેલાં તે (બાણ) એકજ ક્ષણમાં બધું સળગાવશે (તેથી ધનુષ્યમાં) તે બધાં બાણ ચઢાવીને (વૃક્ષોને) સૂકવી નાખી મને અર્પણ કર, તે સુકાયેલાં વૃક્ષોને હું આત્મસાત્ કરી નાખીશ અને એનાથી હું તૃપ્ત બનીશ" આમ કહીને સૂર્યે એને (રાજાને) દિવ્ય બાણો લાવી આપ્યાં.

૨૮. તે બળવાન રાજાએ (અર્જુને) તેણે (સૂર્યે) આપેલાં બાણ (ધનુષ્યની) પાંચસો ચાપ પર ચઢાવીને જેમ વાદળ પાણી (ની ધારાઓ) છોડે તેમ છોડ્યાં.

૨૯. (આ) બાણોની વર્ષાથી પર્વતો, ગામડાં, નગરો, ગોવાળિયાઓની શેરીઓ, કિલ્લાઓ, જંગલો, વગેરેમાં ઉત્પન્ન થયેલા બધાં વૃક્ષો એકદમ સૂકાં બની ગયાં.

૩૦. પછી સૂર્ય, અગ્નિના રૂપમાં બધા સૂકાં ઘાસ, ઝાંખરા વેલીઓ, વૃક્ષોરૂપી સ્થાવરોને એક ક્ષણમાં ખાઈ ગયો (બાળી નાખ્યાં).

૩૧. એ જ સમયે સમાધિ છૂટતાં તપશ્ચર્યાથી દેદીપ્યમાન વસિષ્ઠ નામે મહામુનિએ બધાં વૃક્ષોની બળી ગયેલાં જોયાં.

૩૨. થી ૩૪. એ મહાતપસ્વીએ ગુસ્સે થઈને તે અર્જુનને શાપ આપ્યો, "હે દુષ્ટ મતિવાળા (રાજન્) ! તેં મારા આશ્રમનાં વૃક્ષો બાળી નાખ્યાં (કારણ કે ) તું ઉન્મત્ત છે બળને કારણે અભિમાની બન્યો છે, કારણ તારો કોઈ પ્રતિયોદ્ધો નથી; તું ગર્વ કરીશ નહીં, હે દુષ્ટ મનવાળા રાજવી ! પ્રતાપી શ્રેષ્ઠ બ્રાહ્મણ, ભૃગુ કુળમાં ઉત્પન્ન જમદગ્નિના પુત્ર રામ (પરશુરામ) (પોતાની) પરશુથી વૃક્ષના થડ જેવી તારી એક હજાર ભુજાઓ કાપીને તને હણી નાખશે."

૩૫. આ રીતે બ્રાહ્મણને માન આપનાર, અતિથિ જેને પ્રિય છે (અથવા જે અતિથિઓનો પ્રિય છે), તે રાજાને (ભવિષ્યમાં) બનનારા દૈવયોગને લીધે શાંત (સ્વભાવવાળા) મહર્ષિએ શાપ આપ્યો !

૩૬. તે દિવસથી માંડીને સદ્બુદ્ધિ ધરાવતો હોવા છતાં તે રાજા ઉદ્ધત બન્યો. એ રાજાને મહાબળવાન ઘણા પુત્રો થયા.

૩૭. (ભગવાન) દત્તાત્રેયની કૃપાથી પ્રાપ્ત કરેલા રથમાં કે ઈચ્છા પ્રમાણે ગમન કરનારા વિમાનમાં અખિલ વિશ્વમાં વિચરણ કરતો તે (અર્જુન) ઘૂમવા લાગ્યો.

૧. વનસ્પતિની ભિક્ષા એ આશ્ચર્ય અને તેજસ્વી અતિથિ મળ્યો એ સંતોષ.

૩૮. એણે અતુલ વૈભવ મેળવ્યો; સિદ્ધિઓ તો દાસી બની ગઈ; જેની આજ્ઞા (મનુષ્યો- દેવો) કોઈ ઉથાપી શકે નહીં એવા આ સમ્રાટ રાજાએ ઉગ્ર શાસન શરૂ કર્યું.

૩૯. ઈચ્છા પ્રમાણેના અનેક દેહ ધારણ કરી એ બધે સ્મૃતિગામી બન્યો; અને બીજા દત્તાત્રેય હોય એ રીતે પ્રત્યક્ષ જોતો હતો.

૪૦. ખરાબ આચરણ કરનારાને અટકાવીને (એવા) રાજાઓ કે ચોરોને હણવા લાગ્યો અને દેવો, યક્ષો વગેરેને બધી રીતે પીડા કરતો તેમનું મર્દન કરવા લાગ્યો.

૪૧. આ હૈહયનો અધિપતિ બળવાન રાજા દિવ્ય વિમાનમાં બેસી પૌલોમી (ઈંદ્રાણી) સાથે ક્રીડા કરતા ઈન્દ્રની સાથે સ્વર્ગમાં ઘર્ષણ કરવા લાગ્યો.

૪૨. થી ૪૪. ત્યારે કૃતવીર્યપુત્ર (અર્જુન) થી પીડા પામતા અને તરછોડાયેલા દેવો દેવર્ષિઓની સાથે શ્રીવિષ્ણુને શરણે ગયા, (અને કહ્યું:) હે દેવોના પણ દેવ, દેવોના દુશ્મનને હણનાર, હે સત્યપરાક્રમવાળા ભગવાન વિષ્ણુ ! બધા પ્રાણીઓની રક્ષા માટે કૃતવીર્યપુત્ર અર્જુનને હણો; દિવ્ય વિમાનમાં જાતે ત્રણે લોકમાં વિચરતો આ (રાજા) સમગ્ર વિશ્વને પીડે છે; તારા વિના એને હણનાર કોણ છે ?"

૪૫. આ રીતે જેને પ્રાર્થના કરવામાં આવી છે એવા દેવે અર્જુન વડે પીડાતા દેવોને જોઈ કહ્યું, "હું બ્રાહ્મણ રૂપે અવતાર લઈ તેને ચોક્કસ હણીશ."

૪૬. આ રીતે જેમને કહેવામાં આવ્યું છે એવા, ઈન્દ્ર જેઓમાં અગ્રેસર છે તે દેવો હર્ષ પામી વિષ્ણુને નમન કરી, ચિંતામુક્ત બની પોતપોતાને સ્થાને ગયા.

૪૭. સર્વજ્ઞ એવા ભગવાને પણ, આ પ્રકારના મુનિથી (વસિષ્ઠથી) શાપ મેળવેલા પોતાના ભક્ત અર્જુનને જોઈ એનો ઉદ્ધાર કરવામાં મન પરોવ્યું.

૪૮. થી ૪૯. "મેં પહેલેથી એનો વધ એનાથી વધારે ખ્યાતિવાળા માણસથી નક્કી કર્યો છે, તેથી હું જ પોતે, બ્રાહ્મણ રૂપે, એ મારો ભક્ત હોઈ (હોવા છતાં), એને હણીશ.[1] મારી કૃપાથી, યોગના અભ્યાસથી અને તપશ્ચર્યાથી એ મુક્ત જ છે, (હવે) ભક્તે આરંભેલી વિદેહમુક્તિ જ એને આપું."......

૫૦. આ રીતે નિશ્ચય કરી, ત્રણે જગતના સ્વામી, ભક્તોના પ્રિય, દયાળુ ભગવાને પોતાના અંશથી વિપ્રરૂપે અવતાર લીધો.

---

૧. અર્જુન જ્ઞાની અને યોગી ભક્ત હતો. न तस्य प्राणा उत्क्रामन्ति એ શ્રુતિ પ્રમાણે हन् ધાતુ (हिंसागत्योः) ગતિવાચક અર્થ, અર્જુનના વિદેહકૈવલ્યને વ્યંજિત કરે છે.

## ચોથા અષ્ટકનો પાંચમો અધ્યાય

## દેવકાર્ય માટે (લીધેલો) પરશુરામ - અવતાર

૧. "હે દેવ ! તું જ અમારું રક્ષણ કર." એમ જે કોઈ એક વાર પણ પ્રાર્થના કરે છે, તેને ભગવાન બધી આપત્તિઓમાંથી ઉગારી ધ્રુવ પદ આપે છે.

૨. તે નિત્યમુક્ત એવા, અનન્ય ભક્તિ કરનારા પોતાના ભક્ત તે અર્જુનને કઈ રીતે હણી શકે ? (તેનો જવાબ એ કે) તેણે (અર્જુને) માગેલું (ખ્યાત્યાધિકથી મૃત્યુ) ભગવાને સત્ય કર્યું.

૩. કાન્યકુબ્જમાં ગાધી નામે મહાબળવાન રાજા હતો. પત્ની સાથે જંગલમાં વસતાં (ફરતાં) તેને (એક) પુત્રી જન્મી.

૪. રૂપ અને લાવણ્યવાળી, દેવી જેવી મહા તેજસ્વી તેને જોઈ ભૃગુકુળના ઋચીકે રાજા પાસે તેની (પત્ની તરીકે) માગણી કરી.

૫. થી ૮ ખૂબ તીક્ષ્ણ વ્રત આચરનારા, મહાતપસ્વી એવા તેને જોઈને, તેને 'ના' પાડવામાં ડરતા તે રાજાએ ખૂબ પ્રાર્થના કરી તેને કહ્યું, "હે બ્રહ્મન્ ! તું સત્કાર કરવા યોગ્ય જ છું; આ (મારી પુત્રી) તારી પત્ની (થવા) યોગ્ય જ છે; પરંતુ મેં આજે એક પણ લીધું છે, તે હે સન્માનનીય ! તું સાંભળ, "જે ભાગ્યશાળી એકી સાથે કાળા કાનવાળા, સફેદ (ચામડીના) અને તરલ (ઝડપી ગતિવાળા) એક હજાર ઘોડાઓ કિંમત રૂપે આપે, તેને અપ્સરા જેવા અંગવાળી (મારી) આ કન્યા મારે આપવી", - એવી હે વિપ્ર ! મેં લીધેલી પ્રતિજ્ઞા તું કેવી રીતે સિદ્ધ કરી શકીશ ?

૯. તે (ઋચીક) ઋષિએ જવાબ આપ્યો, "હું આજે તે પ્રમાણે (તારા કહેવા પ્રમાણે) જલદીથી (ઘોડાઓ લાવી) આપીશ; (પણ) આ સાધ્વી (સ્ત્રી) મારી પત્ની બને; એમાં વિચાર કરવાની જરૂર નથી."

૧૦. આ રીતે પ્રતિજ્ઞા કરી (તે) મુનિએ વરુણ (દેવ) પાસે જઈ તેને કહ્યું, "કિંમતરૂપે (આપવા માટે) કાળા કર્ણવાળા એક હજાર ઘોડા (મને) આપ."

૧૧. પોતાના બળ પર મુસ્તાક એવા વરુણે પણ આ વિપ્રને ખૂબ ઉગ્ર તપશ્ચર્યાવાળો જાણી એનો તિરસ્કાર કરવા અસમર્થ હોવાથી તેવા ઘોડાઓ તેને આપ્યા.

૧૨. ઘોડાઓને લઈને (તે) મુનિ જલદીથી ગંગાની વચમાંથી (માર્ગ કાઢી) બહાર આવ્યા, (ત્યારથી) કાન્યકુબ્જમાં તે (સ્થાને) બધાં પાપ નાશ કરનારું 'અશ્વતીર્થ' (નામતીર્થ) બન્યું.

૧૩. તેણે (મુનિએ) ગાધીરાજાની પાસે જઈ કહ્યું, "તારી પ્રતિજ્ઞા પ્રમાણેના આ ઘોડાઓ હું અહીં લાવ્યો છું; તારું કલ્યાણ થાવ; તારી પુત્રી મને (પત્ની તરીકે) આપ."

૧૪. તેનું (ઋચીકનું) આવું આશ્ચર્યકારક માહાત્મ્ય (પરાક્રમ) જોઈ હર્ષથી તે રાજાએ (ધર્મની) નક્કી કરેલી વિધિને અનુસરી (પોતાની) તે અનિંદ્ય કન્યા (લગ્નમાં) તેને આપી.

૧૫. આ પ્રમાણે ધર્મોક્ત વિધિથી સ્વર્ગની સુન્દરી જેવી તેને (પોતાની પત્ની સત્યવતીને) મેળવી તે સુન્દર કેડવાળી (પત્ની) સાથે ઈચ્છા પ્રમાણે સુખપૂર્વક તે (મુનિ) રમમાણ કરવા લાગ્યો.

૧૬. ઈન્દ્ર વગેરે દેવો (પણ) તે મહાપુરુષનો (ઋચીકનો) (પત્ની સાથે ક્રીડા કરવાનો) ઉદ્યોગ જોઈ ખૂબ આશ્ચર્ય પામ્યા, અને (એની) તપશ્ચર્યાના વખાણ કરવા લાગ્યા.

૧૭. હવે એક દિવસ ગાધીએ તેને (મુનિને) કહ્યું, "હે મુનિ ! હું પુત્ર વિનાનો છું (તેથી) તું (કોઈ) ઉપાય કર જેથી હું પુત્રવાળો બનું અને મોક્ષ પામું.

૧૮. 'ભલે' - એમ કહીને તે પત્ની સાથે હર્ષથી (પોતાના) પિતાની પાસે આવ્યો અને ભક્તિભાવપૂર્વક પ્રેમભક્તિથી તેમનાં ચરણકમળમાં વંદન કર્યાં.

૧૯. (અને) તેમને (પિતાને) સર્વ (વૃત્તાન્ત) જણાવ્યું; મહામુનિ ભૃગુ પણ કામદેવ જેવા તેને (પુત્રને) અને સ્વર્ગની અનુપમ સુન્દરી જેવી પુત્રવધૂને જોઈ (ખૂબ) સંતોષ પામ્યા.

૨૦. થી ૨૧. (અને) પ્રસન્ન અંતરાત્માથી (બંનેને) પોતાના આશ્રમમાં રાખ્યાં. સારા ભાગ્યવાળી, પતિની સેવામાં જ મગ્ન રહેતી, પ્રશસ્ત મનવાળી, સતી, ગાધીની પુત્રી (સત્યવતી) દરરોજ સુંદર સ્વભાવથી, સેવા કરીને તે પરમ ધાર્મિક મુનિ (ભૃગુ) ને પ્રસન્ન કરવા લાગી.

૨૨. પ્રસન્ન થયેલા ભૃગુએ તેને કહ્યું, "હે પતિવ્રતા ! તું ધન્ય છે; હે સૌભાગ્યવતી ! (મારી પાસે) વરદાન માગ; તારું મનપસંદ હું તને આપીશ."

૨૩. તેણે જવાબ આપ્યો, "હે મહાપ્રાજ્ઞ (મુનિ) ! પુત્ર વિનાની મારી માતાના અને મારા પણ માનસિક સંતાપને જાણીને, હે ભગવન્ ! આપ કૃપા કરો, તો યોગ્ય થશે.

૨૪. થી ૨૫. તેણે તેને (સત્યવતીને) કહ્યું, "તમને બંનેને પુત્રો જન્મે તે માટે આ ઉપાય છે, - તું અને (તારી) માતા માસિક ધર્મનું સ્નાન કર્યા પછી, તે પરમેશ્વરનું મનથી ધ્યાન ધરી ધર્મોક્ત વિધિ પ્રમાણે તારે અશ્વત્થને અને તારી માતાએ ઉદુમ્બરને આમ અલગ - અલગ રીતે આલિંગન આપી બે ચરુને સંસ્કાર આપી (અલગ-અલગ રીતે) તેમનું ભક્ષણ કરવું.

૨૬. તને બ્રહ્મતેજવાળો અને તારી માતાને સમ્રાટ એમ ક્રમ પ્રમાણે પુત્રો થશે. એમાં, હે પુત્રવધૂ સત્યવતી ! કોઈ શંકા નથી. આ (મારું) સત્ય (વચન) છે.

૨૭. 'ભલે', એમ કહીને હવે તે (પોતાના) પ્રિયતમ (ઋચીક) સાથે પિતાના રાજ્યમાં આવી; અને પુત્રની ઈચ્છાથી જે પ્રમાણે ભૃગુએ ઉપદેશ કર્યો હતો, તે પ્રમાણે બધું કર્યું.

૨૮. પણ નસીબયોગે ચરુભક્ષણ કરવાના સમયે વિપરીત ક્રમ બની ગયો; બેદરકારીથી માતાએ પુત્રીનો અને પુત્રીએ માતાનો ચરુ ખાધો !!

૨૯. થી ૩૧. ત્યારબાદ ઘણા દિવસોનો સમય પસાર થઈ ગયો; પછી ભૃગુએ (પોતાના) દિવ્યચક્ષુથી આ ઊલટો ક્રમ જાણી સતી પુત્રવધૂ પાસે આવી કહેવાં લાગ્યાં, "હે કલ્યાણી ! વિપરીત ક્રમથી ચરુભક્ષણ અને વૃક્ષનું આલિંગન કર્યું છે; (એનાથી) ફલ વિપરીત થયું છે; પુત્રોનો પણ વિપર્યાસ (ઉલટ-સુલટ) થશે; તારો પુત્ર બ્રાહ્મણ હોવા છતાં ક્ષત્રિયના આચરણવાળો થશે, અને તારી માતાનો પુત્ર ક્ષત્રિય હોવા છતાં બ્રાહ્મણના આચરણવાળો બનશે."

૩૨. આ સાંભળી તેણે વારંવાર સસરાજીને પ્રાર્થના કરી કે મને આવો પુત્ર ન થાય; ભલે (મારો) પૌત્ર એવો થાય.

૩૩. ભૃગુએ તેને અભિનંદીને કહ્યું, "ભલે, તેમ થાવ." પછી બંને પોત-પોતાના આશ્રમમાં ગયાં; પછી યોગ્ય સમયે તે સત્યવતીએ પુત્રને જન્મ આપ્યો.

૩૪. તે (બાળક) તેજ અને પ્રભાવથી યુક્ત હોવાથી તે બ્રાહ્મણનું જમદગ્નિ નામ પાડ્યું; તે પણ વેદ અને વેદાંગમાં નિષ્ણાત બન્યો.

૩૫. તેની (સત્યવતીની) માતાએ જે પુત્રને જન્મ આપ્યો, તે મહાપ્રશસ્ત મનવાળા વિશ્વામિત્ર નામે થયા; તે ચરુના પ્રભાવને લીધે તપશ્ચર્યાના બળથી બ્રહ્મર્ષિ પદ પામ્યા.

૩૬. મહાપ્રશસ્ત મનવાળા અને મહાતેજસ્વી જમદગ્નિ રુદ્રના અંશ હતા, અને તેમણે શક્તિ (પાર્વતી) ના અંશ એવી, રેણુપુત્રી રેણુકા સાથે લગ્ન કર્યું :

૩૭. તે જમદગ્નિએ અનુકૂળ અને પવિત્ર તે રેણુકા સાથે ગૃહસ્થધર્મનું પાલન કરતાં તીવ્ર તપ કરવા માંડ્યું.

૩૮. તે બેને ઉદાર મનવાળા, દેવ જેવા પાંચ પુત્રો થયા; તેમાં સૌથી નાનો રામ (પરશુરામ) શ્રી વિષ્ણુનો અંશાવતાર (હોઈ) પ્રતાપી હતો.

૩૯. તે બ્રહ્મચર્યનું પાલન કરી અંગો સહિત વેદનું અને વિધિ પ્રમાણે ધનુર્વેદનું પણ અધ્યયન કરી, માબાપની સેવામાં તત્પર રહેવા લાગ્યો.

૪૦. જેમણે અગ્નિની સ્થાપના કરી છે, એવા પિતાને હંમેશાં અનુકૂળ રહેતો, અને (એમના માટે) (આ) રામ ફલ, ફૂલ, સમિધ મૂલ, કુશ વગેરે લાવી આપતો.

૪૧. એક વખત નદીએ સ્નાન કરવા ગયેલી રેણુકાએ પાણીમાં સ્ત્રીઓ (રાણીઓ) સાથે ક્રીડા કરતા તે પદ્મમાલી (નામના) રાજાને જોયો.

૪૨. (ત્યાં) ઊભી રહીને તે રેણુકાએ ક્ષણ માટે તે ક્રીડા જોઈ (તે) હર્ષ પામી; પછી (બીજી ક્ષણે) ડરી ગઈ અને જલદીથી પતિ પાસે દોડી ગઈ.

૪૩. થી ૪૪. તેણે (જમદગ્નિએ) ધૈર્ય (પાતિવ્રત્ય) માંથી ચલાયમાન થયેલી, બ્રાહ્મણના તેજથી વિહીન બનેલી તેને (રેણુકાને) જોઈને, તેને ધિક્કારીને, તિરસ્કાર કરીને, ક્રોધથી વસુમંત નામના પુત્રને કહ્યું, " હે બેટા! તું આનો (રેણુકાનો) જલદી વધ કર." આવી તેની (જમદગ્નિની) વાણી સાંભળવા છતાં સ્નેહવાળા તેણે વધ કર્યો નહીં, (પણ) ડરથી નીચું મુખ રાખી મૂંગો ઊભો રહ્યો.

૪૫. "તું ભસ્મ થઈ જા," આમ તેને (પુત્રને) કહીને સુષેણ, વસુ, વિશ્વાવસુ (નામના પુત્રોને) ને કહ્યું (અને) (ન માનનાર) તેઓને પણ ગુસ્સાથી મારી નાખ્યા.

૪૬. એટલામાં જંગલમાંથી રામ (પરશુરામ) આવ્યો; તેને (જમદગ્નિએ) કહ્યું, "હે રામ ! મારી આજ્ઞાથી તું વિચાર કર્યા વિના જલદીથી આનો (રેણુકાનો) વધ કર.

૪૭. પછી પરશુ લાવીને રામે માતાનું મસ્તક કાપી નાખ્યું; શાંત પડેલા તે મુનિએ તેને (રામને) આલિંગન આપી કહ્યું, "તારી ઈચ્છા પ્રમાણેનું વરદાન માગ."

૪૮. તેણે (પિતા પાસે) વરદાન માગ્યું કે માતા અને ભાઈઓ ઊભા થાય અને પોતાનો યુદ્ધમાં વિજય થાય; કોઈ હરીફ યોદ્ધો થાય નહીં; દીર્ઘ આયુષ્ય (ભોગવે); તેણે પણ તે પ્રમાણે (બધું જ) આપ્યું.

૪૯. પછી તેના મૃત્યુ પામેલા હોવા છતાં ભાઈઓ અને મહાભાગ્યશાળી (માતા) રેણુકા ફરીથી ઊભાં થયાં, તેથી રામ હર્ષ પામ્યો.

૫૦. ત્યારથી આરંભી આ રામ (પરશુરામ) પૃથ્વી પર ખૂબ બળવાન (યોદ્ધો), તેજસ્વી હોવાથી (અન્યથી) હંફાવી ન શકાય તેવો અને ધનુર્વિદ્યામાં નિષ્ણાત બન્યો.

# ચોથા અષ્ટકનો છઠ્ઠો અધ્યાય

## બળજબરીથી હોમધેનુનું અપહરણ કરનાર અર્જુનનો પરશુરામે કરેલો વધ

૧. રાજા (અર્જુન) ધાર્મિક મનવાળો, બ્રહ્મવર્ચસ્વવાળો, અને રોજ સોમરસનું પાન કરતો હોવા છતાં દૈવયોગે (વસિષ્ઠ) મુનિના શાપને લીધે ભ્રષ્ટ મતિવાળો બન્યો.

૨. આ રાજા બ્રાહ્મણ્ય, સારી નીતિથી ચાલનારો, વિધિ પ્રમાણે કર્મ કરતો હોવા છતાં નસીબે એને વશમાં લીધો (અને) એણે ઋષિનો અપરાધ કર્યો.

૩. અરે ! બ્રહ્મા વગેરે (દેવો) પણ સર્વજ્ઞ હોવા છતાં ભાવિને વશ બની જાય છે. આ અવશ્યભાવિતા[1] પરમેશ્વરે નિર્માણ કરી છે.

૪. અજન્માના (જય, વિજય વગેરે) પાર્ષદો કુમાર (સનત કુમાર આદિ) ના શાપથી બળીને ભૂમિ પર પડ્યા, ચંદ્ર ઈન્દ્ર, ભૃગુ, દક્ષ વગેરે (બધા) અહીં ભાવિથી જ છેતરાયા છે.

૫. નારદ વગેરે પણ આ વિધિ (અવશ્યભાવિતા) ને ઓળંગતા નથી, (પણ) તેને વશ રહે છે, તો પછી મનુષ્યોની તો વાત જ શી કરવી ? વિધિ ખરેખર બળવાન છે.

૬. (આ રીતે) આ (વિધિ) બળવાન ભલે હોય તેથી તત્ત્વને જાણનાર (જ્ઞાની) સંતને શી હાનિ (થવાની) છે ? કેવળ શરીરથી મનથી આસક્ત થયા વિના કર્મ-કરતો હોવાથી પાપ કે પુણ્ય મેળવતો નથી. (કર્મનું ફલ મળે તો નસીબ ઘડાય ને !)

૭. જ્યારે તે અર્જુન સિદ્ધિ પ્રાપ્ત કરેલો યોગી બન્યો ત્યારે તેણે (શ્રીદત્ત) ગુરુને કહ્યું, "હે ભગવન્ ! ' સૌથી વધુ બળવાન એવા મારો તું જ વધ કર, જેથી હું પછી (મૃત્યુ બાદ) સદ્ગતિ પામું !

૮. જો તને આ ઠીક ન લાગે તો મારું મૃત્યુ રોગથી કે હલકાથી થાય નહીં, (પણ) તારા જેવાથી જ થાય, એવું તે વેળા રાજાએ માગ્યું હતું.

૯. તે સિદ્ધ કરવા શ્રી ભગવાને પોતાના અંશથી બ્રાહ્મણરૂપે અવતાર લઈ ખ્યાતિમાં (અર્જુનથી) અધિક ભૃગુપુત્ર રામરૂપે પોતાના સેવક (અર્જુન) ને હણ્યો.

૧૦. અહીં ઈશ્વરનો ક્યો દોષ ? (કોઈ નહીં); આ જગત તો ભ્રમ છે (મિથ્યા છે); અરે! ઈશ્વર સર્જન, સ્થિતિ, લય કરે છે, એ પણ ખરેખર તો મિથ્યા ભ્રમ છે.

૧૧. પરમેશ્વર તો આ સર્વના કર્તા છે, પોષક છે, સંહારક છે; હંમેશાં [2]બાળકની માફક ક્રીડા કરે છે, તેથી પરમાત્માને બંધન ક્યાંથી (ઊભું) થાય?

૧૨. જે બધું ઉત્પન્ન થાય છે, તે અનિત્ય હોવાથી, એનો નાશ નક્કી જ છે; તેથી શરીર નાશ પામતાં ચૈતન્યસ્વરૂપ (બનેલા) ભક્તનું શું નાશ થવાનું છે ?

૧૩. જ્ઞાનીની પણ, જેવું પ્રારબ્ધ તેવી ચેષ્ટા થાય છે, તેથી એનું શું નાશ પામવાનું? એ તો જ્ઞાનપ્રાપ્તિ સમયે જ (અદ્વૈત) સ્થિતિ ને પ્રાપ્ત થયેલો હોય છે.

૧૪. ઈશ્વર પણ કર્મથી જ (મનથી નહીં) ચેષ્ટા કરે છે, નહીં કે સ્વભાવથી; તેથી તે (કર્મથી) બંધાતો નથી, એ કારણે બંનેને કોઈ દોષ લાગતો નથી.

---

૧. જે બનવાનું તે બનીને જ રહે તે સ્થિતિ ૨. બાળક જેવા રમકડું બનાવે, રમે તોડે,

૧૫. થી ૧૬. એક સમયે તે સમ્રાટ રાજાએ (અર્જુને)[1] ચાર પ્રકારના સૈન્યથી સજ્જ થઈ રથમાં બેસી પર્યટન કરતાં, આનંદથી લાંબા વખત સુધી ક્રીડા કરી; માર્ગમાં જમદગ્નિનો આશ્રમ જોયો (અને) રાજા બે-ત્રણ મિત્રોની સાથે પગે ચાલી તેમાં દાખલ થયો.

૧૭. ૧૮ થી ૧૯. આશ્રમમાં પાર્વતી સાથે મૂર્તિમાન શિવને (જુએ), તેમજ રાજાએ સતી સ્ત્રી રેણુકા સાથે તપથી દેદીપ્યમાન જમદગ્નિને જોઈ, ભક્તિભાવથી તેમને (ઉભયને) બે હાથ જોડી શિરસા પ્રણામ કરી, વિવિધ સ્તોત્રોથી સ્તુતિ કરી; વારંવાર નમન કરી, તેમની આજ્ઞાથી, તેમની આગળ બેસીને, વિનયથી નમીને, કુશળ પૂછ્યું; તેમણે તેનું (રાજાનું) પણ (કુશળ) પૂછ્યું.

૨૦. રાજાએ કહ્યું, "આપની કૃપાથી રાષ્ટ્રની તિજોરી વગેરે, અન્ય બધે, ધર્મકાર્યમાં કલ્યાણકારક (સ્થિતિ) છે; હું (આજે) આપનાં દર્શનથી ધન્ય બન્યો છું.

૨૧. સારી રીતે કહેવાયેલા તે ઋષિએ સ્નેહથી તેનું આતિથ્ય કરવા નિમંત્રણ આપ્યું અને (પોતાની) કામધેનુ (ગાય) ની કૃપાથી (અખિલ) સૈન્ય સાથે તેને સ્વાદિષ્ટ ભોજન સામગ્રીથી તૃપ્ત કર્યો.

૨૨. તેનો આ વૈભવ જોઈને અને નસીબથી આકૃષ્ટ (ભ્રષ્ટ બનેલા) બુદ્ધિવાળા રાજાએ ઋષિને પૂછ્યું, " હે ભગવન્ ! તારી પાસે આવું ઐશ્વર્ય ક્યાંથી (આવ્યું) ?"

૨૩. થી ૨૪. તેણે (ઋષિએ) કહ્યું, "આ (મારી) કામધેનુ હંમેશા બધી ઈપ્સિત વસ્તુઓ આપે છે." રાજાએ કહ્યું, "એ મને આપી દો, હું તમને એની કિંમત આપું છું, તમે (ઋષિ) અતિશય કિંમતી રત્નો, ધન, જમીન, (બીજી) અનેક પ્રકારની ગાયો સ્વીકારો." આવી પ્રાર્થના કરવા છતાં મુનિએ (તે) ગાય આપી નહીં.

૨૫. આ શાંતિને વરેલા મુનિ મને શું કરી શકવાના છે ? તેથી બળજબરીથી (ગાય) લઈ જાઉં; આમ વિચારી, (રાજા) હઠપૂર્વક તે ધેનુ લઈ ગયો.

૨૬. જેણે આત્મસાક્ષાત્કાર કર્યો છે એ મુનિએ અનેક પ્રકારના ધન, રત્ન (રાજા તરફથી) આપવા છતાં સ્વીકાર કર્યો નહીં અને બુદ્ધિમાન્ તે ફરીથી શાંતચિત્ત બની રહ્યા.

૨૭. પછી તે અર્જુન હર્ષથી તે ગાયને પોતાની નગરીમાં લઈ ગયો; એ વેળા રામ (પરશુરામ) સમિધ્ અને દર્ભ સાથે જંગલમાંથી (આશ્રમમાં) આવી પહોંચ્યો.

૨૮. આ (પોતાને) ન ગમે તેવું ગાયનું (રાજા વડે) ખેંચી ને (લઈ) જવાનું (કૃત્ય) ભાઈઓથી કહેવાયું, (તે) સાંભળી, વધી ગયેલા ક્રોધવાળો મહાબળવાન તે (રામ) રાજા પર ખૂબ ગુસ્સે થયો.

૨૯. થી ૩૦. તેણે પિતાને કહ્યું, "(બધા) લોકને બાળી નાખવાની ઈચ્છા કરતા એવા મારું પરાક્રમ (તમે) જુઓ; આ રાજા ચોર છે, ઉન્મત્ત છે, બ્રાહ્મણોનો દ્વેષ કરનારો છે, અતિશય ગર્વવાળો છે; આજે (તેના) સૈન્ય સહિત તેનો હું વધ કરું છું, અવળે માર્ગે જનારાઓનો હું શાસન કરનારો છું; એ માટે તો હું અવતીર્ણ થયો છું; એ દુષ્ટ મને ઓળખતો નથી."

૩૧. થી ૩૨. આમ કહી, જેનાં નેત્રોના ખૂણા લાલ થયા છે, એવા તે રામ ક્ષત્રનું ઉચ્છેદન કરવા (ઈચ્છી) નગરમાં દાખલ થતા તે રાજાને ઉદ્દેશીને ગંભીર વાણીથી બોલ્યા, "હે ચોર, બદમાશ, દુષ્ટ ! આજે મારી (નજર) આગળથી તું ક્યાં જવાનો છે ? તું (આ) ધેનુને ક્યાં લઈ જઈ શકીશ ? તારું (કૃત્ય) અધમ ક્ષત્રિયને લાયક નથી શું ?

૩૩. થી ૩૪. આ રીતે (જેને) કહેવાયું છે તે સદ્બુદ્ધિવાળા રાજા અર્જુને રામને વિષ્ણુરૂપે ઓળખીને "એની સાથે ક્ષાત્રધર્મથી (યુદ્ધ કરી) સંતુષ્ટ કરી તેના (વિષ્ણુના) પરમપદમાં જાઉં" - એવું વિચારી રાજાએ સૈનિકોને યુદ્ધ માટે ઉશ્કેર્યા. તેઓ (સૈનિકો) પણ પરમાત્મા રામ સાથે પોતાની બધી શક્તિથી યુદ્ધ કરવા લાગ્યા.

૩૫. (આ બાજુ) પ્રતાપી અને ગુસ્સે ભરાયેલા રામે, જેમ પ્રભાતનો બાળ સૂર્ય (અરુણ) રાત્રિના અંધકારને (હણે), તેમ યુદ્ધ કરતા મહાબળવાન તેઓને (સૈનિકોને) એક જ ક્ષણમાં નિઃશેષપણે હણી નાખ્યા.

---

૧. હાથી, ઘોડા, રથ, પાયદલ એમ ચાર.

૩૬. (અર્જુને વિચાર્યું), દેવો (અને) રાક્ષસો પણ મારી સામે ઊભા રહેવા સમર્થ નથી; (એમાંનો) કોઈપણ મને આજ સુધી જીતવા શક્તિમાન થયો નથી, તો પછી માનવીની તો વાત જ ક્યાં રહી ?

૩૭. છતાં આજે આ બ્રાહ્મણ મને જીતવા સમર્થ બને છે, (તેથી) આ બ્રાહ્મણરૂપે વિષ્ણુ અવતીર્ણ થયા છે, તેથી હું આ બ્રાહ્મણ સાથે યુદ્ધ કરીશ.

૩૮. આવો નિશ્ચય કરી, રાજા યુદ્ધ કરવા એકદમ સામો આવ્યો; (અને) શ્રીદત્તનું હૃદયમાં સ્મરણ કરી વિવિધ અસ્ત્રોથી યુદ્ધ કરવા લાગ્યો.

૩૯. (તે) સિંહના અવાજમાં ગર્જના કરવા લાગ્યો; બાણોના સમૂહની વર્ષા કરવા લાગ્યો અને જેમ વાદળ પર્વતને ઢાંકી દે તેમ, તેણે (બાણોથી) રામને ઢાંકી દીધો.

૪૦. સામનો ન કરી શકાય તેવો, રથમાં બેઠેલો, હજાર હાથવાળો, પ્રતાપી અને (પોતાના) તેજથી પ્રકાશતો તે અર્જુન, સહસ્ર કિરણોવાળા, રથમાં બેઠેલા, પ્રતાપી (તાપ આપનારા), જેની સામે જોઈ ન શકાય તેવા (પોતાના) તેજથી પ્રકાશમાન સૂર્ય જેવો શોભવા લાગ્યો.

૪૧. થી ૪૨. તેના (અર્જુનના) હાથની ચપળતા જોઈને હર્ષ પામેલો રામ (પરશુરામ) સંતુષ્ટ થયો અને એણે (રામે), જેમ, પવન વાદળોને દૂર કરે તેમ તેનાં બાણો દૂર કરી, શેરડીના સાંઠાની જેમ ધનુષ્યોને કાપી નાખી, તેના તેજને શાંત કરી દઈ, તે પરશુધારી એ તેને રથ વિનાનો બનાવી ઝાડના અંકુરો જેવા તેના હાથ કાપી નાખ્યા.

૪૩. (પણ) આ મહાન બળ અને પરાક્રમવાળો, શૂરવીર (અર્જુન) દત્તાત્રેયની કૃપાથી ફરી ઉત્પન્ન થયેલી બીજી ભુજાઓ વડે (રામ સાથે) યુદ્ધ કરવા લાગ્યો.

૪૪. રામે ફરીથી (તેના હાથ) કાપી નાખ્યા, ફરીથી તે હાથ ઉત્પન્ન થયા; હવે રામે આગ્નેય અસ્ત્રથી તેના (હાથના) આગમનને જ સૂકવી નાખ્યું.

૪૫. ત્યારે રાજાએ (અર્જુને) અંતરના (સ્વપ્ન) અને બહારના (જાગ્રત) વ્યવહારોનું વિસ્મરણ કરી એકાગ્રતાની સ્થિતિમાં રહી ગુરુએ ઉપદેશેલા તત્ત્વનું હૃદયમાં સ્મરણ કર્યું.

૪૬. આ કાપી ન શકાય તેવું (મસ્તક) હોવા છતાં પરશુરામે એ કાપી નાખ્યું ત્યારે તે અર્જુન બ્રહ્મભાવને પ્રાપ્ત થયો, (અને) તેનું શરીર પૃથ્વી પર પડ્યું.

૪૭. આ ભયંકર યુદ્ધ જોઈને અને વિચારી પણ ન શકાય તેવું તેનું (અર્જુનનું) પ્રયાણ (મોક્ષ) જોઈને વિમાનમાં બેઠેલા દેવોએ હર્ષથી પુષ્પવૃષ્ટિ કરી.

૪૮. એ (અર્જુન) તો જીવતાં જ મુક્ત હતો પણ હવે પરમ કૈવલ્ય પ્રાપ્ત કર્યું એ તો યોગીશ્વરકૃપાથી નિત્ય મુક્ત જ છે.

૪૯. તેની બધી કલાઓ જાતે જ પોત-પોતાના હેતુથી લય પામી અને રાજા સમાધિયુક્ત બની શ્રીદત્ત સાથે એક બની ગયો.

૫૦. રામે પણ ગાયને લઈને પિતાની પાસે જઈ (બધું) જણાવ્યું અને પિતાથી આદેશ પામેલા રામે પણ રાજાના વધથી ઉત્પન્ન થયેલા પાપના નિવારણનું કાર્ય (પ્રાયશ્ચિત્ત) કર્યું.

# ચોથા અષ્ટકનો સાતમો અધ્યાય

## રેણુકાનું સતી થવું અને પરશુરામની શત્રુનાશની પ્રતિજ્ઞા

૧. (અર્જુનના પુત્રો કહે છે), "આપણે (વિદ્યમાન) હોવા છતાં, ઈન્દ્ર કે અન્ય (કાલકલ્પ) ને પણ યુદ્ધમાં જીતનાર અને (સ્વયંભૂ) અપરાજિત એવા (પિતાને) પકડીને એક બ્રાહ્મણ (એને) હણે, એ ઠીક ન ગણાય.

૨. મનમાં વિચારી, અર્જુનના પુત્રોએ વેર બાંધી, ખુબ દુઃખી થઈ, પિતાના હત્યારા (રામ) ના વધ માટે પ્રયત્ન કરતા, એક વખત (જમદગ્નિના આશ્રમે) ગયા.

૩. (તેઓ પહોંચ્યા) તે પહેલાં બળવાન રામ ભાઈઓ સાથે વનમાં ચાલ્યો ગયો હતો; એટલે અર્જુનના પુત્રોએ આવીને આશ્રમને ખૂબ ફંડ્યો.

૪. આમ-તેમ (રામને) શોધવા (છતાં) રામને ન જોતાં મુનિ જમદગ્નિને સુખપૂર્વક બેઠેલા જોઈ ગુસ્સે ભરાઈ, (તેઓએ) તેમને હણી નાખ્યા.

૫. આગળના ભાગમાં બેસીને આક્રોશ કરતી, રડતી રેણુકાને દૂર કરીને આ મૂઢ બુદ્ધિવાળાઓ એ મુનિની હત્યા કરી પોતાના નગરમાં જલદીથી ચાલ્યા ગયા.

૬. થી ૭. રામ પણ અપશુકનો (થતા) જોઈને જલદી ઘેર (પાછો) ગયો, અને પોતાના પિતાની હત્યાનું જાણીને ખૂબ દુઃખી થઈ વિલાપ કરવા લાગ્યો, "મારા કારણે મારા પિતા મૃત્યુ પામ્યા, દુષ્ટ મતિવાળા મને ધિક્કાર હજો, હે પિતા ! હે દયા સાગર ! હે સદ્ગુણભંડાર ! (તમે) ક્યાં ગયા ?"

૮. આ રીતે રુદન કરી, આંસુથી ખરડાયેલા નેત્રોવાળી મા (રેણુકા) ને આશ્વાસન આપી, માતા અને મોટા ભાઈઓથી અટકાવવા છતાં ગુસ્સે થયેલો (રામ) શત્રુઓને હણવા ચાલી નીકળ્યો.

૯. (અને) એક મુહૂર્ત[1] જેટલા જ સમયમાં બધા જ બળિયા અર્જુનપુત્રોને હણી નાખ્યા, અને કિલ્લાઓ સહિત (આખા) નગરમાં તોડફોડ કરી. એ બધું માતાને નિવેદિત કર્યું.

૧૦. થી ૧૧. (અન્ય) મુનિઓ અને ભાઈઓથી અટકાવવા છતાં (તેમના) સાંભળતાં, ઋષિઓ અને માતાની આગળ એણે આ પ્રતિજ્ઞા કરી કે "હું બળપૂર્વક એકવીસ વખત પૃથ્વીને નક્ષત્રિય (ક્ષત્રિયો વિનાની) કરીશ, ઋણમાંથી મુક્ત થવા તેમના (ક્ષત્રિયોના) લોહીથી ભરેલા કુણ્ડોમાં પિતૃઓનું તર્પણ કરીશ."

૧૨. આ સાંભળીને રેણુકાએ કહ્યું, "હે નિષ્પાપ (રામ) ! તેં (આ) સત્ય વાત કરી છે. (હવે) પ્રથમ, પિતાના દેહને સંસ્કાર આપ, (પછી) પ્રતિજ્ઞાને સફળ બનાવ."

૧૩. આ અર્જુન દત્તભક્ત છે; તે સમર્થ (ભગવાન) જો ગુસ્સે થશે તો તારો નાશ કરશે; એ બાબતમાં તને આ ઉપાય જણાવું છું.

૧૪. થી ૧૫. તુલામાં એક બાજુ તારા પિતાને અને બીજી બાજુ મને બેસાડી, એને (તુલાને) ઊંચકીને જવા માંડ; જ્યાં 'ઊભો રહે' એવી આકાશવાણી સાંભળીશ, ત્યાં જ તું (કર્મ કરાવનાર) બ્રાહ્મણને જોઈશ, ત્યારે અમારી વિધિપૂર્વક ઔર્ધ્વદૈહિક સંસ્કાર ક્રિયા (બ્રાહ્મણ દ્વારા) કરીને કૃતકૃત્ય બનીશ.

---

૧. એક મુહૂર્ત બરાબર અડતાલીસ મિનિટ.

૧૬. થી ૧૭. આ પ્રમાણે જેને માતાએ કહ્યું છે, એવા તે પિતૃભક્ત રામે તેની (માતાની) આજ્ઞા મસ્તકે ચઢાવી તુલા (ડોળી) લાવીને, ભક્તિભાવવાળા તેણે (રામે) એક બાજુ મૃત પિતાને અને બીજી બાજુ (જીવતી) માને બેસાડી, ભક્તિપૂર્વક ખભા પર ડોળી મૂકી પોતાના આશ્રમમાંથી (બહાર) ચાલવા લાગ્યો.

૧૮. સદ્‌ભાવપૂર્વક માબાપના સંસ્કાર કરવા માટે કાન્યકુબ્જમાંથી (નીકળી) મોટાં તીર્થક્ષેત્રો અને (અન્ય) સ્થળો જોતો જોતો ચાલવા લાગ્યો.

૧૯. થી ૨૨. ચોગમ પુણ્યકારી જંગલો, પવિત્ર તપસ્વીઓના આશ્રમો, વિવિધ પર્વતો, પવિત્ર નદીઓ અને તીર્થો જોતાં જોતાં અને ફરતાં, ફરતાં, ધર્મધારીઓમાં શ્રેષ્ઠ સદ્‌બુદ્ધિવાળો રામ સહ્યાદ્રિ પર્વત પર મુનિઓથી શોભતા આમલકી ગામે ગયો, જ્યાં શાંત પડેલ બાધાઓવાળા, વૈર વિનાના, બધી ઋતુઓમાં સુખ આપનારા, ઋષિઓથી ઘેરાયેલા, રમણીય, કન્દ-મૂલ-ફ્લોથી લચી ગયેલાં વૃક્ષોવાળા, સિદ્ધો, વિદ્યાધરો, ગન્ધર્વો, કિન્નરો, સાપ, ચારણોથી ઉભરાતા ઉત્તમ આશ્રમને સત્યાચલના એક ભાગ પર જોયો.

૨૩. થી ૨૪. તે જ સ્થળે આકાશવાણીએ રામને ઉદ્દેશીને કહ્યું, "હે પરશુરામ! તું શ્રીદત્તને (ભગવાનને) આચાર્ય તરીકે વરણ કરી, વિધિ પ્રમાણે ભક્તિભાવપૂર્વક તારા પિતાના સંસ્કાર કરવા યોગ્ય છે; તારો જે (ક્ષત્રિયોને હણવાનો) સંકલ્પ છે તે અહીં જ સફળ બનશે."

૨૫. આ રીતે અશરીરી વાણી સાંભળી ભલેએમ કહી ભાર્ગવે ડોળીને ઉતારી ત્યાં શ્રીદત્તના આશ્રમમાં પ્રવેશ કર્યો.

૨૬. થી ૨૮. તુલસી, ઉદુમ્બર, પીપળો, બીલી, શમી, વડનાં ઝાડ, તથા બીજાં ફળ, પુષ્પથી લચી પડતાં, ઘાસ, ઝાંખરાં, વેલીઓથી સંપન્ન, ખૂબ ઠંડા અને મીઠા, વહેતા જલાશયોથી વીંટળાયેલા, બધી ઋતુઓના ગુણોથી સંપન્ન, યોગીઓના ટોળાંથી સેવન કરાયેલ આશ્રમમાં પ્રવેશીને તે મહામતિ રામે દિગમ્બર સ્વરૂપ દત્તાત્રેયને નિષ્પાપ દેવી (માયા) ને આલિંગન આપીને બેઠેલા જોયા.

૨૯. થી ૩૦. તે દેવી સાથે (મદિરા) પાનના પાત્રને (હાથમાં) ધરી રાખી ક્રીડા કરતા હોવા છતાં એમને (સાક્ષાત્) ઈશ્વર માની ભક્તિપૂર્વક અભિવાદન કરી રામે પ્રાર્થના કરી, "હે બ્રહ્મન્ ! હે ભક્તોને ચાહનારા સર્વજ્ઞ (ભગવન્) ! મારા પર કૃપા કરો; મા બાપના સંસ્કાર કરવા હું અત્રે આવ્યો છું; મને (એની) વિધિ જણાવો."

૩૧. થી ૩૩. શ્રીદત્તે કહ્યું, "હું વિધિ કે નિષેધ કશું જાણતો નથી. હું તો મને મનગમતી ગતિ-વિધિનો આશ્રય લઈને પિશાચની માફક રહું છું. હું અનાચાર શું છે, ધર્મ શો છે, અધર્મ કોને કહેવાય, એ કશું જાણતો નથી." આવું જેને કહેવાયું છે, તે રામે તેને (શ્રીદત્તને) જવાબ આપ્યો "હે મુનિઓમાં શ્રેષ્ઠ ! તું જ યોગીઓમાં શ્રેષ્ઠ, બધાનો ગુરુ, (વિશ્વ) કર્તા,સંહર્તા, અને વિશ્વનો ઈશ છે; તું (ત્રણ) ગુણોથી પર છે, સત્ અને આનંદસ્વરૂપ છે, તને ધર્મ કે અધર્મ (નો લેપ) ક્યાંથી હોય ?

૩૪. થી ૩૫. શ્રી ભગવાને કહ્યું, "તું આ તો (દેવીને મેં આપેલું આલિંગન, હાથમાં રાખેલું મદિરા-પાત્ર) બધું જોઈ રહ્યો છું, છતાં જુદું જ કેમ બોલે છે ? આ[1] પ્રમદા[2] નગ્ન છે અને મદિરાથી ચકળ-વકળ એની આંખો છે. મદિરાના આસ્વાદની લાલસાવાળા અમને બંનેને તું ઓળખતો નથી; હું તો[3] અસ્પૃશ્ય છું. અસંભાવ્ય છું[4] મારી પાસે વિધિની વાત કેવી ? (હું પાપી, નિંદ્ય વિધિ ક્યાંથી જાણું ?

૩૬. પછી રામ (તો) મૂંગો બની ગયો ! ડોળીમાં રહેલી રેણુકા બોલી, " હે સર્વ વ્યાપક પરમાત્મા! સામાન્ય લોકો બોલે એવાં વચનોથી (અમને) કેમ મોહ પમાડો છો ?

૩૭ થી ૩૯. આ રીતે કહેવાતાં ભગવાન શ્રીદત્તે મંદ હાસ્ય કરી ઊભા થઈ તરતજ લક્ષ્ય અને અલક્ષ્ય સ્વરૂપવાળાં દેવી રેણુકાની સ્તુતિ કરી, "હે માતા ! તું જ આ બધું (દૃશ્ય સ્વરૂપ) છે. તું અન્યથી શ્રેષ્ઠ એવી વંદનીય છે. તું જ માત્ર વીર, મહામાયા, અને (તેથી) સર્જન, સ્થિતિ અને સંહાર કરનારી છે. તું એક હોવા છતાં અનેકરૂપે રહેલી છે, અને અવર્ણનીય છે; દેહ, ઈન્દ્રિય, મન, પ્રાણ, અને અહંકારથી વિલક્ષણ છે (આ બધું તું નથી)."

૧. મદભરેલી યુવતી ૨. વાસનારૂપી વસ્ત્રવિનાની ૩. શબ્દો દિમને સ્પર્શી શકતા નથી. ૪. અન્ય અર્થ મનસાતીત ધ્યાન ધરી ન શકાય તેવો છે.

૪૦. આ પ્રમાણે સ્તુતિ કરતાં રેણુકાએ પતિ સાથે પોતાને અગ્નિસંસ્કાર આપવા ઈશ્વરને (શ્રીદત્તને) પ્રાર્થના કરી. તે (શ્રીદત્ત) બોલ્યા, "તારા (આ) પતિ કેવી રીતે મૃત્યુ પામ્યા ?"

૪૧. તેણે (રેણુકાએ) કહ્યું, " રાજાઓએ તેમને મારી નાખ્યા." (ત્યારે) ક્રોધથી લાલચોળ બનેલા શ્રીદત્તે કહ્યું, "અભિમાનમાં છકેલા, બ્રાહ્મણોને પણ મારી નાખનારા તે રાજાઓનો નાશ થાવ."

૪૨. થી ૪૩. રામે કહ્યું, "હું પૃથ્વીને નિઃક્ષત્રિય કરવાનો છું." મારો આ સંકલ્પ આપની કૃપાથી હવે સત્ય બની રહો. તારા યોગને જાણનારા શિષ્યને હણીને મેં (મોટો) અપરાધ કર્યો છે; હે દેવોના પણ ઈશ ! મને ક્ષમા આપો અને મારી પ્રતિજ્ઞાને સત્ય કરો."

૪૪. શ્રીદત્તે તેને આલિંગન આપીને કહ્યું, "તું ચોક્કસ મારો સખા છે; તેં યોગ્ય જ કર્યું છે. હે રામ ! તારી પ્રતિજ્ઞા સત્ય (સફળ) બનશે."

૪૫. ત્યારબાદ શ્રી ભગવાનની આજ્ઞાથી બાણો વડે બધાં તીર્થો (તીર્થજલ) આણીને, પર્વતને ભેદીને રામે વિધિ પ્રમાણે સ્નાન કર્યું; પછી રેણુકાએ સ્નાન કર્યું.

૪૬. થી ૪૭ અલંકારો ધારણ કરી, તે જગતની માતાએ શ્રીદત્તને અને પુત્રને કહ્યું, "હું પતિ (શિવ) સાથે હર્ષથી મારા (મૂળ) ધામે જવા ઈચ્છું છું; હે રામ ! તું બ્રાહ્મણોનું રક્ષણ કરજે; તારી પ્રતિજ્ઞા સફળ કર." આ પ્રમાણે કહીને આચાર્ય (શ્રીદત્ત) અને સૂર્યને નમન કરીને વાયનો[1] આપ્યાં.

૪૮. વસુઓ, રુદ્રો, આદિત્યો જેમાં મુખ્ય છે એવા બધા દેવો પોતાના વાહનોમાં અને મુનિઓ પણ (આ) ઉત્સવ જોવા આવી પહોંચ્યા.

૪૯. ગુરુએ (શ્રીદત્તે) પણ ક્રવ્યાદ (માંસભક્ષી) પાસે વિધિપૂર્વક અગ્નિ ભેગો કરાવડાવ્યો અને સૌભાગ્યવતી મંગલકારી તેણે (રેણુકાએ) પતિ સાથે આહિતાગ્નિમાં પ્રવેશ કર્યો.

૫૦. સતીના સ્પર્શથી જ સળગેલો અગ્નિ હજારો સૂર્ય સમો શોભવા લાગ્યો. બધા ખૂબ હર્ષ પામી પ્રણામ કરવા લાગ્યા અને ઊંચા અવાજે જય-જયકાર કર્યો.

---

૧. સૂપડાંમાં ફળ કંકુ અને કાંસકી મૂકી બ્રાહ્મણને દાન આપવું.

# ચોથા અષ્ટકનો આઠમો અધ્યાય
# માતા-પિતાની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરી પરશુરામે ઋષિઓને આપેલું પૃથ્વીનું દાન

૧. થી ૨. "હે દત્ત ! યજ્ઞસ્વરૂપ સર્વજ્ઞ એવા તને પ્રણામ. તું મારો સખા છે; માટે વિધિપૂર્વક આચાર્ય બનીને આ બંનેની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરાવ," એ પ્રમાણે રામ વડે પ્રાર્થના કરાતાં તેમણે આચાર્ય બની, વિધિપૂર્વક અંજલિદાન અને પિણ્ડદાન આદિ ક્રિયા કરાવી.

૩. શ્રીદત્તે કહ્યું, "હે રામ ! તારા માતા-પિતા ક્યાં ગયાં તે તું જાણે છે ?" તેણે જવાબ આપ્યો, "તમારી કૃપાથી તે બંને સ્વર્ગમાં ગયાં એમ મને લાગે છે."

૪. શ્રી ભગવાને કહ્યું, "તે બંને મરણ પામ્યાં (તેથી) સ્વર્ગમાં ગયાં, એ તો અજ્ઞાનીની માન્યતા કહેવાય. એ બંને નથી મર્યા કે નથી સ્વર્ગે ગયાં; લીલા વિહાર કરતા એ બંનેને (અહીં-તારી પાસે) જો."

૫. રામે પણ તેજથી દિશાઓને અજવાળતા માતા-પિતાને જોઈ તે બંનેને પરમ ભક્તિથી પ્રણામ કર્યા; ત્યાર પછી તેઓ અદૃશ્ય થયાં.

૬. ભગવાને રામને આલિંગન આપી કહ્યું, "તું અધાર્મિક (પાપી) ક્ષત્રિયોનો વધ કર; હે સખા ! મારા ચિત્-અંશથી યુક્ત તું વિજેતા બનીશ.

૭. પછી રામે નદીમાં સ્નાન કરી, સંકલ્પ કરી, આયુધો લઈ, એકવીસ વખત પૃથ્વી ક્ષત્રિયો વિનાની કરી લોહીના (પાંચ) કુંડ બનાવ્યા. (જે સ્યમંત પંચક તરીકે કુરુક્ષેત્રમાં ઓળખાય છે).

૮. થી ૯. (પછી) પિતૃઓનું (તે લોહીથી) તર્પણ કરી, કુંડોમાં શસ્ત્રોને ધોઈ, અત્રિપુત્રને આચાર્ય (બનાવી) કશ્યપ વગેરે (ઋષિઓ) નું ઋત્વિજ તરીકે વરણ કરી સોમયાગ કર્યો, જેમાં બધા દેવો અને બ્રાહ્મણો અન્ન, ધન, વસ્ત્રોથી તૃપ્ત બન્યા, અને આ વિશુદ્ધ મનવાળા એણે કશ્યપને બધી પૃથ્વી આપી દીધી.

૧૦. રામે શ્રીદત્તનું સુવર્ણ, વસ્ત્ર, ધનથી આચાર્ય તરીકે પૂજન કર્યું અને ભક્તિથી પ્રસન્ન થતા ભગવાને એ બધું બ્રાહ્મણોને આપી દીધું.

૧૧. થી ૧૨. રામને ખોળામાં બેસાડી તેમણે કહ્યું, "હે બાળક ! આ પાપી અને જીતી ન શકાય એવા ક્ષત્રિયોને તેં હણ્યા, તે (ખરેખર) ખૂબ મુશ્કેલ કાર્ય તેં કર્યું છે; તેં વિધિપૂર્વક યજ્ઞ પણ કર્યો; તું બહાદુર છું, અને સાક્ષાત્ વિષ્ણુ છું." રામે કહ્યું, "હું શૂરવીર નથી; આ તો તારી કૃપા છે."

૧૩. તે દેવો અને મુનિઓ પણ "ખૂબ સરસ, ઉમદા (કૃત્ય કર્યું)", એવું બોલ્યા; અને રામથી સત્કારાયેલા તે સર્વે હર્ષથી પોત-પોતાને ધામ ગયા.

૧૪. થી ૧૭. રામ (પ્રભુ સાથે) મિત્રતા કરીને ત્યાં (સહ્યાદ્રિના) આશ્રમે રહી પડ્યો. તેના પર સંતુષ્ટ થયેલા ભગવાને તેને શ્રવણ કરતાં બરાબર એક ક્ષણમાં મુક્તિ આપનારું ત્રિપુરાદેવીનું રહસ્ય કહ્યું (અને પછી) કહ્યું, "તું મારો સખા છે, તું દીર્ઘ આયુષ્ય ભોગવ; થોડો સમય અહીં રહે, પછી પશ્ચિમ સમુદ્રતટે લોકને સુખકારક તપશ્ચર્યા કર; જે તેજ તારામાં આજે મૂક્યું છે, તે ફરીથી બીજા જન્મમાં લઈ લઈશ; તું ખરેખર સાવર્ણિ મન્વન્તરમાં મહર્ષિ બનીશ અને જ્યારે મહાકલ્પ આવશે ત્યારે મારું સાયુજ્ય પ્રાપ્ત કરીશ."

૧૮. થી ૧૯. આ રીતે ભગવાને જમદગ્નિના પુત્ર રામને કહ્યું, રામ પણ પોતાના આશ્રમમાં જઈ (ત્યાં) થોડો સમય રહ્યા, જેણે (પરશુરામે) તીક્ષ્ણ ધારવાળી પરશુથી ખૂબ દૃઢતાપૂર્વક (રાજાઓને) હણીને (આ) પૃથ્વીના તળિયાને એકવીસ વાર ક્ષત્રિયો વિનાનું બનાવ્યું.

૨૦. પછી બીજા યુગમાં (ભગવાન) વિષ્ણુએ સૂર્યવંશમાં અવતાર લઈ (રામરૂપે) (પરશુરામનું) એ (અન્યને) બાળતું તેજ લઈ લીધું, ત્યાર બાદ રામે (પરશુરામે) તપશ્ચર્યા આદરી.

૨૧. આ રામ (પરશુરામ) હરિ (વિષ્ણુ) ના અંશ (હતા), પિતૃભક્ત (હતા); ભગવાન (દત્ત) ના તે સખા (હતા), અને લીલાથી જગતમાં ભક્તિનો ફેલાવો કરવા બ્રાહ્મણનું રૂપ ધારણ કરી અવતર્યા હતા.

૨૨. તે રેણુકા જગતની માતા સાક્ષાત્ દેવી પાર્વતી (હતાં) અને (ભગવાન) શિવ પોતે મહામુનિ જમદગ્નિરૂપે અહીં અવતર્યા હતા.

૨૩. માટે જ શ્રીદત્તે લોકોને ઉપદેશ આપવા જ આ દેવીની (રેણુકાની) સ્તુતિ કરી હતી, તે જ રીતે બ્રહ્માએ પણ પોતાના કાર્ય માટે (એની) સ્તુતિ કરી હતી.

૨૪. થી ૨૬. પહેલાં જે પંચપર્વા વિદ્યાને ઉત્પન્ન કરી હતી, તેનાથી જ કદાચ બ્રહ્મા ભગવાને આપેલી (અંતઃકરણમાં ઉદ્‌બોધેલી) (સૃષ્ટિ ઉત્પન્ન કરવાના સાધનરૂપ) તે બધી (વેદની) શ્રુતિઓ ભૂલી ગયા ! અને સતત હૃદયમાં વિચારવા છતાં જાતે જાણી શક્યા નહીં; તેથી માતાપુર જઈ મંગલમયી દેવી રેણુકાની સ્તુતિ કરી, "હે દેવી ! તું સાક્ષાત્ વાણી સ્વરૂપ ભગવતી વેદમાતા ગાયત્રી છે. (મારા પર) પ્રસન્ન થા અને પહેલાંની માફક (મારાથી) ભૂલી જવાયેલા વેદનો (અંતરમાં) પ્રકાશ કર."

૨૭. થી ૨૯. દેવીએ કહ્યું, "શ્રીદત્તની પાસે જા (અને) પૂછ; એ (બધું) કહેશે. આમ કહેવાતાં તે (બ્રહ્મા) ભગવાન (શ્રીદત્ત) પાસે જઈ શ્રીદેવી (રેણુકામાતા) એ જે કહ્યું હતું તે જણાવ્યું (અને બોલ્યા), "બધા દેવોથી નમન કરાતા, સર્વજ્ઞોમાં શ્રેષ્ઠ શ્રીદત્ત (ભગવન્)! ! હે (સ્વયં) [1]આધાર વિનાના ! સર્વના આધાર ! તું ગુણોવાળો હોવા છતાં નિર્ગુણ છે; હું આજે દૈવયોગે (છ) અંગો અને ઉપનિષદો સહિત બધા વેદ ભૂલી ગયો છું; હે બુદ્ધિને પ્રકાશિત કરનાર ! તે વેદો વર્ણ, માત્રા અને સ્વર સાથે મને બોલી સંભળાવ."

૩૦. થી ૩૨. શ્રીદત્તે કહ્યું, "હે બ્રહ્મા ! પંચપર્વા વિદ્યાથી મોહ પામી તું આને (દેવી રેણુકાને) ભૂલી ગયો તેથી તને વેદોનું જ્ઞાન રહ્યું નથી; જેમાં વર્ણો પ્રકાશે છે, જે એકમેવ બધા વર્ણોમાં રહેલી છે, તે વર્ણ સ્વરૂપ ત્રિપુરા દેવી, પોતેજ એકમેવ રેણુકા છે, બીજી કોઈ નહીં, તે વર્ણોવાળી વેદમાતા, સાવિત્રી, બ્રહ્મસ્વરૂપિણી, એકમેવ જગતને ધારણ કરવાવાળી દેવી ચિત્કલા છે, બીજી કોઈ નહીં."

૩૩. થી ૩૪. "(ૐ કારરૂપી) એક માત્રા, એકવીરા, ભગવતી, આઠ (અષ્ટધા પ્રકૃતિ) પર્યાયોથી ઉચ્ચારી શકાય તેવી, ૐ એ એક સ્વરવાળી, તે બ્રહ્મરૂપિણી રેણુકા છે; એકમેવ હોવા છતાં અનેક રૂપવાળી છે, 'એકવીરા' એ રીતે તેનું ગાન થાય છે. તે દેવીનું મનથી સ્મરણ કર (એટલે) તને વેદજ્ઞાન થઈ જશે."

૩૫. બ્રહ્માએ કહ્યું, "તમે ઘણુ સારું (સાચું) કહ્યું; મે તેનું (દેવીનું) વિસ્મરણ કર્યું હતું; હવે હું જાગ્રત થયો છું (અને) તે સાધ્વી રેણુકાનું ભક્તિભાવથી સ્મરણ કરું છું.

૩૬. આ પ્રમાણેની બંનેની ચર્ચા ચાલતી હતી અને રેણુકા મા પણ પ્રગટ થયાં; તેમનાં મુખમાંથી અંગ-ઉપાંગ સહિત, ઉપનિષદો સહિત, (સર્વે) વેદો પણ (પ્રગટ થયા).

૩૭ થી ૩૯. પછી ઉત્કૃષ્ટ આનંદવાળા, વેદ મેળવવાથી પ્રસન્ન મુખકમળવાળા તે (બ્રહ્મા) હર્ષ પામ્યા અને શ્રીદત્તની અને તે રેણુકા (મા) ની સ્તુતિ કરી (કે) "(હે મા) હ્રી, ભી, ધી, શ્રી તું જ છે; તું એકમેવ શ્રદ્ધા, મેધા, ધારણા, પ્રજ્ઞા છે. હે વાણી સ્વરૂપ ! આ છંદો તારાં જ અંગો છે; તું સ્વર અને વર્ણ સ્વરૂપ છે, અનંત છે, તુંજ ઓંકાર સ્વરૂપ છે; હે એકવીરા ! મારા પર પ્રસન્ન થા, હંમેશાં મારી પાસે જ રહે."

૧. ભગવાનને કોઈ આધારની જરૂર નથી તેથી.

૪૦. આ પ્રમાણે જેની સ્તુતિ (બ્રહ્માથી) કરાઈ છે, તે 'રેણુકા' 'ભલે' એમ કહી અંતર્ધાન થયાં. બ્રહ્મા શ્રીદત્તને નમન કરી, તેમની આજ્ઞા મેળવી હર્ષથી પોતાના ધામે ગયા.

૪૧. આવા પ્રભાવવાળી આ દેવી (રેણુકા) રેણુને (તેની) તપશ્ચર્યાનું ફળ આપવા રેણુકા નામે તેની પુત્રી થઈ અને વિશ્વવિખ્યાત બની.

૪૨. આજે પણ તે (દેવી) સહ્યાદ્રિના શિખર પર શ્રીદત્તના પવિત્ર આશ્રમ પાસે આમલકી ગામમાં માતાપુર નામે સ્થળે સાક્ષાત્ હાજર છે.

૪૩. ત્યાં સતી (રેણુકા) માતાએ સ્વયં સ્નાન કર્યું તેથી (તે સ્થળ) પવિત્ર માતૃતીર્થ (કહેવાય) છે, અને દર્શનથી અને સ્પર્શથી માણસોને સદ્ગતિ આપનારું છે.

૪૪. (એક બાજુ) અનસૂયાઓ અત્રિનો આશ્રમ, (બીજી બાજુ), શ્રી રેણુકા (દેવી) નો આશ્રમ (મધ્યમાં) (અત્રિ-અનસૂયા-પુત્ર) શ્રીદત્તનો આશ્રમ, (ત્યાં) શ્રી લક્ષ્મીજીની આત્મા તરીકે બનેલી કૃષ્ણામલકી આ (ચાર) ને જોનાર માણસ ફરી સંસારમાં આવતો નથી. (અર્થાત્ મુક્તિ પામે છે.)

૪૫. પદ્મતીર્થ, સર્વતીર્થ અને માતૃતીર્થ આ ત્રણનો સમૂહ બધા લોકોને પાવન કરનારો છે; કોઈ પણ (અન્ય) સ્થળે જલદીથી ઉદ્ધાર કરનારું આવું (સ્થાન) નથી.

૪૬. પહેલાં પોતાની જ પુત્રી પર કામભાવથી પાપી બનેલા સૂર્યને કોઢ થયો; એ ફક્ત પદ્મતીર્થમાં સ્નાન કરવાથી શુદ્ધ થયો, (એટલું જ નહીં) બીજાનાં દુઃખ હરનારો બન્યો.[1]

૪૭. આત્રીકે દુર્ગતિ પામેલા પોતાના પિતૃઓના ઉદ્ધાર માટે (આખી) પૃથ્વી પર ફરતાં માતૃતીર્થમાં સ્નાન કરવા માત્રથી મુક્ત થયેલા પિતૃઓને (સ્વયં) જોયા.

૪૮. આ (રેણુકા) દેવીને નમન કરી માતૃતીર્થમાં જે માણસો પિણ્ડ આપશે તેના પિતૃઓનો ઉદ્ધાર થશે અને નાશ ન પામનારી તૃપ્તિ પામશે.

૪૯. આ શ્રીદત્ત (ભગવાન) નું ઉત્તમ માહાત્મ્ય બે અષ્ટકમાં મેં કહ્યું છે, તેનો યશ તેના (શ્રીદત્તના) પ્રિય શિષ્ય કૃતવીર્યના પુત્ર અર્જુનને મળે છે.

૫૦. જેવી રીતે ત્ર્યધીશ્વર ભગવાન શ્રીદત્ત (ઇચ્છિત વસ્તુ આપે છે), તેવી જ રીતે આ મોક્ષ પામેલા અર્જુનનું સ્મરણ તરત જ (માણસને) એની ખૂબ ઇચ્છિત વસ્તુ આપે છે.

---

૧. સૂર્ય ઉપાસનાથી કોઢ મટે છે. કવિ મયૂરનો દાખલો પ્રખ્યાત છે.

# પાંચમા અષ્ટકનો પહેલો અધ્યાય
# કુવલયાશ્વે ગાલવ (ઋષિ) માટે કરેલી દાનવની હિંસા અને મદાલસા સાથે કરેલું લગ્ન

૧. જે ચાકકસ પણે સાકાર (અહંકારી) ભક્તને પણ નિરાકાર (નિરહંકારી) બનાવે છે, તે (મૂળે) નિરાકાર (પણ) નરદેહવાળા શ્રીગુરુ (દત્તાત્રેય) ની હું સ્તુતિ કરું છું.

૨. પહેલાના સમયમાં સોમવંશમાં ઉત્પન્ન થયેલો મહાબળવાન અને તેજસ્વી શત્રુજિત નામે (રાજા) હતો. તેનો ઋતુધ્વજ નામે પુત્ર બધી વિદ્યાઓમાં નિષ્ણાત હતો.

૩. થી ૪. (એક સમયે) ગાલવ (નામે ઋષિ) તેની પાસે આવી કહેવા લાગ્યો કે જ્યારે મને દૈત્ય ખૂબ પજવતો હતો ત્યારે એક દિવ્ય અશ્વ આકાશમાંથી આવ્યો અને આકાશવાણી થઈ, "આ ઘોડા પર બેસીને ઋતુધ્વજ તારા દુઃખનો નાશ કરશે." તેથી હે રાજન્ ! દુશ્મનના નાશ માટે તારો પુત્ર આપ. ત્યાર પછી હું અધૂરી રહેલી તપશ્ચર્યા સુખપૂર્વક કરી શકીશ.

૫. રાજાએ 'ભલે' એમ કહીને પુત્રને આપ્યો; તે ગાલવ (ઋષિ) તેના પર પ્રસન્ન થયો; (અને) તે બળવાન સાથે (તેને) ઘોડો આપી પોતાના આશ્રમે આવ્યો.

૬. થી ૭. ત્યાં એકવાર વરાહનું રૂપ ધારણ કરી દૈત્ય આવી પહોંચ્યો. ઋતુધ્વજે દૈત્યને ઓળખીને અસ્ત્ર ધારણ કરી બધી દિશામાં ગતિવાળા અશ્વ પર બેસી, અર્ધ ચંદ્રાકાર બાણથી (તેને) હણ્યો; (બાણથી) વીંધાયેલો તે રાક્ષસ દોડ્યો; રાજાએ તેનો પીછો કર્યો (અને) ડરનો માર્યો દૈત્ય પાતાલમાં પેસી ગયો.

૮. તેનો પીછો કરતા તે રાજાએ પાતાળમાં દેદીપ્યમાન ભવનમાં એકાકી યુવતીને જોઈ; તે પણ તેને જોઈ પલવારમાં ચંદ્રશાલામાં જતી રહી.

૯. તે (રાજા) પણ એની પાછળ જઈ, સુંદર મંચ પર બેઠેલી, ઉન્નત સ્તન ભારથી નમેલી, તે તન્વી (સોળ વર્ષની ઉંમરની) યુવતીને જોઈ કામપીડાથી વિહ્વલ બન્યો.

૧૦. તે પણ દેવ જેવા સુન્દર (આ) માનવીને જોઈને મૂર્છા પામી પૃથ્વી પર) પડી, (અને) તીક્ષ્ણ ઉચ્છ્વાસ છોડવા લાગી, (ત્યારે) સખીએ અને રાજાએ તેને આશ્વાસન આપ્યું.

૧૧. તેની (રાજાની) સંજ્ઞાથી સખીએ તે આશ્ચર્ય પામતા રાજાને કહ્યું, "તું જ એની મૂર્છા માટે નિમિત્ત છે; તને જોઈને કામના ક્ષોભને લીધે એ બેભાન બની છે."

૧૨. થી ૧૬. "આ વિશ્વાવસુ ગન્ધર્વની પુત્રી મદાલસા નામે છે; માયાવી પાતાલકેતુ રાક્ષસે બળપૂર્વક તેનું અપહરણ કર્યું છે; તે (રાક્ષસ) એની પાસે આવી તેરસને દિવસે બળપૂર્વક એની સાથે લગ્ન કરશે; જેમ સુંદર અંગો (છ વેદાંગ) વાળી શ્રુતિ (વેદવાણી) માટે શૂદ્ર અધમ છે અને યોગ્ય નથી તેમ, સુંદર દેહયષ્ટિવાળી આના માટે તે શૂદ્ર જેવો અધમ (રાક્ષસ) યોગ્ય વર નથી. ગઈકાલે કામધેનુએ મરવા તૈયાર થયેલી એને કહ્યું, "એવું ન કરીશ, એક માણસ દૈત્યનો નાશ કરશે; તે તારો પતિ થવાનો છે. તે જ પ્રમાણે (બન્યું); આજે દૈત્ય કોઈનાથી વીંધાયો અને ગુફામાં ચાલ્યો ગયો છે; આપ એનો પીછો કરતા આવ્યા છો, મને લાગે છે કે એને પરણનાર દેવ તમે જ છો. હું એની કુણ્ડલા નામની સખી છું; મેં બધું જણાવ્યું છે; આજે સખી પર દયા કરો અને એનો શોક દૂર કરો."

૧૭. થી ૧૮. રાજાએ કહ્યું, "હું દેવ નથી (પણ) સોમવંશનો ઋતુધ્વજ (છું અને) ગાલવ ઋષિની આજ્ઞાથી આનાથી (મારા બાણથી) વીંધાયેલા દૈત્યને હણવા માટે અહીં આવી પહોંચ્યો છું, રાજાએ બ્રાહ્મણ, દેવ અને અગ્નિના સાંનિધ્યમાં વધૂ સાથે લગ્ન કરવાં જોઈએ તેથી એની (મદાલસા) સાથે આજે લગ્ન કરવાથી મને પાપ લાગે નહીં શું ?

૧૯. કુંડલાએ કહ્યું, "હું ધ્યાન ધરીને કુલગુરુને લઈ આવું છું." એમ કહી તેણે ગુરુનું ધ્યાન ધર્યું અને તે પણ સમિધ-દર્ભ લઈને આવી પહોંચ્યા.

૨૦. તેણે બધું જાણીને વિવાહગ્નિને પ્રજ્વલિત કરી વિધિ પ્રમાણે વિવાહ સંસ્કાર કર્યા, (પછી) ફરીથી તપશ્ચર્યા માટે ગયા.

૨૧. કુંડલા પણ આશિષ આપીને તપ કરવા ચાલી ગઈ. તે રાજા નવોઢા મદાલસા સાથે ઘોડા પર બેસી, જવા માંડ્યો ત્યારે (પેલો) રાક્ષસ યુદ્ધ કરવા આવી પહોંચ્યો.

૨૨. (તેના) સૈન્ય સહ તેનો એક ક્ષણમાં વધ કરી, મુનિ (ગાલવ) ને (તે) જણાવી રાજાએ પત્ની સાથે રાષ્ટ્રમાં આવી બધું પિતાને જણાવ્યું.

૨૩. તેણે (શત્રુજિતે) વિજયી પુત્રને અને સ્વર્ગની અપ્સરા જેવી પુત્રવધૂને જોઈને આનંદથી તેનું કુવલયાશ્વ એવું નામ રાખ્યું.

૨૪. પતિને દેવ માનતી મદાલસા હંમેશા તે પતિની સેવા કરતી; (અને) બંનેનો એકબીજા પરનો પ્રેમ સદા ચક્રવાક પંખીના યુગલ જેવો હતો.

૨૫. થી ૨૬. હવે કોઈ એક વેળા ઋતુધ્વજ મૃગયા માટે વનમાં ગયો, (ત્યારે) તે (પાતાલકેતુ) દૈત્યનો ભાઈ તાલકેતુ તેને જોઈ ગયો અને બોલ્યો, "મોટાભાઈનું ઋણ ચૂકવવા માટે માયાથી એને હું છેતરું" - એમ બોલી તેણે મુનિ બની માયાથી જંગલ ઊભું કર્યું.

૨૭. રાજાએ (આ) તપોવન (છે), માની દૈવયોગે તેમાં પ્રવેશી તેની માયાને ન જાણવાથી તેને શાંત મુનિ માની તે દુષ્ટને પ્રણામ કર્યા.

૨૮. તેણે કહ્યું, "હે રાજન્! તારું કલ્યાણ થાવ. મેં આ યજ્ઞ આરંભ્યો છે. દક્ષિણા માટે ધન નથી, (તો) આ (તારો) ગળાનો હાર મને આપ.

૨૯. થી ૩૨. રાજાએ ભલે એમ કહી, (તેને) ગળાનો હાર આપી દીધો. તે લઈને, તેણે (દૈત્યે) રાજાને કહ્યું, "તું થોડીવાર ઊભો રહે; હું જલદેવતા (વરુણ) ને નમન કરીને એક ક્ષણમાં (પાછો) આવીને પછી તને વરદાન આપીશ. તે રાજા ભલે એમ કહી ઊભો રહ્યો; (જ્યારે) મુનિવેષવાળો તે દૈત્ય નગરમાં ગયો અને મદાલસા તથા વડીલ (પિતા) આગળ હાહાકાર કરી (રડતાં રડતાં) કહેવા લાગ્યો, "દૈત્યોએ ઋતુધ્વજને હણી નાખ્યો; એણે આ (હાર) મરતાં મરતાં આપ્યો. વનવાસીઓએ અગ્નિસંસ્કાર કર્યો; આશ્વાસન-રૂપે આ ગળાનો હાર લો." એમ કહી હાર (ત્યાં) મૂકી જલદી પોતાના આશ્રમે ગયો.

૩૩. (આશ્રમમાં આવી) તેણે પ્રેમથી રાજાને કહ્યું, "મારા પર તેં ઉપકાર કર્યો છે." આ રીતે કહેવાતાં, રાજા તેને પ્રણામ કરી બીજા જંગલમાં ગયો.

૩૪. (આ બાજુ) રાજ્યમાં મોટો અનર્થ થયો. ન બનવાનું બન્યું). પુત્રના (મરણના) ઊંડા શોકથી ઘેરાયેલો રાજા શત્રુજિત છાતી-માથું કૂટતાં કૂટતાં વિલાપ કરવા લાગ્યો.

૩૫. (હવે) તે વિદુષી મદાલસાએ, પણ લાંબા કાલ સુધી રૂદન કરી, સાસુ-સસરાને આશ્વાસન આપી ધૈર્યથી વિધિ પ્રમાણે (સતી થવા) અગ્નિમાં પ્રવેશ કર્યો.

૩૬. બધી પ્રજા શોકમગ્ન બની ગઈ. મહાન હાહાકાર મચી ગયો. બીજાં બધાંએ સ્નાન કરી રાજાને આશ્વાસન આપી વિધિ પ્રમાણે જલ અર્પણ કર્યું.

૩૭. એટલામાં અશ્વ પર આરૂઢ થયેલો તે ઋતુધ્વજ વનમાંથી પાછો આવી બધાંને ખિન્ન બનેલાં જોઈ, બધું સાંભળી, ખૂબ દુઃખી બન્યો.

૩૮. લાંબા સમય સુધી વિચાર કરી તેણે (ઋતુધ્વજે) પ્રિયા (મદાલસા) પ્રત્યેનું ઋણ અદા કરવા સંકલ્પ કર્યો કે આ જન્મમાં તે સુંદર અંગોવાળી (મારી પ્રિયા) વિના અન્ય કોઈ સ્ત્રીને હું ભોગવીશ નહીં.

૩૯. આવો સંકલ્પ કરી તેણે (બધા) ઉપભોગોનો ત્યાગ કર્યો. (એટલામાં) સદ્નસીબે અશ્વતર નાગના બે પુત્રો બ્રાહ્મણનું રૂપ ધારણ કરી પૃથ્વી પર આવ્યા (અને) તે બે સાથે રાજાએ મિત્રતા બાંધી.

૪૦. બુદ્ધિમાં બૃહસ્પતિ, પરાક્રમમાં ઈન્દ્ર, અને લાવણ્યમાં કામદેવ જેવા તેને (ઋતુધ્વજને) જોઈને તે બે નાગ પ્રતિદિન આવીને તેની સાથે આનંદથી રમવા લાગ્યા.

૪૧. તે બંને વિના (બીજા કોઈ સાથે) રાજા ક્રીડા કરતો ન હતો. એક વખત એનું (મિત્રનું) પત્નીના વિયોગથી જન્મેલું દુઃખ જાણીને તે બંને નાગ પણ ખૂબ ઉદાસ બન્યા.

૪૨. થી ૪૩. તે બંનેના (નાગના) પિતા એ (અશ્વતર) તે બંનેને ઉદાસ મુખવાળા જોઈ (તેમને) દિલગીરીનું કારણ પૂછ્યું; તે બંનેએ કહ્યું, "હે પિતા ! અમે બંને મિત્રના દુઃખે દુઃખી છીએ. સોમવંશનો ઋતુધ્વજ છે. પૃથ્વી પર તેની સાથે અમારી મિત્રતા થયેલી છે, તેનું કાર્ય કરવું ખૂબ મુશ્કેલ છે, એમ લાગવાથી અમે ઉદાસ રહીએ છીએ."

૪૪. પિતાએ કહ્યું, "મિત્રોએ (મિત્રને) અવશ્ય ઉપકાર કરવો જોઈએ. (તમારા) મિત્રનું ક્યું મહાન કાર્ય (તમારે) કરવાનું છે, તે તમે બંને કહો. તેમાં હું પ્રયત્ન કરીશ."

૪૫. થી ૪૬. તે બંનેએ તેને (પિતાને) કહ્યું, "તેની (મિત્રની) પત્ની નામે મદાલસા દૈત્યથી છેતરાઈ છે, (તેની પાસેથી) પતિ મરણ પામ્યો છે એવું સાંભળી તે પણ મૃત્યુ પામી. (હવે) તેણે ત્રણ પ્રતિજ્ઞા કરી કે હું અન્ય સ્ત્રીનો ઉપભોગ કરીશ નહીં. મિત્રનું આ મોટું કાર્ય, હે પિતા; ક્યા ઉપાયથી સાધી શકાય."

૪૭. બધી ઈન્દ્રિયોનું નિધાન એવું મન (બધા) ભોગ ભોગવી લે તો શાંત થાય છે, નહીં તો પરવશ એવો માનવી તેની (મનની) વાસનારૂપી અગ્નિથી બળતો હોય તો નાશ જ પામે છે.

૪૮. પિતાએ કહ્યું, "મનુષ્યે પ્રયત્ન કરવો જોઈએ, કારણ દૈવ તો અન્તકર્ય છે; હે પુત્ર ! તેના (મિત્રના) કાર્ય માટે તપશ્ચર્યાથી હું પ્રયત્ન કરીશ.

૪૯. આ રીતે કહીને અશ્વતર નાગ કંબલ નાગ સહિત હિમાલય પર્વતના સર્વ પ્રકારની સિદ્ધિ આપનારા લક્ષાવરણ તીર્થ પર ગયો.

૫૦. આહાર પર વિજય મેળવી, પ્રાણાયામથી શુદ્ધ કરેલી બુદ્ધિથી મન પર સંયમ કેળવી એકાગ્ર બની વેદોના આવિર્ભાવના સ્થાન રૂપ દેવી સરસ્વતીનું અર્ચન કરવા લાગ્યો.

# પાંચમા અષ્ટકનો બીજો અધ્યાય
# પાતાલમાં ગયેલા રાજાને નાગો દ્વારા મદાલસાની પ્રાપ્તિ

૧. (અશ્વતર નાગ આઠ શ્લોકથી મા સરસ્વતીની સ્તુતિ કરે છે): હે મા સરસ્વતી ! બાળકની (કાલી-કાલી) ભાષા જેવા (આ) મારા સ્તોત્રથી તુષ્ટ થા; હે કેવલે ! 'સાચે જ અસત્ (કારણ) અને સત્ (કાર્ય) પણ ભ્રમને લીધે (અવિદ્યાને લીધે) તારામાં (સાચાં હોય એમ) ભાસે છે.

૨. જે ક્ષર અને અક્ષરથી પર ધ્રુવપદ (ધામ=તેજ) છે, તે તું જ છે; જેમ પાણીમાં ઉત્પન્ન થતા મોજાંના બુદ્બુદો હોય તેમ તારામાં જ ઈશ્વર અને જીવની કલ્પના છે.

૩. હે ત્ર્યધીશે ! હે ૐકાર સ્વરૂપિણિ ! આ (નામરૂપાત્મક) જગતના કર્મના વિકારોથી વર્જિત અર્ધમાત્રા રૂપ; તેજસ્વી મંગલ તત્ત્વ તું જ છે.

૪. હે એકવીસ[2] યાગની સાધનભૂત (દેવી) ! હે ભોગ-મોક્ષ ને આપવાળી ! હે સ્વર (અ-આ વગેરે) અને (વ્યંજન ક, ખ વગેરે) - ની કારણભૂત મા ! તારું સ્તવન કોણ કરી શકે ?

૫. (વિશ્વને) પ્રકાશિત કરનાર (સૂર્ય વગેરે) ને પણ પ્રકાશિત કરનારી હે (મા) ! હે શ્રુતિ (વેદવાક્યો) અને શ્રુત સ્મૃતિશાસ્ત્રોને ધારણ કરનારી (દેવી)! તું જ બધાનું કારણ છે, તું જ બધાંને તારનાર છે.

૬. જે સંપૂર્ણ (બ્રહ્મચર્યાદિથી) શક્તિમાન ભક્તોથી પ્રાપ્ય છે, જેનાથી બધું વ્યાપેલું છે, તે જ તારું સર્વશ્રેષ્ઠ પરમ ધામ છે, જેને પ્રાજ્ઞ પુરુષો જ પ્રત્યક્ષ જોઈ શકે છે.

૭. આ લોક અને પરલોકમાં જે સ્થાવર, જંગમ કે ગોચર વિષયો છે, તેમની ઉપલબ્ધિ તારાથી જ થાય છે, એની સાખ વેદો આપે છે.

૮. હે સરસ્વતી ! હે બુદ્ધિનું રક્ષણ કરનારી મા ! હે યજ્ઞક્રિયાની અધિષ્ઠાત્રિ ! તને પ્રણામ હો; હે બુદ્ધિને પ્રકાશિત કરનારી (મા) ! પોતાના ભક્તના હૃદયમાં વસનારી (મા) ! મારા પર પ્રસન્ન થા.

૯. આ પ્રમાણે જેની સ્તુતિ કરાઈ છે, તે વિષ્ણુ ભગવાનની જીભસ્વરૂપી; સત્ય-પ્રિય વાણીની પ્રેરક (મા) પ્રસન્ન થઈ અને પોતાનું સ્વરૂપ પ્રગટ કરી બોલી, "હું પ્રસન્ન થઈ છું, ઈપ્સિત (વસ્તુ) માગ."

૧૦. (અશ્વતરે) સરસ્વતી પાસે યાચના કરી, "કંબલ સાથે મને (અમને બંનેને) શંકરની ગાનસ્તુતિ કરવામાં સહાય કરો; (અમને) મંજુલ સ્વર વગેરે આપો.

૧૧. વાણીની (અધિપતિ) ઈશ્વરીએ કહ્યું, "તમને બંનેને ઉત્કૃષ્ટ દિવ્ય નાદ (ઉત્પન્ન કરવાનું) રહસ્ય પ્રાપ્ત થાવ; અને આ (તમારું) સ્તોત્ર સ્ખલન થાય તેવી વાણી અને બુદ્ધિની મંદતા વગેરેનું નાશ કરનારું બની રહો.

૧૨. થી ૧૪. આમ કહી તે (સરસ્વતી) અંતર્ધાન થઈ ગયાં. તે બંને જલદીથી કૈલાસમાં ગયા. (અશ્વતરે) કંબલની સાથે મંજુલ સ્વરમાં, (સંગીતના) અંગોથી પૂર્ણ, મીઠી લહેકાવાળું, ઉત્તમ સુન્દર વ્યંજનોવાળું, સમય ને અનુરૂપ, કોમળ વાણીવાળું, વીણા, મુરજ, કાંસ્યતાલ (ચંગડીઓ), વેણુ વગેરે (વાજિંત્રો) સાથે દિવ્ય, મન આકર્ષિત કરનારું તંત્રીલયવાળું, આરોહ-અવરોહથી હૃદયંગમ ગીત ત્રણે કાળ, (સવાર, બપોરે, સાંજે) દેવીની કૃપાથી ગાયું; મહાદેવજી (તેમના) મંદ મંદ સ્વરથી ગવાયેલ ગીતથી ખરેખર સંતુષ્ટ થયા.

---

૧. કેવલે એટલે જેના સિવાય અન્ય કશું છે જ નહીં તે અદ્વિતીય દેવી !

૨. સાત પાક યજ્ઞ, સાત હવિર્યજ્ઞ અને સાત સોમયાગ = એકવીસ યાગ

૧૫. આ (મનને) આકર્ષિત કરનારા ગીતના રાગથી મહાદેવ પણ ખૂબ આકર્ષાયા અને તેમની આગળ જઈ તે બંનેને કહ્યું, "તમને શી ઈષ્ટ વસ્તુ જોઈએ છે; તમે કહો."

૧૬. થી ૧૭. (અશ્વતર) નાગે કહ્યું, "જે કુવલયાશ્વની પત્ની (મદાલસા) મૃત્યુ પામી છે, તે તે જ આકાર બુદ્ધિ, અને સૌંદર્યથી યુક્ત બનેલી મારી પુત્રીરૂપે મને પ્રાપ્ત થાવ; પહેલાંની માફક પોતાનું જાતિનું સ્મરણ જાળવી રાખતી, ક્ષમા શાંતિ વગેરે સદ્‌ગુણોથી શોભતી, પતિવ્રતા, યોગીઓની માતા જેવી, (સ્વયં) યોગિની, અને બ્રહ્મ (વેદ) અને તેના અર્થને જાણનારી (બની રહો)."

૧૮. થી ૧૯. ઈશ્વરે (મહાદેવે) જવાબ આપ્યો, "ભલે, તેમ થશે, હે નાગપતિ ! તારે શ્રાદ્ધકાલે મહાપિણ્ડ ખાવો અને તેનું (મદાલસાનું) તે જ (એનું પહેલાનું સ્વરૂપ) સ્વરૂપમાં ધ્યાન ધરવું; હે નાગશ્રેષ્ઠ ! મારી કૃપાથી તે (મદાલસા) પહેલાં જેવી હતી, તેવી થશે; એમ કહી મહાદેવજી ગયા પછી તે બંને પણ પોતાના ધામ (પાતાલ) માં ગયા.

૨૦. તે અશ્વતરે મહાદેવજીએ જેમ કહ્યું હતું તે પ્રમાણે (બધું) કર્યું, અને (તેથી) તેની (શંકરની) કૃપાથી એના નિઃશ્વાસમાંથી પહેલાંના જેવી જ તે મદાલસા પ્રગટ થઈ.

૨૧. તેણે (સ્ત્રીરૂપ નાગે) તેને (મદાલસાને) બીજી સ્ત્રીઓ (સાથે) ગુપ્ત રીતે અંતઃપુરમાં કાળજીથી પ્રસ્થાપિત કરી અને તેણે (નાગે) બંને પુત્રોને કહ્યું, "(તમારા) મિત્ર રાજાને અહીં લઈ આવો."

૨૨. "ભલે (રાજાને લઈ આવીએ)," એમ કહી વિપ્રનું રૂપ ધારણ કરી તે બંનેએ પૃથ્વી પર જઈ (કુવલયાશ્વને) કહ્યું, "હે ઋતુધ્વજ ! (અમારા) પિતા તને જોવા ઈચ્છે છે."

૨૩. ભલે - એમ જેમને (કુવલયાશ્વથી) કહેવાયું છે, તેવા તે બંને (નાગપુત્રો) તેની (ઋતુધ્વજની) સાથે ગોમતી (નદી) માં ગયા અને નદીના મધ્યમાંથી રાજાને પાતાલમાં લઈ ગયા; તે રાજા આશ્ચર્ય પામ્યો.

૨૪. ત્યાં સુધી (પાતાલમાં જતા સુધી) રાજા એમ જ માનતો હતો કે આ બે તો (કોઈ) વાનપ્રસ્થના પુત્રો છે; હવે તે વેળા (પાતાલમાં) તેમને નાગરૂપે જોઈ તેણે (રાજાએ) પૂછ્યું, "તમે બંને કોણ છો ?".

૨૫. તેને (રાજાને) પોતાનું વૃતાન્ત જણાવી (પોતાના પિતા) શ્રેષ્ઠ અશ્વતર નાગનાં દર્શન કરાવ્યાં; રાજાએ પણ હર્ષ પામી તે નાગરાજને નમન કર્યું.

૨૬. તેણે (નાગરાજે) તેને (રાજાને) પ્રેમપૂર્વક દૃઢ આલિંગન આપ્યું, અને હર્ષાશ્રુથી ઉભરાતા (નેત્રવાળા) તેણે (રાજાના) મસ્તકને સૂંઘી "તું ચક્રવતી બન, સુખપૂર્વક દીર્ઘાયુષી બન," એવી આશિષ આપી.

૨૭. રાજાએ પણ કહ્યું, "હું આજે ધન્ય બન્યો છું, કારણ મિત્રની કૃપાને લીધે તમારું દુર્લભ દર્શન થયું છે; હું નિઃશંક કૃતકૃત્ય થયો છું."

૨૮. થી ૨૯. નાગે (અશ્વતરે) ફરી કહ્યું, "(મેં) જેની ખૂબ ઈચ્છા રાખી હતી, તે તારું દર્શન (તને મળવાનું) લાંબા વખત પછી બન્યું (તે મને ગમ્યું); (મારા) બંને પુત્રોએ તારા ગુણોનાં જે પ્રમાણે વખાણ કરેલાં તે પ્રમાણેજ (તારાં) સદ્‌ગુણો છે. હે રાજન્ ! તારે જે ઈચ્છિત વસ્તુ જોઈતી હોય તે માંગ; મને વરદાન આપવાવાળો જાણ," આ પ્રમાણે કહેવાતાં રાજાએ અશ્વતર નાગને આદરપૂર્વક નમન કરીને કહ્યું, ......

૩૦. "હે પ્રભો ! આપની કૃપાથી પિતાના રાજ્યમાં મને બધા જ વિષયો સુલભ છે; મારી ધર્મ (આચરણ માટે); માતા-પિતા, દેવ અને અતિથિ માટે સન્મતિ થાવ."

૩૧. 'ભલે, એમ થશે; બીજું (જે કંઈ) અભીષ્ટ જોઈએ, તે માગી લે,' - એમ (નાગથી) કહેવાતાં ઋતુધ્વજ મિત્રનું મુખ જોવા, લાગ્યો અને પોતાનું અભીષ્ટ (મદાલસાપ્રાપ્તિ) કહેવા માટે શરમાવા લાગ્યો.

૩૨. ત્યારે તેના ઈશારાને જાણતા એવા તે નાગપુત્રો એ કહ્યું, "હે પિતાજી ! મદાલસા વિના તેના માટે (રાજા માટે) બીજું કશું જ અભીષ્ટ નથી."

૩૩. પિતાએ કહ્યું, "(આ લોકમાં) પ્રાણીઓનો સંયોગ કે વિયોગ થવો એ દૈવ પર છે; છતાં પણ તારી ઈચ્છા (એને) જોવાની હોય તો તારી પ્રિયાનાં દર્શન તને કરાવું."

૩૪. આ પ્રમાણે કહીને (પોતાના) ઘરમાં સંતાડેલી મદાલસાનાં દર્શન (રાજાને) કરાવ્યાં; તેનું (મુખ, જોતાં જ રાજા 'પ્રિયા' એમ બોલતાં બેભાન બની ગયો.

૩૫. બેભાન થઈ, ભૂમિ પર પડેલો રાજા લાંબા સમય પછી ફરી ઊઠયો અને સ્ત્રીલજ્જા જેવી શરમનો ત્યાગ કરી તેને ભેટવા દોડયો.

૩૬. થી ૩૭. નાગે તે રાજાને અટકાવીને, નીતિપૂર્વક સાંત્વન આપીને કહ્યું, "મેં તો આ માયાથી નિર્માણ કરી છે; તું (એનો) સ્પર્શ કરીશ નહીં; ધીરજ રાખ; તારે જો (એને) જોવાની ઈચ્છા હોય તો દૂરથી જો; (એને) સ્પર્શ કરવા વગેરેથી તો એ નાશ પામશે; તું તો વિચારશીલ સજ્જન છે, માયાથી કેમ મોહ પામે છે ?"

૩૮. આ પ્રમાણે પ્રેમપૂર્વક તેને (રાજાને) છેતરવામાં આવ્યો, છતાં પણ તે (રાજા) તેને જોઈ 'હા પ્રિયા', એમ બોલી બેભાન બની પૃથ્વી પર પડયો.

૩૯. (આ રીતે) બેભાન બની પડેલા રાજાને આશ્વાસન આપી અશ્વતરે કહ્યું, "તું સાવધાન થા; આ તારી પ્રિયાનો સ્વીકાર કર; શોક કરીશ નહીં;"

૪૦. તેને (રાજાને) તેનું (મદાલસાનું) વિધિપૂર્વક દાન (કન્યાદાન) કરી, સરસ્વતીનો અનુગ્રહ અને મહાદેવજીની કૃપા તથા પોતે કરેલા પ્રયત્નની વાત કરી.

૪૧. મદાલસાએ પણ તે પતિને મેળવીને તે રાજાને અભિનંદ્યો અને રાજા પણ મરણ પામેલી હતી છતાં પહેલાંના જેવી જ તેને ફરીથી પ્રાપ્ત કરીને આનંદ પામ્યો.

૪૨. એક દિવસ ત્યાં રહીને, સ્વાદિષ્ટ અમૃતનું પાન કરી, નાગોને નમન કરી, તેમની આજ્ઞા મેળવી, રાજા પત્ની સાથે અશ્વ પર બેઠો.

૪૩. ત્યારબાદ રાજા (ખૂબ) જલદીથી સારા શણગારેલા પોતાના નગરમાં ગયો અને પત્ની સાથે મા બાપને પ્રણામ કરી સર્વ નિવેદન કર્યું.

૪૪. મદાલસાને ઉંમરમાં, શરીરમાં પહેલાંના જેવી જ સુંદર યુવતી તરીકે જોઈને સાસુ-સસરા તથા સર્વે નગરજનો ખૂબ આનંદ પામ્યા.

૪૫. ધ્વજ-પતાકાથી લચી પડેલા, સુંદર તોરણોથી શણગારેલા રાષ્ટ્રમાં સુંદર ગીતો, નૃત્યો અને વાજિંત્રો વાગતાં મોટો ઉત્સવ થયો.

૪૬. યુવાન એવા આ કુવલયાશ્વે મૂર્તિમતી પ્રીતિ હોય એવી તે સુન્દર અંગવાળી સાથે જેમ કામદેવ (પોતાની) કાન્તા રતિ સાથે (ક્રીડા કરે), એ રીતે ક્રીડા કરી.

૪૭. (સદા) બ્રહ્મમાં જ સ્થિત (રહેતી) તે સુન્દર યુવતી (મદાલસા) એ, જેમ ચિતિ (ચિત્ તત્ત્વ) (દુન્યવી) વ્યવહારગ્રસ્તને (જીવાત્માને) રમાડે તેમ ચિત્તાકર્ષક વિલાસોથી રાજાને રમાડયો.

૪૮. ત્યાર પછી કેટલાક સમયબાદ તેના (કુવલયાશ્વના) પિતા મૃત્યુ પામ્યા (એટલે) એનો (કુવલયાશ્વનો) રાજ્યાભિષેક થયો (અને) અમાત્યોની મદદથી રાજનીતિનું પાલન કરી (પ્રજાનું) રક્ષણ કરવા લાગ્યો.

૪૯. બધા (લોકો) એ પિતા જેવો પ્રેમ રાજા પર કર્યો (અને) હવે રાણી મદાલસા ગર્ભવતી બની, અને (તેણે) સૂર્ય જેવા પુત્રને જન્મ આપ્યો.

૫૦. તેણે તરતના જન્મેલા તેને (પુત્રને) તત્ત્વજ્ઞાનનું જ પાન કરાવ્યું, જ્યારે દૂધનું પાન કેવલ (બાળકના) પ્રાણધારણ માટે ઉદાસીનભાવથી, ત્યારપછી કરાવ્યું (પ્રથમ તત્ત્વજ્ઞાન-પાન, પછી દુગ્ધ-પાન).

# પાંચમા અષ્ટકનો ત્રીજો અધ્યાય

## મદાલસાએ કરેલો ત્રણ પુત્રોને જ્ઞાનનો ઉપદેશ અને ચોથાને પ્રવૃત્તિમાર્ગનું કથન

૧. થી ૨. (મદાલસા પ્રથમ પુત્રને બોધ આપતાં બોલે છે)," હે ઉત્તમ (અવસ્થામાં) શયન કરનાર (પુત્ર) ! આત્મઘાતક એવું ઉગ્ર પ્રમાદરૂપી મૃત્યુ (તારા જન્મ) સાથે જ જન્મ્યું છે, એમ માનીને તું શું રુદન કરે છે ? (પણ રડીશ નહીં). એ (મૃત્યુ) તને નથી, (કારણ) તું શુદ્ધ (સ્વરૂપ) છે, તને દુઃખ નથી, તું અસંગ છે; આ પાંચ મહાભૂતોનો બનેલો દેહ તારો નથી. તું તો સત્‌ (ત્રિકાલાબાધિત તત્ત્વ) છે, પછી શા માટે રડે છે ?.....

૩. થી ૪. હે વિશ્વોદ્‌ભવ આત્મન્ ! આ શોક શબ્દ જ અસત્‌ છે, એ ગુણોથી કલ્પિત છે અને ગુણો તો પાંચ મહાભૂતોના આશ્રયે રહેલા છે, તેથી ભૌત કહેવાય, એ વિષયી (વિષયનો ઉપભોગ કરનાર) પ્રતિ જનારા છે એ ઉક્તિ અસત્ય છે. આ પાંચ મહાભૂતો પરસ્પર સંબંધમાં આવીને વૃદ્ધિ પામે છે, જાતે નહીં; (જેમકે) અન્ન-પાણી મળવાથી દેહ વધે છે (તું નહીં); તું તો એનો સાક્ષીરૂપ છે; તને વૃદ્ધિ-ક્ષય ક્યાંથી હોય ?"

૫. થી ૭. (મદાલસા આગળ કહે છે), " આ દેહમાં હું (પણ) વધુ છું, એવી મૂઢતા ન પામીશ, નહીં તો (દેહમાં) અહંતા અને મમતાથી ઉત્પન્ન કર્મવડે તું બંધનમાં પડીશ. પિતા કે માતા કે પ્રિયા, કે તારું કે મારું (છે) એ પ્રકારની દુષ્ટમતિ, તું સદ્‌બુદ્ધિવાળો હોઈ કરીશ નહીં; મંદ બુદ્ધિનો માણસ દુઃખોથી સંતાપ પામે છે; જ્ઞાનીને તો બધાં દુઃખો પણ સુખ જ લાગે છે, (કારણ કે) પરાધીનતાથી જ ઉત્પન્ન થયેલ સુખ પણ એક જ ક્ષણમાં રસ વિનાનું બનતાં તુચ્છ લાગે છે. .....

૮. ચામડીથી ઢંકાયેલી, માંસથી બનેલી, હાડકાંના ઢેકાઓથી ધારણ કરાયેલી સતી (હોય છતાં) યુવતી શું દુર્ગતિ (કારક) નથી? (વળી) એવો દેહ પ્રિય લાગે (ખરો) ?"

૯. તે મદાલસા દરરોજ (ઉંમરમાં) મોટા થતા તથા નિર્મળ (રાગદ્વેષ વિનાના) પુત્રને લાલન-પાલનના બહાને આવો બોધ આપવા લાગી.

૧૦. જેમ જેમ તે (પુત્ર) મોટો થતો ગયો, તેમ તેમ તેને (અપાયેલ) બોધ પણ વધવા લાગ્યો. રાજાએ તેનું નામ વિક્રાન્ત પાડ્યું.

૧૧. બધા સેવકો આનંદ પામવા લાગ્યા; (જ્યારે) મદાલસા (મંદ) સ્મિત કરવા લાગી; (ખૂબ) હોશિયાર હોવા છતાં બોધ મળવાને લીધે તે બાળક જડ અને મંદબુદ્ધિનો હોય તેવો બન્યો (તેવું વર્તવા લાગ્યો).

૧૨. જન્મથી માંડીને જ વિદુષી માએ જેને બોધ આપ્યો છે, તેવો પુત્ર બંધનમાંથી મુક્તિ પામ્યો તેમાં આશ્ચર્ય શું ? (કારણ) સંગ માત્રથી જ સંત તો (જીવાત્માને) તારનાર છે.

૧૩. તે (મદાલસા) ફરીથી ગર્ભવતી બની અને દૈવયોગે (એણે) પુત્રને જન્મ આપ્યો; રાજાએ વિધિથી તેનું નામ સુબાહુ પાડ્યું.

૧૪. ત્યારે પણ મદાલસા પહેલાંની જેમ જ હસી પડી; અને લાલન-પાલન નિમિત્તે તે મહામતિ (પુત્ર) ને પણ તત્ત્વબોધ આપ્યો.

૧૫. ફરીથી તેણે ગર્ભવતી બનીને પુત્રને જન્મ આપ્યો, જેને (પુત્રને) દ્વૈતવાદનો પવન સ્પર્શી શક્યો નહીં. (કારણ કે) માતાએ લાલન કરતી વેળા (આપેલા બોધ) થી તેની મતિ શુદ્ધ થયેલી હતી.

૧૬. રાજાએ તો આનંદથી તેને પણ શત્રુઘ્ન મર્દન એવું નામ આપ્યું; તે વખતે પણ આ સુંદર યુવતી (મદાલસા) બધાનાં દેખતાં હસવા લાગી !

૧૭. સંગ વિનાનો, અહંતા વિનાનો શત્રુમર્દન મૂઢ હોય તેમ વર્તવા લાગ્યો. આ ત્રણે પુત્રોને (આવા મૂઢ) જોઈને રાજા દિલગીર બન્યો.

૧૮. (સંસારને) મૃગતૃષ્ણા જેવો જાણનારા, (માતાથી) સારી રીતે બોધ પામેલા તે પુત્રોએ પિતાના પ્રવૃત્તિ માટેના ઉપદેશને લગીરે હૃદયથી ગ્રહણ કર્યો નહીં.

૧૯. તેણે (મદાલસાએ) જ્યારે પાંચ ગ્રહો ઉચ્ચના હતા, તે વેળા ચોથા પુત્રને જન્મ આપ્યો ત્યારે બધા લોકોનાં મન અને બધી દિશાઓ પણ પ્રસન્ન બની ગઈ.

૨૦. રાજાએ કહ્યું, "હે પ્રિયા ! જ્યારે ત્રણ પુત્રોનાં નામ પાડ્યાં ત્યારે તે કેમ હાસ્ય કર્યું હતું ? તે કહે. હવે આનું ક્યું નામ પાડવું, તે જણાવ."

૨૧. થી ૨૨. તેણે જવાબ આપ્યો, "હે પ્રિય (પતિ) ! આ (નામ પાડવાની) કલ્પના તો વ્યવહારની છે છતાં પણ તમે આપેલાં નામ (કેવાં) નિરર્થક છે, તે સાંભળો. એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું એ ગતિ, વ્યાપક તત્ત્વમાં કઈ રીતે શક્ય બને ? તેથી આ આત્મા માટે વિક્રાન્ત (વિશેષરૂપે ગતિ કરનારા) નામ (તદ્દન) અર્થ વિનાનું છે."....

૨૩, ૨૪ થી ૨૫. (મદાલસાએ) આગળ કહ્યું, "આ આત્મા તો આકાર વિનાનો છે, તેથી આ બીજું (બીજા પુત્રનું) સુબાહુ એવું નામ આત્મા માટે અન્વર્થક નથી; જેનું મૂર્ત સ્વરૂપ જ નથી, તેને બાહુઓ ક્યાંથી હોય ?" તે કહે. જે 'શત્રુમર્દન' એવું નામ છે, તે પણ અર્થ વિનાનું જ છે; જેમ (દરેક) જલાશયમાં (ભિન્ન રીતે) રહેલો સૂર્ય (તાત્ત્વિક રીતે તો) એક જ છે, તેમ પ્રતિદેહમાં (ભિન્ન દેખાતો) રહેલો વ્યાપક આત્મા એક જ છે; એને (આત્મા) ક્યો મિત્ર કે ક્યો દુશ્મન હોય ? એ નથી (કોઈને) હણતો કે નથી હણાતો; પંચ મહાભૂતોથી જ પંચમહાભૂતોનો નાશ થાય છે, જેવી રીતે સમુદ્રમાં મોજાંથી (અન્ય) મોજાં નાશ પામે છે."

૨૬. થી ૨૭. (મદાલસા આગળ જણાવે છે) "બુદ્ધિથી પણ પરતર, કેવલ સાક્ષીસ્વરૂપ અને વ્યાપક એવા (આત્માના) એના બુદ્ધિવૃત્તિથી ઉત્પન્ન થયેલા કામ-આદિ અંતરના હોવા છતાં દુશ્મન નથી. શરીર હોવાથી વ્યવહાર માટે મિથ્યા નામ કરવું પડે તેમ હોય તો આનું અલર્ક એવું નામ પાડો. એમાં નિરર્થક એવું શું થવાનું છે ?"

૨૮. આ પ્રમાણે પ્રિયાની વાણી સાંભળી આશ્ચર્ય પામેલો અને વિદ્વાન હોવા છતાં રાજાએ જાતે પોતાના પુત્રનું હર્ષથી અલર્ક એવું નામ પાડ્યું.

૨૯. એક દિવસે રાજાએ પોતાના પુત્ર વિક્રાન્તને એકાંતમાં બોલાવીને કહ્યું, "સ્વાર્થનું આચરણ કર; શા માટે જડ જેવો રહે છે? સારાં કર્મો કર."

૩૦. તેણે (પુત્રે) જવાબ આપ્યો, "મને હવે આ બધું કર્મજૂથ ગુણ વિનાનું લાગે છે; જેને તત્ત્વબોધ થયેલો છે, એવા મારે એનું (કર્મનું) શું કામ છે ?

૩૧. થી ૩૨. (તેણે આગળ કહ્યું), "શાસ્ત્ર વગેરેમાં (જણાવેલ) ધર્મ કે કર્મ વગેરે, રાજ્ય (પ્રાપ્તિ) કે નિત્યસ્વર્ગ પણ સુખ નથી, પરંતુ દુઃખ છે; જે નિર્ગુણ સ્વ-સ્વરૂપ છે, તે જ પરમ સુખ છે. જ્ઞાની પુરુષો માટે ઉત્પન્ન થનારા અને (પછી) નાશ પામનારા સ્પર્શ (ગુણ) વગેરેથી પેદા થતા (વિષયોના) ભોગ સુખકારક નથી; જે અનંત છે, તે સુખ છે અને તે તો નિષ્કામ કર્મની સિદ્ધિથી પ્રાપ્ત થાય છે."

૩૩. (પુત્ર આગળ કહે છે), "હે પિતા ! મેં આ (બધું) મા પાસેથી (બોધરૂપે) જાણ્યું છે અને અનુભવ્યું છે; તેથી હું ક્રિયાતીત બની મુક્ત સ્વરૂપવાળો (બની) વિચરું છું; મારા બીજા બે ભાઈઓ પણ તેવા જ છે."

૩૪. થી ૩૬. આ સાંભળી પ્રવૃત્તિમાર્ગમાં રસ લેનાર, ગુસ્સે થયેલા રાજાએ પત્નીની પાસે જઈ આ વચનો ઉચ્ચાર્યાં, "હે મૂર્ખ (સ્ત્રી) ! તું આ શું કરી રહી છે ? આ વંશનો નાશ કરનારો બોધ પુત્રોને કેમ આપ્યો ? હવે આપણા બેની શી ગતિ થશે ? આ પવિત્ર તત્ત્વના ઉપદેશથી જ આ પ્રવૃત્તિમાર્ગ પુણ્યવાન બનશે; આ બાબતમાં કેશવ (શ્રીકૃષ્ણ) પ્રમાણ છે (ગીતામાં કહ્યું છે).

૩૭. થી ૪૦. "દેવલોકમાં (સ્વર્ગમાં) રહેલા (આપણા) પિતૃઓમાંના કેટલાક પશુયોનિને પામ્યા છે, (જ્યારે) બીજા કેટલાક ભૂત, પ્રેત કે અન્ય યોનિમાં ગયા છે, અને ક્ષુધા - તરસ છીપાવાથી શાંત બને છે; પુણ્યશાળી હોય કે પાપી હોય, પણ તે બધા તર્પણ જલથી જીવનારા છે, તે વિશેની હકીકત બ્રહ્માએ (વેદે) જણાવેલી છે, તે હે મૂર્ખ સ્ત્રી ! તું શું જાણતી નથી ? માણસો, દેવો, પિતૃઓ, ભૂતયોનિમાં ગયેલા વગેરે, તથા કૃમિ કે કીડારૂપે જીવતાં બધાં ગૃહસ્થાશ્રમીઓના ગૃહયજ્ઞો પર જ જીવે છે અને એ જ સનાતન ધર્મ છે; માટે હે પ્રિયા ! ત્રણ પુત્રો તો કર્મમાર્ગમાંથી તારાથી ભ્રષ્ટ થયા જ છે, માટે હજુ અલર્કને કર્મમાર્ગનો ઉપદેશ આપ."

૪૧. થી ૪૨. મદાલસાએ કહ્યું, "હે સ્વામી ! મેં બધું સારું જ (કપટ વિનાનું) કર્યું છે, (કારણ) આત્મારૂપી લોક (પ્રબોધ) પુત્રથી જીતવાનો છે, કિં પ્રજયા..... એવી શ્રુતિ (માં આ કહ્યું) છે; છતાં પણ હે નરશ્રેષ્ઠ રાજન્ ! આ મારું સદ્વર્તન જો તને ન ગમતું હોય, તો આ અલર્કને હવે (શાસ્ત્રમાં) જેમ કહેલો છે, તેવો કર્મમાર્ગનો ઉપદેશ આપીશ."

૪૩. આમ કહીને તેણે એને (અલર્કને) (ધર્મ-અર્થ-કામવાળો) વર્ણ-આશ્રમને યોગ્ય ધર્મ, છ પ્રકારની રાજનીતિ અને પ્રજાને રંજન કરનારું રાજકર્મ (ઉપદેશ્યું).

૪૪. માતાથી ઉપદિષ્ટ તે અલર્ક (નામે) રાજાએ ડાહ્યો (જ્ઞાની) અને સદ્બુદ્ધિવાળો બની, યોગ્ય સમયે (સારી) પત્ની સાથે લગ્ન કરી સુશીલ પુત્રોને ઉત્પન્ન કર્યા.

૪૫. પિતાએ (કુવલયાશ્વે) સામ્રાજ્ય પર એનો અભિષેક કર્યો (અને) તે પિતાની આજ્ઞાનું પાલન કરનારો બન્યો. (જ્યારે) જેણે (બધા) ભોગ ભોગવી લીધા છે એવો (કુવલયાશ્વ) રાજા પત્ની (મદાલસા) સાથે વનમાં તપશ્ચર્યા માટે ગયો.

૪૬. થી ૪૭. (વનમાં) જતી વખતે માતા મદાલસાએ (પુત્ર) અલર્કને કહ્યું, " (રાજાના) ધર્મ પ્રમાણે રાજ્ય કરતાં તને જો (કદાચ) દુઃખ આવી પડે તો આ પત્રિકા (ખોલીને) તું જોજે; ત્યાં સુધી એને ગુપ્ત સાચવી રાખજે; એમાં મેં (તારા) હિતનું લખી રાખ્યું છે, તેથી તેવા સમયે હે (પુત્ર) ! તે પ્રમાણે તું આચરજે .

૪૮. આ પ્રમાણે કહીને તેને (પુત્રને) મુદ્રિકા અને અનુરૂપ આશીર્વાદ આપ્યા; પત્ની સાથે ઋતુધ્વજે વનમાં જઈ સદ્ગતિ પ્રાપ્ત કરી.

૪૯. પિતાની માફક જ પ્રજાનું પાલન કરી, અલર્કે દુષ્ટોને શિક્ષા અને સજ્જનોને રક્ષા અને ગરીબ તેમજ ધાર્મિક પુરુષો પર કૃપા કરી રાજ્ય કર્યું.

૫૦. ધર્મથી અર્થ મેળવી, આ નીતિમાન રાજાએ અર્થદ્વારા ધર્મસંપાદન કર્યો અને આ બેના અવિરોધથી હંમેશાં દિવ્ય વિષયોને ભોગવ્યા.

# પાંચમા અષ્ટકનો ચોથો અધ્યાય

૧. સમગ્ર વેદના એકમેવ બ્રહ્મ વિષયક તાત્પર્યને ન જાણતા એવો રાજા પરિસંખ્યાને ભ્રમથી અપૂર્વ વિધિ માનીને મૈથુન, આમિષ અને સુરા-પાનમાં પોતાની જાતને રમમાણ કરવા લાગ્યો.

૨. રાજ્ય કરતાં કરતાં તેમજ પુષ્કળ દક્ષિણાવાળા યજ્ઞોથી તેણે છાસઠ હજાર વર્ષ સુધી, પશુઓ માટે યોગ્ય એવા વિષયોને ઉપભોગ કર્યો.

૩. જ્ઞાની સુબાહુએ આ રીતે (આસક્ત) બનેલાને (અલર્કને) બોધ આપવાની મનમાં ઈચ્છા કરી, કાશીરાજાની સહાય માગી યુદ્ધ કરવા આવી પહોંચ્યો.

૪. "(તારા) મોટાભાઈને એક રાષ્ટ્ર આપી દે. એ રીતે કાશીરાજાએ સમજાવ્યો; છતાં તે ઉન્મત્ત બનેલા અલર્કે તેના હિતનું માન્યું નહીં.

૫. સુબાહુ અને ચાર પ્રકારની સેનાથી સજ્જ બનેલા કાશીરાજે, રક્ષકો સહિત બધા કિલ્લાઓ તોડીને તેના (અલર્કના) રાષ્ટ્ર પર કબજો મેળવી લીધો.

૬. (તેમણે સુબાહુ તેમજ કાશીરાજે) કેટલાક સામંતો તથા મંત્રીઓને સામથી (સુલેહથી), કેટલાકને ભેદથી વેરભાવ ઊભો કરાવી, બીજા કેટલાકને દણ્ડ આપી, વશમાં આણી દીધા.

૭. 'ભાઈએ નગરને ઘેરી લીધું છે, તિજોરીઓ ખાલી થઈ ગઈ છે, મંત્રીઓ વગેરે શત્રુને વશ થઈ ગયા છે; (આ બંધુ) જોઈને ડરી ગયેલા અને પીડા પામેલા અલર્ક નાસી ગયો.

૮. થી ૧૧. તે એકલો જ ઘોડા પર બેસીને રાત્રે જંગલમાં ઋષિના આશ્રમમાં રહ્યો અને ત્યાં રાજાએ (અલર્કે) માનો ઉપદેશ યાદ કરી, પ્રાતઃકાલમાં સ્નાન કરી, સુમંગલ વિધિ કરી, મુદ્રા ખોલી, માએ જે હિત (વચન) લખ્યું હતું, તે વિપ્ર દ્વારા વંચાવ્યું, (જે આ પ્રમાણે હતું) "સંપૂર્ણ રીતે (અન્યનો) સંગ ત્યજવો; જો એ રીતે ત્યાગ કરવાનું અશક્ય લાગે તો સજ્જનો (સંતો) સાથે સંગ કરવો, (કારણ કે) સંતો જ દુઃસંગનું ઔષધ છે (દુષ્ટ સંગથી બચાવે છે); સંપૂર્ણપણે કામને ત્યજવો, પણ જો તે રીતે ત્યાગ કરવો શક્ય ન બને તો મોક્ષેચ્છા માટે કામ કરવો, (કારણકે) તે જ કામ દુષ્ટ કામનાના દુઃખનું ઓસડ છે."

૧૨. આ રીતે (વિપ્ર પાસેથી) સાંભળી, માનો અંતઃકરણનો અભિપ્રાય જાણી, સહ્યાદ્રિ પર સંતશિરોમણિ અત્રિપુત્ર (શ્રીદત્ત) રહે છે, એવું જાણી, ઉદ્વિગ્ન બની, તે તેમના શરણે ગયો.

૧૩. પ્રણામ કરી તેણે (શ્રીદત્તને) કહ્યું, "હે બ્રહ્મન્ ! હે પ્રભો ! મારા પર કૃપા કરો; કમનસીબે મને દુઃખ પેદા થયું છે, તે કૃપા કરી દૂર કરો."

૧૪. થી ૧૫. ભગવાન (શ્રીદત્ત) તેનાં વચન સાંભળી (આ) મદાલસાના ગર્ભ-રત્ન એવા મહાબુદ્ધિસંપન્ન અલર્કને ઓળખી, મંદ હાસ્ય કરી બોલ્યા, "હે રાજન્ ! તને કઈ બાબતનું દુઃખ છે ? તું કોણ છે ? તને કોનું દુઃખ છે ? તારી જાતનો, તારા (દેહના) અંગોનો વિચાર કરી તેને ક્યાં દુઃખ (થયું) છે, તે સત્ય રીતે (મને) જણાવ."

૧૬. થી ૧૭. આ પ્રમાણે કહેવાતાં તેણે લાંબા સમય સુધી ધ્યાનપૂર્વક વારંવાર વિચાર કર્યો અને પછી (નિશ્ચયાત્મક) મનથી, (હું) આત્મા (છું) જાણીને, બધાં દુઃખોનું મૂળ જાણી લઈને, હસીને કહ્યું, "હું (પોતે) આકાશ વાયુ, તેજ, જલ કે પૃથ્વી વગેરે નથી, કે તેમાંથી જન્મેલા (ઈન્દ્રિય આદિ પણ) હું નથી એ બધાં તો દેહાદિસંઘને હું (છું) એવું માનનારને ભાસે છે. હે વ્યાપક ભગવન્ ! દુઃખ વગેરે તો મિથ્યા છે."

૧૮. થી ૨૦. (તેણે આગળ કહ્યું)," (સત્-ચિત્-આનંદ સ્વરૂપ) મારો મહિમા નિત્ય (શાશ્વત) છે; જો કંઈ ઘટાડો કે વધારો થાય તો તે ભૌતિક દેહમાં (થાય છે); (તેનાથી) મળતાં સુખ કે દુઃખ વગેરે પારકાં (દેહનાં) છે, તેનાથી મને શું (લાગે વળગે) ? હું તો શાશ્વત

એક જ રૂપમાં રહેલો છું, તેથી ક્ષય-વૃદ્ધિરૂપી પરિણામ મારામાં ક્યાંથી હોય? દેહના સંઘાતનો ત્યાગ થતાં દુઃખ ક્યાંથી જણાય ? આ સ્થૂલ પંચમહાભૂતના દેહમાં કે તન્માત્રા સ્વરૂપ સૂક્ષ્મ દેહમાં ઉત્પન્ન થનારા વિવિધ દુઃખને જોનાર (સાક્ષી સ્વરૂપ) મને એનાથી શું (લાગે વળગે)?"

૨૧. થી ૨૪. (અલર્કે આગળ કહ્યું), " મન, મતિ, ચિત્ત, અહંકાર - એ બધાંથી હું બનેલો નથી (મારાથી એ અલગ છે) અને તેથી અંતઃકરણથી ઉત્પન્ન થતાં દુઃખો સાથે (આ) બધાથી પર એવા મારે (કોઈ) સંબંધ નથી. મોટો ભાઈ ભલે રાજ્ય કરે; સંઘાભિમાનવાળા દેહથી હું અને તે (ભાઈ) ભલે અલગ છીએ, (પરંતુ) સત્ (અને ચિત્) સ્વરૂપની દૃષ્ટિએ હું એનાથી જુદો નથી (બંનેનું તત્ત્વ સ્વરૂપ એક જ છે). હસ્ત વગેરેનો (અવયવોનો) સંબંધ દેહ સાથે છે, આત્મા સાથે નહીં, આ બધાથી અલિપ્ત એવા ચિત્ સ્વરૂપ આત્માને હાથી, ઘોડા, કોશ કે રાજ્ય વગેરેની શી (અપેક્ષા) હોય ? તેથી નથી મારો કોઈ દુશ્મન, કે નથી કોઈ મિત્ર; નથી મારે કોઈ સુખ, કે નથી દુઃખ; કોઈ નગર (મેળવ્યું કે ગુમાવ્યું) નથી. કોઈ સૈન્ય મારું નથી; (આપના - શ્રીદત્તનાં દર્શન થતાં) પહેલાં ઉત્પન્ન થયેલો મોહ (હું દેહ છું એ અંહકાર) આપની કૃપાથી નાશ પામ્યો છે."

૨૫. થી ૨૬. (અલર્કે આગળ કહ્યું), " જેવી રીતે એક જ આકાશ (ઘટ વગેરે) ઉપાધિની ભિન્નતાને લીધે અનેક ભાસે છે, તેવી રીતે (દેહ-ઉપાધિથી ભલે જુદાઃ, પરમાર્થ દૃષ્ટિએ હું, કાશીરાજ અને ભાઈ (સુબાહુ) માં કોઈ ભેદ નથી. (સ્વરૂપનું) સમ્યક્ દર્શન થયું ન હોય ત્યાં સુધી સ્વપ્ન જેવું દુઃખ છે, એવું મારું માનવું થયું છે; (હવે) આજે મમતા કે અહંકાર વિનાનો હોવાથી સુખસાગરમાં ડૂબેલો હું તે (દુઃખ) જોતો જ નથી !

૨૭. થી ૨૮. (આગળ ઉમેરતાં અલર્ક કહે છે), "જેવી જેનામાં મમતા લાગી હોય એવા પોપટ આદિને બિલાડી ખાઈ જાય તો દુઃખ થાય છે. (પરંતુ) મમતા જેના પર તેવી નથી એવા વરુ આદિની બાબતમાં (વાઘ વરુને ખાઈ જાય તો દુઃખ થતું નથી, તેવું જ આપણી બાબતમાં સમજવું. હું મમતા વિનાનો છું; પ્રકૃતિથી પર છું; તેવા મને નથી સુખ કે નથી દુઃખ. ભૂતોનો ભૂતોથી પરાભવ સુખ અને દુઃખ આપનારો બને છે."

૨૯. થી ૩૦. શ્રીદત્તે કહ્યું, "હે શ્રેષ્ઠ રાજન્ ' તેં ઘણો સાચો નિર્ણય કર્યો છે; મમ (આ મારું) એ દુઃખનું કારણ છે; એમાંથી દૂર થઈ જવું. હે બ્રહ્મમાં સ્થિતિ પ્રાપ્ત કરનારા (રાજન્) ! ઊભો થા; મારા (કરેલા) પ્રશ્નથી તારા પોતાના અનુભવે જ મમતાનો નાશ કરી નાખ્યો."

૩૧. થી ૩૩ (શ્રી દત્તે આગળ કહ્યું), "આ (સંસારરૂપી) વૃક્ષનું અજ્ઞાન એ બીજ છે, અહંકાર એ અંકુર છે; મમતારૂપી (એની) લતાઓ છે (આ મારું) ઘર કે ખેતર (વગેરે) રૂપી શાખાઓ છે, સ્ત્રી, પુત્ર, સ્વજનો વગેરે (એનાં) પાન છે, પુણ્ય અને પાપ રૂપી ફલ છે; મોક્ષના માર્ગને ઘેરી વળેલું, મૂઢ અને સજ્જનોથી સેવાયેલું, કર્મ કરવાની ઈચ્છાઓરૂપી ભમરાઓથી ઉભરાતું, (સંસારથી) થાકેલાઓથી (સુખ મળશે, એ) ભ્રમણાથી જેના પર આશ્રય લેવાયો છે તેવા, આ માયાવી વૃક્ષ પર આત્યન્તિક સુખ (મોક્ષ) ક્યાંથી (મળે) ?

૩૪. થી ૩૫. (શ્રીદત્ત ભગવાને આગળ કહ્યું), "(આ સંસારરૂપી વૃક્ષ) જેમણે અસંગરૂપી તલવારથી કાપી નાખ્યું અને જેમણે (મોક્ષનો) માર્ગ મેળવ્યો છે, તેઓ જ ત્યારબાદ તે પરમ પદ પર પહોંચીને વિશ્રાંતિ મેળવે છે, બીજા નહીં. જે (માણસ) તે (પરમ) તત્ત્વને જાણે છે, તેને રાજ્ય, પંચમહાભૂત અને ઈન્દ્રિયોના સમૂહ (વાળું શરીર), આ સ્થાવર-જંગમાત્મક જગત, અને ગુણવાળો (ત્રણ ગુણ) સંઘાત કે ક્ષેત્રથી શું (લાભ-નુકસાન) થવાનું છે ?

૩૬. (શ્રીદત્તે આગળ કહ્યું), "જેવી રીતે ઔદુમ્બર ફળથી (એમાં રહેલું) જીવડું, મુંજ (ઘાસની જાત) થી બરૂ અને પાણીથી પાણીમાં ઉત્પન્ન થનાર (માછલું આદિ) જુદાં છે, તેવી રીતે ક્ષેત્ર (શરીરથી આત્મા (ક્ષેત્રજ્ઞ) ભિન્ન છે, એ તેં આજે જાણ્યું છે."

૩૭. થી ૩૮. અલર્કે જવાબ આપ્યો, "(આપ) ભગવાનની કૃપાથી જ આ (બધું) હું જાણી શક્યો છું; (નહીં તો) કરોડો કલ્પના અંતે પણ અહંકાર અને આત્માનો ભેદ જાણવો મુશ્કેલ બને છે. હે દેવોના પણ દેવ, (અખિલ) વિશ્વના પતિ, દયાસાગર ભગવાન ! હે પ્રભો ! મારું મન વાસનાને ઓળંગી ગયું હોઈ (હવે) મારામાં આ (અવિદ્યા અને એનું પરિણામ) ક્યાંથી વિદ્યમાન રહે ?"

૩૯. થી ૪૦. (અલર્કે આગળ કહ્યું), " હે ઈશ ! જેના વડે હું ફરીથી ન જન્મું , વળી હું કઈ રીતે નિર્ગુણપણું મેળવું, તે યોગ (નું જ્ઞાન) મને કહો; જેથી હું બ્રહ્મ સાથે ઐક્ય પ્રાપ્ત કરી લઉં. હિત ઈચ્છનાર માણસે આ જ ઉત્તમ (કાર્ય) કરવાનું છે, (જેના વડે) મોક્ષ દ્વાર રૂપી મનુષ્યજન્મને ઓળંગીને એનો નાશ કરાય છે."

૪૧. થી ૪૨. આ રીતે જ્યારે અલર્કે પૂછ્યું ત્યારે યોગીઓમાં શ્રેષ્ઠ એવા, અત્રિને આનંદ આપનારે તેને (અલર્કને) સત્કારીને ગુપ્ત (રાખવા યોગ્ય) યોગનો ઉપદેશ આપ્યો, "હે અલર્ક ! તું ધ્યાનપૂર્વક સાંભળ; મુક્તિ (મેળવવા) નાં ત્રણ કારણ છે; (પરમ) તત્ત્વનું જ્ઞાન, મનનો ભંગ અને વાસનાઓનો નાશ કરવો; આ સત્ય છે."

૪૩. થી ૪૫. "(નિત્ય, નૈમિત્તિક) સત્કૃત્યો દ્વારા ચિત્તની શુદ્ધિ મેળવીને, બધાનો (કામ્ય કર્મોનો) ત્યાગ કરી, સદ્‌ગુરુ પાસે (પરમ) તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરી, પછી તે બંનેનો યોગ (પ્રક્રિયા) થી ત્યાગ કરવો. શરીરમાં ચિત્ સ્વરૂપ અધીશના સંબંધનો અન્વય-વ્યતિરેકથી નિશ્ચય કરી પછી આ યોગનો અભ્યાસ કરવો; આનાથી થોડા સમયમાં નિશ્ચિતપણે મુક્તિ મળે છે. બ્રહ્મ (પરમતત્ત્વ) સાથે (એકરૂપ બની) જોડાવું. તેને મુક્તિ કહે છે; પ્રાકૃત (પ્રકૃતિના ત્રણ) ગુણોનો વિયોગ થાય (તો એ શક્ય બને); [1]સંગના ત્યાગથી અને વૈરાગ્યથી એ શક્ય બને; બીજી રીતે નહીં."

૪૬. થી ૪૯. "જ્ઞાનથી જ વૈરાગ્ય (જન્મે), વિવેકથી જ તે જ્ઞાન મળે; સત્-અસત્ વસ્તુના વિચારથી વિવેક ઉત્પન્ન થાય, તેનું (વર્ણન) હવે અહીં કહેવામાં આવે છે. દેહ, ઈન્દ્રિયો, મન, પ્રાણ, અહંકાર (વગેરે) આ પંચમહાભૂતમાંથી બનેલા છે; તે દેહ સાથે જોડાયેલા લાગે છતાં આદિ અને અંતવાળા હોવાથી સાચા નથી (મિથ્યા છે). (દેહ અને આત્મા-ઉભયનો) એક બીજા પર અધ્યાસ થવાને લીધે અગ્નિ સાથે જોડાયેલ લોખંડની માફક એનું (દેહનું) ચૈતન્યપણું અને કેવલ સાક્ષીસ્વરૂપ આત્મા (જે ચૈતન્યપણું અને કેવલ સાક્ષીસ્વરૂપ આત્માનું જે ચૈતન્ય છે) તેનું જડપણું મોહને (ભ્રમને) લીધે (ભાસે) છે. શરીર પરના અધ્યાસને લીધે અહંતા (જન્મે) છે; તેનાથી એને કર્મરૂપી બંધન જન્મે છે; અને કર્મને લીધે જ માણસોને સતત પરાધીનપણે યંત્રની જેમ ભ્રમણ (કરવું પડે છે)."

૫૦. "તેથી વિવેકથી આત્માને જાણી સંપૂર્ણ રીતે વિરક્ત બની, (સ્વરૂપમાં) સ્થિત બની તે (યોગી) વિમુક્ત બને છે, અને થોડા સમયમાં (વિદેહ) મુક્તિ પ્રાપ્ત કરે છે.

૧. ચિત્તને ક્ષુબ્ધ કરનાર સ્ત્રી-પુત્ર વગેરેનો સંગ.

# પાંચમા અષ્ટકનો પાંચમો અધ્યાય

# યોગીરાજે (દત્તાત્રેય) અલર્કને ઉપદેશેલા અષ્ટાંગયોગનું વર્ણન

૧. થી ૨. "હે દેવોના અધિપતિ ભગવન્ ! આજે (તમે) આ જે કહ્યું તે ચંચલ મનથી કેવી રીતે મેળવી શકાય ?"-એવું (અલર્ક) રાજાએ પૂછતાં શ્રીદત્તે આ પ્રમાણે કહ્યું, "મન જીતવું અઘરું છે, (પરંતુ) (યોગના) અભ્યાસથી જીતી શકાય, બીજી કોઈ રીતે નહીં; અભ્યાસ એટલે **આઠ** અંગવાળો યોગ, (જે) આના માટે (મનોજય માટે) સરલ ઉપાય છે."

૩. થી ૪. "**યમ** (અને **નિયમ**) વગેરેથી મનનું નિયંત્રણ થાય, (વિવિધ પ્રકારના) **આસનો**થી મનની સ્થિરતા (પેદા થાય), **પ્રાણાયામ**થી (શરીરના કફ પિત્તાદિ દોષનું) શોષણ થાય અને પ્રત્યાહારથી ઈન્દ્રિયો પર કાબૂ મેળવાય, ધારણાથી પાપ કર્મનો નાશ થાય, (જ્યારે) ધ્યાન અને સમાધિથી પ્રત્યક્-પરાત્માનું ઐક્ય (અનુભવાય); આ રીતે જેમ અગ્નિથી (સુવર્ણ આદિ) ધાતુઓના દોષ બાળી નંખાય છે, તેમ (યોગના અંગોથી) મનના દોષ બાળી નાખવા."

૫. થી ૬. "(હવે એમાં જે પ્રાણાયામ ગણાવ્યો) તે પ્રાણાયામ એટલે પ્રાણ-અપાનનો નિરોધ; એ **લઘુ**, **મધ્ય**, અને **ઉત્તમ**, એમ ત્રણ પ્રકારનો જે અનુક્રમે પરસેવો (ઉત્પન્ન કરનાર), કંપન (ધ્રૂજારી કરનાર) અને (બ્રહ્મરંધ્રમાં) સ્થિતિ આપનાર છે. **લઘુ** બાર માત્રાનો છે, તેનાથી બમણો (અર્થાત્ ચોવીસ) માત્રાનો **મધ્ય** અને ત્રણગણી (છત્રીસ) માત્રાનો **ઉત્તમ** પ્રાણાયામ ગણાય છે (આ માત્રાઓ કુંભકની છે) એમાં (દરેક પ્રાણાયામમાં) પ્રાણાયામની અર્ધી માત્રાથી રેચક અને તેનાથી અર્ધી માત્રાથી પૂરક કરવો."

૭. થી ૧૦. "જેમ ધીમે ધીમે વશ કરેલો વાઘ પશુઓને હણે છે (પણ) માણસોને (હણતો) નથી, તેવી રીતે વાયુ (પ્રાણ) સાધ્ય કરવામાં આવે તો તે (શરીરના) દોષોનો નાશ કરે છે, નહીં કે માણસના શરીરનો. તે વેળા (પ્રાણજય થતાં) શુભ અને અશુભ કર્મના ફળનો, ચિત્તની શુદ્ધિને લીધે, જે નાશ થાય છે તે (યોગમાં) ધ્વસ્તિ તરીકે ઓળખાય છે. જ્યારે લોભ અને મોહમાંથી જન્મેલી, આ લોકની અને પરલોકની, કામનાઓનો નિરોધ થાય છે ત્યારે યોગીઓની (અભીષ્ટ) ઈચ્છા પૂરનારી તે (સ્થિતિ) પ્રાપ્તિ કહેવાય છે. જ્યારે જ્ઞાનપ્રાપ્તિને લીધે, યોગમાં (સંપૂર્ણ) આરૂઢ થયેલો (યોગી) ત્રણે લોકમાં ઉત્પન્ન થતા, અપ્રકટિત હોવા છતાં અપેક્ષિત પદાર્થોને જાણી શકે છે, ત્યારે તે સંવિત્ પ્રાણજય સ્થિતિ (ના નામે ઓળખાય) છે."

૧૧. "ઈન્દ્રિયો, (એના) પદાર્થો (વિષયો), (શરીરની) ધાતુઓ, હૃદય (બધું) પ્રસન્ન થાય, ત્યારે એ (અવસ્થા) **પ્રસાદ** (કહેવાય) છે; આ રીતે યોગની સિદ્ધિથી પેદા થતી અવસ્થાઓ **ચાર** છે.

૧૨. થી ૧૩. સુખકારક આસન પર બેસીને, મુખ બંધ રાખી શરીરને સમ-રેખામાં રાખી, મસ્તક નીચું રાખી, દાંતથી દાંતને સ્પર્શ કર્યા વિના, મનોનિગ્રહ કરી, નાસિકાની ટોચ પર દૃષ્ટિ (સ્થિર) રાખી, રજોગુણથી તમોગુણવાળી વૃત્તિઓનું રૂંધન કરી અને સત્વગુણથી રજોગુણમયી વૃત્તિઓને રૂંધીને યોગના જાણકારે સત્ત્વ સ્થિતિ પ્રાપ્ત કરી મનને એકાગ્ર કરવું."

૧૪. થી ૧૬. "આ રીતે પ્રાણજય થાય ત્યારે જેવી રીતે કાચબો અંગોને સંકેલી લે છે, તેવી રીતે સહેલાઈથી મન વડે ઈન્દ્રિયોને વિષયોમાંથી ખેંચી લઈ મનમાં આત્મદર્શન કરવું. નાભિ પ્રદેશમાં મનનો સંબંધ (જોડાય) તે **ધારણા** કહેવાય છે, તે (સિદ્ધ) થતાં દોષ નાશ પામે છે અને સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. **ધ્યાન** વડે મનની એકાગ્રતા પ્રાપ્ત થાય છે, જ્યારે **સમાધિ**થી સાક્ષાત્કાર થાય છે, તે વેળા યોગી પરબ્રહ્મ અને પ્રકૃતિના ગુણોને અલગ-અલગ જુએ છે."

૧૭. થી ૧૮. "(પંચમહાભૂતોના) સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુઓ અને નિર્મળ પરાત્માના દર્શનથી તેને પુણ્ય-પાપ વગેરે સંબંધ રહેતો નથી અને એ (યોગી) મુક્ત બને છે. આ રીતે હિતકારક અને પ્રમાણસર ખોરાક લઈ, પ્રાણનું નિયમન કરી, યોગના જાણકાર યોગીએ ધીમે ધીમે (સર્વ પર) વિજય મેળવી (યોગની) એક પછી એક ભૂમિ પર આરોહણ કરવું."

૧૯. થી ૨૨. "બ્રહ્મરન્ધ્રમાં પ્રાણને અટકાવી રાખવો, એ **પ્રાણાયામ** કહેવાય છે, એનો સમય બે પળ અને પાંચ વિપળનો ગણાવ્યો છે. જેના વડે ઈન્દ્રિયોને (વિષયોમાંથી) ખેંચી લેવાય છે તે પ્રત્યાહાર કહેવાય છે; તત્ત્વસંખ્યા પ્રમાણેની પળોનો એનો સમય હોય છે; એમાં (પ્રત્યાહારમાં) બાહ્ય વિષયોનું ભાન હોતું નથી. જેના વડે મનને પોતાની અત્યંત ઈષ્ટ વસ્તુ (પ્રતિમા) પર (સતત) ધારણ કરી શકાય તે ધારણા. એનો સમય પંચ નાડી સુધીનો છે; આ (ધારણા) બધા રોગોનો નાશ કરે છે. હે રાજન્ ! દૂંટી, હૃદય, વક્ષઃસ્થલ, ગળું, મુખ, નાસિકા, આંખ, ભમર દ્વયની વચ્ચેનો ભાગ અને મસ્તક પર (આમ ક્રમે ક્રમે) ધારણાની સિદ્ધિ થાય તો તે ઋતુંભરા પ્રજ્ઞા ઉત્પન્ન કરે છે.

૨૩. થી ૨૫. "(વ્યાધિથી) પીડાતાએ, ભૂખ્યાએ, મન અશાંત કે ક્ષુબ્ધ થયું હોય ત્યારે, શાંત યોગીએ સિદ્ધિ માટે યોગ કરવો નહીં, તે જ પ્રમાણે દુષ્ટો પાસે પણ (યોગ કરવો નહીં). વળી અતિશય ઠંડી કે ગરમ ઋતુમાં, વાવાઝોડું હોય કે ભયંકર વૃષ્ટિ થતી હોય, તેમજ નદી, સ્મશાન, સૂકાં ઝાડ, ભય ઉપજાવનાર સ્થળોમાં જો યોગ કરવામાં આવે તો સ્મૃતિલોપ થાય,મૂઢતા જન્મે અને બહેરાશ, મૂંગાપણું, જડતા, અંધાપો વગરે વિઘ્નો ઉત્પન્ન થાય,....

૨૬. થી ૨૮. કદાચ જો આવા દોષ ઉત્પન્ન થાય તો એની આવી ચિકિત્સા કરવી : અત્યંત ગરમ (છગણા ગરમ) પાણીમાં (ઉકાળેલા) જવનું પાણી પીને (શરીરમાં જ્યાં દોષ ઉત્પન્ન થયો હોય) ત્યાં મનની ધારણા કરવી. વાત દોષ વગેરેથી (શરીરમાં, કંપ (ધ્રૂજારી) વગેરે દોષ થાય તો તેની શાંતિ માટે મનની પર્વતમાં ધારણા કરવી અને તે જ રીતે મૂંગાપણામાં વાણી પર અને બહેરાશમાં કાન પર ધારણા કરવી. પોતાને ખૂબ સ્વાદિષ્ટ ફળ હોય તેનું ધ્યાન ધરી, બળતરા થતી હોય તો શૈત્યની ઠંડી લાગતી હોય તો ઉષ્ણતાની, સ્મૃતિલોપમાં મસ્તક પર ધારણા કરવી.

૨૯. થી ૩૦. "ખીલો ધારણ કરી ઈધન લાકડાને (અન્ય) લાકડાથી તાડન કરી (બે લાકડાં એક બીજા સાથે અફાળી), ઈશ ચિંતનથી કે સ્વર્ગ-પૃથ્વી પર ધારણા કરવાથી ક્ષણમાં જ બધાં વિઘ્નો નાશ પામે છે. ભૂતપ્રેત વગેરેનો (શરીરમાં) આવેશ થયો હોય તો પવન અને અગ્નિની ધારણા કરવી; શરીર મોક્ષનું દ્વાર છે; એનું પ્રયત્નપૂર્વક રક્ષણ કરવું જોઈએ."

૩૧. થી ૩૩. "યોગીને (અંતઃકરણમાં) પ્રસન્નતા જન્મે, મલ-મૂત્ર વિસર્જન ક્રિયા અલ્પ બને, અવાજ મધુર થાય, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય, સુગંધ ઉત્પન્ન થાય, ઈન્દ્રિયોની ચપળતા દૂર થાય, તંદુરસ્તી જળવાય એ યોગ સિદ્ધિનાં પ્રાથમિક લક્ષણો છે, અંગ કૃશ બને, અંતરાત્મા આનન્દ સ્થિતિમાં રહે એ સિદ્ધિનું બીજું લક્ષણ છે; જ્યારે યોગીને અતિ ઉગ્ર ઠંડી કે ગરમીથી પણ પીડા ન થાય કે ભય ઉપજાવનાર (પદાર્થો) થી પણ (કદાપિ) ડર ન લાગે, એને ઉત્તમ સિદ્ધિ લક્ષણ ગણ્યું છે; આ સિદ્ધિ પ્રાપ્ત થતાં ઉપસર્ગો ઉત્પન્ન થાય છે; યોગીએ એના પર હઠપૂર્વક જય (કાબૂ) પ્રાપ્ત કરવો (એને વશ થવું નહીં)."

૩૪. થી ૩૬. (ઉપસર્ગો આ પ્રમાણે છે): કામ્ય કર્મો, ભોગ ભોગવવાની ઈચ્છાઓ, સ્વર્ગના કે આ લોકના પદાર્થો, લક્ષ્મી, કર્મ કે દાનનું શીઘ્ર ફળ મળવું તે, વિદ્યા, માયા, (સર્વત્ર) વિજય, યશપ્રાપ્તિ, રાજ્યપ્રાપ્તિ, દેવપણું, ઈશપણું, રસાયણની રસક્રિયા કરી શકવી, આકાશ, પાણી, અગ્નિ કે પૃથ્વી પર સ્વચ્છન્દ ગતિ (ની સિદ્ધિ), ખાધા વિના(જીવવાની ક્ષમતા), (સર્વથી) પૂજ્ય ભાવ મેળવવો, દેવતાઓના મંત્રોને સિદ્ધ કરવાની (ક્ષમતા), કોઈ નવા જ (અપ્રસિદ્ધ) કાર્યમાં પ્રવૃત્તિ કરવી વગેરે જે કંઈ યોગી ઈચ્છે (તે મળે); આ બધા ઉપસર્ગો છે, પણ તે બધા જ ભયાવહ છે."

૩૭. થી ૪૦. આ (ઉપસર્ગો) પરમેશ્વરની ભક્તિથી જ નાશ પામે છે; હવે ફરી પાછા એ ઉત્પન્ન થાય છે (જેવાં કે) વેદ અને શાસ્ત્રના અર્થ (જાણી શકવા), કાવ્યના અર્થ જાણવા, (બધી) વિદ્યાઓ અને શિલ્પશાસ્ત્રમાં નિપુણતા (મળવી); એની (યોગીની) પ્રતિભા દેખાય અને (એમાં) કોઈ હરીફ ન હોય; એ (યોગી) (ગમે તે ભાષાના) શબ્દોના અર્થ જાણી શકે છે, દૂરથી જ શબ્દ ગ્રહણ કરી શકે છે, આ શ્રવણવિષયક (ઉપસર્ગ) તથા દેવ યોનિ બતાવી શકનાર દૈવ (ઉપસર્ગ) છે; કોઈ પણ આધાર વિના ભ્રમણ કરવું, સંસારના કારણરૂપ ભ્રમ થવો; પાણીના આવર્ત (ભમરી) ના જેવા અજ્ઞાનના આવર્તમાં ચિત્તની (સ્થિરતા) નાશ પામે એવો આવર્ત થવો; આ (બધા) યોગમાં વિઘ્નરૂપ ભયંકર વિઘ્નો છે.

૪૧. આ (વિઘ્નોથી) વીંટળાયેલા યોગીનો દેવો પરાજય કરે છે; માટે પરમાત્માનું શરણ લઈ યોગમાં જોડાવું, જેથીવિઘ્નો પરાભૂત ન કરે.

૪૨. તે (યોગી) પૃથક્ (અલગ રીતે) પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશની ધારણાઓ વડે પોતાને તે તે રૂપનો (પૃથિવી આદિ રૂપનો) માને છે (પણ) જો એ (આ પાંચ મહાભૂતોના ગુણ) ગન્ધ (રસ-રૂપ-સ્પર્શ-શબ્દ) વગેરેનો ત્યાગ કરે તો (તે તે રૂપમાં) સૂક્ષ્મતા પ્રાપ્ત કરે છે.

૪૩. (તે જ પ્રમાણે) મન અને બુદ્ધિની ધારણા કરે તો (તેનાથી પ્રાપ્ત) સૂક્ષ્મ રૂપોનો ત્યાગ કરી, આ યોગીરાજ, (એમાં) આસક્ત ન બને અને (મન બુદ્ધિ આદિ વશમાં રાખે) તો (બ્રહ્મનું) તે પરમપદ પ્રાપ્ત કરે છે.

૪૪. આ પ્રમાણે સાત સૂક્ષ્મ ધારણાઓ વૈરાગ્ય (ઉત્પન્ન કરવા) માટે છે, તે પછી મોક્ષ પ્રાપ્ત થાય છે; જે (યોગી) ગન્ધ વગેરે (ગુણો) માં આસક્ત બની જાય છે તેને (આ લોકમાં) પાછા ફરવું પડે છે.

૪૫. આ ધારણાઓ વડે જો યોગીરાજ શબ્દ વગેરેનું ક્રમપૂર્વક અતિક્રમણ કરે છે તો (યોગથી જ) સંતુષ્ટ બનેલા તેને કશાનો પણ સંસર્ગ લાગતો નથી.

૪૬. સંસર્ગમુક્ત થયેલો, અંહકાર વિનાનો, ધારણાથી સૂક્ષ્મતાએ પહોંચેલો, જિતેન્દ્રિય (યોગી) ધ્યાન દ્વારા પરબ્રહ્મની (સાથે ઐક્ય) પ્રાપ્ત કરે છે, એમાં કોઈ શંકા કરવાની જરૂર નથી.

૪૭. આસન પર, પ્રાણ પર, ઈન્દ્રિયો પર, અરે મન પર પણ જય પ્રાપ્ત કર્યો હોય તો પણ યોગી મહાન સિદ્ધિઓ (મળી શકે છે એવું) જોઈને (એમાં) મોહ પામે છે (યોગથી ચલાયમાન થાય છે).

૪૮. તેથી હે રાજેન્દ્ર (અલર્ક) (યોગમાં) સિદ્ધિ (પૂર્ણતા) ઈચ્છનાર યોગીએ સાવધાનીથી અને સર્વ પ્રયત્નો દ્વારા સિદ્ધિઓનો દૂરથી જ ત્યાગ કરી દેવો.

૪૯. સિદ્ધિઓથી જે ફલ (પ્રાપ્તિ થાય) છે, તે તો માયિક (મિથ્યા) અને નાશવંત છે, જ્યારે જ્ઞાનનું જે ફળ છે, તે તો બધા અનર્થોને હરી લેનારું અને શાશ્વત છે.

૫૦. અલર્કે (શ્રીદત્તને) કહ્યું, "હું સંપૂર્ણપણે તે સિદ્ધિઓ સાંભળવા (જાણવા) ઈચ્છું છું, કારણ (આ) (યોગમાં) વિઘ્નરૂપ (સિદ્ધિઓનો) સંન્યાસ (ત્યાગ) (એનું) જ્ઞાન મેળવ્યા પછી જ થાય.

૧. ઉપલક દૃષ્ટિથી આ સિદ્ધિઓ લાગે પણ યોગમાં પ્રગતિ અટકાવનારાં આ વિઘ્નો છે.

# પાંચમા અષ્ટકનો છઠ્ઠો અધ્યાય
# શ્રીદત્તાત્રેયે અલર્કને કહેલી સિદ્ધયોગચર્યા
# અને ૐકારઉપાસના

૧. થી ૨. (જ્યારે) રાજાએ આવું પૂછ્યું, ત્યારે ભગવાને (શ્રીદત્તે) આ પ્રમાણે જવાબ આપ્યો "હે રાજન્ ! **આઠ** (મુખ્ય) સિદ્ધિઓ છે, અને **દશ** ઉપસિદ્ધિઓ છે. હે રાજવી ! અણિમા, મહિમા, ગરિમા તથા લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ ને વશિત્વ - આમ આઠ સિદ્ધિઓ (ગણાય) છે."

૩. થી ૪. (ભગવાને કહ્યું)," જે અતિસૂક્ષ્મ (ધારણા કરે) તે અણુસ્વરૂપ બનવાની **અણિમા** સિદ્ધિવાળો બને છે, તે જ પ્રમાણે પૂજનીય બની **મહિમા** સિદ્ધિવાળો થાય; તે જ રીતે (પર્વત જેવા વજનદાર તત્ત્વ જેવું મારું સ્વરૂપ કલ્પી ધારણા કરે તે) વજનવાળી **ગરિમા** સિદ્ધિ મેળવે અને ('રૂ' (કપાસ) જેવા) હલકા સ્વરૂપની (ધારણાથી) હલકા વજનવાળા બનવાની **લઘિમા** સિદ્ધિના ગુણવાળો યોગી બને છે. ઈચ્છિત વસ્તુ (દૂર હોય તો પણ) નો યોગ કરવો તે **પ્રાપ્તિ** (નામની) સિદ્ધિ છે; (પંચ મહાભૂત અને એમાંથી બનેલા ભૌતિક પદાર્થો પર) ઈશ્વરપણું મેળવવું તે **ઈશિત્વ** સિદ્ધિ કહેવાય; સર્વત્ર વ્યાપકપણું (પ્રાપ્ત કરવું) તે **પ્રાકામ્ય** સિદ્ધિ અને ભૂતો અને ભૌતિકો અનુકૂળ બની જાય તે **વશિત્વ** સિદ્ધિ (કહેવાય) છે,......

૫. થી ૬. જે યોગી ઈશ્વરભાવ પ્રાપ્ત કરે, તેનામાં આ સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે; તેનાથી ઈચ્છાઓ પૂર્ણ બને છે (અર્થાત્ એનાથી **પૂર્ણતા** પ્રાપ્ત થાય છે). હે રાજન્ ! આ સિદ્ધિઓ ઈશ્વરી ગુણો જ છે. એ જ રીતે પરકાયા પ્રવેશ વગેરે (દશ) અન્ય ઉપ-સિદ્ધિઓ છે (જે યોગી મેળવી શકે છે) (યોગીએ) એમાં આસક્તિ કેળવવી નહીં, પરંતુ પરમ નિર્ગુણ તત્ત્વ પર એકાગ્રતાથી ધ્યાન ધરવું."

૭. થી ૯. ધ્યાન બે પ્રકારનું છે; સગુણ અને નિર્ગુણ; તેમાં પહેલું ધ્યાન એટલે વિષ્ણુ ભગવાનનું (સતત) ચિંતન કરવું તે; બીજું નિર્ગુણનું ધ્યાન એટલે મહાવાક્યો (તત્ત્વમસિ વગેરે) ના લક્ષ્યાર્થ સ્વરૂપ સનાતન પરમ તત્ત્વ બ્રહ્મનું ધ્યાન. જ્યારે ધ્યાતા અને ધ્યાન એ બેનો ક્રમપૂર્વક ત્યાગ થઈ જાય અને કેવળ એક માત્ર ધ્યેય તત્ત્વ (પરબ્રહ્મ) પવન વિનાના દીપની જેમ મનમાં (પોતાના અન્તસ્તત્ત્વ તરીકે) વિદ્યમાન રહે ત્યારે તે **સમાધિ** કહેવાય છે. આનાથી એનો (યોગીનો) મનોભંગ થાય છે અને વાસનાઓનો (સંપૂર્ણ) નાશ થાય છે, જેના કારણે યોગી (ત્યારપછી) નથી જન્મતો, નથી વધતો કે નથી નાશ પામતો."

૧૦. થી ૧૧. "એનું પરિણામ એ આવે છે કે આ (બ્રહ્મ સાથે) એકરૂપ બનેલા (યોગી) ને (પાણી) ભીંજવતું નથી, (શસ્ત્ર) કાપી શકતું નથી, (અગ્નિ) બાળી શકતો નથી, કે (તાપ) સૂકવી શકતો નથી; (સૃષ્ટિના) સર્જનકાળે એને જન્મવું પડતું નથી કે પ્રલયે એનો અંત નથી થતો. (એ જ રીતે) એકત્વને પામેલા એનો ભૂત કે ભૌતિક સાથે કોઈ સંબંધ હોતો નથી, તેમજ એને શબ્દ વગેરે સાથે (લેવા-દેવા) નથી હોતી; ન એ ભોક્તા રહે છે કે ન કોઈનું ભોજ્ય બને છે.

૧૨. થી ૧૪. "યોગથી એના (યોગીના) જે (રાગ-દ્વેષ વગેરે) મલ બળી ગયા હોય છે, તેમની સાથે એનું ફરીથી ઐક્ય (જન્મતું) નથી. એનું બ્રહ્મ સાથે ઐક્ય ઈચ્છાતું હોઈ કદી વિયોગ થતો નથી. જેવી રીતે વાદળમાં બીજું વાદળ કે નદીમાં જલ એકરસ બની જાય પછી જુદું પડતું નથી, તેવી રીતે આ (યોગી) બ્રહ્મ સાથે એકરૂપ બન્યા પછી (ફરીથી) અલગપણું પામતો નથી. માટે આ યોગચર્યા ને (બરાબર) જાણીને પ્રયત્નપૂર્વક યોગમાં જોડાવું જોઈએ, એનાથી એનો બ્રહ્મ સાથે કદી પણ વિયોગ થશે નહીં.'

૧૫. "આ યોગની સિદ્ધિ આપનારી યોગચર્યા સાંભળ; એ બ્રહ્મ (સાથે ઐક્ય જન્માવનાર) માર્ગને અનુસરનારી છે, જેનાથી યોગી ગ્લાનિ અનુભવતો નથી,.....

૧૬. થી ૧૭. યોગીએ માન અને અપમાન (બંને) નો સંપૂર્ણ ત્યાગ કરવો, કારણ કે (માન) પ્રીતિ ઉત્પન્ન કરનાર અને (અપમાન) ઉદ્વેગ કરનાર છે; (પણ) જો એ વિપરીત બની જાય (માન ઉદ્વેગ કરનાર અને અપમાન પ્રીતિ આપનાર બને) તો યોગીને (એના)

યોગમાં સિદ્ધિ આપનારા બને. જો આ બે (માન-અપમાન અનુક્રમે) અમૃત અને વિષ (આપે છે એ) દૃષ્ટિથી સ્વીકારાય તો સારી રીતે બંધન ઊભું કરે અને જો (ઉલટી રીતે) (માન) વિષ અને (અપમાન) અમૃત (આપે છે એવી) દૃષ્ટિથી ગ્રહણ કરાય તો સંપૂર્ણતયા મોક્ષ આપનાર બને."

૧૮. થી ૨૧. "દૃષ્ટિથી પવિત્ર (બનેલ) ડગલું માંડવું, વસ્ત્રથી પવિત્ર (કરેલું) પાણી પીવું જોઈએ, શાસ્ત્રથી પવિત્ર (થયેલું) વાક્ય બોલવું જોઈએ (અને) ચિત્તથી પવિત્ર (થયેલ) વિચાર કરવા જોઈએ (યોગમાં) સિદ્ધિ મેળવવા માગતા યોગીએ આતિથ્યસત્કાર, શ્રાદ્ધક્રિયા કે યજ્ઞમાં ઉપસ્થિતિ, દેવનો વરઘોડો કે ઉત્સવોમાં ભાગ લેવાનું, કે જનસમૂહમાં જવાનું ટાળવું જોઈએ. જ્યાં માણસોનો વ્યાપાર ન હોય, જે ઘરમાં ધૂમાડો કે અગ્નિ ન હોય, ત્યાં યોગને જાણનાર (યોગીએ) ભોજન કરેલું હોય તે રીતે રહેવું (વર્તવું) અને જનયુક્ત જગ્યામાં જિતેન્દ્રિય બની (લાલસા રાખ્યા વિના) ભિક્ષા માટે ફરવું; ઘણાં ઘર હોય તો (એક જ ઘરમાં) રોજ જમવું નહીં; લોકો જે રીતે એનો (યોગીનો) તિરસ્કાર કરે કે પરાભવ કરે એ રીતે એણે વર્તવું જોઈએ અને સંતોના ધર્મને દૂષિત કરવો જોઈએ નહીં.

૨૨. જે અનાજ માગીને નિર્વાહ કરનારા (यायावर वृत्तिः) છે, તેમની પાસે ભિક્ષા માગવી એ ઉત્તમ (ભિક્ષા) છે, જ્યારે જે અનાજ વેચીને નિર્વાહ કરે છે, શ્રોત્રિય (વેદાધ્યયન કરનારા) અને દમનશીલ (ઇન્દ્રિયદમન કરનારા) છે, તેમની ભિક્ષા (લેવી તે) **મધ્યમ** પ્રકારની ભિક્ષા ગણાય.

૨૩. એના પછી ગૃહસ્થાશ્રમી પાસેથી દૈવયોગે લીધેલ ભિક્ષા **અધમ** મનાય છે, હલકા જન પાસેથી લીધેલી (એક જ વખતની) માધુકરી[1] સારી ગણાય, પરંતુ સારા જન પાસેથી વારંવાર લીધેલી[2] ભિક્ષા અસત્ (ખરાબ) ગણાય.

૨૪. થી ૨૫. જવનો ભાત, અર્ધા ભીંજવેલ જવ (રાબડી), કણ, પિણ્યાક, સતુ, સારાં પાકેલાં ફળ-મૂલ વગેરે, દૂધ, [3]ગવ્ય, છાશ - આ યોગની સિદ્ધિ આપનારો આહાર છે; (દિવસમાં) એક વાર એ લાવીને વિષ્ણુભગવાનને અર્પણ કરી, યોગીએ વિધિપ્રમાણે એનું ભોજન કરવું.

૨૬. થી ૨૭. ચોરી ન કરવી તે, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અહિંસા, ક્રોધ ન કરવો તે, ગુરુની સેવા, પવિત્રતા, ઓછા પ્રમાણમાં આહાર કરવો તે, સ્વાધ્યાયનો અભ્યાસ આ નિયમો યોગમાં સિદ્ધિ આપનારા છે; ઘણાં બધાં શાસ્ત્રોમાંથી જે સારભૂત હોય તે ગ્રહણ કરવું.

૨૮. આ જાણવાનું છે, આ જાણવા યોગ્ય (બાકી) છે - એવી ઇચ્છા કરી તરસ્યાની માફક વર્તતાં તો (જ્ઞાનનો તો) કલ્પ પૂરો થાય તો પણ પાર (અંત) આવવાનો નથી; માટે જે (યોગમાં આગળ વધવામાં) વિઘ્ન કરનારું હોય તેનો ત્યાગ કરવો.

૨૯. સંગરહિત બની, ક્રોધ પર વિજય મેળવી, અલ્પ આહારવાળો થઈ, ચિત્તની સ્થિરતા કેળવી, ઇન્દ્રિયોને વશ કરી, જ્ઞાનેન્દ્રિયોને અંદર (છ મુદ્રાથી) ઢાંકી દઈ (યોગીએ) ચિત્તને ધ્યાનમાં જોડવું.

૩૦. જ્યાં (કોઈ પ્રાણીનો) ઉપદ્રવ ન હોય, એવી નિર્જન ગુફા કે વનમાં (જઈ) ત્યાં નિત્યયુક્ત બની યોગીએ સારી રીતે ધ્યાન ધરવાનો આરંભ કરવો.

૩૧. (યોગી માટે) યોગ એ **મનોદણ્ડ** છે; મૌન એ **વાગ્દણ્ડ** છે અને ઇચ્છારહિતપણું એ **દેહદણ્ડ** છે; (યોગી) આ રીતે ત્રિદણ્ડી (બને); વાંસની લાકડીઓ ધારણ કરવાથી અહીં (યોગમાં) દણ્ડી નથી બનાતું.

૩૨. જે બધું પોતાના આત્મામાં અને પોતાના આત્માને બધામાં જુએ છે, એવા સમદર્શીને (યોગીને) યોગમાં કોણ પ્રિય કે કોણ અપ્રિય હોઈ શકે ?

૩૩. સમાધાનવૃત્તિવાળો, પવિત્ર મનવાળો, માટીનું ઢેફું પથ્થર અને સુવર્ણને સરખા ગણનાર યોગી યોગ દ્વારા શાશ્વત ધામ, (વિષ્ણુપદ) પર પહોંચી ત્યાંથી ફરી પાછો આવતો નથી.

---

૧. माधुकरं प्रकर्तव्यं चण्डालसदनादपि ।
૨. एकभिक्षा न कर्तव्या वसिष्ठसदनादपि ।
૩. ગાયનું દહીં, દૂધ, ઘી વગેરે.

૩૪. વેદથી યજ્ઞ ઉત્તમ છે, તેનાથી (યજ્ઞથી) વધુ ઉત્તમ જપ છે, તેનાથી (જપથી) ઉત્તમ જ્ઞાન છે, તેના કરતાં (શ્રેષ્ઠ) ધ્યાન છે, તેનાથી પણ (ઉત્તમ) અનુભૂતિ (બ્રહ્માત્મૈક્યની) છે, જે મેળવ્યા પછી (યોગીનો) નાશ થતો નથી.

૩૫. સમાધાની, પ્રસન્ન ચિત્તવાળો, એકાન્તને ચાહનારો, જિતેન્દ્રિય, મહાન મતિવાળો (યોગી) આ યોગને જાણ્યા પછી (માયાના) પાશોથી બંધાતો નથી.

૩૬. આ પ્રમાણે જે યોગમાં જોડાયેલો છે અને બાહ્ય અને આંતરિક વૃત્તિઓથી મુક્ત છે, તેનું સેંકડો-કરોડો કલ્પોથી પણ પતન કરવું શક્ય નથી.

૩૭. જે કોઈનું ચિત્ત પ્રતિબંધોથી (પણ) એકાગ્ર બનતું ન હોય તેણે હજારો હાથ-પગ-આંખ ધરાવનાર ભગવાન વિષ્ણુની સદા સેવા-પૂજા કરવી.

૩૮. તેનો (વિષ્ણુભગવાનનો) વાચક આ ઓંકાર (ॐ) છે; એકાન્તનું સેવન કરનાર યતિએ એનો ખૂબ લાંબો (અને મોટેથી) ઉચ્ચાર કરવો; તેનાથી તુરત જ તેનો મનોલય થશે.

૩૯. ૪૦. થી ૪૧. ॐકાર સાડાત્રણ માત્રાનો છે; अ કાર, उ કાર અને म કાર એની ત્રણ માત્રા છે; (બીજી) અર્ધમાત્રા સૂક્ષ્મ છે જે વિશેષપણે અનૂ-ઉચ્ચારિત રહે છે; એ (અર્ધમાત્રા) નિર્ગુણ છે, યોગીઓથી સમજાય એવી, છે, અતિશય સૂક્ષ્મ અને બ્રહ્મરન્ધ્રમાં રહેલી હોય છે; ગાન્ધાર - સ્વર (સંગીતના સાત સ્વરમાંનો એક) થી સંશ્રિત હોવાથી વિદ્વાનો એને ગાન્ધારી કહે છે; કીડીની ગતિ જેવા સ્પર્શવાળા તે (અર્ધમાત્રા) સ્વતંત્ર અને મસ્તકમાં લક્ષિત થાય છે; જેવી રીતે સારી રીતે ઉચ્ચારણ કરાયેલા ॐકારનો મસ્તકમાં પડઘો પડે છે.

૪૨. થી ૪૩. તેના વડે યોગી આ યોગ દ્વારા ॐકારમય બની જાય છે; બુદ્ધિરૂપી સારથિવાળા તે (યોગીરૂપી) રથીએ તેનું (ઓંકારનું) પરબ્રહ્મરૂપ લક્ષ્ય વીંધવું જોઈએ. (આ વેધક્રિયામાં) ઉપનિષદોના જ્ઞાન (વેદાન્ત) રૂપી ધનુષ્ય ધારણ કરી, શુદ્ધ ચિત્તથી પણછ ચઢાવી, આત્મારૂપી તીક્ષ્ણ બાણથી સૂક્ષ્મ લક્ષ્યની સારી રીતે વેધક્રિયા કરવી.

૪૪. ઓંકાર ધનુષ્ય છે, આત્મા બાણ છે, જેનું કોઈ ઉપમાન નથી એવું બ્રહ્મ વેધ્ય (લક્ષ્ય) છે; પ્રમાદ દૂર કરીને (આ લક્ષ્યને) વીંધવું, (એમાં) બાણની માફક જ તન્મય બની જવું.

૪૫ થી ૪૭. અ કાર (માત્રા) નો ઋષિ અગ્નિ, ગાયત્રી છંદ, બ્રહ્મા દેવતા, વર્ણ પીળો, કર્લી બીજ, ક્રિયા શક્તિ, અવસ્થા જાગૃતિ, ભૂઃ સ્થાન અને સ્વર ઉદાત્ત છે; વેદ ઋગ્વેદ છે, અગ્નિ ગાર્હપત્ય છે, આત્મા વિશ્વ છે, ગુણ રજસ્ છે, વાણી વૈખરી છે, પૃથ્વી તત્ત્વ છે, પ્રાતઃસવન ઈક્ષણ છે ભૂ સ્થાન છે અને સ્થૂલ દેહ તથા સ્થૂલ ભોગ છે, એમ જ્ઞાનીઓની સ્મૃતિ કહે છે.

૪૮. થી ૫૦. ઉ કાર (માત્રા) નો ઋષિ વાયુ, છન્દ ત્રિષ્ટુપ્, શ્રીવિષ્ણુ દેવતા, વર્ણ લાલ, શ્રીં બીજ, જ્ઞાન શક્તિ, અવસ્થા સ્વપ્ન, સ્થાન ભુવઃ, સ્વર અનુદાત્ત છે; વેદ યજુર્વેદ, અગ્નિ દક્ષિણ, આત્મા તૈજસ, વાણી મધ્યમા, ગુણ સત્ત્વ, આકાશ તત્ત્વ, સૂક્ષ્મ દેહ અને ગળામાં સ્થિતિ છે; માધ્યંદિન સવન અને પ્રવિવિક્ત (વિષયરહિત વાસના) નામે ભોગ છે.

૫૧. થી ૫૩. મ કાર (માત્રા) નો ઋષિ સૂર્ય, છન્દ જગતી, ઈશ્વર દેવતા, વર્ણ શ્વેત, હ્રીં બીજ, દ્રવ્ય શક્તિ, અવસ્થા નિદ્રા, સ્વઃ સ્થાન, સ્વર સ્વરિત કહેવાયો છે. પ્રાતઃ આત્મા, અગ્નિ આહવનીય, વાણી પશ્યન્તી, ગુણ તમસ્, ધીઃ તત્ત્વ, દેહ કારણ, વેદ સામવેદ, સ્થિતિ હૃદયમાં, ભોગ આનન્દ અને સવન તૃતીય સંહતિ છે.

૫૪. થી ૫૭ (૧.૨) અર્ધ માત્રાનો ઋષિ વરુણ, છન્દ વિરાટ્ પુર દેવતા, ક્રોં બીજ, વિજ્ઞાન શક્તિ, વર્ણો બધા, અવસ્થા તુર્ય, સ્થાન ભૂઃ -ભુવઃ અને સ્વઃ, સ્વર બધા, ગુણ બધા, અગ્નિ શુદ્ધ સાંવર્તક, સવન બધાં, વેદ નાદ, આત્મા પ્રત્યક્, તત્ત્વ ત્રણે, વાણી પરા, સ્થિતિ મસ્તકે, અતીન્દ્રિય નિરતિશય આનંદ એ ભોગ, અસ્મિતા વિદ્યમાન ન હોવાથી મહાકારણ એ દેહ છે.

૫૭ (૩.૪) થી ૬૧. **ધ્વનિનો ઋષિ બ્રહ્મા**, **વ્યક્ત સંજ્ઞાવાળા પરાત્મા દેવતા**, છન્દ ગાયત્રી, **ચિત્ શક્તિ**, **મનોન્મની અવસ્થા**, **સ્વાત્મૈક્ય અવસ્થિતિ**, **સ્થાન આકાશ**, અહીં અસ્મિતાનો (સંપૂર્ણ) લય (થાય છે); ભેદજ્ઞાનની શાંતિ માટે વિરાટ સત્ર અને અક્ષર - એ સમષ્ટિ સ્વરૂપ આત્માવડે, વ્યષ્ટિસ્વરૂપ વિશ્વ, તૈજસ, સૌષુપ્ત આત્માનાં દર્શન કરવાં. અહીં પ્રથમ માત્રા **હ્રસ્વ**, બીજી **દીર્ઘ** અને ત્રીજી **પ્લુત** નામે તથા અર્ધમાત્રા વાણી અને મનથી અગોચર એવી **પરા** નામે છે. પ્રથમ માત્રા **વ્યક્ત**, બીજી **અવ્યક્ત** સંજ્ઞાવાળી; તૃતીય માત્રા **ચિત્-શક્તિ** અને અર્ધમાત્રા **પરમપદ** (ની સંજ્ઞાવાળી) છે.

૬૨. આ ક્રમથી યોગની ભૂમિઓ જાણવી; (યોગમાં) આગળ વધવાની ઈચ્છાવાળાએ ૐકારના ઉચ્ચારણથી જ એ સર્વ (ભૂમિઓ) જીતવી.

૬૩. આ રીતે પરમ ૐકાર નામે આ **અક્ષરબ્રહ્મ** છે; એનો બરાબર અભ્યાસ કરી, જે (એનું) ધ્યાન ધરે, તે મુક્તિને[1] પ્રાપ્ત કરે છે.

૬૪. પોતાનું મૃત્યુ (ક્યારે છે તે) જાણીને ચતુર્થીવાણી (**પરાવાણીથી**) (ઓંકારરૂપી) બ્રહ્મનું ઉચ્ચારણ કરી મોક્ષ મેળવવો. જેનાં બન્ધો ક્ષીણ થયા નથી, તેમનો પણ, વૈખરી વાણીથી (ૐકારનું) ઉચ્ચારણ (મૃત્યુ સમયે) કરવાથી, બીજા જન્મે મોક્ષ થાય છે.

---

૧. तल्लयम् - તેમાં (અક્ષર બ્રહ્મમાં) લય થાય છે.

## પાંચમા અષ્ટકનો સાતમો અધ્યાય

## દત્તાત્રેયે અલર્કને કરેલો મૃત્યુચિહ્નોનો ઉપદેશ

## તેણે (અલર્કે) કરેલી જગદ્‌ગુરુ (દત્તાત્રેય)ની સ્તુતિ

૧. (કર્મ, ઉપાસના, જ્ઞાન-કાંડ પ્રતિપાદક) વેદની ત્રણ વાણીથી પણ જેઓ આગળ ગયા છે. તેમની હે ગુરુ ! કેવી રીતે મુક્તિ થાય ? (એમનું મૃત્યુ કેવી રીતે થાય ?) વૈખરી[1] થી પણ બોલનાર જ્ઞાની બીજા જન્મે કેવી રીતે મુક્તિ મેળવે ?

૨. (હવે) મૃત્યુ પણ અસિદ્ધ યોગથી થયું છે કે સિદ્ધયોગથી તે કેવી રીતે જાણવું ? કારણ જ્ઞાનપ્રાપ્તિ થવાથી (જ્ઞાની) ઉત્ક્રાન્તિ વેળા નાશ પામતો નથી.

૩. આ પ્રમાણે (જ્યારે) અલર્કે પૂછ્યું (ત્યારે) ત્રણ ગુણોના અધિપતિએ તેને કહ્યું, હે મહાબાહુ ! તું આ (બધું) ધ્યાન દઈને સાંભળ.

૪. યોગીઓમાં શ્રેષ્ઠ, ગુરુ અને (ઈષ્ટ) દેવની કૃપાથી, પ્રણવના ધ્યાનથી (આમ તો) જીવન્મુક્ત જ બની જાય છે, છતાં અહીં (માનવના) દેહમાં (દેહ ટકે ત્યાં સુધી) જે પ્રારબ્ધ હોય તેની ચેષ્ટા કર્યા[2] કરે છે.

૫. ત્યાર પછી (દેહ છૂટતાં) બધી (સોળ) કલાઓનો ત્યાગ કરી વિદેહકૈવલ્ય મેળવે છે, જે 'મહાપ્રલય નામે મૃત્યુ' તરીકે ઓળખાય છે.

૬. થી ૭. આ (મૃત્યુના) સમયને જાણી લઈને, દ્વાર (શ્રોત્રાદિ) પર નિયમન કરી, હૃદયમાં મનનો નિરોધ કરી, મસ્તકમાં (બ્રહ્મરન્ધ્રમાં) પ્રાણને સ્થિર કરી, ૐ નું ઉચ્ચારણ કરી પરબ્રહ્મ પરમાત્માનું સ્મરણ કરતાં જે યોગી દેહનો ત્યાગ કરી પ્રયાણ કરે છે, તે પરમપદ પ્રાપ્ત કરે છે.[3]

૮. જેનાં કર્મબંધન ક્ષીણ ન થયાં હોય તે (યોગભ્રષ્ટ) પણ પ્રણવની ઉપાસનાથી બીજા જન્મે મોક્ષ મેળવે છે, કારણ કે પ્રણવની શક્તિથી મોક્ષ મળે જ.

૯. જો (પ્રણવની) એક માત્રા (જે વિશ્વ-આદિ લક્ષણવાળી છે તે) (અ-કાર) નું (મનુષ્ય) ધ્યાન ધરે તો તેનાથી શીઘ્ર સંપન્ન બની પૃથ્વી પર પાછો આવે છે અને ઋક્-દેવતા તેને જલદીથી મનુષ્યનો જન્મ મેળવી આપે છે.

૧૦. તે ત્યાં તપશ્ચર્યા, બ્રહ્મચર્ય અને શ્રદ્ધાથી સંપન્ન બને છે અને (ૐ કારની) ઉપાસનાથી મહિમા (સિદ્ધિ) નો અનુભવ કરે છે.

૧૧. જે (મનુષ્ય) બે માત્રા (અ અને ઉ) નું ધ્યાન ધરે છે, તે મનમાં સંપન્ન બને છે અને (યજુર્વેદથી) તેને અન્તરિક્ષમાં લઈ જવાય છે અને ત્યાં તે ચંદ્રલોકમાં પહોંચે છે.

---

૧. વાણીના પણ ચાર પ્રકાર: પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી - તેમાં વૈખરી કનિષ્ઠ, પરા સૌથી ઉત્તમ વાણી બ્રહ્માનુભૂતિ કરનારની.

૨. કર્મ કરે છે.

૩. પૂ. સ્વામીમહારાજ ટીકામાં લખે છે : ડાબી ઘૂંટીથી ગુદા દબાવી, વૃષણોની ઉપર બીજી ઘૂંટી મૂકી, શ્રોત્ર વગેરે છ મુખ્ય દ્વાર (બીલ-કાણાં) નું નિયમન કરી, ષટ્ચક્રનું ભેદન કરી, સુષુમ્ણા નાડીથી પ્રાણને બ્રહ્મરંધ્રમાં લઈ જઈ, ૐકાર બ્રહ્મ ઉચ્ચ સ્વરે બોલી, પરમાત્માનું સ્મરણ કરતાં, મસ્તક ભેદી સ્થૂલ દેહ તજીને જાય તે બ્રહ્મપદ મેળવે છે.

૧૨. ૧૩ થી ૧૪. તે (ત્યાં) ઐશ્વર્યનો અનુભવ કરે છે અને પછી અહીં (પૃથ્વી પર) પાછો આવે છે; ત્રણ માત્રાનું (અ- ઉ -અને મ) અવિકારી એવા પરમ પુરુષ (પરમાત્મા) નું જે ધ્યાન ધરે છે, તે સામદેવતાથી સૂર્યના તેજથી સંપન્ન બને છે, પાપમુક્ત થાય છે અને આ જીવલોકમાંથી હંમેશ માટે નિત્ય એવા બ્રહ્મલોકમાં લઈ જવાય છે; અને પર (જીવાત્મા) થી પણ પર (પરમાત્મા) પુરુષનાં દર્શન કરે છે એમાં કોઈ સંદેહ નથી. આ પ્રમાણે વિદ્વાન એની ૐકારની ઉપાસનાથી મોક્ષ મેળવે છે તેમજ અજ્ઞાની (સકામ ભક્ત) પણ બંધનમાંથી મુક્ત થાય છે.

૧૫. જે મનુષ્ય દેવમાર્ગ, ધ્રુવ (વગેરે તારા), શુક્ર (નો તારો), ચંદ્રની છાયા અને અરુન્ધતી (તારો) ને જુએ નહીં તે એક વર્ષથી વધુ જીવ શકતો નથી.[1]

૧૬. જે માનવ સૂર્યનું બિંબ કિરણો વિનાનું અને અગ્નિને કિરણોવાળો જુએ, તે ખરેખર અગિયાર મહિનાથી વધુ જીવતો નથી.

૧૭. જે મનુષ્ય સુવર્ણ, ચાંદી, પિશાચ, મળની ઉલટી કરે અને સ્વપ્નમાં જાગે તે દસ મહિનાથી વધુ જીવે નહીં.

૧૮. જે (માનવ) પ્રેત, પિશાચ, વગેરે (મલિન યોનિ), ગન્ધર્વનગરો (વગેરે) તથા સુવર્ણના વર્ણવાળાં વૃક્ષો જુએ, તે નવ મહિના જ જીવે.

૧૯. જે (માણસ) અચાનક જ પાતળો હોય તો જાડો, જાડો હોય તો પાતળો થઈ જાય; આવું સ્વભાવથી વિરુદ્ધ જ બને તેનું આયુષ્ય (હવે પછી) આઠ માસનું જાણવું.

૨૦. જેનું પગલું એડીના ભાગમાંથી કે પગના આગળના ભાગથી ધૂળમાં કે કાદવમાં ખંડિત બને તે (માણસ) સાત મહિના જ જીવે.

૨૧. કબૂતર, ગીધ, ઘુવડ, માંસભક્ષી (પંખી) કે કાળા પંખી આમાંથી કોઈ પણ એક મસ્તકને સ્પર્શ કરે તો એ છ માસમાં મૃત્યુ થાય.

૨૨. જો કાગડો મસ્તકને ચાંચ મારે તો પાંચ માસમાં મૃત્યુ થાય અને જો (માણસ) પોતાની છાયાને ઉલટી રીતે જુએ તો ચાર માસમાં મૃત્યુ નીપજે.

૨૩. જે (માણસ) વાદળાં વિના દક્ષિણ દિશામાં રહેલી વીજળી જુએ અથવા તો પાણીમાં ઈન્દ્રધનુષ્ય જુએ, તેનું આયુષ્ય ત્રણ માસનું (જાણવું).

૨૪. જે (મનુષ્ય) તેલ વગેરેમાં પોતાનું મસ્તક વિનાનું શરીર જુએ, તો ભલે ઈશ્વર (તેનું) રક્ષણ કરનાર હોય તો પણ બે માસથી વધુ તે જીવી શકે નહીં.

૨૫. જેના શરીરમાંથી ઉન્માદકારી ગન્ધ કે શબની વાસ ઉત્પન્ન થાય, તેનું આયુષ્ય કેવળ એક પખવાડિયાનું જ (બાકી) રહે એવું યોગને ઉત્તમરીતે જાણનારાઓએ નિશ્ચિત કરેલું છે.

૨૬. જેના હૃદયનો ભાગ સ્નાન કરતાં બરાબર (તરત જ) સૂકાઈ જાય, અથવા પાણી પીતાં બરાબર મુખ સૂકું થઈ જાય, તેનું (બાકી) જીવન દશ દિવસનું હોય છે.

૨૭. વેગથી ફૂંકાતા પવનથી જેના (શરીરનું) મર્મ - સ્થાન કપાય છે (એવી વેદના થાય) અથવા ચંદ્રના (શીતલ તેજના) સ્પર્શથી જેને આહ્લાદ ન મળે તેનું મૃત્યુ આવી પહોંચ્યું છે (એવું સમજવું).

૨૮. લાલ વસ્ત્ર પહેરેલી કાળા વર્ણવાળી સ્ત્રી, ગાતાં ગાતાં કે હસતાં હસતાં જેને સ્વપ્નમાં દક્ષિણ દિશામાં લઈ જાય તેનું તરત જ મૃત્યુ થશે (એમ જાણવું).

૨૯. સ્વપ્નમાં કોઈ નગ્ન (વસ્ત્ર પહેર્યા વિનાનો) જૈન (કે બૌદ્ધ) ભિક્ષુ હસતો દેખાય અથવા કોઈ બીજો (શરીરે) તેલ ચોળેલો (માણસ) દેખાય, તો મૃત્યુ આવી પહોંચ્યું છે (એમ જાણવું).

1. મૃત્યુ ચિહ્નોનું વર્ણન શરૂ થાય છે.

૩૦. જે (માણસ) સ્વપ્નમાં પોતાને (પોતાના શરીરને) કાદવમાં કે છાણના ખાડામાં મસ્તક પર્યંત ડૂબેલો જુએ તો તે માણસ તરત જ મૃત્યુ પામે છે (એમ સમજવું).

૩૧. જે (નર) સ્વપ્નમાં વાળ, અંગાર, હાડકાં, ભસ્મ (રાખોડી), ક્રોધે ભરાયેલો સાપ કે પાણી વિનાની પૃથ્વીને જુએ તેનું દશ દિવસ જીવ્યા પછી મૃત્યુ થાય.

૩૨. ભયંકર, કુરૂપ, શસ્ત્ર ઉગામેલા કાળા (શરીરવાળા) પુરુષોથી પથ્થરો વડે સ્વપ્નમાં (પોતાને) તાડન કરાતો જે જુએ, તે તરત જ મૃત્યુ પામે છે.

૩૩. સૂર્યોદયના સમયે શીયાળવી ચિચિયારી પાડતી ડાબી બાજુએથી જેની સામે આવતી હોય કે ઊલટ દિશામાં જતી હોય તેનું તરત જ મૃત્યુ થાય.

૩૪. જે માણસને ભોજન કરતાં બરાબર ખૂબ ભૂખ લાગે અથવા (જેના) દાંતમાં (ઊંડો) ઘા થયેલો હોય, તેનું મૃત્યુ આવી પહોંચ્યું છે (એવું સમજવું).

૩૫. ધૂમાડો ન હોય તો જે અન્ન વગેરેની વાસ જાણી શકતો નથી તેમજ રાત્રે પોતાને બીજાની આંખ (કીકી) માં જુએ છે, તે (વધુ) જીવી શકતો નથી.

૩૬. જેને એવું લાગે કે તે રાત્રે ઈન્દ્ર ધનુષ્ય અને દિવસે તારાઓના સમૂહને જુએ છે તેનું તરત જ મૃત્યુ થાય છે.

૩૭. જેની નાસિકા વાંકી થઈ જાય, કાનના છેડા અત્યંત ઠંડા પડી જાય અને ડાબા નેત્રમાંથી પાણી ઝરે, (તો જાણવું કે) તેનું આયુષ્ય પૂરું થયું છે.

૩૮. જેની જીભ કાળી પડી જાય અને મુખની લાલાશ જતી રહે, ઈન્દ્રિયોનો સમૂહ દુબળો બની જાય, તેનું મૃત્યુ આવી પહોંચ્યું છે.

૩૯. જે (મનુષ્ય) સ્વપ્નમાં બંધન પામેલી સ્થિતિમાં ગધેડા કે ઊંટના વાહનથી દક્ષિણ દિશામાં જાય છે એવું લાગે, તેનું તરત જ મૃત્યુ થાય એ નિઃશંક છે.

૪૦. બંને કાન બંધ કરી (પછી) જે અંદરનો અનાહત નાદ સાંભળી શકે નહીં અને જે બંને આંખની જ્યોતિ જોઈ શકે નહીં તેનું મૃત્યુ આવી પહોંચ્યું હોય છે.

૪૧. થી ૪૩. જેની આંખ ઊંચી નીચી ફરકયા કરે, નાભિ છિદ્રવાળી હોય (બને), જે સ્વપ્નમાં રુષ્ટ થયેલા પ્રાણીઓથી હણાતો હોય (એવું જુએ) અથવા (સ્વપ્નમાં) ખાડામાં, પાણીમાં કે અગ્નિમાં પડે અને બહાર ન નીકળે (એવું અનુભવે) અથવા જાગ્રત અવસ્થામાં સારું વસ્ત્ર અન્યથા જુએ; પહેલાં (ખૂબ) સજ્જન હોવા છતાં જેનો સ્વભાવ (તદ્દન) બદલાઈ જાય અને પૂજનીય (જનો) ની નિંદા કરનારો બની જાય તેનું પણ મરણ નજીક આવ્યું છે એમ જાણવું; આ પ્રમાણે મૃત્યુનાં ચિહ્નોને જોઈને, (મરણનો) ભય ત્યજી દઈને, મૃત્યુ આવતા સુધી હંમેશા યોગનો અભ્યાસ કરવો.

૪૪. ત્રણ પ્રતિબંધનો નાશ થતાં ગુણાતીત થયેલો યોગી મુક્તિ મેળવે છે; પણ યોગથી ભ્રષ્ટ થયો હોય તો પણ અહીં (મૃત્યુલોકમાં) જન્મી ફરીથી યોગી બનીને તે પરમ ગતિને પામે છે.

૪૫. સૂર્યકાન્ત મણિ અને ચંદ્રકાન્ત મણિમાં (અનુક્રમે) સૂર્ય કે ચંદ્રનાં કિરણો પ્રવેશતાં જ તે તે મણિમાં (અનુક્રમે) અગ્નિ કે જલ પેદા થાય છે; આ જ ઉપમા યોગની સિદ્ધિના વિષયમાં લાગુ પડે છે.

૪૬. કીડી, ઉંદર, કીડા વગેરે (જંતુ કે પ્રાણી) ઘર હોય તો તેમાં રહે છે, જો (ઘર) ભાંગી જાય તો બીજે ચાલ્યા જાય છે; આ જ ઉપમા યોગની સિદ્ધિના વિષયમાં લાગુ પડે છે.

૪૭. ભમરી નાના મુખથી (પણ) માટીનો મોટો ઢગ કરી દે છે, એ ઉપમા યોગીને લાગુ પડે છે; યોગ પણ થોડો હોય છતાં વાછરડાના શિંગડાની માફક જેમ પસાર થાય તેમ વધે છે.

૪૮. કીડી (પોતાના) અન્નની ઉપર ધીમે ધીમે ચઢે છે, વળી પાછી પડે પણ છે. અને (છેવટે) સિદ્ધિ મેળવે છે, (તે પ્રમાણે) વૃક્ષ ભલે કીડાઓથી વેદના પામે છતાં વધે છે જ.[1]

૪૯. જે આત્મા જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓનો ચાલક અને ભાસક બને છે, તેને અભ્યાસ દ્વારા તત્ત્વ સ્વરૂપે જાણીને યોગી કૃતકૃત્ય બને છે.

૫૦. જેમ ગૃહસ્થાશ્રમી પુરુષ કાર્ય કરનાર નોકરો દ્વારા પોતે (તેમની) આગળ સાક્ષીરૂપે રહી કાર્ય કરે છે અથવા સાક્ષી એવો આત્મા ઈન્દ્રિયો દ્વારા કર્મ કરે છે તેવી રીતે યોગી જે પારલૌકિક સુખ ઈચ્છાતા ચિત્ત વગેરેથી સ્વાર્થ સાધે છે."

૫૧. આ પ્રમાણે (શ્રીદત્તનાં વચનો) સાંભળી સદ્બુદ્ધિવાળા અલર્કે વિનમ્ર બની ભગવાનને અભિવંદન કરી કહ્યું, " આપના વડે સંસાર સાગરને મેં પાર કર્યો,.....

૫૨. તમે કેવળ (મારા) તમને વન્દનમાત્ર કરવાથી એક ક્ષણમાં મારો ઉદ્ધાર કર્યો તેથી જ્યાં સુધી આ (મારો) દેહ અહીં (મર્ત્યલોકમાં) ટકશે ત્યાં સુધી તમારી વંદનભક્તિ કરતો રહીશ.

૫૩. મારી બુદ્ધિશાળી માતાને ધન્યવાદ ઘટે છે (કારણ કે), જેની કૃપાથી (જ) યોગીઓને માટે પુણ્યના સંચયથી પણ દુર્લભ એવા આપના પદ (તેજ-ધામ-સ્વરૂપ) નાં (મને) દર્શન થયાં.

૫૪. મારા મોટાભાઈને (પણ) ધન્ય છે (કારણ કે), જેણે મને પશુ જેવો જોઈને પોતાની બાહ્યસ્થિતિનો ત્યાગ કરી આ ઉપકાર કર્યો.

૫૫. (મારા) સદ્ભાગ્યે તે કાશિરાજ-ભાઈથી હું જીતાયો તે ઉપકાર જ ગણાય; એ રાષ્ટ્રનો કોશ હરી લેવાયો એ (મારું) સદ્ભાગ્ય અને માતાનું વચન પણ સદ્નસીબે જ યાદ આવ્યું.

૫૬. આપનું દર્શન (મારા) સદ્ભાગ્યે જ થયું અને (મારા) પુણ્યબળે આપે મને જ્ઞાન આપ્યું; હું નિઃશંકરીતે મા, ભાઈ અને આપની દૃષ્ટિએ કૃતાર્થ થઈ ગયો છું.

૫૭. સ્મૃતિને હરી લેનાર[2] ગૃહસ્થ અવસ્થાનો (સંસાર-ભાવ) ત્યાગ કરી વિધિપૂર્વક વનમાં આવી (રહીને) આપે જે આદેશ આપ્યા છે, તે પ્રમાણે વર્તીશ, જેથી મને ફરી ભ્રમ (દેહાધ્યાસ) થાય નહીં.

૫૮. શ્રીદત્તે (ભગવાને) કહ્યું, "હે શ્રેષ્ઠ રાજન્ ! તું મમતા વિનાનો અને અહંકાર વિનાનો બની મોક્ષ માટે આચરણ કર.

૫૯. પ્રેમપૂર્વક આ પ્રમાણે ભગવાનથી કહેવાયું એટલે જેના અંગ પર રોમાંચ ખડાં થયાં છે, (જેની આંખમાંથી) પ્રેમનાં આંસુ ટપકે છે, જેના શબ્દો ગદ્ગદ્ અવાજવાળા છે એવા તેણે (અલર્કે) હાથ જોડી સ્તુતિ કરી :

૬૦. (વિશ્વના) કારણ સ્વરૂપ, સત્ અને ચિત્ સ્વરૂપવાળા, સર્વના આત્મા એવા, વિશ્વના અધિષ્ઠાન સ્વરૂપ, મુનિ-સ્વરૂપ, સ્વેચ્છા પ્રમાણે આચરનાર, વાણી અને મનથી દૂર એવા દેવને હું વંદન કરું છું.

૬૧. માયાની ઉપાધિથી બ્રહ્મ[3] ઈશ્વર (કહેવાય) અને અવિદ્યાની ઉપાધિથી બ્રહ્મ અન્-ઈશ્વર (જીવ) થાય છે, પરંતુ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થતાં (જ્યારે) માયાનો નાશ થાય ત્યારે તું એક જ (પરબ્રહ્મ) રહે છે. નહીં ઈશ કે નહીં અનીશ.

---

૧. યોગીએ ધીરજ ગુમાવવી નહીં, ભલે આરંભમાં સફળતા ન મળે, તો પણ પ્રયત્ન છોડવો નહીં (છેવટે સિદ્ધિ મળશે જ); કષ્ટ પડે તો પણ (યત્ન ચાલુ રાખવો) અને આગળ વધાશે.

૨. જેના લીધે આપનાં થયેલાં દર્શન અને આપે આપેલું જ્ઞાન ભૂલી જવાય.

૩. માયામાં પ્રતિબિંબિત બ્રહ્મ તે ઈશ્વર, અવિદ્યામાં પ્રતિબિંબિત બ્રહ્મ તે જીવ, માયાથી અતીત તે પરબ્રહ્મ પણ તે (તત્) તો એક જ છે.

૬૨. (આ) રજ્જુ છે એવું જ્ઞાન ન હોવાથી, ભ્રમને લીધે ત્યાં (રજ્જુમાં) સર્પ ભાસે છે તે પ્રમાણે આત્મામાં (પરમ તત્ત્વમાં) જીવની ભ્રાન્તિ (મિથ્યાજ્ઞાન) થાય છે; આપના ઉપદેશ-વચનોથી (મારી) આ મિથ્યા બુદ્ધિ જલદી નાશ પામી છે.

૬૩. તારી દૃષ્ટિથી પવિત્ર બનેલો હું આજે ધન્ય બન્યો છું; અને આજે હું બ્રહ્મીભૂત બન્યો છું. તું જ બ્રહ્મ છું, ઈશ છું, રૂપ વિનાનો છે છતાં માયાના યોગથી અનેક રૂપવાળો છે.

૬૪. તું દત્તાત્રેય, સૂક્ષ્મ બુદ્ધિથી જાણી શકાય તેવો છે. વેદો (તારું) ગાન કરે છે, યોગીઓનું તું ધ્યેયસ્વરૂપ છે, તું સર્વનો આત્મા છે; હે ઈશ ! તારી સ્તુતિ કરવા, તારું ધ્યાન ધરવા, તને જાણવા કોણ સમર્થ છે ?

૬૫. કોઈ વાર તું ઘરડો (દેખાય છે) તો કોઈ વેળા પ્રૌઢ, કોઈ વખત બાલક તો વળી કોઈ વખત બ્રહ્મ (સ્વરૂપે) તું હોય છે; કોઈ વાર સાકારરૂપે તો કોઈ વાર ભોગ ભોગવનાર સ્વરૂપે, કોઈ વાર (વિષયોમાં) આસક્તિવાળો તો કોઈ વાર ત્યાગી, કોઈ વાર યોગીરૂપે તો કોઈ વાર સંસારના સંગવાળો દેખાય છે.

૬૬. એવો તું બુદ્ધ, સિદ્ધ, શુદ્ધ, શ્રદ્ધાથી બંધાયેલો છતાં અન્યથી (માયાના ધર્મોથી) વીંધાયેલો નહીં એવો, શ્રી-પતિ, માયાનો અધિપતિ (અંતર્યામી), બુદ્ધિનો ઈશ, જ્ઞાનાધિપતિ અને મોક્ષનો પણ અધિપતિ છે.

૬૭. તું ધર્મ અને અધર્મ - બંનેથી પર છે, વેદો તારું ગાન કરે છે, તું ભેદ વિનાનો છે, તેથી તું પૂર્ણ છે, એવા સત્યસ્વરૂપ ત્રિગુણના અધિપતિ ઈશ ! તને મુક્તિ માટે ભક્તિથી વંદન કરું છું, વંદન કરું છું.

# પાંચમા અષ્ટકનો આઠમો અધ્યાય

## કૃતાર્થ થયેલા અલર્કને આવતો જોઈને સુબાહુએ કરેલો કાશિરાજને ઉપદેશ

૧. (અલર્કે શ્રીદત્તને કહ્યું), "લાંબા સમયથી (અનેક જન્મોથી) આવેલી અહંતા અને મમતાનો મેં દૂરથી જ ત્યાગ કર્યો છે; આપની કૃપાથી (હવે) હું સ્વમાં રહેલો છું; સંગમુક્ત બની હું પૃથ્વી પર વિચરણ કરું છું (વિચરણ કરીશ).

૨.થી ૩. પ્રસન્ન બુદ્ધિવાળા અલર્કે આ પ્રમાણે ભગવાનને (દત્તને) કહ્યું અને કાશિરાજ અને સુબાહુની પાસે જઈને મંદ હાસ્ય કરતાં એણે કહ્યું, "હે રાજ્યની કામનાવાળા કાશિરાજ ! (આ) નિષ્કંટક રાજ્યને ભોગવ; અથવા તો આજે (હવે) તું એ (રાજ્ય) તારી રુચિ પ્રમાણે સુબાહુને આપી દે."

૪. થી ૫. કાશિપતિએ કહ્યું, "તું યુદ્ધ કર્યા વિના રાજ્યનો ત્યાગ કેમ કરે છે? તું ક્ષત્રિયનું ઋણ ફેડનાર કહેવાય. આ તને શોભતું નથી. ભલેને અમાત્ય, લશ્કર (સેનાપતિ) વગેરે નાશ પામ્યાં હોય છતાં રાજાએ મરણનો ભય છોડીને શત્રુને લક્ષ્ય બનાવીને, બાણ છોડવાં જોઈએ.....

૬. જો તે હણાય તો [1]સ્વર્ગમાં જાય છે, (અને) જો જીતે તો પૃથ્વીનો ઉપભોગ કરે છે; એને બંને રીતે કશું પણ નુકસાન છે જ નહીં, યુદ્ધ તો યજ્ઞની માફક શાસ્ત્રથી આદિષ્ટ થયેલું છે,.....

૭. રાજાએ દુશ્મનો પર વિજય મેળવી, પોતાની અભિલાષા સંતોષાય તે પ્રમાણેના હિતકારી દિવ્ય ઉપભોગ ભોગવવા અને સિદ્ધિઓ પ્રાપ્ત કરવા મોટા યજ્ઞો કરી પરમાત્માનું યજન કરવું,....

૮. આતતાયી[2]ને (સામેથી) આવતો જોઈને જો રાજા ડરી જઈને નાસી જાય તો તે (રાજા) આ લોકમાં કીર્તિ ગુમાવી, પરલોકમાં દુર્ગતિ પામે છે."

૯. અલર્કે જવાબ આપ્યો, "પહેલાં મારી પણ આવી જ માન્યતા હતી; પણ અત્યારે એવું (માનતો) નથી, કારણ કે હું દેહ છું જ નહીં, પછી ક્ષત્રિયપણાની તો વાત જ ક્યાં રહી ?......

૧૦. જેમ માટીનો ઘડો જડ છે, તેમ દેહધારી (પ્રાણી) નો આ દેહ પણ જડ જ છે. વળી આ પ્રાણો, અને મન સુદ્ધાં ચૈતન્ય (આત્મતત્ત્વ) ના સાન્નિધ્યથી જ ચેતનવાળા લાગે છે. (આ બધા પણ મૂળમાં તો જડ છે.)

૧૧. એક માત્ર ચિત્-શક્તિ જ (આત્મા) વિદ્યમાન છે; તેના સિવાય જો બીજા કોઈ છે જ નહીં તો પછી આ શત્રુ કે મિત્ર-એવી બુદ્ધિ (ટકે જ) કેવી રીતે, કારણ એ (બુદ્ધિ) તો અજ્ઞાનમાંથી (ઉદ્ભવેલી) છે !

૧૨. તારા નિમિત્તે મને જે મિથ્યા દુઃખ ઊભું થયું તેના લીધે તો મારા પર શ્રીદત્તની કૃપા (પ્રાપ્ત) થઈ, જેના લીધે હું આવો બન્યો છું.

૧૩. ઈન્દ્રિયોરૂપી શત્રુઓનો સમૂહ જેણે જીત્યો છે એવો હું સંગનો સંપૂર્ણપણે ત્યાગ કરી મનને બ્રહ્મમાં સંલગ્ન કરી દઈશ; તેના પર વિજય પ્રાપ્ત થતાં સર્વત્ર (મને) જય (મળશે).

૧૪. તું મારો દુશ્મન નથી, અને હું તારો દુશ્મન નથી, વળી સુબાહુ તો (મારા પર) ઉપકાર કરનારો જ છે; મારામાં ભેદદૃષ્ટિ પણ ક્યાંથી (સંભવે) ? (કારણ) મારામાં બધું છે અને હું સર્વમાં છું."

---

૧. ગીતા વચન છેઃ हतो वा प्राप्स्यसि स्वर्गं, जित्वा वा भोक्ष्यसे महीम् । તેજ પ્રમાણે સ્મૃતિવચન છેઃ द्वावे कृतिनी लोके सुर्यमण्डल भेदिनौ। परिव्राड् योगयुक्तश्च रणे योऽभिमुखो हतः । આ જગતમાં બે જ કૃતાર્થ એની સૂર્યમંડળની પેલે પાર જનારા છેઃ પરિવ્રાજક યોગી અને યુદ્ધમાં હણાયેલ ક્ષત્રિય.

૨. **આતતાયીઃ** अग्निदो गरदश्चैव शस्त्रपाणिर्धनापहः क्षेत्रसीमापहर्ता च षडेते ह्याततायिनः । આગ લગાડનાર, ઝેર આપનાર, શસ્ત્ર ઉગામનાર, ધન ચોરનાર, સ્ત્રી (ક્ષેત્ર) અને સીમા (રાજ્યની સીમા) ને હરનાર આ છ **આતતાયી** છે. એમનો વધ કરવામાં દોષ નથી.

૧૫. થી ૧૬. આ પ્રમાણેના તેનાં (અલર્કનાં) વચન સાંભળીને હર્ષથી તેને દૃઢ આલિંગન આપીને 'હે ભાઈ ! સદ્ભાગ્યે તેં (સાચું) કહ્યું - એમ બોલીને સુબાહુએ કાશિપતિને કહ્યું, "હે કાશિરાજ ! જે હેતુ માટે હું અહીં તારે શરણે આવ્યો હતો, તે સંપૂર્ણ રીતે મેં મેળવી લીધું છે; હું જાઉં છું; તારું કલ્યાણ થાવ."

૧૭. થી ૧૮. કાશિપતિએ કહ્યું, "તારું પ્રયોજન ફળીભૂત (સંપન્ન) કઈ રીતે થયું તે તું મને જણાવ; તું શા માટે (મારી પાસે) આવ્યો હતો ? મને તો કુતૂહલ થાય છે !! (મારા) પિતા તરફથી વારસામાં મળેલું મારું રાજ્ય ભાઈએ આક્રમણ કરી (પડાવી) લીધું છે; તેના (ભાઈ) પર વિજય મેળવી તું મને અપાવ-એવું મારે શરણે આવી તેં કહેલું આજે તું બીજું જ કેમ કહે છે ?"

૧૯. સુબાહુએ જવાબ આપ્યો, "હે કાશિરાજ ! તારી મદદથી મેં જે હેતુ માટે આ ઉદ્યમ કરેલો, તેનું આ કારણ છે તું (તે) સાંભળ,....

૨૦. થી ૨૧. (સુબાહુ કારણ જણાવે છેઃ) મારા (કેવળ) પવનનું પરિધાન કરી રહેનારા બે વિદ્વાન (તત્ત્વજ્ઞાન આત્મસાત્ કરનારા) ભાઈઓ તો મુક્તિ પામેલા (જીવન્મુક્ત) છે; એ મારી માતાએ બાળપણમાં તે બંનેને અને મને (પણ) જેવી રીતે મુખમાં સ્તનપાન કરાવ્યું, તેવી રીતે કાનમાં તત્ત્વબોધ પણ કર્યો (હતો); દૈવયોગે એ (બોધ) આના (અલર્કના) કાનમાં પડ્યો નહીં, તેથી (અમારો આ) નાનો ભાઈ લગભગ પશુ જેવો બન્યો,....

૨૨.૨૩. થી ૨૪. પશુની માફક સ્ત્રીઓમાં અને સ્ત્રૈણ વિષયોમાં આ દુષ્ટબુદ્ધિ વાળો (ભાઈ) સતત વળગેલો રહી, જીભ અને પ્રજનન-ઈન્દ્રિયના સુખની આસક્તિથી હલકો બન્યો; તેથી હે રાજન્ ! જેમ એક ટોળામાં જતા (લોકો) હોય તેમાંથી એક ખિન્ન બની જાય તો બધા સમુદાયના માણસો દુઃખી બને તેવું અમારી બાબતમાં થયું છે. એ (અલર્ક) ગૃહસ્થાશ્રમમાં પડીને પોતાની જાતને સુખી માનતો હતો, એ એનો ભ્રમ છે એવું જોઈને હે રાજા ! અમે (ત્રણ ભાઈઓ) દુઃખી થયા,.....

૨૫. પછી નિશ્ચય કરીને તારી મદદ મેળવીને (અલર્કને) વૈરાગ્યનું કારણ બને તેવું દુઃખ (પેદા) કર્યું, અને તે વડે મારો હેતુ સધાયો....

૨૬. મેં એને (અલર્કને) દુઃખ આપ્યું, પછી તે પોતે જ (સંસારથી) વિરક્ત બન્યો; મારું કાર્ય ખરેખર સિદ્ધ થઈ ગયું; તારું કલ્યાણ થાવ; હવે હું જાઉં છું.

૨૭. થી ૨૮. અમારી માતા મદાલસા યોગીઓમાં પણ સન્માન પામેલી છે, તેથી તેનું સ્તનપાન કરનાર આનું (અલર્કનું) આવું પતન ન થાય એવું મનમાં વિચારીને પ્રયત્નપૂર્વક તારો આધાર મેળવી મારું બધું સંપન્ન થયું છે; આ નાશવંત રાજ્યની મારે શી જરૂર છે ? સ્વરૂપનો આનંદ એજ મારું સામ્રાજ્ય છે.

૨૯. હે રાજન્ ! વિદ્વાન માણસે પતન પામતા પોતાના સગાની ઉપેક્ષા કરવી જોઈએ નહીં; (પરંતુ) પ્રયત્નપૂર્વક તેનો ઉદ્ધાર કરવો જોઈએ; તેની આ જ સાચી વિદ્વત્તા (ગણાય).

૩૦. મિત્ર, સ્વજન, બંધુ સમર્થ હોય છતાં કોઈનું ધર્મ, અર્થ, કામ કે મોક્ષની બાબતમાં અધઃપતન થાય તો એ બધા નિંદાપાત્ર છે, એમાં કોઈ શંકા નથી."

૩૧. થી ૩૨.૩૩. આ પ્રમાણે (જેને) કહેવાયું છે, તે કાશિરાજ પણ એક ક્ષણના સત્સંગથી સુખી બનેલો હોઈ, દીન મનવાળો બની કૃપાળુ સુબાહુને કહેવા લાગ્યો, "હે સાધુપુરુષ તેં અલર્ક પર ખરેખર મોટો ઉપકાર કર્યો છે; હે મિત્ર ! તું મારા પર ઉપકાર કરવા કેમ વિચારતો નથી ? સંતનો સમાગમ હંમેશા (સારું) ફળ આપનારો જ બને છે - એ ઉક્તિ વિપરીત કેવી રીતે હોઈ શકે ? માટે હે વિચક્ષણ ! મારો પણ સંસારમાંથી ઉદ્ધાર કર."

૩૪. આ પ્રમાણે (કાશિરાજે) કહ્યું ત્યારે તે સુબાહુએ મંદ હાસ્ય કરી તેને કહ્યું, "હે કાશિપતિ ! તેં સાચું જ કહ્યું છે પરંતુ આ (મોક્ષની) બાબતમાં સમયના આયોજનની જરૂર હોય છે.

૩૫. થી ૩૬. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના પુરુષાર્થ અહીં (શાસ્ત્રમાં) કહેવાયા છે; એમાંના ત્રણનો સમૂહ (ધર્મ, અર્થ અને કામ) તારી બાબતમાં સફળ થયેલો જ છે; બાકી રહ્યો મોક્ષ; તે સાધનો વિના સિદ્ધ થતો નથી; તેથી (તેના માટે) પ્રયત્નપૂર્વક ઉદ્યમ કરવો પડે; તે (સાધનો) તને સંક્ષેપમાં કહીશ (કહું છું); પછી તું મોક્ષ માટે પ્રયત્ન કરજે.

૩૭. તારે હવે પછી (આ) હું, (આ) મારું એવી પ્રતીતિ કરવી નહીં; (આ) હું, (આ) મારું, એ સંજ્ઞા કોની છે, એનો રાત-દિવસ[1] વિચાર કર.

૩૮. અવ્યક્ત (ઇન્દ્રિયગોચર નથી તે) થી આરંભી વ્યક્ત વિશેષો (ભૂત-ભૌતાદિક) વિકારવાળા (પરિવર્તન પામનારા) અને જડ છે; (તેથી) કયું વ્યક્ત છે, કયું અવ્યક્ત છે[2] એ તારે જાણી લેવું જોઈએ, જેથી તું સંગરહિતપણું મેળવીશ.

૩૯. ત્યાર પછી આત્મા (પ્રત્યક્-રૂપ) અને અનૂ-આત્મા (જડ) નો (સમ્યક્) વિચાર કરી, તારે બધું જાણી લેવું જોઈએ, (જેથી) એકમેવ સ્વાત્માનો વિવેક કરી તું કૃતાર્થ બનીશ.

૪૦. જો કે, દૈવયોગે અલર્ક ભોગમાં આસક્ત બની ગયો અને કામુક બન્યો, પરંતુ તે 'મા' ની કૃપાથી (મૂળથી જ) વિશુદ્ધ હતો અને તેથી એક જ ક્ષણમાં એને ગુરુ (શ્રીદત્ત) ની કૃપા પ્રાપ્ત થઈ.

૪૧. તું ભલે હમણાં (તત્કાલીન) વૈરાગ્ય સંપન્ન છે પરંતુ (માયાથી) બંધાયેલો છે, તેથી તારા પ્રતિબંધો દૂર થતાં તું નિઃશંકપણે મોક્ષ પ્રાપ્ત કરીશ."

૪૨. થી ૪૩ (૧-૨) આ પ્રમાણે કહીને, અલર્કને ભેટીને તે પ્રસન્નમતિવાળા (સુબાહુ) એ તેને (અલર્કને) કહ્યું : "તું રાજ્ય કર અથવા વનમાં જા; હવે પછી તું કશામાં આસક્ત બનવાનો નથી. હે જ્ઞાનસંપન્ન ! હવે તને કશાનો દોષ નહીં લાગે; તને ઠીક લાગે તેમ કર."

૪૩. (૩.૪.) થી ૪૫ (૧.૨.) અલર્કે કહ્યું, "હે ભાઈ ! હું પહેલાં પૂરો ગમાર હતો, તેં આજે કૃપા કરી મને છોડાવ્યો. આપણે એક જ પેટમાંથી જન્મેલા, સન્માનિત (મહાન) સ્ત્રીના પુત્રો છીએ; આજે જ આપણે સરખા[3] બન્યા છીએ; તે આપણી 'મા' ના પુણ્ય બળે જ.

૪૫.(૩.૪.) (અલર્કે) આ પ્રમાણે કહ્યું પછી તે સુબાહુ ઉત્તમ વનમાં ચાલ્યો ગયો.

૪૬.(૧.૨) કાશિરાજ પણ પોતાની નગરીમાં જઈને યત્નપરાયણ બની ગયો. અલર્ક નગરીમાં આવી પહોંચી અને પુત્રનો રાજ્ય પર અભિષેક કરી, ત્યાગ કરી, સર્વ પ્રકારના સંગમાંથી સંપૂર્ણતયા મુક્ત બનવા વનમાં ચાલ્યો ગયો.

૪૭. (૩.૪) થી ૫૧. (૧.૨.) ત્યાં (વનમાં) લાંબા સમયે તેણે દ્વન્દ્વરહિત બની, પરિગ્રહરહિત બની, નિર્વાણ તરીકે ઓળખાતી યોગની અમાપ અને પરિપૂર્ણ સમૃદ્ધિ મેળવી. દેવો, અસુરો, માનવોથી યુક્ત આ સમગ્ર વિશ્વને, (ત્રણ) ગુણોરૂપી[4] પાશોથી બંધાયેલું અને હંમેશા સ્ત્રી, પુત્રો, ભાઈઓ, મિત્રો, દુશ્મનો, પોતાનાં-પારકાં વગેરે ભાવનાઓથી વિશેષ બંધાયેલું, ઇન્દ્રિયોથી આકૃષ્ટ થયેલું, ભ્રમમાં પડેલું, ભયંકર દેખાવવાળું, અજ્ઞાનરૂપી કાદવમાં ખૂંપેલું, જોઈને અને તેવા જ પોતાના આત્માને (આ બધામાંથી) સમુત્તીર્ણ થયેલ જાણીને આ ગાથા ગાવા લાગ્યો,.....

---

૧. આ સૂત્તે, આ મૃતે कालं नयेद् वेदान्तचिन्तया' इत्युक्तेः अनिशम् (રાત્રે) ઊંઘ આવે ત્યાં સુધી અને (જીવનમાં) મૃત્યુ આવે ત્યાં સુધી વેદાન્તના ચિંતનમાં સમય પસાર કરવો એનું નામ अनिशम् ।

૨. અવ્યક્ત એટલે પ્રકૃતિ અથવા પ્રધાન.

૩. અલર્કના ત્રણે ભાઈ જન્મથી મદાલસાએ આપેલા બોધથી વિરક્ત હતા જ; અલર્ક તો આજે સુબાહુના પ્રયત્નથી અને દત્તભગવાનની કૃપાથી વિરક્ત અને મુક્ત બન્યો; તેથી આજે બધા સમાન બન્યા.

૪. પૂ. સ્વામીમહારાજ ટીકામાં સ્નેહ દ્વેષ વગેરે પાશો' - એવા અર્થ પણ આપે છે.

૫૧ (૩.૪) થી ૫૩. (ગાથાનું વર્ણન) અરે, અમે શા માટે (કેવી રીતે) પહેલાં તે રાજ્ય પર બેઠા ! પછી (પાછળથી) મેં જાણ્યું કે યોગ સિવાય અન્ય કશું (સાચું) સુખ નથી.[1] પૃથ્વી પર ધન, ધાન્ય, પત્ની, પુત્રો વગેરેથી જે સુખ ભોગવાય છે તે **'તૃષ્ણાના નાશ રૂપી સુખ'** ની સોળમી કલા જેટલું પણ ગણાય નહીં. તૃષ્ણા વિદ્યમાન હોય તો આ બધું (ધન વગેરે સુખ) એક પણ દુઃખ નાશ કરવા પર્યાપ્ત નથી.[2]

૫૪. થી ૫૬. સર્વવ્યાપક આત્મસ્વરૂપ' રૂપી સુખ જ (સાચું) સુખ છે; તે (સુખ) ને ન ઓળખતો મૂઢબુદ્ધિવાળો (માણસ) અવશ બની (સુખને) બહાર (સ્ત્રી-પુત્ર વગેરેમાં) શોધે છે; તેના લીધે હંમેશા દુઃખ જ ભોગવે છે. જે બ્રહ્મજ્યોતિ સત્ય છે, જ્ઞાન છે, અનન્ત (આનંદ) છે, નિત્ય છે, તે જ એક આત્મા હું વ્યાપક છું, સદા સુખ-સ્વરૂપ છું. ભાઈ અને માની કૃપાથી અને શ્રીદત્ત (ભગવાન) ના અનુગ્રહથી જે (આ જન્મમાં) કરવાનું હતું તે મે કરી લીધું (અને) જે મેળવવાનું હતું તે નિઃશંકપણે મેળવી લીધું.

૫૭. આ પ્રમાણે કહીને તે મહામના (અલર્કે) એ પ્રયત્નપૂર્વક (યોગનો) બરાબર અભ્યાસ કરી, છેલ્લી (સાતમી) ભૂમિ પ્રાપ્ત કરી લીધી (જ્યાં પહોંચ્યા પછી) દ્વૈતભાવની[3] સ્મૃતિ પણ રહેતી નથી.

૫૮. પછી પ્રારબ્ધ ભોગવી લીધા પછી, ઉપાધિમાંથી મુક્ત બનેલ તે (અલર્ક) નામ-રૂપ[4] વગેરેથી રહિત બની દત્તલોકમાં વિલીન થઈ ગયો.

૫૯. આ પ્રમાણે પુત્રે (અઢારમા અધ્યાયમાં પુત્રે પિતાને ઉપદેશ આપવાનો શરૂ કર્યો તેનો સંદર્ભ અહીં છે) પિતાને યોગચર્યાનો ઉપદેશ કર્યો તે સંક્ષેપમાં ચિત્તશુદ્ધિ માટે અહીં (ગ્રંથમાં) ગ્રથિત કર્યો છે.

૬૦. થી ૬૨. (પછી) પુત્રે (હવે) કહ્યું, 'હે પિતા ! તમે આ યોગનો અભ્યાસ કરો, (જેના વડે) જ્યાં પહોંચ્યા પછી શોક કરવો પડતો નથી તે પરબ્રહ્મ (સાથે ઐક્ય) પ્રાપ્ત કરશો. તે બ્રહ્મ હું જ છું, હું સંસારી નથી (માટે) મારે અભ્યાસ કરવાની શી જરૂર ? જો કૃતાર્થ થયેલા મનુષ્યને કંઈક કરવાનું બાકી રહેતું હોય તો તે તત્ત્વજ્ઞાની ન કહેવાય. આ બધું મે તમને તમારા પ્રશ્ન પ્રમાણે (કરેલા પ્રશ્નના ઉત્તરરૂપે) કહ્યું; મારું વૃત્તાંત મેં તમને આપ્યું છે; હવે પ્રયત્નશીલ બનો.

૬૩. આ પ્રમાણે કહીને, પિતાને વંદન કરી, તેમની અનુજ્ઞા મેળવી, બધા સંગનો સંપૂર્ણ ત્યાગ કરી, સાવધાન બની પૃથ્વી પર વિચરણ કરવા માંડ્યો.

૬૪. તેના પિતા પણ (સંસાર પ્રત્યે) સંપૂર્ણ ઉદાસીન બની, વાનપ્રસ્થાશ્રમની વિધિ પ્રમાણે શુદ્ધ બની, પછી સંન્યાસ ધારણ કરી નૈષ્કર્મ્ય સિદ્ધિ ભોગવવા લાગ્યો.

૬૫. આ પ્રમાણેની અલર્કની કથા ધન્ય છે, મનીષીઓએ એનું ગાન-ધ્યાન કરવું જોઈએ, (કારણ) અહીં (આ કથામાં) સાક્ષાત્ દિગંબર (દત્ત) અવધૂત ભગવાન પ્રમાણ છે.

૬૬. જે (ભગવાને) કેવળ વંદન માત્રથી સંતુષ્ટ થઈ અલર્કને મુક્તિ આપી, એ ભગવાનના ભક્ત પ્રત્યેના અદ્ભુત વાત્સલ્ય પ્રેમનું કેવી રીતે વર્ણન કરવું ?

૬૭. આ અલર્કની કથાથી ગૂંથાયેલું (ભગવાનનું) મધ્યમ ચરિત્ર રમણીય છે, ભુક્તિ અને મુક્તિ (ઉભય) આપવાવાળું છે અને ત્રીશ (દત્તાત્રેય ભગવાન) ને સંતોષ આપનારું છે.

૬૮. હે માયાપતિ (મા -ધવ) ! હે ઈન્દ્રિયાતીત પ્રભુ ! તને સદા-સર્વદા વંદન કરું છું. હે ત્રિ-ગુણ અધીશ્વર (ભગવાન દત્ત) ! તું સંતુષ્ટ થઈ અમને સારી રીતે પરમ ઐશ્વર્ય આપ.

---

૧. યોગથી જ આત્યન્તિક સુખ મળે છે તે બીજા કશાથી મળતું નથી.

૨. પૂ. લેખકશ્રીએ ટીકામાં બે અર્થ બતાવ્યા છે : (અ) अनलम् = अत्यर्थं (आर्तिदम) ખૂબ દુઃખ દેનારું (બ) अनलम् - तापकम् - અગ્નિ જેવું તપાવના[2] તૃષ્ણા હોય તો ધન વગેરે સુખ (અ) ખૂબ દુઃખ દેનાર, (બ) અગ્નિ જેવું તપાવનાર બને.

૩. શ્રુતિઃ यत्र (જે સાતમી ભૂમિ પર) त्वस्य सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत् ।

૪. નામ-રૂપ તો જડને (જગતને) હોય- नामरूपात्मकं जगत् । આત્મા તો નામ-રૂપથી મુક્ત હોય.

# છઠ્ઠા અષ્ટકનો પહેલો અધ્યાય
# આયુરાજાનું દાસ્ય (ભક્તિ) નું વર્ણન (અને) શ્રીદત્તાત્રેયે (કરેલું) દાન વગેરેનું વર્ણન

૧. ઈન્દ્રના જેવો (પરાક્રમી) જે નહુષ (થઈ ગયો) તેના પ્રભાવની હકીકત હવે જણાવીએ છીએ, જેના કારણે શ્રીદત્તના દાતૃત્વ વગેરેનો મહિમા પ્રકાશિત થાય છે.

૨. ચંદ્રવંશમાં કોઈ એક આયુ નામે મહાબુદ્ધિશાળી રાજા થઈ ગયો; (એ) ચક્રવર્તી (રાજા) દાનેશ્વરી, જિતેન્દ્રિય અને ભાગ્યશાળી હતો, (પરંતુ) એ સંતાન વિનાનો હોવાથી દુઃખી હતો.

૩. મુનિઓ વડે કહેવાયેલા શ્રીદત્તનું માહાત્મ્ય સાંભળીને પુત્રની ઈચ્છાવાળો તે (રાજા) સહ્યાદ્રિ (પર્વત) પર ભક્તિભાવપૂર્વક, ભગવાનના શરણે ગયો.

૪. ખોળામાં (માયાશક્તિ) યુવતીને બેસાડીને સદા ઉત્તમ મદ્યનું પાન કરતા અને બધા ભોગ ભોગવતા હોવા છતાં (એમને) સંસ્કારી (સંત) માનીને તેણે (આયુએ) ભક્તિથી પ્રણામ કર્યા.

૫. મહાત્મા શ્રીદત્તે (ભગવાને) ખૂબ ધૃતકાર્યો હોવા છતાં આયુએ દૃઢ વ્રત પાળી હંમેશા ત્રણ (ગુણો) ના અધિપતિની ભક્તિથી સેવા કરી.

૬. દાસભાવનો આશ્રય લઈને સો વર્ષ સુધી તેણે હર્ષથી એમને (શ્રીદત્તને) ભજ્યા (ત્યારે) એક દિવસ ભગવાને કહ્યું, "હું તો વ્રાત્ય છું, મારું તને શું કામ પડ્યું ?"

૭. થી ૯. રાજાએ જવાબ આપ્યો, "આપ બુદ્ધિના પ્રેરક, ઈન્દ્રિયજિત, (ક્ષર-અક્ષરથી પર) ઉત્તમ પુરુષ, અત્રિપુત્ર માયાવી (માયાપતિ) છતાં કેવલ (એકમેવ સત્ય) છો, ત્રિગુણાતીત છો. જેણે (શ્રુતિએ) વર્ણો (બ્રાહ્મણાદિ) ને બાંધ્યાં છે એ ત્રણ વેદ તો તારી વાણી છે; હે અજન્મા ! એ વેદો સર્વથી પર તારા સ્વરૂપને જાણનાર છે તો તેની વાણીથી તને બંધન શાનું હોય ? તારા સ્વરૂપને ન જાણનારો વેદત્રયીના વિધિ નિષેધથી પરાઙ્મુખ થયેલો છે, એવું જાણીને હું તને ભજું છું; હે હરિ ! મારું રક્ષણ કર."

૧૦. શ્રીદત્તે જવાબ આપ્યો, "જો એમ જ હોય તો હે રાજન્ ! ખોપરીમાં મને દારૂ અને રાંધેલું સ્વાદિષ્ટ માંસ હંમેશાં આપ."

૧૧. તેણે દરરોજ કહ્યા પ્રમાણે સાક્ષાત્ પશુયાગ (માંસ માટે) અને સોમયાગ (દારૂ માટે) (મારાથી થાય) છે, એવી બુદ્ધિથી તે આપવા માંડ્યાં, તેનાથી પ્રસન્ન થઈને ભગવાને કહ્યું, "હે રાજન્ ! તને મનપસંદ વરદાન માગ."

૧૨. થી ૧૪. (૧.૨.) રાજાએ કહ્યું, "(હે ભગવન્) ! મને સર્વજ્ઞ, દેવો અને બ્રાહ્મણોને પરાયણ રહેનાર, સામર્થ્યવાળો, દેવો અને રાક્ષસોથી જીતી ન શકાય તેવો, મેધાવી, નિપુણ, પ્રજાનું પાલન કરનારો, પૂજનીય, બહાદુર, યુદ્ધમાં ક્રૂર, શરણે આવેલાને પ્રેમ આપનાર, ધર્માચરણ કરનાર, પિતૃઓ, ગુરુ અને અતિથિઓથી પ્રશંસા મેળવનાર પુત્ર આપ, જેનાથી પિતૃઓ સહિત હું ધન્ય બની જાઉં.

૧૪ (૩.૪) થી ૧૫. શ્રી ભગવાને કહ્યું, "ભલે તે પ્રમાણે (તને) ઉત્તમ, વિષ્ણુપ્રિય, વિજય મેળવનાર, વિષ્ણુ જેવો, દિશાઓના છેડા સુધી ફેલાયેલ યશવાળો પુત્ર (પ્રાપ્ત) થાવ; હે રાજન્ ! આ ફળ (તારી) પત્ની ઈન્દુમતીને (ખાવા માટે) આપજે."

૧૬. થી ૧૭. આનંદિત થયેલો રાજા ભલે-એમ કહી ભગવાનને વંદન કરી, પોતાના નગરમાં ગયો અને પત્નીને ફળ આપ્યું, તેણે પણ માસિક ધર્મની સમય મર્યાદાનું સ્નાન કરી આનંદથી (પતિનું) સેવન કર્યું. કામિની એવી તેણે લાંબા વખત સુધી પ્રોષિતભર્તૃકા રહેલી હોવાથી, રતિક્રિડાની વિધિથી તેને (પતિને) આલિંગન આપી રતાન્તે આનંદ અનુભવી તરત જ દેવી ગર્ભને ધારણ કર્યો.

૧૮. થી ૨૦. ત્યારબાદ તે રાણી સ્વપ્નમાં મહાપુરુષનાં લક્ષણવાળા, હાર, કંકણ, બાજુબંધ, પગમાં નૂપુરથી શોભતા, પવિત્ર મુકુટ, કુંડલ ધારણ કરેલા, શ્વેત ફૂલહાર શ્વેત વસ્ત્ર ધારણ કરેલા અને શ્વેત (સુખડના) લેપવાળા, મણિ જેવી ચળકતી ઘણી ફેણવાળા શેષનાગના છત્રવાળા, નિર્દોષ હાસ્ય કરતા, મોતી પ્રદાન કરતા, દૂધથી ભરેલા કમંડલુથી પોતાને અભિષેક કરતા (કોઈ) દિવ્યપુરુષને જોઈ, હર્ષ પામતી જાગ્રત થઈ ગઈ.

૨૧. જાગી ગઈ હોવા છતાં સતત (સ્વપ્નને) યાદ રાખી, પ્રસન્ન બનેલી તેણે તે (સ્વપ્નનું વૃત્તાન્ત) પતિને જણાવ્યું; સવારે રાજાએ પણ (સ્નાનાદિથી) પવિત્ર બની શૌનક (સ્વગુરુ) ને સ્વપ્ન (વૃત્તાન્ત) કહ્યું.

૨૨. થી ૨૬. શૌનકે જવાબ આપ્યો, "હે શ્રેષ્ઠ રાજન્ ! તું હવે ભાગ્યશાળી (બન્યો) છે; (કારણ) અનસૂયાના ગર્ભરત્નરૂપ (ભગવાન) દત્તાત્રેયે આપેલું જે ફળ ખાધું, તેના પ્રભાવથી તારી પત્નીએ (અષ્ટ) લોકપાલનું સામર્થ્ય જેમાં પ્રવેશેલું છે એવો, ઉત્તમ ગર્ભ ધારણ કર્યો છે. (આ તારો) પુત્ર ધર્મિષ્ઠ મનવાળો, વિષ્ણુભક્ત, ચંદ્રવંશના આભૂષણ જેવો, કીર્તિમાં ઉપેન્દ્ર જેવો, દિવ્ય પરાક્રમવાળો, વેદ-ઉપનિષદનો જાણકાર, ચક્રવર્તી, સર્વ સદ્‌ગુણોથી સંપન્ન, હુણ્ડાસુરનો વધ કરનાર બનશે, એવું (આ) સ્વપ્ન સૂચન કરે છે, એમાં કોઈ શંકા નથી; દેવોમાં પ્રથમ એવા અગ્નિદેવતા (અહીં) પધારી તારા ગર્ભનું ચારેબાજુથી રક્ષણ કરો અને વરુણદેવ દસમે માસે પ્રસૂતિના સમયે મૃત્યુપાશમાંથી રક્ષણ કરો."

૨૭. આ પ્રમાણે આશીર્વાદ આપીને સત્કાર પામેલા શૌનક ઘેર ગયા; અને શ્રી દત્ત (ભગવાન) માં જેણે ચિત્ત અર્પણ કર્યું છે, એવો રાજા પત્ની સાથે ખૂબ આનંદ પામ્યો.

૨૮. કાંચન નામના નગરમાં કોઈ એક હુણ્ડ નામે મોટો રાક્ષસ હતો, જેણે પૃથ્વી અને સ્વર્ગ પર આક્રમણ કર્યું હતું અને દેવોને પણ પરાજિત કર્યા હતા.

૨૯. થી ૩૧. શિવ (નામે ગંધર્વ) ની જે અશોકસુન્દરી નામે દીકરીનું બળપૂર્વક અપહરણ કર્યું હતું, તેણે 'નહુષ તારો વધ કરશ' એવો જેને (હુણ્ડાસુરને) શાપ આપ્યો હતો, તેની દીકરી તે અરસામાં સખી સાથે (દેવોના) નંદન નામે બાગમાં ગઈ હતી; ત્યાં ચારણોના એકબીજા સાથેના વાર્તાલાપમાં આયુરાજાનો પુત્ર હુણ્ડ-રાક્ષસનો અંત લાવશે, એવી વાણી તેણે સાંભળી અને તે (બધું) પિતા (હુણ્ડ) પાસે જઈને કહ્યું.

૩૨. થી ૩૪. એ સાંભળીને અને અશોક સુન્દરીનો શાપ યાદ કરીને તે રાક્ષસ ખૂબ ડરી ગયો; એણે પવિત્ર, કાળા અગ્રભાગવાળા, ભરાવદાર સ્તનવાળી, પ્રાતઃકાલના ચંદ્ર જેવા (ગર્ભાવસ્થાને લીધે) ફિક્કા મુખવાળી છતાં તેજ અને લાવણ્યમય સૌન્દર્યથી મઢેલી વિષ્ણુ ભગવાનના તેજથી રંજિત બનેલી, પ્રચંડ સૂર્યબિંબની આભા ધારણ કરતી, પાસે જઈ ન શકાય એવી દેવીના જેવી, ચારે બાજુ સુદર્શન (ચક્ર) ના તેજના ભ્રમણથી રક્ષાયેલી ઈન્દુમતીને જોઈ.

૩૫. (તેને) જોઈને દુષ્ટ મનવાળો તે દાનવ આશ્ચર્ય પામ્યો, અને (નક્કી કર્યું) કે આ જ મારો ખરો દુશ્મન છે; મારે પ્રયત્નપૂર્વક એનો વધ કરવો જોઈએ.

૩૬. આ પ્રમાણે નિશ્ચય કરીને તેણે (અસુરે) ઈન્દુમતીને જાગ્રત અને સુષપ્તિ અવસ્થાઓના સંધિકાળમાં એનો નાશ કરવા માટે ઘણાં ખરાબ સ્વપ્નો દેખાડવા માંડ્યો.

૩૭. (પરંતુ) એની (ઈન્દુમતીની) સારી રીતે રક્ષા થતી હોવાથી આ આસુરી માયાથી એને જરા પણ ભય ઉત્પન્ન થયો નહીં, અને શ્રીદત્ત (ભગવાન) થી રક્ષાયેલો નસીબવાન ગર્ભ પણ ગળી ગયો નહીં.

૩૮. થી ૩૯. ઈન્દુમતીની સુદર્શનથી થતી રક્ષા હુણ્ડે પ્રત્યક્ષ જોઈ, (પરંતુ) ખરેખર ઈન્દુમતીએ (જોઈ નહીં), તેથી સ્વપ્નોથી ડરી જઈ તે સૂર્યને શરણ ગઈ (અને પ્રાર્થના કરી), " હે સૂર્યનારાયણ દેવ ! મારું સઘળું અનિષ્ટ દૂર કરો, ખરાબ સ્વપ્નથી જે કંઈ (અનિષ્ટ) થવાનું હોય તે દૂર કરો અને જે મારા માટે કલ્યાણકારક હોય તે મારી પાસે લાવો."

૪૦. આ પ્રમાણે સૂર્યની સ્તુતિ કરીને ઈન્દુમતી ભયમુક્ત બની હંમેશ માટે સ્વસ્થ બની. અને દૈવયોગે (પેલા) દાનવના બધા ઉધામા નિષ્ફળ બન્યા.

૪૧. જેનું અભીષ્ટ નાશ પામ્યું છે, એવો દુશ્મનવાળો તે ખાવા-પીવાનું છોડી દઈ, દરરોજ છિદ્ર શોધતો પોતાની માયાથી અદૃષ્ટ રહીને ત્યાં જ સ્થિર રહ્યો.

૪૨. તે રાજા (આયુ) એ પણ પ્રસન્નતાથી યથા યોગ્ય સમયે બધી જ પુંસવન વગેરે ક્રિયાઓ વિધિપૂર્વક અને ક્રમ પ્રમાણે કરી.

૪૩. થી ૪૪. (હવે) પ્રસૂતિનો સમય થઈ જવા છતાં તેને પ્રસૂતિ થઈ નહીં (તેથી) ત્યાં રાજાએ ઉપાય અજમાવ્યો, "હે અશ્વિનો! મારું આહ્વાન તમે સાંભળ્યું. જલદીથી મારા ગર્ભને મુક્ત કરો, સુખપૂર્વક દસ મહિનાના પ્રાર્થના કરતા ભયભીત ઋષિને (બાળકને) મુક્ત કરો." આ રીતે મંત્રનો પ્રયોગ કર્યો એટલે તેનો પ્રસૂતિનો કાળ નજીક આવી ગયો.

૪૫. ત્યાર પછી શુભ મુહૂર્તમાં, પાંચ ગ્રહો ઉચ્ચના હતા અને સૂર્યથી અસ્ત થતા ન હતા, તે સમયે ઈન્દુમતીએ મહાભાગ્યશાળી પુત્રને જન્મ આપ્યો.

૪૬. બાળકના જન્મતા બરાબર એના ખૂબ પ્રકાશમાન તેજથી જ મધ્યરાત્રિએ પણ બધા દીવાઓ નિસ્તેજ (ઝાંખા) બની ગયા.

૪૭. જેવી રીતે આકાશમાં સૂર્ય પ્રકાશે, તેવી રીતે બાળક તેજથી પ્રકાશવા લાગ્યો અને આવા સુંદર ભાગ્યવાળા બાળકને જોઈને સતી ઈન્દુમતી ખૂબ આનંદ પામી.

૪૮. પુત્રજન્મના મહોત્સવને સાંભળીને તે આયુ રાજાએ પણ સ્નાન કરીને શ્રીદત્તની કરેલી સેવાના (સેવાથી પ્રાપ્ત) મહાન ફળને જોયું.

૪૯. થી ૫૦. તે રાજાએ સ્વસ્તિવાચનપૂર્વક સુવર્ણથી પિતૃઓનું તર્પણ કરી, વિધિપૂર્વક બાળકને હિરણ્યના પાત્રમાં ઘી-મધ પાયાં અને ચંદ્ર જેવા મુખવાળા તે બાળકને જોઈ, એનું મસ્તક સૂંઘી પોતાને ક્ષેમ (કરનાર) પાત્ર તરીકે (અને પિતૃઓના) ઋણથી મુક્ત માન્યો.

૫૧. અને મુખ્ય-મુખ્ય બ્રાહ્મણોને અને અન્ય જરૂરિયાતવાળાઓને પણ ગાયો, ભૂમિ, વસ્ત્રો અને ધન વગેરે (દાનમાં) આપ્યાં અને ભગવાનના માહાત્મ્યનું તેમની આગળ ગાન કર્યું.

૫૨. હુણ્ડાસુર પણ બધી કલાઓથી યુક્ત અને તેજસ્વી બાળકને જોઈને પોતાના કાર્યની સિદ્ધિ માટે દેવી મોહિનીના શરણે ગયો.

# છઠ્ઠા અષ્ટકનો બીજો અધ્યાય

## હુણ્ડે હણવા માટે અપહરણ કરેલા બાળકનું વસિષ્ઠાશ્રમમાં રક્ષણ

૧. (હુણ્ડ મોહિની દેવીની સ્તુતિ કરે છે), "હે મહામાયા ! અમે (હું) તને -શ્રેષ્ઠ દેવીને - મનાવીએ છીએ; તને મોહિનીને (અમારા) નમસ્કાર; આજે અમારું ઈષ્ટ સિદ્ધ કરી આપ, (અમારા પર) દયા કર.

૨. આ પ્રમાણે તેનાથી જેનું સ્તવન કરાયું છે, તે કાર્યસિદ્ધિ આપનારી દેવી પ્રસન્ન થઈ; (અને) એ સમયે જ કોઈએ ધાત્રી સૂતિકાગૃહમાંથી બહાર નીકળી.

૩. તે માયાવી હુણ્ડ પણ સિદ્ધિ વડે તેના શરીરમાં પ્રવેશ કરીને પછી ભય વગર સૂતિકાગૃહમાં પહોંચી ગયો.

૪. (વિશ્વના) અધિપતિ (ભગવાન) દત્તાત્રેય પણ સમર્થ હોવા છતાં અને સ્વ-લીલાથી આ બધું જાણવા છતાં મોહિનીને બહુમાન આપવા ખાતર જ મૂંગા રહ્યા.

૫. જેના નામસ્મરણ માત્રથી કાર્યાન્વિત બનેલી માયા પણ વિલય પામે છે, તે અતિશય માયિક[1] (માયાના ઈશ) આગળ માયાવી દૈત્યનો શો હિસાબ ?

૬. થી ૭. બાળકને લઈ જવાની ઈચ્છાવાળા દાસીના અંગમાં પ્રવિષ્ટ હુણ્ડાસુરે સૂતિકાગૃહમાં જઈને આ લઘુપ્રસ્વાપિની (જેનાથી બધા જલદી ઊંઘી જાય તેવી વિદ્યા) નો વિધિપૂર્વક જપ કરવા લાગ્યો. (પ્રસ્વાપિની - જપમંત્ર), 'હે સ્વપ્નાધિકરણ દેવી ! આ બધાને જલદીથી જાણે મૃત્યુ પામ્યા હોય તેવી રીતે સૂર્યોદય સુધી ઊંઘાડી દે. અને સવારમાં પહેલાંની માફક જ જગાડજે.'

૮. આ પ્રમાણે પ્રસ્વાપિનીનો પ્રયોગ કરવાથી બધા મોહ પામ્યા અને નિદ્રાથી વિનષ્ટ જ્ઞાનવાળા તેઓ દૈત્યની ચેષ્ટાને જાણી શક્યા નહીં.

૯. પછી દેવીથી સંમોહિત થયેલા તેઓ નિદ્રામાં પડ્યા એટલે પોતાના સ્વરૂપમાં પ્રગટ થઈને દૈત્યે બાળકનું અપહરણ કર્યું.

૧૦. થી ૧૧. પક્ષીની માફક આકાશમાર્ગે જલદીથી પોતાના કાંચન નામના નગરમાં જઈને પ્રિયાને બોલાવીને બાલક સોંપીને દૈત્ય બોલ્યો, "હે પ્રિયા ! મારી આંખ સામે આ બાળકને હણીને મને સવારના નાસ્તામાં એનું લોહી સાથે માંસ રાંધીને આપ."

૧૨. તેણે કહ્યું, "હે સ્વામી ! આ તો બાળક છે; આ અવિવેકી કૃત્ય યોગ્ય નથી. શાસ્ત્રથી નિંદ્ય એવું આ કાર્ય તમે શા માટે કરો છો ?"

૧૩. થી ૧૪. રાક્ષસે કહ્યું, હે પ્રિયા ! આને દેવોએ મારો અંત લાવનાર તરીકે નિર્મ્યો છે; મેં ઘણા કષ્ટથી એને મેળવી લીધો છે. (હવે) અહીં કેવી રીતે દયા કરાય ? આ વધારે પ્રિય એવો આત્મા દુર્લભ છે અને ત્રણ પુરુષાર્થ (ની પ્રાપ્તિ) માટે એનું સંરક્ષણ કરવું જોઈએ. એનો નાશ થાય તો વિષયોના ઉપભોગરૂપી સ્વાર્થ ક્યાંથી (મેળવાય) ? તેં ગુરુ (વિરોચન) નું (આ અંગે) મંતવ્ય સાંભળ્યું નથી શું ?

૧૫. થી ૧૬. ભલે એમ કહીને તે અસુર (હુણ્ડ) ની સ્ત્રીએ નિર્દયતાથી તે બાળકને લઈને એકલા નામની સૈરન્ધ્રીને કહ્યું "આને વિચાર કર્યા વિના હણીને, ઉત્તમ રીતે પાક બનાવી, પ્રિયને (હુણ્ડને) ભોજન માટે આપ." આ પ્રમાણે કહી (તેને) બાળક સોંપી દીધું; તેણે (સૈરન્ધ્રીએ) પણ તેને (બાળકને) રસોયાના હાથમાં આપ્યું.

૧૭. 'જેનું જે રીતે મૃત્યુ નક્કી ઘડાયું હોય, તે કોઈનાથી પણ અટકાવી શકાતું નથી' આ જાણતો ન હોઈ, અનિત્ય દેહની ઈચ્છાવાળા (હુણ્ડ) ને ગુરુ (વિરોચન) ના શાસ્ત્રથી શો લાભ (થાય) ?

---

૧. ભગવાન માયા પર પ્રભુત્વ ધરાવનાર એના અધિપતિ છે તેથી ઠ્ઠ પ્રત્યય લગાડી માયિક રૂપ વાપર્યું છે. રાક્ષસ મલિન વિદ્યાથી માયાનો ઉપયોગ કરે છે તેથી તે માયિન્ છે (માલિકપણું બતાવ્યું છે)

૧૮. (સૈરન્ધ્રી પરના) વિશ્વાસે હુણ્ડની પત્ની તેને બાળક સોંપીને અન્ય કાર્યમાં વ્યાપૃત બની ગઈ; એકલી સૈરન્ધ્રી ત્યાં બેઠી.

૧૯. તાજા જન્મેલા આ દૈવી બાળકને જોઈને પણ તે નિર્દય (રસોયો) તીક્ષ્ણ હથિયારથી એને (બાળકને) કાપવા લાગ્યો, પરંતુ તે (બાળક) ન ચલાયમાન થયો કે ન બીધો.

૨૦. ફરીથી બીજીવાર પણ રસોયાએ ખૂબ બળપૂર્વક બાળક પર અસ્ત્ર ફેક્યું, પરંતુ શ્રીદત્તના (ભગવાનના) ચક્રથી રક્ષણ થતું હોવાથી, અસ્ત્ર ભાંગી ગયું. પરંતુ તે (બાળ) હણાયો નહીં !

૨૧. અસ્ત્ર (એને) લગીરે ચીરી શક્યું નહીં, અને તે બાળકને હસતો જોઈ નરાધમ સૈરન્ધ્રી અને રસોયો આશ્ચર્ય પામ્યાં.

૨૨. થી ૨૩. બાળકના ભવિષ્યના સારા નસીબયોગે તે એકલા (નામે સૈરન્ધ્રી) ક્રૂર હોવા છતાં પણ શાંત બની ગઈ અને રસોયાને કહ્યું, "હે મહામતિ ! તારે આ બાળકનો વધ કરવો જોઈએ નહીં. આ (બાળક) રત્ન જેવો (સુંદર), તેજસ્વી અને મહાપુરુષના લક્ષણ ધરાવતો અને (કોઈ) દેવથી રક્ષાયેલો છે; ક્યો અધમ અને પામર મનુષ્ય એને હણે ?"

૨૪. થી ૨૭. રસોયાએ પણ કહ્યું, "હે સૈરન્ધ્રી ! હું દૈવથી રક્ષાયેલ આને (બાળકને) હણવાનો નથી. આ સુંદર રાજાનાં ચિહ્નોથી યુક્ત દેવ જેવો તેજસ્વી બાળક છે. પશુહત્યા કરનારને પણ જેને જોઈને દયા આવે, તેને આ દુષ્ટ મનવાળો અધમ રાક્ષસ શા માટે હણે છે ? જેમનું દૈવ મંગલકારી છે તેમનું રક્ષણ (તેમનું) કર્મ જ કરે છે; અવિકારી ઈશ્વર જેમનો સખા છે, તે દેવથી રક્ષાયેલાઓને કોણ હણી શકે ? કિલ્લાઓથી, નદીના વેગથી કે (અન્ય) આપત્તિઓમાં આવી પડેલા હોય, તે પણ બચી જાય છે, અવિકારી ઈશ્વર જેમનો સખા છે, તેમને ઝેર, અગ્નિ કે આયુધોથી કોણ મારી શકે ?

૨૮. આમ કહીને બાળકના ભાવિથી પ્રેરાયેલ તેણે આયુધ ફેંકી દીધું; એકલાએ પણ કહ્યું કે આપણે આ બાળકને કોઈક (ગુપ્ત) સ્થળે લઈ જવો જોઈએ.

૨૯. હવે તે બંને કૃપાળુ બનીને તે જ સમયે તેને (બાળકને) લઈને જલદીથી વસિષ્ઠ ઋષિના દરવાજાની બહાર મૂકીને પાછાં આવતાં રહ્યાં.

૩૦. રસોયાએ એક હરણના બચ્ચાને હણીને તેનું માંસ, રાંધીને, મસાલાના સંસ્કાર આપી દૈત્યરાજને છેતરી (એને) વિશ્વાસમાં લઈ (ખાવા) આપ્યું.

૩૧. ત્યારે ખૂબ હર્ષઘેલો બની તેનું માંસ જમીને તે દુષ્ટ બુદ્ધિનો મૂર્ખ રાક્ષસ (પોતાનો) અંત લાવનાર હણાઈ ગયો એવું (સમજી), (પોતાને) કૃતકૃત્ય માનવા લાગ્યો.

૩૨. પછી નિર્મલ પ્રભાતમાં જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા વસિષ્ઠે મુનિઓના ટોળા સાથે બહાર આવીને, બારણા પાસે બાળક જોયો.

૩૩. થી ૩૬. (આ) દૈવી લક્ષણોથી સંપન્ન, પૂર્ણિમાના ચંદ્ર જેવી કાન્તિવાળા મુખવાળા, વિશાલ નેત્રવાળા, સૌમ્ય (દૃષ્ટિ ધરાવતા), રાજાનાં લક્ષણોથી સંપન્ન, જાણે તરતનો જ જન્મેલો હોય એનાં લાગતા, દેવગર્ભ જેવી આભાવાળા પવિત્ર (બાળક) ને જોઈને વિસ્મય પામી અરુન્ધતીના પતિ (શ્રી વસિષ્ઠ) બોલ્યા, "હે મુનિઓ ! અહીં આ કોઈ (રાજાના) સ્વરૂપવાન બાળકને જુઓઃ કોઈ રાત્રે એને લઈ આવીને અહીં મૂકી ગયું છે; આપણે તે જાણતા નથી કે કયી ભાગ્યશાળી (સ્ત્રી) એની જન્મદાત્રી છે ? ક્યો ભાગ્યવાન (પુરુષ) એનો જનક (પિતા) છે? જેમનું (મા-બાપનું) આવું બાલરત્ન છે તેમને મહાન તપનું ફળ (મળ્યું) છે."

૩૭. થી ૩૯. તે મુનિઓ પણ તે બાળકને જોઈને (ખૂબ) વિસ્મય પામ્યા. ત્યાર પછી ત્રણે કાલનું જ્ઞાન ધરાવતા યોગી વસિષ્ઠે ધ્યાન ધરીને કહ્યું,"ચંદ્રવંશમાં જન્મેલા આયુ (રાજા) નો પુત્ર છે, જે (રાજાએ કરેલી) શ્રીદત્તની સેવાના ફળ સ્વરૂપે જન્મેલો દીર્ઘાયુષ્યવાળો, રાજાના લક્ષણોથી સંપન્ન, શ્રીદત્તથી રક્ષણ કરાતો, સ્વર્ભાનુ (રાજા) ની પુત્રી ઈન્દુમતીના ગર્ભનું રત્ન છે એમાં (કોઈ), શંકા નથી; હુણ્ડે એને પોતાનો અંત લાવનાર માની હણ્યો (હણવાની યોજના કરી પણ) દૈવયોગે અહીં આવ્યો.

૪૦. આમ કહીને જ્ઞાનીઓમાં સર્વોત્તમ હોવા છતાં પણ વસિષ્ઠ મોહ પામ્યા ! દયાભાવથી બે હાથમાં એને ઊંચકી લઈ પોતાના આશ્રમમાં લઈ ગયા.

૪૧. વસિષ્ઠે કહ્યું, "(આ બાળક) શ્રીદત્તની કૃપાથી દેવો અને મનુષ્યોનો વિપત્તિઓમાંથી જલદી ઉગારો કરી સમ્રાટ વિજેતા બનશે."

૪૨. આ પ્રમાણે મુનિઓના અધિપતિ બોલતા હતા ત્યારે દેવોએ પુષ્પવૃષ્ટિ કરી; અપ્સરાઓનો સમૂહ નૃત્ય કરવા લાગ્યો અને ગન્ધર્વો ગાન કરવા લાગ્યા.

૪૩. થી ૪૭. તે વેળા ઋષિઓએ પણ (ખૂબ) હર્ષ પામી કુમારને આશિષ આપી (કહ્યું), "જેના એક અંશથી આ સર્વ (વિશ્વ) વ્યાપ્ત છે એવા હે અત્રિનન્દન ! આ (બાળક) ને વિપત્તિઓમાંથી મુક્ત કર, મુક્ત કર; હે હરિ ! (આ) બાળકનું પ્રાતઃકાલ, બપોરના સમયે, સાંજે, રાત્રે અને અહીં -તહીં સર્વસ્થળે સર્વ રીતે રક્ષણ કર; હે કમણ્ડલુ, સુદર્શન, ત્રિશૂલ ધારણ કરનાર (ભગવન્)! ખરાબ નજર, આંખમાં ગોરજ પડવી, ભૂત પીડા, ગૃહમાતૃદોષ કે ખરાબગ્રહો (ની અસર) નો નાશ કર, અને બધાં અરિષ્ટોને છેદી નાખ; હે વિભુ ! તારી રક્ષાથી શોભતા આ બાળકનું હંમેશા ચારે તરફથી તેમજ સૂતેલો હોય, ઊંઘતો હોય કે બેઠેલો હોય અથવા કોઈ જગ્યાએ જતો હોય ત્યારે રક્ષણ કર્યા કરજે. હે ઉભય અશ્વિનીદેવો ! આ તમારો કુમાર નીરોગી, દીર્ઘ આયુષ્યવાળો અને હંમેશાં ઓજસ અને બલથી સંપન્ન બની રહો."

૪૮. થી ૫૦. હવે વસિષ્ઠે તેના (બાળકના) વિધિ પ્રમાણે નામ-કર્મ સંસ્કાર કર્યા, (અને બોલ્યા) (બાળક) પોતાની શક્તિથી દુશ્મનનું બંધન, કરશે (દુશ્મનને પાશથી જકડશે) તેથી જગતમાં એ 'નહુષ' (નામે) ખ્યાતિ પામશે. હે રાજનુ ! નહુષ નામે દેવોથી પણ સન્માનિત (રાજનુ) ! તારું કલ્યાણ થાવ." આ પ્રમાણે બાળકના જાતકર્મ સંસ્કાર કરી વાત્સલ્યભાવથી એનું તેણે (વસિષ્ઠે) રક્ષણ કર્યું.

૫૧. (વસિષ્ઠપત્ની) સતી અરુન્ધતી પણ હંમેશા (પોતાનો) ઔરસ (પુત્ર) જેવો (માની) તે ભાગ્યશાળી બાળકનું લાલન-પાલન કરી વાત્સલ્યપ્રેમથી રક્ષણ કરવા લાગી.

૫૨. તે (બાળક) પણ અરુન્ધતી અને વસિષ્ઠને પોતાનાં મા-બાપ માનવા લાગ્યો. (અને એ બાળક પણ) (ઋષિદંપતીથી) ઉછેરાતો બાલચન્દ્રની માફક દિન-પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો.

૫૩. થી ૫૫. હવે જ્યારે એને અગિયારમું વર્ષ બેઠું ત્યારે તેને વિધિવત્ ઉપનયન સંસ્કાર આપી મુનિ (વસિષ્ઠ) આ સંસ્કાર પામેલા, (ઈન્દ્રિય) દમન કરતા બ્રહ્મચારીને શિક્ષા આપવા લાગ્યા. તેમણે (મુનિએ) તેને (બાળકને) પદ[1] અને ક્રમ સાથે, (છ) અંગ સહિત[2] અર્થ સમજૂતીપૂર્વક વેદ, બધી વિદ્યાઓ[3], કલાઓ[4] અને શાસ્ત્રો પણ અર્થસમજૂતી સાથે ભણાવ્યાં આ ઉપરાંત ખાસ કરીને વિધાનપૂર્વક (કેવી રીતે પ્રયોગ કરાતો તે Practical) ધનુર્વેદનું રહસ્ય (Theory), જ્ઞાનશાસ્ત્ર (વેદાન્ત), રાજનીતિ, ઈતિહાસ[5] અને પુરાણો[6] પણ (ભણાવ્યાં).

૫૬. વિનયી હૃદયવાળો નહુષ પણ શિષ્ય ભાવથી વિધિપૂર્વક શ્રીગુરુ (વસિષ્ઠ) ની મન, વચન કર્મથી ભક્તિભાવપૂર્વક સેવા કરવા લાગ્યો.

૫૭. આ પ્રમાણે ઈર્ષારહિત નહુષ સર્વગુણ સંપન્ન બની, શ્રીવસિષ્ઠની કૃપાથી બધી વિદ્યાઓમાં પારંગત બન્યો.

૫૮. આ રીતે શ્રીદત્ત (ભગવાન) થી રક્ષાયેલો ચંદ્રવંશમાં ઉત્પન્ન થયેલો હોવા છતાં નહુષે સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલાઓના ગુરુ (વસિષ્ઠ) પાસેથી વિધિપૂર્વક બધા સંસ્કાર તથા બધી વિદ્યાઓ સંપાદન કરી.

---

૧. વેદની આઠ વિકૃતિઃ પદ, ક્રમ, જટા, શિખા વગેરે
૨. વેદનાં છ અંગઃ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છંદ, નિરુક્ત, જ્યોતિષ,
૩. વિદ્યા ૧૪ ગણાય છે, અન્ય મત પ્રમાણે ૧૮ છે.
૪. કલા ૬૪ મનાય છે.
૫. રામાયણ અને મહાભારત ઈતિહાસ છે.
૬. પુરાણ ૧૮ છે.

# છઠ્ઠા અષ્ટકનો ત્રીજો અધ્યાય

## પુત્રના અપહરણથી દુઃખી બનેલાં ઈન્દુમતી અને રાજાનો નારદે દૂર કરેલો શોક

૧. '(અમારા) પ્રસ્તુત દુઃખ (પાપ) માંથી રક્ષણ કરો,' એવી જેઓ એકવાર પણ પ્રાર્થના કરે છે, તેમનું જે (ભગવાન) રક્ષણ કરે છે, તે હરિ મનથી સદા જોડાયેલા ભક્તની ઉપેક્ષા કેવી રીતે કરે ?

૨. હુણ્ડાસુર બાળકને ઊઠાવી ગયો અને પ્રભાત થયું (કે તરત જ) પ્રસ્તાપિની વિદ્યા (ની અસર) દૂર થતાં (અંતઃપુરના) લોકો જાગ્યા.

૩. ઈન્દુમતી ઊંઘમાંથી જાગી, (ત્યારે) ચારે બાજુ (નજર ફેરવતાં) બાળકને જોયો નહીં એટલે હા-હાકાર કરતાં કરતાં તે તન્વી[1] વિલાપ કરવા લાગી.

૪. "હે વિધિ ! ક્યો પાપી મનવાળો (નર) (મારા) દેવપુત્રના જેવા સર્વ લક્ષણોથી સંપન્ન પુત્રને ઊઠાવી ગયો ? હાય, હાય, હું શું કરું ?....

૫. પાળવા મુશ્કેલ એવા નિયમો (નું પાલન કરી), દારુણ તપ દ્વારા, ખૂબ યત્ન અને કષ્ટથી મેં એને (મેળવ્યો) હતો, તેને ક્યો દુષ્ટ મનવાળો ઉપાડી ગયો ?.....

૬. મુશ્કેલીથી સમજી શકાય એવા મહિમાવાળા શ્રીદત્ત ભગવાને (એમની) કૃપાથી આપ્યો છે અને રક્ષ્યો છે; તો પછી અહીંથી એને કોણ કઈ રીતે લઈ ગયું ? !....

૭. ઓ દીકરા ! બાળક ! ઓ ગુણોના ભંડાર એવા સુંદર બેટા ! હે આનંદ આપનાર લાલ ! તું ક્યાં છે ? તને કોણ લઈ ગયું છે ? (તે) (મને) જણાવ.....

૮. હે ચંદ્રવંશના સુંદર અલંકાર એવા રાજેન્દ્ર ! તમોગુણથી ઘેરાયેલી[2] એવી મને ધિક્કાર હજો, કારણ કે (એના લીધે) નિદ્રામાં પડેલી એવી મારા વડે તારો વિયોગ કરાયો !

૯. અરે રે ! દોહદ લક્ષણ શરૂ થયાથી માંડીને આજ સુધી જે સુખ આપ્યું તે કઈ રીતે સ્વપ્ન જેવું બની ગયું ? જે (ગર્ભ રૂપે) ભાર વહ્યો તે મિથ્યા કેવી રીતે બને ?

૧૦. રાજાનાં લક્ષણોથી દેદીપ્યમાન એવા તારા વિના લગભગ મરણ પામ્યા જેવી હું શું કરું ? ક્યાં જાઉં ? હે દિવ્ય દૃષ્ટિવાળા (બાળક) ! તું (તો) મારો પ્રાણ[3] છે.

૧૧. હે પુત્ર ! તું ક્યાં સંતાઈ ગયો છે ? મારું ધાવણ મિથ્યા વહી જાય છે. તું તો જન્મતાં બરાબર ખોવાઈ ગયો ! મેં હજુ (તને) લાડ પણ લડાવ્યાં નથી ! ....

૧૨. હાય ! હાય ! ઓ વિધિ ! મારું સદ્નસીબ શાથી નાશ પામ્યું ? જન્મતાં બરાબર બાળક અદૃશ્ય થઈ ગયો (ખોવાઈ ગયો)! આ કોની અસહ્ય માયા (ને લીધે બન્યું) ?....

---

૧. તન્વી ષોડશવર્ષીયા (સોળ વર્ષની ઉંમરની સ્ત્રી તન્વી કહેવાય) એવું સૌન્દર્ય શાસ્ત્ર કહે છે. અહીં, 'ખૂબ સુંદર યુવતી સ્ત્રી અર્થ લેવાનો.

૨. નિદ્રા, આળસ, પ્રમાદ વગેરે તમોગુણનાં પરિણામ છે.

૩. પ્રાણ શબ્દ બહુવચનમાં જ વપરાય કારણ પ્રાણ પાંચ છે પરંતુ પ્રાણો ઉપમાન તરીકે એકવચનમાં આવે 'તું મારો પ્રાણ છે માં' એક વચન

૧૩. પાપી મનવાળી એવી મારા (પૂર્વજન્મના) પાપ કર્મને આ પરિણામ ઉદય પામ્યું છે; મેં ખરેખર દુષ્ટબુદ્ધિથી (પૂર્વે) કોઈની થાપણ ખૂંચવી લીધી હોવી જોઈએ,....

૧૪. અથવા તો કોઈના બાળકને મેં હરી લીધો હોવો જોઈએ અથવા (કોઈનાં) રત્નો ચોર્યાં હશે તેથી જ મારો દૈવી પુત્ર ખોવાયો છે, એમાં કોઈ શંકા નથી,...

૧૫. અથવા પૂર્વજન્મમાં મારી આગળ ભોજન કરતા કોઈનું અન્ન મેં પડાવી લીધું હશે અથવા કોઈ મિત્રનો દ્રોહ કર્યો હશે, જેનું હમણાં આ ફળ મને મળ્યું છે,...

૧૬. જેવી રીતે પવનથી તોડી પડાયેલી કેળ (ભૂમિ પર પડે) તેમ ઘેરા શોકથી મૃતપ્રાય બની મૂર્છા પામેલી તે ભૂમિ પર પડી ગઈ.

૧૭. રાજા પણ અપ્રિય (વૃત્તાન્ત) સાંભળીને સૂતિકાગૃહમાં જઈ વાછરડાવિહોણી નિસાસા નાખતી ગાયના જેવી (પોતાની) પ્રિયાને જોઈ રહ્યો.

૧૮. થી ૨૨. તે પોતે પણ ઘેરા શોક અને ઊંડા દુઃખથી ઘેરાયેલો બની અતિશય વિહ્વલ અને દીન બની વિલાપ કરતો આ પ્રમાણે બોલવા લાગ્યો, "પ્રાણીથી ભરેલાં જલાશયોવાળાં પ્રાકારો કે મોટી ભૂંગળ સહિતના દરવાજાવાળા મહેલોને ધિક્કાર હજો ! સામર્થ્ય, મંત્રીસમૂહને પણ ધિક્કાર હજાર કારણ કશું પણ અહીં સમર્થ અને કારગત ન બની શક્યું ! અહીં ધર્મનું ફળ કે તપનું (કશું) ફળ (મળતું) નથી; સુપુત્ર ખોવાયો એથી આ સત્ય નિશ્ચયપૂર્વક માનું છું. જન્મના યોગે જ ઉત્કટ પ્રકારનું નિઃસંતાનપણું (મારા માટે) છે, એવું જાણવા છતાં મૂર્ખાઈથી મેં તપ આદર્યું; મને એનાથી અત્યારે શો લાભ થયો ? શ્રી દત્તાત્રેયની કૃપાનું ફળ અવિનાશી હોય છે એવું મે સાંભળ્યું છે; (તેનાથી) મેં સદ્‌ગુણી પુત્ર પણ પ્રાપ્ત કર્યો; તેમાં આ વિઘ્ન કેવી રીતે આવ્યું ?

૨૩. "હે હરિ ! પુત્ર (પિતાનો) આત્મા[1] જ ગણાય છે; તે નાશ પામતાં દુઃખી એવો હું (જાણે કે) નાશ પામ્યો છું; તેથી હે દીનવત્સલ શ્રીદત્ત (ભગવન્) ! (જેનો કોઈ બીજો આશ્રય નથી એવા) અને ખૂબ દુઃખી એવા મારું રક્ષણ કરો."

૨૪. આ પ્રમાણે આત્મતત્ત્વનું જેમને જ્ઞાન નથી એવાં તે બંને (રાજારાણી) ગૌણ એવા મનના શોક લીધે ચિંતાથી વ્યાકુલ મનવાળાં બની ખૂબ ખિન્ન થઈને (ભગવાન) દત્તમાં મન પરોવી રહ્યાં.

૨૫. જે દુઃખી (આર્ત), પ્રયોજનવાળા[2] કે અન્ય હોય પણ તે જો આ ઈશ્વર (શ્રીદત્ત) માં અનુરાગવાળો (બન્યો) હોય તો તે પોતે (કદી) નાશ પામતો નથી,[3] કારણ કે ભગવાન તેના ઉદ્ધારક બને જ છે.

૨૬. પૂર્વ (જન્મ)માં કર્મોની દૃઢ વાસનાઓને લીધે મૂળસ્વરૂપથી ચ્યુત થયેલો હોવા છતાં પોતાનામાં (ઈશ્વરમાં) ચિત્ત પરોવ્યું હોય એવાનો જલદીથી ભગવાન એ (ચ્યુત થયેલી અવસ્થા) માંથી ઉદ્ધાર કરે છે.

૨૭. ભક્તિનો આવો (મહાન) પ્રભાવ છે કે ભક્ત કદી નાશ પામતો (જ) નથી. પહેલાં દુષ્ટ આચરણવાળો હોય છતાં ભક્તિથી શુદ્ધ થયેલો તે (મનની) શાંતિ પામે છે.

૨૮. (અહીં) રાજા પણ (પુત્રરૂપ) વસ્તુ (અર્થ) ની ઈચ્છાવાળો હોઈ (અર્થી) પોતાના (પુત્રરૂપ) અર્થની પ્રાપ્તિવાળો બન્યો, (પણ) દૈવયોગે (પુત્રનાશથી) આર્ત થયો; હવે તેની ભક્તિ વૃદ્ધિ પામતાં તેને ઊંચે લઈ જવા (ઉદ્ધર્તું) ભગવાને નારદને પ્રેરણા કરી.

૨૯. વીણા વગાડતા અને હરિનું ગાન કરતા નારદજીની તેમની સામે જઈ પૂજા કરી અને (પોતાનું) દુઃખ નિવેદન કર્યું.

---

૧. आत्मा वै पुत्रनामाऽसि । શ્રુતિવચન છે.

૨. चतुर्विधा भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥ भ.गी. ७.१६
અર્થી, આર્ત, જિજ્ઞાસુ, અને જ્ઞાની એવા ચાર પ્રકારના ભક્તોનો ઉલ્લેખ ગીતામાં છે.

૩. ગીતાવચનઃ न मे भक्तः प्रणश्यति ।

૩૦. નારદે [1]પણ હસીને કહ્યું, "હે રાજન્ ! જેના એકવાર સ્મરણ માત્રથી તરત જ બધાં દુઃખોનો અંત આવે છે; (તો પછી) તું તેનો (ભગવાનનો) દાસ હોવા છતાં વિપરીત કેવી રીતે (બને) ?

૩૧ જે નિર્ગુણ હોવા છતાં ભક્તોના રક્ષણ કાજે અત્રિના પુત્ર બન્યા તે ઈશ્વરની સો વર્ષ સુધી ભક્તિ કરવા છતાં હે રાજન્ ! તું શોકનો અંત પામી શક્યો નહીં !!

૩૨. તારે આ નાશવંત પુત્ર, ગૃહ કે શરીરની શી જરૂર ? દત્ત દર્શનીય[2] સુખપ્રદ[3] અને (તારા) હૃદયમાં બિરાજમાન છે, તેને શરણે જા.

૩૩. તું જેનો શોક કરે છે, તેને તો હણવા માટે હુણ્ડ (રાક્ષસ) લઈ ગયો, પરંતુ નસીબયોગે તે કોઈ એક શ્રેષ્ઠ મુનિના આશ્રમમાં સુરક્ષિતપણે રહેલો છે.

૩૪. શત્રુનો નાશ કરનારો તે વિદ્વાન (બની) અસુરને હણીને, પત્ની સાથે જલદીથી અહીં આવી પહોંચી, રાજ્ય ભોગવી, મર્ત્ય હોવા છતાં ઈન્દ્રનું પદ પણ ભોગવશે.

૩૫. થી ૩૬. આમ કહીને નારદજી સ્વર્ગમાં ગયા; રાજા પણ ખૂબ હર્ષ પામ્યો, (અને) સૂતિકાગૃહમાં જઈ, જે નારદે કહ્યું હતું તે બધું આનંદથી પત્નીને જણાવ્યું, "હે પ્રિયા, દેવર્ષિની વાણી સત્ય (જ) છે; ભગવાન (દત્ત) નું વરદાન પણ સત્ય (જ) છે; નહીં તો આવું ન થાય; માટે શરીરને સૂકવી નાખનાર આ શોકનો ત્યાગ કર."

૩૭. થી ૪૧. ઈન્દુમતીએ પણ આ મરેલાને જીવતો કરે એવું સાંભળી, દત્તનું સ્મરણ કરી, ભક્તિથી વૃદ્ધિગત થયેલ પ્રીતિથી બંધાયેલી તે (શ્રીદત્તને) નમન કરી સ્તુતિ કરવા લાગી, "તું પરમ પુરુષ[4] છે, જગતનું નિર્માણ કરનાર છે, તું અધોક્ષજ સર્વવ્યાપી પરાત્મા છે; સ્વયં કારણસહિત હોવા છતાં પ્રધાન, અહંકારથી જોડાયેલ સંસારનું કારણ છે.[5] શુદ્ધ (માયાથી અલિપ્ત) સત્ ચિત્ આનન્દ સ્વરૂપ, ત્રણ ગુણના અધિપતિ, ધીર અને કેવલ[6] છે છતાં અહીંયાં પોતાની ભક્તિની વૃદ્ધિ માટે માયાથી અત્રિનંદન તરીકે જન્મ ધારણ કર્યો છે. જે નિષ્કામ ભક્તોને આનંદ આપનાર અને સ્મરણ કરતાં જ જલદીથી ભવસાગરમાંથી ઉદ્ધાર કરનાર છે; જે સકામ ભક્તિ કરનારને પ્રણામ કરતાં બરાબર અભીષ્ટ આપનાર છે એવા હે શ્રીદત્ત ! દુઃખને હણનાર શરણ્ય એવા તને હું ભજું છું. જેણે તે દૈવી પુત્ર આપ્યો છે, તે (શ્રીદત્ત) હંમેશાં ચોપાસથી (મારું) રક્ષણ કરો તે (અખિલ) વિશ્વના આત્મા ભગવાન અનન્યભાવે (શરણે) આવેલી મારી સદ્ગતિ બની રહો."

૪૨. થી ૪૩. આયુ રાજાએ પણ (સ્તુતિ કરતાં) કહ્યું, "હે (જગતના) ઈશ ! હે પુરુષો (જીવાત્માઓ) ના અધ્યક્ષ ! હે સદ્ગુરુ ! હે જગન્નાથ દત્તાત્રેય ! (આ) સંસારરૂપી સંકટમાંથી મને ઉગારો; હે અજન્મા (ભગવન્) ! જે બધાં જ સુખોનું મૂળધામ છે, જે પ્રાણીઓ માટે દુર્લભ છે, જે નિત્ય છે ત્યાં તારા પદ (ધામ-સ્વરૂપ) વિશે મને લઈ જા, હું બીજા કશાની ઈચ્છા કરતો નથી.

૪૪. તે પતિ-પત્ની દરરોજ આ પ્રમાણે સ્તુતિ કરતાં, ભગવાનના માહાત્મ્યનું સ્મરણ કરતાં કરતાં અને શોક-ચિન્તા છોડી દઈ સુખપૂર્વક રહેવા લાગ્યાં.

---

૧ શ્લોક ૨૫ ની નોંધમાં બતાવ્યા પ્રમાણે અર્થી, આર્ત, જિજ્ઞાસુ અને જ્ઞાનીના ક્રમ પ્રમાણે રાજા પહેલાં અર્થી હતો, પછી આર્ત બન્યો, હવે એને જિજ્ઞાસુ બનાવવા ભગવાને નારદજીને મોકલ્યા છે.

૨. પરમાત્મા परानन्द સ્વરૂપ છે તેથી લોક છેઃ लोक्यते परप्रेमास्पदत्वेन इति लोकः।

૩. પરમાત્મા સુખપ્રદ છે : सुखयति इति सुखः ।

૪. पुरि शेते इति । આનો અર્થ 'જીવાત્મા' એવો નથી કરવાનો તેથી परः (पुरुषः) શબ્દ મૂકયો છે.

૫. ભગવાન (પુરુષ) સંસાર અને જગતનું કારણ છે. આ સંસારઃ પ્રધાન - અહંકારથી જોડાયેલ છે એ ઉલ્લેખ સાંખ્યવાદનું ખંડન કરે છે.

૬. જગતનું કારણ હોવા છતાં જગતથી અલિપ્ત

૪૫. વસિષ્ઠે પણ એક વેળા નહુષને (પાસે) બોલાવી તેને કહ્યું, " તું ક્ષત્રિય છે, જંગલમાં (જઈ) હિંસક પ્રાણીઓને હણવા માટે શિકાર કર.

૪૬. થી ૪૮. આ સાંભળી તે ધનુષ્ય અને બાણ લઈ વનમાં ગયો અને ગુરુએ કહ્યા પ્રમાણે આચરી, આકાશવાણી સાંભળી રહ્યો, (જે આ પ્રમાણે હતી), "આ ઈન્દુમતીનો આત્મજ આયુપુત્ર નહુષ છે; જે દૈવયોગે માતાથી વિખૂટો પડેલો છે (અને) વસિષ્ઠે એનું સંપૂર્ણ પાલન કર્યું છે; એનાં માતા-પિતા (આ કારણે) ખૂબ દુ:ખી થયાં છે; હુણ્ડાસુરની જેલમાં પુરાયેલી શિવ (નામના ગન્ધર્વની) પુત્રી અશોકસુન્દરીએ એની સાથે લગ્ન કરવા તપ આદર્યું છે."

૪૯. થી ૫૦. આ પ્રમાણે સાંભળીને આશ્ચર્ય પામતા તેણે (નહુષે) ગુરુની પાસે જઈ; પ્રણામ કરી આ (બધું) કહ્યું. વસિષ્ઠે પણ આરંભથી માંડીને તે બધું જણાવીને તેને કહ્યું, 'હે વીર ! હે આયુષ્મન્ ! મહાબાહુ ! ધનુર્વિદ્યામાં નિપુણ ! હે દત્તાત્રેયથી સંપૂર્ણ રક્ષિત! તું (જલદી) જઈને (હવે) હુણ્ડાસુરનો વધ કર.

# છઠ્ઠા અષ્ટકનો ચોથો અધ્યાય
# નહુષે કરેલો હુંડાસુરનો વધ અને અશોકસુન્દરી સાથે કરેલાં લગ્ન

૧. થી ૨. 'તારા શિષ્ય એવા અમારું રક્ષણ કર'- એમ (કહી) ચરણમાં પડેલા (પગે પડેલા) નહુષને ઊઠાડી, આલિંગન આપી, (એનું) મસ્તક સૂંઘી મુનિએ કહ્યું, "બ્રાહ્મણો, પિતૃઓ, દેવો, સ્વર્ગ અને પૃથ્વી, અને સૂર્યનારાયણ (તારું) અનિષ્ટમાંથી રક્ષણ કરો; શત્રુના શાપ આદિ દુષ્ટ વાણીનો (તારા પર) કોઈ પ્રભાવ પડે નહીં અને (તું) બધી રીતે વિજયી બન."

૩. થી ૬. આ પ્રમાણે (કહી, મુનિએ) તેને વિદાય આપી; (મુનિના) આશીર્વાદ મેળવી, તે ગુરુ (વસિષ્ઠ) ને ભક્તિભાવથી પ્રણામ કરી (ભગવાન) શ્રીદત્તનું સ્મરણ કરી તે નહુષે પણ કહ્યું, "જેણે ગર્ભાધાનથી માંડી આજ દિન સુધી સ્નેહપૂર્વક મારું રક્ષણ કર્યું છે, તે અત્રિને આનંદ આપવાવાળા (શ્રીદત્ત ભગવાન) મને યુદ્ધમાં વિજય અપાવીને મારું રક્ષણ કરો. મારો માર્ગ સુખપૂર્વક ગમન કરી શકાય એવો અને [1]અન્નપૂર્ણ બનો; દેવતાઓ મારું રક્ષણ કરો; વિજયમાં ભાગ્યશાળી બનું અને મારું પાછા આવવાનું સુખદાયક બની રહે. યુદ્ધ કરનારાઓ અર્થપૂર્વક (વિજય માટે) જેનું આવાહન કરે છે તે તું (ઈન્દ્ર) આવ, કારણકે હે મઘવા ! હું ભય પામું છું, મને અભય આપ."

૭. આ પ્રમાણે બોલીને, હુણ્ડાસુરને હણવા માટે તેણે (જ્યારે) પ્રસ્થાન કર્યું, ત્યારે દેવોએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી અને દુન્દુભિ વગાડયાં.

૮. થી ૯. શુભ (શુકન) સૂચવતાં મૃગો આ રાજાની જમણી બાજુથી જવા લાગ્યાં, એને (નહુષને) રથ વિનાનો જોઈને ઈન્દ્રે પણ (પોતાના) સારથિને બોલાવીને કહ્યું, "હે માતલિ ! ઘોડાઓ અને (અન્ય) ઉપસ્કર સહિત રથ લઈને નહુષને યુદ્ધમાં મદદ કરવા તું જલદી પૃથ્વી પર જા."

૧૦. થી ૧૧. આ પ્રમાણે આજ્ઞા પામેલો (માતલિ) હરિ-અશ્વો અને આયુધોથી સંપન્ન રથ લઈને નહુષ પાસે પહોંચી ગયો અને તેને કહ્યું, "મને દેવેન્દ્રે મોકલ્યો છે. બખ્તર, બાણ, ધનુષ્ય અને (અન્ય) અસ્ત્રોવાળા, છત્ર, મુકુટ અને ધ્વજવાળા, હરિત ઘોડાઓવાળા દિવ્ય રથમાં બેસી હુણ્ડાસુરને હણી નાખ."

૧૨. તે સાંભળી પ્રસન્ન થઈ, [2]પાયુક્ત મંત્રોથી સંપન્ન બની, રથને નમન કરી, તેના પર ચઢ્યો અને તે મહાન અસુરને હણવા આગળ વધ્યો.

૧૩. મુકુટ અને કવચ પહેરેલો, છત્રવાળો, ધનુષ્ય ધારણ કરેલો, સારથિથી યુક્ત રથવાળો અને શ્રીદત્તથી રક્ષાયેલો નહુષ, આકાશમાં સૂર્યની જેમ શોભવા લાગ્યો.

૧૪. થી ૧૫. એ સમયે નહુષના આગમન વિશે જાણીને અશોકસુન્દરીથી પ્રેરાયેલી રંભા નહુષની પાસે આવીને દીન બની કહેવા લાગી, "હે તપસ્વી ! અશોકસુંદરીથી મોકલાયેલી હું આવી છું; હુંડને હણ્યા પછી(એનાથી) લાંબા સમયથી કેદ કરાયેલી તે સાથે તારે લગ્ન કરવાં યોગ્ય છે."

૧૬. રાજાએ કહ્યું, "તું જા; મેં પહેલેથી બધું જાણ્યું છે; હુણ્ડાસુર હણાશે એટલે મને દેવીનું દર્શન થશે."

૧૭. આ પ્રમાણે (તેને) કહેવાતાં તે ગઈ અને નહુષ પણ અસુરના સ્થાન તરફ ગયો; તે સમયે (એને) સહાય કરવા ઈન્દ્રના સૈનિક આવી પહોંચ્યા.

---

૧. સરળતાથી અન્ન મળે તેવો. ૨. જીમૂતસ્યેવ ભવતિ વ. થી શરૂ થતા મંત્રો

૧૮. થી ૧૯. સિદ્ધો, કિન્નરો, ગન્ધર્વો, યક્ષો, વિદ્યાધરો, સર્પો (બધાએ) એ કિલકિલાટ અવાજ ઉત્પન્ન કર્યો (જેથી) એ સાંભળીને બીધેલો અસુર કહેવા લાગ્યો, "હે દૂત ! તું જા અને જો) આ કોણ આવ્યો છે ? દુશ્મન ક્યાંથી (આવી ચઢ્યો) ? એનું કેટલું સૈન્ય છે? આ જાણીને જલદી પાછો આવ, જેથી પ્રયત્નપૂર્વક એનો સામનો કરવાનું ગોઠવી શકાય."

૨૦. દૂતે જઈને પ્રયત્નપૂર્વક તપાસ કરી પછી (પાછો) આવ્યો અને કહ્યું, "આયુનો પુત્ર નહુષ આવ્યો છે, જે બળવાન છે, અજેય છે અને ઈન્દ્રના રથમાં બિરાજે છે."

૨૧. આ સાંભળીને (પેલો) અસુર (હુણ્ડ) ગુસ્સે થઈને પત્નીને, દાસીને અને રસોયાને વારંવાર પૂછવા લાગ્યો, "(પેલા) બાળકને હણી નાખ્યો હતો કે નહીં, તે કહો."

૨૨. તેમણે કહ્યું, "(એને) હણી નાખ્યો હતો; તમે (એનુ માંસ) ભક્ષણ (પણ) કર્યું છે; આ સત્ય છે. અસુરે કહ્યું, "તો પછી (આ) મારું નસીબ પ્રતિકૂળ કેમ (બન્યું) ? હવે હું શું કરું ?

૨૩. થી ૨૪. આમ કહીને, ઉગ્ર શાસન કરનારા એણે (હુણ્ડે) બધા દૈત્યોને બોલાવીને કહ્યું, "નિઃશંક રીતે બધાએ મારી સાથે યુદ્ધમાં જલદી આવવાનું છે; જે બીકણ (દૈત્યો) આવશે નહીં, તેમને અહીં અર્ધી ક્ષણમાં હું હણી નાખીશ. આ રીતે અસુરોને આદેશ આપી યુદ્ધ કરવા સજ્જ બની, તેમની સાથે તે નીકળી પડ્યો.

૨૫. રથમાં બેઠેલા હુણ્ડે આવીને દુશ્મન એવા કકુત્સ્થવંશના બળવાન સહન ન કરી શકાય એવા ઉગ્ર સૂર્ય જેવા નહુષને ઈન્દ્રના રથમાં બેઠેલો જોયો હતો.

૨૬. સેનાપતિએ (દૈત્યોને) પ્રેરવા માંડ્યા; તે (દૈત્યો) પણ દેવોની સાથે ત્રિશૂલ, પરશુ, ભાલો, તલવાર, બાણ (વગેરે) વડે ખૂબ યુદ્ધ કરવા લાગ્યા.

૨૭. (એમાંના કેટલાક) મહારથી (હતા)[1] જેઓ મોટા બાણાવળી હતા; હાથીપર બેઠેલા એ રાક્ષસો સતત બાણોની વર્ષાથી દેવોનો સામનો કરી પીડવા લાગ્યા.

૨૮. દેવોને (ખૂબ) પીડા પામતા જોઈ નહુષે ઈન્દ્રે આપેલા ધનુષ્ય પર પણછ ચઢાવી, એના 'જ્યા' ટંકારથી દુશ્મનોને મૂર્છિત કરી, ભ્રાન્ત બનાવી. બળથી લડવા લાગ્યો.

૨૯. તે (નહુષ) જેમ વાદળ પાણીની વર્ષા કરે તેવી રીતે બાણોનો સમૂહ તેમના પર છોડવા લાગ્યો અને તેઓ (દૈત્યો) બળવાન હોવા છતાં નહુષનાં તીક્ષ્ણ બાણોથી વીંધાતાં (સામનો કરવા) સમર્થ થયા નહીં.

૩૦. આ ભયંકર યુદ્ધમાં ન દિવસ પ્રકાશમાન લાગતો કે ન રાત્રિ; કેવળ એક જ વીર નહુષ યુદ્ધમાં દુશ્મનો સાથે યુદ્ધ કરતો (પ્રકાશતો) હતો.

૩૧. કેટલાકનાં (ધનુષ્યો) તોડી નાખ્યાં, (તો) કેટલાકના ઘોડાઓ અને સારથિઓ સાથે (તેમના) રથ ભાંગી નાખ્યા, કેટલાકના હાથ કાપ્યા (તો) (અન્ય કેટલાકના) મસ્તક (કાપી) જમીન પર પાડ્યાં.

૩૨. કેટલાક દૈત્યોના (શરીરના) બે ભાગ કરી નાખ્યા, (તો) કેટલાકને (શરીરના) મધ્યમાંથી ચીરી નાખ્યા; કેટલાક મૃત્યુ પામી પડ્યા (તો) અન્ય કેટલાક ડરી જઈને રણ છોડી ગયા.

૩૩. હાથીઓ વીંધાયા, ઘોડાઓ મરાયા, રથ ભાંગી ગયા; રાક્ષસોના માંસરૂપી કાદવવાળી લોહીની નદીઓ વહેવા લાગી.

૩૪. (આમ) હુણ્ડના લશ્કરમાં મહાન હાહાકાર મચી ગયો; ત્યારે દેવો ને મુનિઓ નહુષને કહેવા લાગ્યા, "હે રાજન્ ! તારું કલ્યાણ થાવ, તારો વિજય થાવ."

---

૧. એકલો દસહજાર ધનુર્ધારી યોદ્ધાઓ સાથે યુદ્ધ કરે અને સમગ્ર શસ્ત્રાસ્ત્રશાસ્ત્રમાં પ્રવીણ હોય તે મહારથી કહેવાય છે.

૩૫. થી ૩૭. સૈન્યને ક્ષીણ થતું અને શત્રુને વિજયી બનતો અને (તેથી) પ્રકાશતો જોઈ હુણ્ડ ગુસ્સે ભરાઈ નહુષની સામે આવી ભયંકર વાણીમાં કહેવા લાગ્યો, " હે મર્ત્ય બાળક ! ગર્જના કરવી રહેવા દે; હું પ્રતાપી હુણ્ડ અહીં (ઊભો) છું; તું પાછળથી (હવે પછી) દેવોની સાથે મારી પાસે જીવતો આવીશ (દૈત્યો તને જીવતો મારી પાસે લાવશે). હું બળવાન શાસક છું; અસહ્ય એવા મને તું શું ઓળખતો નથી ? જો તારે જીવવાની ઈચ્છા હોય તો શસ્ત્રો હેઠાં મૂકી મારે શરણે આવ."

૩૮. થી ૪૦. રાજાએ જવાબ આપ્યો, "ચંદ્રવંશના કોઈનું પણ આવું (બીજાને શરણે જવાનું) આચરણ કદી પણ (બન્યું) નથી; જો તું બળવાન હોય તો યુદ્ધ કર; બહુ બબડવાની શી જરૂર છે ? હું યુદ્ધમાં ધીરતાપૂર્વક સ્થિર રહેલો છું; તું જાણી લે કે હું તને હણવા આવ્યો છું (કારણ કે) તેં મારી માને પ્રસૂતિ અવસ્થામાં ખૂબ પીડા આપી છે; મને હણવાને તૈયાર થયેલો હોવા છતાં હું તારો પ્રાણ લેનારો છું; હું શ્રીદત્તાત્રેયથી રક્ષાયેલો છું; ક્યો મૂર્ખ માણસ મારી સાથે ઘર્ષણ કરી શકે તેમ છે ? "

૪૧. થી ૪૨. આમ કહીને (પોતાના) કઠણ ધનુષ્યને કાન સુધી ખેંચીને વેગીલાં બાણ ચઢાવીને, દૈત્ય (હુણ્ડ) ની ચેષ્ટા બતાવતાં માતાલિને કહેવા લાગ્યો, હે માતલિ ! આ માયાવી (હુણ્ડ) પોતાની માયાથી ભટકી રહ્યો છે; તેને લક્ષમાં રાખી તું જલદીથી રથને હાંકી જા; હું આજે તેનો વધ કરીશ."

૪૩. આમ કહેવાતાં તે માતલિએ તેની સામે જ રથને લાવી મૂક્યો; (ત્યારે) હુણ્ડે પણ સામે ન થઈ શકાય (સામું જોઈ ન શકાય) તેવા સૂર્ય જેવા નહુષને જોયો.

૪૪. આ પ્રમાણે પરાક્રમ દાખવતા, એક બીજાને જીતવાની ઈચ્છાવાળા તે બંનેનું એક બીજાના કૃત્યનો સામનો કરતું દેવો અને ઋષિઓને આશ્ચર્ય પમાડતું યુદ્ધ થયું.

૪૫. હુણ્ડે શક્તિ, બે ધારી તલવાર ઋષ્ટિ, તોમર, તલવાર, બાણ, ગદા, ત્રિશૂલ, પરશુ વગેરે આયુધોથી દિવ્ય[૧] અસ્ત્રમંત્રથી નહુષને ઘણા ઘા ર્ક્યા.

૪૬. એક જ વાક્યથી અનેક વાક્યોનું (ખંડન કરે), તેવી રીતે, નહુષે પણ એક જ બાણથી (હુણ્ડના) બધાં જ (આયુધો) સહજતાથી છેદી નાખ્યાં.

૪૭. નહુષના છોડાયેલા બાણથી કપાયેલો અને ભેદાયેલો તે મહાન દૈત્ય (હુણ્ડ) પલાશના પાદડાંના રંગ જેવો (લાલ) શોભવા લાગ્યો, ચલાયમાન થયો અને મોહ પામ્યો.

૪૮. તેમ છતાં ધૈર્ય જાળવી રાખી, તે ભયંકર (દૈત્યે) તે રાજાને બાણોથી ઢાંકી દઈ, તેને હણવાની ઈચ્છાથી (પોતાની) માયાને વિસ્તારી ને મોટા અવાજે વારંવાર ગર્જના કરવા લાગ્યો.

૪૯. નહુષને (બાણોથી) ઢંકાયેલો અને દૈત્યને (હુણ્ડને) ગર્જના કરતો જોઈને ઈન્દ્ર જેમનો અગ્રેસર છે, તેવા દેવો અને મુનિઓ શોકમાં પડી ગયા.

૫૦. દેવો વગેરેને શોકમાં ડૂબેલા જોઈ, આ મોટી ભુજાઓવાળો પ્રતાપી (નહુષ) દૈત્યની માયાને દૂર કરી, ખૂબ બળપૂર્વક યુદ્ધ કરવા લાગ્યો.

૫૧. ધનુષ્ય, ઘોડાઓ સહિત રથને ઝડપથી ભાંગી નાખી હુણ્ડના સારથિને (પણ) હણીને, નહુષે પોતાના હાથનું ચાપલ્ય તેને (હુંડને) બતાવી દીધું !

૫૨. તેણે (હુણ્ડે) પણ બીજા રથમાં બેસીને, તીક્ષ્ણ શક્તિ[૧] ને છોડી; નહુષે બાણથી (બાણ છોડી) તેના ટૂકડા કરી નાખી તેનો નાશ ર્ક્યો.

૫૩. થી ૫૪. ગુરુ (વસિષ્ઠે) ને પ્રણામ કરી, વિજય માટે અત્રિને આનંદ આપનાર (શ્રીદત્ત) નું સ્મરણ કરી કાન સુધી ધનુષ્યની પણછ ખેંચી તેણે એકી વખતે બે બાણનું સંધાન ર્ક્યું (પછી) તેણે તીક્ષ્ણ, અર્ધચન્દ્ર જેવી કાંતિવાળાં બન્ને બાણ તેના બંને હાથ તરફ છોડ્યાં, જેના વડે તેના બંને હાથ લોહીવાળા થઈ કપાઈ ગયા અને તાડની માફક ભૂમિ પર પડ્યા.

૧. હાથમાંથી છોડી દુશ્મનને ઘા કરાય તે અસ્ત્ર કહેવાય જેમ કે બાણ; હાથમાં રાખીને ઘા કરાય તે શસ્ત્ર, જેમકે તલવાર

૫૫. છૂટેલા વજ્રના જેવી ભયંકર મોટી ગર્જના કરતો, લોહીથી ખરડાયેલા શરીરવાળો હુંડ મોં ફાડીને રાજાને (નહુષને) ખાઈ જવા ધાસી ગયો.

૫૬. ફરીથી બીજાં બે બાણ ધનુષ્ય પર ચઢાવીને તેણે (નહુષે) ક્રોધ કરી તેના બંને પગ કાપી નાખ્યા; છતાં પણ ઊર્ધ્વ મુખવાળા સાપની માફક અટકાવી શકાય નહીં એવો (તે) તે હુંડ રાજાની સામે ગયો.

૫૭. (પછી) તેણે (નહુષે) ઈન્દ્રની શક્તિ તેના તરફ ફેંકી તેના વડે કપાયેલો તે મરણ પામ્યો; તેના હણાવાથી ત્રાસ પામેલા બાકીના દૈત્યો રસાતલમાં નાસી ગયા.

૫૮. પછી (નહુષને) પુષ્પોથી વધાવતા બધા દેવો શત્રુ હણાવાથી ખૂબ હર્ષ પામી તેનાથી (નહુષથી) આદેશ મેળવી પહેલાંની માફક પોતાના બધા અધિકાર ભોગવવા લાગ્યા.

૫૯. (હવે) અશોકસુન્દરી રંભાની સાથે તે વિજયી પાસે જઈને તેને કહેવા લાગી, "હું તારી ધર્મપત્ની છું, મારી સાથે લગ્ન કર."

૬૦. તેણે (નહુષે) જવાબ આપ્યો, "જો ગુરુને પસંદ હશે તો હું આગળ ઉપર તને પરણીશ." તેણે કહ્યું 'ભલે'. તેના રથમાં તે અને રંભા આનંદથી બેસી ગયાં."

૬૧. ગુરુની પાસે જઈ, (એમને) પ્રણામ કરી નહુષે સર્વ હકીકત (ગુરુને) જણાવી; પ્રસન્ન થયેલા વસિષ્ઠે પણ શુભ મુહૂર્તમાં તે બંનેનાં લગ્ન કરાવ્યાં.

૬૨. (પછી) માતા-પિતાને મળવા માટે મુનિએ તે બંનેને વિદાય કર્યાં; તે (નહુષ) ગુરુને પ્રણામ કરી, સૂર્યની જેમ (પોતાની) સ્ત્રી (અશોક સુંદરી) સાથે રથમાં બેઠો.

૬૩. (પછી) મા-બાપની પાસે જઈ, તેમને સાંત્વન આપી (તેમનો) શોક દૂર કર્યો; (અને) રથ સાથે માતલિને અને રંભાને સ્વર્ગમાં જવા પ્રેર્યાં.

૬૪. આયુ અને ઈન્દુમતી ભગવાન (શ્રીદત્ત) નું વરદાન અને ગુરુનું વચન સાંભળી અને રતિ અને કામદેવ જેવાં પુત્રવધૂ અને પુત્રને જોઈ ખૂબ આનંદ પામ્યાં.

૬૫. તે (નહુષ) સમ્રાટે (રાજા) પિતાથી (રાજ્ય પર) અભિષેક કરાયા પછી પિતૃદત્ત રાજ્યનું શાસન કર્યું અને પછી તે જ (માનવ) શરીરથી લાંબા વખત સુધી ઈન્દ્રનું પદ ભોગવ્યું.

૬૬. વાનપ્રસ્થવિધિ પ્રમાણે આયુએ રાણી સાથે વનમાં રહી,અત્રિપુત્ર (દત્ત) નું ધ્યાન ધરતાં-ધરતાં અવિનાશી સાયુજ્ય મુક્તિ મેળવી.

૬૭. આ રીતે અર્ચાર્થી (ભક્ત) બની શ્રીદત્તને ભજતાં તે રાજા ક્રમમુક્તિને પામ્યો; તે (શ્રીદત્ત) ની ભક્તિનો મહિમા આવો છે કે કોઈ પણ ભક્ત નાશ પામતો નથી.

૬૮. માટે ગમે તે કોઈ કામનાપૂર્વક પણ અનન્ય ભક્તિથી ભગવાનને ભજે તેના (બધા) મલ (દોષ) ભક્તિથી જ અહીં (આ લોકમાં) નાશ પામે છે અને એ ક્રમમુક્તિ મેળવે છે.

# છઠ્ઠા અષ્ટકનો પાંચમો અધ્યાય
# (શ્રીદત્ત) ચોવીસ ગુરુઓ પાસેથી મેળવેલા જ્ઞાનનું યદુને દાન (કરવું) અને કૃષ્ણાવતારનું વર્ણન

૧. હે જગદ્ગુરો[1] (શ્રીદત્ત) ! તારા ચરિત્રથી આરંભી, સર્વ જનોનાં મનને આકર્ષનારાં, ધર્મપ્રેરક, યશદાયક અને આયુષ્ય વધારનારાં ત્રણ ચરિત્રો મેં કહ્યાં.

૨. ચંદ્રવંશમાં જન્મેલો યદુ નામે મહામતિ રાજા હતો, જે ધર્મનિષ્ઠ, નીતિવાળો, પ્રવીણ અને શ્રીદત્તની સેવામાં પરાયમ રહેતો હતો.

૩. તેણે ઘણાં વર્ષો સુધી રાજ્યનું શાસન કર્યું. કોઈ એક વેળા પૃથ્વી પર પરિભ્રમણ કરતાં સદ્બુદ્ધિવાળા તેણે નિર્ભય, મેધાવી, ઋષિ એવા (શ્રીદત્ત) અવધૂતને દીઠા.

૪. થી ૫. તેમને (શ્રીદત્તને) પ્રણામ કરી તેણે પૂછ્યું," મનુષ્ય ઘણુંખરું લક્ષ્મી, આયુષ્ય, કીર્તિ અને સમૃદ્ધિના પ્રયોજનવાળો બની, પુરુષાર્થ (ધર્મ-અર્થ-કામ) ની ઈચ્છા સેવે છે; તું તો (તે માટે) સમર્થ હોવા છતાં, શા માટે (ઈચ્છા કરતો નથી)? સામાન્ય માણસ તો ઈચ્છાઓ રૂપી અગ્નિથી દાઝે છે, જ્યારે તું (લગીરે) તપતો નથી. તું નિષ્કામ (અને) કર્તૃત્વરહિત શાથી છે ? હે પ્રભુ ! જો (તમને) યોગ્ય લાગે તો (આનું કારણ) જણાવો.

૬. આ પ્રમાણે યદુથી કહેવાતાં, તે (શ્રીદત્ત) પ્રભુએ મનુષ્યોના કલ્યાણ માટે (યદુને) પરમ તત્ત્વનો બોધ આપ્યો, જેનું જ્ઞાન (તેમણે) પોતાની બુદ્ધિથી આશ્રિત કરેલા ગુરુઓ પાસેથી મેળવ્યું હતું.

૭. થી ૮. (શ્રીદત્તે કહ્યું), "હે રાજન્ ! તું મારો સેવક છે, તેથી મનને એકાગ્ર કરીને સાંભળ; મારી બુદ્ધિથી જેમનો આશ્રય લીધો છે, એવા મારા ચોવીસ (૨૪) ગુરુઓ છે, જેમના શિક્ષણથી હું આવો મહાન (ભૂમા) બની (અન્ય સર્વનો) સંગ ત્યજી દઈ, પૃથ્વી પર વિચરણ કરું છું; હું જેમની-જેમની પાસેથી શીઘ્ર મુક્તિ આપનારું જે કંઈ શીખ્યો છું, તે (તને) કહું છું.

૯. દૈવને વશ થઈ વર્તનારા પ્રાણીઓ તરફથી પીડા થવા છતાં ધીર પુરુષે પૃથ્વી[2] ની માફક પોતાના માર્ગથી ચલાયમાન થવું નહીં; સદા પરોપકાર માટે જ જન્મ છે માની ઈચ્છા રાખનારે પર્વત[3] પાસેથી પરાધીનતાનો પાઠ શીખવો જોઈએ.

૧૦. થી ૧૧.૧૨.(૧)(શરીરમાં રહેલા) પ્રાણને ટકાવવા (વૃત્તિ) મન અને વાણીને ચલાયમાન થવા ન દેતાં આહારથી સંતુષ્ટ રહેવું ઈન્દ્રિયોના પ્રિય (વિષયો) થી નહીં;[4] (ઈન્દ્રિયોના) વિષયોનો ઉપભોગ કરનારે (શીત-ઉષ્ણ આદિ) વિવિધ ધર્મો પ્રત્ય અનાસક્ત રહી (વિષયોના) ગુણ-દોષથી અલિપ્ત રહેવું,[5] જેવી રીતે સુગંધ-દુર્ગંધથી પ્રતીત થતા અને એ બંને (આશ્રિત છતાં) વાયુ[6] ગંધથી આસક્ત થતો નથી તેવી રીતે દેહમાં રહેલો હોઈ (અહં પ્રત્યયથી પ્રતીત થતો છતાં) જીવાત્મા[7] ભલે ગુણોનો આશ્રય હોય છતાં એનાથી જોડાવો જોઈએ નહીં. સ્વ-સ્વરૂપને જોનાર (આ કરી શકે), કેમ કે કાલથી ઉત્પન્ન થતા ગુણવાળા તેજ, પાણી અને પૃથ્વી તત્ત્વોથી વિકારશીલ દેહ છે એમ માની આ પુરુષ અસ્પૃષ્ટ રહે છે, જેવી રીતે વાયુથી પ્રેરિત વાદળાંથી આકાશ સ્પર્શાતું નથી;.......

---

૧. જગદ્ગુરો - (અ) જગતના ગુરુ શ્રીદત્ત જ્ઞાનાવતાર છે, વિશ્વના ગુરુ છે, આદિગુરુ છે. (બ) જગદ્ ગુરુઃ યસ્ય અખિલ વિશ્વ જેનો ગુરુ છે - શ્રીદત્તે ચોવીસ ગુરુ કર્યા હતા જેમાં પંચ મહાભૂત, કીટ-પતંગ-મનુષ્ય બધાનો સમાવેશ થાય છે આમ વિશ્વ, જેના ગુરુરૂપે છે. જગદ્ગુરો એ સંબોધન વિભક્તિનું રૂપ છે.

૨. પૃથ્વી (પ્રથમ ગુરુ) લોકો ખેતી કરે, ગંદકી કરે, મકાનો બાંધે આપે.....બધું સહન કરી ક્ષમા આપે માટે તે ક્ષમા - ક્ષમા કહેવાય છે. બધાંનો આધાર બની, અન્ન, પાણી, વસ્ત્ર આપે છે, માટે માતા કહેવાય છે. મનુષ્યે આવા બનવું. પૃથ્વી જેમ ચલાયમાન થતી નથી તેમ ચલિત થવું નહીં.

૩. પર્વત (વૃક્ષ અર્થ પણ લેવાય) પૃથ્વીનો જ પ્રકાર. અન્યને વશવર્તી બની પરોપકાર કરે છે, તેમ પરોપકાર કરવો.

૪. પ્રાણ ખટરસની અપેક્ષા રાખતો નથી. માણસે સ્વાદ - વિષયો પ્રત્યે અનાસક્તિ કેળવવી.

૫. આ ખોરાક સ-રસ છે, ભાવે છે; આ નથી ભાવતો વગેરે ગુણોનો સ્પર્શ થવા દેવો નહીં, જેવી રીતે બાહ્ય વાયુ અગ્નિ કે વન પ્રતિ આસક્ત થતો નથી.

૬. વાયુ - ગુરુ.

૭. શ્લોક ૧૦ નો દેહગ: શબ્દ શ્લોક ૧૧ માં લેવાનો છે.

૮. આકાશ - ગુરુ.

૧૨. (૨.૩.૪.) વળી અંતઃકરણમાં રહેલ અને બધા અન્વયોમાં વ્યાપ્ત જીવાત્મા બ્રહ્મ પોતે જ હોવાથી દેહ સાથે એનો અભેદ છે પણ (સાથે સાથે) અસંગ પણ છે જ એવી ભાવના કરવી. (જેમ ઘડામાં રહેલ આકાશનો ઘડા સાથે અભેદ છે, પણ ઘડાથી અસંગ પણ છે તેવી રીતે)

૧૩.(૧.૨) આવો પુરુષ પણ (જો) ¹પાણીની માફક મધુર બોલનારો (વહે પાણીનો મધુર નિનાદ), (લોકો પ્રત્યે) અનુરાગવાળો (પાણી જેમ સ્નિગ્ધ હોય છે તેમ), સ્વભાવથી શુદ્ધ એવો જ્ઞાની હોય તો (પોતાના) તેજથી² માણસોને પણ પવિત્ર કરે છે.

૧૪ (૩.૪) ૧૫. (આવો તેજસ્વી પુરુષ) અગ્નિની³ માફક - ઢંકાયેલો રહ્યો હોય કે જાહેર હોય, કામીથી પૂજ્ય હોય, પૂર્વ-ઉત્તર બધાં જ દાતાના પાપને બાળનાર હોય છે અને (જ્ઞાનરૂપી) તપશ્ચર્યાના તેજથી દેદીપ્યમાન, અવિચલિત, અપરિગ્રહી, આ વિદ્વાન, યોગી સર્વભક્ષણ કરનાર અગ્નિની માફક ગમે ત્યાં (ગમે તે) ભોજન કરે છતાં દોષથી અસ્પૃષ્ટ રહે છે અને જેમ અગ્નિ લાકડાં વગેરેમાં તેવા-તેવા રૂપવાળો થઈને રહે છે, તેમ એ (પુરુષ) પણ પોતાની માયાથી ઉત્પન્ન ઉત્તમ (દેવાદિ યોનિ) માં કે અસત્ એવી ((તિર્યક્ - આદિ) યોનિમાં તેવાં રૂપનો રહીને પણ ઈશ હોય છે - નહી પણ (એવો દેખાય છતાં તે અનુભવ સાચો) (કાષ્ઠમાં જોડાયેલ અગ્નિ કાષ્ઠના આકારનો લાગે તેવી રીતે) મિથ્યા હોય છે. વળી (જેમ) અગ્નિ (ની જ્વાલા) નિત્ય હોય (પણ દેખાય નહીં.) તેમ કાલવેગને ધ્યાનમાં લેતાં આત્માના સંબંધવાળા ભૂત (પંચ મહાભૂત) ના ઉત્પત્તિ-નાશ નિત્ય હોવા છતાં (સ્થૂલ દૃષ્ટિથી) દેખાતાં નથી. આમ ક્ષણભંગુર હોય છે માટે એ પ્રતિ વૈરાગ્ય કેળવવો,

૧૬. (ચંદ્ર)⁴ ની કલા પ્રમાણે દેહવિકાર છે; પરંતુ આત્મા તો ચંદ્રની' જેમ ધ્રુવ (સ્થિર-નિત્ય) ફૂટસ્થ છે; તે આત્મા (દેહમાં) રહેલો હોય એમ (દેહના હલન ચલન આદિ ક્રિયાથી) વ્યક્ત થતો લાગે છે જેવી રીતે સૂર્ય (સ્વરૂપમાં રહેલો હોવા છતાં અને સ્થિર હોવા છતાં પાણીમાં હાલતો ચાલતો) દેખાય છે, પણ સ્વ-રૂપમાં સ્થિત છે. એવું એ (દેહની ઉપાધિને લીધે) જાણી શકાતો નથી.

૧૭. એ જ રીતે સ્થૂલદૃષ્ટિથી જોતા સૂર્ય⁵ કિરણો વડે પાણી ચૂસે છે તેવી રીતે યોગી પણ ઈન્દ્રિયોથી વિષયોને ગ્રહણ કરે અને (યોગ્ય પાત્રમાં) વિસર્જન કરે છે પણ (આ આદાન-પ્રદાન પ્રક્રિયામાં) આસક્ત થતો નથી.

૧૮. થી ૧૯. જો પુરુષ અતિશય સ્નેહ કે પ્રસંગોમાં અતિશય આસક્ત બને તો દીન કબૂતર⁶ની માફક નાશ પામે છે; કોઈ એક નર-કબૂતરને માદા કબૂતર પ્રેમથી પરસ્પર બુદ્ધિ-આંખ તથા અંગોને (એકબીજામાં) બાંધીને કોઈપણ જાતના ભય વિના જંગલમાં યુગલરૂપે ક્રીડા કરતાં વિચરતાં હતાં; તે (નર-કબૂતર) તે (માદા કબૂતર) ને તૃપ્ત કરતો, કરથી તેનું રક્ષણ કરતો હતો. (તેવામાં) તે બચ્ચાંને જન્મ આપ્યો; તેમને (બચ્ચાને) ખૂબ આનંદથી પોષ્યાં.

૨૦. (હવે) કોઈ એક વખત એક પારધિએ માળામાંથી બહાર આવી બેઠેલાં તેમને (બચ્ચાંને) જાળમાં (ફસાવી) પકડી લીધાં; આક્રોશપૂર્વક રડતી અને દુઃખથી (જાળમાં) પડેલી તેને અને તે જ પ્રમાણે સ્મૃતિવિહીન બનેલા તેને (નર કબૂતરોને) પણ (પકડી લીધો). આ રીતે ગૃહ-સ્ત્રી-બાળકમાં આસક્ત પુરુષનું કાળ ભગવાન ભક્ષણ કરે છે).

૨૧. (સુખ-દુઃખાદિ) દ્વન્દ્વ આરામ માનવા વાળો, પ્રિયવિષયમાં અશાંતિવાળો અને ગૃહમાં (સંસારમાં) આસક્તિવાળો મનુષ્ય (કબૂતર) પક્ષીની માફક આગળ વધી અને (પોતાને માટે) ઉઘડેલા મુક્તિના દ્વારરૂપી મનુષ્યજન્મમાંથી ભ્રષ્ટ થાય છે. અર્થાત્ મનુષ્ય યોનિમાંથી નીચેની યોનિમાં જન્મ લેવો પડે છે;

---

૧. પાણી - ગુરુ.

૨. પૂ. બાપજી જેવા સંતોનાં દર્શનથી દર્શન કરનારનાં પાપ ધોવાઈ જતાં.

૩. અગ્નિ - (તેજ) ગુરુ.

૪. ચંદ્ર - ગુરુ.

૫. સૂર્ય - ગુરુ.

૬. કબૂતર ગુરુ (કબૂતર ખૂબ આસક્તિવાળું પંખી છે).

૨૨. થી ૨૩. ગમે તે સ્થળે (સ્વર્ગમાં કે નરકમાં) ઈન્દ્રિયને (મળનારું) સુખ છે એવી કોઈ ઈચ્છા કરવી નહીં પરંતુ **અજગર**[1] (એ નામનો સર્પ) જેવી અક્રિય (ઉદાસીન) વૃત્તિ કેળવી દૈવયોગે જે મોટો કે નાનો, સ્વાદિષ્ટ કે સ્વાદ વિનાનો કોળિયો મળી આવે તે ખાવો; (દૈવયોગે) કદાચ લગીરે (ખોરાક) ન મળે તો ઉપવાસ કરવો અને પ્રારબ્ધ મેળવી આપશે એવું માની સર્પ (અજગર) ની માફક ઊંઘ્યા કરવું; જો નિદ્રા ન આવે તો પણ આ અજગર અક્રિય હોવા છતાં (ઉદ્યમ કરવા) બળવાન એવું અંગ (શરીર) ધારણ કરી કશું ઈચ્છતો નથી, તેવી રીતે યોગીએ સબળ ઈન્દ્રિયો (સબળ) હોવા છતાં કોઈ વ્યાપાર કરવો નહીં.

૨૪. થી ૨૫.(૧.૨) (જ્ઞાની યોગી) પુરુષ સમુદ્ર[2] જેવો રહે છે, જેમ સમુદ્ર (વર્ષાઋતુમાં) નદીઓથી સમૃદ્ધ થવા છતાં હર્ષવિક્ષિપ્ત થતો નથી તેમ, જ્ઞાની પરમાત્મ સ્વરૂપ હોઈ સમૃદ્ધકામ બનવા છતાં હર્ષથી છલકાતો નથી (બહાર પ્રસિદ્ધ થતો નથી) તેમજ સમુદ્ર (ઉનાળામાં જેમ નદી પ્રવાહ વિનાનો બનવા છતાં) સૂકાતો નથી, તેમ જ્ઞાની ઈષ્ટથી વિયોગ થવા છતાં શોક સંતપ્ત થતો નથી; (વળી) અંતરમાં ભૂમા હોવા છતાં વિસ્તૃત સમુદ્ર જેવો યોગી પણ તેજસ્વી હોઈ અનતિક્રમણીય હોય છે. વળી જેમ સમુદ્ર મર્યાદા પાળતો હોઈ ઊંડાણની બાબતમાં અભય છે તેમ યોગી રાગ વગેરે વિનાનો હોઈ અવિકારી છે આ રીતે (યોગીએ) પ્રશાંત સમુદ્રી માફક સદા પ્રસન્ન રહેવું.

૨૫ (૩.૪) જેમ પંતગિયુ[3] વિવશ બની અગ્નિમાં નાશ પામે છે, તેમ મનુષ્ય સ્ત્રીના લાવણ્ય સૌન્દર્ય વગેરેથી મોહ પામી અવશ બની નાશ પામે છે.

૨૬. ૨૭. ૨૮ (૧.૨) મનુષ્યે ભમરાની[4] જેમ બધાંમાંથી સાર ગ્રહણ કરવો અને મનુષ્યે એક જ જગ્યાએ પડી ન રહેવું, અને અલ્પાહારી બનવું, આમ યોગીએ નાશનું કારણ એવી સંગ્રહવૃત્તિથી દૂર રહેવું. મનુષ્ય હાથીની[5] માફક (પોતાની કે પારકી) સ્ત્રીના સ્પર્શના મોહમાં બંધાય કે (કદાચ) બળિયા પુરુષોથી હણાય. વળી મધમાખ[2] ની માફક કષ્ટથી ઉપાર્જિત કરેલ ધન પોતે ન ભોગવે કે દાનમાં આપે અને બીજો ભોગવે (તેમ ન થવા દેવું પણ) કષ્ટથી મેળવેલું સંગ્રહીત અન્ન ભમરાની માફક ભિક્ષુ પહેલા જમે છે.

૨૮.(૩.૪) પુરુષ પણ હરણની[6] માફક ગીતોના શ્રવણમાં બંધન પામે છે તેમ જ હરણીના સુત-ઋષ્યશૃંગની જેમ નૃત્યમાં (મોહ પામતાં) બંધન પામે છે.

૨૯. જેમ માછલી[7] માંસમાં વળગાડેલ લોખંડની ખીલીથી મૃત્યુ પામે તેમ મનુષ્ય અતિ (લાલસા) વાળી જીભથી નાશ પામે છે; માટે મિત ખોરાક ખાનાર અને આસક્તિ વિના તે (જીભ) પર વિજય મેળવી શકાય છે સ્વાદ પરના વિજયથી સર્વ પર વિજય પ્રાપ્ત થાય.

૩૦. થી ૩૨. (૧.૨) (પુષ્કળ) ધન આપનાર (શ્રીમંત) ની કાંતા બનવાની આશા સેવનાર એક વેશ્યાની[8] ઊંઘ નાશ પામી, (ધન પ્રાપ્તિની) ચિંતા જેનું કારણ છે એવો આ નિર્વેદ જ સુખ હરી લેનાર છે.' એમ જાણી "મારામાં રહેલ અંતર્યામી-આનંદસ્વરૂપ મોક્ષ ને આપવાવાળા રામને છોડીને ભીતિ, શોક, મોહ ઉપજાવનાર, અનિત્ય, (મર્ત્ય) અને તુચ્છ એવા બીજા ખરાબ આચરણવાળા (જાર) ની ઈચ્છા કરું છું. એવી મારી જાતને ધિક્કાર હજો; હવે હું મારા દેહથી (આત્માના) મારા આત્માને મેળવી એની (રામ) સાથે રમમાણ રહીશ" - એવું વિચારી તેણી તેવી (રામપરાયણ) બની ગઈ; ખરેખર આશા દુઃખ આપનાર છે, આશા વિનાના હોવું, એમાં પરમ સુખ છે.

---

૧. અજગર ગુરુઃ પ્રારબ્ધ કર્મ નું ફળ અવશ્યભાવિ છે એવું માની ઈન્દ્રિયાર્થે ઉદ્યમ કરી વૃથા આયુષ્ય ન બગાડવું, પણ અજગર વૃત્તિ (ઉદાસીનવૃત્તિ) કેળવવી એવું અજગર પાસેથી શિક્ષણ દત્તભગવાને લીધું.

૨. સમુદ્ર - ગુરુ.

૩. પતંગિયુ - ગુરુ.

૪. મધુકર - ગુરુ (મધુકૃતનું શિક્ષણ + મધુકરનું (શિક્ષણ) ફૂલ કાપી પુષ્પમાંથી મધ રસે તે મધુકૃત (ભમરો), મધ બનાવે તે મધુકર (મધમાખ).

૫. હાથી - ગુરુ.

૬. હરણ - ગુરુ.

૭. માછલું - ગુરુ

૮. વેશ્યા - ગુરુ. આશા દુઃખ આપનાર છે; આશા વિનાના બનવું એ જ પરમ સુખ છે).

૩૨ (૩.૪) ૩૩ (૧.૨) પરિગ્રહ (કે સંગ્રહ) હંમેશા દુઃખ માટે હોય છે એવું જાણનાર જો અકિંચન[1] હોય તો અનંત સુખ પામે છે; માંસલ ક્રૌંચ[2] પક્ષીને શૂરવીર હણે છે, માટે માંસ વિનાનું ક્રૌંચ પંખી સુખી છે (એ હણાતું નથી).

૩૩ (૩.૪) થી ૩૪ (૧.૨.) જે સન્માન કે અપમાનની ચિંતા વિનાનો હોય, પોતાના આત્મા સાથે ક્રીડા કરતો, આત્માને જ પ્રેમ કરતો હોય તે (ખૂબ) સુખી હોય છે, જેમ કે ઉદ્યમ વિનાનો (જડ), ભોળો (અરી) બાળક[3] આત્માનંદી હોય છે અને (પ્રકૃતિના) ત્રણ ગુણોનું અતિક્રમણ કરનારો (ઈશ્વરભાવ પ્રાપ્ત કરનારો) હોય છે.

૩૪.(૩.૪) ૩૫. મોટો અવાજ કરતાં (કંકણો[4] પૈકી વારાફરતી) એક-એક ને કાઢતાં (તોડતાં) બંને હાથમાં એક-એક શંખનું કંકણ ધારણ કરી રાખ્યું અને એના ખાનગી (ખાંડવાના) કૃત્યમાં એને સુખ પ્રાપ્ત થયું, કારણ (એક જગ્યાએ) ઘણાં (હાજર) હોય તો ઝઘડો કે (પરસ્પર) ભાંડવાનું થાય, બે (વ્યક્તિ) હોય (તો) વાદ-વિવાદ થાય, માટે કંકણની માફક એકલા વિચરવું.

૩૬. થી ૩૭ (૧.૨.) એકાકી વિચરણ કરનાર, સાવધાનપણે મિતભાષી (જરૂર પૂરતું બોલનાર ગુફામાં રહેનાર અને તેથી જ ઘર વિનાનો (અર્થાત્ એક સ્થાનમાં ન રહેતો), બીજાની સહાય વિનાનો મુનિ, (પોતાના) આચાર (ગતિ) માં (અન્ય માટે) અલક્ષ્ય રહેતો, સર્પ[5] ની માફક પોતાના દેહ માટે ઘર બનાવવું નિષ્ફળ અને દુઃખ કારક છે, (એમ માની) સર્પની જેમ બીજાએ બનાવેલા ઘરમાં સુખથી વધે છે.

૩૭ થી (૩.૪.) થી ૩૮. વૈરાગ્ય અને અભ્યાસથી બદ્ધ મનવાળો મુનિ, શ્વાસોચ્છ્વાસ પર તથા આસન પર જય મેળવી, ઈશ પર પ્રયુક્ત અંતઃકરણવાળો બની (પૂર્વકર્મની) વાસનાઓનો ત્યાગ કરી; (તમોગુણના ઉપમર્દનથી) સત્ત્વની વૃદ્ધિથી ઈંધન વિનાના નિર્વાણ ને વૃત્તિરહિત[6] ધ્યેયસ્વરૂપમાં અવસ્થિતિ પામે છે. તેથી આત્મદ્રષ્ટા મુનિ (દ્વૈત લય પામતાં) અંતરમાં કે બહાર કશું જાણતો નથી.

૩૯. જેવી રીતે બાણ તૈયાર કરનારો[7] એકાગ્રતાથી પરોવેલા મનવાળો (પોતાની) પાસેથી ચાલતી રાજાની સવારીને જાણતો નથી હોતો, તેવી રીતે મનુષ્ય પણ[8] પ્રેમપૂર્વક સ્થિર મનથી ધ્યાન ધરી વિષ્ણુનું સારૂપ્ય પ્રાપ્ત કરે છે.

૪૦. થી ૪૧. જેમ કીડો ભમરાના ધ્યાન-સાતત્યથી પોતાનું પૂર્વ સ્વરૂપ ત્યજીને ભમરો બની જાય છે તેમ; જેવી રીતે કરોળિયા[9] પોતાની (નાભિ દ્વારા) બનાવેલી જાળમાં વિહાર કરે છે અને અંતે એ જ (એ જાળને) ખાઈ જાય છે, તેવી રીતે પહેલાં (સૃષ્ટિના આરંભે) એકમેવ (પરમાત્મા) (ઉપાદાનભૂત) પોતાની માયાથી ઉત્પન્ન કરેલ (જગત) ને વિનાશના સમયે કાલસ્વરૂપ શક્તિથી એનો (જગતનો) સંહાર કરી, અખિલ (વિશ્વ) ના અધિષ્ઠાનરૂપ સર્વેશ્વર કાલથી અનુભવાતા એક અદ્વય રહે છે.

૪૨. થી ૪૩. જેમાંથી સત્ત્વાદિશક્તિઓ ગુણસામ્યાવસ્થાને પરિણમી છે; જે પ્રકૃતિ અને જીવો (પુરુષો) નો ઈશ છે, અજન્મા છે, ઉપાધિરહિત છે, પરમ આનંદસ્વરૂપ છે, મોક્ષ નામાભિધાન વાળો છે, (બ્રહ્માં વગેરે) પર અને (જીવો વગેરે) અવરથી યુક્ત છે એવો તે (પરમાત્મા) પોતાના અનુભવ પ્રમાણે ત્રણ ગુણોવાળી પોતાની માયામાં ક્ષોભ ઉત્પન્ન કરી, તે (માયા) વડે (જીવોના સંસારના કારણરૂપ) સૂત્ર (ક્રિયાશક્તિ જેમાં મુખ્ય છે એવું મહત્તત્વ) સર્જે છે, તે ત્રિગુણા શક્તિથી સૂત્ર રૂપ અહંકાર દ્વારા વિશ્વ સર્જે છે.

૪૪. જેમાં (જે કારણભૂત સમષ્ટિરૂપ સૂત્રમાં) આ (વિશ્વ) ઓતપ્રોત છે. અને જેના વડે આ મનુષ્ય સંસાર અનુભવે છે અને જે પરકીય છે, જે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે એવા દેહ દ્વારા[10] જ્ઞાન અને વૈરાગ્ય જન્મે જ. (ન જન્મે તો જ નવાઈ !)

૪૫. પોતાની (સ્ત્રી-પુત્ર વગેરે) ઈષ્ટ વ્યક્તિઓનું પોષણ કરનાર, (બીજા દેહના) બીજ (કર્મ) નું સર્જન કરનાર અને સુખની અભિલાષાવાળો મનુષ્ય વૃક્ષની માફક નાશ પામે છે; અને જેમ ઘણી પત્નીઓ (હોય તો તે બધી) પુરુષને ત્રાસ આપે છે તેમ ઈન્દ્રિયો પોતાના વિષયો માટે (દુર્લભ એવા) તેને (જીવાત્માનો) નાશ કરે છે.

---

૧. પૂ. બાપજી અકિંચન બાદશાહ - સાત શાહોના શાહ હતા.

૨. ક્રૌંચ પંખી - ગુરુ ૩. બાળક - ગુરુ ૪. કુમારી કંકણ - ગુરુ ૫. સર્પ - ગુરુ

૬. योगश्चित्तवृत्ति निरोध :

૭. બાણાવલી - ગુરુ

૮. अपि શબ્દ ભય, દ્વેષ વગેરેથી પણ ભક્તિનું સૂચન કરે છે.

૯. કરોળિયો - ગુરુ

૧૦. દેહ - ગુરુ स्वदेहाशुचिगन्धेन न विरज्येत यः पुमान् ।
विरागकारणं तस्य किमन्यदुपदिश्यते ॥

૪૬. (આવો હોવા છતાં) મનુષ્યજન્મ (ગુરુઓ દ્વારા) જ્ઞાન પ્રાપ્ત કરનારો (અને તેથી ઉત્તમ) છે એવું માની, મુક્ત (સંગ) બની, નિરહંકારી બની પૃથ્વી પર વિચરણ કરવું જોઈએ. આ સાંભળીને યદુ (રાજા) જલદીથી સમચિત્ત બન્યો અને સંગ (સંસારાસક્તિ) થી મુક્ત બની ગયો .

૪૭. (શ્રીદત્તનું) પૂજન કરવાથી (મળેલ) સામર્થ્યસહિત, જેણે ત્ર્યધીશ્વર ભગવાનનાં દર્શન કર્યાં છે અને તેના (શ્રીદત્ત) થી જ જેને ઉપદેશ પ્રાપ્ત થયો છે એવા તેણે (યદુએ) "આ જ (શ્રીદત્ત) સાક્ષાત્ આત્મા (પરમાત્મા) છે, એમ તેમને જાણ્યો."

૪૮. ત્ર્યધીશ ભગવાન દત્તને પ્રણામ કરી, તેમનાથી આદેશ પામેલ યદુ સત્તા અને સ્ફૂર્તિથી યુક્ત (સાકાર હોવાથી) મિત એવા તેના વિશ્વસ્વરૂપની પૂજા કરી સ્વૈરપણે પૃથ્વી પર વિચરણ કરવા લાગ્યો.

૪૯. શ્રીદત્તની કૃપાથી અહીં (આ જગતમાં) તેના વંશનો વિસ્તાર ઉત્કર્ષ પામ્યો. (જે કુળમાં) વૃષ્ણિકુળમાં પૃથ્વીનો ભાર હરનારા, બધી કલાઓથી સંપૂર્ણ, અજન્મા શ્રીકૃષ્ણ ઉત્પન્ન થયા.

૫૦. "(પોતાની) બેન દેવકીના પુત્રથી પોતાનો નાશ થશે," એમ માની તેને અને તેના પતિ વસુદેવને કારાગારમાં પૂરીને તેમનાં છ બાળકોને કંસે હણી નાખ્યાં.

૫૧. અજન્મા (પરમાત્મા)નો અંશ એવો તેનો (દેવકીનો) સાતમો ગર્ભ ભગવાનના આદેશથી વ્રજમાં રહેતી રોહિણીમાં માયાએ મૂકી દીધો; તે જ બલભદ્ર નામે (પ્રસિદ્ધ) થયો.

૫૨. અજન્મા (ભગવાન) પોતાના તેજથી દેવકીમાં પ્રાદુર્ભૂત થયા; અને પિતા (વસુદેવ) ને કહ્યું, "મને વ્રજમાં મૂકી આવો અને નંદ (રાજા) ની પુત્રીને અહીં લઈ આવો." તેણે તે પ્રમાણે કર્યું.

૫૩. વિષ્ણુ ભગવાનની માયાથી કોઈનાથી પણ આ જાણી શકાયું નહીં. તે (વસુદેવની) કન્યાને હણવા તૈયાર થયેલા કંસ પાસેથી (છૂટીને) તે આકાશમાં ઊડી ગઈ.

૫૪. તે માયાએ કહ્યું, "અરે દુષ્ટ (નીચ) ! તારો શત્રુ તો કોઈ એક જગ્યાએ ઉછરી રહ્યો છે." આ સાંભળી તે દુષ્ટોના સંગવાળો (કંસ) (બધાં) બાળકોને હણવા તૈયાર થયો.

૫૫. તેણે (કંસે) પ્રેરેલી પૂતનાએ વ્રજમાં જઈ ધાવણ પાવાના બહાને કૃષ્ણને ઝેર પાયું. તેણે (કૃષ્ણે) પણ તેના પ્રાણસહિત તે ઝેર પીધું.

૫૬. કંસે મોકલેલા બક, ધેનુક, વાત્ય, અઘ, કેશી વગેરે (દાનવો) ને પોતાના નાશ માટે જ આવેલા જોઈને માયાથી બાળક બનેલા હરિ (કૃષ્ણે) એ હણી નાખ્યા.

૫૭. બ્રહ્માએ કૃષ્ણની પરીક્ષા કરવા તેની (કૃષ્ણની) આગળ (તેના દેખતાં) ગોવાળોને પોતાના (બ્રહ્મ) લોકમાં લઈ ગયા (ત્યારે) તેવી જ (ગોવાળોની) બીજી સૃષ્ટિ રચીને તેમણે (કૃષ્ણે) તેનો (બ્રહ્માનો) ગર્વ હરી લીધો.

૫૮. તેમના (ગોપાલોના) સ્નેહથી બંધાયેલા તે (કૃષ્ણ) ભગવાને (ગાયોનાં) દૂધ-દહીં, માખણ (ગવ્ય) વગેરેની ચોરીરૂપી લીલા કરી વ્રજવાસીઓને ખૂબ હર્ષ કરાવ્યો અને કુબેરપુત્રો (નલકુબર અને મણિગ્રીવ) ના શાપ દૂર કર્યા.

૫૯. અપમાન થવાથી અભિમાની ઈન્દ્રે કલ્પપ્રલયના જેવી વૃષ્ટિ કરી, ત્યારે ભગવાને (કૃષ્ણે) ગોવર્ધન (પર્વત) ધારણ કરી સાત વર્ષ સુધી પોતાનાની (ગોપાલોની)રક્ષા કરી.

૬૦. વ્રત દ્વારા (ગોપીઓની) ભક્તિ જાણીને ગોપી સાથે રાસનો આનંદ માણનારા ભગવાને રાત્રે વેણુનાદથી તેમને (ગોપીઓને) બધાંને બોલાવી બધી રીતે (રાસ) રમાડ્યા.

૬૧. જેવી રીતે આપ્તકામ આત્મા એકાકી પણ હજારો બુદ્ધિવૃત્તિઓ સાથે અંતઃકરણમાં રહી એમને રમાડે છે, તેવી રીતે અંતર્યામી આપ્તકામ એમણે (કૃષ્ણે) આ પ્રમાણે (ગોપીઓ રમાડી).

૬૨. આ પ્રમાણે આરંભની લીલાઓ વ્રજમાં કર્યા પછી (મથુરા) નગરીમાં આણેલા તેણે (કૃષ્ણે) લીલામાત્રથી મલ્લો સહિત કંસને હણ્યો અને કુબ્જા સાથે રમમાણ કર્યું.

૬૩. કાલયવનનો ઘાત કરી, જરાસંઘના સૈન્યનો નાશ કરી, દ્વારકા (નગરી) નું નિર્માણ કરી, ઉગ્રસેનને યાદવોનો રાજા બનાવ્યો.

૬૪. વેગપૂર્વક (અન્ય) રાજાઓને હરાવી, જાતે શ્રીરુક્મિણી પસંદ કરી અને પાંડવો સિવાય શિશુપાલ વગેરે બધા રાજાઓને હણ્યા.

૬૫. થી ૬૬. ભૌમાસુરનો વધ કરી પોતે સોળહજાર સ્ત્રીઓના સ્વામી બન્યા; અને અર્જુનના સારથિનું કૃત્ય કરી, પૃથ્વીનો ભાર ઉતારી, પોતે સમર્થ હોવા છતાં ઉન્મત્ત બનેલા પોતાના કુળનો બ્રાહ્મણના શાપથી નાશ કરાવ્યો. જેણે પૃથ્વીનો ભાર હરી લીધો તેવા તેણે (કૃષ્ણે) પોતે સર્જેલું પોતાનું સમર્થ શરીર પણ છોડી દીધું.

૬૭. થી ૬૮. 'કાંટો કાંટાને કાઢે' એમ સમર્થને પણ સરખું હોઈ, શ્રીમદ્ ભગવદ્ગીતા રૂપી પોતાનું સ્વરૂપ પોતાના ભક્તોના ઉદ્ધાર માટે અહીં (વિશ્વમાં) રાખી તે દયાનિધિ ભગવાન પરિવાર સહિત ફરીથી પોતાના લોકમાં ગયા.

# છઠ્ઠા અષ્ટકનો છઠ્ઠો અધ્યાય

## અંશ-કાલ સહિત ચૌદ મનુઓના સમયનું તથા બ્રહ્માણ્ડનું વર્ણન

૧. આત્મતૃપ્તિ માટે (ફલપ્રાપ્તિ અને અહંકારના) ત્યાગપૂર્વક, બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થતાં સુધી આચરેલા સંપૂર્ણ કર્મોથી (પ્રસન્ન થઈ) જે (ભગવાન) મોક્ષ આપે છે, તે ભક્તનું પાલન કરનારા (ભગવાન) બધી રીતે (મારું) રક્ષણ કરો.

૨. (એ) શ્રીદત્ત (પ્રભુ) (વાસ્તવમાં) એક જ હોવા છતાં કાલ[1], દ્રવ્ય[2] અને ગુણ[3] વડે પોતાનામાં જ પોતાની માયાથી પોતે સૃષ્ટિ, સ્થિતિ અને લય એમ ત્રણ રૂપે લીલા કરે છે.

૩. તેની ભ્રૂકુટિનો (એક જ) ભંગ એ (વિશ્વનો) સંહાર કરનારો **કાલ** છે, જે (અતિશય) સૂક્ષ્મ પરમાણુ છે; (આવા) **બે પરમાણુ** બરાબર (એક) **આણુ** થાય; **ત્રણ આણુ** મળી **ત્રસરેણુ** બને અને **ત્રણ ત્રસરેણુથી** એક **ત્રુટિ** (જેટલો કાલ) બને છે.

૪. તે (ત્રુટિ) **ત્રણસો** થાય ત્યારે એક **લવ** (જેટલો કાલ) થાય, (અને) ત્રણ લવથી એક **નિમેષ**, (અને) ત્રણ નિમેષથી એક **ક્ષણ** (જેટલો સમય) થાય; (હવે) પાંચ ક્ષણની એક **કાષ્ઠા** થાય, (જ્યારે) **પાંચ કાષ્ઠાથી** એક **લઘુ** (જેટલો સમય) થાય (અને) પંદર **લઘુથી** એક **નાડી** (સમય) થાય.

૫. બે નાડી બરાબર **એક મુહૂર્ત** ગણાય અને ત્રીસ મુહૂર્તથી **એક દિવસ** અને **રાત્રિ** (બંને મળીને) થાય; (જ્યારે) **પંદર દિવસ-રાત્રિ** (અહોરાત્ર) મળી એક **પક્ષ** થાય (અને) શુક્લ (સુદ) અને કૃષ્ણ - એવા બે પક્ષ મળી એક **માસ** થાય છે; (જ્યારે) બે માસ મળીને એક **ઋતુ** બને છે.

૬. (આવી) ત્રણ ઋતુનો એક **અયન** થાય; અયન બે છે (દક્ષિણાયન અને ઉત્તરાયણ), (એ બે મળી) એક શતાયુષી મનુષ્યોનું **વર્ષ** (ગણાય) છે; (મનુષ્યોના) એક માસથી પિતૃઓનો એક **અહોરાત્ર** (દિવસ (શુક્લ પક્ષ) અને રાત્રિ (કૃષ્ણપક્ષ)) બને છે અને મનુષ્યના એક વર્ષથી દેવોનો એક **અહોરાત્ર** (ઉત્તરાયણ) દિવસ અને (દક્ષિણાયન) રાત્રિ થાય છે.

૭. મનુષ્યના તેતાલીસ લાખ વીસ હજાર વર્ષથી એક **ચતુર્યુગ**[4] પુરો થાય, જેને હજારે ગુણતાં જે વર્ષસંખ્યા થાય તે **બ્રહ્માનો એક દિવસ** થાય અને એટલાં જ વર્ષોની **બ્રહ્માની એક રાત્રિ** થાય છે.

૮. બ્રહ્માના દિવસના (ભાગમાં) સૃષ્ટિ (સર્જન પ્રક્રિયા) થાય છે, જ્યારે (બ્રહ્માના) રાત્રિના (ભાગમાં) પ્રલય થાય છે; (હવે) **વારાહકલ્પમાં** (એ સમયે) આદ્ય મનુ સ્વાયંભુવ (સ્વયંભૂ = બ્રહ્મા, તેના પુત્ર) થયા, જે સ્વરાટ હતા.

૯. તેના (મનુના) (તેની પત્ની) શતરૂપામાં જન્મેલા પ્રિયવ્રત અને ઉત્તાનપાદ (નામના) બે પુત્રો ,યજ્ઞ (નામે) ઈન્દ્ર, મરીચિ વગેરે ઋષિઓ તથા સ્તુષિતા (નામે) દેવો થયા.

૧૦. ઉત્તાનપાદના (એની પત્ની સુનીતિની કૂખે) જન્મેલા પુત્ર ધ્રુવે સાવકી માતા (ઉત્તાનપાદની અન્ય પત્ની સુરુચિ)ના (તું પિતાના ખોળામાં બેસવા યોગ્ય નથી - એવા અપમાનજનક) શબ્દોથી ઘવાયેલો હોઈ (જેની લાગણી દૂભાઈ છે તે), પાંચ વર્ષનો હોવા છતાં (ઉગ્ર) તપ તપી (ભગવાન) વિષ્ણુનું ધ્રુવપદ મેળવ્યું.

૧૧. તેના કલ્પ વગેરે પુત્રો થયા, જેમનો વંશ અહીં વિસ્તાર પામેલો છે, (જ્યારે) પ્રિયવ્રતના પણ અગ્નીધ્ર વગેરે તપસ્વી પુત્રો થયા હતા.

૧૨. સ્વાયંભુવે (મનુએ) સુનન્દા (પૃથ્વી) પર એક પગ પર ઊભા રહી, ઈચ્છાઓ વિનાનો બની, પવિત્ર બની, તપ કરી ભાગવતી ગતિ પ્રાપ્ત કરી.

---

૧. કાલ એટલે સમય, જે પરમાણુથી આરંભી પરાર્ધ પર્યંતનો ગણાય.

૨. દ્રવ્ય - પૃથિવી વગેરે છ દ્રવ્યો છે; એમના અભાવ સહિત સાત પદાર્થ (વૈશષિક મત).

૩. ગુણ - સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણ છે (વૈશેષિક ૨૪ ગુણ).

૪. ચતુર્યુગ એટલે કૃતયુગ (સત્યયુગ), ત્રેતાયુગ, દ્વાપર યુગ અને કલિયુગનો સમૂહ.

૧૩. અગ્નિનો પુત્ર સ્વારોચિષ (નામે) બીજો મનુ થયો; તેના દ્યુમત્, સુષેણ વગેરે મંગલ (પવિત્ર) ખ્યાતિવાળા પુત્રો થયા હતા.

૧૪. (આ મન્વન્તરમાં) દત્ત, અત્રિ, ચ્યવન, સ્તમ્ભ, પ્રાણ, કશ્યપ, વળી ઔર્વ બૃહસ્પતિ - વગેરે મહાવ્રતી ઋષિઓ અહીં થઈ ગયા.

૧૫. (ઉપરાંત) વિરોચન નામે ઈન્દ્ર, તુષિતા નામે દેવો, પણ અહીં (થયા) હતા; (જ્યારે) વેદશીર્ષા ઋષિનો પુત્ર વિભુ નામે હરિ (વિષ્ણુ) નો અવતાર પણ થઈ ગયો.

૧૬. ઉત્તમ નામે પ્રિયવ્રતનો પુત્ર ત્રીજો મનુ થયો; તેના યજ્ઞહોતૃ વગેરે પુત્રો થયા, જેઓ કીર્તિથી પ્રસિદ્ધ થયા હતા.

૧૭. વસિષ્ઠના પ્રમદ વગેરે પુત્રો અહીં સાત (પ્રમુખ) ઋષિઓ થયા; સત્યજિત ઈન્દ્ર બન્યો અને દેવો કલ્યાણકારી, સત્ય (ભાષા) અને વેદના જ્ઞાનવાળા બન્યા.

૧૮. ધર્મથી જન્મેલો સત્યસેન નામે વિષ્ણુનો અંશ (અંશાવતાર) થઈ ગયો, ઈન્દ્રનો મિત્ર હોઈ જેણે પ્રાણીઓનો દ્રોહ કરનારા ભૂતગણોનો સંહાર કર્યો.

૧૯. ઉત્તાનપાદનો તામસ નામનો ભાઈ ચોથો મનુ થયો; તેના પૃથુ, ખ્યાતિ વગેરે દશ મહાતેજસ્વી પુત્રો થયા.

૨૦. એ વેળાએ સત્ય નામે ત્રિશીર્ષા ઈન્દ્ર થયો; જ્યોતિર્ધામ જેમાં મુખ્ય છે એવા સાત ઋષિઓ અને હરિ તથા સત્વક વગેરે દેવો થઈ ગયા.

૨૧. બીજા વિધૃતિના પુત્રો (દેવો) થઈ ગયા, જેમણે આ જ (તામસ) મન્વન્તરમાં વેગીલા કાળથી નષ્ટ પામેલ વેદોનો પોતાના સામર્થ્યથી ઉદ્ધાર કર્યો.

૨૨. (એ સમયે) દીન ધર્મનિષ્ઠ-ગરીબ) ને પ્રિય એવા અજન્મા ભગવાને અંશાવતાર ધારણ કરી આ લોકમાં મગરે પકડેલા અને પોતાને શરણે આવેલા (ભક્ત) ગજેન્દ્રનો જલદીથી (દોડી જઈ) ઉદ્ધાર કર્યો (એને મગરના) મુખમાંથી છોડાવી ઉદ્ધાર કર્યો).

૨૩. થી ૨૫. (હવે) તામસનો રૈવત નામનો ભાઈ પાંચમો મનુ થયો. તેના બલિ, વિન્ધ્ય વગેરે પુત્રો હતા, ભૂતરય વગેરે દેવો,હિર્ણ્યબાહુ જેમાં મુખ્ય છે એવા ઋષિઓ થયા; (એ વેળા) અહીં ભગવાને વૈકુંઠ નામે અવતાર, ગ્રહણ કર્યો, જેમના ગુણ કોઈ જાણી શક્યું નહીં; જેને બધા લોકોથી નમસ્કાર કરાય છે, એ વૈકુંઠ (લોક) નું સર્જન કર્યું. ભગવાનના ઉત્તમ મુક્તિ પામેલા ભક્તો જ્યાં જઈ નિત્ય વાસ કરે છે.

૨૬. થી ૨૭. ચક્ષુસ્ નો પુત્ર ચાક્ષુષ નામનો (હતો) જે છઠ્ઠો મનુ થયો; તેના સુદ્યુમ્ન જેમાં પ્રથમ છે એવા (કેટલાક) પુત્રો થયા; આપ્યા જેમાં પ્રમુખ છે એવા દેવો થયા (જ્યારે) અહીં હવિષ્મદ્, વિર્યક જેમાં મુખ્ય છે તે ઋષિઓ (થયા) અને મંત્રદ્રુમ (નામે) ઈન્દ્ર થયો, (અને) અજિત નામે (અવતાર લઈ) સમુદ્રમંથન કરી (ભગવાને) દેવોને અમૃત પણ આપ્યું.

૨૮. (હવે) શ્રાદ્ધદેવ નામે વિવસ્વત્‌નો પુત્ર સાતમો મનુ થયો. તેના ઈક્ષ્વાકુ, શર્યાતિ જેમાં મુખ્ય છે એવા દસ પુત્રો થયા.

૨૯. થી ૩૦. (આ મન્વન્તરમાં) વસુ[૧] રુદ્ર[૨], આદિત્ય[૩], વિશ્વ, મરુત્, અશ્વિન જેમાં મુખ્ય છે એવા દેવો, કશ્યપ, અત્રિ, ભરદ્વાજ, વિશ્વામિત્ર ગૌતમ, જમદગ્નિ, વસિષ્ઠ એ (સાત) ઋષિઓ, (અને) પુરંદર (નામે) ઈન્દ્ર, દેવ (નામે) ઉપેન્દ્ર અને અદિતિનો પુત્ર (ભગવાનનો અવતાર) વામન સ્વરાટ થયાં.

૩૧. અહીં (આ લોકમાં) હાલમાં આ મન્વન્તર ચાલે છે, (અને) પરમાત્માની શક્તિથી પોષણ પામેલ છે; આના પછી આવનારાં સાત અન્ય મન્વન્તરો હું (તને) કહું છું.

---

૧. વસુઓ આઠ છે : अष्टौ वसवः ।

૨. રુદ્ર અગિયાર છે : एकादश रुद्राः ।

૩. આદિત્ય બાર છે : द्वादश आदित्याः ।

૩૨. વિશ્વકર્માની સંજ્ઞા અને છાયા નામની બે પુત્રીઓ સૂર્યની પત્નીઓ બની; સહન ન થાય તેવા પતિના ઉગ્ર તેજથી ડરીને સંજ્ઞા વનમાં [1]વડવા (ઘોડી) બની.

૩૩. (હવે) સૂર્યે (પણ) તેને (સંજ્ઞાને) અનુરૂપ (મંદ તેજ) વાળો બની તેનું સેવન કર્યું તેથી બે અશ્વિનીકુમાર (ઉત્પન્ન) થયા, પછી તે (સૂર્ય) પહેલાં જેવો (ઉગ્ર તેજવાળો) બની ગયો અને તે પણ (ભારે) પ્રકાશમાન તેજવાળા સૂર્યનું સેવન કર્યું.

૩૪. (આ) સૂર્યથી સંજ્ઞામાં યમ, યમી અને શ્રાદ્ધદેવ ઉત્પન્ન થયા, જ્યારે છાયામાં (સૂર્યથી) શનિ, સાવર્ણિ અને તપતી ઉત્પન્ન થયાં.

૩૫. દેવીની કૃપાથી (આ) સાવર્ણિ[2] આઠમો મનુ થશે; તેના નિર્મોક જેમાં પ્રથમ છે એવા પુત્રો થશે અને સર્વસ્વનું દાન કરનાર બલિરાજા ઈન્દ્ર બનશે.

૩૬. થી ૩૭. તે વેળા અત્યંત તપશ્ચર્યા કરનારા વૈરાગ્યસંપન્ન અને અમૃત જેવા કાંતિવાળા દેવો થશે, (જ્યારે) શ્રીવ્યાસજી, ગાલવ, રામ, દીપ્તિમાન દ્રોણનો પુત્ર (અશ્વત્થામા), કૃપાચાર્ય અને ઋષ્યશ્રૃંગ -યોગના વ્યાસંગવાળા - ઋષિઓ થશે; જ્યારે વરુણનો પુત્ર દક્ષસાવર્ણિ નવમો મનુ થશે.

૩૮. તેના (નવમા મનુના) ભૂતકેતુ વગેરે પુત્રો થશે; અદ્ભુત નામે ઈન્દ્ર થશે; પારામરીચિ, ગર્ભ વગેરે દેવો અને દ્યુતિમાન્ જેમાં પ્રમુખ છે તેવા ઋષિઓ થશે.

૩૯. બ્રહ્મસાવર્ણિ નામે ઉપશ્લોકનો પુત્ર દશમો મનુ થશે; તેના ભૂરિષેણ આદિ પુત્રો અને હવિષ્મત્ જેમાં મુખ્ય છે તેવા ઋષિઓ થશે.

૪૦. શંભુ નામે ઈન્દ્ર અને સુવાસન જેમાં મુખ્ય છે તેવા દેવો થશે. હવે ધર્મસાવર્ણિ નામે અગિયારમો મનુ બનશે.

૪૧. થી ૪૨. ધર્મ જેમાં મુખ્ય છે તેવા સાત પુત્રો તેને થશે, (અને) નિર્વાણ જેમને ગમે છે તેવા દેવો, અરુણ જેમાં પ્રમુખ છે તેવા ઋષિઓ અને અહીં વિધુતિ નામે ઈન્દ્ર થશે. (આ મન્વન્તરમાં) ધર્મસેતુ નામે ભગવાન વિષ્ણુનો અંશાવતાર થશે, જે ત્રણે લોકને ધારણ કરશે. (હવે) વરુણનો પુત્ર રુદ્રસાવર્ણિ બારમો મનુ થશે.

૪૩. તેના પુત્રોમાં દેવશ્રેષ્ઠ મુખ્ય હશે; હરિત વગેરે દેવો, તપોમૂર્તિ વગેરે ઋષિઓ અને ઋતધામ નામે દેવોનો અધિપતિ ઈન્દ્ર થશે.

૪૪. થી ૪૫. આ મન્વન્તરનો ઉદ્ધાર કરનાર થશે વિષ્ણુનો સ્વધામ નામે અવતાર. (હવે) દેવસાવર્ણિ નામે તેરમો મનુ થશે; તેના ચિત્રસેન (જેમાં) મુખ્ય છે એવા પુત્રો, દિવસ્પતિ નામે ઈન્દ્ર, સુત્રામ નામે દેવો, નિર્મોક વગેરે ઋષિઓ થશે અને યોગિરાટ્ નામે વિષ્ણુનો અવતાર થશે.

૪૬. થી ૪૭. ચૌદમો મનુ ઈન્દ્રસાવર્ણિ (નામે) થશે; તેના ઉરુ વગેરે પુત્રો, ચાક્ષુષ વગેરે દેવો, શુચિ નામે ઈન્દ્ર થશે; અગ્નિબાહુ જેમાં મુખ્ય છે તેવા દેવો થશે, (જ્યારે) બૃહદ્ભાનુ નામે વિષ્ણુનો અવતાર થશે. (આમ) બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુ (થાય છે) એમ જાણવું.

૪૮. થી ૫૦. સ્વાયંભુવ મનુના પુત્ર પ્રિયવ્રતે પરમાત્મા (વિષ્ણુ) નો અનુગ્રહ મેળવી અને (પોતાના) યોગના પ્રભાવથી પૃથ્વીના સાત વિભાગ બનાવ્યા; (વળી) પોતાના રથને ઘુમાવી (એના) નીચેના આરાઓથી સમુદ્રના (પણ) સાત ભાગ પાડી, નદીઓ, પર્વતો, જંગલો, ગામડાં (શહેરો આદિ) વગેરેના વિભાગોથી પૃથ્વીના વિભાગો કરી, લોકોના કલ્યાણને માટે પ્રત્યેક દ્વીપ (પૃથ્વીના સાત ખંડ) માં સરહદો આંકી અગ્નિધ્ર વગેરે પુત્રોને વહેંચી આપી, મોક્ષ પ્રાપ્તિ કરી.

૫૧. થી ૫૩. ત્યારથી આરંભી આ પૃથ્વી સાત દ્વીપ (ખંડ) વાળી કહેવાય છે : સાત સમુદ્રના વેઢાવાળા (આ) જંબુ, પ્લક્ષ, કુશ, ક્રૌંચ, શાક, શાલ્મલ અને પુષ્કર નામે સાત ખંડ પૃથ્વીના પાડવામાં આવ્યા છે (જ્યારે) ક્ષાર સમુદ્ર, ઈક્ષુરસ સમુદ્ર, મધુ સમુદ્ર, ઘૃત સમુદ્ર, ક્ષીર-સાગર, મણ્ડોદ સમુદ્ર અને શુદ્ધ જલ સમુદ્ર એ સાત સમુદ્રો એક - એક ખંડનો એક (સમુદ્ર) - એ પ્રમાણે છે. આગ્નીધ્ર વગેરે તેના (પ્રિયવ્રતના) પિતૃતુલ્ય પુત્રો આ ખંડો (દ્વીપો) ના અધિપતિ બન્યા.

૫૪. જંબુદ્વીપના અધિપતિ (રાજા) આગ્નીધ્રે પૂર્વચિતિ (નામની અપ્સરા) માં નવ પુત્રોને ઉત્પન્ન કર્યા અને (તેમને) ખંડના (ફરી ભાગ પાડી) રાજાઓ બનાવી પોતે સ્ત્રૈણ[3] (સ્ત્રીમાં આસક્તિ હોવાથી (મુક્તિ ન મળતાં) અપ્સરાઓના નગરમાં ગયો.

---

૧. એનું તે વેળાનું નામ અશ્વિની હતું.

૨. સાવર્ણિ આઠમો મનુ થશે. सूर्यात्जन्म समासाद्य सावर्णिर्भविता मनु : । માર્કણ્ડેય પુરાણ (અથવા સપ્તશતી અ ૧).

૫૫. તેનો (આગ્નીધ્રનો) પુત્ર નાભિ ભગવાનનો (મહાન) ભક્ત થઈ ગયો; તેણે (પોતાના) તપશ્ચર્યા તથા વ્રત (વગેરેના સામર્થ્ય) વડે મેરુ દેવી (નામની પત્નીમાં) માં ધર્મને ધારણ કરનાર અને વિષ્ણુનો અવતાર એવા ઋષભ નામનો (પુત્ર) નિર્માણ કર્યો.

૫૬. યુવાવસ્થામાં આવેલા તેને (ઋષભને) પૃથ્વી (નું રાજ્ય) સોંપી એ નાભિ મોક્ષ પામ્યો. યોગીઓમાં સર્વોપરી એવા ઋષભે પણ જલવૃષ્ટિ કરી ઈન્દ્રનું અભિમાન ઉતાર્યું.

૫૭. પોતાના ધર્મને જાણનાર તેણે (ઋષભે) પોતાની પત્ની જયંતિથી સો પુત્રો મેળવ્યા; તેમાં એક્યાસી (૮૧) પુત્રો વ્રતધારી શાંત વિપ્રો બન્યા.

૫૮. થી ૫૯. કવિ, અંતરિક્ષ, પ્રબુદ્ધ, આવિહોત્ર, કર ભાજન, દ્રુમિલ, ચમસ, પિપ્પલાયન અને હરિ આ (પુત્રો) વિષ્ણુના (પરમ) ભક્ત, અને દિગંબર (અવસ્થામાં રહેતા) આજે પણ વિદ્યમાન છે; જ્યારે (અન્ય) ભરત વગેરે જ્યેષ્ઠ (પુત્રો) પોતાના દ્વીપ-વિભાગના પાલક (રાજાઓ) બન્યા.

૬૦. (હવે) યોગીઓમાં શ્રેષ્ઠ (એવો) ઋષભ પ્રારબ્ધભોગ જોનારો હોઈ જડવત્ પૃથ્વી પર વિચરવા લાગ્યો. (અને) વાંસમાં ઉત્પન્ન થયેલ અગ્નિથી (એનો) દેહ બળી જતાં સ્વધામ ગયો.

૬૧. (જ્યારે) ભરત (પણ) (પિતાની) બાકી રહેલી ક્રિયાઓ કરી પોતાના નામથી બનેલા ખંડ પર (ભારતવર્ષ પર) પોતાના પાંચ પુત્રોનો રાજ્યાભિષેક કરી, નિઃસંગ બની વનમાં ગયો.

૬૨. યોગચર્યા સ્વીકારેલી હોવા છતાં દૈવયોગે હરણીના બચ્ચાના[1] સંગને લીધે (યોગથી) ભ્રષ્ટ થયો, (એ કારણે મેળવેલા) હરણની યોનિમાં જન્મ પસાર કરી, બીજા જન્મમાં જીવન્મુક્ત બન્યો.

૬૩. આ ઉત્તમ મનુવંશ ખૂબ વિસ્તારવાળો હોવા છતાં અહીં સંક્ષેપમાં વર્ણવાયો છે; આ તથા અન્ય મન્વન્તરો (ની કથા) પણ વક્તા અને શ્રોતા ઉભયને પાવન કરનારાં છે.

૬૪. આ મહાન પૃથ્વીલોક સાત આવરણવાળા બ્રહ્માંડની અંદર રહેલો છે, અને સ્વરાટ્, અનન્ત, કમઠ અને વરાહે એનો ઉદ્ધાર કરેલો છે.

૬૫. જેની (પૃથ્વી લોકની) નીચે (ના ભાગમાં) સાત પાતાલ[2] આવેલાં છે, જેમાં અસુર (સર્પ) વગેરે વાસ કરે છે, કલિયુગમાં પોતાના કર્મને અધીન જન્મ લેનારા ચાર[3] પ્રકારના જીવો છે.

૬૬. ભૂર્-વગેરે સાત ઊર્ધ્વલોક છે; (એમાં) (પોતપોતાની) કક્ષા પ્રમાણે દેવો, ઈન્દ્ર વગેરે, આઠ દિક્પાલો અને (સૂર્ય વગેરે) અન્ય અધિકારપ્રાપ્ત દેવો વસે છે.

૬૭. પરમાત્મા (ના તેજ) થી પ્રકાશતા ગ્રહો, નક્ષત્રો (આદિનું) મંડલ અહીં ફરે છે; નહીં તો નક્ષત્રો સાથે ગ્રહોની ગતિ બંધ થઈ, વિશ્વચક્ર ઊલટી ગતિથી ચાલતું હોત.

૬૮. આ બ્રહ્માંડરૂપી ધામ વિરાટ પુરુષનું સ્વરૂપ છે; એનું ચિંતન કરનાર પર સત્-ચિત્-આનન્દ સ્વરૂપ શ્રીદત્ત ભગવાન (ત્રણ ગુણોના અધિપતિ) પ્રસન્ન થઈ એને (ચિંતન કરનારને) સાયુજ્ય મુક્તિ આપે છે.

---

૧. સિંહના ભયથી હરણીએ પોતાના બચ્ચાને ત્યજી દીધું અને જીવ બચાવવા નાસી ગઈ. એ બચ્ચાનું રક્ષણ ભરતે કર્યું. પછી એ બચ્ચામાં સ્નેહાસક્તિ થઈ તેથી સતત એનું ધ્યાન રાખવાથી મૃત્યુ બાદ હરણનો જન્મ મળ્યો; પરંતુ યોગભ્રષ્ટ હોવાથી બીજા જન્મે મોક્ષ પામ્યો.

૨. સાત પાતાલઃ તલ, અતલ વિતલ, સુતલ, તલાતલ, રસાતલ, પાતાલ.

૩. चतुर्विधा जीवाः - स्वेदज (પરસેવામાંથી ઉત્પન્ન થનારાં) જેમને ચાંચડ, માંકડ આદિ; उद्भिज्ज - વનસ્પતિ,લતા, ઝાડ આદિ; अण्डज (ઈંડામાંથી જન્મતાં). પંખી વગેરે; जरायुज -મનુષ્યો, પશુઓ વગેરે.

૪. ઊર્ધ્વલોકઃ ભૂલોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપલોક, સત્યલોક.

# છઠ્ઠા અષ્ટકનો સાતમો અધ્યાય

# સૂર્યવંશનો ઉપક્રમ કરી શ્રીરામના ચરિત્રનું વર્ણન

૧. જેમાં (વિપ્રોને) પુષ્કળ દક્ષિણા આપવામાં આવી છે તેવા, દેવો સહિત ઈન્દ્ર માટે (ઈન્દ્રને પ્રસન્ન કરવા) કરેલા યજ્ઞો પર્યાપ્ત થતાં, જે સૂર્યવંશ ઉભય પ્રકારની સમૃદ્ધિ પામ્યો, તેનું વર્ણન અહીં કરાય છે.

૨. વિષ્ણુની નાભિમાંથી **બ્રહ્મા**, તેનાથી મરીચિ (જન્મ્યા); તેનાથી **કશ્યપ** અને તેનાથી અદિતિમાં **સૂર્યનો** જન્મ થયો; તેમાંથી શ્રાદ્ધદેવ (વિવસ્વત) મનુ થયા.

૩. પુત્રકામના માટેની ઈષ્ટિમાં (રાણીની અનુમતિથી) હોતાએ કરેલા ઊલટ-સુલટ આચારથી) મનુને **ઈલા** નામે પુત્રી થઈ, (પરંતુ) મનુએ ભારે તપશ્ચર્યાથી તેને પુરુષ બનાવી દીધો.

૪. પ્રિયાને (પાર્વતીને) પ્રસન્ન કરવા શંકરે આપેલા શાપાવાળા વનમાં[૧] પ્રવેશ કરવાથી તે સુદ્યુમ્ન ઘોડેસ્વાર સૈનિકો સાથે ફરીથી સ્ત્રી બની ગયો.

૫. તેમાં (સ્ત્રી બનેલા સુદ્યુમ્નમાં) બુધથી પુરુરવા જન્મ્યો; પછી ગુરુ (બૃહસ્પતિ) ના પ્રયત્નથી તે રાજા સુદ્યુમ્ન એક મહિનો સ્ત્રી અને એક મહિનો **પુરુષ** તરીકે રહેવા લાગ્યો.

૬. થી ૭. તેના (સુદ્યુમ્નના) ઉત્કલ વગેરે પુત્રો થયા, જે દક્ષિણના પ્રદેશના રાજાઓ બન્યા; (જ્યારે) મનુએ ઉગ્ર તપ કરી (બીજા) ઈક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરૂષ, પૃષધ્ર, નાભાગ, કવિ અને નરિષ્ય નામે પિતૃસેવાપરાયણ દશ પુત્રો ઉત્પન્ન કર્યા.

૮. ત્યારબાદ પૃષધ્રે ગોહત્યાની જાણ થતાં (ભગવાન) વિષ્ણુની ભક્તિ કરતાં કરતાં, (અને વનમાં) દાવાગ્નિથી શરીર બળી જતાં, જીવન્મુક્ત બની પરમપદ મેળવ્યું.

૯. કવિ (તો) બાળપણથી વૈરાગ્ય સંપન્ન હતો, (તેથી) એણે પ્રારબ્ધને ભોગવીને વિષ્ણુના ધામને મેળવ્યું; જ્યારે **કરૂષથી કારૂષ** નામના રાજાઓ પેદા થયા, જેઓ અન્તરના (એ નામનો પૃથ્વીનો વિભાગ) રાજાઓ બન્યા.

૧૦. ધૃષ્ટથી સુમક્તિ વગેરે બ્રાહ્મણો (ઉત્પન્ન) થયા; નૃગ બેદરકારીથી દાનમાં આપેલી ગાયનું ફરીથી બ્રાહ્મણને દાન કરવાથી (કાંચીડો નામે) પક્ષી બન્યો, પરંતુ કૃષ્ણની કૃપાથી મોક્ષ પામ્યો.

૧૧. નરિષ્યથી ચિત્રસેન વગેરે (પુત્રો) અને દિષ્ટથી નાભાગ જેમાં પ્રથમ છે તેના (પુત્રો) થયા, જેના કુલમાં તે મરુત જન્મ્યો જેનો યશ શ્રુતિમાં ગવાયો છે.

૧૨. બીજે દિવસે અંગિરસના યજ્ઞમાં શર્યાતિએ મુખ વડે કરેલા અપરાધની શાંતિ માટે પોતાની પુત્રી સુકન્યાને અતિશય વૃદ્ધ ચ્યવન ઋષિને આપી. ચ્યવને અશ્વિનીકુમારો પાસેથી યૌવન મેળવ્યું. (તેના બદલામાં) ચ્યવને (વજ્રસ્તંભન કરી) ઈન્દ્રનો ગર્વ હરી લઈ, તે બંને (અશ્વિનીકુમારોને) યજ્ઞમાં ભાગ (નક્કી કરી) આપ્યો. આ દૃષ્ટિ આપનારનું[૩] ચરિત્ર પ્રસિદ્ધ છે.

૧૪. શર્યાતિને ત્યાં આનર્ત વગેરે પુત્રો ઉત્પન્ન થયા; આનર્તનો રૈવત નામે પુત્ર થયો; આનર્ત દેશના રાજા એવા એના (રૈવતના) સો પુત્રો તથા રેવતી વગેરે કન્યાઓ થઈ.

૧૫. બ્રહ્માની સંમતિથી એણે (રૈવતે) તેનું (રેવતીનું) લગ્ન વસુદેવના પુત્ર **બલરામ** સાથે કર્યું જે (વાત) નભગ એવા નાભાગે અંગિરસના છઠ્ઠા યજ્ઞમાં કહી.

---

૧. જે આ વનમાં પ્રવેશ કરશે તે સ્ત્રી બની જશે એવો શાપ શંકરે આપેલો તે વનમાં

૨. मरुतः परिवेष्टारः मरुत्तस्याऽऽवसन् गृहे ।

૩. शर्यातिं च सुकन्यां च च्यवनं शुक्रमश्विनौ ।
भोजनान्ते स्मराम्येतान् यतश्चक्षुर्न हीयते ॥

૧૬. એનો અંબરીષ નામે વિષ્ણુભક્ત પુત્ર થયો; તેના **વિરૂપ** વગેરે પુત્રો થયા; વિરૂપનો **પૃષદશ્વ** નામે પુત્ર થયો, (અને) એનો પુત્ર[1] **રથીતર** નામે થયો.

૧૭. થી ૧૮. **ઈશ્વાકુના વિકુક્ષિ, નિમિ, દણ્ડ** વગેરે સો પુત્રો થયા; વિકુક્ષિનો (પુત્ર) **જય**, તેનો **અનેનસ્** (અને) તેનો પુત્ર **પૃથુ** નામે થયો; તેનો **વિશ્વરન્ધ્રિ** થયો, તેનો **ચન્દ્ર** થયો. તેનો **યુવનાશ્વ** નામે (પુત્ર) થયો. તેનો પુત્ર **શ્યાવ**, તેનો **બૃહદશ્વ**, (અને) તેનો **ધુન્ધુમાર** નામે (પુત્ર) થયો.

૧૯. થી ૨૦. તેનો પુત્ર **દૃઢાશ્વ**, તેનો **હર્યશ્વ**, તેનો **નિકુંભ**, તેનો **બર્હણ** (નામે પુત્ર) થયો; તેનાથી **નિકુંભ** (બીજો) અને તેનો **કૃશાશ્વ** (પુત્ર) થયો. તેનો **સેનજિત્** નામે (પુત્ર) થયો; તેનો **યૌવનાશ્વ** (પુત્ર) થયો. તેના[2] (યૌવનાશ્વના) પેટમાંથી ચક્રવર્તી રાજા **માન્ધાતા** પેદા થયો; તેના **પુરુકુત્સ**, **અંબરીષ** અને (દેવોના) સેનાપતિ **મુચુકુન્દ** થયા.

૨૧. થી ૨૨. **પુરુકુત્સનો ત્રસદ્-દસ્યુ** (પુત્ર), તેનો પુત્ર **અનરણ્ય** (નામે), તેનો **હર્યશ્વ** (નામે પુત્ર) થયો; તેનો **અરુણ** (નામે પુત્ર) થયો (અને) તેનો **આસ્યનિબંધન** (નામે) થયો; તેનો **સત્યવ્રત**, તેનો **ત્રિશંકુ** (નામે પુત્ર) થયો, જે હાલમાં (પણ) સ્વર્ગમાં રહેલો છે, તેનો (ત્રિશંકુનો) **હરિશ્ચંદ્ર** નામે ધર્મનિષ્ઠ (પુત્ર) થયો, જેની (સત્યપાલનની) કસોટી વિશ્વામિત્રે કરી હતી.

૨૩. એનો **રોહિત** (નામે પુત્ર) શ્રુતિમાં પ્રસિદ્ધિ પામ્યો છે; તેનો (રોહિતનો) **હરિત**, અને તેનો **ચમ્પક** (નામે પુત્ર) થયો; તેનો **સુદેવ**, તેનો **વિજ** (નામે પુત્ર), તેનો **ભરુક** (અને) તેનો **વૃક** તેનો **સગર** (નામે પુત્ર) થયો, જે અયોધ્યાનો ચક્રવર્તી રાજા બન્યો;

૨૫. ૨૬. ૨૭ થી ૨૮. એના (સગરના) સુમતિમાં (બીજી પત્નીમાં) સાગર નામે સાઠ હજાર પુત્રો થયા; જેઓએ સાગરનો વિસ્તાર કર્યો, (પરંતુ) પિતાના યજ્ઞનો ઘોડો એણે (કપિલે) હરી લીધો છે, એવી ભ્રાન્તિથી એને (કપિલને) હણવા તત્પર થતાં એના (કપિલના) ક્રોધથી બળી મર્યા; (હવે) અસમંજસના પુત્ર **અંશુમાને** કાકાઓને મૃત્યુ પામેલા જોઈ તેમનો ઉદ્ધાર કરવા તપ કર્યું, (પણ) મૃત્યુ પામ્યો, તેના પુત્ર **દિલીપે** પણ તેમ કર્યું (તપશ્ચર્યા કરી), તે પણ મરણ પામ્યો; તેના ધર્મનિષ્ઠ પુત્ર ભગીરથે પૂર્વજોના ઉદ્ધાર માટે (પાપીઓનાં) પાપ નાશ કરનારી ગંગાને પ્રયત્ન કરી સ્વર્ગમાંથી પૃથ્વી પર આણી; એનો (ભગીરથ) પુત્ર **શ્રુત** (નામે), તેનો **નાભ**, તેનો **સિન્ધુદ્વીપ** અને તેનો (પુત્ર) **આયત** થયો.

૨૯. થી ૩૦. એનો પુત્ર **ઋતુપર્ણ** થયો; તેનો **મિત્રસહ** થયો, જે ગુરુના શાપથી[3] બાર વર્ષ સુધી બ્રહ્મરાક્ષસ (ની યોનિમાં) રહ્યો અને (ફરીથી) બ્રાહ્મણનો[4] શાપ મેળવ્યો, (પરંતુ) વસિષ્ઠની કૃપાથી (શાપમાંથી) મુક્ત બન્યો. એનો (મિત્રસહનો) **અશ્મક** અને તેનો **મૂલક** (નામે પુત્ર) થયો.

૩૧. તેનો **દશરથ** તેનો **ઈડવિડ** (અને) તેનો **વિશ્વસહ** (નામે) થયો; તેનો (વિશ્વસહનો) **ખટ્વાંગ** નામે ચક્રવર્તી (પુત્ર) થયો, જેણે મુહૂર્તમાં જ મોક્ષ મેળવ્યો.[5]

---

૧. **ક્ષેત્રજાર્થ** : ક્ષેત્ર એટલે શરીર પૃષદશ્વનો ક્ષેત્રજ (શરીરમાંથી જન્મેલો) બાળક તે રથીતર.

૨. **યૌવનાશ્વે** યજ્ઞમાં પોતે ચરુભક્ષણ કર્યું તે કારણે તેને ગર્ભ રહ્યો અને તેના પેટમાંથી માન્ધાતા જન્મ્યો. એનો કેશિની (નામે પત્ની) માં નામ પ્રમાણે અર્થવાળો **અસમંજસ** નામે પુત્ર થયો.

૩. આ રાજાના કપટી સેવકે ગુરુને મનુષ્યનું માંસ ભોજનમાં આપ્યું તેથી ગુરુએ બાર વર્ષ બ્રહ્મરાક્ષસની યોનિમાં રહે એવો શાપ આપ્યો.

૪. બ્રાહ્મણ દંપતી રતિક્રીડા કરી રહ્યાં હતાં ત્યારે એણે બ્રાહ્મણનો વધ કર્યો તેથી બ્રાહ્મણીએ 'તું મૈથુન કરતાં મરીશ' એવો શાપ આપ્યો.

૫. એક મુહૂર્ત આયુષ્ય બાકી છે એવું જાણી બ્રહ્મજ્ઞાન મેળવી મુક્તિ પામ્યો.

૩૨. પછી તેનો (ખટ્વાંગનો) દીર્ઘબાહુ અને તેનો રઘુ (નામે પુત્ર) થયો જે સાર્વભૌમ રાજા બન્યો; તેનો (રઘુનો) અજ (અને) તેનો (પુત્ર) દશરથ (નામે) થયો; ભગવાન વિષ્ણુ (અજન્મા) તેના (દશરથના) ચાર બાળકો (રામ-લક્ષ્મણ-ભરત-શત્રુઘ્ન) તરીકે પધાર્યા.

૩૩. થી ૩૪. (પ્રયોજન હોવાથી બીજી કથા પૂ. લેખકશ્રી રજૂ કરે છે): પુલસ્ત્યે (તૃણબિન્દુની પુત્રીમાં) વિશ્રવાને ઉત્પન્ન કર્યો; તેણે સંધ્યાકાલે કૈકસી (એની પત્ની) સાથે રતિક્રીડા કરી, તેથી જે ત્રણ (પુત્રો) થયા તે (અનુક્રમે) દશમુખવાળો રાક્ષસ રાવણ, કુંભકર્ણ અને શાંત ચિત્તવાળો ચિરંજીવી વિભીષણ. રાવણે બ્રહ્માની આરાધના કરી સરલતાથી અમરત્વ પ્રાપ્ત કર્યું.

૩૫. એણે (રાવણે) દેવોને ગુલામ બનાવ્યા; લંકામાં રહ્યો હોવા છતાં ત્રણે લોકને કાંટારૂપ બની ગયો; તેના ભારથી દબાયેલી પૃથ્વી દેવો સાથે બ્રહ્માને શરણે ગઈ.

૩૬. બ્રહ્માએ પણ તેમની સાથે ક્ષીર-સમુદ્રમાં જઈ તે વિષ્ણુની સ્તુતિ કરી તેમને પ્રસન્ન કર્યા અને પ્રસન્ન થયેલા તેમણે પણ કહ્યું, "હું દશરથ (आज)[1]ના ચાર પુત્ર તરીકે જન્મ લઈશ."

૩૭. તે સાંભળીને બ્રહ્માએ દેવોને કહ્યું, "તમે પણ વાનર બની વિષ્ણુને મદદ કરો." આમ તેઓ પણ તે પ્રમાણે (વાનર) તરીકે જન્મ્યા.

૩૮. સંતતિ વિનાના દશરથે ઋષ્યશૃંગ અને વસિષ્ઠને 'વરણ' કરી પુત્રકામેષ્ટિ યજ્ઞ કર્યો, જેમાં સાક્ષાત્ અગ્નિનારાયણ પ્રગટ થયા.

૩૯. અગ્નિએ સુવર્ણના પાત્રમાં પાયસ આપી (દશરથને) કહ્યું, " હે રાજન્ ! આનાથી તારે ત્યાં અજન્મા કેશવ ચાર પુત્રરૂપે વહેંચાઈને આવશે.

૪૦. પછી ઋષિ (વસિષ્ઠાદિ) ની આજ્ઞાથી રાજાએ કૌશલ્યા (પટરાણી) ને અને કૈકેયીને ચરુ આપ્યો; તે બંનેએ પોતાના પાયસમાંથી અડધો અડધો અંશ અને સુમિત્રાને (પણ) આપ્યો.

૪૧. પછી (ત્રણે) રાણી ગર્ભવતી બની અને કાંતિમાં દેવી જેવી દેખાવા લાગી; હવે યોગ્ય સમયે ચૈત્ર માસની (શુક્લ) નવમીને દિવસે કૌશલ્યાએ પુત્રને જન્મ આપ્યો.

૪૨. પુનર્વસુ નક્ષત્રમાં અને જ્યારે પાંચ ગ્રહો અસ્ત ન પામેલી સ્થિતિવાળા અને ઉચ્ચ રાશિના[2] હતા અન કર્ક નો ઉદય થયો હતો તે સમયે પહેલાં આપેલા વરદાનનું સ્મરણ કરી ભગવાન વિષ્ણુ પોતાના સ્વરૂપમાં પ્રગટ થયા.

૪૩. મા કૌશલ્યાએ પ્રાર્થના કરી અને અખિલ વિશ્વના ઈશ્વર ઈન્દ્રનીલ (મણિ) જેવી કાંતિવાળા રાજાનાં ચિહ્નોથી અંકિત સુંદર (માનવ) દેહવાળા બાળક બની ગયા.

૪૪. કૈકેયીએ એક અને સુમિત્રાએ બે (બાળક) ને જન્મ આપ્યો; રાજાએ (દશરથે) જાતકર્મ સંસ્કાર કર્યા અને બ્રાહ્મણોને ગાયો, ભૂમિ, સુવર્ણ વગેરેનું આનંદપૂર્વક દાન કર્યું:

૪૫. (કૌશલ્યા-પુત્ર) રામ સૌથી મોટા, ભરત કૈકેયીના પુત્ર બીજા અને (પછી) લક્ષ્મણ અને શત્રુઘ્ન (સુમિત્રાના પુત્રો) અન્વર્થક[3] નામોથી સંસ્કારાયેલા હતા.

૪૬. પાયસના અંશાને અનુસરી રામ સાથે લક્ષ્મણ અને ભરત સાથે શત્રુઘ્ન એમ યુગલજોડીમાં તેઓ ફરતા હતા.

૪૭. હવે યોગ્ય સમયે વસિષ્ઠે તેમને ઉપનયન સંસ્કાર આપ્યા અને સારું શિક્ષણ આપ્યું; વેદ, શાસ્ત્ર અને કલાઓના ઉત્તમ જ્ઞાતા બની તેઓ માનવીય લીલા કરવા લાગ્યા.

---

૧. अजस्य गोत्रापत्यम् आजः અજના ગોત્રમાં ઉત્પન્ન થયેલ પુત્ર (દશરથ).

૨. પૂ. લેખકશ્રી ટીકામાં જણાવે છે કે મેષમાં સૂર્ય, કર્કમાં ગુરુ, તુલામાં શનિ, મકરમાં મંગલ અને મીન રાશિમાં શુક્ર ગ્રહો શ્રીરામના જન્મ સમયે હતા.

૩. 'રમણ કરનારા' રામ, 'ભરણ કરનારા' ભરત, 'લક્ષણોથી યુક્ત' લક્ષ્મણ અને 'શત્રુઓને હણનાર' શત્રુઘ્ન.

૪૮. જ્યારે વિશ્વામિત્ર ધનુર્યાગમાં (રામને) લઈ ગયા ત્યારે ઋષિની આજ્ઞાથી, લક્ષ્મણની સાથે રામે માર્ગમાં તાટિકાને હણી અને (પછી) સુબાહુનો વધ કર્યો.

૪૯. (જ્યારે) લક્ષ્મણે બાળપણમાં જ (પોતાના) બાણથી મારીચને સો યોજન દૂર સુધી ભમાવીને દરિયામાં ફેંક્યો અને બાકી રહેલા રાક્ષસોને હણી નાખ્યા.

૫૦. ઈન્દ્ર સાથે રમણ કરવાથી દૂષિત બનેલી (પોતાની) પત્નીને (અહલ્યાને) શાપ આપેલો અને (તેથી) પથ્થરરૂપે બનેલી હોવા છતાં તેને રામે (ચરણની) ધૂળથી પહેલાંના જેવી (શુદ્ધ) બનાવી દીધી.

૫૧. જનકના ઘેર જઈ તેણે (રામે) ઈશ્વર (શંકર) જેવું (શક્તિશાળી) (શિવનું) ધનુષ્ય રાજાઓના અભિમાન સાથે તોડી વિજયશ્રી સાથે સીતાનું વરણ કર્યું.

૫૨. ત્યાં (મિથિલામાં) જ ભેગા થયેલા બધા ભાઈઓનાં લગ્ન થયાં; પત્ની (સીતા)ની સાથે અયોધ્યા જતાં (માર્ગમાં) રામે પરશુરામના ગર્વને પણ હણ્યો.

૫૩. સત્યના વચનથી બંધાયેલા[૧] પિતાની આજ્ઞા માથે ચઢાવી, લક્ષ્મણ અને પત્ની (સીતા) સાથે તેમણે (રામે) ચૌદ વર્ષ વનમાં વિચરણ કર્યું.

૫૪. ચિત્રકૂટ પર્વત પર ભરદ્વાજે (ઋષિએ) એમની (રામની) પૂજા કરી, વાલ્મીકિએ (એમનો) સત્કાર કર્યો; ભરતને નીતિ દ્વારા આશ્વાસન આપી મૃત્યુ પામેલા પિતાને સદ્‌ગતિ આપી.

૫૫. અત્રિ ઋષિના આશ્રમમાં જઈ શ્રીદત્તની સંમતિ મેળવી અને વિજય માટે આશીર્વાદ પ્રાપ્ત કરી, વિરાધને સદ્‌ગતિ આપી અને દણ્ડકારણ્યમાં વાસ કર્યો.

૫૬. ભાઈ (લક્ષ્મણ) પાસે રાવણની બેન શૂર્પણખાને બેડોળ બનાવડાવી, સામે થયેલા ખર વગેરે સેંકડો રાક્ષસોને હણ્યા.

૫૭. જ્યારે નાના ભાઈ (લક્ષ્મણ) સાથે રામ દૂર ગયા હતા ત્યારે સુવર્ણના હરણનું રૂપ ધારણ કરનાર મારીચની સહાયવાળા રાવણે યતિ બનીને બળજબરીથી સીતાજીનું અપહરણ કર્યું.

૫૮. તેના વિયોગમાં પીડાતા રામે જટાયુને મોક્ષ આપ્યો, પછી તેનું રાક્ષસે અપહરણ કર્યું છે એમ જાણી, તેને શોધવા દક્ષિણ દિશામાં રામ ગયા.

૫૯. કબંધનું રક્ષણ કરનાર, શબરીથી પૂજાયેલા તેમણે (રામે) હનુમાનના વચને સુગ્રીવ સાથે મિત્રતા બાંધી, તેની (સુગ્રીવની) સ્ત્રીનું અપહરણ કરનાર વાલિનો વધ કર્યો.

૬૦. થી ૬૧. સુગ્રીવે સીતાની શોધ માટે અનેક વાનરોને મોકલ્યા; તેમાં હનુમાન સો યોજન વિસ્તારવાળા સમુદ્રને ઉલ્લંઘી લંકામાં પહોંચ્યા; (ત્યાં) સીતાજીને જોયાં, (એમની સાથે) વાત કરી, વન (અશોકવન) ભાંગ્યું, રાક્ષસ (રાવણ) સાથે વાગ્યુદ્ધ કર્યું અને લંકાને બાળી, (રાવણના) ચોથા ભાગના સૈન્યને હણીને પાછા ફર્યા.

૬૨. થી ૬૩. તેણે (હનુમાને) જે કર્યું હતું તે બધું રામને જણાવ્યું, (અને) પછી ભાઈ સુગ્રીવ અને અઢાર પદ્મ[૨] સારા વાનરો સાથે જઈ અને (સમુદ્ર પર) સો યોજન લાંબો સેતુ બાંધી, રામેશ (એ નામના મહાદેવનું લિંગ) ની સ્થાપના કરી, વિભીષણે જેની સેવા કરી છે એવા રામે લંકામાં આવી ઘેરો ઘાલ્યો.

૬૪. આખા કુલ સાથે રાવણને હણીને, વિભીષણને (લંકાનું) રાજ્ય સોંપીને, તે (રામ) પત્ની (સીતા), ભાઈ (લક્ષ્મણ) અને વાનરો સાથે પુષ્પક (વિમાન) માં (પોતાના) નગર (અયોધ્યા) માં ગયા.

---

૧. યુદ્ધભૂમિ પર દશરથે કૈકેયીને કહેલું કે 'તારું જે કંઈ અભીષ્ટ હશે તે પ્રમાણે હું કરીશ' - એ વચનને સત્ય કરવા રૂપી બંધનથી દશરથ બંધાયેલ હતા.

૨. ૧૦ લાખ કરોડ.

૬૫. મુનિઓ વડે જેનો રાજ્યાભિષેક થયો છે, દેવોએ જેની સ્તુતિ કરી છે, ભાઈઓએ જેને માન આપ્યું છે એવા રામે પ્રજાનું રંજન કરતાં કરતાં દસ હજાર વર્ષ સુધી શાસન કર્યું.

૬૬. સીતાજી શુદ્ધ (સાધ્વી) હતાં, ગર્ભવતી હતાં છતાં નિંદા દોષને લીધે એમનો (રામે) ત્યાગ કર્યો; તેણે વનમાં કુશ અને લવને જન્મ આપ્યો; વાલ્મીકિએ (તે બંનેનું રામ સાથે) મિલન કરાવ્યું.

૬૭. થી ૬૮. રામ વડે દિવ્ય (કસોટી) પામેલી સીતા પ્રથમ અને પછી બંને પુત્રોને રાજ્ય સોંપી પરિવાર સાથે રામ પણ વૈકુંઠમાં ગયા અને અહીં (ભૂલોક પર) પાપનો નાશ કરનારી રામાયણ નામની કીર્તિને મૂકતા ગયા. આ પ્રમાણે પવિત્ર અને પાવનકારી સૂર્યવંશનું સંક્ષેપમાં (અહીં) વર્ણન કર્યું છે.

# છઠ્ઠા અષ્ટકનો આઠમો અધ્યાય

## ચંદ્રવંશનું વર્ણન

૧. (અન્યને) પાવન કરનાર જે ચંદ્ર સ્વર્ગમાં રહેલો છે, તેના વંશનું હવે અહીં વર્ણન કરાય છે, જેના વડે (જે વંશમાં) **શ્રીદત્ત**નો અનુગ્રહ પામેલાને બંને પ્રકારની ઋદ્ધિ પ્રાપ્ત થઈ, તે સ્પષ્ટ છે.

૨. આ વંશમાં જ ભગવાન **શ્રીકૃષ્ણ** બધી કલાઓ સાથે અવતીર્ણ થયા,[1] તેમજ ઘણા કીર્તિ સંપાદન કરેલા અને વિજયી બનેલા રાજાઓ (પણ) થઈ ગયા છે.

૩. વિષ્ણુના પુત્ર **બ્રહ્મા**, તેના (બ્રહ્માનો) પુત્ર **અત્રિ**, તેનો ચંદ્ર, (ચંદ્રથી) ગુરુપત્નીમાં બુધ થયો; તે પછી (બુધથી) ઈલામાં **પુરૂરવા** થયો (જે **ઐલ** પણ કહેવાય છે); તે (ભરત મુનિના) શાપથી ભ્રષ્ટ થયેલી ઉર્વશી[2]માં આસક્ત બન્યો.

૪. જે બંનેની (પુરૂરવા - ઉર્વશીની) કીર્તિ વેદનારાયણે (પણ) ગાઈ છે, તેમના **આયુ**, **શ્રુતાયુ**, **સત્યાયુ**, **અય**, **વિજય** અને **જય** નામે છ કીર્તિમાન પુત્રો થયા.

૫. ક્રમપૂર્વક તેમના પુત્રો **નહુષ**, **વસુમાન**, **શ્રુતંજય** એક, **ભીમ**, **અમિત** થયા. ભીમનો કાંચન અને તેનો હોત્રક (નામે પુત્ર) થયો.

૬. તેનો પુત્ર **જહ્નુ** થયો, જેણે સ્વર્ગની ગંગાનો કોળિયો કરી (પેટમાં ઉતારી દીધી) હતી; તેનાથી (જહ્નુથી) **પુરુ**, તેનો **બલાક**, એનો (પુત્ર) **અજક** (અને) એનો **કુશ** (નામે) થયો.

૭. એનો **કુશાંબુ**, એનો પુત્ર **ગાધિ** (નામે રાજા) થયો, જેની પુત્રી સત્યવતી (થઈ), જેને ભૃગુકુળનો **ઋચીક** અશ્વોરૂપી શુલ્ક આપીને પરણ્યો.

૮. તે બેનો પુત્ર **જમદગ્નિ** થયો અને યજ્ઞમાં ચરુભક્ષણના અદલા-બદલાથી, એમનો પૌત્ર **રામ** (પરશુરામ) (બ્રાહ્મણ હોવા છતાં) ક્ષાત્રધર્મ પાળતા) રાજા જેવો બન્યો, જેણે ઉદ્ધત ક્ષત્રિયોનો વધ ક્ર્યો.

૯. જેની શૌનશેપવહત્તિ અને તપોબલથી (પ્રાપ્ત) બ્રહ્મર્ષિપદ (શ્રુતિમાં) ગવાયેલ છે, જે યોગબળથી ગાયત્રીમંત્ર ના દૃષ્ટા થયા તે **વિશ્વામિત્ર**[3] **ગાધિ**[4] ના પુત્ર હતા.

---

૧. તેથી कृष्णस्तु भगवान् स्वयम् કહેવાય છે.

૨. એક વેળા પૃથ્વી પર ફરવા આવેલી **ઉર્વશીને કેશી** દાનવ ઉપાડી ગયો; તેને **પુરૂરવા** એ છોડાવી; તે તેના પ્રેમમાં પડી; પછી સ્વર્ગમાં ગયા બાદ ઈન્દ્રના દરબારમાં નૃત્યવેળા, ઉર્વશીથી **પુરુષોત્તમ** ને બદલે **પુરૂરવા** બોલાયું; તેથી ભરત મુનિએ "તું પૃથ્વી પર પડ" - એવો શાપ આપ્યો; પૃથ્વી પર ઉર્વશી પુરૂરવા પરણ્યાં.

૩. विश्वस्य ह वै मित्रं विश्वामित्र आस । ऋग्वेद (શ્રુતિ).

૪. ગાધિની પત્નીએ બ્રાહ્મણ માટેનો ચરુ ખાધો તેથી ક્ષત્રિય હોવા છતાં એની કૂખે વિશ્વામિત્ર જન્મ્યા, જે રાજર્ષિ હોવા છતાં તપશ્ચર્યાથી બ્રહ્મર્ષિ બન્યા, જ્યારે ગાધિની દીકરીએ ક્ષત્રિયનો ચરુ ખાધો જેથી (પ્રાર્થના કરવાથી પુત્ર ક્ષત્રિય તો ન બન્યો, પરંતુ પૌત્ર) રામ ક્ષત્રિયધર્મવાળો બન્યો.

૧૦. આ (વિશ્વામિત્ર) ક્ષત્રિય હોવા છતાં બ્રાહ્મણો અને રામ (પરશુરામ) બ્રાહ્મણ હોવા છતાં ક્ષત્રિય બન્યા; આ તો તેમની માતાઓએ કરેલી ચરુભક્ષણની અદલા-બદલીનું ફળ છે.

૧૧. આયુના નહુષ વગેરે પાંચ પુત્રો થયા. **ક્ષત્રવૃદ્ધ થી સુહોષક** (નામે) પુત્ર થયો; તેના પુત્રો **કાશ્ય, કુશ, ગૃત્સમદ** થયા. એનો **શુનક** નામે પુત્ર ઋષિ થયો.

૧૨. **કાશ્ય** નો **કાશિ**, તેનો (પુત્ર) **રાષ્ટ્ર**, તેનો **દીર્ઘતમા**, તેનો **રુજ્ઞ**, તેનો **ધન્વંતરિ**, તેનો **કેતુ** અને તેનો **ભીમ** (નામે પુત્ર) થયો.

૧૩. થી ૧૪. તેનો (ભીમનો) **દિવોદાસ** (નામે પુત્ર) અને તેનો **દ્યુમાન્** થયો; તેનો (પુત્ર) **કુવલયાશ્વ** થયો, જેની પત્ની મદાલસાએ મૃત્યુ પામી છતાં ભગવાન દત્તથી (દત્તકૃપાથી) જીવતી થઈ, (અને) દરેક જન્મેલા પુત્રને તત્વજ્ઞાનથી આત્મસાક્ષાત્કારી બનાવ્યા; તેમાં **અલર્ક સમ્રાટ** બની રાજ્ય કર્યું. તે પછી યોગી બન્યો.

૧૫. તેણે (અલર્કે) **છાસઠ હજાર** વર્ષ રાજ્ય કર્યું પછી **શ્રીદત્તે** તેનો ઉદ્ધાર કર્યો; તેનો (પુત્ર) **સંતતિ** અને તેના મહાબુદ્ધિશાળી (પુત્રો) **સુનીથ** વગેરે થયા.

૧૬. કચે જેને શાપ[1] આપ્યો છે તે શુક્રાચાર્યની પુત્રી દેવયાની સાથે નહુષના પુત્ર **યયાતિએ** લગ્ન કર્યું અને તેની સેવા કરવા, અપરાધી બનેલી **શર્મિષ્ઠાને** (સ્વીકારી).[2]

૧૭. (યયાતિને) દેવયાનીથી **યદુ** અને **તુર્વસુ** (પુત્રો) થયા, બીજીથી (શર્મિષ્ઠાથી) **અનુ, દ્રુહ્યુ** અને **પુરુ** થયા. **પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ**[3] થયેલા રાજા (યયાતિ) ને શુક્રાચાર્યે 'ઘરડો થા' એવા શાપ આપ્યો.

૧૮. પુરુએ કામુક પિતાની (યયાતિની) તે વૃદ્ધાવસ્થા આનંદથી અપનાવી લીધી. રાજાએ (યયાતિએ) એક હજાર વર્ષ સુધી ભોગ ભોગવ્યા અને પછી દૈવયોગે વીતરાગ બન્યો.

૧૯. થી ૨૦. (ત્યારે) તેણે ભાર્ગવીને એક બકરીની વાર્તા કહી તેમાં આ ઉત્તમ શ્લોક છે કે "મા, બેન કે પુત્રી સાથે પણ માણસે અલગ આસન રાખવું, કારણ ઇન્દ્રિયોનો સમૂહ એવો તો બળવાન છે કે જ્ઞાનીપુરુષને પણ આકર્ષે છે." (હવે યયાતિએ) તે વૃદ્ધાવસ્થાને ફરી સ્વીકારી લઈ, તેને (પુરુને) પહેલાંનું (યુવાન) વય પાછું આપ્યું.....

૨૧. બધા ભોગ ઉપભોગમાંથી વિરક્ત બની રાજ્યના વિભાગ પાડીને બધા પુત્રોને રાજ્ય સોંપીને, જ્ઞાન સંપાદન કરી, (વિષ્ણુ ભગવાનનું) આશ્રય એવું ઉત્તમ પદ (તેજ) પામ્યો.

૨૨. થી ૨૩. પુરુનો (પુત્ર) **જન્મેજય** થયો, તેનો **પ્રચિન્વાન્** (નામે પુત્ર), તેનો **પ્રવીરક**, તેનો **નમસ્યુ**, તેનો **ચાર્વદિ**, તેનો **સુદ્યુ**, તેનો **બહુગુ** તેનો **સંયાતિ**, તેનો **અહંયાતિ**, અને એનો **રૌદ્રાશ્વ** (નામે પુત્ર) થયો, જેણે (રૌદ્રાશ્વે) **ઘૃતાચિ** (નામે અપ્સરા) થી **ઋતેયુ** વગેરે દશ પુત્રો મેળવ્યા.

---

૧. બૃહસ્પતિપુત્ર કચ શુક્રાચાર્યનો શિષ્ય બની મૃતસંજીવની મંત્ર શીખવા રહ્યો; શુક્રાચાર્યની પુત્રી દેવયાની તેના પ્રેમમાં પડી અને લગ્ન માટે માગણી કરી. કચને તેને બેન (અને મા પણ) ગણી હોવાથી ના પાડી. દેવયાનીએ કચને શાપ આપ્યો: 'તું મંત્ર ભૂલી જઈશ'. કચે દેવયાનીને શાપ આપ્યો, 'તને વૃદ્ધ રાજા પરણશે.'

૨. શર્મિષ્ઠાએ ભૂલમાં દેવયાનીનું વસ્ત્ર પહેર્યું. તેણે મોકો મળતા દેવયાનીને કૂવામાં ફેંકી દીધી તે અપરાધ.

૩. શર્મિષ્ઠાને દાસી તરીકે સાથે લીધી ત્યારે યયાતિએ શુક્રાચાર્ય પાસે પ્રતિજ્ઞા લીધી કે 'હું શર્મિષ્ઠા સાથે શરીર સંબંધ નહીં બાંધુ'; પરંતુ પછી તે શર્મિષ્ઠામાં આસક્ત થઈ તેનો ઉપભોગ કરવા લાગ્યો. આમ પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થયો તેથી શુક્રાચાર્યે 'ઘરડો થા' શાપ આપ્યો.

---

૨૪. એ ઋતેયુનો (પુત્ર) રન્તિભાર (નામે) થયો, તેના સુધી, અપ્રતિરથ અને ધ્રુવ (ત્રણ પુત્રો) થયા; વચલા પુત્ર (અપ્રતિરથ) ને ત્યાં મેધાતિથિ, પ્રસ્કણ્વ વગેરે મહર્ષિઓ જન્મ્યા.

૨૫. થી ૨૬. સુધીનો રૈભ્ય, તેનો દુષ્યન્ત (નામે પુત્ર) થયો, જે (વનમાં) શિકાર ખેલતાં, તપસ્વી વિશ્વામિત્રથી મેનકા (નામે અપ્સરા)માં જન્મેલી અને કણ્વના આશ્રમમાં રહેતી, પત્નીઓમાં (અન્ય રાણીઓ કરતાં) રત્ન જેવી શકુન્તલાને ગાન્ધર્વવિધિથી પરણ્યો અને તેનાથી મહાન (પુત્ર) ભરત ઉત્પન્ન થયો.

૨૭. જેના (ભરતના) જમણા હાથમાં ચક્ર (સુદર્શન ચક્ર) નું ચિહ્ન અને બંને પગમાં કમળનું ચિહ્ન હોઈ સમ્રાટ રાજા થયો અને વિધિપૂર્વક યજ્ઞ કરનારો થયો (જેથી) તેનો યશ શ્રુતિઓમાં ગવાયો છે.

૨૮. એના જેવા (પતિ જેવા) મહાન કર્મ કરનાર પુત્રો થયા નહીં અને થશે નહીં (તેવી ગણતરીથી) એની (ભરતની) પત્નીઓએ (સરખામણીમાં) તેના જેવા (પતિ જેવા) ન હતા તે પુત્રોને પતિથી ડરી જઈને હણી નાખ્યા.

૨૯. યજ્ઞ દ્વારા પરિતૃપ્ત કરાયેલા દેવોએ[1] રાજાને ભરદ્વાજ[2] (યજ્ઞાગ્નચરુ) આપ્યો; ત્યારબાદ (એનાથી) (એના ભાઈ ઉતથ્યની) ગર્ભિણી (બનેલી પત્ની) પ્રજાવતીમાં જીવ (બાળક) રમમાણ કરવા લાગ્યો.

૩૦. (હવે પતિના ભાઈથી) ગર્ભ રહ્યો તેથી ભયથી તેનો (ગર્ભનો) ત્યાગ કરવા તેણે (પ્રજાવતીએ) ઈચ્છા કરી, (ત્યારે) દેવોએ તેને કહ્યું, "હે મૂર્ખ (સ્ત્રી)! આ દ્વાજ[3] (અર્થાત્) બે થી (પતિ અને પતિના ભાઈ) જન્મનાર (ગર્ભ) ને ધારણ કર;" હે બૃહસ્પતિ! આ દ્વાજને ધારણ કરો (રક્ષણ કરો - પોષણ કરો).

૩૧. આ પ્રમાણેની વાણીથી જે ભરદ્વાજ થયો તે જ ભારત નામે દત્તક પુત્ર થયો; (કારણ) આ સાહાયક રીતે માતા-પિતાથી (ઉતથ્ય અને એની પત્નીથી) ત્યજાયેલ તેને દેવોએ ધારણ કરી, તેને (ભરતને) હર્ષથી આપ્યો.

૩૨. થી ૩૩. આ વિતથવંશમાં ઉત્પન્ન થયો તેથી વિતથ (કહેવાયો), તેનો (પુત્ર) મન્યુ, તેના બૃહત્ક્ષત્ર, મહાવીર્ય, નર, ગર્ગ અને જય (નામે પુત્રો) થયા; પછી નરનો (પુત્ર) સંકૃતિ, તેના રંતિદેવ અને ગુરુ (નામે) પવિત્ર (પુત્રો) થયા. મહાબળશાળી ક્ષત્રિય ગર્ગથી બ્રાહ્મણ જાતિના (પુત્રો) જન્મ્યા.

૩૪. બૃહત્ક્ષત્રથી હસ્તિનાપુરનો (પ્રથમ) રાજા હસ્તી ઉત્પન્ન થયો; તેના (હસ્તીના) પુરુમીઢ, અજમીઢ અને દ્વિમીઢ (નામે) થયા. વચલા (અજમીઢ) થી બૃહદિષુ (નામે પુત્ર થયો);

૩૫. (પછી) તેનો બૃહદ્ધનુ, તેનો બૃહત્કાય અને તેનો પુત્ર જયદ્રથ થયો; એનો વિશદ (નામે), અને તેનો સેનાજિત તથા રુચક વગેરે (પુત્રો) થયા.

૩૬. થી ૩૭. ધુમીઢથી વિપ્રજાતિના (પુત્રો), અજમીઢથી નીલ નેત્રહ્ન થયા; નીલનો (પુત્ર) શાંતિ, તેનો સુશાંતિ, તેનો પુરુજ, તેનો અર્ક તેનો (પુત્ર) ભાર્મ્યશ્વ થયો; તેના મુદ્ગલ વગેરે થયા, તેઓમાં જે સૌથી મોટો હતો તેનાથી પ્રતાપી ક્ષત્રિય દિવોદાસ થયો, તેનો મિત્રેયુ, તેનો ચ્યવન અને તેનો (પુત્ર) સુદાસ થયો.

૩૮. હવે તેનો (સુદાસનો) સહદેવ, તેનો સોમક, એનો પૃષત્ (નામે પુત્ર) થયો; તેનો દ્રુપદ, તેનાં (સંતાનોમાં) દ્રૌપદી (પુત્રી) અને ધૃષ્ટદ્યુમ્ન, પ્રથમ (પુત્ર) સાથે (અન્ય) પુત્રો થયા.

૩૯. થી ૪૦. હવે ઋક્ષમાંથી સંવરણ (જન્મ્યો), તેનો કુરુ, તેના જહ્નુ વગેરે થયા; એના જરાસંધ મુખ્ય અને અન્ય પુત્રો થયા, સુરથ એ જહ્નુપુત્ર હતો. સુરથનો પુત્ર વિદૂરથ, તેનો જયસેન, તેનો રાધિક થયો; તેનો યુત, તેનો ક્રોધન, એનો દેવાતિથિ (થયો);......

---

૧. મરુત - દેવ

૨. ભરદ્વાજમ્ = ભરત્ વાજમ્ (વીર્ય ભરેલું)

૩. દ્વાજમ્ = દ્વાભ્યાં જાતમ્ = બે થી જન્મેલું.

.૪૧. એનો (દેવાતિથિનો) ઋક્ષ્ય, તેનો દિલીપ, એનો પ્રતીપ અને એના શન્તનુ[1], બાહ્લીક અને યોગી દેવાપિ (નામે પુત્રો) થયા, (જ્યારે) બાહલીકથી સોમદત્ત થયો.

૪૨. તેના (સોમદત્ત) ભૂરિ વગેરે (પુત્રો) થયા; શન્તનુથી ગંગામાં ભીષ્મ (જન્મ્યો); અવિવાહિત અવસ્થામાં સત્યવતીમાં પરાશરથી વિષ્ણુના અંશ એવા વ્યાસ થયા. લગ્ન પછી શાન્તનુથી વિચિત્રવીર્ય થયો.

૪૩. થી ૪૪. તેના (વિચિત્રવીર્યના) વ્યાસથી (વિચિત્રવીર્યની પત્નીમાં) થયેલા બે ક્ષેત્રજ[2] ગોલક[3] પુત્રો-બે અશ્વિનોથી ધૃતરાષ્ટ્ર અને પાણ્ડુ હતા, જ્યારે પાણ્ડુના યમ, મરુત્ ઈન્દ્ર (પાંડુ પત્ની કુન્તામાં) ઉત્પન્ન થયેલા (અનુક્રમે) ધર્મરાજ, ભીમ, અર્જુન, અને પાણ્ડુપત્ની માદ્રીમાં જન્મલો નકુલ અને સહદેવ કુણ્ડ[4] હતા; અને એમના પુત્રો (હતા) જે યુદ્ધમાં હણાયા. અર્જુનથી અભિમન્યુ (જન્મ્યો); તેનો પુત્ર પરીક્ષિત ભગવાન વિષ્ણુનો પ્રિય (ભક્ત) બન્યો.

૪૫. એનો (પરીક્ષિતનો) રાજા જનમેજય થયો, જેણે કલિયુગમાં તક્ષક નાગ પિતા પરીક્ષિતને કરડ્યો તેનું વેર લેવા સર્પસત્ર કર્યો. ધૃતરાષ્ટ્રના દુર્યોધન વગેરે સો (પુત્રો) યુદ્ધમાં મરણ પામ્યા.

૪૬. પાણ્ડવો આવા[5] હોવા છતાં ભગવાન (કૃષ્ણ) ની ભક્તિથી પવિત્ર બની સ્વર્ગમાં ગયા; દ્રૌપદી પાંચ પુરુષોની પત્ની હોવા છતાં પતિવ્રતા અને બધાંથી (અથવા સર્વદ બધું આપનાર કૃષ્ણથી) હંમેશાં સન્માનિત બની.

૪૭. જનાર્દને (ભગવાન કૃષ્ણે) લાક્ષાગૃહ, ઝેર, ભયંકર વનવાસ, કપટભર્યું આચરણ, યુદ્ધકૌરવોએ કરેલા (આ સર્વ) ઉપદ્રવોથી પાંડવોનું રક્ષણ કર્યું.

૪૮. થી ૪૯. જેમનો સારથિ શ્રીકૃષ્ણ (પોતે) હોય, તેમનો પરાજય કઈ રીતે સંભવે ? અનુના (પુત્રો) સભ વગેરે, દ્રુહ્યુના બભ્રુ વગેરે, તુર્વસુ નો અગ્નિ, અને યદુ ના ચાર (પુત્રો) થયા; સહસ્રજિત્ નો (પુત્ર) શતજિત્ તેનો હૈહ્ય, તેનો ધર્મ, તેનો (પુત્ર) નેત્ર અને તેનો કુન્તિ (નામે) થયા.

૫૦. તેનો (કુંતિનો) સોહંજિ, તેનો પુત્ર મહિષ્માન્, તેનો ભદ્ર અને તેનો (પુત્ર) ધનક થયો; એનો કૃતવીર્ય એનો (પુત્ર) અર્જુન (સહસ્રાર્જુન) જે શ્રીદત્તનો ભક્ત (હતો); એના (અર્જુનના) અનેક (પુત્રો પરશુરામથી) હણાયા.

૫૧. (અર્જુનના પુત્રોમાં જીવતા) બાકી રહેલા મધુ (નામે પુત્ર) થી વૃષ્ણિ (જન્મ્યો); તેનાથી વાર્ષ્ણેય નામાભિધાનવાળું યાદવકુલ (ઉત્પન્ન) થયું; (તેમાંના) ક્રોષ્ટુનો (પુત્ર) વૃજિન્વાન, તેનો શ્વોહિ, અને તેનો રુશેકુ (પુત્ર) થયો.

૫૨. એનો (રુશેકુનો) ચિત્ર, એના શશબિંદુ જે યોગી થયો, તેનો અમિત, તેનો પૃથુશ્રવા થયો. એનો ધર્મ, એનો ઉશના અને તેનો રુચક (નામે પુત્ર) થયો.

૫૩. એનાથી (રુચકથી) જ્યામઘ, તેનો વિદર્ભ, તેનો ક્રથ અને તેનો (પુત્ર) કુન્તિ થયા; તેનો (કુન્તિનો) ધૃષ્ટિ, તેનો નિવૃત્તિ, તેનો પુત્ર દશાર્હ અને તેનો વ્યોમક થયો.

૫૪. એનો (વ્યોમકનો) જીમૂત, એનો વિકૃતિ, એનો ભીમરથ થયો; એનો (ભીમરથનો) નવરથ, એનો દશરથ, (અને) એનો શકુનિ (પુત્ર) થયો.

---

૧. શન્તનુથી ગંગામાં ભીષ્મ થયો; એની અન્ય પત્ની સત્યવતીમાં (જ્યારે અપરિણીત હતી ત્યારે) પરાશરથી વ્યાસ અને લગ્ન પછી શન્તનુથી વિચિત્રવીર્ય જન્મ્યો.

૨. પતિ સિવાય અન્ય પુરુષથી નિયોગદ્વારા (અથવા અન્ય રીતે) જે સંતાન જન્મે તે ક્ષેત્રજ કહેવાય (સ્ત્રી એ ક્ષેત્ર છે).

૩. પતિ મૃત્યુ પામ્યો હોય અને અન્ય દ્વારા નિયોગથી થયેલ સંતાન ગોલક કહેવાય.

૪. પતિ હયાત હોય અને બીજા પુરુષથી સંતાન થાય તે કુણ્ડ કહેવાય.

૫. વ્યાસથી નિયોગદ્વારા જન્મેલા (ગોલક) પુત્ર પાણ્ડુના પોતે તો યમ વગેરે દેવોથી જન્મેલા (કુણ્ડ) પુત્રો હતા, આમ પાંડવો ગોલક અને કુણ્ડ હતા !!

૫૫. તેનો (શકુનિનો) કરંભિ, એનો દેવરાત, એનો દેવક્ષેત્ર, એનો મધુ, એનો કુરવશ, એનો (પુત્ર) અનુ અને તેનો પુરુહોત્ર (નામે) થયો.

૫૬. તેનો (પુરુહોત્રનો) આયુ, તેનો સાત્વત, તેનો ભજમાન, એનો વૃષ્ણિ (થયો), તેનો યુધાજિત્, તેનો અનમિત્ર, એનો વૃષ્ણિ (અને) એનો વિદૂરથ (નામે પુત્ર) થયો.

૫૭. તેનો શૂર, તેનો ભજમાન, તેનો શિનિ, એનો સ્વયં ભોજ (વિખ્યાત રાજા), એનો હૃદીક (અને) એનો (પુત્ર) પુણ્યશાળી શૂર (નામે) થયો.

૫૮. એનો (પુત્ર) વસુદેવ, એના ઘણા (પુત્રો) થયા, જેમાં બલરામ અને કૃષ્ણ ભગવાન ગણાયા. વૃષ્ણિના અન્ય વંશમાં અન્ધક, ઉગ્રસેન, કંસ વગેરે ઘણા થયા.

૫૯. યદુના નલ અને અરિ નામના બે (પુત્રો) થયા, તેમનો વંશ પણ ઘણો મોટો થયો. (આ રીતે) ચંદ્રવંશનો વિસ્તાર સંક્ષેપથી અહીં બતાવ્યો છે.

૬૦. અહીં (આ વંશમાં) ઘણા યોગીવર્યો, શ્રેષ્ઠ રાજાઓ, અને પવિત્ર નામવાળા (પુરુષો) થઈ ગયા; અહીં જ ભગવાન વાસુદેવ થઈ ગયા.

૬૧. પરમાત્મા શ્રીકૃષ્ણના આ અવતારનું વર્ણન થયેલું જ છે; તેમના રુક્મિણી વગેરે પત્નીઓમાં જન્મેલા કામ (અનિરુદ્ધ) વગેરે ઘણા પુત્રો (હતા).

૬૨. ભગવાન શ્રીકૃષ્ણ (થયા એટલે તેમની સાથે સાથે) પૃથ્વીના ભારને હલકો કરવા (કૃષ્ણને સહાય કરવા) દેવો પણ જન્મ્યા, શ્રીકૃષ્ણની સેવા કરી, અંતે આત્મા સાથે તેઓ પોત-પોતાને ધામ ગયા.

૬૩. '(ભગવાન) વૈકુંઠમાં ગયા' - આવો (વાણીનો) વ્યવહાર તો માયિક જ છે; આજે પણ દ્વારકામાં અને મથુરામાં ભગવાન તો (આપણી) સાંનિધ્યમાં જ છે.

૬૪. થી ૬૭. તે જ પ્રમાણે (દશરથપુત્ર) શ્રીરામ અયોધ્યામાં (હાજરાહજૂર) છે. આ બે (શ્રીરામ અને શ્રીકૃષ્ણ) મનુષ્યોની બધી મનોકામનાઓ સંતોષનારા છે. જેવી રીતે પોતાના અંશરૂપ સૃષ્ટિમાં[1] એકમેવ ભગવાન શ્રીદત્તાત્રેય શોભી રહ્યા છે તે જ પ્રમાણે સૂર્યવંશ અને ચંદ્રવંશમાં (અનુક્રમે) શ્રીરામ અને શ્રીકૃષ્ણ (મનુષ્યની) મનોકામનાઓ સંતોષનારા (શોભી રહ્યા) છે. મનુવંશના ઘણા રાજાઓ સૂર્ય અને ચંદ્રના વંશમાં ઉત્પન્ન થયેલા છે, જેમણે ભગવાનની ઉત્તમ ભક્તિ કરી પોતાની સાયુજ્ય મુક્તિ મેળવી છે. હવે જેઓ આ નિર્ગુણ પરમાત્માનો સાક્ષાત્કાર કરવા સમર્થ નથી, (કારણ) પોતે મંદબુદ્ધિના, દુષ્ટ આચરણવાળા અને વિષયો પ્રતિ આકર્ષિત થયેલ મનવાળા હોય છે, તે બધા પર પણ સગુણ બ્રહ્મની ઉપાસનાથી (મોક્ષરૂપી) અનુકંપા (ભગવાન) કરે છે.

૬૮. આ અષ્ટકોથી (અષ્ટક ૩ થી ૬) ઉપાસના કાણ્ડનું નિરૂપણ કરવામાં આવ્યું છે; આનાથી, ભક્તિથી જ ગમ્ય બનનાર, ભક્તિ જેને પ્રિય છે એવા ત્રિગુણાધીશ્વર (શ્રીદત્ત) ભગવાન (મારા પર) પ્રસન્ન થાવ.

---

૧. મરીચિ, અત્રિ આદિ ઋષિઓ શ્રીદત્તના અંશ સ્વરૂપો.

# સાતમા અષ્ટકનો પહેલો અધ્યાય
# સુન્દ-ઉપસુન્દના ચરિત્રનું વર્ણન

૧. વિશ્વના કારણ, આદિ અને અન્ત વિનાના, ત્રણ (ગુણો) ના અધિપતિ, ભક્તિથી ભીંજાતા તે (ભગવાન) ને પ્રણામ કરી, તેમની પ્રેરણાથી કર્મકાણ્ડ કહું છું.

૨. અહિંસા વગેરે આઠ ગુણોથી સંપન્ન, નિયત કરેલાં કર્મો કરનારો બ્રાહ્મણ બ્રહ્મપદને મેળવે છે અને ફરી ત્યાંથી પતન પામતો નથી.

૩. જે (કર્મ) વેદમાં કહેવાયું છે તે ભક્તિ પૂર્વક અને જ્ઞાનથી કરવામાં આવે તો બલવત્તર બને છે; શબ્દપ્રમાણ (વેદ) કર્મોના ફલ તરીકે મોક્ષનો સ્વીકાર કરે છે.

૪. વેદના શબ્દોના અર્થની સ્પષ્ટતા સ્મૃતિમાં કથન કરેલા અને લૌકિક કર્મોમાં રહેલી છે; તેથી તે (કર્મ) ન કરવામાં દોષ રહેલો છે; ગુરુએ કહેલ નિયત કર્મ કરવું જ જોઈએ.

૫. (તે રીતે) જેમ ને સંસ્કાર મેળવ્યા છે તે ત્રણે વર્ણના લોકો માટે વેદનું અધ્યયન પણ નિયત કર્મ જ છે; પત્નીને તો પતિ તરફથી કર્મનો અધિકાર મળે છે; તે સ્વતંત્રરીતે કર્મ કરી શકે નહીં; જો તેમ ન કરે તો તે શૂદ્ર જ છે.

૬. તેને (સ્ત્રીને) માટે વેદના મંત્રોનો (સ્વયં) પાઠ કરવામાં કે શ્રવણ કરવામાં દોષ રહેલો છે, (પણ) વ્રત વગેરે (કરવા) માં (દોષ) નથી; શૂદ્ર જો વેદનું ઉચ્ચારણ કરે તો એની જીભ અને જો (વેદ) શ્રવણ કરે તો બંને કર્ણ કાપી નાખવા

૭. સ્ત્રી પતિની આજ્ઞાથી બ્રાહ્મણ દ્વારા બોલાયેલા પૌરાણિક મંત્રોથી (નિયત) કર્મો કરી શકે; પરંતુ જો પતિ બહારગામ ગયો હોય અને નૈમિત્તિક કર્મ કરે તો ચોરી કર્યાનો દોષ ગણાય.

૮. થી ૧૦. ગૃહસ્થાશ્રમમાં રહેલ દ્વિજે લગ્ન થાય તે દિવસથી આરંભી નિયત કર્મના સ્વરૂપમાં અગ્નિની સ્થાપના કરવી; પ્રાતઃકાલે અને સાયંકાલે હોમ કરવો, ચાતુર્માસ્યનું કર્મ કરવું; શક્ય હોય તો પશુ સહ સોમયાગ કરવો; આ બધું બ્રાહ્મણના દોષ નષ્ટ કરનારું છે; સાયંકાલ અને પ્રાતઃકાલનું ભોજન, પોતાની ઋતુમતી સ્ત્રી સાથે સંભોગક્રીડા, પરિસંખ્યાથી સંધ્યાવંદન કર્મની માફક પંચયજ્ઞો,[1] પિતૃકર્મ અને આગુન્તુ (નિમિત્ત) સાધન - વગેરે આવશ્યક કર્મ છે; હવે હું શ્રીદત્તે સંમત કરેલ તને કહું છું.

૧૧. એક વખત (શ્રીદત્તના) પ્રિય શિષ્ય અર્જુને (એમના પાસે) જઈ, એમને પ્રણામ કરી પૂછ્યું, "આ (મનુષ્યો) અતિશય ઠંડીમાં વહેલી સવારે પાણીમાં (સ્નાન કરી) શા માટે પીડા ભોગવે છે ?

૧૨. થી ૧૩. શ્રીદત્તે જવાબ આપ્યો, "હે શ્રેષ્ઠ રાજન્ ! જેઓ પોતાનું સ્વરૂપ ભૂલી ગયા છે અને હંમેશાં વિધ-વિધ (ભૌતિક) સુખોની ઈચ્છા કરનારા છે, તેમને માટે (એમના) સત્ત્વની શુદ્ધિ કરનારો, રમણીય, ધીમે ધીમે ચિત્તને (જ્ઞાનથી) પ્રકાશિત કરનારો આ માઘસ્નાન રૂપી ઉપાય ત્રણે વેદમાં ઘોષિત કરેલો છે.

૧૪. નાશવંત, મલિનતામાંથી(જ) પેદા થયેલ અને સ્વયં પણ અશુદ્ધ એવું આ શરીર પુષ્ટ થાય, રક્ષણ પામે કે બળવાન બને તો પણ એનો શો ઉપયોગ ?

૧૫. થી ૧૮. (આ શરીર) હાડકાં, મજ્જા - સ્નાયુથી બંધાયેલું, લોહી, માંસથી લેપાયેલું, ચામડીથી સીવાયેલું, અતિશય દુર્ગન્ધ મારતું, મલ-મૂત્રથી ભરેલું છે; ઘડપણ, શોક વગેરે સંકટોથી ગ્રસ્ત થયેલું, તાપ અને રોગનું ઘર, (પ્રતિપલ) જીર્ણ થનારું, હંમેશાં ધૂળથી ખરડાયેલું, બધા દોષથી દૂષિત બનેલું અને પીડા પામતું છે. બીજાઓને સંતાપ આપવારૂપી પાપ અને પીડા તેમજ અન્યનો દ્રોહ કરવા વગેરેનું કારણ બનનારું, લોભી (લાલચુ), દુષ્ટ, ઘાતકી, (ભલું) કરનારનું અહિત કરનારું અને ક્ષણભંગુર છે; (નવદ્વાર) છિદ્રોવાળું,[2] (છિદ્રો હોવાથી) ગળતું રહેતું; (ત્રિવિધ) તાપ અને દોષ-આદિ નું કારણ (એવું) ખરાબીથી ભરેલું, (સહન કરવા માટે) ખૂબ કઠિન, ગર્વિષ્ઠ, (વિભિન્ન વિષયોની) તૃષ્ણાઓથી વ્યાપ્ત, અને મોહ ઉપજાવનારું છે.

---

૧. બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, અતિથિયજ્ઞ, ભૂતયજ્ઞ અને પિતૃયજ્ઞ - આ પાંચ યજ્ઞો દ્વિજ માટે નિયત કર્મ ગણેલું છે.

૨. શરીરમાં નવ (૯) દ્વાર કે છિદ્ર છે : બે આંખ, બે કાન, બે નાસિકારન્ધ્ર, એક મુખ, એક ગુદા, એક જનનેન્દ્રિય.

૧૯. થી ૨૦. (વળી આ શરીર) સ્વાભાવિક રીતે અધર્મમાં આસક્ત રહેનારું, (અને તેથી) દુષ્ટ એવું પ્રતિક્ષણ ક્ષીણ પામતું, વિવિધ પ્રકારના સંબંધો (બાંધવાથી) મમતા-અહંતા વગેરે (ઉત્પન્ન થવાથી) બંધ વગેરેનું કારણ, હંમેશાં કામ, ક્રોધ અને લોભરૂપી નરકના દ્વારથી સંપન્ન, છેવટે કીડા, વિષ્ઠા કે ભસ્મમાં પરિણમનારું અને કૂતરાનું બલિ બનનારું છે.

૨૧. જેમ પાણીમાં પરપોટા (પેદા થાય અને શમી જાય) તેવી રીતે આવા શરીરથી જીવો જન્મે છે અને મરે છે, (અને તેથી) તેમની દુર્ગતિ થાય છે.

૨૨. માટે (પૂર્વજન્મોના) અનેક પુણ્યકર્મોથી મળેલા આ શરીરને જે ધર્મમાં જોડે છે, તે સંસાર તરી જાય છે, બીજાઓ (તેમ કરી શકતા) નથી.

૨૩. સૂર્ય મકરરાશિમાં આવે ત્યારે ભલે ઠંડીથી પીડાતો હોય છતાં સૂર્ય ઉદય પામે તે જ વેળા જે સ્નાન કરે છે, તે (મનુષ્ય) (બધાં) પાપથી મુક્ત બની ક્રમથી બ્રહ્મને પામે છે.

૨૪. માઘ માસમાં (તો) પાણી પોકાર કરે છે કે જે કોઈ (માણસ) સૂર્ય અડધો-પડધો ઉદય પામ્યો હોય તે જ સમયે સ્નાનમાત્રથી મોટામાં મોટો પાપી હશે તો પણ (તેને) પવિત્ર (પાપમુક્ત) બનાવીશું.

૨૫. જાણતાં કે અજાણતાં વાણી, મન કે શરીરથી કોઈ પણ પાપ થયું હોય તો તે નાનું હોય કે મોટું હોય તો પણ માઘ-સ્નાનથી નાશ પામે છે.

૨૬. થી ૨૭. હે શ્રેષ્ઠ રાજન્ ! આના પ્રમાણ માટે એક પ્રાચીન પ્રસંગ સાંભળ. ભૃગુકુલમાં જન્મેલી ઋચીકા નામની એક પવિત્ર અને કલ્યાણી બ્રાહ્મણી હતી, જે બાળપણમાં જ વિધવા બનવાથી (ખૂબ) દુઃખથી પીડાતી હોઈ તેણે વિંધ્યાચલ પર્વત પર નર્મદાના અમરકણ્ટક શિખરના મોટા ક્ષેત્રમાં ઉગ્ર તપ આદર્યું.

૨૮. મહાવ્રતા એવી તે ત્યાં (એ ક્ષેત્રમાં) સદાચરણથી યુક્ત બની, દુષ્ટોના સંસર્ગનો ત્યાગ કરી નારાયણ (ભગવાનની ભક્તિમાં) નિત્ય પરાયણ (મગ્ન) રહેવા લાગી.

૨૯. તે માપસરનું સત્ય અને અલ્પ બોલનારી, શાંત, કામ અને ઈન્દ્રિયો પર કાબૂ રાખનારી, સારા શીલથી સંપન્ન, ધર્મમાં આસક્તિવાળી, અને શરીરને શોષણ કરનારી હતી.

૩૦. પિતૃઓ, દેવો, બ્રાહ્મણો અને યાચકોને દાન કરી, અગ્નિમાં હોમ કરી, માલિકી વિનાના આકસ્મિક મળી આવેલ અન્નનું સૂર્યાસ્ત વેળા વિધિ પ્રમાણે તે ભોજન કરતી હતી.

૩૧. પ્રાયશ્ચિતવિધિથી[1] કૃચ્છ્ર અને અતિકૃચ્છ્ર ચાન્દ્રાયણ વ્રતોના આચરણમાં તેમજ શ્રીવિષ્ણુ ભગવાનના ચિંતનમાં જ હંમેશાં સમય પસાર કરતી હતી.

૩૨. નર્મદાના સંગમ પર કપિલ ક્ષેત્રમાં તેણે વિધિપૂર્વક સાઠ(૬૦) માઘ સ્નાન (સાઠ વર્ષ સુધી દરેક વર્ષે માઘમાસનું સ્નાન) કર્યાં; પછી દૈવયોગે ત્યાં જ તે સુખપૂર્વક[2] મૃત્યુ પામી.

૩૩. (પાપાદિ) મલવર્જિત તે માઘસ્નાન વગેરે પુણ્યથી સારા વિમાનમાં ચાર હજાર યુગ પર્યંત ક્રીડા કરતી વૈકુંઠ લોક ભોગવવા લાગી.

૩૪. સુંદ અને ઉપસુંદ (નામે અસુરો) નો નાશ કરવા બ્રહ્માએ તેને બધામાંથી પસંદ કરી અને વિષ્ણુની પ્રાર્થના કરી બ્રહ્મલોકમાં તે તિલોત્તમા (અપ્સરા) નામે (જાણીતી) બની.

૩૫. થી ૩૬. સ્વરૂપ, લાવણ્ય, સૌન્દર્ય, બુદ્ધિ, ચતુરાઈ, કાંતિ (આ બધા) ની ખાણ એવી તે એક ઉત્તમ સ્ત્રીરત્ન બની, જે દેવોને પણ મોહ પમાડતી હતી. નિપુણ બ્રહ્માના ચિત્તને પણ આકૃષ્ટ કરનારી તેના જેવી સૌન્દર્યની લહરી તો અપ્સરાઓના સમૂહમાં કોઈપણ હતી નહીં.

---

૧. અન્ન, પાણી, દૂધ, ઘી અને વાયુનું પ્રત્યેક ક્રમ પ્રમાણે ત્રણ ત્રણ દિવસ ભક્ષણ કરવું તે.

૨. शतवृश्चिकदष्टस्य पीडा अनुभूयते । મૃત્યુવેળા જીવાત્મા સો (૧૦૦) વીંછી એક સાથે કરડે તેવી પીડા અનુભવે છે - તે આ સાધ્વી સ્ત્રીને અનુભવવી પડી નહીં - તે સુખ શબ્દથી બતાવ્યું છે

૩૭. તેનો સત્કાર કરી બ્રહ્માએ કહ્યું, "હે દેવિ તિલોત્તમા ! તું (સત્વર) જા અને ત્રણે લોકના કાંટારૂપ એવા સુંદ અને ઉપસુંદ (નામે) રાક્ષસોનો વધ કર.

૩૮. 'ભલે' એમ કહીને તે બ્રહ્મલોકમાંથી આકાશમાર્ગે (નીકળી) જ્યાં પેલા બે અસુરો રહેતા હતા ત્યાં પૃથ્વી પર વીણા વગાડતી -વગાડતી આવી પહોંચી.

૩૯. થી ૪૨. (પૃથ્વી પર આવ્યા પછી) નર્મદાના પવિત્ર અને સ્વચ્છ પાણીમાં સ્નાન કરી, લાલ (રંગની) સાડી અને વીજળી જેવી ચળકતી ઘટ્ટ ચોળી પહેરી, ઝાંઝરનો રણકાર કરતી, મોતીના હારને સ્તનો પર ઝૂલતો રાખી, દરેક પગલે વાળની વેણીમાંથી ફૂલ ખેરવતી, શ્રવણમધુર અવાજથી ગાતી અને કોમળ પ્રેમાળ, કલ-કલ અવાજમાં વીણા વગાડતી એવી તેને જોઈને, (રાક્ષસોના) દૂતે જઈને તે બે રાક્ષસોને કહ્યું, "હે સ્વામી ! તમે બંને આ લોકમાં (બધાં) રત્નોનો ઉપભોગ કરો છો; તો અશોકવનમાં એક અનુપમ કામદેવને પણ મોહિત કરે એવું સ્ત્રી રત્ન જુઓ.

૪૩. આ સાંભળી સુંદ અને ઉપસુંદ - એ બંને રાક્ષસો મદિરાપાનના પાત્ર સાથે અન્ન વગેરે ભોજનનો અને સેંકડો સ્ત્રી રત્નોનો ત્યાગ કરી તે (તિલોત્તમા) ની પાસે આવી પહોંચ્યા.

૪૪. તે બંને પહેલાં ભલે શરીરથી જુદા હોય છતાં મનથી એક જ હતા, પરંતુ તેને જોતાં બરાબર તેઓ બંને એવા મોહ પામ્યા કે ભિન્ન મનવાળા (મતભેદવાળા) બની ગયા.

૪૫. થી ૪૬. 'હે ભાઈ ! થોભી જા, આ ઉત્તમ તરુણી મારી જ પત્ની બનશે,' (તો બીજો કહે) 'હે આર્ય (મોટાભાઈ), તું એને છોડી દે, એ મારી પત્ની બનશે; એ રીતે પરસ્પર બંને ઉન્મત્ત હાથીની માફક ગદા વડે યુદ્ધ કરવા લાગ્યા અને એકબીજાને પ્રહાર કરી બંનેએ એક બીજાને હણ્યા અને તત્ક્ષણ બંને મૃત્યુ પામ્યા.

૪૭. થી ૪૮. આ પ્રમાણે દેવોનું કાર્ય કરી તે (તિલોત્તમા) ફરીથી બ્રહ્મલોકમાં પહોંચી ગઈ; તેનો સત્કાર કરી બ્રહ્માએ તેને કહ્યું, "તું સૂર્યમંડળમાં નિવાસ કર; અનેક ભોગ ભોગવતી ભોગવતી તું સૂર્ય સાથે એક કલ્પ સુધી સંચાર કર, પછી હે સાધ્વી ! તું સનાતન બ્રહ્મસાયુજ્ય મેળવી લેજે.

૪૯. આ પ્રમાણે (બ્રહ્માએ) કહ્યું પછી તે સૂર્યલોકમાં ગઈ; કૃચ્છ્ર આદિ વ્રતો કરવાથી તેણે આવું ઉત્તમ ફલ મેળવ્યું; તો પછી શરીરના લાલન-પાલનની શી જરૂર છે ?

# સાતમા અષ્ટકનો બીજો અધ્યાય

## હેમકુણ્ડળ નામના વૈશ્યના ચરિત્રનું વર્ણન

૧. જેઓ પ્રાણ અને દ્રવ્યની ઈચ્છાનો ત્યાગ કરે છે અને મન અને ઈન્દ્રિયોને જીતે છે તેઓ જ શ્રુતિ (વેદ) એ નિર્દેશેલા માર્ગે પરમપદે પહોંચે છે.

૨. હે રાજન્ ! (આ બાબતમાં) એક ઐતિહાસિક દૃષ્ટાન્ત સાંભળ. પહેલાંના સમયમાં નૈષધ (નામે) નગરીમાં એક હેમકુંડળ નામે કુલવાન ઉત્તમ વૈશ્ય થઈ ગયો.

૩. થી ૪. પોતાની બધી જ આજીવિકાના વ્યવસાયોથી સંપન્ન, સદાચારી, કુબેર જેવો (સમૃદ્ધ), ગાયો, ભેંસો, ઘોડાઓ, નોકર-ચાકરોથી સંપન્ન, લક્ષ્મી-ધાન્યથી સમન્વિત, ધાર્મિક વૃત્તિવાળો, વિભિન્ન માર્ગે દાન કરવાના શીલવાળો, સત્યવાણી બોલનારો હતો; એણે આઠ કરોડ સુવર્ણમુદ્રા જેટલું દ્રવ્ય પેદા કર્યું હતું.

૫. આવો અતિશય ધનસમૃદ્ધ વૈશ્ય, આયુષ્ય તો ક્ષણભંગુર છે એમ જાણતો હોઈ, જાતે ધર્મમાર્ગથી કમાયેલા ધનનો છઠ્ઠો ભાગ (ધર્મકાર્યોમાં) ખર્ચતો હતો.

૬. થી ૭. તેણે નિર્જન સ્થળોમાં વાવ, કૂવા, તળાવ વગેરે, વડ, પીપળો (જેવાં વૃક્ષો) ની વાડ (ઊભી કરી), શિવ (અને) વિષ્ણુનાં મંદિરો, જાત-જાતના બગીચાઓ, ફૂલ (ફ્લ) ના બાગ બંધાવ્યાં; (અને) યાચકોને (સૂર્ય ઊગે ત્યારથી માંડી (સૂર્ય) આથમતા સુધી તે અન્ન આપતો હતો.

૮. તેણે (પાણીની) પરબો સ્થાપી, પુષ્કળ પ્રમાણમાં દાન આપ્યું અને જાણીને કરેલા કે અજાણતાં થયેલા પાપના નાશ માટે પ્રાયશ્ચિત કર્યાં (હતાં).

૯. દેવ, બ્રાહ્મણ અને અતિથિ (સેવામાં) પરાયણ રહેતો, પુરાણનું શ્રવણ કરવામાં તત્પર રહેતો એવો તે, પોતાના બે પુત્રોને સમૃદ્ધિથી છલકાતું ઘર સોંપીને જંગલમાં તપ કરવા ચાલ્યો ગયો.

૧૦. ત્યાં તે વૈશ્ય ભગવાન (વિષ્ણુ) નું ભક્તિ ભાવપૂર્વક આરાધના કરી, તેનામાં મનને લીન કરી, દેહનો ત્યાગ કરી પોતાના પુણ્યબળે પવિત્ર વિષ્ણુલોકમાં ગયો.

૧૧. થી ૧૫. તેના (હેમકુંડળ વૈશ્યના) શ્રીકુંડલ અને વિકુંડળ નામના બે ઉદ્ધત પુત્રો યુવાન, સૌન્દર્યસંપન્ન અને પ્રાપ્ત કરેલા દ્રવ્યથી અભિમાની હતા; તે દુષ્ટ મનવાળા, ખરાબ ચારિત્ર્યવાળા અને (ખરાબ) વ્યસનમાં આસક્ત થયેલા હોઈ ધર્મનો ત્યાગ કરી, વૃદ્ધ માની વાણીનો અનાદર કરી, પરસ્ત્રીમાં આસક્ત મનવાળા બનીને, ગીત-વજિંત્રોના અનુરાગી થઈને, સેંકડો વેશ્યાઓની સોબત કેળવી, ખુશામત કરનારા પુરુષોથી વીંટળાયેલા રહીને, વિટો જેવી વાતો કરવામાં નિપુણ, હાથી, ઘોડા, રથમાં ક્રીડા કરનારા, મદિરા - માંસનું સેવન કરનારા તેઓએ વારાંગનાઓ નાટકીયા નટ, વિટ જેવાં પાત્રો, બન્દીજનો માં ખરાબ માર્ગે પિતાના ધનનો વ્યય કરી, જેમ ઉજ્જડ જમીનમાં (વાવેલું) બી વ્યર્થ જાય, તેમ, બધું ગુમાવ્યું.

૧૬. તેમના વડે ન (કશું) દાન થયું, ન (યજ્ઞ વગેરેમાં) હોમાયું, કદાપિ વિધિપૂર્વક દેવોનું કે બ્રાહ્મણોનું અર્ચન તો થયું જ નહીં અને બંને નિર્ધન બની ગયા.

૧૭. હવે તેઓ દૈવયોગે નિર્ધન બનતાં ખૂબ દુઃખી થયા, (સમાજમાં) માન વિનાના (થયા); ભૂખથી (પીડાતા) દુબળા બની ગયેલા, વસ્ત્ર વગરના તેઓનો સગાઓએ પણ ત્યાગ કર્યો.

૧૮ થી ૧૯. રાજાના ડરથી નગરની બહાર જંગલમાં રહી તેઓએ ચોરી કરવાનો (ધંધો) આરંભ કર્યો; ભીલ લોકોની સહાય મેળવી ખૂબ પ્રયત્ન કરી ધનુષ્ય-બાણ અને હાથ વડે પશુ પંખીઓને હણીને તેમનું માંસ ખાઈને, રસ્તામાં (પસાર થતા) મુસાફરોને ખૂબ ત્રાસ આપીને રહેવા લાગ્યા.

૨૦. હવે એક વખત એક બલવાન વાઘે જ્યેષ્ઠ (પુત્ર) ને હણી નાખ્યો, જ્યારે પાપમાં ગરકાવ એવો નાનો (પુત્ર) સાપના કરડવાથી મૃત્યુ પામ્યો.

૨૧. તે વેળા યમરાજના દૂતોએ આવીને તે બંનેને ખૂબ નિર્દયતા થઈ પાશ વડે બાંધીને, જવામાં કઠિન એવા માર્ગે (થઈને) (તેઓ) જલદી યમરાજની પાસે લઈ ગયા.

૨૨. ચિત્રગુપ્ત સાથે[1] વિચાર વિનિમય કરી ધર્મરાજે (પોતાના) સેવકોને કહ્યું " મોટા (પુત્ર) ને ભયંકર રૌરવ (નરક) માં રાખો અને નાના (પુત્ર) ને જલદી સ્વર્ગમાં (લઈ જઈ) (ત્યાં) રાખો."

૨૩. પછી (યમરાજના) દૂતો મોટા (પુત્ર) ને સહન કરી ન શકાય તેવા રૌરવ નરકમાં ફેંક્યો અને નાના (પુત્ર) ને વિમાનમાં (બેસાડી) તેઓ સુખપૂર્વક સ્વર્ગમાં લઈ ગયા.

૨૪. (સ્વર્ગમાં) ગયા પછી તેણે (નાનાએ) પૂછ્યું, " હે દૂતો ! અમે બે એક જ (માના ઉદરે) જન્મેલા છીએ, સરખા (દોષવાળા), એક સરખાં (પાપ) કાર્યો કરનારા છીએ; (અમારું) મૃત્યુ (પણ) એક સરખું છે, તો પછી અમારી ગતિ[2] જુદી-જુદી શા માટે છે ?

૨૫. દૂતોએ જવાબ આપ્યો, "જેવી રીતે એક જ વૃક્ષ પર અગણિત પક્ષીઓ રાત્રે વિશ્રાન્તિ લે છે અને દિવસે છૂટાં પડે છે, તેવી રીતે પરાધીન જીવો સંસારમાં (રહેલા) છે,.....

૨૬. જેણે જે જે કર્મ કર્યું હોય, તેણે તે તે (કર્મ) નું (ફળ) ભોગવવું પડે જ છે; પરાધીન એવો જીવાત્મા પોતાનું કર્મ ભોગવે છે, અન્ય (મનુષ્ય) અન્યનું (કર્મફળ) કદાપિ (ભોગવે) નહીં,....

૨૭. હે ભાઈ ! જીવોના સુખ કે દુઃખનું કારણ (એમનું) કર્મ જ છે; (સંસારમાં) બંધનનું કારણ કર્મ છે, તેમ (સંસારમાંથી) મોક્ષનું (કારણ) પણ કેવલ કર્મ જ છે,....

૨૮. એક દેહી વ્યક્તિ કર્મ કરે છે, તે એકલો જ કરેલા કર્મનું ફળ ભોગવે છે; બીજા કોઈથી કરેલા કર્મથી કોઈ બીજો માણસ લેપાય નહીં જ, એ નિશ્ચિત છે,.....

૨૯. હે ભાઈ ! તેં પુણ્ય (કર્મો) કર્યાં તેથી તને સ્વર્ગ (મળે) તે યોગ્ય જ છે; તારા ભાઈએ પાપ (કર્મ) કર્યાં, તેથી તે દુર્ગતિને પામ્યો."

૩૦. થી ૩૩. આ સાંભળી આશ્ચર્યમાં ડૂબેલા વિકુંડલે તેઓને (દૂતોને) કહ્યું, "હે (યમના) દૂતો ! મને આ મોટી શંકા (થઈ) છે, તે (તમને) પૂછું છું. બાળપણથી આરંભી મારું મન પાપ (કરવા) માં જ ચોંટેલું છે, એ કદિ પણ ધર્મમાં (આકર્ષાયું) નથી; આ ફલ (સ્વર્ગપ્રાપ્તિ) પાછલા (કોઈ) જન્મમાં જે કર્યું તે પુણ્યનું છે કે કેમ તે (મને) કહો. જો પૂર્વે (કરેલા) પુણ્યનું (આ ફલ) છે તો (આ જન્મે કરેલા) પાપની શી ગતિ છે ? આ જન્મે (કોઈ પુણ્ય) કર્યું હોય જે મોક્ષદાયક હોય એ તે હું તો જાણતો નથી, "તમે કહો. (મારો) મોટો ભાઈ અને હું - અમે બંને પાપ કરવામાં તત્પર રહેતા (છતાં) અમારા બેમાંથી (ફક્ત) મને સ્વર્ગ (મળ્યું) - એનું કારણ શું ? તે હે સજ્જન દૂતો! (મને) કહો."

૩૪. દૂતોએ કહ્યું, "હે કુલીન (વિકુંડલ) ! સાંભળ; તેં જે સત્કાર્ય કર્યું છે તે બધું જ અમે જાણીએ છીએ; (અવિદ્યાથી) લુપ્ત થયેલ જ્ઞાનવાળા[1] હે વિકુંડલ) ! તે (પુણ્ય) તું જાણતો નથી,....

૩૫. હરિ નામના બ્રાહ્મણનો સુમિત્ર નામે વેદપારંગત બ્રાહ્મણપુત્ર યમુના નદીના દક્ષિણ તટ પર રમણીય આશ્રમમાં (રહેતો) હતો,....

૩૬. જ્યારે તું નિર્ધન બની ભાઈની સાથે જંગલમાં (રહેવા) ગયો ત્યારે દૈવયોગે તેની સાથે તારું મિલન થયું,....

---

૧. आदित्य चन्द्रावनलोऽनिलश्च द्यौर्भूमिरापो हृदयं मनश्च अहश्च रात्रिश्च उभेच सन्ध्ये कालश्च जानाति नरस्य वृत्तम् ॥ સૂર્ય-ચંદ્ર-અગ્નિ-પવન-દ્યૌ-ભૂમિ, જલ, હૃદય-મન, દિવસ રાત્રિ-બંને સંધ્યાકાલ-સમય આ સર્વે માણસનાં કર્મ જાણે છે- આ જ ચિત્રગુપ્ત.

૨. ગતિ - સદ્‌ગતિ અને દુર્ગતિ.

૩૭. સજ્જનો સાથે સાત ડગલાં માંડતાં મૈત્રી બંધાય છે, જે ઘણા મોટા પાપમાંથી બચાવે છે, તે જ સંસાર-બંધનને તોડી નાખે છે, જો તે લાંબા સમય સુધી હોય તો શું (ભલું) ન કરી શકે ?

૩૮. થી ૩૯. (હવે) સદ્‌નસીબે વનમાં તેની સાથે તારે સતત મિત્રતા થઈ; તેના સંગથી તેં યમુના નદીના પાપપ્રણાશન નામના, લોકોનું કલ્યાણ કરનારા, અને બધા પાપના સમૂહને હરી લેનારા (નાશ કરનારા) ઉત્તમ પવિત્ર તીર્થમાં, પવિત્ર પાણીમાં બે વાર માઘસ્નાન[1] વ્રત કર્યું.

૪૦. તું એક (વખતના) માઘસ્નાન (વ્રત) થી બધાં પાપોમાંથી મુક્ત બની ગયો છે; બીજી વારના (માઘસ્નાનથી) તું સ્વર્ગ (પ્રાપ્તિ) રૂપી મોટું ફલ ભોગવ; સત્સંગથી આ ગતિ મળે,

૪૧. તેં કરેલા (ઉપયુક્તિ) પુણ્યના પ્રભાવથી લાંબા સમય સુધી તું સ્વર્ગમાં આનંદ ભોગવ; તારો મોટો ભાઈ નરકમાં છે અને યમ (તરફથી મળતી) યાતના ભોગવે છે;..

૪૨. તારો ભાઈ (ત્યાં નરકમાં) તલવારથી કપાતો, મુદ્‌ગરોથી અફળાતો, પથ્થર-સપાટી પર પીટાતો અને અંગારામાં ભૂંજાતો રહ્યો છે."

૪૩. થી ૪૪. આવું તેમનું (દૂતોનું) કહેવું સાંભળીને ભાઈની પીડાથી દુઃખી થતો તે (વિકુંડલ) રોમાંચિત બની, અત્યંત દીન બની, વિનયથી નમ્ર બની કહેવા લાગ્યો, "તમે જે કંઈ કહ્યું તે (બધું) તેમ જ હોઈ શકે, અન્યથા ન હોઈ શકે; હું (એ) સત્સંગનું સ્મરણ કરું છું; જેના વડે હું દુઃખ સાગરમાંથી ઉગરી ગયો.

૪૫. સજ્જનો સાથે સાત ડગલાં (માંડવા) થી મૈત્રી થાય - એમ જે (તમે) કહ્યું, તે સ્મરણ કરવા યોગ્ય (તમે) છે; હું તમારી પાસેથી સ્વર્ગની પ્રાપ્તિ કરાવનારા શાશ્વત ધર્મ વિષે સાંભળવા ઈચ્છું છું.

૪૬. આ પ્રમાણે તેનાથી (વિકુંડલથી) પૂછાતાં તેઓએ (દૂતોએ) કહ્યું, "સ્વર્ગતિ અને દુર્ગતિ - આપનારા (વેદોએ) પ્રમાણિત કરેલ ધર્મ અને અધર્મનું, હે (ભાઈ) ! તું શ્રવણ કર."

---

૧. એ નામનું વ્રત.

# સાતમા અષ્ટકનો ત્રીજો અધ્યાય

## દેવદૂતોએ વૈશ્યપુત્રને કહેલું દેવતા-ભજન વગેરે ધર્મના રહસ્યનું વર્ણન

૧. જે મનુષ્યો અખિલ (પ્રાણીઓની) કારક શક્તિના ધારક તેની (ભગવાનની), પોતાના કર્મથી આરાધના કરે છે અને અન્ય લોકોને પીડા કરતા નથી, તેઓને યમલોકમાં જવું પડતું નથી.

૨. જેઓ પ્રાણીઓની હિંસા કરે છે, તેઓ ભલેને વેદ જ્ઞાન-યજ્ઞક્રિયા-તપશ્ચર્યા વગેરેથી સંપન્ન હોય, છતાં પણ ઊર્ધ્વગમન કરી શકતા નથી, તે જ પરિસ્થિતિ ભક્તિ ન કરનારની છે.

૩. જે હિંસા[1] (યજ્ઞાદિ ક્રિયામાં) શાસ્ત્રે વિધિપૂર્વક આદિષ્ટ કરી હોય તે તો મનુષ્યોનો પરમ ધર્મ મનાયો છે; તે (હિંસા) આ લોકમાં પરમ દીન અને પરમ તપ મનાયું છે.

૪. માખી, માંકણ, દંશ દેનાર (અન્ય) જૂ વગેરે (દેહને) પીડા કરનારો જંતુઓને પોતાના જેવા ગણી જેઓ રક્ષા કરે છે તે મનુષ્યો ધર્મ આચરનારા ગણાય છે.

૫. તપેલા અંગારાવાળો માર્ગ, દુઃખથી પાર કરી શકાય તેવી વૈતરણી[2] નદી (અને આવી અન્ય) દુર્ગતિ કે યમરાજને, એવા, (ધાર્મિક) મનુષ્યો જોતા નથી

૬. જેઓ ભયંકર હિંસા કરનારા છે, તેઓ (આ લોકમાંથી) (નરકમાં) ગયા પછી એકબીજા પર (હિંસક) ઘા કરે છે, એક બીજાનું ભક્ષણ કરે છે; જેઓ પારકાના ધન કે સ્ત્રીનું અપહરણ કરે છે, તેઓ ભયંકર નરકમાં જાય છે.

૭. જેઓ પોતાનું જીવન ટકાવી રાખવા પ્રાણીઓને હણે છે, તેઓ પરલોકમાં (નરકમાં) પોતાનું જ માંસ ખાઈ, (પોતાનું જ) લોહી કે પરુ પીએ છે અને ખૂબ કલેશ પામે છે.

૮. નરકમાંથી બહાર નીકળે તો પણ વૃક્ષો કે પર્વતો બને છે, (પછી) પશુ-પંખીની યોનિમાં રહે છે અને લાંબા સમય બાદ મનુષ્ય-રૂપને પ્રાપ્ત કરે છે.

૯. ત્યાં (મનુષ્યયોનિમાં) પણ પોતાના (કરેલા) પાપના ચિહ્નરૂપ આંધળા, કાણા, કુબડા પાંગળા, અંગ વિનાના, ધન વિનાના (ગરીબ) બને છે.

૧૦. માટે (મનુષ્યે) પારકા (માણસ) નો મન, હૃદય કે શરીરથી દ્રોહ કરવો નહીં, કારણ દ્રોહ કરનારનું બંને લોકમાંથી અધઃપતન થાય છે અને પારકા તરફથી ભય થાય છે.

૧૧. જેવી રીતે બધી નદીઓ વહેતી - વહેતી મહાસાગરમાં ઠલવાય છે તેવી રીતે બધા ધર્મો સાચે જ અહિંસામાં પ્રવિષ્ટ થાય છે.

૧૨. જે માણસે (અન્ય સર્વને) અભય આપ્યું છે અને સર્વધર્મથી સંપન્ન છે, તે અચલ (બ્રહ્મ) પદ મેળવે છે અને ત્યાંથી ફરી એનું પતન થતું નથી.

---

1. શંકા થાય કે હિંસાથી દુર્ગતિ થતી હોય તો યજ્ઞ કરવા જોઈએ નહીં. કારણ યજ્ઞમાં પ્રાણી હિંસા કરવી પડે છે, તેના જવાબમાં આમ કહ્યું છે.

2. दानं वितरणं प्रोक्तम्....દાનને વિતરણ કહ્યું છે. એને તરી જાય (દાન ન કરે) માટે તે વૈતરણી નદી કહેવાય છે.

૧૩. જેઓ વેદો અને (ધર્મ) શાસ્ત્રોએ કહેલા પોતાના દેશ અને કાલને યોગ્ય ધર્મોને આ લોકમાં પાળે છે તેઓ કદી પણ યમની યાતનાઓ જોતા નથી.

૧૪. પોતાના વર્ણ અને આશ્રમ પ્રમાણે રહેનારાં, અને હંમેશાં પોતાને યોગ્ય આચારમાં આસક્ત રહેનારા અને ચારિત્ર્ય સંપન્ન સ્ત્રીઓ પણ સ્વર્ગમાં વાસ કરે છે.

૧૫. (શાસ્ત્રમાં) કહ્યા પ્રમાણે આચરણ કરનારા કામનાઓને જીતનારા, ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરનારા અને પોતાના (ઉચિત) કર્મમાં રત રહેનાર સર્વે (મનુષ્યો) નિષ્પાપ બ્રહ્મલોકમાં જાય છે.

૧૬. ઈષ્ટાપૂર્ત[1] કરનારા અને અપેક્ષિત લાભથી સંતોષ પામનારા, દયાળુ અને દાન કરનારા તેઓ યમલોકમાં જતા નથી.

૧૭. જે બ્રાહ્મણો હંમેશા વેદ-પાઠ કરવામાં મગ્ન રહે છે અને અગ્નિહોત્ર રાખે છે તેઓ, તથા જે રાજાઓ યુદ્ધભૂમિ પર યુદ્ધ કરતાં હણાય છે તેઓ સ્વર્ગમાં જાય છે.

૧૮. અનાથ, ગાય, બ્રાહ્મણ સ્ત્રી કે શરણે આવેલાના રક્ષણ માટે ધર્મયુદ્ધમાં જેઓ મૃત્યુ પામે છે, તેઓ નરકમાં જતા નથી.

૧૯. જેઓ પાંગળા, ગરીબ, બાળકો, વૃદ્ધો, રોગીઓ, પીડા પામતા તથા ભયથી ફફડતા (લોકો) ને અભય આપીને પોષે છે, તેઓ લાંબા સમય સુધી સ્વર્ગમાં રમમાણ કરે છે.

૨૦. કાદવમાં ખૂંપેલી ગાય અને અથવા રોગી કે ગરીબ બ્રાહ્મણને જોઈને, તેમાંથી એમને જેઓ ઉગારી લે છે, તેઓ (કદાપિ) યમરાજને ઘેર જતા નથી.

૨૧. જેઓ (નિત્ય) ગાયોને ખવડાવે છે, જેઓ મન દઈને ગાયની સેવા કરે છે અને જેઓ પરબો સ્થાપે છે, તેઓ (કદાપિ) યમને ઘેર જતા નથી.

૨૨. જ્યાં સુધી પ્રાણીઓ વાવ, કૂવા કે સરોવરોમાંથી પાણી પીશે, ત્યાં સુધી (તેટલો સમય) આ (જલાશયો) બાંધનાર માણસોના (આત્મા) સ્વર્ગમાં સુખપૂર્વક રહે છે.

૨૩. જીવ માત્રનું જીવન જ પાણી છે. જે (મનુષ્ય) યત્નપૂર્વક તે (અન્યને) આપે છે, તે જીવભાવ છોડીને પરબ્રહ્મમાં (ઐક્ય પામી) આનંદ પામે છે.

૨૪. આમળું, કોઠું, બીલીપત્રનાં ત્રણ-ત્રણ ઝાડ, પાંચ આંબા, દશ આમલી વૃક્ષો, લીંબુ, પીપળો અને વડ (નાં ઝાડ) નો વાવનાર નરકમાં જતો નથી.

૨૫. ત્રણ ઝાડ વધારે સારાં, દશ પુત્રો નહીં, કારણ કે તેઓ (વૃક્ષો) પાંદડાં, ફૂલ અને ફળોથી પિતૃતર્પણ કરે છે. (વાવનારને તૃપ્ત કરે છે).

૨૬. ઘટાદાર છાયાવાળું વૃક્ષ પોતાની છાયા વગેરેથી (ઘરમાં રહેનારા) ગૃહસ્થો કરતાં પણ વધુ જીવોને આશ્વાસન આપે છે અને તેના કરતાં ફળ આપનાર (વૃક્ષ) સફળ બને છે.

૨૭. જે મૂર્ખ માણસો સુંદર છાયાવાળા, ફલ-ફૂલથી લચી પડતા અને પ્રાણીઓથી સેવાતા વૃક્ષને કાપી નાખે છે, તેઓ સદા નરકમાં જાય છે.

૨૮. થી ૨૯. જેના બારણા આગળ તુલસીમાતા (બિરાજે) છે, તેનું ઘર તીર્થ-સ્વરૂપ છે; તુલસી રોપવાથી, પાલન કરવાથી, પાણી સિંચવાથી, દર્શન કરવાથી, સ્પર્શ કરવાથી માણસોના વાણી-મન-શરીરથી કરેલાં પાપ હરી લે છે; તુલસીના સ્પર્શ માત્રથી બધાં તીર્થોમાં સ્નાન કર્યાનું ફલ મળે છે, એવું સ્મૃતિવચન છે.

---

૧. યજ્ઞનો પ્રકાર - પૂર્ણિમા -અમાવસ્યાએ કરવાથી.

૩૦. ગંગામાં સ્નાન, હરિનું સ્મરણ રેવાનું દર્શન, દેવોનું અર્ચન-સરખો જ તુલસીનો સ્પર્શ (પુણ્યદ) છે, જે વિષ્ણુલોકમાં ગતિ આપનાર છે.

૩૧. પુષ્કર વગેરે તીર્થો, ગંગા વગેરે, નદીઓ, વાસુદેવ (કૃષ્ણ) વગેરે દેવો તુલસીની નીચે વસે છે.

૩૨. જે માણસ તુલસીની મંજરીથી (દિવસમાં) ત્રણ વખત કે એક વખત વિષ્ણુનું પૂજન કરે છે, તે વૈકુંઠમાં મહાન બની પૂજાય છે.

૩૩. વિષ્ણુના મંત્રનો જપ કરનાર, તુલસી કાષ્ઠની માળા ધારણ કરી શોભનાર, વિષ્ણુનું વ્રત (એકાદશી) કરવામાં તત્પર, વિષ્ણુનું પૂજન કરનાર (માણસ) વિષ્ણુલોકને ભોગવે છે.

૩૪. તે જ પ્રમાણે શિવનો ભક્ત પણ બીલીપત્રોથી પાર્વતીમા સહિત ઈશ્વર (શિવ) ને પૂજે છે અને શિવના મંત્ર (નમ: શિવાય) નો જપ કરે છે, તે કૈલાસમાં મહાન બની પૂજાય છે.

૩૫. થી ૩૬. જે માણસ નર્મદામાં ઉત્પન્ન થતા બાણલિંગથી, સ્ફટિક કે રત્નના લિંગથી, પાર્થિવ કે સ્વયંભૂ લિંગથી, પર્વત પર કે કોઈપણ જગ્યાએ સ્થાપના કરેલ લિંગથી, શિવવ્રત પરાયણ રહી, ભક્તિ ભાવપૂર્વક શિવની સવિશેષ પ્રદોષ સમયે, પૂજા કરે છે, તે આ જન્મે જ મોક્ષ મેળવે છે, એમાં સંશય નથી.

૩૭. રૂદ્રાક્ષથી શોભતો, રુદ્રમંત્રનો જપ કરતારો, ભસ્મનું ત્રિપુંડ્ર ધારણ કરનારો માણસ કદી પણ યમલોકનું વૃત્તાન્ત સાંભળતો નથી.

૩૮. શિવની પૂજાના પ્રભાવથી શિવમાં જ રમમાણ કરતા શિવભક્ત માણસો શિવલોકમાં હંમેશને માટે શિવની સાથે આનંદ પામે છે.

૩૯. અરે ! છેતરપિંડીથી, ઢોંગથી, લોભથી, કોઈપણ નિમિત્તથી જેઓ ઈશ્વરનું અર્ચન કરે છે, તેઓ પણ મુક્તિ મેળવે છે, તો પછી ભક્તિભાવપૂર્વક તેમ કરનારા માટે શું કહેવું ?

૪૦. બધાં પાપનો નાશ કરનાર ઈશ્વરના અર્ચનથી વધુ ઉત્તમ કોઈ પુણ્ય નથી; એ બધા વૈભવ આપનારું, કષ્ટમાંથી ઉગારનારું, મૃત્યુને હરનારું છે.

૪૧. શિવને અર્પણ કરાયેલ (શિવસ્વ) દ્રવ્ય, અન્ન, ફળ, કે પાણીને કદાપિ સ્પર્શ કરવો નહીં; (શિવના) નિર્માલ્ય (તીર્થ) નું ઉલ્લંઘન કરવું નહીં; આ બધું કૂવામાં પધરાવી દેવું.

૪૨. જે માણસ માંખના એક પગ જેટલું શિવસ્વ (શિવને અર્પણ કરાયેલ વસ્તુ) જીવનનિર્વાહ માટે લોભથી કે મોહથી ગ્રહણ કરે, તો તે પોતે નરકમાં રંધાય છે.

૪૩. એક દેવની ભક્તિ કરી, જેઓ અદેખાઈથી બીજા દેવનો કે તેના ભક્તનો દ્વેષ કરે છે, તેઓ ચોક્કસ નરકમાં પડે છે.

૪૪. વિષ્ણુ, શિવ, ગણેશ, સૂર્ય અને શક્તિ ભિન્ન નથી જ; એક અજન્માનાં (ભગવાન) પાંચ સ્વરૂપો થયાં છે; ત્યાં દેવોમાં ભેદ ક્યાંથી સંભવે ?

૪૫. આ (બધાં) પરમાત્માનાં અંગો છે; જેમ મુખ, આંખ વગેરે અંગોને તૃપ્ત કરવાથી અંગી (માણસ) તૃપ્ત થાય છે, તેવી રીતે એક (અંગ-વિષ્ણુ, શિવ વગેરે) ના તર્પણથી પરમાત્મા તૃપ્ત થાય છે, એક (અંગ) ની નિંદાથી (પરમાત્મા) દૂભાય છે.

૪૬. માટે કોઈપણ દેવનો કે એના ભક્તનો દ્રોહ હંમેશાં ત્યાગવો; પોતાની રુચિ પ્રમાણે દેવની સેવા કરવી; બીજી કોઈ પણ રીતે ભેદભાવનું ઈર્ષા વગેરેનું આચરણ કરવું નહી.

૪૭. વરસાદના પાણીને ઝીલનાર ઘાસ કે પાંદડાનું ભગવાનનું મંદિર જેઓ બનાવે છે, તેઓ બધા ભોગોથી સંપન્ન સુ-સ્થિર લોકમાં જાય છે.

૪૮. જેઓ (મુસાફરીના) માર્ગમાં ગોશાળા, ધર્મશાળા, કે વિશ્રામ માટેનું મકાન, સંન્યાસી કે યતિ માટે મઠ, બ્રાહ્મણો માટે ઘર બંધાવે છે, તેઓ સ્વર્ગમાં જાય છે.

૪૯. નવાં મંદિર બંધાવી પ્રયત્નપૂર્વક (જૂનાં) દેવોનાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરવો જોઈએ, તેનું ફળ બેગણું પ્રાપ્ત થાય છે.

૫૦. મઠાધિપતિના અન્નનો (સર્વથા) ત્યાગ કરવો; (ભૂલમાં) પણ જો ભક્ષણ કરાય તો ચાન્દ્રાયણ વ્રત આચરવું; દેવના દ્રવ્ય પર નિર્વાહ કરનારના સ્પર્શમાત્રે પણ સ્નાન કરવું.

૫૨. દેવની પૂજા માટે (જરૂરી પુષ્પો માટે) જે નિર્લોભી માણસો ફૂલોનો બાગ બનાવે છે તેઓ સ્વર્ગના વિમાનમાં નન્દનવનમાં ફરે છે.

૫૩. જે નિસ્પૃહી માણસો વાળી-ઝૂડીને ભગવાનના મંદિરને સુશોભિત બનાવે છે, તેઓ ખરેખર હંમેશાં સ્વર્ગલોકમાં વાસ કરે છે.

૫૪. જે માણસ પોતાની મુક્તિ ઈચ્છે છે, તેણે દેવ અને સદ્ગુરુનો સંગ કરવો જોઈએ, કદી પણ બંધન કરનારી શિશ્ન (પ્રજનન-ઈન્દ્રિય) કે ઉદરની તૃપ્તિ કરનારાઓનો સંગ કરવો જોઈએ નહીં.

૫૫. જેવી અજ્ઞાની મનુષ્યોની વિષયો પ્રત્યે દૂર ન થનારી પ્રીતિ હોય છે તેવી (દૂર ન થનારી) પ્રીતિ જો પરમેશ્વરમાં થાય તો કોણ (સંસારના) બંધનમાંથી મુક્તિ ન મેળવે ?

# સાતમા અષ્ટકનો ચોથો અધ્યાય
# દેવદૂતોએ વૈશ્યને કરેલાં અન્ન-વસ્ત્રના દાનની વિધિનું વર્ણન

૧. જેણે આ જગતનું ગુણ અને કર્મના[1] વિભાગપૂર્વક સર્જન કર્યું છે, તે (પરમાત્મા) નું પોતાના ધર્મ પ્રમાણે જે અર્ચન કરે છે, તે (માણસ) તે (ભગવાન) ના પદ (ધામ) ને પામે છે.

૨. મનુષ્ય પોતાના ધર્મનું આચરણ કરી પરમેશ્વરને પ્રસન્ન કરે છે; જેવી રીતે (રાજાની) આજ્ઞાનું પાલન કરવાથી રાજા (સંતુષ્ટ થાય) તેવી રીતે ધર્મશાસ્ત્રે (કહેલાં) સત્કર્મો (કરવા) થી ભગવાન સંતુષ્ટ થાય છે.

૩. જેઓ બ્રાહ્મણ, દેવ અને અતિથિને પ્રતિદિન આનંદથી પ્રેમ કરે છે, તેઓ અહીં (આ લોકમાં) જ (સંસાર) પાશને[2] તોડીને બ્રહ્મલોકમાં નિવાસ કરે છે.

૪. અતિથિ ભલે મૂર્ખ હોય કે શાસ્ત્રનો જ્ઞાતા હોય, વેદધર્મનું પાલન કરતો હોય કે પતન પામેલો હોય પણ મધ્યાહ્ને આવેલો હોય તો તેને બ્રહ્મતુલ્ય ગણવો.

૫. જેઓ માર્ગમાં થાકેલા, ભૂખ્યા, દૂબળા પડેલા બ્રાહ્મણને અનાજ-પાણી વગેરે આપે છે, તેઓ લાંબા સમય સુધી સ્વર્ગમાં વાસ કરે છે.

૬. માર્ગમાં થાકેલા, ભૂખ્યા થયેલા, ભોજન કરવાની ઈચ્છાવાળા આવેલા હોય, તેમને જેઓ (આ) લોકમાં તૃપ્ત કરે છે, તેઓ સાચે જ બ્રહ્મલોકમાં વાસ કરે છે.

૭. જે ઘરમાંથી અતિથિ પાછો જતો નથી, તે જ ઘર છે; જ્યાંથી અતિથિ પાછો જાય છે, તે ઘર જંગલ કહેવાય છે.

૮. અતિથિ સમાન કોઈ બંધુ નથી, કોઈ ધર્મ નથી, કોઈ મિત્ર નથી કે ધન નથી; અતિથિઓના સામર્થ્યવડે મુનિત્વ કે દેવત્વ પણ મળે છે.

૯. (વૈશ્વદેવ) યજ્ઞ કર્યા પહેલાં પણ ભિક્ષુ (યતિ) ને રાંધેલું અન્ન આપવું, (તેનાથી) તેનું ફળ મળે છે; (પણ) તે (યતિ) (જમ્યા વિના) પાછો ફરે, તો યજ્ઞ વૈશ્વદેવ એના 'દાન કર્યું નહીં' તે પાપનો નાશ કરનારો બનતો નથી

૧૦. તેને (ભિક્ષુ-યતિને) પ્રેમપૂર્વક એક કોળિયા જેટલું પણ અન્ન આપવામાં આવે તો તે પર્વત જેવું ગણાય; માટે પ્રયત્નપૂર્વક યતિને રાંધેલું અન્ન આપો.

૧૧. ભારતવર્ષમાં રહીને ઈશ્વરપ્રીત્યર્થે અન્ન વગેરે આપીને, વિષ્ણુનું પૂજન કરીને, મેધાવી પુરુષે નિઃશંક રીતે જીવન્મુક્તિ મેળવવી જોઈએ.

૧૨. અન્નદાન જેવું કોઈ પુણ્ય નથી; તેના જેવો બીજો કોઈ ઉપકાર નથી; અન્નમાં જ પ્રાણ પ્રતિષ્ઠિત થયેલા છે, તેથી અન્ન આપનારો (દાતા) પ્રાણ આપનાર મનાય છે.

૧૩. જે ઉત્તમ (પુરુષ) અન્નની ઈચ્છા રાખનારા અતિથિઓને અન્ન આપે છે, તે સ્વર્ગમાં લાંબો સમય સુખ ભોગવી ફરી પાછો અહીં (પૃથ્વી પર) ધનવાન બને છે.

૧૪. પહેલાં (ભૂતકાળમાં) સ્વર્ગમાંથી નીચે પડતા[1] કેસરિધ્વજ (રાજાને) ને યમરાજે કહ્યું, "તું અન્નનું દાન કર, તેથી ફરીથી આત્માનો (તારી જાતનો) ઉદ્ધાર કરી શકીશ."

---

૧. चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्म विभागशः (भ.गी.)

૨. પાશ એટલે અવિદ્યા.

૧૫. આવી યમરાજની વાણી પ્રસિદ્ધ છે; માટે અન્ન મોટું ઉદ્ધાર કરનારું (તત્ત્વ) છે; અન્નદાન જેવું દાન (ભૂતકાળમાં) થયું નથી (ભવિષ્યમાં) થશે પણ નહીં.

૧૬. ઉનાળામાં અત્યંત ઠંડુ પાણી (આપવું), શિયાળામાં લાકડાં અને વસ્ત્ર (નું દાન કરવું), વર્ષાઋતુમાં (મુસાફરોને) વિશ્રામ (માટે વ્યવસ્થા) આપવી. પણ જરૂરિયાતવાળાને અન્ન તો સર્વ કાળે આપવું જ.

૧૭. જ્ઞાનીપુરુષે જાણી બુઝીને કે અજાણતાં (કરેલા) નાનાં કે મોટા પાપનું પ્રાયશ્ચિત વારંવાર વિધિપૂર્વક કરવું.

૧૮. માણસ પાપરહિત બનીને, જો જ્ઞાની હોય તો અહીં જ (આ લોકમાં) મુક્તિ મેળવે છે, પણ (પાપનું) પ્રાયશ્ચિત કર્યા વિના અહીં મનુષ્ય નરક ભોગવે છે.

૧૯. જે માણસ વાણી-મન-શરીરથી કરેલા પાપનો અહીં (આ લોકમાં) નાશ કરે છે, તે ભલે [2]અજ્ઞાની હોય તો પણ મોટું સુખ આપનાર બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે.

૨૦. ઘણાં પાપ કર્યાં હોય તો પણ પાપ કરનાર બ્રાહ્મણ પશ્ચાત્તાપ કરી ગાયત્રી કે (અન્ય) વેદમંત્રોનો જપ કરે તો તે અહીં બધાં પાપમાંથી મુક્ત થાય છે.

૨૧. જે પોતાનાં નિત્યકર્મ મનપૂર્વક કરતો હોય અને જિતેન્દ્રિય બની વેદાભ્યાસમાં આરક્ત હોય, તો તે જ્ઞાનથી થયેલાં પાપથી પણ લેપાતો નથી, એમાં શંકા નથી.

૨૨. જે મહાવ્રતી છે, જિતેન્દ્રિય છે, હંમેશા તીર્થનું સેવન કરનાર છે, પિતૃઓ (મા-બાપ), દેવ, ગુરુની સેવા કરે છે તે સ્વપ્નમાં પણ દુર્ગતિ જોતો નથી.

૨૩. જે જેનું અન્ન ખાય છે, તે (અન્ન સાથે) તેનાં ખરાબ કૃત્યો પણ ખાય છે, માટે દુર્ગતિનો ભય જાણીને માણસે પરાન્ન પ્રત્યેના મોહનો ત્યાગ કરવો.

૨૪. જો (માણસ) આપત્તિમાં આવી પડે તો તેણે દાન સ્વીકારવું, પણ કદાપિ ભોજન સ્વીકારવું નહીં, કારણકે ભોજન અને અન્યની પત્ની પ્રત્યેની આસક્તિ (એના) પુણ્યનો નાશ કરે છે.

૨૫. પાપી મનવાળા જન્તુઓ પણ નિત્ય સ્નાન કરવાથી પાવન થાય છે; પ્રાતઃકાલનું સ્નાન બાહ્ય અને આંતરિક પાપને હણનારું અને સિદ્ધિ આપનારું છે.

૨૬. સ્નાન ન કરવાથી અને અશુદ્ધ રહેવાથી એના પિતૃઓ અને દેવો (ઘરમાંથી) પાછા ચાલ્યા જાય છે; જે માણસ સ્નાન કર્યા વિના ભોજન કરે છે તે મળનું ભોજન કરે છે, એવું કહેવાય છે.

૨૭. સ્નાન ન કરનારો માણસ પાપી (ગણાય) છે, અને દારુણ નરકમાં જાય છે; માટે જે ગંગા વગેરે (પવિત્ર) નદીમાં સ્નાન કરે છે તેનો કદાપિ ખરાબ યોનિમાં (જન્મ) થતો નથી.

૨૮. પ્રાતઃકાળમાં કરેલું સ્નાન અનિષ્ટ સ્વપ્નનો નાશ કરે છે, પુણ્યશાળી છે અને (દેહને) શુદ્ધ કરનારું છે; શક્તિથી સંપન્ન હોય છતાં સ્નાન ન કરે તો એવા મનુષ્યને નિત્ય વગેરે કર્મોમાં અધિકાર મળતો નથી.

૨૯. જે (મનુષ્ય) ભક્તિભાવથી અને (નિર્દિષ્ટ) વિધિ પ્રમાણે સંધ્યા - (દેવ) ઉપાસના - યજ્ઞ વગેરે, સંગત્યાગ કરી અને ફલેચ્છા રહિત બની કરે છે, તે કદાપિ દુર્ગતિને જોતો નથી.

૩૦. અહીં (આ લોકમાં) વધુ કે થોડું - જે કંઈ પ્રાપ્ત થાય છે તે પૂર્વજન્મમાં કરેલા દાનથી (મળેલું) હોય છે, એમ જાણીને, માણસે પોતાની શક્તિ પ્રમાણે ધર્મ (પ્રાપ્તિ) માટે ધન આપવું જોઈએ.

---

૧. પુણ્યભોગ ખલાસ થતાં સ્વર્ગમાંથી ફરી મૃત્યુ લોકમાં આવવું પડે છે : ते भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति । - (ગીતા)

૨. અજ્ઞાની - સમુચ્ચય ઉપાસક.

૩૧. (દાન કરવું જોઈએ એવી ભાવનાવાળો) જે સાત્ત્વિક મનુષ્ય ગાય, જમીન, તલ, સુવર્ણ, ઘી, ઘર, અનાજ અને ગોળ વગેરેનું દાન કરે છે, તેને કદી પણ નરકની યાતનાઓ (ભોગવવાની) હોતી નથી.

૩૨. પવિત્ર ક્ષેત્ર[૧] માં પવિત્ર પર્વદિને જે માણસ દાન કરે છે, હોમ કરે છે અને ભક્તિથી જપ કરે છે, તેને યમરાજના દૂતો સ્પર્શ પણ કરી શકતા નથી.

૩૩. થી ૩૫. જેને વ્રત કરવાં ગમે છે, જે સત્યવાણી બોલે છે, જે મૌન પાળે છે, જે દાન અને દયા કરવા તત્પર હોય છે, શાન્ત અને દાન્ત છે, સહિષ્ણુ છે, પવિત્ર રહે છે, વિવેકાદિ ગુણસંપન્ન છે, અદેખાઈ કરતો નથી, (બીજા પ્રત્યે) કપટ કરતો નથી, બ્રહ્મચર્ય પાળે છે, પારકાનું ધન તો શું, એક તણખલાને મનથી પણ સ્પર્શ કરતો નથી, તે માણસ પોતે ઈચ્છા ન કરે તો પણ અવિદ્યાથી ઊભા થતા બન્ધનમાંથી મોક્ષ મેળવે છે, જ્યારે જે કરેલા કાર્ય પર અપકાર કરનારો છે એવો દુષ્ટ મતિવાળો ઈચ્છા કરે તો પણ (સંસાર-બંધનમાંથી) મુક્તિ પામતો નથી.

૩૬. તીર્થાટનથી કે તપશ્ચર્યા કરવાથી પણ કૃતઘ્ન[૨] પુરુષની (એણે કરેલાં) કર્મમાંથી મુક્તિ થતી નથી તે જ પ્રમાણે અવકીર્ણીને[૩] ભયંકર યાતના ભોગવવી પડે છે.

૩૭. કઠોર, મર્મસ્થાનને સ્પર્શ કરનારી, ખરાબ વાણી બોલનાર માણસ નરકમાં જાય છે; જે (પોતાના) ધર્મનો ત્યાગ કરે છે, દુષ્ટ, છે તે ફરીથી દુર્ગતિ પામે છે

૩૮. માટે મનુષ્યે કોમળ અને પ્રિય બની પોતાના ધર્મનું આચરણ કરવું જોઈએ અને હંમેશાં સંતોનો સમાગમ કેળવી તીર્થક્ષેત્રમાં રહેવાનું ઈચ્છવું જોઈએ.

૩૯. તીર્થક્ષેત્રમાં કદીપણ પાપનું આચરણ ન કરવું; તીર્થક્ષેત્રમાં દાન લેવાનો ત્યાગ કરવો; તીર્થમાં કરેલા પાપ કે પ્રતિગ્રહનો કોઈ પ્રતિકાર નથી.

૪૦. વ્રતનું આચરણ, દાનક્રિયા, તપશ્ચર્યા, યજ્ઞ તેમજ અન્ય પવિત્ર કર્મો ગંગાના એક માત્ર ટીપાના અભિષેકનો સોળમો અંશ પણ બનવા પાત્ર નથી.

૪૧. શ્રીવિષ્ણુ (ભગવાન) ના ચરણમાંથી બહાર પડેલ અને શંકર ભગવાને મસ્તક પર ધારણ કરેલ ગંગાના પાણીનું ટીપું ધર્મદ્રવ છે. એ ગંગાનું પાણી કઈ વસ્તુને પવિત્ર ન કરે ?

૪૨. 'ગંગા' એવું ઉચ્ચારણ માત્ર કરવાથી મુક્તિ મળે છે, તો પછી (એમાં) સ્નાન કરવાથી કે પાન કરવાથી કેવો (ઉત્તમ લાભ) થાય ? માટે સદ્‌બુદ્ધિવાળા મનુષ્યે પ્રયત્નપૂર્વક ગંગાના પાણીમાં સ્નાન કરવું જોઈએ.

૪૩. અહીં ભલે દાન કરવાની શક્તિ કોઈનામાં ન હોય પણ તે દાન લેવા તૈયાર થાય નહીં અને મહાન વ્રત ધારણ કરનારો હોય તો પરલોકમાં ગયા પછી ચમકતો, તારો બને છે.

૪૪. હંમેશાં યોગમાં આસક્ત બનીને, પરસ્ત્રી પ્રત્યે માતા જેવી દૃષ્ટિ રાખવી અને પારકા ધનને ઝેર જેવું ગણવું, તો ટૂંક સમયમાં દ્વૈતના ભયમાંથી મુક્ત થાય છે.

૪૫. સ્ત્રીઓ માટે તો પતિસેવા અને ચારિત્ર્યનું પાલન (એમનો) ઉદ્ધાર કરનારાં છે; શૂદ્રો માટે તો ઉત્તમ વર્ણના મનુષ્યોની સેવા જ એમને તારનારી છે, એમણે અભિમાનનો ત્યાગ કરવો.

---

૧. भूमिप्रधानं क्षेत्रम् - जलप्रधानं तीर्थम् - જેમાં જમીનનું માહાત્મ્ય હોય તે ક્ષેત્ર કહેવાય, પાણીનું માહાત્મ્ય હોય તે તીર્થ કહેવાય. ગરુડેશ્વર નારેશ્વર તીર્થ છે, ક્ષેત્ર પણ છે - તીર્થક્ષેત્ર છે.

૨. स्वल्पमप्युपकारं यो न वेत्ति पुरुषाधमः ।
कृतघ्नः स तु विज्ञेयो ब्रह्मघ्नादपि पापकृत् ॥

૩. વ્રત આરંભ કર્યા પછી વચમાં ખંડિત થાય તે અવકીર્ણી.

## સાતમા અષ્ટકનો પાંચમો અધ્યાય

# વૈષ્ણવ ધર્મો અને એકાદશી વગેરે વ્રતોના નિયમોનું વર્ણન

૧. હે વૈશ્ય ! માઘ-સ્નાનથી ઉત્પન્ન થયેલા પૂર્વે કમાણી કરેલા પુણ્યથી અને વિષ્ણુભક્તના સત્સંગથી પવિત્ર બનેલો તું વૈકુંઠનો ભોક્તા બન્યો છે.

૨. કોઈ (માણસ) ભલે દુષ્ટ આચરણવાળો હોય, કુલવાન ન હોય અને મૂર્તિમંત પાપ જ હોય છતાં જો એ વિષ્ણુના ભક્તની સેવા કરે તો (તેની પાસે જઈ) તેને યમદૂતોએ જોવો નહીં એવું યમરાજે એના દૂતોને કહેલું છે.

૩. તેથી જે માણસો પાપી હોવા છતાં વૈષ્ણવોની સોબતવાળા છે, તેઓ યમલોકમાં જતા નથી; તેમને માટે વૈકુંઠ નિર્માણ થયેલું છે.

૪. વિષ્ણુના ભક્તની પણ ભક્તિ પાવન કરનારી છે તે જ પ્રમાણે વિષ્ણુભક્તનો સત્સંગ (પાવનકારી) છે; (કારણ) એનાથી અતિશય પાપી લોકો પણ શીઘ્ર સાધુપુરુષો બની શકે છે.

૫. નરકરૂપી સમુદ્રને તરીને પાર કરવા માટે અહીં (આ લોકમાં) વિષ્ણુ (ભગવાન) ની ભક્તિ સિવાય બીજો કોઈ સુલભ ઉપાય નથી; માટે તેનો (ભક્તિનો) પ્રયત્નપૂર્વક સ્વીકાર કરવો જોઈએ.

૬. વિષ્ણુની ભક્તિ વડે તો ચાણ્ડાલ પણ પવિત્ર બની જાય છે, તો પછી (બીજાની) તો શી વાત કરવી ? કોઈ બાહ્યવર્ણી હોય (જેની ચાર વર્ણમાંથી કોઈ એક પણ વર્ણ નથી એવો) છતાં જો એ વિષ્ણુભક્ત હોય તો ત્રણે લોકને પાવન કરે છે.

૭. જેના કુળમાં વિષ્ણુની ભક્તિ કરનાર ભક્ત (જન્મે) છે, તે કુળની કદાપિ દુર્ગતિ થતી નથી; વિષ્ણુના ભક્તની સોબતથી પાપી પણ ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરે છે.

૮. જેઓ વિષ્ણુના ભક્તોના દાસ (બને) છે અને /અથવા વિષ્ણુના ભક્તનું અન્ન જમે છે, તેઓ ભલેને ખરાબ આચરણ કરવામાં આસક્ત થયેલા હોય છતાં વિષ્ણુ (ભગવાન) ના ધામને પહોંચે છે.

૯. વિષ્ણુના ભક્ત પાસેથી અન્ન (મળે એ) ની આકાંક્ષા રાખવી; જો કદાચ એ (અન્ન) ન મળે તો પાણી પીવું; અરે એના (પાણીના) પણ અભાવમાં એનો (વિષ્ણુભક્તનો) સંગ કરે તો પણ તે મોક્ષપદ ભોગવે છે.

૧૦. (ઢોંગ જેવા) કોઈ પણ પ્રકારથી જે માણસ 'નારાયણ' એવું ઉચ્ચારણ કરે છે તે પાપ કરતાં કરતાં મૃત્યુ પામે તો પણ વિષ્ણુ લોકમાં (વૈકુંઠમાં) પૂજાય છે.

૧૧. આ કોઈ અર્થવાદ નથી (પણ દૃષ્ટાંત છે)[1] અને એનું પ્રમાણ ભગવાન પોતે છે; આ વિષયમાં અજામિલ, મગરના મુખમાં પડેલો હાથી વગેરે દૃષ્ટાન્તો (ભાગવતમાં) છે.

૧૨. માટે વિનયી મનવાળો જે ભક્ત વિષ્ણુનું હંમેશા સ્મરણ કરે છે, તે જન્મ અને સંસારના બંધનમાંથી મુક્તિ મેળવે છે, એમાં કોઈ શંકા નથી.

૧૩. જેઓ (વિષ્ણુના ભક્તો) વિધિપૂર્વક કે ભક્તિભાવપૂર્વક વિષ્ણુ (ભગવાન) ના અષ્ટાક્ષરી[2] કે દ્વાદશાક્ષરી[3] મંત્રનો જપ કરે છે, તે વિષ્ણુમય બને છે, એવું સ્મૃતિવચન છે.

૧૪. પોતાની વિચારધારાનો અતિ-આગ્રહ ત્યજવો જોઈએ, એ જ રીતે બીજાના મંતવ્યની નિન્દા કરવી જોઈએ નહીં; સદ્બુદ્ધિવાળા મનુષ્યે સદ્ગુરુએ ઉપદેશેલા પરમતત્ત્વનો શ્રદ્ધા અને ભક્તિથી અભ્યાસ કરવો જોઈએ.

---

1. મૃત્યુ પામતાં પામતાં બોલાવવા નિમિત્તે અજામિલ નારાયણ બોલ્યો અને વૈકુંઠ ગયો, એ સાક્ષાત્ દૃષ્ટાન્ત છે.
2. અષ્ટાક્ષરી મંત્રઃ શ્રીકૃષ્ણઃ શરણં મમ । ૐ નમો નારાયણાય ।
3. દ્વાદશાક્ષરી મંત્રઃ - ૐ નમો ભગવતે વાસુદેવાય ।

૧૫. જેઓ હંમેશાં વિષ્ણુની સેવા કરે છે, તે (વિષ્ણુ ભગવાનની) સાયુજ્ય (મુક્તિ) ભોગવે છે; વિષ્ણુ ભગવાન (વ્યાપક આત્મા)-ના નિદિધ્યાસનથી સદ્બુદ્ધિવાળાઓ અહીં સાયુજ્ય મેળવે છે.

૧૬. હૃદયમાં, સૂર્ય, (બિંબમાં), પાણીમાં, અગ્નિમાં, યંત્રમાં કે પ્રતિમામાં ભક્તિભાવથી હરિ (વિષ્ણુ) નું અર્ચન કરે છે; તેઓ ચોક્કસ વિષ્ણુપદ મેળવે છે.

૧૭. થી ૧૮. આ કલિકાલમાં પણ વિષ્ણુના અધિષ્ઠાનરૂપ, સર્વ પાપનો નાશ કરનારા અને સર્વ પ્રકારના પુણ્ય આપનાર (વળી) વજ્ર (નામના) કીડાએ નિર્માણ કરેલા શાલિગ્રામ, (નામના) પત્થરના ચક્રમાં જે વિષ્ણુના સાંનિધ્યનું કારણ બને છે - મનની ઈચ્છાથી પણ હંમેશાં વિષ્ણુનું અર્ચન કરે છે, તે અહીં જ (આ લોકમાં) મોક્ષના ઉપભોગ કરે છે.

૧૯. મોક્ષને આપવાવાળા શાલિગ્રામ (વિષ્ણુ) ની પૂજાને (હંમેશાં) પુનર્જન્મ આપનાર હજારો પશુયાગ કે સોમયાગ સાથે કેવી રીતે સરખાવી શકાય ?

૨૦. જ્યોતિર્લિંગના અર્ચન (ના ફલ કરતાં પણ) અધિક ફલ આપનાર એના (શાલિગ્રામ શિલાના) પૂજનથી ભક્તને (ફરી) ગર્ભવાસ નથી, તો પછી એની (ભક્તની) દુર્ગતિની વાત જ ક્યાં રહી ?

૨૧. વેદ, યજ્ઞ, તપશ્ચર્યા, દાન, તીર્થસ્નાનથી પણ અધિક પુણ્ય આપનાર શાલિગ્રામની સારા ઉપચારોથી જે પૂજા કરે છે, તે વિષ્ણુલોકનો ઉપભોગ કરે છે.

૨૨. જે જગ્યાએ વિષ્ણુ બિરાજે છે, તે જગ્યાએ ચૌદ લોક, ગંગા વગેરે બધાં તીર્થક્ષેત્રો અને બધા દેવો હોય જ છે.

૨૩. જે માણસો શાલિગ્રામ (વિષ્ણુ) ની આગળ શ્રાદ્ધકર્મ કરે છે, તેમના પિતૃઓ શ્રીવિષ્ણુભગવાનના અનુગ્રહને લીધે (વધુ) તૃપ્ત થાય છે.

૨૪. ચક્રાંક મિથુનવાળા સમશાલિગ્રામનું પાણી, ગાયના દૂધની સાથે જે પીએ અથવા મસ્તક પર ધારણ કરે તે બધાં પાતકોમાંથી મુક્ત થાય છે.

૨૫. શાલિગ્રામ શિલાની વિધિપૂર્વક પૂજા કરી કોઈ સુપાત્રને ભક્તિભાવથી એનું (શિલાનું) દાન કરવું, તો તેણે (દાન કરનારે) સમગ્ર પૃથ્વીનું દાન કર્યું (એમ મનાય છે) અને તે લાંબો સમય વૈકુણ્ઠમાં વાસ કરે છે.

૨૬. શાલિગ્રામ શિલા અમૂલ્ય ગણાય છે એને ખરીદવામાં કે વેચવામાં ઘણું પાપ છે; માટે ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલ શુદ્ધ શાલિગ્રામ શિલાનું પૂજન કરવું.

૨૭. (વિષ્ણુ) ભગવાનનો ભક્ત બની, વિષ્ણુની પૂજા કરી, વિષ્ણુના દિવસે (એકાદશી દિને) જે ભોજન કરે છે, તે દુરાત્મા પરુ-લોહીનો ભક્ષણ કરનારો બનશે.

૨૮. માટે પ્રયત્નપૂર્વક હંમેશા એકાદશીનું વ્રત કરવું; પ્રસંગોપાત્ પણ જો (એકાદશી વ્રત) કરશે તો તેને દુર્ગતિ જોવી પડશે નહીં.

૨૯. (એકાદશી વ્રત) જેવું પાવન કરનારું (કોઈ) પુણ્ય નથી; એના જેવું ઉત્તમ તપ (બીજું) નથી કે પૂર્તયાગ, ઈષ્ટિ કે દાનકર્મ વગેરે પણ એની બરાબરી કરી શકે નહીં, માટે એકાદશી વ્રત ઉદ્ધાર કરનારું છે.

૩૦. થી ૩૧. આગળના દિવસે (દસમે) વ્રતનો[1] સંકલ્પ કરી, (વિષ્ણુનો) અનન્ય ભક્ત (બની) હરિના દિવસે (એકાદશી દિને) જે સ્નાન કરી, જિતેન્દ્રિય રહી, અદ્વિતીય એવા વિષ્ણુ ભગવાનની ભક્તિભાવથી પૂજા કરી, નિગ્રહ રાખી, ઉપવાસ કરી, સતત વિષ્ણુ ભગવાનનું કીર્તન કરી રાત્રે છવ્વીસ ગુણ જેટલું જાગરણ[2] કરે છે, તે મોક્ષ મેળવે છે.

૩૨. (વિષ્ણુનો) અનન્ય ભક્ત દશમી તિથિએ (સંકલ્પ), એકાદશી તિથિએ ઉપવાસ કરે અને બારસને દિને (એ વ્રતના) પારણાં કરે તે ભગવાન વિષ્ણુનો (અવશ્ય) પ્રીતિપાત્ર બને છે.

---

૧. पूर्वेद्युर्दशम्यां एकादश्यां निराहारो भूत्वाहमपरेऽहनि । भोक्ष्यामि पुण्डरीकाक्ष शरणं मे भवाच्युत ॥ દશમને દિને "હું એકાદશીને દિવસે ઉપવાસ કરી બીજે (બારસ) દિને જમીશ, હે પુંડરીકાક્ષ મારું શરણ બનો" એવો સંકલ્પ કરવો.

૨. एकादश्यां विशेषेण कर्तव्यं भोजन द्वयम् ।
रात्री जागरणं कुर्यात् दिवा हरिकीर्तनम् ॥ એકાદશીને દિવસે ખાસ બે કાર્ય કરવાં : રાત્રે જાગરણ અને દિવસે વિષ્ણુનું નામ સ્મરણ.

૩૩. જો કદાચ (એ ભક્ત) અશક્ત હોય તો રાત્રે ભોજન કરે અથવા હવિષ્યાન્ન જમે, પરંતુ બંને પક્ષનું એકાદશીવ્રત તો ભક્તિપૂર્વક કરે જ કરે.

૩૪. એકાદશીનું વ્રત કરનાર જો (કદાચ) વ્રાત્ય (વર્ણાશ્રમ ધર્મ ન પાળનાર), હલકા અધર્મી કે મ્લેચ્છની સાથે વાતચીત કરે તો પણ તેનું બધું પુણ્ય એક જ ક્ષણમાં નાશ પામે છે.

૩૫. તેથી જે માણસ મૌન પાળી, વ્રત આચરી, વિષ્ણુના નામસ્મરણપૂર્વક આ એકાદશી વ્રત કરશે, તે વિષ્ણુલોકમાં પૂજાશે.

૩૬. માણસોએ અહીં અગિયાર ઈન્દ્રિયોથી જે પાપ કર્યું હોય તે (બધું) એકાદશીનું વ્રત કરવાથી નાશ પામે છે, એમાં શંકા નથી.

૩૭. બાલક હોય, પ્રૌઢ હોય, ખૂબ ઘરડો હોય, સ્ત્રી હોય કે કોઈ પણ વર્ણ (જાતિ) કે આશ્રમનો હોય, **બધા જ એકાદશીના વ્રતના સદા અધિકારી છે.**

૩૮. સકામપણે વ્રત કરનારાઓને, એકાદશી, આ લોકના અને પરલોકમાં (બંનેના) વિષય-ફલ આપનારી છે; કોઈ પણ પ્રકારની ઈચ્છા વિના (વ્રત) કરનારાઓને મોક્ષ આપનારી છે; આમ એ (એકાદશી) ઉભયાત્મિકા (નિત્યકર્મરૂપે અને કામ્યકર્મ રૂપે) છે.

૩૯. પૂર્વજોનાં અને હવે પછી થનારા વંશજોનાં (બધાં) કુળોનો ઉદ્ધાર કરનારી, બધાં પાતકોનો નાશ કરનારી; દુઃખથી પાર કરી શકાય એવા સંસારમાંથી (જીવાત્માને) તારનારી અને ઈચ્છા પૂર્ણ કરનારી એને (એકાદશીને) કોણ ન ભજે ?

૪૦. જ્યાં સુધી (એકાદશી) વ્રતનું આચરણ કર્યું નથી ત્યાં સુધી પાપીઓ (કે પાપ) ભલે ગર્જના કરે; માણસના શરીરમાં (આ) વ્રતરૂપી અગ્નિ પ્રજ્વલિત થતાં પાપરૂપી પક્ષીઓ ક્યાં રહી શકશે ?

૪૧. કોઈ પણ બહાનાથી જો આ વ્રત કરાયું હોય તો પણ એ કપટી માણસને પણ પાવન કરે છે; તો પછી જો ભક્તિથી અને વિધિપૂર્વક કરાય તો શું તારક ન બને ?

૪૨. જેણે એકાદશીનો ઉપવાસ કર્યો છે, તેણે બધાં તીર્થમાં સ્નાન કર્યું છે, બધા દેવોનું પૂજન કર્યું છે, અને અન્ય બધાં વ્રતો આચર્યાં છે.

૪૩. માટે કોઈ પણ પ્રયત્ન કરીને પણ એકાદશીનું વ્રત કરવું. (ધ્યાન રાખો) કે વિષ્ણુ ભગવાનનું ચિંતન (ધ્યાન-સ્મરણ) એ સનાતન ધર્મ છે.

# સાતમા અષ્ટકનો છઠ્ઠો અધ્યાય
# વિકુંડલે પ્રસન્ન કરેલા વિષ્ણુના દૂતોએ તેના ભાઈના મોક્ષ માટે (બતાવેલા) ઉપાયનું વર્ણન

૧. બધી વર્ણો માટે અને બધા આશ્રમો માટે આ શ્રેષ્ઠ અને પ્રયત્નપૂર્વક સેવન કરવા યોગ્ય ઉત્તમ ધર્મ વિષ્ણુ ભગવાનનું પરમ સ્મરણ છે.

૨. વાસુદેવ (શ્રીકૃષ્ણ) નું સ્મરણ, બધાં પાપના સમૂહોના કારણને નષ્ટ કરનારું, ચિત્તની સ્થિરતા આપનારું, જ્ઞાન (ઉત્પન્ન) કરનારું અને (પૂર્વકર્મોની) વાસનાના સમૂહનો નાશ કરનારું છે.

૩. અલબત્ત બધાં પ્રમુખ પ્રાયશ્ચિત કર્મો, કરેલાં પાપને હણનારાં તો છે જ; પરંતુ વિષ્ણુનું આ સ્મરણ કરવાથી તો ભવિષ્યમાં પાપ કરવાની ઈચ્છા જ જન્મતી નથી.

૪. જેણે શ્રીહરિનું (વિષ્ણુનું) સ્મરણ કર્યું છે, તેણે તપશ્ચર્યા કરી છે, વ્રતનું આચરણ કર્યું છે, દાન આપ્યાં છે, (અન્ય) ધર્મ કર્મો કર્યાં છે, આમ બધાં (ઉપર બતાવ્યાં તે) કર્મો એણે કર્યાં છે (એમ માનવું).

૫. જેવી રીતે ભગવાન વિષ્ણુ પૂજનીય છે, તેવી રીતે ભક્તિથી તેના (વિષ્ણુના) ભક્તો પણ તેવા જ (પૂજનીય) છે, (એમ માનવું); માટે વિષ્ણુને ખૂબ જ પ્રિય એવા (તેના) ભક્તોની વિષ્ણુની માફક જ સેવા કરવી

૬. વૈષ્ણવ બનીને જે દુષ્ટમતિવાળો મૂર્ખ (માણસ) શૈવ (શિવના ભક્ત) વગેરેની નિંદા કરે છે, તે (કદાપિ) સદ્‌ગતિ મેળવતો નથી; તેની દુર્ગતિ થાય છે.

૭. માટે નિંદા અને ઈર્ષારહિત બનીને ભગવાનના કોઈપણ અવતાર-સ્વરૂપનું સર્વ પ્રયત્નથી અને ભક્તિભાવથી પૂજન કરવું; (આમ કરનાર) તે મોક્ષ પામે છે.

૮. નરક વગેરેનું નિવારણ કરનાર, સર્વ પ્રકારનું અભય આપનાર, સત્ત્વને શુદ્ધ કરનાર, ઈન્દ્રિયોનો નિરોધ કરનાર સર્વોત્તમ ધર્મ વિષે (અમે કહીએ છીએ તે) તું સાંભળ.

(વિષ્ણુદૂતો ધર્મ વિષે વિકુંડલને ઉપદેશ આપે છે):

૯. "મન, વાણી અને શરીરથી બધાં પ્રાણીઓનો કોઈપણ (પ્રકારનો) દ્રોહ ન કરવો તે અને પોતાના વર્ણ (જાતિ) અને આશ્રમના (શાસ્ત્રે) કહેલા ધર્મનું આચરણ (આ બે ) પાપને અટકાવનાર છે.

૧૦. થી ૧૧. સત્ય જ બોલવું, કોઈ પણ (વ્યક્તિ) ની (કોઈ પણ વસ્તુની) ચોરી કરવી નહીં, (દાન લેવા) પાત્રને (પોતાની) શક્તિ પ્રમાણે દાન કરવું અને વિષયોની આસક્તિ ત્યજવી; આજ મોટામાં મોટો ધર્મ છે, આજ પરમ તપશ્ચર્યા છે અને આ જ વિશ્વ આત્મા એવા હરિ (પાતક હરનાર) વિષ્ણુની પરા-પૂજા છે.

૧૨. આચારમાંથી જ ધર્મ જન્મે છે, તેના વ્યાપક પરમાત્મા જ અધિપતિ છે; તે સમર્થ ઈશ્વર સંતુષ્ટ થતાં ઉભય પ્રકારની સમૃદ્ધિ મળે છે, (એના) ભક્તોને શું દુર્લભ હોય ?

૧૩. હે વૈશ્ય ! સજ્જનની સંગતિથી અને માઘસ્નાનથી તે વિષ્ણુ (ભગવાન) સંતુષ્ટ થયા, તેના લીધે તું પવિત્ર બન્યો અને વૈકુંઠનો ભોગવનારો બની શક્યો છે.

૧૪. તે ધર્મ વિષે પૃચ્છા કરી અને એ સનાતન ધર્મ વિષે અમે તને કહ્યું; બાળપણથી માંડીને જેઓ એ (ધર્મ) નું આચરણ કરે છે તેમની સ્વપ્નમાં પણ દુર્ગતિ થતી નથી."

૧૫. થી ૧૯. તેમનાં (વિષ્ણુદૂતોનાં) અમૃત જેવાં વચનો સાંભળીને અને પોતાના ભાઈની દુર્ગતિનો મનમાં વિચાર કરીને, ખૂબ દીન વાણીથી વિકુંડલ બોલ્યો, "હે સૌમ્ય ! અંતઃકરણને પ્રસન્ન કરનારી તમારી કલ્યાણકારી વાણી સાંભળી; સંતોની સંગતિ ગંગાની માફક તરત જ પાપ હરી લેનારી ઉત્તમ છે. પ્રિય વાણી બોલવી અને (અર્થાપર) ઉપકાર કરવો – એ સંતોનો સ્વભાવજન્ય ગુણ છે, જેનાથી સૂર્ય પણ ઠંડો થાય છે, તો તાપથી તપેલાની શી વાત કરવી ? હે દેવદૂતો ! મારા ભાઈનો જેનાથી (જે કોઈ ઉપાયથી) નરકમાંથી ઉદ્ધાર થાય, તેવો કોઈપણ ઉદ્યોગ (પ્રયત્ન) આપ કરો, સમજુ (જ્ઞાની) સંતો તો ઉદાર (મનવાળા) હોય છે પોતે પુણ્ય (શુભ) કે પાપ (અશુભ) કર્મ એના કનારે જ ભોગવવું પડે છે' જો આમ જ હોય તો પછી દૈવયોગે પ્રાપ્ત થયેલ સંતોનો અનુગ્રહ નિષ્ફળ કે વ્યર્થ જ જશે એવું માનવું !"

૨૦. આ પ્રમાણે તેનું (વિકુંડલનું) વચન સાંભળી, થોડી વાર ધ્યાન ધરી (મનમાં વિચાર કરી), તે દૂતો તેની (વિકુંડલની) સાથે મૈત્રી બંધન પામેલા હોઈ, તેના ભાઈની (નરકમાંથી) મુક્તિનો ઉપાય કહેવા લાગ્યા. (વિષ્ણુદૂતો મુક્તિ-ઉપાય વિશે કહે છે) :

૨૧. હે સજ્જન ! પહેલાના સમયમાં મથુરામાં એક શાકલ્ય નામે મુનિ રહેતો હતો. તેને તપશ્ચર્યા અને અધ્યયન મેળવેલા નવ પુત્રો થયા.

૨૨. થી ૨૩. તે પૈકી પાંચ તેજસ્વી પુત્રો (લગ્ન કરી) ગૃહસ્થાશ્રમી બન્યા; બાકીના (ચાર) સંન્યાસી બની, ઈચ્છા વિનાના, સંગ વિનાના, કોઈનું પણ દાન ન લેનારા, પવન-ઠંડી વગેરે સહન કરનારા, ભોજન ઉપર અને ઈન્દ્રિયો ઉપર કાબુ રાખનારા, (કામ્ય) કર્મ ન કરનારા, સંશય રહિત દૃઢ જ્ઞાનવાળા અને મહાવ્રતી બન્યા હતા.

૨૪. થી ૨૫. તેઓ (સમગ્ર) વિશ્વને વિષ્ણુના સ્વરૂપમાં જોનારા અને મૌન પાળનારા તથા પોતાના ભૌતિક સ્વરૂપને ભૂલીને, પરમ-આનંદ-સ્વરૂપમાં (સ્થિત રહી) સુખ અનુભવનારા હતા, (તેથી) ગમે તેનાથી એમના શરીરને ઢાંકવામાં આવે, ગમે તે એમને ભોજન કરાવે, ગમે તે એમને સુવડાવે (ઊંઘાડે), આમ પ્રારબ્ધ ભોગવતા (અક્રિય) રહેતા હતા.

૨૬. આ પ્રમાણે (રહેતા) તેઓ દૈવયોગે મત્સ્ય દેશમાં તારા આશ્રમમાં વૈશ્વદેવ (યજ્ઞ) ના અંતે જાણે મૂર્તિમંત (ચાર) વેદ (ન આવ્યા હોય) એમ આવી પહોંચ્યા.

૨૭. તું પણ (આની પહેલાંના) આઠમા જન્મે ચારિત્ર્ય, સદ્વર્તન, જ્ઞાનથી યુક્ત, મહાવ્રતો આચરનાર, કુટુંબવાન (ગૃહસ્થાશ્રમી) શ્રેષ્ઠ બ્રાહ્મણ હતો.

૨૮. થી ૨૯. તે સિદ્ધિ મેળવેલા અભ્યાગતો (અતિથિઓ) ને જોઈને, તેમની સામે જઈને, પ્રણામ કરીને, નેત્રોમાં હર્ષાશ્રુ સાથે, આનંદપૂર્વક ગદ્ગદ્ શબ્દોવાળી સાત્ત્વિક વાણીથી તેમની પ્રાર્થના કરી તેમનું તેં અભિવાદન કર્યું; તેઓને તારા ઘરમાં સુખથી રાખ્યા, પૂજન કર્યું; જમાડયા; તેઓ પણ ધ્યાન ધરતા પરમ આનંદથી રહ્યા.

૩૦. તેમના ચરણને ધોઈ, તે તીર્થ તેં પીધું અને મસ્તક પર ધારણ કર્યું અને તેમની સ્તુતિ પણ કરી, તેથી તારાં બધાં પાપ નાશ પામ્યાં.

૩૧. (૧.૨) તેમની મહેમાનગતિથી ઉત્પન્ન થયેલું પુણ્ય એવું થયું કે જે વાણીથી પણ વર્ણવી શકાય તેમ નથી.

૩૨ (૩.૪) થી ૩૩. ભૂતોમાં પ્રાણીઓ શ્રેષ્ઠ છે, તેઓ કરતાં વિધિપૂર્વક નિર્વાહ કરનારાં શ્રેષ્ઠ છે, તેમનાથી પણ મનુષ્યો (વધુ) ઉત્તમ છે, તેમાં (મનુષ્યોમાં) બ્રાહ્મણો શ્રેષ્ઠ છે, તેમના કરતાં જ્ઞાની બ્રાહ્મણો વધુ ઉત્તમ છે, તેમના કરતાં નિશ્ચયાત્મિકા બુદ્ધિવાળા ઉત્તમ છે, તેમના કરતાં બ્રહ્મજ્ઞાની (આત્મસાક્ષાત્કારી) ઉત્તમમાં ઉત્તમ છે. એનાથી (બ્રહ્મજ્ઞાનીથી) ઉત્તમ કોઈ થયો નથી અને કોઈ થશે પણ નહીં.

૩૪. માટે સંતોની સંગતિ શ્રેષ્ઠ છે, (સંસારમાંથી) ઉદ્ધાર કરનારી છે અને પાપનો નાશ કરનારી છે. આ પ્રમાણે પૂર્વજન્મમાં ઉત્પન્ન થયેલું તારું એકઠું થયેલું પુણ્ય (અમે) વર્ણવ્યું.

૩૫. થી ૩૬. હવે કોઈ પણ સદ્નસીબના યોગે તે (જન્મ) માંથી ભ્રષ્ટ થયેલા તને ફરીથી આ જન્મમાં પૂર્વ જન્મના (સંચિત) પુણ્યના પ્રભાવથી સંતોના સમાગમને લીધે તારે બે વાર માઘસ્નાન (કરવાનું) થયું એક (વખતના) સ્નાનથી (તારાં) પાતકો નાશ પામ્યાં અને બીજા (સ્નાન) થી સનાતન વિષ્ણુલોક (ની પ્રાપ્તિ થઈ).

૩૭. બ્રહ્મજ્ઞાની (પેલા) અતિથિઓથી ઉત્પન્ન થયેલું પુણ્ય તું (તારા) ભાઈને આપ; તેથી તે પણ પાપરહિત બની આજે જ તારી સાથે વૈકુંઠમાં આવશે.

૩૮. આ પ્રમાણે (દૂતોથી) કહેવાતાં તેણે (વિકુંડલે) (પુણ્ય) (ભાઈને) આપ્યું; તેના વડે પાપી હોવા છતાં તેનો ઉદ્ધાર થઈ ગયો; અને બંને (ભાઈઓ) ઊર્ધ્વ (વૈકુંઠ) લોકમાં ગયા; હે રાજન્ (અર્જુન) ! પુણ્ય આવું ઉત્તમ છે.

૩૯. માટે લોકો અનિત્ય (નાશવંત) શરીરથી નિત્ય (પરમ તત્ત્વ) મેળવે છે; આ પ્રમાણે (પુણ્યપ્રાપ્તિ) હંમેશાં કરવી જોઈએ; નહીં તો માણસોને અધોગતિ જ (મળશે).

૪૦. થી ૪૩. જ્યારે સૂર્ય મકર રાશિમાં આવે ત્યારે પાણી પવિત્ર અને પાપને હણનારું થાય છે, જમીન સુખપ્રદ બને છે. દેવ પાસે અનિવાર્ય પાપનો ક્ષય કરવા ઈચ્છતા અને રમણીય બ્રહ્મને આત્મસાત્ કરવાની ઈચ્છાવાળા માણસો માટે પાણીનો મંગલ રસ (અને સુખપ્રદ જમીન) છે; જેમાં અગ્નિ ઔષધ આપે છે. આ પાણી અને તેમાંય માઘમાસ તો ખાસ, માણસનું શાપ, દ્રોહ, અસત્ વગેરેથી જન્મેલું જે કંઈ દુરિત (પાપ) હોય તેને તાણી જાય છે; જેમાં તેજસ્વી વરુણ, સોમ, વિશ્વેદેવો આનંદ પામે છે, જેમાં વૈશ્વાનર વ્યાપ્ત છે, તે પાણી સાચે જ શું પવિત્ર નથી કરતું ?

# સાતમા અષ્ટકનો સાતમો અધ્યાય

## સદ્‌ગુરુએ માઘસ્નાનવિધિ અને રાક્ષસ-અપ્સરાના સંવાદનું કરેલું વર્ણન

૧. દણ્ડ ધારણ કરનાર (યમરાજ) કહે છે, "હે દૂતો ! પુણ્યકર્મ કરનારાઓ પાસેથી પાછા હટી જવું; માટે પોતાના ધર્મથી (ધર્મ આચરી) આત્મખોજ કરનારાઓનું કદી અધઃપતન થતું નથી.

૨. (ધાર્મિક) નિમિત્તથી ત્રણ દિવસ સ્નાન કરે તો પણ મનુષ્યનો અધઃપાત થતો નથી, તો પછી માઘ માસમાં વિધિપૂર્વક ભક્તિભાવથી સ્નાન કરે તો તેનું અધઃપતન તો થાય જ ક્યાંથી ?

૩. હે રાજેન્દ્ર ! માઘ માસમાં અર્ધો સૂર્યોદય થયો હોય તે વેળા સ્નાન કરવાથી પાપી પણ નિષ્પાપ બને છે; માટે માણસે વિધિપૂર્વક માઘસ્નાન કરવું જોઈએ.

૪. થી ૫. માઘ માસમાં મકર રાશિમાં સૂર્ય પ્રવેશે ત્યારે પવિત્ર બની, પ્રથમ આચમન કરી, સંયમપૂર્વક પાણીમાં (ઊભા રહી) સંકલ્પ કરી, "હે ગોવિન્દ ! હે અવિનાશી માધવ ! હે દેવેશ ! આ સ્નાનથી તું મારું શરણ બન.' (આ પ્રમાણે મંત્ર બોલી) શ્રી વિષ્ણુ (ભગવાન) ની સંપૂર્ણ પ્રીતિ મેળવવા એક મહિના સુધી પૂજન કરી વ્રત નિયમોનું પાલન કરવું.

**નોંધ : પાલન કરવાના નિયમો :**

૬. થી ૭. તલ અને ઘી (ની આહુતિથી) હોમ કરવો, ભૂમિ પર શયન કરવું, હવિષ્યાન્નનું ભોજન કરવું, વિષ્ણુ (ભગવાન) નું અર્ચન કરવું, કામળો (અને અન્ય) વસ્ત્રોનું દાન કરવું, બ્રાહ્મણોને જમાડવા; હંમેશા દરરોજ ભક્તિભાવથી હરિ (વિષ્ણુ) નું શ્રવણ અને કીર્તન કરવું અને છેલ્લે (માઘ માસના અંતે) ઉદ્યાપન કરી શક્તિપ્રમાણે બ્રાહ્મણોને ભોજન કરાવવું.

૮. (સ્નાન માટે) ગરમ પાણી, કૂવો, સરોવર, વહેતું પાણી, નદી અને ગંગા (માં સ્નાન) પ્રથમ કરતાં એના પછીનું (જલ) અધિક પુણ્યફલ આપનારું છે, તેમાંયે જ્યાં યમુનાનો સંગમ થાય છે તે સ્થાન (પ્રયાગ) માં ગંગા અધિક પુણ્ય આપનારી છે.

૯. શ્વેત અને શ્યામ (પાણી) નો સંયોગ જ્યાં થાય છે ત્યાં સ્નાન કરવાથી માણસો સ્વર્ગમાં જાય છે; બ્રહ્માએ પ્રાચીનકાળમાં જ બધાં પાપનો નાશ કરનાર પ્રયાગનું સર્જન કર્યું છે.

૧૦. માઘ માસમાં સૂર્ય મકરરાશિમાં રહેલો હોય ત્યારે પ્રાતઃકાળમાં ત્રિવેણી સંગમમાં સ્નાન કરે છે તેઓ પાપી હોય તો પણ સ્વર્ગમાં ભોગ ભોગવી અંતે વિષ્ણુના પદને પામે છે.

૧૧. થી ૧૩. અહીં (પ્રયાગમાં) સ્નાન કરવાથી સિદ્ધો અને દેવો પણ કૃતકૃત્ય બને છે; (એક દૃષ્ટાંત) સાંભળ. એક વખત કાંચનમાલિની નામની એક અપ્સરા પ્રયાગમાં સ્નાન કરીને શંકર (મહાદેવ) પર અભિષેક કરવા જ્યારે જતી હતી ત્યારે દૈવયોગે માર્ગમાં તેના ભીના વસ્ત્રમાંથી (ટપકતા) જલબિંદુના સ્પર્શમાત્રથી હિમાલય પર્વત પર રહેતો ભયંકર, હિંસક રાક્ષસ પણ એકદમ શાંત ચિત્તવાળો બની ગયો; (અને) તેને તેણે પૂછ્યું," તું કોણ છે ? તારું આવું (સુંદર) લાવણ્ય ક્યાંથી (શા કારણે) છે?"

૧૪. થી ૧૫. (રાક્ષસે આગળ પૂછ્યું:)", હે સ્વર્ગમાં જનારી, સુંદર (ભરાવદાર) નિતંબવાળી, સુંદર ભમરોવાળી, પુષ્ટ અને ઉન્નત સ્તનોવાળી, ચંદ્રમુખી, વિશાળ આંખોવાળી, દેવોને (પણ) મોહ પમાડનારી ! તું ક્યાં જાય છે ? ક્યાંથી આવી છે ? તારું વસ્ત્ર ભીનું શાથી છે? ક્યા પુણ્યના કારણે તારું અખિલ શરીર તેજોમય થઈ પ્રકાશે છે ?"

૧૬. થી ૧૭. (રાક્ષસે વધુમાં કહ્યું)", હું ઘાતકી રાક્ષસ હોવા છતાં તારા વસ્ત્રનાં (ટપકતા જલનાં) ટીપાં પડવાથી કેમ શાંત થઈ ગયો તે તું મને જણાવ; મને અત્યારે (આ બાબતથી) ખૂબ આશ્ચર્ય થયું છે; તારા શરીરનો આ ક્યો મહિમા છે? તું મહાદેવી હોઈ એવું મને લાગે છે. હે વિશ્વની એકમાત્ર સુન્દરી ! જો એમ ન હોય તો ઘાતકી એવા મને શાંતિ ક્યાંથી (મળે) ?"

૧૮. થી ૧૯. રાક્ષસનું આ વચન સાંભળી, સંતુષ્ટ થયેલી તે કાંચનમાલિની અપ્સરા બોલી, "ઈચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનારી (અપ્સરા) હું પ્રયાગ (તીર્થ) માં ગઈ હતી; અત્યારે મોટાં પાપનો નાશ કરનાર માઘ માસ ચાલે છે; (તેથી) અર્ધો સૂર્યોદય થયો હતો તે વખતે ત્રિવેણી (સંગમ) માં સ્નાન કરીને હું પાછી ફરું છું.

૨૦. થી ૨૨. (તેથી) આજે મારું કટિવસ્ત્ર સ્નાન કરવાથી, ગંગાના પાણીથી ભીનું (થયેલું) છે; હે રાક્ષસ ! હું જલદીથી પર્વતોમાં ઉત્તમ એવા કૈલાસ પર જાઉં છું; ત્યાં બધા દેવોથી નમસ્કાર કરાતા (એવા) પાર્વતી પતિ છે; હે અસુર ! તે પરમાત્માની પૂજા કરવા માટે હું ઉતાવળી બની છું ; ત્રિવેણી સંગમના પાણીના પ્રભાવથી તારી ક્રૂરતા તરત જ નાશ પામી છે; ખાસ કરીને માઘ માસમાં એ આવું પાવન તીર્થ છે."

૨૩. થી ૨૫. (અપ્સરા આગળ કહે છે), "(હવે) હું જે (પુણ્યના) કારણે સુંદર અંગોવાળી બની, (અને) જેથી હું સૌન્દર્ય અને લાવણ્યથી સંપન્ન બની સ્વર્ગમાં પણ માનીતી બની તે પુણ્યની વાત તને કહું છું. હું પહેલાં કલિંગદેશના રાજાની, સૌન્દર્ય અને લાવણ્યના એક માત્ર ખજાનો એવી અને સૌન્દર્યના મદથી અભિમાની બનેલી વેશ્યા હતી; હું બધી જ સ્ત્રીઓમાં શિરોમણિ હતી અને ત્યાં રાજાના અનુગ્રહથી મેં [1](અન્ય ને માટે) દુર્લભ એવા ભોગ ભોગવ્યા,...

૨૬. થી ૨૭. મેં (મારા) લાવણ્યરૂપી સંપત્તિથી આખું નગર મારું બનાવી દીધું; અનેક ચિત્ર-વિચિત્ર રત્નો, શ્રેષ્ઠ આભૂષણો મનને આકર્ષક વસ્ત્રો અને બધા પ્રકારના ભોગ- આમ મારા મોહક રૂપથી રાજા પાસેથી મેં બધુંજ મેળવી લીધું;.....

૨૮. થી ૨૯. (પોતાના) રૂપની સંપત્તિથી ગર્વિષ્ઠ બનેલા (ત્યાંના) યુવાનો, (ભલે) મારાથી બળપૂર્વક અનાદર પામ્યા છતાં કામદેવના ચાકર બની મારા ચરણની સેવા કરતા હતા અને એ બધાને મેં મારા છળકપટથી (તેમનું) સર્વસ્વ લૂંટીને છેતર્યા છે અને તેમાંના ઘણા એકબીજાની ઈર્ષા કરી એક બીજાને હણીને મૃત્યુ પામ્યા છે.

૩૦. થી ૩૧. હે અસુર ! આ પ્રમાણે કામવાસનાને વશ રહીને મારો ઘણો સમય વ્યતીત થઈ ગયો હવે ઘડપણ આવતાં દૈવયોગે (સદ્નસીબે) મારામાં (સારાસારનો) આ વિવેક ઉત્પન્ન થયો, કે મેં ન દાન કર્યું, ન યજ્ઞ વગેરે કર્યા, ન કોઈ તપ કર્યું કે ન કોઈ વ્રતનું આચરણ કર્યું; અરે ! સ્વર્ગ અને મોક્ષ આપનાર ભગવાન શંકરની આરાધના પણ મેં ન કરી !!......

૩૨. થી ૩૩. ન કોઈ બ્રાહ્મણોને (ભોજન - વસ્ત્રાદિકથી) પરિતૃપ્ત કર્યા, કે ન કોઈ પ્રાણીઓનું હિતકારક કર્મ કર્યું અને સદા ભોગની લાલચવાળી મેં અણુ માત્ર પણ પુણ્યકર્મ કર્યું નહીં ! પાપના કુંડ જેવી ચામડીના ટુકડાને વેચીને મેં કેવળ નિંદનીય સુખ મેળવ્યું ! આ નિવારી ન શકાય તેવાં પાપ મેળવીને મારું મન હવે ખૂબ બળતું.

૩૪. (વૃદ્ધાવસ્થાને લીધે) વિરૂપ બનેલું મારું મુખ મારામાં (યુવાનીમાં) જેઓ આસક્ત હતા તેઓ પણ જોતા નથી ! હું શું કરું ? ક્યાં જાઉં? દુષ્ટ બુદ્ધિવાળી મારું આજે કોણ શરણ થાય ? મારો કોણ આધાર છે ?

૩૫. થી ૩૭. આ પ્રમાણે ખૂબ વિલાપ કરતાં મારામાં ઉત્તમ વૈરાગ્ય જન્મ્યો; ત્યાં જ એક શાન્ત, કરુણાસભર, શરણ્ય એવા બ્રાહ્મણને આવેલો જોઈ મેં જન્મથી માંડી જે જે કર્યું હતું તે બધું તેની પાસે જણાવી દીધું; (ત્યારે) ચારિત્ર્યસંપન્ન તેણે કહ્યું, "હે પાપિણી ! જો કે તું દુષ્ટ આચરણવાળી છું, પરંતુ આ ઊંચે વધેલા સંસારરૂપી વૃક્ષને મૂળમાંથી જ અસંગરૂપી તલવારથી કાપી નાખીને સાત્ત્વિક ધીરજ કેળવીને મહાદેવને શરણે જા.".......

૩૮. હે પાપસંભૂતે ! બાળપણથી માંડીને તારું આચરણ તો (શાસ્ત્ર-ધર્મથી) નિષિદ્ધ છે; છતાં તેના (ફલના) નિરાકરણ (કરવા) માટે હું તને પ્રાયશ્ચિત કર્મ કહું છું :

૩૯. (બ્રાહ્મણ પ્રાયશ્ચિત કર્મ કહે છે): "જ્યાં ગંગા ને યમુનાનો સંગમ થાય છે અને સરસ્વતી ગુપ્ત રીતે વહે છે ત્યાં (પ્રયાગ-ત્રિવેણીમાં) સ્નાન કરવાથી તું શુદ્ધ બનીશ અને તું કૃતાર્થ થઈશ......

૪૦. ત્રણે લોકમાં આવું (પાપીને) પાવન કરનારું અને સદ્ગતિ આપનારું તીર્થ નથી; અહીં (ત્રિવેણીમાં) ફક્ત સ્નાન કરવાથી જ પાપી પણ અશુભ (પાપ) માંથી મુક્તિ મેળવે છે.....

૪૧. મન, વાણી કે શરીરથી કરેલું કોઈ પણ નાનું કે મોટું પાપ હોય છતાં તે ત્રિવેણીમાં ફક્ત સ્નાન કરવા માત્રથી નાશ પામે છે, એમાં શંકા નથી.,

૪૨. એના જેવું પાવન કરનારું કોઈ તીર્થ નથી; એના જેવું (સ્નાન કરતાં બરાબર) તરત જ સ્વર્ગની ગતિ આપનારું તીર્થ વેદમાં પણ પ્રસિદ્ધ નથી.

૪૩. આવું તીર્થ દુષ્ટમતિવાળાઓ પણ જોઈ શકતા નથી, તેથી તેઓ દુષ્ટમતિવાળા (દુર્ગતિ મેળવનારા) છે; પરસ્ત્રીગમનના (ભયંકર) પાપાચરણમાંથી ઈન્દ્ર પણ અહીં જ (ત્રિવેણી તીર્થથી) મુક્ત થયો, તે તું સાંભળ.

૧. શ્લોક ૨૫ માં સંસ્કૃત મે શબ્દ વાપર્યો છે તેનો અર્થ મયા તરીકે લેવાનો છે (ટીકા મે = મયા)

# સાતમા અષ્ટકનો આઠમો અધ્યાય
# પરસ્ત્રીગમનપાપમાંથી ઈન્દ્રની પ્રયાગમાં મુક્તિ તથા રાક્ષસની મુક્તિનું વર્ણન

(નોંધ : બ્રાહ્મણ વેશ્યાને ઈન્દ્રવૃત્તાંત જણાવે છે) :

૧. થી ૨. જે સ્વતઃ પ્રમાણ છે એવા વેદમાં જેનું (સ્તુતિ) ગાન થયું છે તે શચી(ઈન્દ્રાણી)પતિ, સ્વર્ગનો સમ્રાટ, દેવોનો રાજા, યજ્ઞક્રિયામાં સર્વપ્રથમ (અધિકૃત) ભાગ ભોગવનાર ઈન્દ્ર પણ બીજું (ગૌતમનું) રૂપ ધારણ કરીને, પોતાની (ગૌતમની) પત્ની (અહલ્યા) નો સંભોગ કરવાથી ગૌતમથી શાપ અપાતાં (દેહ પર) એક હજાર કાણાંવાળો બની (તેથી) ખૂબ લજ્જિત બની વનમાં ચાલ્યો ગયો.

૩. મોહ પમાડનારી તે સ્ત્રીને ધિક્કાર હજો, મુશ્કેલીથી જેનું દમન થાય તે કામને ધિક્કાર અને આવી ખરાબ દશામાં આવી પડેલા દુષ્ટ બુદ્ધિવાળા મને ધિક્કાર હજો, એ પ્રમાણે (ઈન્દ્રે) તેણે પોતાની જાત પર ફિટકાર વરસાવ્યો.

૪. પછી અનાથ બનેલા દેવો અને (ઈન્દ્રપત્ની) શચી ઈન્દ્ર (ક્યાં ગયો તે) વિષે જાણતાં ન હોવાથી ગુરુને પૂછવા લાગ્યાં, "સ્વરાટ (ઈન્દ્ર) ક્યાં ગયો હશે, હવે એની ક્યાં શોધ કરવી, તે કહો."

૫. પૂજનીય (ગુરુ) એ કહ્યું, "કરેલા પાપથી (માનસિક રીતે) પીડાતો તે (ઈન્દ્ર) જ્યાં છે, તે તમને બતાવું છું." આમ કહી તેમની દેવો તથા શચી) સાથે જઈને મેરુ (પર્વત) ની ગુફામાં (સંતાયેલ) ઈન્દ્રને બતાવ્યો.

૬. ઐશ્વર્યથી ઉન્મત્ત બનેલો, મન પર કાબૂ ન રાખી શકનાર, ડર વિનાનો, દૈવયોગે ભ્રષ્ટ થયેલી બુદ્ધિવાળો દેવોનો રાજા ઈન્દ્ર (આજે) લજ્જિત બની બોલ્યો, "હે ગુરુ ! દૈવયોગે (દેહ પર શ્રવણથી કાણાંથી) અંકિત થયેલા મારું રક્ષણ કરો.

૭. તેણે (ગુરુએ) કહ્યું, " હે શિષ્ય દેવેન્દ્ર ! જો કે (ખૂબ) અયોગ્ય (કર્મ) કર્યું છે, છતાં તું એમાં સાવધાન બન; હું તને (એમાંથી) મુક્ત થવાનો ઉપાય કહું છું."

૮. (બૃહસ્પતિ ઉપાય બતાવે છે) : હે પાકશાસન ! પ્રયાગ (તીર્થ) માં ત્રિવેણી (સંગમ) માં સ્નાન કરવા માત્રથી તું કરેલા પાપમાંથી મુક્ત થઈશ, એમાં કોઈ શંકા નથી.

૯. આ પ્રમાણે (ઈન્દ્રને) કહેવાયું એટલે પશ્ચાત્તાપ કરતો તે (પ્રયાગમાં) ગયો, (અને) ત્રિવેણી (સંગમ) માં સ્નાન કરવા માત્રથી પવિત્ર મન-આત્માવાળો બની (હજાર છિદ્રની જગ્યાએ) એક હજાર આંખવાળો બન્યો; આવો છે ત્રિવેણી સંગમનો મહિમા !

૧૦. માટે તું પણ ત્યાં જ (પ્રયાગ-ત્રિવેણી) જા, તું મુક્ત બનીશ." આ પ્રમાણેનાં બ્રાહ્મણનો વચન સાંભળીને તે જ વખતે હું (વેશ્યા) ભક્તિ-યુક્ત બની.

૧૧. થી ૧૨. વિષયોને ઝેર સમાન, સ્વજનોને શત્રુ જેવા અને ઘરને મુશ્કેલીથી જવાય એવું જંગલ ગણી (એ બધાંનો) ત્યાગ કરી, મનોજય કેળવી, કોઈ પણ વિષયમાં બુદ્ધિને આસક્ત કર્યા વિના ઈષણાઓના આગમને નષ્ટ કરી, યાતના આપનારી દુષ્ટોની સોબત (અને) અધોગતિ લાવનાર પાપનું ચિત્તમાં સ્મરણ કરી, પશ્ચાત્તાપ કરી, મેં માઘસ્નાન કર્યું.

૧૩. ત્રણ દિવસ સ્નાન કરવાથી, પરમાત્માની (શિવની) કૃપાથી મારું પાપ નાશ પામ્યું, બાકી રહેલા પુણ્યથી હું આવી જાતિસ્મરા[1] સુંદર અપ્સરા બની."

૧૪. થી ૧૭. આ સાંભળી, તે રાક્ષસ બોલ્યો, મને (અહીં) એક વૃત્તાન્ત યાદ આવ્યું તે સાંભળ; સ્મરણ કરવા માત્રથી મુક્તિ આપનાર તરીકે સર્વત્ર પ્રખ્યાત એવી જે કાશી (નગરી) છે ત્યાં હું (રહેતો) હતો. હું શ્રેષ્ઠ કુળમાં જન્મેલો બ્રાહ્મણ હતો; પરંતુ અજ્ઞાની અને દુષ્ટબુદ્ધિનો હતો; જ્ઞાનીપુરુષો મારી નિંદા કરતા છતાં મેં હંમેશાં ખરાબ આચરણ કર્યું, મેં ચંડાલે આપેલું ખરાબ દાન પણ છોડ્યું નહીં. સુવર્ણ અને બીજાઓની સ્ત્રીઓનું અપહરણ કર્યું, અને અરે રે ! મેં પ્રેત-અન્નનું પણ ભક્ષણ કર્યું; આવું વજ્રલેપ સરખું[2] પાપ મેં કાશી નગરીમાં કર્યું અને અમુસરખું પણ પુણ્ય કર્યું નહીં અને દૈવયોગે મૃત્યુને વશ થયો.

---

૧. જેને પૂર્વની જાતિનું સ્મરણ ટકી રહે તેવી.

૨. पुण्यक्षेत्रे (तीर्थक्षेत्रे) कृतं पापं वज्रलेपो भविष्यति ॥ બીજા ક્ષેત્રમાં કરેલું પાપ પુણ્યક્ષેત્રમાં નાશ પામે - પુણ્યક્ષેત્રમાં કરેલું પાપ વજ્ર લેપ બની જાય (નાશ પામે જ નહીં)

૧૮. (કાશી) ક્ષેત્રમાં નિવાસ કરવાના પ્રભાવ (પુણ્યબળ) થી હું દુર્જન હોવા છતાં મને નરક મળ્યું નહીં, પરંતુ ભગવાન શંકરની આજ્ઞાથી ભૈરવે મને ભૂત-પ્રેતની યોનિમાં નાખ્યો.

૧૯. ભૂત-પ્રેતાદિ યોનિમાં મહાન કષ્ટથી મેં નવ (૯) શરીર ધારણ કર્યાં અને વીતાવ્યાં; હવે હમણાં હિમાલય પર્વત પર આ મારો રાક્ષસનો દશમો જન્મ છે.

૨૦. (આવી યોનિઓમાં) મારાં પંચોતેર હજાર વર્ષ તો પસાર થઈ ગયાં (પરંતુ) આજ સુધી પાપ નાશ થયાં નથી તો પછી મુક્તિની તો વાત જ શી કરવી ?

૨૧. હું ભયંકર, દાઢીવાળો, ઘાતકી અને (હંમેશા) ભૂખ-તરસથી ખૂબ પીડાતો રહું છું; (મારાંજ) ખરાબ કર્મોથી હું બળ્યા કરું છું; આમાં (આ સ્થિતિમાં) સુખની તો કલ્પના પણ શક્ય નથી.

૨૨. મારું (કાશી) ક્ષેત્રમાંના વસવાટથી ઉત્પન્ન થયેલું પુણ્ય આજે સફળ થયું; નહીંતર તારા જેવી સતીનાં દર્શન ક્યાંથી થાય તે (મને) કહે.

૨૩. સત્સંગતિ થકી જ હું શાંત ચિત્તવાળો બની આજે ધન્ય થયો છું; માટે જ વિદ્વાનો પવિત્ર એવી સત્સંગતિની અહીં પ્રશંસા કરે છે.

૨૪. (જેમ) સ્વાદમાં મધુર ક્ષીરસાગરનું પાણી જ હંસોનું જીવન છે (તેમ) સર્વ પ્રતિ સમભાવ રાખનારા સંતો જ બધાનું ઉપજીવન (બને) છે.

૨૫. હે કલ્યાણિ ! આનાથી વધુ શું કહું ? મારી આ કષ્ટદાયક દશા જાણીને તને જે યોગ્ય લાગે તે કર; હું તારા આગળ (તારે પગે) પાય વંદન કરું છું."

૨૬. તેનું (સ્વભાવમાં) દીનતા ભરેલું વક્તવ્ય સાંભળીને, દયા લાવીને તેણે કહ્યું, " મેં (પ્રાપ્ત કરેલ) માઘ (સ્નાન) નું પુણ્ય તને આપીશ, તેનાથી તું પાપરહિત બનીશ.

૨૭. મેં બ્રહ્મક્ષેત્રમાં (પ્રયાગમાં) વિધિપૂર્વક ઘણાં માઘસ્નાન કર્યાં છે; તેમાંથી એક માઘસ્નાનથી ઉત્પન્ન થયેલું સદ્‌ગતિ આપનારું પુણ્ય હું તને આપું છું. "

૨૮. આમ કહીને, (પોતાનું) ભીનું વસ્ત્ર નીચોવીને તેમાંથી (ટપકતું) પાણી લઈને, સંકલ્પ કરીને, સતીએ દયા લાવી (તે) રાક્ષસને માઘસ્નાનનું પુણ્ય આપ્યું.

૨૯. થી ૩૦. (એનાથી) તે તરત જ રાક્ષસનો ભાવ ત્યજીને તે જ વખતે દેવ જેવો બની ગયો, (અને) ખૂબ હર્ષ પામી, તે અપ્સરાને પ્રણામ કરી, ગદ્‌ગદ્ વાણીમાં આ પ્રમાણે કહેવા લાગ્યો, "હે કલ્યાણિ ! પાર્વતી સાથે ત્રણ લોચનવાળા ભગવાન શંકર, જે કર્મનું ફળ આપનારા છે, તે પરોપકાર કરવા માટે તને સદ્‌બુદ્ધિ આપો (અને) તારું કલ્યાણ કરો.

૩૧. તેં આજે મારા પર સરસ ઉપકાર કર્યો છે, (કારણ) પતિત એવા મારો તેં ઉદ્ધાર કર્યો છે; મારા પાપનો કદી નાશ થવાનો જ ન હતો; આવા (પતિત) મને તેં પાવન કર્યો છે.

૩૨. હે મા ! તું પ્રસન્ન થા અને હવે મારા પર કૃપા કરી એક અનુગ્રહ કર; તું મને (એવો) ઉપદેશ આપ જેના લીધે હું કદાપિ કોઈ પાતક ન કરું.

૩૩. રાક્ષસનું આવું પ્રેમાળ, ધાર્મિક વચન સાંભળી પ્રસન્ન બુદ્ધિવાળી અપ્સરાએ ઉદ્ધાર કરનાર ધર્મનો ઉપદેશ કરવાનો આરંભ કર્યો.

૩૪. આ પૃથ્વી પર પોતાના વર્ણ અને આશ્રમના ધર્મથી અધિકૃત થયેલા મનુષ્યો દૈવી સંપત્તિથી જ સિદ્ધિ પ્રાપ્ત કરે છે, નહીં કે બીજી (આસુરી) સંપત્તિથી.

૩૫. દેવો પણ પોતાની જ (દૈવી) સંપત્તિથી સ્વર્ગ જીતી શક્યા, બીજા (અસુરો) બીજી (આસુરી સંપત્તિ) થી (જીતી શક્યા) નહીં, (બલ્કે) હણાયા. ઈન્દ્ર વગેરે પણ ગુરુ સેવા વગેરેથી જ મોક્ષ પામે છે એવું વેદમાં કહ્યું છે.

---

૧. જેને પૂર્વની જાતિનું સ્મરણ ટકી રહે છે એવી.

अन्यक्षेत्रे कृतं पापं पुण्यक्षेत्रे विनश्यति ! पुण्यक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति ॥

૨. બીજા ક્ષેત્રમાં કરેલું પાપ તીર્થ ક્ષેત્રમાં નાશ પામે પુણ્ય ક્ષેત્રમાં કરેલું પાપ વજ્રલેપ (જેવું) બની જાય.

૩૬. તે દૈવી સંપત્તિરૂપી ધર્મનું હંમેશા સેવન કર; હિંસાનો તો દૂરથી જ ત્યાગ કર; પારકાના દોષ કહી બતાવવાનું (પાપ) છોડી દે અને અંતઃ કરણમાં રહેલ કામરૂપી શત્રુનો ત્યાગ કર.

૩૭. સાત્વિક ધૈર્યથી અને બુદ્ધિથી મનનું નિયમન કરી, (વિષયોમાંથી) ઈન્દ્રિયોને ખેંચી લઈ, શિવનું પૂજન કર અને જગતને સ્વપ્ન જેવું (મિથ્યા) જો.

૩૮. વૈરાગ્યમાં રસ કેળવી, (સમાધિ કર) અને સમાધિ છૂટે ત્યારે પણ લોહી, માંસ અને હાડકાંથી બનેલા ક્ષણભંગુર (પોતાના કે પારકા) દેહ પ્રત્યે અહંતા - મમતાને પોષીશ નહીં.

૩૯. (વિષયોના) ઉપભોગના સમયે કદાચ અહંકાર જન્મે તો પણ (મેળવેલા) આત્મબોધને વિપરીત રીતે (જગતને સત્યરૂપે) જોતો નહીં, પરંતુ આ બધું ચિત્ સ્વરૂપે જોજે.

૪૦. આ પ્રમાણે તાત્વિકરૂપે જાણ્યા પછી તારા પોતાના સ્વરૂપમાં પ્રવેશ કર (સ્વ-રૂપને ઓળખ), કારણ આ જ મોટામાં મોટો ધર્મ છે, જેમાંથી અધઃપતન થતું નથી.

૪૧. ૪૨ થી ૪૩. આ પ્રમાણે તેની વાણીરૂપી સુધાનું કર્ણથી પાન કરી, પવિત્ર બનેલા તે રાક્ષસે તેને કહ્યું," હે સદાચારિણી કાંચનમાલિનિ ! તું હંમેશાં સુખ પ્રાપ્ત કરનારી બન. પ્રસન્ન અને (તેથી) સુંદર મુખવાળી તને પ્રતિદિન શંકરનું સાન્નિધ્ય પ્રાપ્ત થાવ; યાવચ્ચંદ્ર દિવાકરૌ અહીં જ હંમેશા સ્નેહાળ પાર્વતી સાથે તું નિવાસ કર. હંમેશા ધર્મમાં અને તપમાં તારી નિષ્ઠા રહો; સદા યોગમાર્ગમાં તું સ્થિત રહે. નાશવંત દેહમાં તને લોભ ન થાય; આપત્તિ વાળાની પીડાનો નાશ કર."

૪૪. આ પ્રમાણે તેની સ્તુતિ કરીને, પ્રણામ કરીને તેનાં વચનોનો પ્રેમપૂર્વક વિચાર-વિમર્શ કરતો તે (રાક્ષસ) આવી પહોંચેલા વિમાનમાં પ્રારબ્ધ (કર્મ) ભોગવવા સ્વર્ગમાં ગયો.

૪૫. થી ૪૭. એટલામાં તો દેવકન્યાઓએ તેના પર હર્ષથી પુષ્પવૃષ્ટિ કરી; તેને મળીને, નમસ્કાર કરી પ્રિયવાણી બોલનારી તેમણે (દેવકન્યાઓએ) કહ્યું, "હે કલ્યાણિ ! જેના ભયથી અમે આ સુંદર ક્રીડાવન છોડી દીધું હતું, તે રાક્ષસને તેં કેવી રીતે મોક્ષ મેળવી આપ્યો, તે જણાવ. આ તારા શરીરનો મહિમા વિશે અમે શું કહીએ ? આનાથી જ આ નીચ રાક્ષસને મોક્ષ પ્રાપ્ત થયો ! અને અમે અહીં સુખપૂર્વક વિહાર કરી શકીએ છીએ.

૪૮. તેઓનું (દેવકન્યાઓનું) તે સંભાષણ સાંભળીને તેણે (અપ્સરાએ) કહ્યું," આ તો પોતાના ધર્મનો મહિમા છે; માટે હે દેવીઓ ! લોભનો ત્યાગ કરી આ સનાતન ધર્મનું સેવન કરો."

૪૯. આ પ્રમાણે બોલીને તે હેમમાલિની (કાંચન-માલિની) દુષ્ટ બુદ્ધિવાળાઓ સ્વપ્ને પણ જેનો વિચાર કરી શકે નહીં; તે ઉત્તમ પર્વત કૈલાસ પર જલદી પહોંચી ગઈ.

૫૦. (અને) ત્રણ લોચનવાળા અનંગલને હણનારા, હંમેશાં પાર્વતી સાથે યુક્ત રહેતા, શંકરને જોઈને, મોક્ષનું કારણ એવા પુરાણ પુરુષ (શિવને) તેણે પ્રણામ કર્યા.

૫૧. હે રાજન્ ! આ પ્રમાણે પરમ શ્રેય કરનારું આ ધર્મરહસ્ય મેં તને કહ્યું; જો એનું આવું ફળ મળતું હોય તો મિથ્યા આત્મગોપનની શી જરૂર ?

૫૨. માટે જ જે લોકો પોતાના ધર્મમાં વિધિપૂર્વક પ્રેરિત થાય છે, તે મૃત્યુ પામતાં ઊર્ધ્વગતિ પામે છે; અરે ! સકામ ધર્મપાલન કરનારાઓનો પણ અધઃપાત થતો નથી.

૫૩. જ્યારે, હે રાજેન્દ્ર ! નિષ્કામ ધર્માચરણ કરનારા સજ્જનોને તો અહીં જ પરલોકમાં મોક્ષ જ (મળે છે) છે, એમાં કોઈ અન્ય વિચારને અવકાશ નથી.

૫૪. આ પ્રમાણે ગુરુએ ઉપદેશેલા ધર્મના તત્વ વિશે સાંભળીને તે શ્રેષ્ઠ રાજાએ તેની (ગુરુની) પૂજા કરી, તેમની રજા મેળવી, (પોતાના) નગરમાં જઈ, તે પ્રમાણે આચરણ કરવા લાગ્યો.

૫૫. તેનાથી (આચરણથી) પવિત્ર બનેલો તે પાછળથી યોગમાર્ગને પ્રાપ્ત કરી મોક્ષ પામ્યો. માટે ધર્મપરાયણ રહેનારાઓએ હંમેશાં ત્ર્યધીશ્વર (દત્તભગવાન) ને સંતુષ્ટ કરવા.

# આઠમા અષ્ટકનો પહેલો અધ્યાય
## ગાલવ ઋષિના પુત્રે કરેલું બ્રહ્મચારીના ધર્મોનું વર્ણન

૧. (યાજ્ઞિકને ઘેર) જે પોતે દેવોનો પ્રહોતા બની, અગ્નિસ્વરૂપે કેવળ કર્મ કરનારનું પોતે રક્ષણ કરે છે, તે ભગવાને (દત્તાત્રેયે) કહેલા પુરાણધર્મનું અહીં વર્ણન કરવામાં આવે છે.

૨. પ્રહેલાંના સમયમાં નર્મદાના કાંઠે રહેતા ગાલવ મુનિનો શાંત, દાન્ત, (સદા) વ્રતાચરણ કરનાર, બાળક હોવા છતાં વૃદ્ધ[1] જેવો એક પુત્ર થયો.

૩. રમવાની ઉંમર હોવા છતાં તે (સરખી ઉંમરના) મિત્રોને બોલાવીને માટી વગેરેની (વિષ્ણુની) પ્રતિમા બનાવીને એકાદશી વ્રતનો સંકલ્પ કરી વિષ્ણુ (ભગવાન)ની પૂજા કરતો હતો.

૪. આવું (તેનું આચરણ) જોઈને તેના પિતાએ પૂછ્યું, "આ તું અહીં કોનું અર્ચન કરે છે ? આ દ્વૈતભાવ નિર્મૂળ કરનારૂં (પણ) સહન કરવું અઘરું પડે તેવું આ વ્રત તને કોણે ઉપદેશ્યું ?"

૫. તેણે (પુત્રે) જવાબ આપ્યો, " (માતા) અનસૂયા અને (ઋષિ) અત્રિની તપશ્ચર્યાના સાતત્યના પવિત્ર ફળસ્વરૂપ, આદિગુરુ (ભગવાન દત્તાત્રેય) એ મારા પર પ્રસન્ન થઈ આ વ્રત અને બધા ધર્મોનો[2] ઉપદેશ કર્યો છે.

૬. પહેલાં (પૂર્વજન્મમાં) હું ચંદ્રવંશમાં જન્મેલો ધર્મકીર્તિ નામે રાજા હતો; મેં ધર્મપરાયણ રહી નવહજાર વર્ષ સુધી પૃથ્વીનું રક્ષણ કર્યું.

૭. દૈવયોગે પૂર્ત અને ઈષ્ટિ યાગ દ્વારા (લોકોને) પુષ્કળ દાન કરવા છતાં પણ ખરાબ સોબતથી હું ભ્રષ્ટ થયો; પૂજનીય લોકોથી મારો (તિરસ્કાર) થવા માંડ્યો (અને) તેથી ઉદાસ બની (દુઃખી થઈ) નર્મદાના તટ પર આવેલા જંગલમાં ગયો.

૮. દુઃખી થઈને દૈવબળે ત્યાં મેં (રાત્રે) જાગરણ કરી. એકાદશીનું વ્રત આચર્યું. સવારમાં હું મૃત્યુ પામ્યો (એટલે) યમના દૂતો (આવીને) મને કષ્ટ આપતાં આપતાં યમરાજની પાસે લઈ ગયા.

૯. થી ૧૦. મને જોઈને યમરાજે (દૂતોને) કહ્યું, "આને દુર્ગતિ ભોગવવાની નથી, માટે (એના) પુણ્યકર્મનું ફળ ભોગવે તે માટે એનો સત્કાર કરી જલદી (એને) સ્વર્ગમાં લઈ જાઓ. આ યોગી શ્રીદત્તનો શિષ્ય છે; દૈવબળે ભ્રષ્ટ થયો છે, પરંતુ એણે (એકાદશીનું) પાવન વ્રત કર્યું અને મા નર્મદાનું પાણી પીધું, માટે એ પુણ્યલોકનો (અધિકારી) છે.

૧૧. આમ કહી મને પુણ્યલોકમાં પહોંચાડ્યો; ત્યાં લાંબો સમય મેં ઉત્તમ ભોગ ભોગવ્યા (અને હવે) અહીં (પૂર્ણકામ[3] બનવા માટે) હે પિતા ! (આપના) યોગીના કુળમાં[4] જન્મ્યો.

૧૨. (ભગવાન) દત્તાત્રેયની કૃપાથી મારી મહાસ્મૃતિ (પૂર્વ જન્મોની સ્મૃતિ) નાશ પામી નથી; રાજ્યનું શાસન શરૂ કર્યું તે પહેલાં જ મને શ્રીદત્તનાં દર્શન થયાં હતાં.

૧૩. (મારા) સદ્ભાગ્યે સહ્યાદ્રિના શિખર પર એ દિગમ્બર અવધૂત (શ્રીદત્ત)નાં દર્શન કર્યાં, ડાબી બાજુ (બેઠેલી) ખૂબ કંપાયમાન થતી કામિનીને એમણે ગાઢ આલિંગન આપ્યું હતું; (સ્વયં) સર્વ શરીર પર માંખોથી વીંટળાયેલ, લાલ નેત્રવાળા, વિશાલ મનવાળા તે યતિ (ભગવાન દત્ત) તેની સાથે હસતા, ગાન કરતા મદમત્ત અવસ્થામાં હતા.

---

૧. Old head on young shoulders બાળક છતાં વૃદ્ધ જેવી સમજ અને આચરણ.

૨. ચાર વર્ણ અને ચાર આશ્રમોના (પાળવાના) ધર્મો.

૩. यो ह्यपूर्णकामो योगभ्रष्टः स शुचीनां श्रीमतां गेहेऽभिजायते । જે પૂર્ણકામ બન્યો ન હોય અને યોગભ્રષ્ટ હોય તેનો જન્મ

૪. शुचीनां श्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते । પવિત્ર શ્રીમંત કુલમાં અથવા યોગી કુલમાં થાય છે.

૧૫. (તેમનાં) દર્શન થતાં, પ્રસન્નચિત્તથી મેં દૂરથી ભક્તિભાવથી (એમને) નમસ્કાર કર્યા, (જો કે) તેમણે (જાણે) ગુસ્સે થયા હોય તે રીતે લાકડાં, ઢેખાળા વગેરેથી મારા પર પ્રહાર કરવા માંડ્યા.

૧૬. ખૂબ લાંબો કાળ (એમની) સેવા કરવા છતાં હું એમનો અનુગ્રહ મેળવી શક્યો નહીં; એઓ (દત્તભગવાન) મારો રોજ ધિક્કાર કરતા અને વારંવાર મારો તિરસ્કાર કરતા.

૧૭. (વળી) કોઈ વાર મને શોક કરતો દીન સ્વભાવવાળો જોઈ દયાળુ એવા તેઓ કહેવા લાગ્યા, "હે ઉત્તમ રાજવી ! હું વ્રાત્ય[1] તારું કયું કામ કરી શકીશ ? (મને) કહે."

૧૮. 'મારી ધર્મ જાણવાની ઈચ્છા છે; આપ વ્રાત્ય છો એ આપના માટે અન્વર્થક છે' - આ પ્રમાણે જ્યારે મેં કહ્યું ત્યારે તેમણે મને બધા સનાતન ધર્મો કહ્યા.

૧૯. વર્ણ (ચાર-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર) અને આશ્રમ (ચાર-બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યસ્ત)ના વિભાગ પાડી, મૂળથી માંડી, દૃષ્ટાન્તો વગેરે સાથે (કહેલા) તે બધા (ધર્મો) મને યાદ છે; યોગભ્રષ્ટ થયેલો હોવાથી મને એની વિસ્મૃતિ થઈ નથી. (मृत्युनमि पूर्विस्यात्यन्तविस्मृतिः)

૨૦. જો તમને એ (ધર્મો) વિષે સાંભળવામાં શ્રદ્ધા હોય તો શ્રીદત્તભગવાને કરેલા બધા ગુપ્ત સનાતન ધર્મો કહું છું, તે આદર પૂર્વક સાંભળો.

૨૧. બ્રામણ, ક્ષત્રિય, વૈશ્ય[2], શૂદ્ર - આચાર વર્ણો બ્રહ્મ[3] માંથી ઉત્પન્ન થયા છે. તેમનાં કર્મોનો વિભાગ[4] તેમના પોતપોતાના[5] સ્વભાવ માંથી જન્મેલા ગુણો[6] પર આધારિત રહેલા છે.

૨૨. (પ્રથમત્રણ વર્ણો) બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને ગૃહસ્થના આશ્રમમાં રહી શકે, તેમાં કેવળ પ્રથમ વર્ણ બ્રાહ્મણ જ સંન્યાસથી મોક્ષ મેળવી શકે, બીજા બે (ક્ષત્રિય અને વૈશ્ય) ઈશ્વર સેવાથી (મોક્ષના અધિકારી) બને છે.

નોંધઃ- આશ્રમોમાં પાળવાના ધર્મ ચાર પ્રકારના છે. (૧) દરેક આશ્રમનો અલગ ધર્મ (૨) વિશેષ ધર્મ (૩) કૃત્સ્ન ધર્મ (૪) સમાન ધર્મ અહીં સમાન ધર્મ - સામાન્ય ધર્મનો ઉલ્લેખ છે.

૨૩. શમ, દમ, તપશ્ચર્યા૪, પવિત્રતા, જ્ઞાન (પ્રાપ્તિ), આસ્તિકતા, ક્ષમા, સરળતા અને વિધિપૂર્વક નિયત કરેલ વેદપાઠ (અધ્યયન) આ બ્રાહ્મણનું જન્મજાત કર્મ છે.

૨૪. પરાક્રમ, તેજસ્વિતા, ધૃતિ, દક્ષતા, યુદ્ધમાં સ્થિરતા, યુદ્ધવિમુખન બનવું - ભાગી ન જવું તે, પ્રજાનું રક્ષણ, વ્રત આચરણ અને શ્રદ્ધા-ભક્તિથી અતિથિનો (ભોજન-દાન વગેરેથી) સત્કાર એ ક્ષત્રિયનાં (ગુણ આધારિત) કર્મ છે.

---

૧. વ્રાત્ય એટલે દ્વિજત્વ વગેરે સંસ્કાર મેળવ્યા નથી તેવો; પરંતુ અહીં પરમાત્મા પક્ષે ભગવાન અનાદિ છે તેથી સંસ્કાર આપનાર નો અભાવ + સ્વયં સર્વદા શુદ્ધ (શુદ્ધો બુદ્ધો...) એટલે વ્રાત્ય = स्वभावतः शुद्धः (यद्यपि असंस्कृतः)

૨. બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યને ઉપનયન સંસ્કારનો અધિકાર હોવાથી તેમનો સમીસાની પદનો ઉપયોગ કર્યો છે, શૂદ્રને માટે જૂદો વાપર્યો છે.

૩. ब्राह्मणोदस्य मुखमासीन ( पुरुषसूक्त)

૪. चातुर्वर्ण्यं જેવા सृष्टं गुणकर्म विभागशा (ગીતા)

૫. પૂર્વ જન્મની વાસના તથા કર્મ પ્રમાણે સ્વભાવ બંધાય છે.

૬. ત્રણગુણ તેમાં સત્વ પ્રધાન બ્રાહ્મણ; રજ; પ્રધાન ક્ષત્રિય અને રજસ્-તમસ્ પ્રધાન વૈશ્ય તથા તમા પ્રધાન શૂદ્ર.

૨૫. ગાયનું (પાલન) રક્ષણ, ખેતી, વેપાર કરવો એ વૈશ્યનાં (કર્મ) છે, જ્યારે (ત્રણે વર્ણની) સેવા કરવી તે શૂદ્રનો (સ્વાભાવિક ધર્મ) છે. યજ્ઞ-યાગાદિ કરવાં, અધ્યયન કરવું, (સુપાત્રને) દાન કરવું એ ત્રણે વર્ણને પાવન કરનારાં કર્મ છે.

૨૬. બ્રાહ્મણે યજ્ઞ-યાગ કરાવી અધ્યાપન કરાવી, પ્રતિગ્રહ સ્વીકારી નિર્વાહ કરવો, જો રાગ (કામ) વૃત્તિ હોય તો ધર્મપત્ની સાથે લગ્ન કરી લેવાં. પરંતુ તેમાંથી નિવૃત્તિ લેવી એ તો પરમ પદ (આપનાર) છે.

૨૭. ધર્મનું મૂલ શ્રુતિ (વેદ), સ્મૃતિગ્રન્થો અને પુરાણો છે; તેમનો (શ્રુતિ-સ્મૃતિ-પુરાણોનો) પરસ્પર વિરોધ દેખાય તો શ્રુતિ (વેદ) વચન બળવાન ગણવું; બે શ્રુતિમાં (ધર્મ બાબત) વિરોધ માલૂમ પડે બે ધર્મ સ્વીકારવા; બે સ્મૃતિવચનો (ધર્મ વિષે) વિરોધી હોય તો લૌકિક (પરંપરાથી ચાલ્યો આવતો લોકવ્યવહાર ) ધર્મ (સ્વીકારવો).

૨૮. વર્ણ અને આશ્રમના વિભાજન-પૂર્વક કહેવાયેલો, દેશ (હિમાલય વગેરે) અને કાલ (અતિશય ઠંડી હોવાથી) તે અનુરૂપ ધર્મ લૌકિક હોય[1] તો પણ ચારે વર્ણના મનુષ્યોએ પ્રયત્નપૂર્વક એનું (ધર્મનું) સેવન કરવું જોઈએ.

૨૯. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યે પોતાના ઘર કે કુળમાં પરંપરાથી ચાલ્યો આવતો પરંતુ સ્મૃતિ વિરુદ્ધ ન હોય (સ્માર્ત હોય) તો તેનું પાલન કરવું; એમને (ત્રણે વર્ણના જનોને) પોતાના ધર્મના ત્યાગથી જે પાખંડ (નાસ્તિકતા) પણું થાય તે ખૂબ જ દુઃખ કર બને છે.

૩૦. થી ૩૨. દરિયાપારની મુસાફરી, સવર્ણ ન હોય તેવી સ્ત્રી સાથે લગ્ન, નૈષ્ઠિક બ્રહ્મચર્ય, પરણેલી સ્ત્રીને બીજા સાથે ફરી લગ્ન કરવા દેવું, નૃમેધ અને અશ્વમેધ યજ્ઞ કરવા, દિયરથી પુત્ર પેદા કરવો, મધુપર્કમાં (આપવા માટે) પશુનો વધ કરવો, શ્રાદ્ધ-ક્રિયામાં મદિરા અને માંસ આપવાં, સાચ-જૂઠનો નિર્ણય કરવા તપ્તશૂલ પકડવો વગેરે દિવ્ય (ઉપાય) આચરવા, વનવાસ સેવવો કે (હિમાલય વગેરે તરફ) મહાપ્રસ્થાન કરવું આ બધા ધર્મોનો કલિયુગમાં ત્યાગ કરવો (આચરવા નહીં); કલિયુગમાં વર્ણ વિભાગનો લોપ થવાથી સંન્યાસ કે અગ્નિહોત્ર પણ (ગ્રહણ કરવાં) નહીં.

૩૩. સારો જન્મ થયો હોય તો પણ એ (જન્મથી તો) શૂદ્ર જ છે, (ઉપનયન) સંસ્કારથી જ દ્વિજ બને છે; વિદ્વાનોનો મત છે કે આચાર્ય એના પિતા અને સાવિત્રી એની માતા છે.

૩૪. વિપ્ર (વર્ણ) ને (ગર્ભથી) આઠમા વર્ષે, ક્ષત્રિયને અગિયારમા વર્ષે અને વૈશ્યને બારમા વર્ષે ઉપવીત સંસ્કાર આપવા; એનાથી બે[2] ગણાં વર્ષો થાય ત્યાં સુધી સંસ્કાર-કાળ સ્વીકારાય (અન્-અતીત ગણાય); એ પછી અસંસ્કાર્ય બને અને પતિત ગણાય.

૩૫. ૩૬. (બ્રહ્મચર્યાશ્રમમાં) બ્રાહ્મણે કાળિયાર હરણનું ચર્મ, ક્ષત્રિયે રૌરવ ચર્મ અને વૈશ્યે ઘેટાનું ચર્મ અથવા અનુક્રમે ભગવું વસ્ત્ર, લાલ વસ્ત્ર અને પીળું વસ્ત્ર (પહેરવાં), બધાંએ વાળની જટા રાખવી; (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય) અનુક્રમે પલાશ (ખાખરો), ઉદુંબર અને બીલીવૃક્ષના વલ્કલ સહિતના દંડ રાખવા અને મુંજઘાસ, ધનુષ્યની પણછ અને આવીની મેખળા પહેરવી; પોતાના ઉપનયન સૂત્રોથી દ્વિજોના સંસ્કાર સંપન્ન બને છે.

૩૭. ચૌલ, ઉપનયન, લગ્ન વગેરે સંસ્કારો સૂર્ય ઉત્તરાયણમાં હોય ત્યારે કરવા; (એ માટે) મહિનાનો શુક્લ પક્ષ, પવિત્ર (શુભ) નક્ષત્ર અને ગુરુ અને શુક્ર ગ્રહો અસ્તના ન હોય (તે જોવું).

૩૮. (બ્રહ્મચારીએ) મેખલા, સૂત્ર (જનોઈ) અને દંડમાંથી કોઈ તૂટી જાય તો નવાં ધારણ કરવાં. (દરરોજ) સવારે અને સાંજે સમિધ વગેરે લાવવા રૂપી અગ્નિકાર્ય કરવું અને કદાપિ દિવસે ઊંઘવું નહીં.

૩૯. (ભિક્ષાની માંગણીમાં) વિપ્ર વગેરેએ (ત્રણ વર્ણના બ્રહ્મચારીએ) અનુક્રમે ભવત્ (સર્વનામનું) પદ નો પ્રથમ, મધ્યમાં અને અંતે[3] પ્રયોગ કરી ભિક્ષારૂપે મેળવેલું પવિત્ર અન્ન ગુરુની આજ્ઞા મેળવી જમવું; (ગુરુ પાસેથી) વિધિપૂર્વક પોતાની શક્તિ પ્રમાણે અધ્યયન કરી વેદો ગ્રહણ કરવા.

---

૧. यद्यपि स्यात्स्वयं ब्रह्मा त्रैलोक्यस्थापनक्षमः । तथापि लौकिकाचारं मनसापि न लंघयेत् । ત્રણે લોક નિર્માણ કરવાની ક્ષમતાવાળા બ્રહ્માએ પણ મનથી પણ લૌકિક ધર્મનું ઉલ્લંઘન ન કરવું.

૨. બ્રાહ્મણને સોળ વર્ષની ઉંમર સુધીમાં, ક્ષત્રિયને બાવીસ વર્ષની ઉંમર થાય ત્યાં સુધીમાં અને વૈશ્યને ચોવીસ વર્ષ થાય ત્યાં સુધીમાં સંસ્કાર આપી શકાય, પછી નહીં; પછી એ પતિત ગણાય. ન જનોઈ દેવાય, ન વેદપાઠ થાય, ન યજન-યાજન થાય, એની સાથે કોઈ વ્યવહાર કરી શકે નહીં.

3. બ્રાહ્મણે ભવન્ (भवती वा) भिक्षां ददातु; ક્ષત્રિયે भिक्षां भवान् (भवती/वा) ददातु, અને વૈશ્યે भिक्षां ददातु भवान् (भवती वा) - એવુ બોલવું.

૪૦.૪૧. બ્રહ્મચારીએ મદ્યપાન, સ્ત્રી ગમન, માંસ અને મીઠાનું ભક્ષણ, તામ્બૂલ ભક્ષણ, ઉચ્છિષ્ટ સેવન કરવું નહીં, (વળી) પાદુકા પહેરવી નહીં છત્રી ઓઢવી નહીં, ગીત વગેરે (ગાવાં) નહીં, વેષપલટો કરવો નહીં, દુર્જનનો સંગ ન કરવો, અંગ લેપ કરવા નહીં, અસંબદ્ધ ભાષણ કરવું નહીં, જુગાર ખેલવો નહીં, વાદ-વિવાદ કરવો નહીં, નિંદનીય સ્પર્શ કે આઠ પ્રકારનું[1] મૈથુન કરવાં નહીં, પ્રેતકાર્ય અને હલકા લોકોને નમસ્કાર પણ કરવા નહીં.

૪૨. (પ્રેતકાર્યમાં) પિતા, માતા કે ગુરુની અન્ત્યેષ્ટિ ક્રિયા કરવાનો (બ્રહ્મચારીને) કોઈ દોષ નથી; હવે (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યને) એમના નામની પાછળ (અનુક્રમે) शर्मा, वर्मा, गुप्त[1] શબ્દ જોડીને ગુરુ હોય તો તેમને પણ (એ રીતે જ) અભિવાદન કરવું.

૪૩. પૂર્ણિમા, પડવો, ચૌદશ અને આઠમની તિથિઓના દિને, સૂર્ય રાશિ બદલે તે દિવસે, મન્વન્તર દિને, અકાલ વૃષ્ટિ કે (ભૂકંપ જેવા) ઉત્પાતના દિવસે વેદાધ્યયન કરવાનો દોષ ગણાય છે, નિત્યકર્મમાં (દોષ) નથી.

૪૪. શબ્દબ્રહ્મ વિષ્ણુનું સ્વરૂપ છે અને (તેથી) વેદનારાયણ સાક્ષાત્ પરબ્રહ્મ હરિ છે; તેથી વેદનું અધ્યયન કરનાર વિપ્ર[2] પવિત્ર અને ઋષિના ઋણ[3]માંથી મુક્ત થયેલો છે.

૪૫. ઉત્સર્જન અને ઉપાકૃત કરેલો, અધ્યયન કરેલો અને રક્ષણ કરેલો (પ્રત્યેક) વેદ-મંત્ર કામધેનુની માફક બ્રાહ્મણોને શું આપતો નથી ?

૪૬. અનધ્યાયના દિવસે જો વેદાધ્યયન કરવામાં આવે તો તે વેદ પ્રજ્ઞા, આયુષ્ય, શ્રી અને બળને હરી લે છે. વેદાધ્યયનનો ત્યાગ કરી જે શાસ્ત્રોનું અધ્યયન કરે છે તે માણસ શૂદ્ર જેવો જ ગણાય.

૪૭. જો કદાચ (કોઈ) બ્રાહ્મણ દ્વારા (અન્યની) બ્રાહ્મણસ્ત્રીમાં (પતિનું મૃત્યુ થયા બાદ) ગોલક કે (પતિ જીવતો હોય ત્યારે) કુંડ[4] પુત્ર પેદા થયો હોય તો (તે તે દેશના) વેદપ્રસ્થાપિત નિયમ પ્રમાણે તેને (ગોલક કે કુંડ પુત્રને) સંસ્કાર આપવા અને અધ્યાપન કરાવવું.

૪૮. ચાર મહાવ્રતો લુપ્ત થાય તો બ્રહ્મચારીએ પ્રાયશ્ચિત[5] કરવું અને જો પોતાનું બ્રહ્મચર્યનું વ્રત ખંડિત થાય તો 'तं यो धिया' એ મંત્ર (શિવાલયમાં બેસી) એક લાખ વાર જપવો.

૪૯. અર્થાનુસંધાનપૂર્વક અથવા ફક્ત પાઠરૂપે (વેદના પોતાને ગમતા) ભાગનું અધ્યયન કરી ગુરુને આનંદથી (એમની) ઇષ્ટિ (દક્ષિણા) આપી, એમની અનુજ્ઞા મેળવી પવિત્ર થઈ યથાવિધિ (સમાવર્તન) સ્નાન કરવું.

૫૦. જો શક્તિ હોય તો એણે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરવું; જો અત્યંત વૈરાગ્ય સંપન્ન હોય તો બધાનો ત્યાગ કરી સંન્યાસી બનવું પરંતુ આશ્રમ વિનાના ન રહેવું. ગૃહસ્થાશ્રમી બનવું જ અને (પરમાત્માનું) યજન કરવું.

---

૧. આઠ પ્રકારનું મૈથુનઃ-

स्मरणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम्।

उत्साहोऽध्यवसायश्च क्रियनिष्पत्तिरेव च ॥

एतदष्टाङ्गमिथुनं प्रवदन्तिमनीषिण : ।

૨. વેદનો પાઠ કરે તે જ વિપ્ર કહેવાય માટે પૂ. સ્વામી મહારાજે વિપ્ર શબ્દનો પ્રયોગ કર્યો છેઃ जन्मना जायते शूद्रः संस्काराद्द्विज उच्यते । वेदपाठीं भवेद् विप्रो ब्रह्म जानाति ब्राह्मणः ।

૩. દ્વિજે ત્રણ ઋણ ચૂકવવાના હોય છેઃ પિતૃઋણ, દેવઋણ અને ઋષિઋણ.

૪. मृते भर्तरि अन्येनोत्पादितो गोल्क उच्यते । अमृते भर्तरि अन्येनोत्पादितः कुण्ड उच्यते ॥

૫. પ્રાયશ્ચિતઃ દરેક વ્રત દીઠ એક કૃચ્છ્ર ચાંદ્રાયણ વ્રત અને વ્યાહૃતિ સહિત ગાયત્રીમંત્રથી હોમ કરવો.

# આઠમા અષ્ટકનો બીજો અધ્યાય
## ગાલવ ઋષિના પુત્રે કરેલું ગૃહસ્થાશ્રમના ધર્મોનું વર્ણન

૧. જેઓ ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરી, ભક્તિભાવથી યજ્ઞ દ્વારા જ યજ્ઞના અધિષ્ઠાતાનું[1] (શ્રીવિષ્ણુનું) પૂજન-અર્ચન કરે છે તે ક્રમપૂર્વક અવિનાશી એવા કૈવલ્ય પદની પ્રાપ્તિ કરે છે.[2]

૨. બુદ્ધિ, સૌંદર્ય, ચારિત્ર્ય વગેરે લક્ષણોથી સંપન્ન, (પોતાના) એક જ ગોત્ર પ્રવરવાળા કુળમાં જન્મી ન હોય તેવી (પોતાનાથી) ઉંમર અને દેહયષ્ટિમાં નાની, ભાઈઓ વાળી, ગુણસંપન્ન કન્યા સાથે લગ્ન કરવાં.

૩. કદાચ (ભૂલથી કે ઉતાવળથી તપાસ કર્મ વિના) એક જ સરખા ગોત્ર-પ્રવરમાં જન્મેલી (કન્યા) સાથે લગ્ન થાય તો માતા હોય તે રીતે એનું પાલન કરવું અથવા વિધિપૂર્વક પ્રાયશ્ચિત વગેરે કરીને ફરી (એની સાથે) લગ્ન કરવાં.

૪. આવો દોષ સપ્તપદીની વિધિ થતાં પહેલાં જાણવા મળે તો, અથવા (સપ્તપદી થતાં પહેલાં) વર મૃત્યુ પામે તો કન્યાનું બીજા યુવક સાથે લગ્ન કરવું. એ જ રીતે જો (કન્યાનું) બળજબરીથી અપહરણ કરાયું હોય અને એ અક્ષત-યોનિ રહેવા પામી હોય તો પણ (અન્ય યુવક સાથે) લગ્ન થઈ શકે.

૫. (લગ્નના પ્રકારોમાં) (બ્રાહ્મણ માટે) બ્રાહ્મ (લગ્ન) ખૂબ પ્રશંસનીય ગણાય, દૈવ અને આર્ષ લગ્ન (મૂલ્યમાં) તે પછીની કક્ષાનાં; અન્ય માટે આ (પ્રકારનાં લગ્નનો)નો સંભવ ન હોય તો ગાન્ધર્વ, આસુર, પૈશાચ કે રાક્ષસ પ્રકારથી લગ્ન થઈ શકે.

૬.(૧.૨) પોતાના ગૃહ્યસૂત્ર પ્રમાણેના દેશના ધર્મો અને પોતાના ગામના ધર્મોનો સ્વીકાર કરવો (તે પ્રમાણે લગ્ન કરવાં;)

૬.(૩.૪) થી ૭. બ્રાહ્મણે પ્રયાણ વેળા છત્રી, પાઘડી, પગરખાંથી યુક્ત બની, દંડ ધારણ કરી જવું. ધર્મકર્મ કરતી વખતે બે જનોઈ, બે વસ્ત્રો પહેરવાં, અને શિખા બાંધવી; કર્મ ન કરવાનું હોય તો પ્રમાદી રહ્યા વિના ઉત્તરીયવસ્ત્ર કમંડલ રાખવાં અને હાથ શુદ્ધ રાખવા.

૮. બ્રાહ્મણે દરેક મહિને વાળ અને નખ કપાવવા, અગ્નિહોમ કરનારે દરેક પખવાડિયે અને તીર્થ ક્ષેત્રમાં તો અવશ્યપણે મંગલપ્રસંગ હોય તો ક્ષૌર કરાવવું નહીં.

૯.૧૦. ગૃહસ્થધર્મ આચરનારે રાત્રે નગ્ન સ્નાન કરવું નહીં, તેમજ સુવું પણ નહીં; (કોઈ પણ) સ્ત્રીને નગ્ન (હોય એ સ્થિતિમાં) જોવી નહીં અરે ! મૈથુનક્રિયા વિના પોતાની સ્ત્રી (ને નગ્ન) જોવી નહીં; વરસાદ પડતો હોય તો દોડતા જવું નહીં. ઝાડ પર ચઢવું નહીં કે, હાથ વડે નદીમાં તરવું નહીં, કૂવામાં ઉતરવું નહીં, પ્રાણનાશની શંકા હોય ત્યાં સામા જવું નહીં.

૧૧. પારકાનું અન્ન, પારકાનું (ખરાબ) બોલવું (કે) નિંદા કરવી, પારકાનું વસ્ત્ર - આ (બધા)નો ત્યાગ કરવો; નિર્માલ્ય, ઉચ્છિષ્ટ વગેરેનું પગ વડે ઉલ્લંઘન કરવું નહીં.

---

૧. યજ્ઞો વૈ વિષ્ણુઃ એ શ્રુતિ પ્રમાણે યજ્ઞના અધિષ્ઠાતા વિષ્ણુ છે.

૨. યજ્ઞકર્મ તો શ્રુતિ પ્રમાણે ધ્રુવ નથી પ્લવા હ્યેતે અદ્રઢા યજ્ઞરૂપાઃ । કર્મ તો (અવિદ્યા) બંધનમાં નાખે - એના દ્વારા કૈવલ્ય પદ કેવી રીતે મળે ? એના જવાબમાં કહ્યું છેઃ ક્રમપૂર્વક અવિદ્યાનાશ માટે જ્ઞાનની અપેક્ષા, જ્ઞાન માટે શમાદિ સાધનની અપેક્ષા, શમાદિ માટે બુદ્ધિ શુદ્ધિ અને બુદ્ધિ શુદ્ધિ માટે નિત્યાનિત્ય કર્મની અપેક્ષા - આમ કર્મથી ક્રમપૂર્વક અવિદ્યાનાશે કૈવલ્ય મળે છે.

૧૨. બે હાથ (હથેળીઓ) જોડીને કદાપિ મસ્તકને ઘસવું નહીં અને પૂજનીય વ્યક્તિ (કે દેવ), દેવાલય કે (પીપળો. ઉદુંબર જેવા) પવિત્ર વૃક્ષોની ડાબી બાજુથી જવું નહીં.

૧૩. પોતાનું પુણ્ય, પારકાનું પાપ (અન્યને) કહેવું નહીં. પોતાનું (જન્મનું નક્ષત્ર અને આયુષ્ય ગુપ્ત રાખવું નિંદાપાત્ર શાસ્ત્રનો, (ચાર્વાક વગેરે) જુગાર રમનાર કે મદ્યપાન કરનારનો ત્યાગ કરવો.

૧૪. મદિરા, ભીનું હાડકું, ઉચ્છિષ્ટ, શૂદ્ર, ચિતા, અને તેનું કાષ્ઠ વાપરનારા, દેવલક, ચાણ્ડાલ કે પતિત થયેલાને સ્પર્શ થાય તો સ્નાન કરી લેવું.

૧૫. ૧૬. મહાપાપીનો દીપ, ખાટલો, છાયા, વસ્ત્ર, નખ અને પાણી, બિલાડી અને ઘેટાના પગની રજકણ, શૂદ્રનું અન્ન ખાવું, વૃષલી (ચાણ્ડાલસ્ત્રી-વેશ્યા વગેરે) ના પતિનો સંપર્ક, ચિતાનો ધૂમાડો, અપશબ્દવાળી વાણી - વગેરેનો ત્યાગ કરવો. તે જ પ્રમાણે મસ્તકમાં નાખેલા તેલમાંથી વધેલા તેલનું શરીરે માલિસ કરવું પણ સારું ન ગણાય.

૧૭. (નાગરવેલ) પાનનું બીડું ખાવું નહીં, સ્નાનથી શુદ્ધ થયા વિના ગુરુ, અગ્નિ કે દેવતાની પૂજા કરવી નહીં; ડાબા હાથથી પાણી પીવું નહીં. (તેમજ) બ્રાહ્મણ, સજ્જન કે યતિની નિંદા કરવી નહીં.

૧૮. ગુરુની છાયા અને આજ્ઞાનું બ્રાહ્મણે કદાપિ ઉલ્લંઘન કરવું જોઈએ નહીં; (પ્રાતઃકાલે) બ્રાહ્મમુહૂર્તમાં[1] ઊઠીને સનાતન બ્રહ્મ[2]નું ધ્યાન ધરવું.

૧૯. ગામની બહાર, નૈઋત્ય દિશામાં, દેવ, જલાશય કે મુખ્ય રસ્તો ન હોય તેવી જગ્યાએ, પાત્ર દૂર મૂકી, નાસિકા, આંખ (આજુબાજુ જોયા વિના) અને વાણી પર સંયમ રાખી, ઘાસ પર, ઉત્તર દિશામાં અને રાત્રે દક્ષિણ દિશામાં મુખ રાખી, બેસી, મસ્તક પર વસ્ત્ર ઢાંકી, જમણા કાન પર જનોઈ ભેરવી ગૃહસ્થીએ મલ-મૂત્રનું વિસર્જન કરવું.

૨૧. થી ૨૪ (૧.૨) (ત્યારબાદ) પાણીમાં રહેલી લીલ/આમળા જેટલી માટીથી અને પાણીથી એક વાર લિંગ, ત્રણ વાર ગુદા, ડાબો હાથ દશ વખત અને બંને હાથ અને બંને પગ દરેક સાત વખત ધોવાં અને શુદ્ધ કરવાં. વીર્યનું સ્ખલન થાય તો આ (શુદ્ધિ ક્રિયા) બેવડાવવી અને અન્ય બાબતમાં એ અડધી કરવી. (જ્યારે) બ્રહ્મચારી માટે (ઉપર બતાવી છે એનાથી) બેવડી, વાનપ્રસ્થી માટે ત્રણગણી અને સંન્યાસી માટે એ ચારગણી (ક્રિયા) કરવી. રાત્રિએ અડધી, અશક્તિમાં એનાથી અડધી, માર્ગમાં (મુસાફરીમાં), બાળકો કે સ્ત્રીઓ માટે એનાથી પણ અડધી માત્રામાં કરવી. (અશક્ત, બાળક, સ્ત્રીઓમાં) ગંધના લેવના અંત થાય એ મર્યાદા શૌચની ગણવી. (વળી) (આ શૌચવિધિમાં) દ્વિજે પોતાની ડાબી બાજુએ પાણીના બાર[3] કોગળા કરવા. એ અપેક્ષાએ અન્ય (ત્રણ વર્ણના) જનોએ અલ્પ સંખ્યામાં (કોગળા) કરવા; તર્જની (અંગૂઠા પછીથી પહેલી) આંગળીથી મુખ-શુદ્ધિ થાય નહીં.

૨૪ (૩.૪) થી ૨૫. ખેર વૃક્ષ, કંટકી વૃક્ષ, આંબો, લીમડો અઘેડાના વૃક્ષની બાર આંગળ જેટલી ડાળખીથી દ્વિજે દાંત ઘસી (મુખને) શુદ્ધ કરવું, અન્ય (વર્ણના) જનોએ ઓછા-ઓછા માપની (ડાળખી)થી (દાતણ કરવું); નિષિદ્ધ દિવસે[4] વૃક્ષના પાંદડાથી અથવા કેવળ પાણીથી (મુખ શુદ્ધિ) કરવી.

---

૧. બ્રાહ્મ મુહુર્ત બે પ્રકારના મનાયાં છેઃ (અ) रात्रेस्तु चरमो यामो मुहूर्तो ब्राह्म उच्यते । રાત્રિનો છેલ્લો પ્રહર તે બ્રાહ્મ મુહૂર્ત, (બ) रात्रिगतमुहूर्तं पञ्चदशकं प्रक्रम्य बाह्य नाभस्यतश्चैव मुहूर्तः क्रमशो निशि । રાત્રિનો પંદર મુહૂર્તનો સમય છોડીને બાકી રહેલો કાળ બ્રાહ્મ મુહૂર્ત ગણાય.

૨. અતીન્દ્રિય અપ્રમાણગોચર, શિવ, શાંત, અવિકૃત, સત્યાદિ લક્ષણવાળું ચિરંતન બ્રહ્મ અથવા કોઈ પણ સગુણ સ્વરૂપનું ધ્યાન ધરવું.

૩. आश्वलायनः- कुर्यात् - द्वादश गण्डूषान्पुरीषोत्सर्जने ततः । मूत्रोत्सर्गे तुं चतुरो भोजनान्ते तु षोडश ॥ મલ વિસર્જન પછી બાર, મૂત્ર - વિસર્જન પછી ચાર અને જમ્યા પછી સોળ કોગળા કરવાનું આશ્વલાયન કહે છે.

૪. વ્યાસ :- प्रतिपद-दर्शषष्ठीषु नवम्यां दंतधावनम् । पर्णैरन्य-काष्ठैस्तु जिह्वोलेखः खदैव हि ॥ પડવો, અમાસ, છઠ, નોમના દિવસે એ ઝાડના પાનથી, બીજા દિવસોમાં ડાળખીથી દંત શુદ્ધિ કરવી; ઉલિયાથી જીભની શુદ્ધિ - રોજ કરવી.

૨૬. અશુદ્ધ માણસની બધી (ધર્મકર્મની) ક્રિયાઓ નિષ્ફળ જાય છે (કારણકે) બધી ક્રિયાઓના (સાફલ્યનો) આધાર પવિત્રતા પર રહેલો છે, માટે સ્નાન વગેરેથી બાહ્ય (દેહની) શુદ્ધિ અને ધ્યાનથી આંતરિક (મનની) શુદ્ધિ કરવી.

૨૭.થી૩૦. અંગૂઠો અને કનિષ્ઠ (છેલ્લી) આંગળી છૂટાં રાખી (બીજી આંગળીઓ જોડેલી રાખી), હથેળીની આકૃતિ ગાયના કાન જેવી બનાવી (હથેળીમાં ખાડો બનાવી (જમણી હથેળીથી) કેશવ, નારાયણ અને માધવ એ (ભગવાનનાં) ત્રણ નામનું ઉચ્ચારણ કરી (બ્રાહ્મણે આણેલા) પાણીથી આચમન કરવું; બે (ગોવિંદ, વિષ્ણુ) વડે બે હાથ ધોઈ, બે (મધુસૂદન, ત્રિવિક્રમ) ના ઉચ્ચારણથી અંગૂઠાની ટોચથી બે હોઠ ધોઈ, તે જ પ્રમાણે બે (વામન, શ્રીધર) થી મુખ ધોઈ, એક (હૃષીકેશ)થી ડાબો હાથ ધોઈ, એક (પદ્મનાભ) થી બે પગ ધોઈ, એક (દામોદર)થી મસ્તક પર માર્જન કરી, એક (સંકર્ષણ)થી બધી આંગળીઓ ભેગી કરી મુખનો સ્પર્શ કરી, બે (વાસુદેવ, પ્રદ્યુમ્ન)થી અંગૂઠો અને તર્જનીતીથી બંને નાસિકાનો સ્પર્શ કરી, બે (અનિરુદ્ધ-પુરુષોત્તમ) થી અંગૂઠો અને અનામિકાથી બે આંખોને સ્પર્શ કરી, બે (અધોક્ષજ, નરસિંહ)થી તે જ પ્રમાણે બે કાનને સ્પર્શ કરી, એક (અચ્યુત)થી અંગૂઠા અને તર્જનીથી નાભિને સ્પર્શ કરી, એક (જનાર્દન)થી હથેળીવડે હૃદયનો સ્પર્શ કરી, એક (ઉપેન્દ્ર)થી બધી આંગળીઓ તથા અંગૂઠો ભેગાં કરી મસ્તકનો સ્પર્શ કરી, બે (હરિ અને શ્રીકૃષ્ણ) ઉચ્ચારણથી હથેળીથી જમણા અને ડાબા બાહુના મૂળને સ્પર્શ કરવો; આ (ક્રિયા) આચમન કહેવાય છે, જે (મલોત્સર્ગનાદિ) શુદ્ધિમાં અને (ધાર્મિકવિધિ) ક્રિયાના આદિ કે અન્તમાં એક અડદ (માષ) ડૂબે એટલા પાણીથી (એકવાર એમ) કરવાનું હોય છે.

૩૧. બ્રાહ્મણે પ્રાતઃકાલમાં ગાયના છાણથી પાણીમાં સ્નાન કરવું અને બપોરે માટીથી પાણીમાં સ્નાન કરવું; સંન્યાસી અને વાનપ્રસ્થાશ્રમીએ ત્રિકાલ સ્નાન કરવું જ્યારે સૌભાગ્યવતી સ્ત્રીએ માથાબોળ સ્નાન ન કરવું બુધ કે શનિવારે અથવા મંગલ-પ્રસંગમાં માથાબોળ (માથું ધોઈ) સ્નાન કરવું.

૩૨. છિદ્ર (અશુદ્ધિરૂપી છિદ્ર) વાળું મન (અને શરીર) સ્રવે છે, માટે દરરોજ સ્નાન કરવાથી (મન-શરીરની) શુદ્ધિ કરવી. (બીમારી કે અન્ય કારણથી) અશક્ત હોય તો અગ્નિમંત્ર વગેરેથી શુદ્ધિ કરી, ભસ્માદિથી ત્રિપુંડ્ર કરી સંધ્યોપાસના કરવી.

૩૩. પ્રાતઃકાળની સંધ્યા (આકાશમાં) તારા (નક્ષત્ર) હોય તે સમયની ઉત્તમ, નક્ષત્ર અસ્ત પામે પછીના સમયની મધ્યમ અને સૂર્ય ઉદય પછીના સમયની અધમ (માનવી); તે જ પ્રમાણે સાયંસંધ્યા સૂર્ય હોય તે વેળાની ઉત્તમ, સૂર્યાસ્ત પછીની મધ્યમ અને નક્ષત્રોદય પછીની અધમ (ગણવી).

૩૪. પ્રાતઃકાળમાં ત્રણ ઘટિકા પર્યંત સંધ્યા ન થઈ હોય તો સૂર્યને ચોથો અર્ઘ્ય આપવો; (સવારમાં) દોઢ પ્રહર પછી અને સાંજ પડતાં પહેલાંના સમયમાં (કરેલી સંધ્યા) મધ્યાહ્ન (સંધ્યા) ગણાય.

૩૫. પાપનો નાશ કરનાર પ્રાણાયામ તો બધાં જ (ધર્મ-વિધિના) કર્મોમાં આરંભમાં કરવો; પોતાના ગૃહ્ય-સૂત્રમાં કહ્યા પ્રમાણે માર્જન, અઘમર્ષણ, અર્ઘ્ય-પ્રદાન આદિ કરવાં.

૩૬. (આસન પર) બેસીને પૃથ્વીની પ્રાર્થના કરી, ભૂતોનું ઉત્સરણ કરી, (દૂર કરી), એકાગ્ર ચિત્તથી જેમ આત્મામાં આત્માનું તેમ પોતાનામાં દેવી ગાયત્રીના રૂપની ભાવના કરવી.

૩૭. (ગાયત્રી મંત્રના) ઋષિ, દેવતા તથા છંદનું સ્મરણ કરી, (૨૪) અક્ષરપૂર્વક ન્યાસ કરી, સ્થિરતાથી (ગાયત્રી)દેવીનું ધ્યાન ધરી (મંત્રનો) ૧૦૮ વખત જપ કરવો.

૩૮. પછી સૂર્યોપસ્થાન કરી, દેવો (દિગ્દેવો વગેરે) અને ગુરુને અભિવાદન કરી, સંધ્યા વિસર્જન કરી, પ્રાતઃકાલીન અને સાયંકાલીન હોમ વિધિપૂર્વક કરવા.

૩૯. ભીના વસ્ત્રે, શુદ્ધ થયા વિના (કે પવિત્રી-દર્ભવીંટી પહેર્યા વિના) અને (કપાળમાં) તિલક કર્યા વિના કોઈપણ (ધર્મકર્મની) ક્રિયા કરવી નહીં; પછી (ઈષ્ટ) દેવનું પૂજન કરવું અને પોતાના (વર્ણના પ્રમાણેના) નિર્વાહના ધંધાથી જેમનું પોષણ કરવાનું હોય તેમનું પોષણ કાર્ય કરવું.[1]

---

૧. પોષ્ય જનો :- जाया बन्धुजनः क्षीणस्तथाऽ नाथः समाश्रितः । अग्निर्गौरतिथिर्वह्निः पोष्यवर्ग उदाहृतः ॥ પત્ની, સગાં (પુત્ર-પુત્રી વગેરે) દુર્બલ, અનાથ, આશ્રયે આવેલ, અગ્નિ, ગાય અતિથિ, વહ્નિ, આ પોષ્ય ગણાય છે.

૪૦. પોતાની (બ્રાહ્મણની) નિર્વાહવૃત્તિથી જીવન ટકાવી શકાશે નહીં એવું લાગે અને મોટું સંકટ આવી પડે તો બીજી (ક્ષત્રિય કે વૈશ્યની) નિન્દનીય ન હોય એવી વૃત્તિથી નિર્વાહ ચલાવનો, પણ કુટુંબી હોય તો પણ કદાપિ હીનવૃત્તિ (શૂદ્રાદિકની)થી નિર્વાહ કરવો નહીં.

૪૧. સંધ્યા કર્યા પછી ઉપસ્થના[1] આસને બેસી, ઘૂંટણ પર દર્ભ સાથે (હાથની) અંજલિ રાખી, પૃથ્વી અને આકાશ ભેગાં થાય ત્યાં દૃષ્ટિ ઠેરવી, ૐકારની વ્યાહ્રિત સાથે ગાયત્રીજપ કરવો.

૪૨. (ગાયત્રીજપ પછી) પોતાની શક્તિ પ્રમાણે એક-એક પાદ અથવા પાદની અડધી ઋચાનો એ રીતે (છ) અંગ સાથે બધા વેદનો ઊભા-ઊભા, બેસીને કે ચાલતાં ચાલતાં પાઠ કરવો; (જે દિવસે) અનધ્યાય થાય ત્યારે અલ્પમાત્રામાં ગાયત્રી જપ કરવો.

૪૩. ત્રણવાર 'બ્રહ્મણે નમઃ' બોલી અક્ષતવાળા પાણીની અંજલિથી દેવ અને ઋષિનું તર્પણ અને પોતાના ગૃહ્યસૂત્રની કહેલી વિધિ પ્રમાણે તલથી પિતૃતર્પણ કરવું.

૪૪. (આ તર્પણક્રિયામાં) કણ્ઠમાં લટકતું ઋષિતર્પણમાં, પિતૃતર્પણમાં જમણા ખભા પર (અપસવ્ય) અને દેવતર્પણમાં ડાબા ખભા પર જનોઈ રાખવું.

૪૫. તર્જની (આંગળી), હાથનો અડધો અગ્ર ભાગ અને હાથનો મધ્ય ભાગ - આમાં ક્રમ પ્રમાણે પિતૃતીર્થ, દેવતીર્થ અને અગ્નિતીર્થ અથવા બ્રહ્મતીર્થ રહેલાં છે (એમ કહેવાય છે).

૪૬. આનાથી (આ તીર્થોથી) પિતૃ-ઋષિ-દેવોને (સંતુષ્ટ કરવા) માટે દાન(ની વસ્તુનો) સ્પર્શ કરી દાનકાર્ય કરવું; દાન કર્યા વિના એક પણ દિવસ વીતાવવો નહીં, પોતાની શક્તિ પ્રમાણે કંઈક દાન કરવું જ.

૪૭.૪૮. (ગૃહસ્થી) પાંચ યજ્ઞ (કરવાનું) છોડી દે તો બ્રહ્મહત્યા કરનાર અને પાપી બને છે; (દિવસમાં) એક વાર બ્રહ્મયજ્ઞ, અને સવારે અને સાંજે અન્નવડે અને અન્નના અભાવમાં ફલ, પાણી વગેરેથી દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ અને અતિથિયજ્ઞ કરવા; (ઘેર) આવેલા અતિથિને સારી વાણીથી અને આનંદથી પોતાની શક્તિ પ્રમાણે ભોજન જમાડવું.

૪૯. ભલે (અતિથિના) ગોત્ર કે નામ જાણવા ન મળે તો પણ તેને પંક્તિભદ કર્યા વિના ભોજન કરાવવું; તેણે (અતિથિએ) પણ વૃદ્ધો-બાળકો વગેરે સાથે, વાણીનો સંયમ રાખી, શીઘ્ર પવિત્ર અન્ન જમવું.

૫૦. ખાતાં-ખાતાં અડધું બાકી રહેલું ફરીથી જમવું નહીં; અવાજ કરતાં પાણી પીવું નહીં; હિતકારક અને પ્રમાણસર પવિત્ર અન્નનું, ઈન્દ્રિયલોલુપતારહિત બની, ભોજન કરનારે અન્નની નિંદા કરવી નહીં.

૫૧. મુખ અને હાથ ધોઈને, આચમન કરી, બ્રાહ્મણને ભોજન જમાડી પછી પોતે જમવું જોઈએ, દિવસના બાકી રહેલા ભાગમાં વેદશ્રવણ કરવું અને રાત્રે એક પ્રહર સુધી નિદ્રા લેવી. નિર્વિઘ્નપણે બધાં કાર્યો કરવાં અને રાત્રિ કર્મ મધ્ય રાત્રિ સુધીમાં કરવું, ત્યાર પછી પ્રાયશ્ચિત્ત કરવું પડે; પવિત્ર દિવસો છોડી રાત્રે એકાંતમાં પોતાની પત્ની સાથે સહશયન કરવું, પછી અલગ પથારીમાં સુવું જોઈએ; આવી દિનચર્યા પરમા ઉદ્ધાર કરનારી છે. શ્રાદ્ધનો આગળનો દિવસ હોય, અષ્ટમી, ચતુર્દશી કે પર્વનો દિવસ હોય તે છોડી.

૫૨.૫૩. રાત્રિના પ્રથમ પ્રહર સુધી નિર્વિઘ્નપણે બધાં કાર્યો કરવાં અને રાત્રિકર્મ મધ્યરાત્રિ સુધીમાં કરવું, ત્યારપછી પ્રાયશ્ચિત કરવું પડે; પવિત્ર દિવસો[2]રાત્રે એકાંતમાં પોતાની પત્ની સાથે સહશયન કરવું પછી અલગ પથારીમાં સુવું જોઈએ; આવી દિનચર્યા પરમ ઉદ્ધાર કરનારી છે.

---

૧. ઉપસ્થ - वामपादमूले दक्षिणपादस्थापनम् - ડાબા પગના મૂળમાં જમણો પગ ટેકવવો એ આસન ઉપસ્થ કહેવાય છે.

૨. મૂલ-મઘા-રેવતી નક્ષત્ર હોય,

# આઠમા અષ્ટકનો ત્રીજો અધ્યાય
# ઔર્ધ્વદૈહિક કર્મ તથા શ્રાદ્ધલક્ષણપ્રયોગ વગેરેનું વર્ણન

૧. નિત્યકર્મ, માસિકકર્મ અને વાર્ષિકયજ્ઞો (કર્મો)ના અનુષ્ઠાનથી દેવોના ઋણમાંથી મુક્તિ મેળવાય છે; (જ્યારે) પિતૃઓના ઋણમાંથી શ્રાદ્ધકર્મ કરવાથી મુક્ત થવાય છે અને (આ રીતે) ઋણ વિનાનો દ્વિજ મોક્ષનો અધિકારી બને છે.

૨. મૃત્યુ પામેલા મનુષ્યના સંસ્કાર પ્રાયશ્ચિતપૂર્વક[૧] કરવા જોઈએ; જેના ઔર્ધ્વદૈહિક સંસ્કાર લુપ્ત થયા હોય તે (પોતાના જ) વંશને પીડા આપનાર પ્રેત બને છે.

૩. વિધિપૂર્વક સ્નાન કરી, અંજલિદાનપૂર્વક અવયવ (પિણ્ડ) દાન કરી વિષમ શ્રાદ્ધ કરવું વૃષોત્સર્ગ, બત્રીશ આહૂતિથી એકોદિષ્ટ, (સોળ) માસિક શ્રાદ્ધ (પોતાની) શક્તિ પ્રમાણે દશદાન, મહાદાન, ઉપદાન, વર્ષપર્યંત, પાણી ભરેલા કુંભનું દાન (અને છેલ્લે) સપિણ્ડ (શ્રાદ્ધ) દાન કરવું[૨]

૪. ગંગામાં અસ્થિનું વિસર્જન કરવું, ગયામાં પિંડદાન કરવું, અને (શાસ્ત્રમાં) કહ્યાપ્રમાણે શ્રાદ્ધ તથા દાન વગેરે કરવું - એમાં જ પુત્રની પુત્રતા (બની રહે) છે.[૩]

૫. **અમા** (દર્શ) યુગ, સૂર્યસંક્રાન્તિ, વૈધૃતિ, વ્યતિપાત, મહાલય (હેમંત અને શિશિર) ઋતુનાં ચાર માસનાં કૃષ્ણપક્ષની ચાર અષ્ટમીનાં અષ્ટકો, આગલા અને પાછલા દિવસોનાં (આઠ) શ્રાદ્ધો અવશ્ય કરવાં જોઈએ (આખા વર્ષના બધાં મળીને ૯૬[૪] શ્રાદ્ધ થાય).

૬. શ્રાદ્ધદિવસના આગળના દિવસે દૈવકર્મનાબે અને પિતૃકર્મનો એક એમ ત્રણ બ્રાહ્મણોને નિમંત્રણ આપવું, પછ તેમણે બ્રહ્મચર્યનું પાલન કરી નિયમયુક્ત બનીને રહેવું.

૭. નિમંત્રણ આપનાર અને નિમંત્રણ સ્વીકારનાર બ્રાહ્મણે બે દિવસ સુધી દંતધાવન, તાંબુલલક્ષણ, અભ્યંગસ્નાન, મૈથુન ક્રિયા અને પરાન્નભોજન વર્જ્ય ગણવાં.

૮. આસક્તિ (લોભ) વગેરે જેનામાં નથી એવા, પોતાના આચારમાં મગ્ન રહેનાર, વેદપરાયણ, પોતાના આશ્રમમાં નિષ્ઠાવાળા, ગુરુ અને દેવને પ્રિય એવા બ્રાહ્મણને શ્રાદ્ધમાં નિમંત્રણ આપવું.

---

૧. પ્રાયશ્ચિત ત્રણ પ્રકારનું છેઃ ઊર્ધ્વોચ્છિષ્ટ, અધરોચ્છિષ્ટ, ઉભયોચ્છિષ્ટ (અને કૃચ્છત્રય)

૨. આજે તો બારમા દિવસ સુધીનું શ્રાદ્ધ કરાય છે. अनित्यात्कलिधर्माणां पुसां चैवायुषः क्षयात् । अस्थिरत्वाच्छरीरस्य द्वादशाहे सपिण्डनम् ॥ કલિધર્મો અનિત્ય હોઈ, મનુષ્યનું જીવન ક્ષણભંગુર હોઈ (અલ્પ આયુષ્ય હોવાથી), શરીર અસ્થિર હોવાથી, બારમા દિને સપિણ્ડશ્રાધ કરવું.

૩. जीवतो वाक्यकरणात्प्रत्यब्दं भूरिभोजनात् । गयायां पिण्डदा-नाच्च त्रिभिः पुत्रस्य पुत्रता । પિતા જીવતા હોય ત્યારે એમના કહ્યા પ્રમાણે આચરણ કરવું, (મૃત્યુ પામ્યા બાદ) દર વર્ષે ઘણા બ્રાહ્મણો જમાડવા અને ગંગામાં પિંડદાન કરવામાં - પુત્રની પુત્રતા રહેલી છે.

૪. ૯૬ શ્રાદ્ધ (અ) અમાસ શ્રાદ્ધ = ૧૨ (ખ) યુગદિન - કાર્તિક સુદ **નવમી**, વૈશાખ સુદ **તૃતીયા**, ભાદ્રપદ વદ **ત્રયોદશી** અને માઘમાસ = ૪, (ક) મનુદિન ચૈત્ર સુદ ૩ અને **૧૫**, જેઠ **અમાસ**, આસો વદ ૯, શ્રાવણ વદ ૮ **અને અમાસ**, ભાદરવા સુદ ૩, અષાઢ સુદ **૧૦** અને **૧૫**, કાર્તિક સુદ **૧૨** અને **૧૫** પોષવદ **૧૧**, માઘવદ ૭ અને ફાગણ સુદ **૧૫** = **૧૪** (ડ) વર્ષમાં સૂર્ય બાર રાશિ બદલે = **૧૨** (ઇ) વર્ષની વૈધૃતિ **૧૩**, (ફ) વર્ષના વ્યતિપાત **૧૩** (જ) મહાલય **૧૬**, અષ્ટકો **૧૨** આ રીતે ૯૬ શ્રાદ્ધદિનો થાય.

૯. થી ૧૨. સગર્ભા, રજસ્વલા અથવા ધર્માચરણવિનાની (વ્રાત્ય) સ્ત્રીનો પતિ, કોઢનો રોગી, જેના (બ્રહ્મચર્ય)વ્રતનો ભંગ થયો છે તેવો, (શરીરમાં) ઓછા કે વધારાના અંગવાળો (જેમકે છ આંગળીવાળો વગેરે), (કોઈ પણ) રોગથી દુઃખી થતો, (અન્ય પ્રકારના) કોઢવાળો, ખરાબ નખવાળો, ખરાબવાણી બોલનારો, (નાના ભાઈના લગ્ન) પછી પણ અપરિણીત રહેનાર (અથવા લગ્ન કરનાર), વિધવાને પરણનાર, દેવના અન્ન પર નિર્વાહ કરનાર, (સમગ્ર) ગામનો પુરોહિત, વૈદ્ય, શાસ્ત્રી, જ્યોતિષ, વિધુર (તથા સ્નાતક) દેવાલયની આવક પર નિર્વાહ કરનાર, દુષ્ટ, વેદ અને શાસ્ત્ર દ્વારા આજીવિકા ચલાવનાર, નિન્દા કરનાર, ગાયક, કવિ, બીજાની સ્ત્રી કે ધનનું અપહરણ કરનાર, કુંડ, ગોલક,[1] રાજાનો સેવક, - (આમાંના કોઈ પણ બ્રાહ્મણને) શ્રાદ્ધમાં નિમંત્રણ અપાય નહીં; પોતાનો સંબંધી ટાળવો; બ્રાહ્મણોને શ્રાદ્ધવિધિના આગલા દિવસે અથવા તે જ દિવસે નિમંત્રી શકાય.

૧૩. (શ્રાદ્ધદિને) પ્રાતઃકાળમાં નિત્યકર્મ કર્યા પછી ગૃહ્ય-અગ્નિ પર અથવા લૌકિક અગ્નિ પર, લોખંડના ન હોય તેવાં, નવાં વાસણમાં રસોઈ બનાવવી; આમાં (રસોઈ બનાવવામાં) દુરાચારિણી સ્ત્રી[2] (પરકીયા - વન્ધ્યા પણ વર્જ્ય) નિંદ્ય (વર્જ્ય) ગણાય છે.

૧૪. ૧૫. (શ્રાદ્ધતિથિના દિને) દિવસના પહેલા આઠમા ભાગમાં ફરીથી (આગલા દિને નિમંત્રિત) બ્રાહ્મણોને બોલાવી શ્રાદ્ધકર્મનો આરંભ કરવો; અહીં જો શ્રાદ્ધતિથિ બે દિવ હોય તો જે દિવસે અપરાહ્નકાલ સુધી તિથિ પહોંચે તે તિથિ ગ્રહણ કરવી. (પરંતુ) બંને દિવસોમાં આગલાં આગલા દિને અપરા પછી આરંભાતી અને બીજા દિવસે અપરાહ્ન પૂર્વે સમાપ્ત થતી હોય તો પરા અર્થાત્ બીજા દિવસની (અપરાહ્ન પહેલાં સમાપ્ત થતી) તિથિ સ્વીકારવી કારણ કે સાયંકાલે શ્રાદ્ધભોજન તામસ ગણાય છે અને જમાડનાર અને જમનાર-ઉભયને પીડા કરે છે.

૧૬. ૧૭. શ્રાદ્ધકર્તાએ બ્રાહ્મણોની આજ્ઞા લઈ આચમન કરી, શ્રાદ્ધકર્મનો સંકલ્પ કરવો; વાણી પર સંયમ રાખવો, પવિત્ર બનવું. પછી પવિત્ર બનેલા તથા શાંત દેવો પૂર્વાભિમુખે અને પિતૃઓને ઉત્તરાભિમુખે આસન આપી બેસાડવા, અલગ-અલગ પાદ્યજલ આપવું, પછી (દેવોને માટે) ચતુરસ્ર કે ત્રિકોણે અને (પિતૃઓ માટે) વર્તુળ કે અર્ધચંદ્ર મંડળ કાઢવાં, આમ પાદ્ય વગેરેમાં વિપ્ર વગેરે વર્ણપ્રમાણે ક્રમપૂર્વક મંડળ કાઢવાં. શૂદ્રે તો કાચા અનાજથી કે સોનાના દાનથી શ્રાદ્ધ કરવું.

૧૯. દ્વિજોએ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય), પણ રાંધેલા અન્નના અભાવમાં (શ્રાદ્ધ માટે) બ્રાહ્મણ ન મળતો હોય તો, જાતકર્મ સંસ્કાર હોય તો કે ગ્રહણ હોય તો (બધી દિશામાં) તલ ફેંકી એ '**अपहता**' એ ઋચાથી આવ્હાનપૂર્વક અર્ઘ્ય આપી, (કાચું અનાજ કે સુવર્ણ આપી) શ્રાદ્ધ કરવું.

૨૦. સંકલ્પ અને (બ્રાહ્મણોને) આસન આપવામાં ષષ્ઠી (વિભક્તિ), આવાહ્ન અને તર્પણમાં બીજી (વિભક્તિ), અન્નદાનમાં ચોથી અને બીજી વિધિઓમાં સંબોધન (વિભક્તિ) નો પ્રયોગ કરવો.

૨૧. ૨૨. '**शं नो देवी**' મંત્ર ભણી અર્ઘ્યપાત્રને સ્પર્શ કરી દેવો માટે (ના પાત્રમાં) 'यवोसि'-મંત્રથી યવ (જવ) અને પિતૃઓ માટે (ના પાત્રમાં) 'तिलोसि'-મંત્રથી તલ-એમ અલગ-અલગ નાખીને, દેવોના આવાહનમાં 'विश्वेदेवा' અને પિતૃઓના આવાહનમાં 'उशन्तस्त्वा' મંત્રોથી આવાહન કરી, અર્ઘ્ય અર્પણ કરી (ઉપવીત) સવ્ય કરી 'या दिव्या'-મંત્ર ભણવો.

---

૧. કુંડ અને ગોલક માટે જુઓ નોંધઃ અષ્ટક ૬ અધ્યાય ૮ શ્લોક ૪૨-૪૩.

૨. पुंश्चली च तथा वन्ध्यां विधवां चान्यगोत्रजाम् । वर्जयेच्छ्राद्धपाकार्थममातृपितृवंशजाम् ॥ न पुत्रीं कारयेत् पाकं गर्भिणीं चापि दुर्मुखीम् । વેશ્યા, વાંઝણી, વિધવા, બીજા ગોત્રમાં જન્મેલી, માતા-પિતાના વંશમાં ન હોય તેવી સ્ત્રી પાસે શ્રાદ્ધ રસોઈ કરાવવી નહીં; પુત્રી, ગર્ભિણી કે ખરાબ મુખવાળી પાસે પણ રસોઈ ન કરાવાય.

૨૩. દેવ અને વિપ્રના ઉત્તર દિશામાં દર્ભ ઉપર ન્યુબ્જ ઢાંકી[1] પિતૃનું અર્ઘ્યપાત્ર સ્થાપી, શ્રાદ્ધ સમાપ્ત થાય ત્યાં સુધી એને ચલાયમાન કરવું નહીં.[2]

૨૪.૨૫. દેવ-વિપ્રો અને પિતૃ-વિપ્રોનું ગંધપુષ્પથી પૂજન કરી, (ઘરની) બહાર અગ્નિમાં અથવા પિતૃ-વિપ્રોના હાથમાં વિધિપૂર્વક (सोमाय पितृमते स्वधा नमः- अग्नये कव्यवाहनाय स्वधा नमः - મંત્રથી) ભાત હોમવો અથવા આપવો; દેવ-વિપ્રના હાથમાં આપવો હોય તો સવ્ય ઉપવીતથી અને મંત્ર વિપર્યાસ કરી આપવો, અહીં પિતૃ માટે અગ્નિ સામે છે જ્યારે દેવ માટે કવ્યવાહ છે.

૨૬. (અગ્નૌકરણ કર્યા પછી) યજમાન હાથ પગ ધોઈ આચમન કરી પવિત્ર થાય છે, (જ્યારે) બ્રાહ્મણ આસનનો ત્યાગ કરતાં પવિત્ર થાય છે. (આ કર્મમાં) દેવકર્મ પૂર્વમાં રહેલ હોય તે ઉત્તરમાં છોડવું અને પિતૃકર્મ દક્ષિણાન્ત કરી આગ્નેયી (દિશામાં) છોડવું.

૨૭. વિપ્રોએ બધી જગ્યાએ યથાયોગ્ય ઉત્તરરૂપે વાણી બોલવી (જેમકે करिष्ये કહે તો कुरुष्व કહેવું; क्षणः क्रियताम् કહે તો ॐ तथा (કહેવું). પછી કાઢેલા મંડળ પર મૂકેલા પાત્રમાં શુદ્ધ અન્ન પીરસવું.

૨૮.૨૯. બંનેને પ્રોક્ષણ કરી વિધિપૂર્વક, દેવ માટે 'ये देवासो दिवि......' મંત્ર બોલી અને પિતૃ માટે 'ये चेह पितर.......' મંત્ર બોલી પરિસિંચન કરી, બ્રહ્માર્પણં એવું (ભક્તિ) ભાવપૂર્વક બોલી પરમાત્માને સમર્પણ કરવું; (પછી) મૂર્ત અને અમૂર્ત પિતૃઓને પ્રણામ કરી, વિપ્રોને આપોશન આપી, પ્રાણરૂપી અગ્નિને[3] અમૃતનો હોમ કરું છું એ ભાવનાથી તેમને (વિપ્રોને) ભક્તિભાવપૂર્વક પ્રાર્થના[4] કરી જમાડવા.

૩૦. (પછી ભોજન કરનાર વિપ્રોએ) **પુરુષસૂક્ત** ૧૬ મંત્રો (कृणुष्वपाजः વગેરે ૧૫ મંત્રો, इन्द्रासोमा....૧૯ મંત્રો, रक्षोः....૧૯ મંત્રો મળી) રક્ષોઘ્ન સૂક્ત, બીજાં (પિતૃસૂક્ત વગેરે) મંત્રો તેમજ (प्रयतः श्राद्धकाले वा तदानन्त्याय कल्पते - વગેરેવાળું) **નાચિકેત સૂક્ત** (યજમાનને) સંભળાવવું; અને હાસ્ય વગેરે (વાતો કરવી આદિ)નો ત્યાગ કરી, મૌનનું પાલન કરી, સ્વસ્થતાપૂર્વક ભોજન કરવું.

૩૧.૩૨. જવ, તલ, મગ, અડદ વગેરેથી બનાવેલું તથા તેલમાં તળેલું, હિંગ વગેરેથી સ્વાદિષ્ટ બનાવેલું હવિષ્યાન્ન જમ્યા પછી પરસ્પર સ્પર્શ કરી, એકસો આઠ ગાયત્રીમંત્રનો જપ કરવો; (ભોજનની) તૃપ્તિ થતાં 'मधुवाता...' તથા 'अक्षन्नमी...મંત્રો જપીને 'अलम्' બોલવું ત્યાર પછી श्राद्धं संपन्नम् એ પ્રમાણે બોલી ઉચ્છિષ્ટ અન્નના ભાગીદારો[5] મળે (થોડું) અન્ન રહેવા દઈ આચમન કરવું.

૩૩. આચમન કર્યા પહેલાં કે (પક્ષાન્તર પ્રમાણે) પછી 'शन्धन्तां पितर......' વગેરે મંત્રથી દર્ભ પર પિંડ મૂકી પિંડદાન કરવું; ત્યાર પછી કાજળ, અભ્યંગ વગેરે કરી પૂજન કરવું.

૩૪. 'नमो वः...' મંત્રથી ઊભા થઈ, પછી 'परेतन पितर માત્રથી (જલમાં) પિંડોને વહાવી દેવા; જો પુત્રપ્રાપ્તિની ઈચ્છા હોય તો વચલો પિંડ પત્નીને ખવડાવવો.

૩૫ થી ૩૭. વિકિટ, પ્રકિર, ઉચ્છિષ્ટ અન્ન અને પિણ્ડદાન વિધિપૂર્વક કર્યા પછી ગોત્રોચ્ચાર કરવા, પછી પાત્રચાલન કરવું,[6] ત્યારબાદ સ્વસ્તિવાચન કરવું, (વિપ્રોને) પાનનું બીડું અને દક્ષિણા આપવી; પાત્ર ઉલેચવાં, આશીર્વાદ લેવા; (છેલ્લે) વિસર્જનવિધિ કરવો. દેવવિપ્રો માટેની વિધિમાં અપસવ્ય અને સ્વધા નો ઉપયોગ કરવો; (વિપ્રોને) નમસ્કાર કરવા, ત્યારબાદ વિપ્રોના ગયા પછી (યજમાને) વૈશ્વદેવ કરી કર્તાએ પોતાના સગા-સંબંધી સાથે ભોજન કરવું. (પરંતુ) જો (એકાદશી જેવું) વ્રત (તે દિવસે) હોય તો કર્તાએ ભોજન કરવું નહીં.

---

૧. એક મત પ્રમાણે न्युब्जं स्थापयेत् । ન્યુબ્જ = શ્રાદ્ધમાં વપરાતું પાત્ર.

૨. અર્ઘ્યપાત્ર સ્થાપી ચલાયમાન કરવું નહીં એ માટે શૌનકમતઃ नोद्धरोप्रथमं पात्रं पितृणामर्घ्यपातितम् । आवृतास्तत्र तिष्ठन्ति पितरः शौनकाऽब्रवीत् ॥

૩. પ્રાણાગ્નિહોમમાં श्रद्धायां प्राणे निविष्टोऽमृतं जुहोमि....' મંત્ર બોલવો.

૪. વિપ્રોને જમાડતી વેળાઃ अपेक्षितं याचितव्यं त्याज्यं चैवानपेक्षितम् । उपविश्य सुखेनैव भोक्तव्यं स्वस्थमानसैः ॥ એવી પ્રસન્નચિત્તથી પ્રાર્થના કરવી.

૫. यजमानकुले जाता दासा दास्योऽन्नकादिक्षाणः । ते सर्वे तृप्तिमायान्तु मया दत्तेन भूतले ॥

૬. પાત્રચાલનમાં પ્રથમ ઉચ્છિષ્ટપાત્રનું ચાલન કરવું પછી અન્ન પાત્રનું ચાલન કરવું.

૩૮. આ દિવસે (શ્રાદ્ધકર્તા અને ભોક્તાવિપ્ર) બંનેએ વેદાભ્યાસ અને શ્રમ ન કરવાં; મૈથુનનો ત્યાગ કરવો બીજીવાર જમવું નહીં; મહાલય શ્રાદ્ધ, વાર્ષિક શ્રાદ્ધ અને એના બીજા દિવસે તલનું તર્પણ કરવું, જ્યારે દર્શ વગેરેમાં પહેલે દિવસે કરવું.

૩૯. ૪૦. ત્રિદૈવ અર્થાત્ પિતા, પિતામહ અને પ્રપિતામહ ત્રણને ઉદ્દેશી વર્ષશ્રાદ્ધ, - પિતૃત્રય (પિતા વગેરે) અને માતમહત્રય (માતા, માતામહ, પ્રમાતામહ) છ ને ઉદ્દેશી દર્શ આદિ તેમજ મહાલય ગયાતીર્થી (માં કરેલ શ્રાદ્ધ) અને નિત્યતર્પણ કર્મમાં[1] બધાંનો નામોચ્ચાર કરવો અને શ્રાદ્ધ કરવું (વિપ્રોને જમાડવા); તેમ કરવા સંપૂર્ણપણે અશક્ત હોય તો 'उदीरता भवर.....' એ પિતૃસૂક્ત બોલી ગાયને યત્કિંચિત્ ઘાસ અને બ્રાહ્મણને યત્કિંચિત્ અન્ન આપવું અથવા તો તલથી તર્પણ કરવું.

૪૧. (અને પછી) સ્મશાનમાં (જઈ) ઊંચા હાથ કરી, ઊંચા અવાજે રુદન કરતાં બોલવું; "હું દરિદ્ર છું, મહાન પાપી છું (શ્રાદ્ધ કરી શકતો નથી); પિતૃઓ મારું રક્ષણ કરો."

૪૨. જો બેદરકારીથી શ્રાદ્ધતિથિ ચૂકી જવાય તો તે પછી આવનારી અમાવાસ્યાના દિવસે વાર્ષિક શ્રાદ્ધ [2]કરવું. જો મહાલયની તિથિ ચૂકી જવાય તો જ્યાં સુધી વૃશ્ચિકરાશિમાં સૂર્ય રહે ત્યાં સુધીમાં આવનાર અમાસ, આઠમ, બારસ, ભરણીનક્ષત્ર જે દિવસે હોય તે દિવસ, વ્યતિપાત કે સૂર્યસંક્રાંતિનો દિવસ - એમાંના કોઈ દિવસે (મહાલય) શ્રાદ્ધ કરવું.

૪૩. જો શ્રાદ્ધ કરવામાં ન આવે તો પિતૃઓના શાપથી કુળનો નાશ થાય છે;[3] (જ્યારે) (શ્રાદ્ધ કરવાથી) પિતૃઓ તૃપ્ત થાય અને ધન, ધાન્ય અને કુળની વૃદ્ધિ થાય છે.

૪૪. જેમનાં પિતૃઓ (મૃત્યુ પછી) જે જે ઠેકાણે ગયા તે તે સ્થળે, (એમના માટે કરેલા) શ્રાદ્ધદાનથી તેઓ શ્રીવિષ્ણુની કૃપા-અનુગ્રહથી સંતુષ્ટ બને છે[4]

૪૫. ૪૬. અહીંથી પિતૃલોકમાં ગયેલા તેઓ (પિતૃઓ) સૂક્ષ્મ સ્વરૂપ ધારણ કરી (વાયુરૂપે),[5] (શ્રાદ્ધમાં રાંધેલું અન્ન) ભોજન કરે છે; હવે જો કોઈ ભૂત, પ્રેત કે પિશાચ થયા હોય અને શ્રાદ્ધના અભાવે ભૂખ્યા રહે તો દરરોજ કોઈને કોઈ અનર્થ (કુટુંબીઓમાં) કરે છે; માટે બેદરકાર રહ્યા વિના શ્રાદ્ધ તો કરવું જ. (અરે !) જેમણે મુક્તિ પ્રાપ્ત કરી હોય એવા (પિતૃઓમાંથી કોઈ)નું પણ શ્રાદ્ધ કરવાથી (અન્નદાનથી) શાસ્ત્રના કર્તા વિષ્ણુ જ સંતુષ્ટ થાય છે.

---

૧. ताताम्बात्रितयं सपत्नजननी मातामहादित्रयं सास्त्र स्त्रीतनयादि तातजननी स्वभ्रातरः सस्त्रियः ।
तातम्बात्मभगिन्यपत्यधवयुग्जायापिता सद्गुरुः शिष्याप्तः पितरो महालयविधौ तीर्थे तथा तर्पण ॥

૨. શ્રાદ્ધ એટલે (મૃત પિતૃઓ જમીને તૃપ્ત થાય છે એ) શ્રદ્ધાથી પિતૃઓની પુણ્યતિથિ, મહાલય તિથિ પર યોગ્ય દિવસે - સ્થળે વિપ્રોને ભોજન કરાવી, ગરીબને દાન કરી, તર્પણ, પિંડદાન કરી પિતૃઓને તૃપ્ત કરવા. (આમાં વૈકલ્પિક ઘણી સવલતો આપી છે પણ શ્રાદ્ધ તો કરવાં જ શાસ્ત્રનો આદેશ છે. શ્રાદ્ધમાં ત્રણ વિધિ મુખ્ય છે. होमश्च पिण्डदानं च तथा ब्राह्मणभोजनम् ।

૩. શ્રાદ્ધ ન કરવામાં આવે તો શાસ્ત્ર કહે છેઃ अश्रद्धया 'पितरो न सन्ति' इति मत्वा श्राद्धम् अकुर्वाणस्य पितरो रक्तं पिबन्ति । અને તેથી પછી તે શાપ આપે છેઃ श्राद्धाभावे स्वभवनात् शापं दत्वा व्रजन्ति ते ॥

૪. પિતૃઓ જે રૂપમાં હોય તે પ્રમાણે ઈશ્વર ફળ આપે છે, જેમકે, પિતૃદેવ બને તો અમૃત, ગંધર્વ બને તો ભોગ પશુ બને તો ઘાસ, સર્પ હોય તો વાયુ, દાનવ હોય તો માંસ, મનુષ્ય હોય તો અન્ન આદિ મળે છે.

૫. શ્રાદ્ધકાલ આવ્યો છે જાણી પિતૃઓ વાયુવેગે પિતૃલોકમાંથી નીચે આવે છે. ब्राह्मणैः सह तेऽश्नन्ति पितरो वायुरूपिणः ।

૪૭.૪૮.૪૯. દાન કરનાર, દાન ન કરનાર, (દાન કરેલું) ભોગવનાર (શ્રાદ્ધમાં જમનાર પણ) એ સર્વ સનાતન વિષ્ણુ જ છે, જે સર્વનો આધાર છે, સર્વનો કારક છે, બધા ભૂતોનો આત્મા છે, અવ્યય છે, કોઈની પણ ઉપમા ન આપી શકાય એવા સ્વભાવવાળો છે, અજન્મા છે, ભગવાન્[1] છે, હવ્ય[2] અને કવ્ય[3] ખાનારો છે, વિશ્વનું ભરણપોષણ કરનારો છે; એ જ સર્જક છે, આદિ છે, અન્ત વિનાનો છે, જનાર્દન છે, ગુણ વિનાનો અને રૂપ (આકાર) વિનાનો છે, છતાં (ભક્તોના કલ્યાણાર્થે) માયાથી સગુણ (સાકાર) બન્યો છે; તેની આજ્ઞા (શાસ્ત્રનો આદેશ)નું પાલન કરવાથી પાપની શાંતિ થાય છે અને તરત જ મુક્તિ મળે છે.

૫૦. ભગવાન શ્રીદત્તાત્રેયે કહ્યું, " હે બાળક (ગાલવ મુનિ)! તેણે આ પ્રમાણેની શ્રાદ્ધવિધિની પદ્ધતિ કહી; હવે મારી પાસેથી તિથિઓના નિર્ણય વિશે સાંભળ.

---

૧. છ (ગુણ) ભગ વાળા - ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥ ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ભગ ગણાય. એ ભગથી સંપન્ન તે ભગવાન્.

૨. હવ્ય એટલે દેવોને અપાયેલ આહૂતિ (અન્ન-પાયસ).

૩. કવ્ય એટલે પિતૃઓને અપાયેલ આહૂતિ (અન્ન).

# આઠમા અષ્ટકનો ચોથો અધ્યાય

# તિથિ વગેરેનો નિર્ણય, સપ્ત સંસ્થા ગ્રહણ અને ઉપાકર્મ નિર્ણય

૧. બુદ્ધિશાળી માણસે (પચાંગજ્યોતિષના સિદ્ધાંત પ્રમાણે) તિથિનો નિર્ણય કરીને (ધર્મશાસ્ત્રથી) વિહિત કર્મ કરવું; જો કોઈ પણ કર્મ તિથિનો નિર્ણય કર્યા વિના કરવામાં આવે તો તે (કશું પણ) ફળ આપતું નથી.

૨.૩.૪. બાર રાશીમાંથી થએલા સૂર્યભ્રમણકાળ અને બાર રાશીમાંથી ચંદ્રભ્રમણકાળ થાય તેના અંશ કરવા તે અંશનો ૧૨ રાશીથી ભાગતા જે વિદ્યમાન (ચાલુ) તિથિ ભોગ્યકાળ નીકળે છે.

તે અંશનો ભોગ્યકાળ કલા અને વિકલાથી ભોગનો ક્રમથી ગણાય છે. તેના પરથી નક્ષત્રની ઘડીઓ પછી સમજવી દરેક તિથિને પ્રતિપદાથી બે બે કરણ આપવા. કૃષ્ણ પક્ષમાં (વદમાં) ચૌદસથી ફરી સુદ પ્રતિપદા સુધી શકુનિ. આ કરણની આગળ ૪ કરણ સ્થૂલ સમજવા.

૪. ચંદ્રની અને સૂર્યચંદ્રના રાશીઓના થએલા ભ્રમણમાં ૮૦૦ કલાઓ યુક્ત થાય છે. એ કલાઓ ભુક્તમાન થતાં ચંદ્રપરથી નક્ષત્ર અને સૂર્ય ચંદ્ર પરથી યોગ સમજવાના હોય છે. સૂર્ય અને ચંદ્રગતિથિ ભુક્તમાન થએલ ગતિને નક્ષત્ર અને યોગ પ્રતિ પ્રત્યેક સાઈઠ (૬૦) ઘડી તિથિ પ્રમાણે હોય છે.

૫. હે પિતા ! (વ્રતની) એકાદશી,[૧] પૂર્ણિમા[૨], તૃતીયા[૩], અમાવસ્યા[૪], ચતુર્દશી[૫], આઠમ,[૬] છઠ[૭] એના પછીની તિથિથી (જેમ કે એકાદશી બારસથી) વિદ્ધ હોય તે સ્વીકારવી; અન્ય બધી તિથિઓ[૮] પડવો, બીજ, ચોથ, પાંચમ, સાતમ, નોમ (નવમી), દશમ (દશમી) અને તેરસ એની પહેલાંની તિથિ (જેમકે પાંચમ ચોથથી વિદ્ધ) થી વિદ્ધ હોય તે સ્વીકારવી.

---

૧. પૂ.સ્વામીમહારાજ ટીકામાં નીચે પ્રમાણે નોંધે છેઃ અગિયારસ બારસથી વિદ્ધ સ્વીકારવી.

૨. સાવિત્રીવ્રત (જેઠ સુદ ૧૫) સિવાય અન્ય બધી પૂનમ વદ પડવાથી વિદ્ધ હોવી જોઈએ.

૩. રંભાવ્રત સિવાયની ત્રીજ અન્ય વ્રતોમાં પર (પાછળની) તિથિથી વિદ્ધ લેવી; ગૌરીવ્રત (હરતાલિકા-ભાદરવા સુદ-૩) ની ત્રીજ એક કલા જેટલી હોય તો પણ પાછળની તિથિ (ચોથ)થી વિદ્ધ લેવી. જો ક્ષયતિથિ હોય અને કલા જેટલી પણ ન હોય તો તે ત્રીજ બીજથી વિદ્ધ લેવી.

૪. જો ચતુર્દશી અઢાર ઘડીથી ઓછી હોય તો આગળની (તેરસ) તિથિથી વિદ્ધ ન લેવી. શુક્લપક્ષની ચૌદશ પર વિદ્ધ અને કૃષ્ણ પક્ષની ચૌદશપૂર્વ વિદ્ધ ગ્રહણ કરવી. મહાશિવરાત્રિ (મહાવદ ૧૪) મધ્યરાત્રિએ પહાંચતી ચૌદશ ગ્રહણ કરવી.

૫. સંન્યાસીઓ માટે ક્ષૌરકર્મ વગેરેમાં ત્રણ પ્રહારથી ઓછા સમયની અમાસ હોય તો ચતુર્દશીયુક્ત અમાસ સ્વીકારવી. (ત્રણ પ્રહરથી વધુ વ્યાપેલી અમાસ પરવિદ્ધ સ્વીકારાય). જો સોમવારે અમાસ અપરાહ્ન સુધી પહોંચતી હોય તો અનુષ્ઠાન માટે સોમવતી અમાસ તરીકે લઈ શકાય.

૬. વ્રતની આઠમ શુક્લપક્ષમાં પરવિદ્ધ અને કૃષ્ણપક્ષમાં પૂર્વવિદ્ધ લેવી. બુધાષ્ટમી જો અપરાહ્નમાં = એકમુહૂર્ત સુધી પહોંચતી હોય તો તે ગ્રહણ કરવી. ભૈરવ-વ્રતમાં પણ મધ્યાહ્ન વ્યાપિની અષ્ટમી લેવી.

૭. સ્કન્દવ્રત સિવાય અન્ય ષષ્ઠી પરવિદ્ધ લેવી.

૮. પૂર્વવિદ્ધતિથિઓમાં અપવાદના નિયમો :

(અ) ઉપવાસમાં બંને પક્ષ (સુદ-વદ) નો પડવો પૂર્વવિદ્ધ લેવો; બીજ સુદમાં પરવિદ્ધ અને વદમાં પૂર્વવિદ્ધ લેવી; ગણેશ-વ્રત સિવાય (ભાદરવા સુદ ૪) અન્ય ચોથ પંચમીયુક્ત લેવી, ગણેશવ્રતમાં મધ્યાર્થી વ્યાપિની લેવી; સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય વ્યાપિની લેવી. બંને દિવસ જો ચંદ્રોદયવ્યાપિની ન હોય તો પૂર્વવિદ્ધ લેવી. નાગપાંચમ સિવાયની બધી પાંચમ પૂર્વવિદ્ધ ગ્રહણ કરવી; સાતમ છઠયુક્ત હોવી જોઈએ, જે દિવસે સાતમ છઠયુક્ત ન હોય તે પરવિદ્ધ લેવી; નોમ અને દશમને આ જ નિયમ લાગુ પડે છે. તેરસ સુદમાં પૂર્વવિદ્ધ અને વદમાં પરવિદ્ધ લેવી. શનિપ્રદોષ વગેરેમાં સૂર્યાસ્ત પછી પણ મુહૂર્ત સુધી પહોંચતી સ્વીકારવી; ઉભય વ્યાપ્તિના અભાવમાં પરવિદ્ધ લેવી.

---

૬. પાંચમથી વિદ્ધ થયેલી છઠ[1] અને આઠમથી વિદ્ધ થયેલી સાતમ ઉપવાસમાં વર્જ્ય ગણવી. તે જ પ્રમાણે અમાસ, પૂર્ણિમા, સાતમી અને બારસ ને પૂર્વ-તિથિથી વિદ્ધ હોય તો તેવી માનવી (ઉપવાસ માટે એ બધી તિથિ વર્જ્ય ગણવી).

૭. અગ્નિ, પ્રજાપતિ, ગૌરી, ગણેશ, સાપ, ગુહ, સૂર્ય, શંકર, દુર્ગા, યમ, વિશ્વેદેવો, વિષ્ણુ, કામ, શિવ અને ચંદ્ર એ (અનુક્રમે પડવાથી આરંભી પૂર્ણિમા સુધીની) તિથિઓના સ્વામી છે. (અમાવાસ્યાના સ્વામી પિતૃઓ છે).

૮. કોઈક જગ્યાએ એવું પણ (પ્રમાણ) કહેલું છે કે વદ પક્ષમાં આઠમ અને ચૌદશ પૂર્વતિથિથી વિદ્ધ હોય તો પ્રશસ્ત ગણવી, તે જ પ્રમાણે તૃતીયા અને નવમી હોય તો તે પણ (શુભ) માનવી; વ્રતમાં શુક્લપક્ષમાં પૂર્વાહ્નવ્યાપિની અને વદમાં અપરાહ્નવ્યાપિની તિથિ પ્રશસ્ત માનવી.

૯. વ્રતના અનુષ્ઠાન માટે જો (પંચાંગ સિદ્ધ) તે પૂર્વાહ્નવ્યાપિની તિથિ મળતી ન હોય તો સૂર્યોદયના આરંભથી બે મુહૂર્ત વધુ સમયની હોય તો (દાન, અધ્યયન વગેરે કર્મમાં) તે ગ્રહણ કરી શકાય એવો સાકલ્યનો[2] મત છે.

૧૦. રાત્રિના સમયમાં જો વ્રત કરવાનું હોય તો, પ્રદોષકાલમાં વ્યાપ્ત તિથિ ગ્રાહ્ય રાખવી ઈષ્ટ ગણાય અને જે નક્ષત્રમાં સૂર્ય અસ્ત પામતો હોય તે નક્ષત્ર ઉપવાસ માટે યોગ્ય ગણવું.

૧૧. જે વ્રતમાં નક્ષત્રનું મહત્ત્વ સ્વીકારાયું હોય, તે (વ્રત)માં સૂર્યાસ્ત પછી અને મધ્યરાત્રિ પહેલાંના નક્ષત્રથી યુક્ત તિથિ, હે મુનિશ્રેષ્ઠ ! ગ્રાહ્ય રાખવી.

૧૨. વ્રતકર્મમાં (ધર્મશાસ્ત્રે) તિથિ અને નક્ષત્રના સંયોગનું વિધાન કરેલું છે; તેથી (નક્ષત્રથી યુક્ત) તિથિ પ્રદોષ સમયે વ્યાપેલી હોય તે શ્રેષ્ઠ માનવી; એ બે (તિથિ અને નક્ષત્ર) વિનાની અનિષ્ટ ગણવી.

૧૩. જો (તિથિ) બે દિવસ સુધી પહોંચતી હોય તો (જે દિવસે) વ્રતની તિથિની જોડાયેલું નક્ષત્ર અર્ધરાત્રિએ હોય તે ગ્રાહ્ય કરવું જોઈએ.

૧૪. જો બે દિવસ અર્ધરાત્રિએ નક્ષત્ર અને વ્રતની તિથિ હોય તો જો તિથિથી ક્ષય હોય તો પૂર્વ તિથિ પ્રશસ્ત ગણાય અને (તિથિની) વૃદ્ધિ હોય તો પાછળની તિથિ શ્રેષ્ઠ ગણાય.

૧૫. પરંતુ જો અર્ધરાત્રિએ બંને (તિથિ અને નક્ષત્ર)ની વ્યાપ્તિ ન હોય (તો અને) નક્ષત્રથી યુક્ત તિથિ ક્ષય કે વૃદ્ધિ વિનાની હોય તો, પૂર્વની તિથિ કે પાછલી તિથિ (કોઈ પણ) ગ્રાહ્ય કરી શકાય.

૧૬. જ્યેષ્ઠાથી યુક્ત મૂલ નક્ષત્ર હોય, રોહિણી નક્ષત્ર કૃત્તિકાથી જોડાયેલું હોય અને (અથવા) અનુરાધા નક્ષત્ર સાથે જ્યેષ્ઠાની યુતિ હોય તો (તેમાં આચરેલું) ધર્મકર્મ સંતાન કે ધનનો નાશ કરનારું નીવડે છે.

૧૭. તેમાં (પંચાંગ સિદ્ધાન્ત પ્રમાણે) કર્મનું અનુષ્ઠાન જો દિવસે કરવાનું હોય તો તિથિઓ પુણ્યકારક (શ્રેષ્ઠ) ગણાય જ્યારે રાત્રિએ કરવાના બધા વ્રતોમાં (તિથિ અને નક્ષત્ર - બંનેનો) સંધિયોગ વિશિષ્ટ (શ્રેષ્ઠ) ગણાયો છે.

૧૮. જે પવિત્ર (જન્માષ્ટમીની પુણ્ય) તિથિ (રોહિણી) નક્ષત્રના સંયોગવાળી (વ્રતકર્મ માટે) પ્રસિદ્ધ રીતે ગણવામાં આવી છે, તેમાં (જ) તે (જન્માષ્ટમી)નું વ્રત કરવાનું અને તે જ તિથિ વિચક્ષણ પુરુષોએ ગ્રાહ્ય કરવી.

૧૯. વામનજયંતીના વ્રતમાં મધ્યાહ્ન સમયે શ્રવણ નક્ષત્ર યુક્ત બારસ હોય તે તિથિ[3] સ્વીકારવી; જપ વગેરે કર્મમાં જે તિથિ સૂર્યગ્રહણ કે ચન્દ્રગ્રહણ વેળા હોય તે તિથિ માન્ય ગણવી.

---

૧. સ્કન્દવ્રત સિવાયની છઠ આગલા દિને (પંચમીના દિને) પંચમી છ મુહૂર્તથી ઓછી હોય તો પૂર્વવિદ્ધ લેવી, નહીં તો પરવિદ્ધા લેવી.

૨. साकल्योक्तिः - यां तिथिं समनुप्राप्य उदयं याति भास्करः । सा तिथिः सकला ग्राह्या दानाध्ययन कर्मसु ॥

૩. પૂ.સ્વામી મહારાજ ટીકામાં લખે છેઃ એમાં જો ઉત્તરાષાઢાનો વેધ થતો હોય તો તેનો નિષેધ નથી; અને એમાં અગિયારસના વ્રતનો લોપ થતો નથી. નારદવચનઃ उपोष्य द्वादशीं पुण्यां विद् ऋक्षेण संयुताम् । एकादश्युत्थं-भवं पुण्यं नरः प्राप्नोत्यसंशयः ॥ વૈષ્ણવો અને સ્માર્તોએ શ્રવણ નક્ષત્ર યુક્ત દ્વાદશીએ ઉપવાસ કરવો અને એકાદશીવ્રત-ઉપવાસનો ત્યાગ કરી શકાય અર્થાત્ એકાદશીએ ફળાહાર કરવો અને બારસે નકોર ઉપવાસ કરવો.

૨૦. ગણેશચતુર્થી અને ઋષિપંચમી મધ્યાહ્નવેળા જે હોય[1] બે દિવસ આ તિથિઓ આવતી હોય તો મધ્યાહ્નવ્યાપિની) ને ગ્રાહ્ય રાખવી. પડવાના (પૂર્ણિમા માટે વદ પડવો આ અમાસ માટે સુદ પડવો) ત્રણ અંશ હોય અને પૂર્ણિમા (આ બંને તિથિઓ) ગ્રાહ્ય રાખે છે.

૨૧. વિદ્વાનોનું માનવું છે કે પ્રાતઃકાલે યાગ[2] માટેનો (ઉત્તમ) સમય જાણવો; સંધિ દિવસ હોય તો પૂર્વાહ્ન અને મધ્યાહ્નની સંધિનો સમય[3] યાગમાં શુભ સમજવો.

૨૨.૨૩. યાગના દિવસના આગલા દિવસે ઉપવાસ (અન્વાધાન) કર્મ કરવું; જો તે જ દિવસે અપરાહ્ન સમયે સંધિકાળ (બે તિથિનો - પર્વદિન + પડવો) હોય તો તે જ દિવસે ઉપવાસ કરવો અને યાગ બીજે દિવસે કરવો. ગાયના દૂધ કાઢવાના સમયથી આવર્તન સુધીના સમયમાં જો પૂર્ણિમા (પડવાની તિથિની) સંધિવાળી હોય તો તે જ વેળા ઉપવાસ અને યાગ બંને કરવાં એવું સ્મૃતિવચન છે; પરંતુ ઈષ્ટિનું સમાપન પડવાની તિથિના સમયમાં કરવું, નહીં કે પૂર્ણિમાની તિથિના સમયમાં.

૨૪. બધાએ (સ્માર્ત અને વૈષ્ણવો) જે (એકાદશીના) દિવસે દશમ ન હોય તે એકાદશી ગ્રાહ્ય રાખવી; ભલે એમાં અગિયારસ એક જ કલા જેટલી હોય અને પછી બારસ થતી હોય.

૨૫. પણ જો તેરસ (બારસના દિને) રાત્રિના અંત ભાગમાં થતી હોય તો એવો મત નિર્ણીત થયેલો છે કે ગૃહસ્થાશ્રમીએ પહેલાંની (આગલા દિવસની) એકાદશી ઉપવાસ કરવો, જ્યારે સંન્યાસીઓ પછીના દિવસે (જે દિવસે રાત્રિના અંતે તેરસ થતી હોય તે બારસના દિને) એકાદશી વ્રત કરવું.

૨૬. બારસથી વિદ્ધ હોય તે જ અગિયારસે ઉપવાસ કરવો, પરંતુ જો તેવી (તિથિ) પ્રાપ્ત ન બને તો દસમથી વિદ્ધ એકાદશીને દિને ઉપવાસ કરવો. જો બારસ ફક્ત એક જ કલા જેટલી હોય તો પણ એ પારણા માટે યોગ્ય ગણવી.

૨૭. સુદપક્ષમાં કે વદપક્ષમાં જો બે (દિવસ) અગિયારસ આવતી હોય તો ગૃહસ્થાશ્રમીએ આગલી તિથિ (એકાદશીવ્રત-ઉપવાસ માટે) ગ્રાહ્ય રાખવી, જ્યારે મુમુક્ષુ-સંન્યાસીઓએ પાછલી તિથિ (વ્રત માટે) સ્વીકારવી એવું સ્મૃતિવચન છે.

૨૮.૨૯. દસમની તિથિની જોડાયેલી એકાદશી જો બારસને દિવસે થોડા સમય માટે પણ હોય અને દિનક્ષય હોય તો બીજા દિવસે બધાએ (વૈષ્ણવો અને સ્માર્તો) તે (અગિયારસ) માનવી; જો બીજા દિવસે બારસ ન થતી હોય તો વિદ્ધ થયેલી એકાદશી સ્વીકારવી, પણ બીજા દિવસે બારસ હોય તો અવિદ્ધ એકાદશી નિષિદ્ધ ગણવી.

૩૦. જો તિથિના ક્ષય હોય અને એકાદશી બારસ યુક્ત હોય અને (બારસને દિને) રાત્રે તેરસ થતી હોય તો જો પહેલી તિથિ (ક્ષય તિથિ) એ (એકાદશીનો) ઉપવાસ કરે તો બાર અગિયારસનું ફળ નાશ પામે, માટે બારસે ઉપવાસ કરી તેરસે પારણા કરવાં.

૩૧.૩૨. જો અગિયારસ ફક્ત એક કલા (સમય) જેટલી હોય અને પછી બારસ થતી હોય, અને એ બારસ તેરસને દિને લંબાતી હોય (તેરસે પણ બારસ ચાલુ હોય) કે ન હોય (તેરસને દિન કેવળ ત્રયોદશી જ હોય) તો ગૃહસ્થાશ્રમીઓએ ભલબિદ્ધ હોય તો પણ પહેલી (પૂર્વા) અગિયારસે ઉપવાસ કરવો જ્યારે પતિ-પુત્ર વિનાની સ્ત્રીઓ તેમજ સંન્યાસીઓ[4] માટે બીજી અગિયારસ ઉપવાસ માટે શ્રેષ્ઠ માનવી.

---

૧. જો મધ્યાહ્ન વેળાએ તિથિ પહોંચતી ન હોય તો આગલા દિવસની ગ્રાહ્ય કરવી.

૨. અહીં યાગ એટલે પૂર્ણિમા અને અમાસની ઈષ્ટિ.

૩. પર્વનો ખંડ થતો હોય તો (પૂર્ણિમા કે અમાસના દિવસે પડવાની તિથિ પણ થતી હોય તો) પર્વ અને પડવાની ક્ષય કે વૃદ્ધિની ઘડી ગણીને, તેનો અર્ધો ભાગ ક્ષયમાં પર્વમાંથી કાપી અને વૃદ્ધિમાં ઉમેરી સંધિકાલ નક્કી કરવો.

૪. પૂ. સ્વામિમહારાજ ટીકામાં જણાવે છે 'યતિઃ સંન્યાસી વૈષ્ણવો વા । યતિ એટલે સંન્યાસી અને/અથવા વૈષ્ણવ.

૩૩.૩૪. (અ.બ.) હે દ્વિજોત્તમ ! જો સંપૂર્ણ એકાદશી વિદ્ધ થયેલી હોય અને બારસને દિવસે લગીર પણ ન હોય, વળી બારસ તેરસને દિને આવતી હોય તો બારસથી વિદ્ધ થયેલી પૂર્વ અગિયારસને ઉપવાસ કરવો એમ કહેવાયું છે.

૩૪. (ક.ડ) ઉપાકર્મ ઉત્સર્જન કર્મ કરવા માટે મધ્યાહ્નવ્યાપી શ્રવણ નક્ષત્રવાળી (પંચમી/પૂર્ણિમા) તિથિ ગ્રાહ્ય રાખવી.

૩૫.૩૬. ક્ષયા તિથિ હોય, દર્શ અને વાર્ષિક શ્રાદ્ધદિવસોમાં અપરાહ્નમાં પહોંચતી તિથિ ગ્રાહ્ય કરવી રવિસંક્રાન્તિ, દ્વિસ્વભાવ રાશિ (મિથુન, કન્યા, ધન અને મીન રાશિ) તો પરા (તિથિમાં) ત્રીજી ઘડીનો સમય પુણ્યકાલ ગણવો, મકર અને કર્ક રાશિમાં ચાલીસ ઘડી પુણ્યકાલ ગણવો; સ્થિર રાશિ (વૃષભ, સિંહ, વૃશ્ચિક અને કુંભ) હોય તો પહેલાં પ્રમાણે ત્રીસ ઘડી પુણ્યકાલ માનવો અને મેષ તથા તુલા રાશિ હોય તો પર્વકાળની બંને બાજુ (રાશિ શરૂ થતાં પહેલાં પંદર ઘડી અને રાશિ શરૂ થયા પછી પંદર ઘડી એમ) મળીને ત્રીસ ઘડીનો પુણ્યકાલ માનવો. જેને પુત્રસંતાન હોય તે ગૃહસ્થીએ સૂર્યસંક્રાન્તિ કે સૂર્યગ્રહણનો ઉપવાસ કરવો નહીં. (અહીં ઉપવાસનો નિષેધ નથી, ઉપોષણનો તો નિષેધ છે એમ પૂ. સ્વામી મહારાજ ટીકામાં જણાવે છે. ઉપવાસ તો કરવાનો છે).

૩૭. સૂર્ય(વ્રત), પૂર્ણિમા અને અમાસની રાત્રિએ તેમજ ચૌદશ અને આઠમની તિથિમાં દિવસે ભોજન કરવું નહીં,[1] તેમજ ચૌદશ અને આઠમની તિથિમાં દિવસે ભોજન કરવું નહીં[1], તેમજ અગિયારસે દિવસ અને રાત્રે (૨૪ કલાક) ભોજન કરવું નહીં; (ભોજન થાય તો) ચાંદ્રા મણ વ્રત કરવું.

૩૮. સૂર્યગ્રહણમાં ગ્રહણના સ્પર્શના પ્રહર પહેલાંના ચાર પ્રહરથી વેધ શરૂ થાય છે, એમાં (વેધકાલમાં) કદી પણ ભોજન કરવું નહીં, પીણું પીવું નહીં; જો એમ કરવામાં આવે તો તે મદ્ય (પીવું) કે માંસ (ખાવું) બરાબર છે.

૩૯. તેજ પ્રમાણે ચંદ્રગ્રહણમાં (સ્પર્શના પ્રહર પહેલાં ત્રણ પ્રહરથી વેધ ગણાય) છે; આપત્તિના સમયે તેમજ અતિવૃદ્ધ પુરુષો, બાળકો અને રોગથી પીડાતા માણસો માટે દોઢ પ્રહરનો જ વેધ (ગણાય) છે.

૪૦. વાદળાંને કારણે જો ગ્રહણ દેખાય નહીં તો, શાસ્ત્ર દ્વારા તેનો સમય જાણી (બધી) ક્રિયા કરવી; ગ્રહણના સ્પર્શ સમયે અને (ગ્રહણનો) મોક્ષ થાય ત્યારે સ્નાન કરવું; ગ્રહણ ચાલુ હોય ત્યારે હોમ (યજન) કરવો અને (ગ્રહણ) છૂટતાં દાન કરવું.

૪૧. સૂર્ય અને ચંદ્ર રાહુથી ગ્રસ્ત થયેલા હોય અને તે જ સ્થિતિમાં અસ્ત પામે તો બીજે દિવસે તેમનું શુદ્ધ (ચોખ્ખું) બિંબ જોયા પછી સ્નાન કરવું અને પછી ભોજન કરવું.

૪૨.૪૩. અન્વાધાન (ઉપોષણ) - ઈષ્ટિના સમય દરમિયાન જ જો ચંદ્રગ્રહણ કે સૂર્યગ્રહણ થતું હોય તો (ગ્રહણ થતાં) પહેલાં કે (ગ્રહણની) સાથે-સાથે પ્રાયશ્ચિત વિધિ કરી ડાહ્યા માણસે હોમ કરવો.

જો સૂર્યગ્રહણ હોય તો 'उदुत्य'-,'आसत्येन' એ બે મંત્રોથી હવન કરવો; જો ચંદ્રગ્રહણ હોય તો 'नवोनवः-' 'आप्यायस्व' એ બે મંત્રોથી (હવન) કરવો.

૪૪. શ્રાવણ પૂર્ણિમાએ (શ્રવણ નક્ષત્રમાં) શ્રાવણીકર્મ કરીને પછી પ્રદોષ સમયે સર્પબલિ કરવો; જ્યારે આસો માસમાં પૂર્ણિમાએ આશ્વયુજીકર્મ મધ્યાહ્ન સમયે જ કરવું.

૪૫. વર્ષાઋતુના પર્વકાલે (પૂર્ણિમાએ) અને શરદ ઋતુના પર્વકાલે (પૂર્ણિમાએ) શ્યામાની નવાન્ન-ઈષ્ટિ (શ્યામાકા વગ્રાયણ) અને ભાતની નવાન્ન-ઈષ્ટિ (વ્રીહ્યાગ્રયણ), [2]અલગ-અલગ તંત્રથી કરવી તે જ પ્રમાણે માર્ગશીર્ષમાં (પૂર્ણિમાએ) પ્રત્યવરોહણ કરવું.

૪૬. હેમંત અને શિશિર ઋતુમાં કૃષ્ણ પક્ષમાં અસ્ત થતાં અષ્ટમીનાં શ્રાદ્ધ અને માર્ગશીર્ષ, પોષ અને માઘ માસનાં શ્રાદ્ધ ગૃહ્યસૂત્રને અનુસરી આગલા દિવસે કરવા.

૧. અહીં કેવળ ભોજનનો જ નિષેધ છે જે પાળવાનો છે; આ કોઈ વ્રત નથી. એટલે એ સમયની પહેલાં કે પછી ભોજન થઈ શકે. શિવરાત્રિના વ્રતવાળા ચૌદશે પણ પારણા કરી શકે.

૨. 'ચ' શબ્દથી વસન્ત ઋતુની યવની નવાન્ન ઈષ્ટિ અર્થાત્ યવાગ્રયણ લેવાની છે, એમ પૂ. સ્વામી મહારાજ ટીકામાં જણાવે છે.

૪૭. (પોતાના) ગૃહ્યસૂત્ર પ્રમાણે કહેલા શ્રાવણમાસના શુક્લ પક્ષની શ્રવણ નક્ષત્રથી યુક્ત અને ગ્રહસંક્રાન્તિથી દૂષિત ન થયેલી હોય અને વનસ્પતિ ઉત્પન્ન થઈ ન હોય એવી તિથિએ વેદ-ઉપાકર્મ સંસ્કાર કરવા; જો આ શક્ય ન હોય તો ભાદ્રપદ માસમાં (વેદ-ઉપાકર્મ સંસ્કાર) કરવા; (એમાં ભદ્રા કે ગુરુ-શુક્રના અસ્ત થવાનો દોષ હાનિકારક ગણાતો નથી.)

૪૮. આ પ્રમાણે (જ્યોતિષ-પંચાંગના) સિદ્ધાન્ત પ્રમાણે સૂર્ય-ચંદ્રના યોગથી નક્કી થયેલ તિથિઓનો નિર્ણય લઈ, જે મનુષ્ય વ્રતો વગેરે કરે છે, તેને તે વ્રતનું અવિનાશી ફળ મળે છે.

૪૯. નિત્ય (કર્મ રૂપે)ના ઉપવાસ વગેરે કર્મમાં તો જે તાત્કાલિક તિથિ હોય તે જ માન્ય રાખી શકાય; (જ્યારે) વ્રત વગેરે ઉપર જણાવ્યા પ્રમાણે નિર્ણય કરીને તિથિનો સ્વીકાર કરવો; તેનાથી પરમ શ્રેય (પ્રાપ્ત થાય) છે એવું સ્મૃતિવચન છે.

૫૦. ધર્મ વેદપ્રણીત છે; (એ) ધર્મથી તેના (વેદના) સ્વામી (વેદનારાયણ) સંતુષ્ટ થાય છે. તેથી જેઓ ધર્મપરાયણ રહે છે, તેઓ વિષ્ણુ ભગવાનનું સાયુજ્ય ભોગવે છે.

# આઠમા અષ્ટકનો પાંચમો અધ્યાય
# પાપનાંકારણ અને તેના નિવારણ માટેનાં પ્રાયશ્ચિત-કૃચ્છ્ર વગેરેનાં લક્ષણોનું વર્ણન

૧. અશ્વમેધ વગેરે યજ્ઞો કર્યા હોય તો પણ તે(યજ્ઞ) પાપીને ઊર્ધ્વગતિ આપનારા બનતા નથી; માટે શ્રીદત્તે કહેલાં સ્વર્ગતિ આપનાર પ્રાયશ્ચિત વિશે (કહું છું તે) સાંભળ.

૨. (ધર્મશાસ્ત્રે) નિષિદ્ધ કરેલાં આચરણથી જેની બુદ્ધિ (પાપમાં) વ્યાપે છે અને જે અહંકાર સંપન્ન થાય છે, તે જો પાપમાંથી શુદ્ધિ ન મેળવે તો તેનું અધઃપતન થાય છે.

૩. જેણે વિષયોપભોગના અભિલાષને જીત્યો નથી, જેના વશમાં ઈન્દ્રિયો નથી, તે ડગલે ને પગલે કર્મથી પ્રત્યવાયી બને છે, એમાં શંકા નથી.

૪. માટે અહંકારને ત્યજીને પોતાનાં કર્મ કરી ઈશ્વરનું ભજન કરવું જોઈએ; (આમ કરવાથી) પ્રાયશ્ચિત(કર્મ) થી પાપ ધોઈ (પછી) તે માણસ (વિષયોમાં) આસક્ત ન બનતાં, મોક્ષ પ્રાપ્ત કરે છે.

૫. પ્રમાદથી કર્મનો લોપ થાય, ખરાબ સોબતને લીધે પોતાનું કર્મ ખંડિત બને, તો જો પ્રયત્નપૂર્વક (કર્મ ન કરવા માટે) પશ્ચાતાપ કરે તો તે પ્રાયશ્ચિત કર્મ કર્યા વિના પણ શુદ્ધ બને છે.

૬. જેમને સાચા ધર્મ-કર્મના ફળની ઈચ્છા હોય, તેમણે પોતાના ધર્મ (કર્મ) વિશે પણ કામ-ક્રોધ-લોભ વિનાના અને ધર્મશાસ્ત્રના નિષ્ણાત બ્રાહ્મણોને જ પૂછવું જોઈએ.

૭. બ્રહ્મહત્યા કરનાર, મદિરાપાન કરનાર, સોનાની ચોરી કરનાર અને ગુરુ (અને/અથવા વડીલ સંબંધી) ની પત્ની સાથે સહશયન કરનાર-આ ચાર મહાપાપી (ગણાય) છે; (એટલું જ નહીં) એમાંના (કોઈ)નો સંગ કરનાર પણ એમના જેવો જ (મહાપાપી) (ગણાય) છે.

૮. એક જ વખત જાણીબૂજીને એમનું (આ ચારમાંથી કોઈ એકનું) અન્ન જમવાથી કે (અને) એક વર્ષ પર્યન્ત (એમાંના કોઈ સાથે) એકત્ર શયન કરવાથી (આ પ્રમાણે) એમનો સંસર્ગ અધઃપાત નોંતરે છે, એ (ઋષિઓએ) નક્કી કરેલું છે.

**નોંધ : બ્રહ્મહત્યા નિવારણાર્થે પ્રાયશ્ચિતકર્મ**

૯. અજાણતાં (પણ) જો બ્રાહ્મણની હત્યા થાય તો વલ્કલ વસ્ત્ર પહેરવું, જટા વધારવી, જંગલમાં રહેવું, જંગલી (કંદ-મૂલ) અન્ન ખાવું, મિત-આહાર કરવો અને દિવસમાં એક જ વખત ભોજન કરવું.

૧૦. (દિવસમાં) ત્રણ સમયે સ્નાન કરવાનો નિયમ કેળવી યથાવિધિ સંધ્યા કરવી, અધ્યાપન વગેરે બધાંનો ત્યાગ કરી, ભક્તિભાવથી હરિ (વિષ્ણુ)નું ભજન કરવું.

૧૧. ઈન્દ્રિયો પર કાબૂ રાખી, બ્રહ્મચર્ય પાલન કરી, સુગન્ધ-પુષ્પ માળા વગેરેનો ત્યાગ કરી, તીર્થક્ષેત્રનું સેવન કરવું, અથવા તો અરણ્યમાં આવેલા (કોઈ) પવિત્ર આશ્રમમાં આશરો લેવો.

૧૨. જો કદાચ જંગલી (કંદમૂલ) અન્નથી જીવી શકાય નહીં (એમ લાગે), તો ગામમાં પ્રમાણસરની ભિક્ષા માગી ખાવી; શરવાના પાત્રમાં ધારણ કરેલું ભોજન એક વાર જમવું.

૧૩. હંમેશાં હરિપરાયણ બની, બાર વર્ષપર્યંત આ પ્રમાણે કરવાથી, બ્રહ્મહત્યા કરનાર પવિત્ર બને છે અને પછી કર્મ કરવાને પાત્રતા મેળવે છે.

૧૪. ગાય માટે કે બ્રાહ્મણને માટે (પ્રાયશ્ચિત) વ્રતના (આચરણની) મધ્યમાં જો મૃત્યુ થાય અથવા ઔષધોથી કે હિંસક પ્રાણીઓથી હણાય તો પણ પવિત્ર બની જાય છે, પરંતુ જો સ્વેચ્છાપૂર્વક મૃત્યુ પામે તો શુદ્ધિ મેળવતો નથી.

૧૫. (અથવા તો) દસ-હજાર ગાયોનું દાન કરવાથી અથવા ગાયત્રીમંત્રનો એક કરોડ જપ કરવાથી - આમાંનો કોઈ પણ એક (પ્રયોગ) કરવાથી બ્રહ્મહત્યા કરનાર પાપમાંથી શુદ્ધિ પ્રાપ્ત કરે છે.

૧૬. જેણે દીક્ષા પ્રાપ્ત કરી છે એવા ક્ષત્રિયની હત્યા કરે તો તેણે બ્રહ્મહત્યા (ના નિવારણ માટે) નું વ્રત આચરવું; જો દીક્ષા પ્રાપ્ત કરેલા બ્રાહ્મણની હત્યા કરે તો એ જ (બ્રહ્મહત્યાનિવારણ) વ્રત બે ગણુ (ચોવીસ વર્ષનું) આચરવું.

૧૭. (આ પ્રમાણે - ૧૬ માં શ્લોકમાં બતાવ્યા પ્રમાણે વ્રત કરવા) જો અશક્ત હોય તો તેણે અગ્નિમાં પ્રવેશ કરવો અથવા પર્વત પરથી નીચે પડીને મૃત્યુ પામવું. આચાર્ય (કે મા-બાપ) વગેરેનો વધ કર્યો હોય તો તેણે (આ જ વ્રત) ચાર ગણું (૪૮ વર્ષ સુધી) કરવું.

૧૮. જેણે કહેવાતા દ્વિજ[૧]ની હત્યા કરી હોય; તે ત્રીસ કૃચ્છ્ર (ચાંદ્રાયણ) વ્રતથી શુદ્ધ થાય છે; હે પિતા ! આ પ્રાયશ્ચિત્તવિધિ બ્રાહ્મણ માટે કહ્યો છે.

૧૯. ક્ષત્રિય કે વૈશ્ય માટે તો (ઉપરના શ્લોકોમાં બ્રાહ્મણે કરવાના પ્રાયશ્ચિતની જે વિધિ છે તે) બે ગણી (ક્ષત્રિય માટે) અને ત્રણ ગણી (વૈશ્ય માટે) (શાસ્ત્રમાં) કહેલી છે; શૂદ્ર માટે તો એનાથી પણ અધિક (જાણવી) - શૂદ્ર માટે તો પ્રાયશ્ચિત-વ્રત કર્યા પછી દેહાન્તશિક્ષા જ શુદ્ધિ આપનારી બને છે.

૨૦. શૂદ્રને શિક્ષા રાજાએ જ કરવાની હોય છે, એવું નક્કી કરેલું છે; બ્રાહ્મણના પુત્રની હત્યા કરવામાં બ્રહ્મહત્યા માટેના વ્રતનું અડધું (છ વર્ષનું) વ્રત કરવું.

૨૧. (બ્રાહ્મણની) કન્યાની હત્યા કરનારે અને (બ્રાહ્મણસ્ત્રીના) ગર્ભની હત્યા કરનારે (અનુક્રમે) (બ્રહ્મહત્યાવ્રતનો) ચોથો ભાગ[૨] (વ્રતાચરણ રૂપે) અને આઠમો ભાગ[૩] (વ્રતા-ચરણરૂપે) કરવો; યજન કરનારની પત્નીની હત્યામાં (સંપૂર્ણ) બ્રહ્મહત્યાવ્રત[૪] કરવું, (જ્યારે) કેવલ બ્રાહ્મણની પત્ની (ની હત્યા) માટે આઠ વર્ષ સુધી (બ્રહ્મહત્યાવ્રત) પાળવું.

૨૨.૨૩.(૧.૨) (બ્રાહ્મણપતિ અને ક્ષત્રિયપત્નીથી જન્મેલા) ક્ષત્રિય વિપ્રની હત્યામાં છ વર્ષનું (બ્રહ્મહત્યા) વ્રત આચરવું પડે; વૈશ્યને હણવાથી ત્રણ વર્ષ અને શૂદ્રની હત્યામાં એક વર્ષ (બ્રહ્મહત્યા) વ્રતનું આચરણ કરવું. જેણે દીક્ષા લીધી છે એવા શૂદ્રની હત્યા થાય તો આઠ વર્ષનું (બ્રહ્મહત્યા) વ્રત આચરવું.

૨૩ (૩.૪) થી ૨૫. કાયકૃચ્છ્ર વ્રત કરનારે ત્રણ દિવસે ખાવું, ત્રણ દિવસ સાયંકાલે જમવું, ત્રણ દિવસ માગ્યા વિનાનું અન્ન જમવું, ત્રણ દિવસ લગીરે જમવું જ નહીં. (ઉપવાસ કરવો)[૫], (આમ કરવામાં અશક્ત હોય તેણે) દશહજાર ગાયત્રીમંત્રનો જપ કરી અને એક હજાર મંત્રની આહૂતિ આપી હોમ કરવો, બાર બ્રાહ્મણને ભોજન કરાવવું અને શક્તિપ્રમાણે ગાયનું દાન કરવું. (ગોદાનની શક્તિ ન હોય તો) અથવા તેનાં (ગાયના) મૂલ્યની અડધી કિંમતનું (નાણું) દાન કરવાથી પ્રાજા પત્યનામનું વ્રત સિદ્ધ થાય છે; આમ ત્રીસ વર્ષ પર્યંત શક્તિ પ્રમાણે કૃચ્છ્રવ્રતો પવિત્રબુદ્ધિથી કરવાથી પવિત્ર થવાય છે.

૨૬. પ્રાયશ્ચિત વિધિને જાણનારા નિષ્ણાતોએ બાળક, વૃદ્ધ, રોગી કે સ્ત્રીની કક્ષાને ધ્યાનમાં લઈ પ્રાયશ્ચિત્તવ્રતની યોજના કરી આપવી.

---

૧. દ્વિજમાત્ર એટલે જે દ્વિજ (બ્રાહ્મણનું નિયત) કર્મ કરતો ન હોય, જેણે વેદાધ્યયન ન કર્યું હોય એવો દ્વિજના વંશમાં ફકત જન્મેલો હોય તેવો કહેવાતો દ્વિજ (નામબ્રાહ્મણ).

૨. ચોથો ભાગ (पाद) = ત્રણ વર્ષ.

૩. આઠમો ભાગ (तदर्धकम्) = દોઢ વર્ષ (ટીકામાં જુઓ सार्धब्दिम)

૪. ब्राह्मणव्रत = નિયત કરેલા બ્રહ્મહત્યાવ્રત જેવું = ૨ વર્ષનું વ્રત.

૫. એક દિવસના ભાગમાં જમવું, એક દિવસ સાંજે જમવું, એક દિવસ માગ્યા વિનાનું અન્ન ખાવું, એક દિવસ ઉપવાસ કરવો - આ રીતે ચાર દિવસ થાય - એવું ત્રણ વખત આવર્તન કરવાથી બાર દિવસનું કૃચ્છ્રવ્રત થાય (જેમાં ત્રણ દિવસ દિવસના ભાગમાં, ત્રણ દિવસ સાંજે, ત્રણ દિવસ માગ્યા વિનાનું અન્ન, જમવાનું અને ત્રણ દિવસ ઉપવાસ કરવાનો.

૨૭. પોતાનું હિત ઈચ્છાતા ત્રણે વર્ણના પુરુષોએ, તેમની સ્ત્રીઓએ અને (અરે !) શૂદ્રોએ પણ ગોળનો ઉપયોગ કરી બનાવેલી (ગૌડી), લોટમાંથી બનાવેલી (પૈષ્ટી) અને મધુ-પુષ્પમાંથી બનાવેલી (માધ્વી) – એમ ત્રણે પ્રકારની સુરા (દારુ)માંથી કોઈ પણ પીવી જોઈએ નહીં.

૨૮.૨૯. [1]મદ્ય પીનારાએ (પ્રાયશ્ચિત માટે) તપાવેલા તાંબાના કે લોઢાના વાણમાં ખૂબ ઉકાળેલું દૂધ, કે ગાયનું મૂત્ર કે ઘી પીવું જોઈએ.

(આ પ્રમાણે) સુરાપાન કરનારાએ નારાયણમાં લીન બની (ઉપર બતાવ્યા પ્રમાણે દૂધ-આદિ), (પોતાનું) મૃત્યુ થાય ત્યાં સુધી પીધા કરવું જોઈએ; (આમાંથી જ) તે (દારૂ પીનાર) શુદ્ધિ મેળવે છે, બીજી કોઈ રીતે નહીં, એમ સ્પષ્ટ રીતે (શાસ્ત્રનો) નિર્ણય થયેલો છે.

૩૦. જો અજાણતાં બ્રાહ્મણથી (દારૂ) પીવાય તો તેણે બ્રહ્મહત્યા માટે (નકકી કરેલા) વ્રતનું આચરણ કરવું જોઈએ; (બીજા ઔષધથી રોગ ન મટતો હોય તો) રોગ શાંત કરવા (મટાડવા મદિરાનું) સેવન કરનારાઓની શુદ્ધિ (ગર્ભાધાનથી માંડીને બધા) સંસ્કાર કર્યા પછી બે ચાંદ્રાયણ વ્રત કરવાથી થાય છે.

૩૧. દારૂથી સ્પર્શ પામેલું અન્ન વગેરે ખાવું તેમજ દારૂના પાત્રમાં (રાખેલું) પાણી વગેરે (પીવું) – દારૂ પીધા બરાબર જ જાણવું; (એની શુદ્ધિ માટે) કેવલ કપૂરનું ભક્ષણ કરવું.

૩૨. અગિયાર પ્રકારના દારૂમાંથી કોઈ પણ એક (દારૂ)નું પાન કરે તો પણ જો (ઉપર) કહ્યા પ્રમાણેની (પ્રાયશ્ચિત્તપૂર્વક) શુદ્ધિ ન કરે તો એ પતિત બને છે; એની સાથે બોલવું પણ નહીં.

૩૩. અપ્રત્યક્ષ કે પ્રત્યક્ષ રૂપે અથવા તો બળજબરીથી જો પારકી માલિકીનું (કંઈ પણ) પડાવી લેવામાં આવે, તો તેને સજ્જનો ચોરી ગણે છે.

૩૪. નાની બારી[2] માંથી આવતું સૂર્યનું દશ્યકિરણ ત્રસરેણુ (માપ) ગણાય; આઠ ત્રસરેણુ મળી એક ક્ષણ થાય, ત્રણ ત્રક્ષાથી એક રાજસર્ષપ બને.

૩૫. પાંચ રાજસર્ષપથી એક સર્ષપ થાય; છ સર્ષપનો સમૂહ એક યવ ગણાય, ત્રણ યવ મળી એક કૃષ્ણલ બને અને પાંચ કૃષ્ણલના સમૂહની એક માષ (નું માપ) ગણાય છે.

૩૬. તે સોળ માષનું એક કર્ષ બને અને ચાર કર્ષથી એ પલ થાય; જો બ્રાહ્મણની માલિકીનું (સુવર્ણની કોઈ પણ વસ્તુ) ફક્ત એક યવ જેટલું અજાણતાં ચોરી લેવામાં (પડાવી લેવામાં) આવે તો પણ એક વર્ષનું બ્રહ્મહત્યાનું વ્રત આચરવું.

૩૭.૩૮.૩૯.જો જાણી બૂઝીને એક માષથી વધુ (બ્રાહ્મણના સુવર્ણનું કઈ પણ) હરી લેવામાં આવે તો હત્યા (નિવારણ) વ્રત સંપૂર્ણ આચરવું; જો (ગુરુઓ, યજ્ઞકર્તાઓ, બ્રહ્મનિષ્ઠ (જ્ઞાનીઓ), મનસ્વીઓ, વેદશાસ્ત્ર સંપન્ન (વિદ્વાન) બ્રાહ્મણોનું કોઈ પણ રીતે સુવર્ણ ચોરવામાં આવે તો પ્રાયશ્ચિત્ત કરવાનો સંકલ્પ મૂકી, (ભગવાન) નારાયણનું સ્મરણ કરી, ગાયનું સૂકું છાણ (આખા શરીર પર) ચોપડી બળી મરવાથી, ચોરીના પાપમાંથી મુક્ત થવાય. જો ક્ષત્રિય બ્રાહ્મણનું (સુવર્ણ) ચોરે તો અશ્વમેધ યજ્ઞ કરવાથી (પાપમાંથી) મુક્તિ મેળવે છે.

---

૧. તંત્રમાં કેટલાક પ્રયોગમાં દેવપ્રસાદરૂપે મદ્યપાન કરવા કહ્યું, પણ એ અવૈદિક હોવાથી કર્મ જ છે થાય તો મદ્યપાન તો થાય જ ક્યાંથી ? અવૈદિક હોઈ મોક્ષપ્રાપ્તિનો સંભવ રહેતો નથી. મદિરાપાનમાં પ્રાયશ્ચિત્ત મરણ છે; મદિરા સ્પર્શમાં જે અંગથી સ્પર્શ થાય તે અંગ કાપી નાખવાનું પ્રાયશ્ચિત્ત પ્રાચીન-અર્વાચીન સર્વે આચાર્યો એકમતથી જણાવે છે.

૨. ગવાક્ષ એટલે ગાયની આંખ જેટલી નાની બારી જે 'ગોખ' પણ કહેવાય છે. ગોખ શબ્દ ગો+અક્ષ ઉપરથી ઉતરી આવ્યો છે. હિંદુઓના પ્રાચીન મકાનોમાં હવા-ઉજાસ માટે આવા ગોખ જોવા મળશે.

૪૦ થી ૪૨ (૧.૨) જો વૈશ્ય હોય (વૈશ્ય બ્રહ્મસ્વ ચોરે) તો એણે પોતાના (શરીર) વજન જેટલું સુવર્ણ આપવું અથવા તો ગોવ્રત આચરવું. પહેલાં ચોરી કરી, પછી તેને પશ્ચાત્તાપ થાય તો એક સાંતપન (વ્રત) કરી, બાર દિવસનું (પ્રાજાપત્ય વ્રત) કરવું, તેનાથી પવિત્ર થવાય છે; વજ (હીરો), માણેક વગેરે રત્નો, મનુષ્યસ્ત્રી, ગાય કે ભૂમિ (જમીન)ની ચોરીમાં પણ સુવર્ણની ચોરી માટે કહેલું પ્રાયશ્ચિત જ શુદ્ધિ માટે સ્મૃતિમાં બતાવ્યું છે.

૪૨ (૩.૪) થી ૪૩. ત્રસરેણુ માપનું સુવર્ણ ચોરનારે બે પ્રાણાયામ કરવા; ત્રક્ષ જેટલું (સુવર્ણ ચોર્યું) હોય તો ત્રણ પ્રાણાયામ અને સર્ષપ જેટલું (ચોર્યું) હોય તો ચાર (પ્રાણાયમ) કરવા. દસ[1] (ગો) સર્ષપ જેટલું ચોરે તો આઠ હજાર ગાયત્રી જપ કરવાથી શુદ્ધ થવાય છે.

૪૪ થી ૪૬ યવ જેટલું (સુવર્ણ) ચોરનારની શુદ્ધિ પ્રાતઃકાળથી આરંભી સાયંકાલ સુધી (ગાયત્રી મંત્રના) જપ કરવાથી થાય છે. (જ્યારે) એક માષ જેટલું (સુવર્ણ ચોર્યું) હોય તો પ્રથમ સાંતપન વ્રત કરી, પછી પહેલાં (શ્લોક ૩૯ માં) કહ્યા પ્રમાણે (ગાયના સૂકા છાણનો દેહ પર લેપ કરી સ્વયં બળી મરવું તે) કરવું, અથવા (વિકલ્પે) એક વર્ષપર્યંત ગાયના મૂત્રમાં પકવેલ જવ ખાવાથી એની (ચોરનારની) શુદ્ધિ થાય છે. જો બ્રાહ્મણે એકદમ ઓછા માપનું સુવર્ણ ચોર્યું હોય, વળી ચાંદીની ચોરીના કર્મમાં ચાર નિષ્કથી માંડી દસ નિષ્ક સુધીની (માપની) ચાંદીની ચોરી કરી હોય તો તેણે ઉત્તમ[2] ચાંદ્રાયણ વ્રત કરવું.

૪૭. સો નિષ્ક જેટલી (ચાંદીની) ચોરી કરે તો બે ગણુ અને એક હજાર નિષ્કની (ચોરી) કરે તો ચાર ગણુ (ચાંદ્રાપણ વ્રત) કરવું પણ એનાથી પણ વધુ (ચાંદી ચોરે) હોય તો બ્રહ્મહત્યાવ્રત કરવું પડે. તાંબાની ચોરીમાં એનાથી ઓછી માત્રામાં (પ્રાયશ્ચિત) છે.

૪૮. કાંસુ, પિત્તલ વગેરે તથા લોહચુંબક વગેરેમાં (એની ચોરીમાં) નિષ્ક માત્ર (ચોર્યું હોય તો) કૃચ્છ્રવ્રતથી શુદ્ધિ કહેવાયેલી છે. જો (નિષ્કથી) વધારે માપની (ચોરી) હોય તો અધિક માત્રામાં (કૃચ્છ્ર પ્રાયશ્ચિત) છે.

૪૯. ચાંદીની જેમ ઓછા પ્રમાણમાં રત્નો, અનાજ, વસ્ત્રો, ઘાસ વગેરે તથા ફળ-મૂળ, ઔષધિઓ વગેરેમાં કૃચ્છ્રથી શુદ્ધિ થાય છે, એમ કહેવાયું છે.

૫૦. રસ (ગોળ, મધ, ઘી વગેરે), ખાદ્ય પદાર્થો; પુસ્તક વગેરેમાં વિશેષરૂપમાં શુદ્ધિની યોજના કરવી; (પ્રાયશ્ચિત્ત દ્વારા) નિષ્કૃતિ ન કરનાર મનુષ્ય બધી રીતે દુર્ગતિ મેળવે છે.

---

૧. ગો = ઇન્દ્રિય - ઇન્દ્રિયો દસ છેઃ પાંચ જ્ઞાનેન્દ્રિય અને પાંચ કર્મેન્દ્રિયો તેથી ગોસર્ષપ = દસ સર્ષપ

૨. परम् - જવનું ભક્ષણ કરી

# આઠમા અષ્ટકનો છઠ્ઠો અધ્યાય
# ગુરુપત્ની (વડીલની પત્ની) ગમન તેમજ ઉપપાતકોમાંથી (પ્રાયશ્ચિત દ્વારા) શુદ્ધિનું વર્ણન

૧. (એક જણે) કરેલા પાપનો દોષ પતિપત્ની બંનેને લાગે છે, તેથી (બંનેમાંથી) એક (વ્યક્તિએ) પાપ કર્યું હોય તો બંનેએ (પ્રાયશ્ચિત કર્મથી) શુદ્ધિ કરવી.

૨. થી ૪. અજાણતાં પોતાની માતા સાથે અથવા સપત્ની સાથે સંભોગ કરે અને (તેની યોનિમાં) વીર્યસ્રાવ કરે તો પોતે જાતે પોતાના વૃષણ કાપી (પોતાના) બે હાથમાં ધારણ કરી, (કરેલા) પાપનો ઉદ્‌ઘોષ કરી, દુઃખસંતપ્ત બની નૈઋત્ય દિશામાં જવું; એ મહાપાપીને આ રીતે જતાં કોઈએ પણ અટકાવવો નહીં, દેહ પડતાં સુધી ચાલ-ચાલ કરે અને મૃત્યુ પામે તો જ (માતુગમનના) પાપમાંથી શુદ્ધિ મેળવે છે. આમ કરવા અશક્ત હોય તેણે પર્વત ઉપરથી નીચે પથ્થર પર પડી જોરથી માથુ અફાળી દેહત્યાગ કરવો.[1]

૫.૬. પોતાના વર્ણ (જાતિ) કરતાં શ્રેષ્ઠ વર્ણની સ્ત્રી સાથે મૈથુન કરે તો બ્રહ્મહત્યા (નિવારણ) વ્રત આચરવું; અને જાણીબૂઝીને તેવું વારંવાર પોતાની જાતિની સ્ત્રી કે ઉત્તમ વર્ણની સ્ત્રીમાં સંભોગ, ક્રીડા કરે તો ગાયના છાણાંના (સળગાવેલા) અગ્નિથી શરીરને બાળી નાખવાથી શુદ્ધ થવાય છે, બીજી કોઈ રીતે નહીં. (આ પ્રમાણેના સંભોગમાં) જો વીર્યસ્ખલન થતાં પહેલાં જો એમાંથી નિવૃત્ત થઈ જાય તો બ્રહ્મહત્યા (નિવારણ) વ્રત કરવું.

૭. ક્ષત્રિય કે વૈશ્યની માતા સાથે સંભોગના પાપમાં છ વર્ષ બ્રહ્મહત્યા (નિવારણ) વ્રત કરવું, શૂદ્રની માતા વિષયક (દોષ) ત્રણ વર્ષનું વ્રત કરવું, પણ શૂદ્ર જો બ્રાહ્મણસ્ત્રી સાથે સહગમન કરે તો દેહાન્ત પ્રાયશ્ચિત્ત કરવું પડે.

૮. ભાઈની પત્ની (ભાભી), પુત્રવધૂ, દીકરી, બેન, મિત્રપત્ની કે શિષ્યપત્ની - આમાંથી કોઈની પણ સાથે સહગમન કરનારે છ વર્ષનું બ્રહ્મહત્યાવ્રત આચરવું.

૯. (પોતાની) માની કે પિતાની બેન (માસી કે ફોઈ), આચાર્ય કે મામાની પત્ની - આમાંથી કોઈ સાથે સહગમન થાય તો એનાથી (છ વર્ષથી) અધિક (બ્રહ્મહત્યાવ્રત) આચરવું; અન્ય (સંબંધ ન હોય તે) સ્ત્રી (પરસ્ત્રી) સાથેના સહગમનમાં એક વર્ષનું વ્રત આચરવું.

૧૦. એક વખતના સહગમન એક વર્ષનું (વ્રત) વારંવાર (એક કરતાં વધુ) થાય તો બે ગણુ (બે વર્ષનું) અને અનેક વખતના (અતિ સંખ્યામાં) સહગમન થાય તો ચાર ગણ (વ્રત કરવું) - સદ્‌બુદ્ધિવાળાએ આ યોજના બધામાં સ્વીકારવી.

૧૧. શૂદ્ર સ્ત્રીમાં સંતતિ પેદા કરનાર બ્રાહ્મણનું (ભલે પ્રાયશ્ચિત કર્યું હોય તો પણ) બ્રહ્મત્વ નાશ પામે છે; (એથી અધિક) જો ચાણ્ડાલ સ્ત્રી સાથે (કેવળ) સંભોગ કરે તો, (પ્રાયશ્ચિત દ્વારા) શુદ્ધિ પ્રાપ્ત કરે તો પણ એની સાથે વ્યવહાર કરવો નહીં (એનો સમાજ બહિષ્કાર કરવો).

૧૨. તપશ્ચર્યા કરતી સ્ત્રી, વિધવા કે ચારિત્ર્યસંપન્ન સ્ત્રી સાથે સંભોગ કરનારે બાર વર્ષનું (બ્રહ્મહત્યા નિવારણ) વ્રત કરવું, પરંતુ જો રજસ્વલા સ્ત્રી સાથે સંભોગ કરે તો એનાથી પણ વધુ (વર્ષનું વ્રત) કરવું.

૧૩. પોતાની પત્નીમાં ઋતુ વિના (સોળ દિવસ પછીના) દિવસોમાં ગમન કરવાથી બ્રહ્મચર્યનો નાશ થાય છે; નિષિદ્ધ દિવસે (ચૌદશ તિથિ જેવા દિને) અથવા બળજબરીથી (પત્નીની સંમતિ વિના) ગમન થાય તો 'પુનર્મામ્.....' એ બે મંત્રો જપવા.

---

૧. આ રીતે મૃત્યુ/પામવું એ આત્મહત્યા (એ પણ પાપ જ છે) ન ગણાય ? તે શંકાનું નિવારણ કરતાં પૂ.સ્વામીજી ટીકામાં લખે છેઃ 'तेन न आत्महत्यादोषः चोदनया प्रायश्चित्तविधानम् અર્થાત્ એ પાપ ન ગણાય કારણે વિધિવાક્યથી આવું પ્રાયશ્ચિત કરવા કહ્યું છે

૧૪. (આવું ઉપર નિર્દિષ્ટ પાતક કરનાર) બ્રહ્મચારીએ (પ્રાયશ્ચિતરૂપે) બેગણુ વ્રત અને વાનપ્રસ્થીએ ત્રણગણુ વ્રત કરવું. સંન્યાસીની બાબતમાં તો (કોઈ પણ પાતકમાં) માતૃગામીએ જે વ્રત કરવાનું છે, તે કરવું પડે અને (મૈથુનનું કેવળ) સ્મરણ કરવામાં ત્રણ કૃચ્છ્રવ્રત કરવા પડે (તો જ શુદ્ધિ થાય)

૧૫.૧૬. (સંભોગનું) સ્મરણ કરવું, વર્ણન કરવું (વાત કરવી) પરસ્પર ક્રીડા (સંવનન) કરવી, (ગુહ્યભાગો) જોયા ગુપ્ત વાતો કરવી, (મૈથુન વિષયક) ઉત્સાહ બતાવવો, નિશ્ચય કરવો (પ્રયત્ન કરવો) અને (પ્રત્યક્ષ) મૈથુન ક્રિયા કરવી - આ અષ્ટાંગ મૈથુન કહેવાય છે; (એમાંનું) એક પણ અધઃપાત કરી શકે છે, માટે (વિશેષણે) વિધવા, વ્રતી, બ્રહ્મચારી અને સંન્યાસીએ પ્રયત્નપૂર્વક એનો ત્યાગ કરવો.

૧૭. (મૈથુન ક્રિયા) જોનાર, વિચારનાર, આજ્ઞા કરનારને ચોથા ભાગનું (ચતુર્થાંશ) પાતક લાગે છે, એવું સ્મૃતિવચન છે. પોતાની સ્ત્રી સમજી પરસ્ત્રીમાં તો બંનેને અડધુ (એક દ્વિતીયાંશ) પાપ લાગે છે.

૧૮. પુરુષો માટે પરસ્ત્રીગમન (ના દોષને નિવારણ) માટે જે (પ્રાયશ્ચિત) વ્રત છે તે જ પ્રમાણે સ્ત્રીઓ માટે પણ (પરપુરુષ સાથે મૈથુન ક્રિયાના) પાપ નિવારણાર્થે એવું જ (પ્રાયશ્ચિત વ્રત) છે; પ્રેતાન્નભોજન કરનારે તથા નિષિદ્ધઅન્ન ખાનારે કૃચ્છ્રવ્રતથી શુદ્ધિ મેળવવી પડે.

૧૯. બ્રહ્મહત્યા કરનાર વગેરે ચાર મહાપાપીઓ પૈકી કોઈ સાથે સંબંધ થાય, તો સંગ કરનારે (પાપીએ પ્રાયશ્ચિતરૂપે કરવાનું) તે તે વ્રત કરવાથી જ તેની શુદ્ધિ થાય છે, બીજા કશાથી નહીં.

૨૦. અજાણતાં પાંચ રાત્રિ સુધી તેનો (મહાપાપીનો) સંગ કરાતાં કાયકૃચ્છ્ર વ્રત આચરવું, જ્યાં બાર દિવસ સંગ કરવામાં આવે તો મોટું પ્રાજાપત્યવ્રત આચરવું (તો શુદ્ધિ મળે).

૨૧. (મહાપાપી સાથે) એક મહિનો સંગ થાય તો પરાક નામનું વ્રત કરવું, ત્રણ માસ (સંગ) થાય તો ત્રણ વર્ષ પરાકવ્રત કરવાં, છ મહિના (સંગ) થાય તો ત્રણ વખત ચાન્દ્રાયણ વ્રત કરવું અને એક વર્ષ કરતાં થોડો ઓછો સમય સુધી (સંગ) થાય તો છ મહિના સુધી વ્રત કરવું.

૨૨.૨૩. એક વર્ષપર્યંત, (સંગ થાય) તો મહાપાપી જેવો જ જાણવો; એને માટે બે ગણા (પ્રાયશ્ચિત) વ્રતની અપેક્ષા (શુદ્ધિ માટે) છે; દેડકો, નોળિયો, કાગડો, ઘૂડ, મૂષક, પોપટ, બકરો, બિલાડો, કૂતરો, હરણ, કુકડો, વાનર એમાંના કોઈને અજાણતાં બ્રાહ્મણ હણે તો એણે અડધું કૃચ્છ્રવ્રત કરવું, અને ઘોડાની હત્યા કરે તો ત્રણ (કૃચ્છ્રવ્રત) કરવાં.

૨૪. હાથીનો વધ કરવામાં (પ્રાયશ્ચિતરૂપે) તમકૃચ્છ્રવૃત અને ગાયના વધમાં પરાકવ્રત આચરવું, પણ ઈરાદાપૂર્વક ગાયની હત્યા કરાય તો ગુરુની હત્યામાં (જે પ્રાયશ્ચિત કરવાનું હોય છે) તે પ્રમાણે કરવું પડે.

૨૫.૨૬. ટિટોડી, ચક્રવાક, હંસ, કારંડવ, ઘુવડ, સારસ, બાજ, કબૂતર, (ઈતર) વન્યપ્રાણી તેમજ મોર, ચાસ પંખી, બગલો, શિશુમાર (દરિયાઈ વ્હેલ જેવું પ્રાણી) કાચબો અને બીજાં જળચર પ્રાણીઓની હત્યા થાય તો તેણે (હત્યા કરનારે) બાર દિવસનું કૃચ્છ્રવ્રત કરવું જોઈએ.

૨૭. ગાદલાં, આસનો, (શિબિકા વગેરે) વાહનો, ભક્ષ્ય કે ભોજ્ય પદાર્થો વગેરે અજાણતાં જો બ્રાહ્મણ હરી લે તો પંચગવ્યના પ્રાશનથી શુદ્ધિ મેળવાય છે.

૨૮. જો સૂકાં લાકડાં, ઘાસ, વૃક્ષો, ચામડું, વલ્કલ, દોરડું કે એવા જ બીજા પદાર્થોની અજાણતાં ચોરી કરવામાં આવે તો ત્રણ દિવસનું (કૃચ્છ્ર) વ્રત આચરવું.

૨૯. વીર્ય, વિષ્ઠા અને (અથવા) મૂત્રના ભક્ષણમાં પ્રાજાપત્યવ્રત (શુદ્ધિ માટે) કહેવામાં આવ્યું છે જ્યારે અજાણતાં શૂદ્રનું ઉચ્છિષ્ટ (અન્ન) ખાવામાં આવે તો ત્રણ ચાન્દ્રાયણ વ્રત કરવાં એવું કહેવાયું છે.

૩૦. થી ૩૨. ચાણ્ડાલ, અધઃપતન પામેલો, દારૂડિયો, મહાપાપી, રજસ્વલા સ્ત્રી, સુવાવડી સ્ત્રી, ધોબી, યવન વગેરે એમાંના કોઈનો જો બ્રાહ્મણ સ્પર્શ કરે તો બ્રાહ્મણે સચૈલ સ્નાન કરી પંચગવ્ય પ્રાશન કરવું, તેથી પવિત્ર થવાય છે; પછી વિશુદ્ધ મનવાળા બની એકસોઆઠ ગાયત્રી જપ કરવો. પણ જાણીબૂઝીને એમાંના કોઈનો સ્પર્શ કરી ભોજન કરે તો બે રાત્રી સુધી ઉપવાસ કરી પંચગવ્યનું પ્રાશન કરવાથી તે બ્રાહ્મણ શુદ્ધિ મેળવે છે.

૩૩. જો બ્રાહ્મણે સ્નાન કરતાં, દાન કરતાં, જપ કરતાં, કે યજ્ઞ કરતાં એમને (ચણ્ડાલ વગેરેનો) અવાજ સાંભળે તો આઠ હજાર ગાયત્રી મંત્રનો જપ કરવાથી તે શુદ્ધિ મેળવે છે.

૩૪. વ્રત વગેરે કર્યું હોય ત્યારે અથવા ભોજન કરતી વખતે જો એમનો (ચણ્ડાલ વગેરેનો) અવાજ સાંભળે તો તેજ વખતે મુખમાંથી અન્ન કાઢી નાખી, સ્નાન કરી, ઉપવાસ કરવાથી તે બ્રાહ્મણ પવિત્ર બને છે.

૩૫. રોજના જમણમાં ભોજન કરતી વખતે જો (ચણ્ડાલ આદિના) શબ્દ સાંભળવામાં આવે તો એકસો આઠ વખત ગાયત્રીમંત્ર જપવો જો એમના ઝઘડાનો, કૂતરાનો ઘૂરકાટ વગેરેનો અવાજ સંભળાય તો પણ એટલો જ (જપ) કરવો.

૩૬. ભોજન કરતી વખતે એક-બીજાનો સ્પર્શ થાય તો, તેમજ ગુરુ વિના (ગુરુ જમતા હોય ત્યારે) ભોજન જમનારા પંક્તિમાં બેઠા હોય તે ઊઠી જાય તો બુદ્ધિશાળી કે અજ્ઞાની માણસે (ભોજનનો ત્યાગ કરી) ઊઠીને ચાલ્યા જવું અને વ્રત આચરવું (આ વ્રતમાં/ગાયત્રીનો જપ કરવો અથવા એક ઉપવાસ કરવા કહ્યું છે).

૩૭. સર્વ પાપ કર્મમાં મોટામાં મોટું પાપ વિપ્ર (અથવા જ્ઞાની), સંત અને દેવની નિન્દા કરવી તે છે; આનું પ્રયત્નપૂર્વક (પ્રાયશ્ચિતથી) નિવારણ કરવું, નહીં તો એનું અધઃપતન થાય જ.

૩૮. જે માણસ રોગ વગેરેથી મુક્ત થયેલો હોય, પશ્ચાત્તાપથી જોડાયેલો હોય, તો તે વિષ્ણુપરાયણ માણસ પ્રાયશ્ચિત આચરીને જલદીથી (પાપમાંથી) મુક્ત બને છે.

૩૯. ભક્તિભાવપૂર્વક જો હરિ (વિષ્ણુ ભગવાન)નું સ્મરણ થાય, પૂજન કરાય, ધ્યાન ધરાય, નમન કરાય તો જેમ અગ્નિ કપાસના ઢગલાને (બાળી નાખે) તેમ ભગવાન (આવા ભક્તનાં) બધાં પાપ બાળી નાંખે છે.[1]

૪૦. જે ધર્મથી વિમુખ બનેલો પાપી માણસ પ્રાયશ્ચિત કરતો નથી, તે અહીં અપયશ મેળવી મૃત્યુ પછી લાંબો સમય નરકમાં રંધાય છે.[2]

૪૧. પછી થોડું પાપ (ભોગવવાનું) બાકી રહેતાં બીજી (હલકી) યોનિમાં જન્મે છે; ઘણુંખરું તો ઘણીબધી વાસનાઓના કારણે ભૂત, પ્રેત કે પિશાચ બને છે.

૪૨. ગુરુ ને 'હું' (ધિક્કાર વાચક શબ્દ) 'તું' (અપમાન વાચક શબ્દ) કરવાથી, વિપ્રનો પરાભવ કરવાથી (આવું કરનાર) બ્રહ્મરાક્ષસ બને છે, (જ્યારે) હલકા પુરુષની સેવા કરનાર ગધેડો થાય છે અને મહેમાનનો ત્યાગ કરનાર કૂકડો જન્મે છે.

૪૩. ધન ચોરનાર ઊંટ તરીકે જન્મે છે, (વૃક્ષનાં) પાન, ફળ વગેરે ચોરનાર વનચર (પ્રાણી), મધ (ચોરનાર) ડાંસ (એ નામનું જીવડું), માંસ (હરી લેનાર) ગીધ, અન્ન (પડાવી લેનાર) ઉંદર અને પાણી (ખૂંચવી લેનાર) ચાતકનો જન્મ લે છે.

૪૪. સુંગંધી પદાર્થો ચોરવાથી માદા છછુંદર તરીકે (જન્મવું પડે), ધાન્ય (ચોરવાથી) શલભ (બનવું પડે), ઝેર (ચોરનાર) ભમરો (થાય), સુવર્ણ ચોરનાર કૃમિ (કરોળિયો), કીડો કે પતંગિયું (તરીકે) જન્મે છે, જ્યારે ઘાસની ચોરીથી પશુયોનિ મળે છે.

---

૧. हरिर्हरति पापानि दुष्टचित्तैरपि स्मृतः । अनिच्छयाऽपि संस्पृष्टो दहत्येव हि पावकः ।

૨. प्रायश्चित्तमकुर्वाणाः पापेषु निरताः सदा अपश्चात्तापिनः प्रेत्य नरकं यान्ति दारुणम् ॥

૩. गुरुं हुंकृत्य त्वंकृत्य विप्रं निर्जित्य वादतः । अरण्ये निर्जले देशे जायते ब्रह्मराक्षसः ॥

૪૫. નિમંત્રણ વિના ભોજન કરનાર કાગડો જન્મે, મિત્રનો દ્રોહ કરનાર ગીધ અને દંભી માણસ બગલા તરીકે જન્મે છે; આ પ્રમાણે ઘણી બધી (પશુ-પંખીની) યોનિઓમાંથી (જન્મ લઈ) (પાપનું ફળ) ભોગવી, (પાપ-પુણ્ય સરખાં બનતાં મનુષ્ય લોકમાં ફરીથી આવી) રોગી બને છે.

૪૬.૪૭. (કોને કયો રોગ થાય તેનું વર્ણન): બીજાનું અંતઃકરણ તોડનાર હૃદયરોગી, ગુરુનો ત્યાગ કરનાર મહારોગી, બ્રહ્મહત્યા કરનાર ક્ષયના રોગવાળો, સોનાની ચોરી કરનાર કોઢનો રોગી, પુસ્તક ચોરનાર જન્મથી જ આંધળો થાય, વિશ્વાસઘાત કરનાર અમ્લપિત્ત (કે વારંવાર ઉલ્ટી)નો રોગી બને, મૂકેલું ધન ચોરનાર ગંડમાળનો રોગવાળો બને; બીજાનું ધન ચોરનાર સંતતિ વિનાનો થાય અને વસ્ત્ર ચોરનાર શ્વેત કોઢનો રોગી બને અને અસત્ય બોલનાર કર્કશ વાણીવાળો બને છે.

૪૮. અન્ન હરી લેનાર ગુલ્મ રોગી, અને માંસ જમનાર ગલત્કુષ્ઠ(રક્તપિત્ત)નો રોગી, જ્યારે તેલ ચોરનાર બેડોળ મુખવાળો થાય છે; દેવનું ધન ચોરનાર પાણ્ડુરોગ પામે છે; (વધુ શું કહેવું ?) બધા રોગો પાપથી જ થાય છે.

૪૯. સ્ત્રી અને પુરુષ (અનુક્રમે) પર-પુરુષ કે પરસ્ત્રી સાથે સહગમન કરે તો વારંવાર કૂતરાની અને કીડાની (કરમિયાની) યોનિમાં (જન્મ) થાય છે; માટે જો આવું પાપ થાય તો એનો પરિહાર (અવશ્ય) કરવો અને (તે માટે) પ્રાયશ્ચિત કરવું.

૫૦. કામ, ક્રોધ (લોભ) વગેરે (છ દુર્ગુણો)નો ત્યાગ કરી, હંમેશાં પોતાના (વર્ણાશ્રમ)ધર્મનું આચરણ કરનાર પરમાત્માનો ભક્ત, પવિત્ર મનવાળો બની સદ્ગતિ પામે છે, બીજો કદાપિ નહીં.

# આઠમા અષ્ટકનો સાતમો અધ્યાય

# સોળ સંસ્કાર, અશૌચનિર્ણય અને વાનપ્રસ્થાશ્રમ વગેરેનું વર્ણન

૧. માટે હે ભાઈ ! પ્રમાદ રાખ્યા વિના, પોતાના જ હિત માટે હંમેશાં આ પોતાનું કર્તવ્ય કર્મ કરવું જરૂરી છે; કારણકે (બ્રાહ્મણનો) (મનુષ્ય) જન્મ દુર્લભ છે એને એમાંથી પતન થાય, તેને (મોક્ષરૂપી) ગતિ (પ્રાપ્ત) થતી નથી.

૨. સ્પૃહા વિનાનો, શાંત ચિત્તવાળો, પોતાના ધર્મનું આચરણ કરનારો, સંસ્કારોથી સંસ્કૃત થયેલો, પવિત્ર અંતઃકરણવાળો વિપ્ર (જ્ઞાન માટે) યોગ્યતા પ્રાપ્ત કરે છે.

૩. જે બ્રાહ્મણ અડતાલીસ[1] સંસ્કારોથી સંસ્કૃત થયેલો અને પવિત્ર છે, તથા નિત્ય અને નૈમિત્તિક કર્મોનો જાણકાર છે, તે મોક્ષ પામે છે

૪. તેના (અડતાલીસના) અભાવમાં પચીસ સંસ્કારો[2] (મેળવવાનું) પણ (શાસ્ત્રથી) નિર્ણીત થયેલા છે, (જે પ્રાપ્ત કરવાથી જ) બ્રાહ્મણ (ધર્માચરણ માટે) અહીં (આ લોકમાં) પવિત્રતા અને યોગ્યતા પામે છે, બીજી કોઈ રીતે નહીં.

૫. (લગ્ન પછી) પ્રથમ ઋતુકાલ આવે ત્યારે શુભ મુહૂર્તમાં ગર્ભાધાન (સંસ્કાર) કરવાનું મુનિઓએ કહેલું છે; તેમાં પણ અશુભ માસ વગેરે હોય તો (પહેલાં) વિધિપૂર્વક એની શાંતિ કરવી.

૬. (આ ગર્ભાધાન) (રજસ્વલા સ્ત્રી હોય તો) પ્રથમ ચાર રાત્રિએ, શ્રાદ્ધનો દિવસે, તેની (શ્રાદ્ધની) પહેલાંના દિવસે, દિવસ ભાગમાં અર્થાત્ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં, વ્રત કે પર્વના દિવસે, પોતાનો જન્મદિને વગેરે આઠમ અને ચૌદસ, મૂળ અને રેવતી નક્ષત્રોમાં તેમજ અને (મઘા) નક્ષત્રમાં કરવું નહીં.

૭. સ્માર્તકર્મ, શ્રૌતકર્મ (ગર્ભાધાન વગેરે) સંસ્કારકર્મના પ્રારંભે નાન્દીશ્રાદ્ધ (કરવું) આવશ્યક છે; એમાં સોળ[3] માતૃકા, દેવો અને નવ (૯) પિતૃઓનું પૂજન કરવું.

૮. અહીં (નાંદીશ્રાદ્ધમાં) માતાનું પાર્વણ પ્રથમ ઉચ્ચારવું. માતા હયાત હોય તો પિતૃપાર્વણ કરવું; માતામહ હયાત હોય તો તેનું પાર્વણકર્મ થાય નહીં, તેનો લોપ થાય

૯. વૃદ્ધિશ્રાદ્ધમાં, તીર્થશ્રાદ્ધમાં, પોતાના પિતાના અધઃપાત થયો હોય કે એમણે સંન્યસ્ત લીધું હોય, તો પિતા જેમને આપે તેમને પુત્રે આપવું (પિતાની માતા વગેરેને ઉદ્દેશીને પાર્વણ કરવું).

૧૦. (નાંદીશ્રાદ્ધમાં) અપસવ્ય ન કરતાં, પ્રદક્ષિણ કરવું, તલને બદલે જવનો ઉપચાર અને સ્વધા ને બદલે સ્વાહા નો ઉપચાર અને દરેક સ્થલે યુગ્મ વિપ્રો હોવા જરૂરી છે.

૧૧. (છેલ્લે) 'उपास्म.....' એ પાંચ ઋચાઓ અને 'प्रजापं नत्वत्.....' મંત્ર બોલવા. પછી દક્ષિણા, દ્રાક્ષ, આમલક અને નિષ્ક્રય અપાવવો.

૧૨. જો (અન્નદાન) કરવું શક્ય ન હોય તો બે ગણુ કાચું અન્ન અથવા ચારગણુ સોનું આપવું; જાતકર્મ સંસ્કારમાં તો સોનુંજ અપાય અન્ન નહીં; તે પહેલાં સ્વસ્તિ પુણ્યાહ-વાચન કરાવવું.

૧૩.૧૪. દ્વિજ માટે ગર્ભાધાનથી આરંભી (બધા) સંસ્કાર વેદમંત્રોથી (કરવા), (આ ત્રિવર્ણની) સ્ત્રીઓના પણ જાતકર્મથી માંડી ચૌલકર્મ સુધીના (બધા) સંસ્કાર વેદમંત્રો (બોલ્યા) વિના કરવા; જ્યારે શૂદ્રના સંસ્કાર બ્રાહ્મણથી બોલાયેલા પૌરાણિક મંત્રોથી કરવા; શૂદ્ર માટે (ઉપનયન) વ્રત નહીં પણ છુરિકાબંધ કરવાનું હોય છે.

૧૫. ગર્ભાધાન સંસ્કાર કર્યા વિના[4] જો પત્ની સાથે સહગમન કરે તો આખલાનું દાન કરવું પડે, ગર્ભ રહ્યા પછીના ત્રીજા મહિને પુંસવન સંસ્કાર તથા અનવલોભન કરવાં.

---

૧. यस्यैतेऽष्टाचत्वारिंशत्संस्कारः स ब्राह्मणः सायुज्यं सरूपतां याति ।

૨. पञ्चविंशतिसंस्कारैः संस्कृता ये द्विजातयः । ते पवित्राश्च योग्याः स्युः श्राद्धादिषु सुयंत्रिताः ॥

૩. ગૌરી વગેરે સોળ માતૃકા બ્રાહ્મી વગેરે નવ માતૃકાઓ છે

૪. પ્રથમ ગર્ભાધાન સંસ્કારનો લોપ થાય તો દરેક ગર્ભ રહે ત્યારે ગર્ભાધાન સંસ્કાર કરવા પડે.

૫. સીમન્ત સંસ્કાર પણ એક વાર થાય પણ પ્રથમ ગર્ભ રહેતાં સીમન્ત સંસ્કાર ન થાય (એનો લોપ થાય) તો દરેક ગર્ભ વખતે એનું આવર્તન કરવું.

૧૬. (ગર્ભ રક્ષાથી) ચોથા, છઠ્ઠા કે આઠમા મહિને સીમંત-સંસ્કાર એકવાર કરવા, (પૃ. ૨૪૫ નો ૫ જુઓ) અને ગર્ભના રક્ષણ માટે વિષ્ણુબલિ આપવો; અપવાદરૂપ (વિષ્ણુબલિ ન અપાય તો) ચાલે.

૧૭. પુત્રનો જન્મ થાય એટલે પિતાએ સચૈલ સ્નાન કરવું અને ગૃહ્યોક્ત વિધિપ્રમાણે જાતકર્મ સંસ્કાર કરવા; અહીં અગ્નિમાં હોમ કરવો અથવા ન કરો[1] (તો પણ વાંધો નથી)

૧૮. (પુત્રજન્મમાં) બધી (ચારે) વર્ણને **દસ** દિવસ વૃદ્ધિસૂતક હોય છે, (અન્ય મત પ્રમાણે) ક્ષત્રિય વગેરે (વૈશ્ય અને શૂદ્ર)ને ક્રમ પ્રમાણે બાર દિવસ, પંદર દિવસ અને **એક** માસનું સૂતક (પાળવાનું) હોય છે.

૧૯. થી ૨૦.(સંબંધીનું) મૃત્યુ થાય તો પણ એ જ રીતે (પાળવું) સોદકના મૃત્યુમાં **ત્રણ દિવસનું** અશૌચ અને એક જ ગોત્રના સંબંધમાં મૃત્યુ **કેવળ સ્નાન** (કરવું),[2] ત્રિબન્ધુ વગેરે[3] સંનિધિ મૃત્યુ હોય તો ત્રણ રાત્રિનું સૂતક સંનિધિ ન હોય તો દોઢ દિવસનું સૂતક પાળવું. (મૃત્યુના દસ દિવસ પસાર થાય તે પછી જાણવા મળે તો સૂતક પાળવાનું નથી. (સૂતકના) **દસ** દિવસ વીતી ગયા પછી **ત્રણ** દિવસ, (ત્રણ માસ) પછી છ મહિના સુધીમાં જાણતાં **દોઢ** દિવસ (પછી **નવ** માસ સુધીમાં જાણતાં **એક** દિવસ પાળવું, એક વર્ષે (જાણતાં) કેવળ **સ્નાન** કરવું; મા-બાપ (ના મૃત્યુમાં) તેમજ પુત્રના મૃત્યુમાં પતિ (તેમજ પત્નીના મૃત્યુમાં (પરસ્પર-પતિ મૃત્યુ પામે તો પત્નીએ, પત્નીના મૃત્યુમાં પતિએ) (દસ દિવસ વીત્યા પછી પણ જાણવા મળે તો પણ) દસ દિવસનું (સૂતક)[4], લાગે. અગ્નિદાહથી આરંભી દસ દિવસનું (સૂતક પાળવું), (અન્યની બાબત) ત્રણ દિવસનું (સૂતક પાળવું); અગ્નિદાહ કર્યો હોય, અસ્થિવિસર્જન કર્યું હોય કે સૂતક હોય તેને માટે અભ્યુત્થાન, અભિવાદન, દાન આપવું, પૂજનકર્મ કરવું, યજ્ઞકર્મ કરવું આ બધું વર્જ્ય છે; તેમજ (જન્મતા બરાબર બાળક) મૃત્યુ પામે તો અસ્પૃશ્યતા પાળવી.

૨૨. (સૂતક હોય તે દિવસોમાં) અર્ઘ્યપ્રદાન સુધીની **માનસી** સંધ્યા કરવી; (જનનાશૌચમાં) જન્મથી છઠ્ઠા દિવસે ષષ્ઠી પૂજા[5] કરવી ઈચ્છનીય છે. અહીં (જનનાશૌચમાં) **પ્રથમ**, પાંચમા - છઠ્ઠા કે દસમા દિવસે) દક્ષિણા આપવામાં દોષ નથી. (મરણાશૌચમાં આપનાર-લેનાર બંનેને દોષ લાગે છે).

૨૩. (બાળકના) જન્મથી આરંભી **બારમા**, **સોળમા**, **વીસમા** અને બત્રીસમાં દિવસે અનુક્રમે (બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્રે) **નામકર્મ** સંસ્કાર કરવા અને પોતાના ગૃહ-કુળ-આચાર પ્રમાણે હોમ પણ કરવો.

૨૪. (બાળક) **પુરુષ** જાતિનું હોય તો બેકી અક્ષરવાળું અને સ્ત્રીજાતિનું હોય તો એકી અક્ષરવાળું નામ (પાડવું); ઘણા જોડાક્ષરવાળું, અર્થ વિનાનું, (મધુર) સ્વર ન ઉદ્ભવે એવું નામ નિષ્ફળ ગણાય.

૨૫. મા-બાપે (બાળકનું) **નાક્ષત્રનામ**[6] ઉપનયન સંસ્કાર થતાં સુધી **ગુપ્ત** રાખવું[7], પુત્રજન્મમાં એક માસે અને પુત્રી જન્મમાં ચાલીસ દિવસે શુદ્ધિ થાય છે.

૨૬. (જન્મેલા) બાળકને એકત્રીસમા દિવસે કે તે પહેલાં શંખથી દૂધ પીવરાવવું; (બાળકને) ચોથા મહિને ઘરની બહાર લઈ જવો અને પાંચમા મહિને જમીન પર બેસાડવો.

૨૭. પુરુષજાતિના બાળકને છઠ્ઠા મહિને, કોઈ **બેકી** મહિને અને સ્ત્રીજાતિના બાળકને એક મહિને **અન્નપ્રાશન** કરાવવું; અહીં પાંચમા મહિનાથી આરંભી વર્ષ સુધીમાં ગમે તે સમયે પોતાના ગૃહ્યકર્મ અનુસાર હોમ કરવો.

---

૧. પૂ. ટૅબે સ્વામી ટીકામાં જણાવે છેઃ क्वचित्सूत्रे होमो नोक्तः । तत्र वृद्धिश्राद्धात्पूर्वं सर्पिर्मधुहिरण्यनिकाषप्राशनादिरूप एवं संस्कारः ।

૨. પૂ. સ્વામિ મહારાજ ટીકામાં જણાવે છેઃ સાત પેઢી સુધી **દશ** દિવસ, ચૌદ પેઢી સુધી ત્રણ દિવસ અને એકવીસ પેઢી સુધી **એક** દિવસનું સૂતક પાળવું. પછી આગળની પેઢીના માણસોએ કેવળ સ્નાન કરવું (ભલે એક જ ગોત્ર હોય).

૩. સસરા, મતામહ, બેન, બનેવી, ફોઈ, માસી, પુત્રી વગેરેનું.

૪. પૂ. સ્વામી મહારાજ ટીકામાં લખે છેઃ सुतिकावर्जं जन्मनि अशपृश्यता नैव । બાળકના જન્મમાં સુવાવડી સ્ત્રી સિવાય અન્યને માટે **અશ્પૃશ્યતા** નથી. પણ मृतके सर्वे षाम अस्पृश्यता । બાળક મરણ પામે તો બધાને અસ્પૃશ્યતા.

૫. રાત્રે પાટલા પર કંકુ, ફૂલ, કાગળ, ફલ અને નૈવેદ્ય (પુરી) મુકવું - ષષ્ઠી દેવી લેખ લખશે તેવી ભાવના કરવી.

૬. જન્મ રાશિ (ચંદ્રરાશિ) અને જન્મ-નક્ષત્ર પરથી (નામકર્મ સંસ્કાર વેળા) પાડેલું નામ.

૭. પસંદગીનું બીજું હુલામણું નામ હોય એ નામથી બાળકને બોલાવવો.

૨૮. ગર્ભાધાનથી માંડી અન્નપ્રાશન સુધીના (સંસ્કારો)માં જો એ પોતપોતાના નક્કી થયેલા સમયે થાય તો ગુરુ-શુક્રના અસ્ત વગેરેથી ઉદ્‌ભવતો દોષ લાગતો નથી, પરંતુ તે નક્કી કરેલ સમય વીતી જાય તો દોષ લાગે છે[1] એવું સ્મૃતિવચન છે.

૨૯. ત્રીજા વર્ષે અથવા ઉપનયન સંસ્કારની સાથે ચૌલ (સંસ્કાર) કરવો. પાંચ વર્ષની અંદર જો (બાળકની) માતા (ફરીથી) ગર્ભવતી બને તો (ચૌલ સંસ્કાર) ન કરવો.

૩૦. ગર્ભાધાનથી માંડી ચૌલ સુધીના સંસ્કારનો સંકટને કારણે નિશ્ચિત કાળ વીતી જાય તો પહેલાં (ચૌલ સિવાયમાં) ચોથા ભાગનું કૃચ્છ્રવ્રત કરવું, ચૌલમાં અડધું (કૃચ્છ્ર) વ્રત અને સંકટ વિના સમય વીતે તો બધામાં બેગણુ (વ્રત) કરવું.[2]

૩૧. પ્રાયશ્ચિત કર્યા બાદ વ્યતીત થયેલ (ન થયેલ) સંસ્કાર કરવા (એવો એક મત છે); (પ્રાયશ્ચિત તો કરવાનું પણ પછી પણ) સંસ્કાર ન થાય એમ અન્ય (મત) છે. સ્ત્રીઓનું પણ લગ્ન પહેલાં ચૂડાકર્મ કરવું પડે.

૩૨. આ પ્રમાણે સંસ્કારસંપન્ન બની, ઉપનયન સંસ્કાર મેળવી સદ્‌બુદ્ધિવાળા (બ્રહ્મચારી)એ શક્તિ પ્રમાણે વેદોનો અભ્યાસ કરી, જો કામેચ્છા તૃપ્ત કરવા માગે તો (પોતાને) અનુરૂપ પત્ની સાથે લગ્ન કરી ગૃહસ્થાશ્રમી બનવું.

૩૩. (ગૃહસ્થાશ્રમના) નિત્યકર્મોમાં પરાયણ રહી, પુત્રને જન્મ આપી, (એ મોટો થતાં) એને ગૃહભાર સોંપી દઈ, જો (સંસારની) આસક્તિમાંથી છૂટ્યો ન હોય (હજુ રાગી જ રહ્યો હોય) તો પોતાની પત્ની સાથે વાનપ્રસ્થ બનવું (વનમાં જઈ, વાનપ્રસ્થધર્મ પાળવો).

૩૪. ૩૫. તેણે (વાનપ્રસ્થીએ) હંમેશાં દિવસમાં ત્રણે સમય સ્નાન કરવું, દાઢી, જટા વધારવાં, જમીન પર સુવું, બ્રહ્મચર્ય પાળી અને નિત્ય-નૈમિત્તિક હોમ કરવો, ગામડામાં જઈ ભિક્ષા માગી ખાવું નહીં, ખેતીનું અન્ન જમવું નહીં, (પરંતુ) કંદમૂળ કે ફળ ખાવાં અને તે પણ સોળ કોળિયા જેટલું (જમવું), રાત્રે કદાપિ (જમવું) નહીં.

૩૬. પ્રસંગોપાત્ (नित्यः= दीपावल्यादौ) જંગલી તેલથી અભ્યંગ સ્નાન કરી શકાય, દરરોજ નહીં; જિતેન્દ્રિય રહી પત્ની સાથે પણ એક દંડ જેટલું અંતર રાખી વ્યવહાર કરવો.

૩૭. [3]યમ અને નિયમથી સંપન્ન બની, યોગપરાયણ થઈ, આંતરિક શત્રુઓને જીતી, શીત-ઉષ્ણ-વાત વગેરે દ્વન્દ્વોને સહન કરવાં.

૩૮.૩૯.૪૦.સદા વેદાન્તના અભ્યાસમાં રત બની, ઈન્દ્રિયો પર કાબૂ મેળવી, શાંત અને દાન્ત બની દ્વન્દ્વો પાર કરી, અહંકારરહિત થઈ, મમતાનો ત્યાગ કરી, (ચાર) સાધનથી સંપન્ન બની, દૈવીસંપત્તિથી સમન્વિત બની, બધે એક સરખી દૃષ્ટિ કેળવી[4], પવિત્ર અને સન્મતિવાળા બ્રાહ્મણે જે સમયે વૈરાગ્ય પેદા થાય તે જ સમયે ચાલ્યા જવું. જ્યારે બધી વસ્તુઓ પ્રત્યે અંતઃકરણથી દૃઢ વૈરાગ્ય જન્મે ત્યારે વિદ્વાને સંન્યાસ ગ્રહણ કરવો, નહીં તો એનું પતન થાય છે.

૪૧. જો કદાચ પાપના પ્રતિબંધને લીધે વૈરાગ્ય ઉત્પન્ન જ ન થાય તો વાનપ્રસ્થીએ આંતરિક શુદ્ધિ માટે કૃચ્છ્ર પ્રમુખ (પ્રાયશ્ચિત માટેના) વ્રત કરવાં.

૪૨. બાર દિવસની સમયમર્યાદાવાળું કૃચ્છ્રવ્રત કાયકૃચ્છ્ર અર્થાત્ પ્રાજાપત્ય વ્રત પહેલાં (આગળના ભાગમાં) કહેવાયું છે; જ્યારે દરરોજ આઠ જ કોળિયા ખાવાના (નિયમ) રાખે તો તે યતિચાન્દ્રાયણ વ્રત મનાય છે.

---

૧. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે ગુરુ-શુક્રના અસ્તમાં, બાળભાવ કે વૃદ્ધભાવમાં (ગ્રહ ૧૦ થી ઓછો હોય તો બાળક, ૨૦૦ થી ઉપર હોય તો વૃદ્ધ ગણાય) વગેરે મુહૂર્ત દોષ તેમજ, દેવશયની એકાદશી જે કે ક્ષય તિથિ, વૃદ્ધિ તિથિ કે વ્યતીપાત જેવા યોગો હોય તો પણ નિર્ણીત કરેલા સમયમાં આવા અશુભ મુહૂર્તમાં પણ સંસ્કાર થઈ શકે; નિર્ણીત સમય પસાર થઈ જાય તો શુભ મુહૂર્ત જ લેવું પડે.

૨. પૂ. સ્વામી મહારાજ ટીકામાં લખે છેઃ આ ઉપરાંત વ્યાહૃતિ હોમ પણ કરવો.

૩. साधनचतुष्टय- (अ) नित्य - अनित्य - वस्तु - विवेक, (क) शम-दम आदिसाधनसंपत्, (च) इह-अमुत्र-फल भोग विराग, (ड) मुमुक्षुत्व

૪. विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि । शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः ॥ ભ.ગી.પૃ.૧૮

૪૩. અથવા એક મહિનાના **બસો ચાલીસ** કોળિયા (અન્ન) જમે જેમાં દિવસ-રાત્રિના (ચાર-ચાર) મળી આઠ કોળિયા જમે તો તે **શિશુચાન્દ્રાયણ** વ્રત કહેવાય.

૪૪. (મહિનાના) સુદી પડવાથી આરંભી (પૂર્ણિમા સુધી) દરરોજ એક-એક કોળિયો વધારે અને કૃષ્ણપક્ષમાં (પડવાથી માંડી) એક-એક ઘટાડે[1] તો એ (કૃચ્છ્ર) **યવમધ્યક** કહેવાય છે. (આમાં જવ ખાવાના હોય છે).

૪૫. એ જ રીતે (કોઈ પણ માસની) પૂર્ણિમાથી આરંભી (બીજા માસની) પૂર્ણિમા સુધીનું (આચરાતું) વ્રત **પિપીલિકામધ્ય** તરીકે ઓળખાય છે, જેમાં હવ્ય (જવ, દહીં, ઘીમાંથી કોઈ એક)નો ગ્રાસ જમવો અને તે (ગ્રાસ) લીલા આમળાના વજનનો લેવો.

૪૬.૪૭. (હવે) જો એના બદલે કૂકડાના ઈંડા જેવડું (મોંઢામાં ખાઈ શકાય) કે મોરના ઈંડા જેવડું દર્ભસહિત પાણી અને પંચગવ્યનું એક દિવસ પ્રાશન કરે (અન્ય કશું જમે નહીં) અને બીજે દિવસે (નકોરડો) ઉપવાસ કરે તો આ **સાંતપન** નામનું કૃચ્છ્ર (વ્રત) કહેવાય છે; જ્યારે સાત દિવસ સુધી ભિન્ન ભિન્ન દ્રવ્ય ખાવાથી[2] **અતિસાંતપન** વ્રત ગણાય.

૪૮. જો (આખો દિવસ) ઉપવાસ કરી માગ્યા વિનાનું અન્ન કેવળ રાત્રે જમે તો એ **પાદકૃચ્છ્ર** કહેવાય, જ્યારે (બીલી પીપળો, કમળનાં પાન અને દર્ભ) પાણીમાં નાખી પછી ઊંચકી લઈ તેમાંથી ગળતા પવિત્ર પાંદડાનું પાણી પીવાથી **પર્ણકૃચ્છ્ર** વ્રત કરાય છે.

૪૯. બાર દિવસ સુધી ઉપવાસ કરી કેવળ દૂધ પીવાથી **પરાક** નામનું (કૃચ્છ્ર) વ્રત અને એકવીસ દિવસ સુધી આ જ પ્રમાણે **કૃચ્છ્રાતિકૃચ્છ્ર** વ્રત કરાય છે જે મનુષ્યોને પાવન કરનારું છે.

૫૦. માણસે નારાયણ પરાયણ બની ભક્તિભાવપૂર્વક વ્રત કરવું; તેનાથી પાપરહિત બની રજ વિનાનો બની મનુષ્ય **પોતાનામાં પોતાને (આત્માને) જુએ છે, પ્રત્યક્ષ કરે છે.**

---

૧. સુદના પખવાડિયામાં પડવે એક, બીજના દિને બે, એમ પૂર્ણિમાએ પંદર કોળિયા, પછી વદમાં પડવાએ ૧૪, બીજે ૧૩ એમ ઘટાડવા (અમાસે ઉપવાસ - કશું જમવું નહીં).

૨. પ્રથમ દિને ગોમૂત્ર, બીજે દિવસે ગોમય, ત્રીજે, ગોદુગ્ધ, ચોથે ગોદધિ, પાંચમે ગોઘૃત, છઠ્ઠે કુશોદક અને સાતમે દિવસે ઉપવાસ.

# આઠમા અષ્ટકનો આઠમો અધ્યાય
# પ્રલય-યુગમાન અને સંન્યાસપદ્ધતિનું વર્ણન

૧. પોતાના કર્મથી બન્ને પ્રેરાતા જે દુષ્ટબુદ્ધિવાળા ચિત્-સ્વરૂપ એવા તને -પરમાત્માને જોતા નથી, તેઓ પોતાની સામે જ પ્રલય પામે છે.

૨. પ્રલય પાંચ પ્રકારનો છે; એમાં પહેલો (પ્રલય) નિદ્રા (રૂપે) છે, જે દૈનંદિન નામનો છે, જેમાં ઈન્દ્રિયો ઉપરામ પામે છે અને સ્થૂલ અને સૂક્ષ્મ બંને પ્રપંચનો[1] લય થાય છે.

૩. કાળના પ્રવાહમાં (આત્મ સંબંધી) (પંચમહા) ભૂતોની ઉત્પત્તિ અને નાશ અગ્નિની જ્વાળાની જેમ નિત્ય હોવા છતાં દેખાતાં નથી;[2] અજ્ઞાની પુરુષ તો મૃત્યુ ને જ **નાશ** માને છે, જે વાસ્તવમાં પ્રારબ્ધ ભોગવવાનું હોય ત્યાં સુધી થતો જ નથી.

૪. હવે પ્રારબ્ધના અંતે જ્યારે મૃત્યુ (રૂપી નાશ) થાય ત્યારે પુણ્યકર્મથી ઊર્ધ્વ લોક, પાપકર્મથી અધોલોક અને બંને (પુણ્ય કે પાપ) હોય તો મનુષ્યલોક[3] અથવા લિંગદેહ મળે છે; આ **બીજો** લય (પ્રલય) છે.

૫. જેના (દેહના) નિમિત્તે[4], અહંકારનું અધિષ્ઠાન એવા દેહની અત્યંત વિસ્મૃતિ[5] (અર્થાત્ મૃત્યુ) રૂપ અનર્થ થાય છે, તે (ઉપર્યુકત બીજો) લય (પ્રલય) નિત્ય નામે ઓળખાય છે.

૬. બ્રહ્માના દિવસના અંતે[6] ત્રણે લોકનો પ્રલય થાય છે; તે (પ્રલય) (ત્રીજો) નૈમિત્તિક નામે (ઓળખાય) છે; અહીં વાસનાઓ સહિત જીવોને હરી લઈ, બ્રહ્મા શયન કરે છે.

૭. બે પરાર્ધ (ની સંખ્યામાં) વર્ષ પૂરાં થતાં (બ્રહ્માના સો વર્ષ પૂરાં થાય ત્યારે), ચોથો પ્રાકૃતિક (પ્રલય) થાય છે; એ વખતે સાત પ્રકૃતિઓનો પ્રલય થાય છે.

૮. થી ૧૨. આ પ્રલય સો વર્ષનો હોય છે, ત્યારે વૃષ્ટિ થતી નથી. લોકો એક બીજાનું ભક્ષણ કરે છે, સૂર્ય બધા રસ પી જાય છે, (રસ-શોષણ કરે છે) અને અગ્નિ બધું બાળી નાખે છે; પછી (પ્રલયકાલીન) સાંવર્તક નામે વૃષ્ટિ થાય છે, જેનાથી આખું વિશ્વ કેવળ **જળમય** બની જાય છે; **પૃથ્વીની ગંધને પાણી** ગળી જાય છે, પૃથ્વીનો લય થાય છે; અગ્નિ પાણીના **રસને** ગળી જાય છે અને (એ રીતે) તેનો (પાણીનો) લય થાય છે; હવે આ વાયુ અગ્નિ (તેજ)ના **રૂપને** ગળી જાય છે (અને) અગ્નિનો લય થાય છે; (વાયુના) **સ્પર્શને આકાશ** ગળી જાય છે તે રીતે વાયુનો લય થાય છે; **અહંકાર** (આકાશના) **શબ્દને** ગળી જાય છે, હવે આકાશનો લય થાય છે, **મહત્તત્ત્વ અહંકારને** ગળી જાય છે, તેને (મહત્તત્ત્વને) **ગુણો** (સત્ત્વ, રજસ્, તમસ્), તેમને (ગુણોને) **કાળથી** પ્રેરાયેલ અને અવશ એવી પ્રકૃતિ ગ્રસે છે.

---

૧. સ્થૂલ પ્રપંચની અનુભૂતિ જાગ્રત અવસ્થામાં, સૂક્ષ્મ પ્રપંચની અનુભૂતિ સ્વપ્ન અવસ્થામાં, નિદ્રામાં બંનેનો લય.

૨. પ્રતિક્ષણ શરીરના તેમજ વિશ્વના પંચ મહાભૂતોની ઉત્પત્તિ, તથા નાશ થયા કરે છે, પરંતુ તે સૂક્ષ્મ હોવાથી નજરે પડતાં નથી.

૩. पुण्येन पुण्यं लोकं नयति पापेन पापं-उभाभ्यामेव मनुष्यलोकम् ।

૪. દેહને જન્મ-મરણ છે, નહીં કે આત્માને.

૫. मरणं नाम देहस्य अत्यन्तविस्मृतिः ।

૬. બ્રહ્માનો એક દિવસ = એક હજાર ચતુર્યુગી (ચાર યુગ) મળી.

૧૨ (૩.૪) થી ૧૩. પણ (પંચ)મહાભૂતો તથા (તેમાંથી ઉત્પન્ન ભૌતિક (પદાર્થો)ની સૃષ્ટિને જે સ્પર્શ કરતો નથી, જે અવ્યક્ત છે, જે ત્રણ ગુણવિનાનો છે, જે અદ્રય છે, જેનામાં (જે આત્મામાં) આ (જગત) રજ્જુ (દોરડી)માં સર્પ ની જેમ (સત્ય ન હોવા છતાં) સત્ય હોય એમ ભાસે છે એવા સત્ સ્વરૂપ વિકાર (પરિવર્તન) વિનાના અને સાક્ષીસ્વરૂપ એનો (આત્માનો) પ્રલય કયાંથી સંભવે ?

૧૪. જેમણે મન પર વિજય મેળવ્યો નથી એવાઓને (જીવોને) આ ચાર પ્રલયોમાં પણ એ (આત્મા) પ્રાપ્ત થતો નથી (જીવ-બ્રહ્મ-ઐક્ય અનુભવાતું નથી), તેથી આ પરતંત્ર જીવ તો કાયમ જન્મે છે અને મરે છે.

૧૫. પ્રલયસમયે પણ સાધનના અભાવને લીધે એ (આત્મા-બ્રહ્મ) પાસે હોવા છતાં જીવાત્માને (આ બ્રહ્મ છે) એનો બોધ થતો નથી. અને પરાધીન હોઈ વાસનાઓને કારણે પુનર્જન્મ વગેરે દુઃખોને ભોગવે છે.

૧૬. આ આત્મા (બ્રહ્મ)[૩] બુદ્ધિ, ઈન્દ્રિયો, મન, અહંકાર વગેરેથી વિલક્ષણ (જુદાં લક્ષણવાળો) છે એવું જો નિઃશંક. પણે[૪] એ જાણે છે ત્યારેએ સાધક મુક્તિ અનુભવે છે.

૧૭. એ વખતે કાર્યસહિત હોવા છતાં (પુનઃજન્મનું) કારણ બનનારી અવિદ્યા પણ પ્રલય પામે છે, (અને તેથી પુનર્જન્માદિ થતા બંધ થઈ જાય છે), આ આત્યન્તિક નામે (જેનું કોઈ ઉપમાન નથી એવો) અનુત્તમ એવો પાંચમો પ્રલય ગણાય છે.

૧૮. જેમ આકાશ (મહાકાશ)માં આકાશ[૫] ઘટાકાશ (અભેદથી) વિલીન થાય તથા સમુદ્રમાં નદીઓ (વિલીન થાય). તેવી રીતે મુક્ત થયેલ (ब्रह्मात्म्यैक्य विज्ञान-વાળો) જ્ઞાની નામ-રૂપથી પણ મુક્ત થઈ, નામરૂપનો ત્યાગ કરી, અભેદથી આત્મા (ब्रह्म)માં વિલીન થાય છે; બીજી રીતે નહીં.[૬]

૧૯. માટે બધા અનર્થોની શાંતિ માટે, આત્મજ્ઞાન મેળવવા વેદ-આદિષ્ટ વિધિ વિધાન પ્રમાણેનો ઉદ્યોગ (ઉપાય) બધા જ પ્રયત્નથી હંમેશાં કરવો.

૨૦. સત્તર લાખ, અઠ્ઠાવીસ હજાર વર્ષના પરિમાણવાળા સત્ય-યુગમાં એક લાખ વર્ષ જીવનાર મનુષ્યો (પરમાત્માના) ધ્યાનથી મુક્તિ મેળવતા હતા; તે યુગમાં ધર્મ ચાર પગવાળો હોય છે.

૨૧. બાર લાખ છન્નુહજાર વર્ષના પરિમાણ-વાળા ત્રેતા-યુગમાં ધર્મ ત્રણ પગવાળો હોય છે, અને દસ હજાર વર્ષના આયુષ્યવાળા માણસો યજ્ઞો વડે ઈશ્વરનું યજન કરી મુક્તિ મેળવે છે.

૨૨. આઠ લાખ ચોસઠ હજાર વર્ષના માપવાળા પર યુગમાં ધર્મ બે પગવાળો હોય છે; એક હજારવર્ષની આયુ-મર્યાદાવાળા મનુષ્યોનો ઈશ્વરની ઉપાસનાથી ઉદ્ધાર થાય છે.

૨૩. ચાર લાખ બત્રીસ હજાર વર્ષના પરિમાણવાળા કલિયુગમાં સો વર્ષના આયુષ્યની મર્યાદાવાળા બધા માણસો ધર્મભ્રષ્ટ થયેલા અને જનનેન્દ્રિય અને પેટ (ભોજન) તૃપ્તિના રાગવાળા બને છે.

૨૪. (કલિયુગમાં) બ્રહ્મચારીઓ વ્રત (બ્રહ્મચર્ય વ્રત) વિનાના બનશે; સંન્યાસીઓ પવિત્રતા વિનાના અને કુટુંબવાળા હશે (એવા બનશે), વાનપ્રસ્થીઓ કામવાસના અને વિષય લંપટ તથા ગૃહસ્થીઓ આચાર ન પાળનારા બનશે.

---

૧. અંધારામાં (જમીન પર વાંકી-ચૂકી પડેલી) દોરડી સાપ હોય એમ લાગે છે, જ્યારે એના પર પ્રકાશ પડે ત્યારે સર્પની ભ્રાન્તિ દૂર થાય છે અને દોરડીનું સાચું સ્વરૂપ જાણવા મળે છે. તેમ જગત સત્ય નથી, (મિથ્યા છે) પણ તેવું ભાસે છે.

૨. अयमात्मा ब्रह्म - આ આત્મા (જીવાત્મા) બ્રહ્મ છે, तत्-त्वम्-असि, - વગેરે જ્ઞાન થતું નથી.

૩. બુદ્ધિ આત્મા નથી, મન આત્મા નથી વગેરે.

૪. संशयादिभावनारहितम् ।

૫. બ્રહ્મમાં જીવાત્માના આત્યન્તિક લય માટે બે દૃષ્ટાન્ત (૧) આકાશનું દૃષ્ટાન્ત ત્યાગ માટે, આકાશ પોતાનું રૂપ છોડી મહાકાશમાં લય પામે છે, (૨) નદી-સમુદ્રનું દૃષ્ટાન્ત નામના ત્યાગ માટે. (નર્મદા) નદી પોતાના (નર્મદા) નામનો ત્યાગ કરી સમુદ્રમાં લય પામે છે.

૬. आत्मा वारे श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यश्च ।

૨૫. (કલિયુગમાં) માણસો ટૂંકા બાંધાના (દેહવાળા), ખૂબ આહાર કરનારા, મંદ ભાગ્યવાળા, લજ્જા વિનાના, સ્ત્રી લંપટ, ઘણાં સંતાનવાળા, મૂઢમતિના (અને) સગાં-મિત્રોનો ત્યાગ કરનારા થશે.

૨૬. સ્ત્રીઓ પતિની અવજ્ઞા કરનારી થશે, પુત્રો પિતાનો દ્રોહ કરશે, નોકર-ચાકરો સ્વામીનો ત્યાગ કરનારા (અને) શિષ્યો મોટે ભાગે ગુરુને છેતરનાર બનશે.

૨૭.૨૮. રાજાઓ મોટે ભાગે યવન જેવા થઈ ધનની બાબતમાં પ્રજાનું ભક્ષણ કરશે, દુષ્ટ બ્રાહ્મણો કોડી માટે પણ વેદને વેચનારા થશે, પ્રતિગ્રહ, પરાન્ન અને સ્ત્રીમાં આસક્તિ રાખનારા બની (ચાલુ) (અને તેથી) સિદ્ધિ[1] વિનાના બની જશે. શેઠિયાઓ (વેપારી) હલકી વૃત્તિ (વેપાર) કરનારા અને હલકા લોકો શેઠિયાઓ (વૈશ્યો) નો ધંધો કરતા બનશે.

૨૯. યજ્ઞ-યાગ વગરના એ સમયમાં પૃથ્વી પર વૃષ્ટિ અને ફસલ ક્વચિત્ ક્વચિત્ જોવા મળશે (બંનેનું પ્રમાણ ઘટશે). માણસો સોળમાં વર્ષે (પ્રાયઃ) વૃદ્ધ બની જશે અને સ્ત્રીઓ દસમા વર્ષે બાળકને જન્મ આપશે.

૩૦. થી ૩૨. રાજાઓ લગભગ ચોર જેવા બનતાં, ધર્મ પાખંડપ્રચુર થતાં, ત્રણ વર્ણ (ના જનો) લગભગ શૂદ્ર સરખા બનતાં, ગાયો બકરાં જેવી બનતાં, આશ્રમો (ગૃહસ્થાશ્રમીના) ઘર જેવા થતાં, મકાન લગભગ ભેંકાર બનતાં, વનસ્પતિ લગભગ અણુ જેવી (નષ્ટ પ્રાય) અને વૃક્ષો શમીવૃક્ષ જેવાં (ફળ-ફૂલ વિનાના ઉજ્જડ) બનતાં, ધર્મનું રક્ષણ કરવા માટે કલ્કિ નામે વિષ્ણુનો અંશ કર્ણાટક (પ્રદેશ)માં અવતરી અશ્વ પર આરૂઢ થઈ, મ્લેચ્છોનો સંહાર કરી (ધર્મની) સ્થાપના કરશે.

૩૩. તે સમયે અહીં (ભૂતલ પર) કલાપ નામે ગામમાં યોગમાર્ગનું અનુસરણ કરનારા ચંદ્રવંશના **દેવાપિ** અને સૂર્યવંશના **મરુ** નામના રાજાઓ પણ થશે.

૩૪. ત્યારે (કલ્કિ અવતાર થતાં) ધર્મ પણ પહેલાંની જેમ ચાર પગવાળો બનશે, (ચાર) વર્ણ અને (ચાર) આશ્રમની પણ વ્યવસ્થા થશે અને ઉત્તમપ્રકારની વૃષ્ટિ અને ધાન્યની વૃદ્ધિ **થશે.**

૩૫. આવું હોવા છતાં કાલિયુગમાં એક (મનુષ્યનો) પરમ ઉદ્ધાર કરનારું સુખકર સાધન છે (અને તે) - **શ્રીદત્ત** (ભગવાન)નું સ્મરણ, જે માણસોનું પરમ શ્રેય કરનારું છે.

૩૬. માટે બ્રાહ્મણે બધાનો સંન્યાસ કરી (જ્ઞાનપૂર્વક ત્યાગ કરી) ભક્તિભાવપૂર્વક શ્રીદત્ત ભગવાનનું સ્મરણ કરવું; [2]એની કૃપાથી વિશુદ્ધ ચિત્તવાળા બની મોક્ષપ્રાપ્તિ કરશે.

૩૭. જાણી બૂઝીને કે અજાણતાં કરેલા પાપનું (ધર્મવિધિ પ્રમાણે) પ્રાયશ્ચિત્ત કરી (એ શક્ય ન હોય તો ચાર કૃચ્છ્ર કરી) મમતાવિનાનો અને જિતેન્દ્રિય બની, [3]આઠ શ્રાદ્ધ કરી વિરજા-હોમ કરવો.

૩૮.૩૯. પોતાનામાં (ત્રણે) અગ્નિનો સમારોપ કરી, દેવી (ગાયત્રી) પ્રવેશ કરી, ઈષણાઓનો અને સંબંધોનો ત્યાગ કરી, (प्राणिनः सन्तु निर्भयाः એ રીતે) બધાંને અભય આપી, (आपो वै सर्वाः મંત્રથી) શિખા તોડી અને યજ્ઞો-

---

૧. બ્રાહ્મણ આચારશુદ્ધિથી સિદ્ધિ સંપન્ન બને છે; જેનાં અનેક ઉદાહરણ કૃતયુગથી માંડી દ્વાપરયુગ સુધીના બ્રાહ્મણોનાં પ્રાપ્ત થાય છે. કલિયુગનો બ્રાહ્મણ કેવળ શિખા (એ પણ રહેશે નહીં) સૂત્રથી જ કહેવાતો બ્રાહ્મણ હશે, તેથી સિદ્ધિની તો વાત જ ક્યાં રહી ?

૨. આ શ્લોકથી સંન્યાસ ધર્મ નિરૂપણ શરૂ થાય છે પૂ.સ્વામી મહારાજે ટીકામાં કહ્યું છેઃ એક મત પ્રમાણે ક્રમ સંન્યાસ અથવા દરેક આશ્રમનું પાલન કરી અંતે ચતુર્થ આશ્રમ સ્વીકારવો; અન્ય મત પ્રમાણે यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत । બ્રહ્મચારી, ગૃહસ્થ, વની, વ્રતી, અવ્રતી, સ્નાતક, અસ્નાતક, ઉત્સન્નાગ્નિ, અનગ્નિક, કોઈ પણ સીધા સંન્યાસી થઈ શકે. આતુર (મોક્ષેચ્છાવાળો) સંન્યાસી બને તો કોઈ વિધિ કરવાની જરૂર નથી હોતી; કેવળ પ્રૈષોચ્ચારથી સંન્યસ્ત લેવાય.

૩. દેવ, ઋષિ, દિવ્ય, મનુષ્ય, ભૂત, પિતૃ, માતૃ અને આત્મા એ આઠ.

પવીતને જલમાં હોમી જન્મ સમયે જેવું હતું તેવું (નગ્ન) રૂપ ધારણ કરી[1] પ્રાર્થના કરી.

૪૦. થી ૪૨. (એક હાથમાં) કમંડલુ ધારણ કરી (જમણા) હાથમાં સમિધ રાખી, બ્રહ્મનિષ્ઠ, શ્રોત્રિય ગુરુની પાસે જઈ, ભક્તિભાવપૂર્વક પરમાત્મા અને એમના (ગુરુ)માં અભેદ માની, પ્રણામ કરવા અને (એમની) સેવા કરી, પ્રસન્ન કરી, (પોતાના) સંપ્રદાય પ્રમાણે (સંન્યાસાશ્રમના) આચારને જાણી લઈ, દણ્ડ ધારણ કરી, (ગૃહસ્થના હાથે માટી અને જલથી) ઉત્તમ રીતે ઉત્સંગની શુદ્ધિ કરાવી, ગુરુએ ઉપદેશેલા **આત્મસ્વરૂપનું** સ્મરણ કરવું.

૪૩. સ્નાન, (ગૃહસ્થ કરતાં ચારગણું) શૌચ, દેવ (ઈષ્ટદેવ)ની પૂજા (માનસપૂજા પણ થાય), ધ્યાન, (દિવસમાં એકવાર) ભિક્ષા માગવા વિચરવું, જપ (૧૨૦૦૦ પ્રણવજપ) - સંન્યાસીએ આ કાર્યો રાજા તરફથી શિક્ષા (દંડ) જેવાં ગણી કરવાં જોઈએ.

૪૪. ૪૫. સફેદ વસ્ત્ર, પલંગ, પૈસો (ધન), સ્ત્રી વિષયક વાતો, ઈન્દ્રિયોની ચંચલતા, વસ્ત્ર, આસન કે પાત્રનો લોભ, (આ બધાંનો) સંચય કરવો, (સેવા માટે) શિષ્યોની જમાવટ કરવી, દિવસે ઊંઘવું, [2](અન્ય સાથે) મિથ્યા વિવાદ કરવો, વાહનમાં અથવા પ્રયોજન વિના મુસાફરી કરવી) સંન્યાસીને (આ) બંધન (પતન) કરનારું છે; જે કંઈ બંધન ઊભું કરે તેવું અધ્યયન ન કરવું, તેવું બોલવું નહીં કે તેવું સાંભળવું પણ નહીં.

૪૬. યતિએ નાના ગામમાં એક રાત્રિ રહેવું, મોટા કસબામાં ત્રણ રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ રહેવું અને વર્ષમાં એક ચાતુર્માસ (કોઈ એક નગરમાં) રહેવું.

૪૭. કાશી નગરીમાં રહેનાર કે અશક્ત સંન્યાસીઓ માટે વિહારની આવશ્યકતા નથી, પરંતુ તેવા (સંન્યાસી)એ એક જ ઠેકાણે ન રહેતાં, ગુફામાં કે શૂન્ય જગ્યામાં વાસ કરવો.

૪૮. માટીનું, લાકડાનું કે વાંસનું એક જ ભિક્ષા-પાત્ર હંમેશાં રાખવું; તે જો ભાંગી જાય તો પાણીમાં ફેંકી દેવું.

૪૯. તે જ પ્રમાણે ઉભયમુદ્રા (બ્રહ્મમુદ્રા અને પરશુમુદ્રા)થી યુક્ત એવો સંસ્કાર આપેલો દંડ એણે (સંન્યાસીએ) ધારણ કરવો; આ દંડ (ઝાડની) છાલવાળો, વાંસનો, સફેદ, યોનિચિહ્ન વિનાનો અને સમ પર્વવાળો[3] હોવો જોઈએ.

૫૦. (આ દંડમાં) મૂળમાંથી (તળિયેથી) બે ભાગ જેટલો છોડીને (ઉપરના ભાગે) **બ્રહ્મમુદ્રા** બાંધવી અને છેલ્લા પર્વ (ગાંઠ) પર **પરશુમુદ્રા** બાંધવી; (આમાં) પોતાના સંપ્રદાયને અનુસરવું.

૫૧. દંડ ધારણ કર્યા વિના ચતુર્થાંશ ક્રોશથી આગળ જવાય નહીં અને પરશુમુદ્રા વિનાના દંડથી ગામની હદ કે નદી ઓળંગી શકાય નહીં.

૫૨. (ગૃહસ્થીના રસોઈઘરમાં) ધુમાડો ન હોય, મુસળ થતાં, અગ્નિ શાંત હોતાં અને માણસો જમી પરવાર્યાં હોય, લગભગ બપોરનો સમય હોય ત્યારે દણ્ડી[4] (સંન્યાસી)એ ભિક્ષા માંગવી. (જુઓ નો. ૧ પૃ. ૨૫૩)

૫૩. ૫૪. તત્કાલ માગ્યા વિના મળેલી (ભિક્ષા) **માધુકરી** (ગણાય), એ માધુકરી ભિક્ષા શ્રેષ્ઠ છે. કારણ એમાં કોઈ (પાપ) દોષ થતો નથી; મનમાં કોઈ વિચાર કર્યા વિના, ત્રણ, પાંચ કે સાત ઘેર સંતોષપૂર્વક ભિક્ષા માગવામાં આવે તે **માધુકર** તરીકે ઓળખાય છે.

---

૧. સંન્યાસીએ સામાન્યતઃ નગ્ન વિચરણ કરવાનો આદેશ છે, પણ જો આત્મજ્ઞાનની ઈચ્છા હોય તો આચાર્યની અનુમતિથી અઢાર આંગળ લાંબી (છત્રીસ આંગળ કટિસૂત્ર પર) કૌપીન પહેરી, સાડાપાંચ હાથ લાંબું ભગવું વસ્ત્ર ઓઢવું. આ વખતે त्राहि मां सर्वलोकेश वासुदेव सनातन । संन्यस्तं मे जगद्योने पुण्डरीकाक्ष मोक्षद ॥ युष्मच्चरणमापन्नं त्राहि मां पुरुषोत्तम ॥ મહાવાક્યો **૧૬** છે પણ તેમાંનાં મુખ્ય આ પ્રમાણે (૧) प्रज्ञानं ब्रह्म । (૨) विज्ञानमानन्दं ब्रह्म । (૩) अहं ब्रह्मास्मि । (૪) सत्यं ज्ञानमनन्तं ब्रह्म । (૫) तत्त्वमसि । (૬) एकमेवाद्वितीयं ब्रह्म । (૭) ब्रह्मैवेदं सर्वम् । (૮) सर्वं खल्विदं ब्रह्म । (૯) अयमात्मा ब्रह्म । વગેરે.

૨. विद्या दिनं प्रकाशत्वात् अविद्या रात्रिरुच्यते । विद्याभ्यासे प्रमादो यः स दिवास्वाप उच्यते ॥ (વેદાન્ત) વિદ્યા (જ્ઞાન) પ્રકાશ કરે તેથી દિવસ કહેવાય અને અવિદ્યા (મોહ-ભ્રમ) રાત્રિ કહેવાય. વિદ્યાભ્યાસમાં બેદરકારી એ **દિવાસ્વાપ** કહેવાય. (આ **દિવાસ્વાપ** નો પ્રમુખ અર્થ છે.)

૩. षट्पर्वा सुदर्शनः । अष्टपर्वा नारायणः । दशपर्वा गोपालः। द्वादशपर्वा वासुदेवः । चतुर्दशपर्वा - अनन्तः । एवं समपर्वा न न्यूनो नाधिकश्च - સમાન ગાંઠ વાળો.

૪. પૂ. ટેંબે સ્વામીજીએ **દણ્ડી** શબ્દ સહેતુક મૂક્યો છે, એની વ્યંજના એ છે કે ભિક્ષા માગતી વેળા **દણ્ડ** હોવો જ જોઈએ, કમંડલુ ન હોય તો ચાલે (દોષ નથી) 'भिक्षाकाले दण्डमेकं नोदपात्रं कदाचन । दण्डं कमण्डलुं चैव प्रवासे धारयेदिति ॥ મુસાફરીમાં બંને હોય.

૫૫. પ્રાસ કરેલી અન્નભિક્ષાનો ચોથો ભાગ બ્રહ્મા વગેરેને સમર્પણ કરી, બાકી રહેલ ભાગ વિષ્ણુને નિવેદિત કરી તે જ (ભાગ ક્ષુધારૂપી વ્યાધિની ચિકિત્સાગણી) ઔષધ તરીકે જમવો.

૫૬. જો કોઈ યતિ કદાચ લંપટ બની એકાન્ન જમનાર બને તો તેને ચંડાલ જેવો ગણવો; તેની પાસેથી ભિક્ષાનું અન્ન ઝૂંટવી લેવું.

૫૭. ગૃહસ્થ (સંસારી) માણસે સંન્યાસીના અન્ન કે જળને માંસ અને મદિરા જેવાં ગણવાં. (વિપરીત રીતે) તે સંન્યાસીને આરંભ અને અંતમાં (પીવાના) પાણી સાથે (ભોજન માટે) અન્ન આપવું; એનું મોટું ફળ મળે છે.

૫૮. થી ૬૧. ગર્ભવતી સ્ત્રીને ઘેર (ગર્ભના) સાતમા મહિનાથી માંડી ભિક્ષાન્ન માંગવું નહીં; રજસ્વલા સ્ત્રીને (ઘેર) ત્યાં ચાર દિવસ (ભિક્ષા માગવી નહીં), તે પ્રમાણે શ્રાદ્ધને દિવસે ભિક્ષા માગવી નહીં. (જે ઘેર) પુત્રનો જન્મ થયો હોય ત્યાં એક મહિનો, પુત્રીના જન્મમાં અડધો મહિનો, ગાય કે ભેંસની પ્રસૂતિ કે સૂતકમાં દસ દિવસ, ચૌલ સંસ્કાર ને લગ્નમાં સોળ દિવસ, વૃદ્ધિના દિવસે, શ્રાદ્ધ કે ઈષ્ટિના દિવસોમાં, વૈશ્વદેવ (હોમ) કરનારના ક્ષૌર (હજામત) કર્મ કરાવ્યાના દિવસે (ભિક્ષા) વર્જ્ય ગણાય છે. (તે જ પ્રમાણે વૈશ્વદેવ કરનારના) પિતા મૃત્યુ પામે તો એક વર્ષ, માતાનો સ્વર્ગવાસ થતાં છ મહિના, સ્ત્રી મૃત્યુ પામે તો ત્રણ માસ, પિતામહના કે પુત્ર વગેરેના અવસાનમાં દોઢ મહિનો અને અન્ય (સગોત્ર)ના મૃત્યુમાં એક મહિનો (એ ઘેર) ભિક્ષા માગવી નહીં.

૬૨. અયન સંક્રાન્તિ (મકર કે કર્ક રાશિમાં સૂર્ય), તુલા કે મેષમાં સૂર્ય સંક્રાન્તિના દિવસે, (દરરોજ) રાત્રે અને એકાદશીના દિને (સંન્યાસીએ) ભોજન કરવું નહીં; તેમજ સાંજને માટે કે બીજા દિવસને માટે ભિક્ષા માગેલ અન્નનો સંગ્રહ કરવો નહીં.

૬૩. બે માસના અંતે પૂર્ણિમાને દિવસે ક્ષૌર (હજામત) કરાવવું; (મૃત્યુ પામતાં) સંન્યાસીને અગ્નિસંસ્કાર ન કરી શકાય; પ્રાણોત્ક્રમણ થયા પછી દેહને જલસમાધિ આપવી અથવા જમીનમાં દાટવો (ભૂદાહ આપવો); (જો સંન્યાસીને) પુત્ર હોય તો તેણે (સંન્યાસધર્મ પ્રમાણેનું) ઔર્ધ્વદૈહિક શ્રાદ્ધકર્મ કરવું.

૬૪. (સંન્યાસીના ચાર પ્રકાર) કુટીચક[૧], બહૂદ[૨], હંસ[૩], અને પરમહંસ[૪] છે; એમાં પાછળનો આગળના કરતાં શ્રેષ્ઠ છે; છેલ્લો (પરમહંસ) તો નૈષ્કર્મ્યસિદ્ધિ ભોગવનારો છે.

૬૫. (સંન્યાસીએ) પોતાની (વેદ) શાખાનાં ઉપનિષદો, (શ્રીમદ્‌ભગવદ્) ગીતા, વિષ્ણુસહસ્રનામ સ્તોત્ર, શ્રીરુદ્ર, સૂક્ત (રુદ્રી), પુરુષસૂક્ત અને/અથવા પ્રણવનો જપ કરી, પરમાત્માનો સાક્ષાત્કાર કરી મોક્ષ મેળવવો.

૬૬. (ગાલવ ઋષિનો પુત્ર) બાલક હોવા છતાં યોગભ્રષ્ટ આત્મા હતો તેથી, (પૂર્વજન્મની) સ્મૃતિ મળેલી હોઈ, શ્રીદત્તે ઉપદેશેલા (વર્ણાશ્રમ) ધર્મો, પ્રણવ વગેરે પિતાને કહ્યા; તેનો આ (અહીં) સંગ્રહ (કર્યો) છે.

૬૭. આ પ્રમાણે (જગતની) ભ્રાન્તિ (જન્ય મિથ્યાજ્ઞાન)ની નિવૃત્તિ માટે શ્રીદત્તાત્રેયે જે કંઈ કહ્યું તે (બધું) સંક્ષેપમાં અહીં કાવ્યબદ્ધ ગૂથ્યું છે; આનાથી સ્વયંપ્રકાશ (શ્રીદત્ત) ભગવાન પ્રસન્ન થાવ.

૬૮. તમારી ઈચ્છાઓ, હૃદય, મન શ્રીદત્તમાં સમાધાની બની રહો; શ્રી ત્ર્યધીશ્વર (દત્ત ભગવાન) અમારું રક્ષણ કરો.

---

૧. ગામની બહાર પર્ણકુટીમાં રહે, ભગવું વસ્ત્ર પહેરે, ત્રિદણ્ડ ધારણ કરે, શિખા-ઉપવીત રાખી આત્મનિષ્ઠ બની (પણ) સગાંને ઘેર ભોજન કરે તે કુટીચકઃ ।

૨. પુત્ર વગેરે સંતતિ (તથા પત્ની)નો ત્યાગ કરી, સાત ઘેર ભિક્ષા માગી, તીર્થક્ષેત્રમાં વસી, ભગવું પહેરી જીવન વીતાવે તે बहूदः के बहूदकः ।

૩.૪. હંસ અને પરમહંસમાં ફક્ત ભેદ એટલો જ હંસ શિખા - ઉપવીત રાખે છે, પરમહંસ શિખા-ઉપવીતનો ત્યાગ કરે છે. બંને એકદણ્ડી હોય છે. વિવિદિષાની અવસ્થા દણ્ડ ધારણ કરેલો હોવો જ જોઈએ-જ્ઞાની-અવસ્થામાં ન હોય તો નભે. न दण्डं न शिखां नाच्छादनं (કૌપીન પણ ન હોય) चरति परमहंसः ।

ॐ

श्रीगणेशाय नमः ।

श्रीसद्गुरवे रङ्गावधूताय नमः ।

श्रीपरमसद्गुरवे नमः ।

श्रीमद्भगवद्दत्तात्रेयाय नमः ।

श्रीसरस्वत्यै नमः

ॐ

अग्निमीळे परं देवं यज्ञस्य त्वां त्र्यधीश्वरम् ।
स्तोमोऽयमग्रियोऽर्थ्यस्ते हृदि स्पृशतु शंतमः ॥



# श्रीदत्तपुराण

(મૂળ સંસ્કૃતનું ગુજરાતી ભાષાંતર)

સટીક ભાષાન્તરકાર
– પ્રા. શિવપ્રસાદ મ. દવે, વડોદરા
(હાલ યુ.એસ.એ.)